Arya Samaj Foundation Chennai an

सामाजिक टुंकी वार्ताओ–ग्रंथ चोथ

ग्रंथ चोथो

ublic Domain. Gurukul Kangri Collectio

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्ष २९ मुं.
ग्रंथांक
१५७–६०

विविध ग्रंथमाळा

सं. १९८९
फाल्गुनथी
जेष्ठ

વાર્ષિક મૂલ્ય અગાઉથી રૂ. ૫) પો૦ માફ.
તંત્રી ભિક્ષુ–અખંડાનંદ.

सामाजिक टुंकी वार्ताओ

ગ્રંથ ચોથો–ભાગ ૯ મો

સારાં પુસ્તકોને મૂકી નહિ રાખતાં વાંચવાં.
વાંચવા આપવાં અને લોકોને વાંચવા પ્રેરવા,
એ પણ સજ્જનોનું ભૂષણ છે.

प्रसिद्धिस्थान–सस्तु साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્ર પાસે

અમદાવાદમાં ૨॥, અન્યત્ર ૩॥

मुंबई–२
કાલબાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् * 63 ग

पुस्तक की संख्या................. २६

पुस्तकालय-पञ्जिका-संख्या........ 15767

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવિધગ્રંથમાળા" સળંગ અંક ૨૫૭-૬૦, વર્ષ ૨૩મું: સં. ૧૯૮૯

सामाजिक टुंकी वार्ताओ

ग्रंथ चोथो-भाग १ लो

(સ્ત્રીપુરુષ સર્વ માટે ઉપકારક ૬૭ વાર્તાઓ)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ
સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

CHECKED 1973
Initial

છૂટક મૂલ્ય ૨॥, પો. જુદું
પૃષ્ઠ ૫૦૪, પ્રત ૫૩૦૦, ફાગણ-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદમાં "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकाशकनुं निवेदन

સામાજિક ટુંકી વાર્તાઓનો આ ચોથો ગ્રંથ હોઇ વિવિધ ગ્રંથમાળાના ૨૩ મા (સંવત ૧૯૮૯ના) વર્ષના અંક ૨૫૭-૬૦ તરીકે બીજું પુસ્તક છે.

અત્ર તરફથી આ પ્રકારની ટુંકી વાર્તાઓની ચૂંટણી જે હેતુ તથા ધોરણથી થાય છે તે વિષે આની આગલા ગ્રંથોમાં લખાયું છેજ. જે સુયોગ્ય વાર્તા દ્વારા જે કાંઇ અગત્યનું તત્ત્વ વાંચનારાઓના ખાસ ધ્યાન પર લાવવું હોય તે તત્ત્વ એ વાર્તા પણ સીધી કે આડકતરી રીતે સૂચવતી હોય છે.

આમાંની ઘણીખરી વાર્તાઓ આપણા સામાન્ય, નિર્ધન અને અંત્યજ વગેરે બંધુઓની અનેકવિધ દુર્દશાઓ તથા તેઓમાં ચાલતા અયોગ્ય રીતિરિવાજ ઇત્યાદિ બાબતો અસરકારક રીતે રજુ કરે છે. કેટલીક વાર્તાઓ આ વાત પણ રૂડે પ્રકારે સમજાવે છે કે, દીનહીન જનસમાજની સેવા માટે કેવા સેવકો વિશેષ ઉપયોગી છે; ઉંડી લાગણીવાળા સેવકોની નીતિરીતિ કેવી હોય છે તથા તેમનાં હૃદય કેવા વિશાળ, ઉદાર, દિવ્ય અને નિઃસ્વાર્થ ભાવોથી ભરપૂર હોય છે.

આશા છે કે દરેક પાઠકબંધુ આમાંની દરેક વાર્તા ધ્યાનપૂર્વક વાંચ્યા પછી તેમાંથી ફલિત થતી દરેક અગત્યની પ્રેરણા અથવા સૂચના ધ્યાનમાં લેશે; કાળજીપૂર્વક વિચારશે; અને એ દિશામાં જેમનાથી જે કાંઇ પરોપકાર ઘરમાં, મિત્રોમાં, પડોશીઓમાં, જ્ઞાતિબંધુઓમાં અને ગામ તથા દેશમાં બની શકે તેમ હોય તે કરવા કરાવવા પણ નહિ ચૂકે.

આગલા ભાગોની પેઠે આ ભાગમાં પણ દરેક વાર્તાની સાથે તેના લખનાર સજ્જનનું નામ તથા તે જેમાંથી અહીં સંગ્રહાઇ છે તે સામયિકનું નામ અપાયલું જણાશે. એ સર્વ લેખકો તથા પ્રકાશક સજ્જનોનો અંતઃકરણપૂર્વક આભાર માની જણાવવાનું કે, આ પ્રકારના સંગ્રહોથી કાંઇ પણ લોકહિત થતું હોય તો તેનો યશ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે લેખક અને પ્રકાશક સજ્જનોને છે; પાઠક બંધુઓના સુભાગ્યને પણ છે; અને પરમ સુહૃદ સર્વેશ્વરને તો એ માટે જેટલો યશ અપાય તેટલો ઓછો છે.

કોઈ કોઈ સામયિક પત્રોના દરેક પૃષ્ઠ ઉપર તે પત્રનું નામ તથા સમય છપાતાં નથી તે છપાતાં રહે તો તે અહીં આપવામાં અગવડ રહે છે તે દૂર થાય.

ઘણીખરી વાર્તાઓ સહેજસાજ સંશોધન સિવાય લગભગ જેમની તેમજ લેવાયેલી છે. જે જે સામયિક પત્રોમાંથી જેટલી જેટલી વાર્તાઓ લીધી છે તેની વિગત નીચે મુજબ છેઃ—

શરૂ ભાગની ૨૯ વાર્તાઓ જુદાં જુદાં હિંદી સામયિકો પરથી અત્ર તરફથી અનુવાદ તૈયાર કરાવાયલો તે લેવાઇ છે અને તે પછીની વાર્તાઓમાં **નવયુગ** માસિકમાંથી ૧૦, **પ્રજામિત્ર કેસરી** અઠવાડીકમાંથી ૫, દૈનિક **હિંદુસ્થાન**માંથી ૮, **શારદા** માસિકમાંથી ૩, **ફૂલછાબ** અઠવાડીકમાંથી ૨, અને કુમાર, લલિત, ક્ષત્રિય, વતન, નવચેતન, આરામનો દીપોત્સવી અંક, વીસમી સદીનો દીપોત્સવી અંક, ઉલ્લાસ, અઠવાડીક મુંબઈ સમાચાર અને મહિલાભૂષણ, એ દરેક સામયિકમાંથી એક એક વાર્તા લેવાઇ છે.

ઉત્તમ વાર્તાઓ તથા શુભસંગ્રહ વગેરેમાં છપાતા ઉપકારક લેખો, પ્રથમ કોઈ સામયિક પત્રમાં છપાયા હોય તે ઉપરથીજ પસંદ કરીને છપાવવાનું બની શકે તેમ હોવાથી કોઈ પણ લેખક બંધુ પોતાનું મૂળ લખાણ અત્ર તરફ મોકલવા શ્રમ લે નહિ એવી વિનંતિ છે.

આ સેવક તો આવા સંગ્રહો વડેજ વિવિધ ગ્રંથમાળા ચલાવવાની ઇચ્છા વર્ષો અગાઉ દર્શાવી ચૂક્યો છે; પરંતુ બીજા ખાસ ઉપકારક ગ્રંથોના સુયોગ સહજે મળ્યા કરવાથી હજી એ પ્રમાણે સર્વાંશે બની શકતું નથી.

તુલસીકૃત રામાયણની પ્રતો ખલાસ થવાથી તેની નવી આવૃત્તિ છપાય છે. સર્વેશ્વરના સ્મરણપૂર્વક ૐ **તત્સત્**

ફાગણ માસ–સં. ૧૯૯૦ **ભિક્ષુ–અખંડાનંદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

15767

	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧.	૧૩	૨૫	વર્ત	વર્તન
૨.	૨૩	૬	બિચાર	બિચારા
૩.	૨૩	૩૫	સા	સૌ
૪.	૪૩	૨૧	તનો	તેનો
૫.	૪૮	૨૨	લલિતને	લલિતે
૬	૬૨	૧૧	અચનાક	અચાનક
૭	૬૩	૧૪	હિંતની	હિંમતની
૮	૬૮	૩૩	કમળકુમારીને	કમળકુમારીનો
૯	૭૭	૩૧	બિચાર	બિચારા
૧૦	૧૪૩ મા પૃષ્ઠમાં ૯ મી લીટી પછી (૨) અંક ઉમેરવો.			
૧૧	૧૪૪	૩૫	એછી	ઓછી
૧૨	૧૬૫	૫	લાવી.	લાગી.
૧૩	૧૮૨	૩	તું	તે
૧૪	૧૯૧	૧૮	વિદ્રાહી	વિદ્રોહી
૧૫.	૨૨૫	૧૧	માટીન	માર્ટીન
૧૬	૨૨૫	૩૬	માટીન	માર્ટીન
૧૭	૨૩૭	૧૫	ગ્રાઢ	ગાઢ
૧૮	૨૭૩	૨૭	છે,	છો,
૧૯	૨૭૫	૧૫	દારૂડયો	દારૂડિયો
૨૦	૨૮૧	૨૪	પછતા	પૂછતા
૨૧	૨૮૧	૨૬	ક્રર	ક્રૂર
૨૨.	૨૯૪	૧૦	પ્રવાણ	પ્રવીણ
૨૩.	૩૦૪	૬	દાષ્ટ	દષ્ટિ
૨૪.	૩૧૩	૧૨	અશ્વાસન	આશ્વાસન
૨૫.	૩૨૬	૨૭	ઇચ્છ	ઇચ્છા
૨૬	૩૪૬	૧૮	રાજપત	રાજપૂત
૨૭	૩૪૯	૧૪	ધ્રજતા	ધ્રૂજતા
૨૮	૩૫૩	૨૨	ક્રાધે	ક્રોધે
૨૯	૩૭૨	૮	દાધમુખ	દધિમુખ
૩૦	૩૭૮	૨૬	પૂર્વજીનનની	પૂર્વજીવનની
૩૧	૩૮૧	૨	પર્યુષણન	પર્યુષણના
૩૨.	૩૮૭	૩૦	ક્રાધ	ક્રોધ
૩૩.	૪૪૭	૩૦	મસ્ત	મસ્તક
૩૪	૪૫૦	૧૭	વેમાં	વેષમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुक्रमणिका

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧	એક અસ્પૃશ્યની આત્મકથા	૧
૨	દીનમુહમ્મદ	૮
૩	ભૂખનો રોગ	૧૪
૪	જૂનાં વેર	૨૧
૫	તેજ અને છાયા	૨૮
૬	સાચો સ્વયંસેવક	૩૩
૭	સરસ્વતી	૪૧
૮	નિર્દોષ સુશીલા	૪૯
૯	ઘરેણાં મૂકવાની પેટીનો ઝગડો	૫૪
૧૦	અપૂર્વ પ્રતિજ્ઞાપાલન	૬૦
૧૧	જગદંબાની સાચી પૂજા	૬૭
૧૨	કૌટુંબિક શિક્ષણ	૭૨
૧૩	આફઆનીનો ચોર	૮૩
૧૪	એક અબળાની આપવીતી	૯૩
૧૫	ભાગ્યપરિવર્તન	૧૦૦
૧૬	સંભારણાં	૧૦૭
૧૭	ભિખારીનું હૃદય	૧૧૩
૧૮	દાનવીર	૧૧૯
૧૯	સુરતનું કાજીખાતું	૧૨૬
૨૦	ચમકોરનું યુદ્ધ	૧૩૩
૨૧	ભયનું સામ્રાજ્ય	૧૪૧
૨૨	ગૃહસ્વરાજ્ય	૧૪૯
૨૩	લધિમાની સેવાપરાયણતા	૧૫૭
૨૪	નિર્ધનની હોળી	૧૬૧
૨૫	માતાની કૃપાથી	૧૬૭
૨૬	બાવા વ્યર્થાનંદજીનો વિચિત્ર મંત્રોપદેશ	૧૭૫
૨૭	સાચી સેવા	૧૮૦
૨૮	શાંતિનો માર્ગ	૧૮૩
૨૯	ક્ષમા	૧૯૧
૩૦	મહાજનનો વેરો	૨૦૦
૩૧	પ્રતિમાનાં પૂજન	૨૧૫
૩૨	પ્રેમ ત્યાં પ્રભુ	૨૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૩૩	ભૂખનો ભોગ	૨૩૦
૩૪	અપકાર પર ઉપકાર	૨૩૭
૩૫	ગેરહાજરી	૨૪૩
૩૬	મૂડીવાદના પંજામાં	૨૪૯
૩૭	દામોદર પાટીવાળો	૨૫૪
૩૮	ઉદ્યોગપતિઓના માનવી સંચા	૨૬૮
૩૯	દારૂનું પીઠું	૨૭૫
૪૦	એક શોષક ઓછો થયો !	૨૭૮
૪૧	બેકારીનું બલિદાન	૨૮૨
૪૨	કસાઇનો આપઘાત	૨૮૬
૪૩	દગલબાજીની ઇમારત	૨૯૨
૪૪	કારાવાસના કરોળીઆ	૨૯૭
૪૫	પાંચ રૂપિયાનો ચોર	૩૦૨
૪૬	ડુંદો ભગત	૩૦૮
૪૭	દરિદ્રતાના ખપ્પરમાં	૩૧૫
૪૮	સ્વર્ગને રસ્તે	૩૧૯
૪૯	આઇસક્રીમ	૩૩૪
૫૦	બ્રાહ્મણતનયાની વહારે	૩૪૧
૫૧	જય સ્વતંત્રતા	૩૪૮
૫૨	પાવાવાળો	૩૫૫
૫૩	કુલવધૂ	૩૬૫
૫૪	સુનંદા	૩૭૧
૫૫	સોરઠી શૂરવીર	૩૮૨
૫૬	ભૂરિયાનું રુદન	૩૯૨
૫૭	પગારકાપ	૩૯૭
૫૮	મંગાનું પહેરણ	૪૦૨
૫૯	બદલો	૪૧૧
૬૦	અડગ યોગી	૪૧૯
૬૧	નવા યુગનો સંન્યાસી	૪૨૯
૬૨	મજદૂર	૪૩૫
૬૩	કામના	૪૪૩
૬૪	સાદડીવાળો	૪૫૨
૬૫	સ્ટેશન માસ્તર	૪૫૮
૬૬	મૂડીવાદી બગભગત	૪૭૯
૬૭	એરિંગ	૪૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आपखूदीना अमरपट्टा

(લેખક:-શ્રી. દેવકૃષ્ણ પીતાંબર જોશી)

(ગઝલ)

અછૂતોને અડકવાનું, તમે છો કોણ કહેનારા?
ચતુર્ભુજ હો તમે તો પણ, અમે ના દાદ દેનારા.
જમાનાથી મીંચી આંખો હવે આજે ઉઘાડીશું?
વડીલોપાર્જિત ગૌરવ જતે દહાડે જવા દઈશું?
બને ચોખ્ખા અને સુઘડ, વળી વિદ્યા ભણે તો શું?
અમારો ધર્મ પાળ્યે શું. ફળીમાં આવવા દઇશું?
ભલે શ્વાનો ભમે માંઝાર છો રમતાં રસોડામાં;
પ્રભુનાં વાહનો પકડે, અમોને બાધ છે કંઇ ના!
ડીસોઝા નામ ધારીને, દુદો દાક્તર કદી થાશે;
બધાનું માન મેળવશે, અડકતાં કો ન અભડાશે.
પિતાની મૃત્યુશૈયા પર, દવાના ઘુંટડા પાશે;
ડીસોઝાના ગુણો ગાતાં, પિતાજી સ્વર્ગમાં જાશે!
અગર જો રામલો ભંગી બિરદ અભરામનું ધરશે;
કદી ધંધો બકાલીનો જઇ માર્કિટમાં કરશે.
મિલાવી હાથમાં હાથો અમે વિનોદ પણ કરશું;
ખરીદીને મૂળા ઠાકોરજીના થાળમાં ધરશું!
ગુમાવ્યાં રાજ ને પાટો, ગુમાવ્યાં માલ ને મત્તા;
પીડિતોને પજવવાની, હજુ છે હાથમાં સત્તા!
અમારી એ નવાબીનું સિંહાસન લૂંટનારાઓ!
રહી સહી માત્ર સત્તાની ભલા થઇને દયા લાવો.
તમે પશ્ચિમના કો ઝારનાં દૃષ્ટાંત લાવો છો;
દલીલના મોરચા માંડી અમારાં દિલ દુભાવો છો.
પૂછો પથ્થર કને જઇને, દલીલથી કોણ ફાવ્યા છે?
અમે તો આપખૂદીના, અમરપટ્ટા લખાવ્યા છે!

* * * *

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सामाजिक टुंकी वार्ताओ
ग्रंथ चोथो-भाग ९ मो

१-एक अस्पृश्यनी आत्मकथा

(લેખકઃ-શ્રી. મદનમોહન લાલ)

વર્ષાઋતુ હતી, આકાશ વાદળોથી છવાયેલું હતું, વીજળીઓ થતી હતી અને વરસાદ વરસી રહ્યો હતો. ઓસરીના છેડા ઉપર ચઢેલી વેલી ઉપરથી ધીમે ધીમે મોટાં બુંદ ટપકતાં હતાં. કોઇ કોઈવાર મન્દ વાયુની લહરીઓ પણ આવતી હતી. હું અને પ્રિન્સિપાલ મહોદય સામસામા ખુરશી ઉપર બેઠા બેઠા વાતચીત કરતા હતા. પ્રિન્સિપાલ મહોદયની યોગ્યતા અસાધારણ હતી તેમજ બીજા સદ્ગુણોમાં પણ તેઓ સાધારણ માણસ નહોતા. સ્વાવલંબનથીજ તેમણે પોતાનું જીવન ઘડયું હતું. એક સામાન્ય ગૃહસ્થને ત્યાં જન્મીને પણ તેઓ ત્રણ વિષયમાં એમ. એ. થયા હતા અને જર્મની જઇને ત્યાંથી પી. એચ. ડી. થઇ આવ્યા હતા. તેઓ એક ઉમદા શિક્ષણપ્રેમી હતા. રૂ. ૬૦૦) ના માસિક પગારમાંથી તેઓ માત્ર ૭૫)માં પોતાનું ગુજરાન ચલાવી લેતા હતા. બાકીના રૂપિયા કૉલેજ સમિતિને આપી દેતા હતા. કૉલેજમાં વિદ્યાર્થી, નોકર, ક્લાર્ક વગેરે સૌ કોઇ તેમના ઉપર ખૂબ પ્રસન્ન રહેતા હતા. તેઓ સ્વાવલંબનથી ગુજારો કરનાર મનુષ્યો ઉપર ખૂબ પ્રેમ રાખતા અને પોતે પણ સ્વાશ્રયી થવાનો પ્રયત્ન કરતા હતા.

પ્રિન્સિપાલ મહોદયે મને કહ્યું-"આપનું સ્થાન ક્યાં છે?" હું શો ઉત્તર આપું? કંઇક શરમાઇને અને ડરીને મેં કહ્યુંઃ-"ક્યાં બતાવું?" પ્રિન્સિપાલે કહ્યુંઃ "કેમ, બતાવવામાં કંઈ નુકસાન છે?" મેં કહ્યું- "નુકસાન તો કંઇજ નથી. પરંતુ શરમ આવે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિન્સિપાલ—"કેમ ?"

મેં કહ્યું:–"મારૂં પૂર્વજીવન કોઇને કહેવા જેવું નથી. મને મારા જન્મસ્થાનનો જીલ્લો યાદ છે; ગામના નામની ખબર નથી."

પ્રિન્સિપાલ મહોદય આવી વાતો ઉત્સાહપૂર્વક સાંભળતા હતા. તેઓ ઉત્સુક થઇને બોલ્યા–"મિસ્ટર રામૂ ! મને સ્વાવલંબનથી ઘડાયેલા માણસોનાં જીવનની વાતો સાંભળવી બહુ ગમે છે. મને તો થયું કે મારે મારી જીવનકથા ન ઉકેલવી પડે તો સારૂં. તેથી મેં એ તરફ કંઈ ધ્યાન ન આપતાં કહ્યું કે, આપ એ સાંભળીને શું કરશો ? સંભવ છે કે આપને તે સાંભળીને મારા ઉપર ઘૃણા આવશે. પ્રિન્સિપાલે ગંભીર થઇને કહ્યું:– "હું કોઇની જીવનકથા સાંભળીને તેના ઉપર ઘૃણા કરૂં એવો ખરાબ માણસ નથી. હા, જો આપજ તે કહેવી અનુચિત સમજતા હો તો જુદી વાત.' એટલામાં મેં નિર્ણય કરી લીધો કે મારે મારી જીવનકથા તેમને કહી સંભળાવવીજ જોઇએ. પ્રિન્સિપાલ મહોદય તે સાંભળવાને તત્પર હતા. મેં મારી જીવનકથા આ પ્રમાણે શરૂ કરી:–

હું જાતે ચમાર છું. જ્યારે હું પાંચ છ વર્ષનો હતો ત્યારે મારા પિતા ગુજરી ગયા હતા. ઘર આગળ બાપદાદાથી ઉતરી આવેલી ૨૦ વીઘાંની ખેતી હતી. મારા કાકા બહુ નકામા માણસ હતા. ચરસ પીને પડયા રહેતા. પિતાના મૃત્યુ પછી તેમણે ખેતીમાં ધ્યાન ન આપ્યું. જમીનદારની સાંથ ચઢતીજ ગઇ. બીજે વર્ષે તેણે ફરિયાદ કરી. નાણાંનો પ્રબંધ નહિ થઈ શકવાથી જમીન છૂટી ગઇ. મારા કાકા મારી માતા સાથે લગ્ન કરવા ઇચ્છતા હતા, પણ મારી માતાએ તો તેમને રોકડોજ જવાબ આપ્યો. કેટલીયે વાર તેમણે કહ્યા કર્યું, પરંતુ એક વાર પણ મારી માતાએ તે વાતનો સ્વીકાર ન કર્યો. હવે મારા કાકાએ નિરાશ થઇને મારી માતા ઉપર સખ્તાઈ શરૂ કરી. અન્નવસ્ત્રની મુસ્કેલી તો હતીજ, તે ઉપરાંત કોઇ કોઇ વાર માર પણ પડતો. નિર્દય કાકાએ કેટલીયે વાર મને પણ માર્યો હતો. ઘરનો સરસામાન વેચી નાખીને તેણે કેટલાક પૈસાથી ઘરનું કામ-કાજ ચલાવ્યું અને કેટલુંક ચરસમાં ફૂંકી માર્યું. હવે કમાયા વિના પૈસો ક્યાંથી આવે ? કાકા કોઇ કોઇ વાર મહેનત–મજૂરી કરીને બે ચાર આના લાવતા તો કેટલુંક ચલમમાં ફૂંકી મારતા અને બાકીનામાંથી પોતે ખાતા–પીતા, ઘેર આવીને ખૂબ ઝગડો કરતા. આમ કરતાં કરતાં ઘરમાં બે લોટા, એક થાળી અને એક વાડકા સિવાય બીજું કંઇજ બાકી રહ્યું નહિ. મારી મા પણ થોડું ઘણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમાતી હતી, પણ તે પૂરતું ન હતું. એક દિવસ કાકાજી એક લોટો ગીરો મૂકી આવ્યા અને જ્યારે મારી માતા નાખુશ થઇ ત્યારે તેને ખૂબ માર માર્યો. હું રડવા લાગ્યો તો મારી પણ ખૂબ ખબર લીધી. માતાથી બે દહાડા સુધી તો ઉઠાયું નહિ. ત્રીજે દિવસે ક્યાંકથી અચ્છેરેક લોટ લાવીને તેણે મીઠું નાખીને રોટલા બનાવ્યા. મેં બે-ચાર કોળીઆ ભર્યા ન ભર્યા એટલામાં તો નિર્દય કાકો આવી પહોંચ્યો અને ઝગડો કરવા લાગ્યો. તેણે કહ્યું: "જ્યારે હું બહાર ચાલ્યો જાઉં છું ત્યારે તું દુરાચાર દ્વારા ધન કમાઇને ભોજન કરે છે, અને છોકરાને ખવડાવીને પોતે ખાધા કરે છે. દુષ્ટા ! નીકળ મારા ઘરમાંથી, નહિ તો તારૂં હાડકુંયે શોધ્યું જડવા નહિ દઉં !" માતાને પહેલા મારની પીડા તો મટી નહોતી તેમાંએ દુષ્ટે બીજી બે ચાર લાતો મારી અને બડબડતો બડબડતો બહાર ચાલ્યો ગયો.

માતાએ વિચાર્યું કે આવી નિત્યની હાય હાય ક્યાં સુધી સહન કરવી ? આખરે પાડોશીઓને કહીને લોટો અને વાડકો પોટલીમાં બાંધીને મને સાથે લઇને ચાલી નીકળી. તે જે કંઇ કમાતી હતી તે પ્રથમ મને ખવડાવી દેતી હતી, અને કંઇ બચતું તો તે ખાતી, નહિ તો ભૂખી સૂઈ રહેતી હતી. પાંચ દસ દિવસ આ પ્રમાણે ફરી ફરીને કાઢ્યા. એક દિવસ કોઇ જગ્યાએ માને કંઈ કામ મળ્યું નહિ. સાંજ પડતાં અમે બન્ને ભૂખ્યાં સૂઈ રહ્યાં. હું રોટી માગતો તો માતાની આંખમાં આંસુ ભરાઈ આવતાં હતાં. હું તો રોટી માગતો માગતો ઉંઘી ગયો, પણ માતાને તો આખી રાત નિદ્રાજ ન આવી. પ્રાતઃકાળે ઉઠીને મેં માતાને કહ્યું કે–"મા ! ભૂખ લાગી છે." ત્યારે માતાને તેનાં અશ્રુપૂર્ણ નેત્રોથી મને ચૂમી લેતી જોઈ. રાક્ષસી ભૂખ ચૂમીથી શાંત થતી નહોતી. હું વારંવાર "ભૂખ લાગી છે" એમ કહેતો માતાને પજવતો હતો. માતા પણ ખરેખરી દુઃખી સ્થિતિમાં હતી. એક વાર તે ચિડાઇને બોલી: "હવે તો તું સાત આઠ વર્ષનો થયો, બે ચાર પૈસા કમાતાં શીખ. તારા બાપ તો જોડા બનાવીને વેચતા હતા. તું તો કશુંયે કરતો નથી. ભૂખથી આકુળવ્યાકુળ તો હતોજ તેમાં માતાના આ શબ્દોએ ઘા ઉપર મીઠું ભભરાવ્યું. થોડી વાર આમતેમ ફરીને હું બજારમાં ગયો. ત્યાં એક દુકાનની આગળ સુંદર જોડા પડેલા હતા. મેં તે ચૂપકીથી ઉઠાવી લીધા અને સાફસુફ કરીને થોડે દૂર જઇને વેચવા બેઠો. જોડાના માલિકને જોડા ન જડયા એટલે તેણે આમતેમ શોધ કરવા માંડી. હું તો ખુલ્લા બજારમાં તે વેચવા બેઠોજ હતો, એટલે તરતજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડાઇ ગયો. જોડાવાળો મને પકડીને થાણા તરફ લઈ ચાલ્યો. રસ્તામાં બે જમાદાર પણ મળ્યા. તેમાંના એકે મારો હાથ મજબૂતીથી પકડયો, હું રડવા લાગ્યો; પણ મારૂં કોણ સાંભળે ? થાણાના દરવાજામાં પહોંચતાંજ મારી માતા રડતી રડતી દોડી આવી. તે આવતાંવેંતજ મને વળગી પડી. પણ પોલિસના યમદૂતોએ તેને મારાથી તરતજ દૂર કરી દીધી. થાણામાં પહોંચ્યા પછી નિયમાનુસાર કામ ચાલવા લાગ્યું. મારી માતા ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી. જોડાવાળાનું હૃદય એ જોઇને પીગળ્યું, પરંતુ થાણદારનું પાષાણ-હૃદય ના પલળ્યું. જોડાવાળાએ કહ્યું: "થાણદાર સાહેબ ! જવા દો, છોકરો છે." ત્યારે ભવાં ચઢાવીને થાણદાર બોલ્યો "તો શું તમે આ જુઠ્ઠો મુકર્દમો ઉભો કર્યો છે ?" બિચારાને વિવશ થઇને ચૂપ રહેવું પડયું.

બીજે દિવસે મારા ઉપર કામ ચાલ્યું. રોતી, કલ્પાંત કરતી મારી માતા પણ ત્યાં આવી હતી. મૅજીસ્ટ્રેટ સાહેબના આગળ મુકર્દમો રજુ થયો અને બધાં કાગળિયાં વાંચી સંભળાવવામાં આવ્યાં. મૅજીસ્ટ્રેટ સાહેબે મને પૂછયું—

"કેમ, તેં જોડા ચોર્યા હતા ?"

"હાજી !"

"તેં ચોરી કેમ કરી ?"

"સાહેબ, હું અને મારી માતા બન્ને ભૂખ્યાં હતાં."

"તારી માતા ક્યાં છે ?"

બહારથી રોતી કકળતી માતા દોડી આવી. મને વળગી પડીને સાહેબને હાથ જોડીને રોતી રોતી બોલી કે "સરકાર ! આ બાળકનો અપરાધ નથી, મારોજ ગુન્હો છે, મને સજા કરો." મૅજીસ્ટ્રેટ દયાળુ માણસ હતા. મારી માતાનું કલ્પાંત સાંભળી તેમનું હૃદય પીગળી ઉઠ્યું. તેમણે કહ્યું:—"તો તું શું ઇચ્છે છે ?" માતાએ અશ્રુપૂર્ણ નેત્રોએ કહ્યું:—"સરકાર ! આપની મરજીમાં આવે તે સજા કરો. પરંતુ બાળકે ભૂખથી આકુળવ્યાકુળ થઇનેજ ભૂલ કરી છે. હવે તેને બદલે મને સજા ફરમાવો" એમ કહીને માતા રડવા લાગી. સાહેબ કલમ પકડતાં બોલ્યા: "જા, તારા છોકરાને આગ્રામાં ભણાવવામાં આવશે, ખર્ચ સરકાર આપશે." મને મિશન સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો. મારો અને મારી માતાનો ખાધાપીધાનો તથા કપડાં લત્તાંનો પ્રબંધ પણ થઇ ગયો. શરૂઆતમાં તો મને ભણવું વસમું લાગ્યું, પરંતુ પછીથી ખૂબ મન લાગી ગયું. જ્યારે હું સ્કૂલમાંથી પાછો આવતો ત્યારે મારી માતા વાટ જોતી બેસતી હતી. ભોજન કરીને રાત્રે હું માતાની પાસેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખ રહેતો હતો. માતા ઇશ્વરની ખૂબ પ્રાર્થના કરતી હતી. નારાયણ! આપે મને સર્વ કાંઈ આપ્યું છે. ભગવાન સૌનું ભલું કરજે."

યોગ્ય સમયે મેં એન્ટ્રન્સ (પ્રાવેશિક પરીક્ષા) પાસ કરી અને કૉલેજમાં દાખલ થયો. અત્યાર સુધી તો મને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ એક કલાકજ આપવામાં આવતું હતું, પરંતુ કૉલેજમાં જતાંજ મારા ઉપર ખ્રિસ્તી ધર્મમાં દીક્ષિત થવાનું થોડું થોડું દબાણ કરવામાં આવ્યું. હું તો કદાચ ખ્રિસ્તી થઈ જાત, પણ માતા વારંવાર કહેતી કે આપણે જે છીએ તેજ સારાં છીએ.

હું બી. એ. થઇને કૉલેજમાંથી નીકળ્યો ત્યારે મારી ઉંમર ૨૧ વર્ષની હતી. બસ, હવે સરકાર તરફથી ખર્ચ મળવું બંધ થયું. મેં વિચાર્યું કે કયાંક નોકરી કરૂં. ખ્રિસ્તીઓ મને તેમનામાં ભેળવી લેવા તૈયાર હતા. નોકરી તૈયારજ હતી, પરંતુ મારી માતાએ વટલાઈ જવાનું પસંદ કર્યું નહિ. અને કોણ જાણે શાથી હવે મારૂં મન પણ ખ્રિસ્તી ધર્મ તરફ ખેંચાતું ન હતું.

મારી પાસે તો એક કોડી પણ નહોતી. ખાવાપીવાની પણ પંચાત હતી. એટલે હાઈસ્કૂલના હેડમાસ્તર પાસે ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવા માટે ૭ માસ વિચાર કરવાની મુદત માગી. હું રૂ. ૭૫ ના પગારથી નોકરીમાં જોડાઇ ગયો. મને ચિંતા થયાજ કરતી કે ૭ માસ પછી કાં તો ખ્રિસ્તી થવું પડશે અથવા તો નોકરી છોડવી પડશે. મેં ખ્રિસ્તીધર્મના ગ્રંથોનો અભ્યાસ કર્યો અને સાથે સાથે ગીતા, ઉપનિષદ અને દર્શનોના અંગ્રેજી અનુવાદ પણ જોયા. સંસ્કારથી કે ગમે તે કારણથી મારૂં મન હિંદુધર્મમાંજ દૃઢ રહ્યું.

બીજી બાજુએ હિન્દુસમાજ તરફ નજર ફેંકી તો જણાયું કે સમાજમાં મારે માટે કોઈ સ્થાનજ નથી. અને જો કોઇ સ્થાન હોય તો તે તિરસ્કાર, નીચતા અને કુસંસ્કારોથી ભરેલું હતું. બ્રાહ્મણો મને મળવામાં અને અડકવામાં પણ પાપ માનતા હતા. સ્કૂલમાં ભણાવવાની બાબતમાં હું પ્રસિદ્ધ હતો. વિદ્યાર્થીઓ મારા ઉપર આફરીન હતા, પરંતુ હિંદુ સમાજની કઠિન રૂઢિઓને લાત મારવાને તેઓ અસમર્થ હતા. અને તેઓ બિચારા કરે પણ શું ? જો તેઓ ચાલુ નિયમોની બેડીઓને જરા પણ ઢીલી કરવા પ્રયત્ન કરે તો તેઓજ તિરસ્કાર અને બહિષ્કારના ભોગ થઈ પડે તેમ હતું.

મારી માતા મારાં લગ્ન કરવાને આતુર હતી, પણ હું શું કરી શકું ? નાતજાતના સંબંધ તો ક્યારનાયે છૂટી ગયા હતા. વળી કોઇ મૂર્ખ સ્ત્રીની સાથે લગ્ન કરવાનું મને પણ પસંદ નહોતું. થોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ વિચાર કરીને મેં એક વર્તમાનપત્રમાં જાહેરાત આપી. બે માસ થયા છતાં પણ લગ્નસંબંધી મારા-અસ્પૃશ્યના-ઉપર કોઇએ પત્રવહેવાર પણ કર્યો નહિ. મને મારી જાત ઉપર ઘૃણા આવવા લાગી. 'હું ચમાર છું' એટલાજ માટે સમાજમાં દાખલ થવાને યોગ્ય નથી. આટઆટલું ભણ્યોગણ્યો પણ કંઇજ કામ ન આવ્યું. જે હિન્દુધર્મના તત્ત્વજ્ઞાન ઉપર હું મોહિત હતો, તેના ઉપર આજે પણ મને એવીજ શ્રદ્ધા છે, પરંતુ વ્યાવહારિક હિન્દુ સમાજને માટે મારા અંતરમાં જે ઉંચા ભાવો હતા તે નાબુદ થયા. એકજ દિવસની વાત હોત તો તો સહન કરી લેત, પરંતુ આ તો જીવનભરનો પ્રશ્ન હતો. એટલે મારે શું કરવું ? કાં તો એ માળાના પુષ્પોના હૃદયવેદના કરતા કાંટા દૂર થવા જોઇએ અથવા તો મારે તે માળાને ઉતારીને ફેંકી દેવી જોઇએ. હજુ છ મહિના પુરા થયા નહોતા. જે હૃદયને ખ્રિસ્તી ધર્મનો વિશાળ પ્રચાર અને બીજી સગવડો જીતી શકી નહોતી, તેને સહેજેજ હિંદુધર્મની સંકુચિતતાએ બીજાઓના હાથમાં સોંપવાનું કાર્ય કર્યું. મેં વિચાર્યું કે ખ્રિસ્તી થઈ જવું. સુંદર સ્ત્રી મળશે અને નોકરી તો તૈયારજ છે. બધી દુન્યવી મહત્તાઓ સહેજે પ્રાપ્ત થશે. વેશ બદલતા પહેલાં એક વાર વિચાર કરી લેવો જોઇએ. રખેને એવું ના બને કે પાછળથી પસ્તાવું પડે.

હૃદય દુઃખથી ભરેલું હતું. ઉઠીને મેં એક વર્તમાન પત્રના સંપાદકના નામ ઉપર એક પત્ર લખ્યો જે સંક્ષેપમાં નીચે પ્રમાણે હતોઃ-

હું અસ્પૃશ્ય છું. હિંદુધર્મમાં રહીને જીવન ગાળવામાં વિપત્તિનો હિમાલયથીયે મોટો પહાડ સામે ઉભો છે. જો તેને ખોદવા માંડું તો સમગ્ર જીવન તેમાંજ પૂરૂં થાય તેમ છે અને તોયે કદાચ તે ન ખોદી શકાય. તેથી પાછા ફરીને રસ્તો બદલવાનુંજ યોગ્ય લાગે છે; પરંતુ ખ્રિસ્તી થતા પહેલાં એક વાર હિન્દુસમાજને સૂચવી દેવા માગું છું અને તેને માટે હું એક માસની રાહ જોવા ઇચ્છું છું. તે દરમિયાન હિન્દૂ સમાજ મારી સાથે યોગ્ય વર્તન કરવાનું-વચનથી નહિ પણ કાર્યથી-કર્તવ્યપાલન કરવા માગતો હોય તો હું ક્યાંય પણ જવા ઇચ્છતો નથી. પરંતુ જો તેમ ન બની શકે તો હું "ચમાર" રહેવા કરતાં ખ્રિસ્તી થવાનું વિશેષ પસંદ કરૂં છું.

સંપાદક મહોદય ઉપર મારા અંતરના ઉદ્‌ગારોની અસર થઇ. તેમણે બીજેજ દિવસે એક અગ્રલેખ લખ્યો. બીજે ત્રીજે દિવસે નોંધો અને સૂચનાઓ દ્વારા એ વિષયને તાજોજ રાખ્યો. લગભગ એક અઠવાડીઆ પછી બીજાં વર્તમાનપત્રો પણ એ વિષય ઉપર પ્રકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવા લાગ્યાં, અને સમાજના એક ભાગમાં ખળભળાટ મચ્યો. સંપાદકજી દ્વારા મારા ઉપર પણ બીજે ત્રીજે દિવસે કાગળો આવવા લાગ્યા. સંપાદકજીએ મારો સંક્ષિપ્ત પરિચય પણ વાચકોને કરાવ્યો હતો, તેથી લોકોએ પોતપોતાની કલ્પના પ્રમાણે મારી આવશ્યકતાઓનો વિચાર કર્યો. કોઇએ લખ્યું કે આપ ઇચ્છો તો અમે આપના ભોજનાદિનો પ્રબંધ કરી આપીએ. કોઇએ લખ્યું "અમે આપને અસ્પૃશ્ય નહિ માનવાને તૈયાર છીએ." એક અનાથાશ્રમના વ્યવસ્થાપકે એક પત્રમાં લખ્યું કેઃ—

શ્રીમાન મહોદય,

નમસ્તે. 'ચમાર' હોવાને લીધે અમે આપના તરફ તિરસ્કાર તો શું પણ પ્રેમપૂર્ણ દૃષ્ટિએ જોઇએ છીએ. આપ લગ્ન કરવા ઇચ્છતા હો તો આપનીજ જ્ઞાતિની ૧૬ વર્ષની એક કન્યા અનાથાશ્રમમાં છે. ચોથી શ્રેણીમાંથી પસાર થયેલી છે; સીવણ, ભરત, ગુંથણ સારી રીતે જાણે છે, ગૃહકાર્યમાં કુશળ છે. જો આપ તેની સાથે લગ્ન કરશો તો આપનો ગૃહસ્થાશ્રમ સુખી થશે અને બીજી બાજુ એક અનાથ બાળાનું જીવન આનંદમાં પસાર થશે.

હું રવિવારે અનાથાશ્રમમાં ગયો, વ્યવસ્થાપકને મળ્યો, તેમના મનુષ્યોચિત વર્તનથી હું સંતુષ્ટ થયો. તેમણે મને તે કન્યા બતાવી. અમે બન્ને લગ્નસંબંધથી જોડાયાં. બીજી બાજુ ડી. એ. વી. કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર મળ્યો કે જો આપ રૂ. ૧૦૦)ના માસિક પગારથી કૉલેજની સેવા કરશો તો અમે આપનો આભાર માનીશું. ત્યાં જઇને મેં ચાર્જ સંભાળી લીધો અને મારૂં કામ શરૂ કર્યું. આપ સૌની સજ્જનતા તથા સદ્વર્તનથી હું પૂર્વજીવનનાં બધાં દુઃખ ભૂલી ગયો છું.

બસ, આ મારી આત્મકથા છે. ચેત, ચેત ઓ હિંદુ સમાજ! અસ્પૃશ્યતાની આ કાળી ટીલીને તું સ્વેચ્છાથી દૂર નહિજ કરે તો તો પછી લાતો ખાઇને પણ તે દૂર કર્યેજ છૂટકો થશે.

('મનોરમા'ના એક અંકમાંથી અનુવાદકઃ—ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२-दीनमुहम्मद

(લેખકઃ—શ્રી. દુલીચન્દ અગ્રવાલ)

શેઠ ચંડીપ્રસાદ શીતલપુરના એક સારા ધનાઢ્ય ગૃહસ્થ છે. તેમને ત્યાં બે ત્રણ જાતના વ્યવસાય ચાલે છે; આડત, મિલનું કામ અને ધીરધાર. ત્રણે ધંધામાંથી તેમને સારી કમાણી થાય છે. શીતલપુરમાં તેમની સારી આબરૂ છે. રાજદરબારમાં પણ તેમનું ચલણ ઠીક છે. આથી શીતલપુરના ઘણાખરા લોકો તેમનાથી દબાયેલા રહે છે. તેમની પેઢીનું નામ 'ચંડીપ્રસાદ હિંમતલાલ' એવું ચાલે છે.

શેઠજી હમેશાં સવારમાં ચાર વાગ્યે ઉઠી જાય છે. મોંસૂઝણું ન થયું હોય ત્યાં તો ગંગાજી પર નાહવા જાય છે, અને પરોઢીઉં થાય તે પહેલાં નાહીને ઘેર આવતા રહે છે. ઓછામાં ઓછું દોઢ કલાક તો પૂજામાં બેસે છે. પોતે ચૂસ્ત સનાતની છે; સ્પર્શાસ્પર્શમાં માનનારા છે. રેલની મુસાફરીમાં તેઓ કયારેય પણ નાસ્તો કરતા નથી.

એક દિવસ પ્હો ફાટવાનો સમય હતો, તારાનું તેજ ફિક્કું થતું હતું. પક્ષીઓનો મધુર કલરવ સંભળાતો હતો; પરંતુ અંધકારનું સામ્રાજ્ય છેકજ અસ્ત થયું નહોતું. શેઠજી સ્નાન કરી ઘેર આવતા હતા, એટલામાં એકાએક તેમની સાથે કોઇ મનુષ્ય અથડાયો, શેઠજીએ ચમકીને કહ્યું: "કોણ છે એ?"

"આંધળા! કોણ છે? જોઇને નથી ચાલતો?"

"હજુર! હું છું."

"અરે હું છું, હું છું, શું કરે છે? નામ બોલ ને?"

"હજુર! આપનો ગુલામ 'મોતી."

"કોણ મોતી? ચમાર!"

"જી હજુર! એજ આપનો જોડા શીવનાર! મોતી ચમાર જોડા બનાવી લખનપુરના બજારમાં વેચવા જતો હતો. લખનપુર બજાર શીતલપુરથી ચાર ગાઉ થાય. બિચારો મોંસૂઝણા પહેલાંજ ચાલી નીકળ્યો હતો. મનમાં એમ હતું કે ટાઢે પ્હોરે નવ વાગતામાં તો શહેરમાં પહોંચી જઇશ, પણ શું ખબર કે રસ્તામાંજ આવો ઉલ્કાપાત થશે? શેઠજીએ તડૂકીને કહ્યું:–'અરે નીચ! તને ખુમારી ચડી લાગે છે તેથીજ રસ્તામાં આંધળાની પેઠે ચાલે છે કેમ? જોતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી કે રસ્તામાં કેવા કેવા સારા માણસો જાય આવે છે ? હજી તો નાહીને ચાલ્યો આવું છું, ત્યાં તો તેં અભડાવ્યો ! બોલ, મારો તો ધર્મ બોળાઈ ગયો !"

મોતીએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું:–"હજુર ! જાણી જોઇને નથી અડયો, અજાણતાં અડાઈ ગયું છે. માટે માફ કરો, હવે એવી ભૂલ નહિ કરૂં."

શેઠજી—"અરે ! જાણીને તો નથી અડયો, પણ પાજી ! સડક પર ચાલતાં આંખ તો ઉઘાડી રાખવી'તી, ઉલ્લુના સરદાર !"

શેઠજીએ તો ગાળો દેતાં દેતાં મોતીની ઠોંસા પાટુથી પૂજા પણ કરવા માંડી. મોતી બિચારો પોકે પોકે રોતો હતો અને શેઠજી લાત પર લાત ને ઠોંસાના વરસાદ વરસાવતા હતા. શેઠજીના એ લત્તાપ્રહારે તેને એવો તો લોથપોથ કરી નાખ્યો કે આખરે બિચારો મરણતોલ થઇ મૂર્છા ખાઈ ઢળી પડયો. થોડી વાર પછી કળ વળી ત્યારે ઉઠીને જુએ છે, તો જોડા બધા વીખરાઇ ગયા હતા. શરીર લોહીલોહાણ થઇ ગયું હતું. રોતાં રોતાં જોડા ભેળા કરી બજારમાં જવું પડતું મૂકયું ને બિચારો મહામહેનતે ઘેર પાછો આવ્યો.

ઘેર પહોંચી બિચારો મોતી સંસારથી ઉદાસ થઇ ગયો. તેણે જાણ્યું કે ધન–મદાંધ લોકો કેવો કાળો કેર વર્તાવી શકે છે. અરે ! શેઠનોય શું વાંક ! આ બધો હિન્દુધર્મનો આડંબર છે. હિન્દુધર્માનુસાર શું હું પશુ છું ? મને આવો માર શામાટે પડયો ? પશુ શું મારાથી ઉત્તમ છે ? પશુ અડી જતાં તો કોઈ તેને મારતું નથી ! ત્યારે શું હું પશુથી પણ હલકો છું ? હા, જરૂર ! ત્યારેજ તો શેઠે મને પશુવત્ માર માર્યો.

બિચારો આ પ્રમાણે વિચારવમળમાં પડયો હતો ત્યાં તો તેનો પાડોશી કરીમબક્ષ આવી ચડયો. કરીમબક્ષ પણ પૈસાદાર હતો. શીતલપુરમાં તેની થોડી જમીનદારી હતી.

કરીમ—"કેમ મોતી ! સાંભળ્યું છે કે આજે તો તારા શેઠે બરાબર ખબર લીધી છે ! શું છે ? વાત તો કહે ?"

મોતી—"શું કહું ? બાપુ ! આજ કોણ જાણે સવારમાં કોનુંય મોઢું જોયું હશે."

કરીમ—"પણ હવે વાત શું થઇ એ તો કહે ?"

મોતી—"હું વહેલો ઉઠી લખનપુરના બજાર તરફ જતો હતો, સામેથી શેઠ ચંડીપ્રસાદ ગંગાસ્નાન કરીને પાછા આવતા'તા, એય કંઇક ધૂનમાં હતા ને હું પણ વિચારમાં ને વિચારમાં ચાલતો હતો ત્યાં અમે અથડાઇ પડયા. મેં તો બહુયે વિનંતિ કરી. માફી માગી, પણ બાપુ ! મારૂં ગરીબનું કોણ સાંભળે ? એણે તો મારા હાલહવાલ કરી નાખ્યા. જોડા ક્યાંના ક્યાંય ગયા ને હુંયે પડયો ભોંયે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીમ—"અરે ભાઇ! આવા હિન્દુધર્મમાં માણસાઇ પણ નથી રહી. એકજ ધર્મના અનુયાયીઓ એકબીજા કરતાં પોતાને ઉંચાનીચા માને છે! આવો ધર્મ તો બીજે કયાંય નથી જોયો! ધિક્કાર છે એ ધર્મને! અમારા ધર્મમાં આવું કશુંય નથી-અમારા ધર્મમાં તો સૌ સરખા છે. કોઇ નીચઉંચ નહિ, પવિત્ર અપવિત્ર નહિ!"

મોતી—"શું આપના ધર્મમાં નાના મોટા કે નીચ ઉંચના ભેદ બિલકુલ નથી?"

કરીમ—"ખુદાના કસમ, ઇસ્લામમાં તેનું નામનિશાન પણ નથી. કુરાનમાં તેનો સખ્ત નિષેધ-વિરોધ કર્યો છે. ઇસ્લામની દૃષ્ટિએ તો ખુદા અને પેગંબરના માનનારા તમામ ઇન્સાન એકસરખાજ છે."

મોતી—"ત્યારે, આપનો ધર્મ તો બહુ સારો."

કરીમ—"અરે! અમારા ધર્મની તો શું વાત કહું! અમારા ધર્મ જેવો તો દુનિયામાં બીજો કોઇ ધર્મજ નથી. કોઇ પણ કોમનો માણસ પોતાની ખુશી પ્રમાણે અમારો ધર્મ સ્વીકારી શકે છે."

મોતી—"ભંગી, ચમાર, બધાય?"

કરીમ—"અરે! ઘણી ખુશીથી, એમાં શું? ભંગી ચમાર શું માણસ નથી? તારી મરજી હોય તો તને પણ અમારા ધર્મમાં ઘણી ખુશીથી ભેળવી શકીએ. એક થાળે સૌ ખાઇ શકીએ છીએ. વિવાહ-સગાઇ બધું થઇ શકે છે."

મોતીનું મન તો ડામાડોળ થઇ ગયું. થોડી વાર તો બિચારો વિચારસાગરમાં ડૂબી ગયો. આવી વિકટ સ્થિતિમાં તેને કોણ સમજાવે-ટાઢો પાડે? મનમાં દુઃખ તેમજ ઇર્ષ્યાની હોળી સળગતી હતી, ત્યાં વળી કરીમની વાતોથી ઘી હોમાયું. મોતીએ ગદ્દગદ્દ કંઠે કહ્યું: "ઠીક, ભાઈ! હું તમારા ધર્મમાં આવવા ઇચ્છું છું."

કરીમની છાતી ફૂલી. તેની ઇચ્છા પૂર્ણ થઇ! વિધર્મી માણસ સ્વધર્મમાં આવે એથી બીજો આનંદ કયો હોઇ શકે? કરીમે રાજી થઇ કહ્યું-"ઘણી ખુશીથી. આવો અમે તમારૂં સ્વાગત કરીએ છીએ." શીતલપુરમાં ય મસીદ તો હતી, પણ કરીમ શીતલપુરથી છ ગાઉ દૂર જમાલપુરમાં મોતીને લઇ ગયો અને ત્યાં તેને મુસલમાન કર્યો. હવે 'મોતી' થયો 'દીનમુહમ્મદ.'

દીનમુહમ્મદ ત્રણ વર્ષ જમાલપુરની મસીદમાં રહ્યો. તે દરમ્યાન મૌલવી સાહેબ પાસેથી તે થોડું હિન્દી અને ઉર્દુ શીખ્યો. ત્યાર પછી કરીમની સાથે તે મુંબઇ ગયો. ત્યાં તેને સારી નોકરી મળી ગઈ. તેના દિવસો આનંદમાં જવા લાગ્યા. ફાંદ વધી. આખો ચહેરો ફરી ગયો. પાન ચાવી ચાવીને દાંત લાલ થઇ ગયા. જોડા શીવનાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના હાથમાં રૂપિયાની થનાથની થવા લાગી. એ તો જાણે મોતીજ નહિ. તેની દુનિયાજ બદલાઇ ગઇ હતી. આગલા દિવસ તો કોણ જાણે ક્યાંય ચાલ્યા ગયા! નસીબ જોર કરે છે ત્યારે આખી શીકલજ બદલાઇ જાય છે.

પાંચ વર્ષ વીતી ગયાં. દીનમુહમ્મદ મુંબઇના એક મોટા મુસલમાન વેપારીની પાસે કામ કરે છે. વેપારીવર્ગમાં તેની શાખ બંધાઇ ગઇ છે. આ તરફ શેઠ ચંડીપ્રસાદનો ધંધો પણ ખૂબ ધીકતો ચાલે છે. એક દિવસ સવારના સાત વાગે પૂજાપાઠથી પરવારી, શેઠજી સવારની ટપાલ વાંચતા હતા. શેઠજીએ મુંબઇનો એક કાગળ પોતાના મુનીમને આપ્યો, અને કહ્યું કેઃ–" મુંબઇવાળા શેઠ હાજીઅલી લખે છે કે આજે મેલમાં અમારો માણસ આવે છે. એ અળસી લેવા આવે છે. જરા ઠીક કરી અપાવી દેશો. જાઓ તેનો બંદોબસ્ત કરો."

મુનીમ—"સ્ટેશને ટાંગો મોકલવો જોઇશે ?"

શેઠ—"હાં ! ટાંગાવાળાને કહેજો કે રાતની ગાડીએ ટાંગો લઈ જાય. મોટી પેઢીનો માણસ છે; બીજો માલ પણ ખરીદશે."

'બહુ સારૂં' કહી મુનીમ પોતાના કામે લાગ્યો. રાત્રે ટાંગો સ્ટેશને ગયો. મુંબઇવાળા શેઠનો માણસ શેઠજીની દુકાને આવી પહોંચ્યો.

શેઠજી પૂજાપાઠથી પરવારી, મુંબઇવાળા માણસને મળ્યા. ઘણા વિવેકથી તેને ગાદી પર બેસાડયો, કેમકે તે મોટો માણસ હતો.

શેઠ—"કેટલા કોથળા અલસી લેવી છે ?"

મુંબઇવાળો—"અમારા શેઠનો તો હુકમ છે કે ઠીક ભાવથી મળે તો જેટલી મળે તેટલી લઇ લેવી."

શેઠ—"ઠીક છે, ભાવ તો જાણે ઠીકજ થશે. માલ પણ જેટલો જોઇએ તેટલો મળશે. ભલે હવે આરામ કરો. સૂવા બેસવા માટે અલાયદો ઓરડો ઉઘડાવ્યો છે. આપનું ઘરજ જાણજો. કોઇ વાતે મૂંઝાશો નહિ. ઠીક, પણ આપનું નામ ભૂલી ગયો."

મુંબાઇવાળો—"જી, મને સૌ દીનમહમ્મદ કહે છે."

શેઠ—"ઠીક છે, આરામ કરો. કાલે બધું પતી જશે. દીનમહમ્મદ પલંગ પર જઇને પડયા વિચાર કરે છે કે શું હું અસલનો મોતી મટી ગયો? મારો દેહ શું બદલાઇ ગયો? શું હવે હું નીચમાંથી ઉંચ થઇ ગયો? ના, હું તો એનો એજ છું. શરીર પણ તેજ છે. આત્મા પણ તેજ છે. ત્યારે બદલાયું શું? બદલાયો તો માત્ર મારો ધર્મ. ત્યારે શું ધર્મ બદલવાથી માણસ ઉંચ બની જાય છે? બેશક, ઉંચ થઈ જાય છે. તેથી તો આજ શેઠજી મને અડતાં જરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચકાતા નથી. ત્યારે તો હવે હિન્દુધર્મની બધી નીચજાતિઓએ ધર્માંતર કરી લેવું જોઇએ; કેમકે હિન્દુધર્મ તો તેમને નીચ ગણે છે, પણ જેવા તે બીજા ધર્મમાં જાય છે, તેવાજ તેને હિંદુઓ પણ ઉંચ માની લે છે. આ તો અજબ અંધારૂં કહેવાય !

જોકે મોતી મુસલમાન થઇ ગયો હતો તોપણ તેના હૃદયમાં હિન્દુ ધર્મનો અંકુર જીવતો હતો. હજી પણ તેને હિંદુધર્મ તરફ સારી શ્રદ્ધા હતી. કયારેક કયારેક જૂની જૂની વાતો યાદ આવતી ત્યારે તેને મનમાં સંતાપ થતો. પહેલાથી આજ તેની (સાંસારિક) સ્થિતિ સારી છે; પણ તેના ચિત્તમાં શાંતિ નહોતી, દિલમાં દર્દ હતું. તે સારી રીતે સમજતો હતો કે, જે ધર્મ મારા વડીલોએ પાળ્યો હતો તેને પોતે લાત મારી હતી. ભલે, બાપદાદાનો ધર્મ છોડી, આજ હું લોકોની દૃષ્ટિએ સુખી ગણાઉં, પણ તે ખાનદાની–આબરૂ–કયાં ?

દીનમુહમ્મદને શેઠને ત્યાં આવ્યે એક અઠવાડીઉં થયું. શેઠજી તેની આગતા સ્વાગતામાં કંઇ કચાશ રહેવા દેતા નહિ. અને રાખે પણ કેમ ? દૂઝણી ગાય કોને વહાલી ન લાગે ? દીનમુહમ્મદ રોજ અલસી ખરીદી મુંબઇ રવાના કર્યે જાય છે. શેઠજી પણ આડતના કામમાં લાગ્યા પડયા છે. એક દિવસ દિનમુહમ્મદને મનમાં એકાએક વિચાર આવ્યો કે આજે મારે શેઠ પાસે બધો ભરમ ખોલી દેવો જોઇએ.

એક ઓરડામાં શેઠજી તથા દીનમુહમ્મદ બેઠા છે. કેટલીક વાતચીત પછી દીનમુહમ્મદે કહ્યું:–"શેઠજી ! અહીંના મોતી ચમારને આપ જાણો છો ?" શેઠજીએ આશ્ચર્ય પામી કહ્યું:–"કેમ ! મોતી ચમાર સાથે આપને કયારની ઓળખાણ છે ?"

દીન૦—"ઓળખાણ તો બહુ જૂની છે, પણ કહો તો ખરા કે તે છે કયાં ?"

શેઠ—"એ આજ લગભગ પાંચ વર્ષથી તો અહીં નથી. એણે તો ગામ છોડી દીધું છે. એક દિવસની વાત છે. હું ગંગાસ્નાન કરી આવતો હતો ત્યારે એ મને એકાએક અડી ગયો. મેં એને બહુજ માર્યો તે દિવસથી ખબર નથી કે તે કયાં ગયો ? માણસ તો બિચારો ભલો હતો. પણ તે દિવસથી એનું અન્નજળ ઉઠી ગયું. ઠીક, પણ તમારે એનું કામ શું છે ?"

શેઠજીની વાત પૂરી થઇ તે પહેલાંજ દીનમુહમ્મદની આંખ ભરાઇ આવી, પણ તેણે ઝટપટ શેઠજી ન જુએ તેમ આંખો રૂમાલથી લૂછી નાખી.

દીન૦—"શેઠજી ! આપે એને થોડા વાંક માટે એવો માર્યો કે બિચારાને ગામ છોડવું પડયું. આથી તો આપે ઘણું શરમાવું જોઇએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ—"સાચું પૂછો તો એનો વાંક તો જરાયે નહોતો. હા, ધાર્મિક દૃષ્ટિએ જોઇએ તો અપરાધ ખરો. પણ તેને ગામ છોડી જવું પડયું તેનો મને બહુ પશ્ચાત્તાપ થાય છે."

દીન૦—"કદાચ તે ફરીથી આપની પાસે હાજર થાય તો હવે આપ તેની સાથે કેવું વર્તન રાખો ?"

શેઠ (ગંભીર સ્વરે)—'ઘણા પ્રેમથી વર્તું. પહેલાં તો તેની માફી માગું.'

હવે દીનમુહમ્મદથી વધારે વખત રહેવાયું નહિ. તરતજ તે શેઠજીને પગે પડયો. સજળ નયને તેણે કહ્યું 'હુંજ આપનો સેવક મોતી ચમાર છું.'

શેઠજીના શરીરમાં સડસડાટ કરતી વીજળી ચાલી ગઈ. થોડી વાર સુધી તો તે પ્રતિમા જેવા નિશ્ચેષ્ટ થઇ ગયા. બન્ને આંખોમાંથી શ્રાવણ ને ભાદરવો વરસવા લાગ્યા. શેઠજીના મારથી મોતીને જે પીડા થઇ હતી તેથી હજારગણી પીડા આજે શેઠજીના હૃદયમાં થઇ. એમણે દીનમુહમ્મદને છાતી સરસો ચાંપ્યો. એમનો આત્મા તો માંહી ને માંહી પશ્ચાત્તાપના અગ્નિથી બળીજળી રહ્યો હતો. જેવો એમણે અપરાધ કર્યો હતો તેવુંજ પ્રાયશ્ચિત્ત પણ તેમણે બહુ કઠિન કર્યું. રોતાં રોતાં ધીમા અવાજથી તેમણે કહ્યું "મોતી! મને માફ કરીશ કે ?"

દીન૦—"શેઠજી, હવે આ સેવકને શરમાવવો રહેવા દો."

શેઠ—"નહિ, મોતી! મેં ભારે અપરાધ કર્યો છે. મેં આપણી સમાજનું એક અંગ કાપી નાખ્યું. એક હિન્દુ ભાઇને વિધર્મી બનાવી દીધો, આથી વળી બીજો મોટો અપરાધ કયો ?"

દીન૦—"આપને જો આવો પશ્ચાત્તાપ થયો છે તો હું પાછો હિન્દુ થવા તૈયાર છું; પણ મારી એક અરજ છે કે મારા જેવું વર્તન આપણા અસ્પૃશ્ય ગણાતા ભાઇઓ સાથે ના ચલાવશો; કેમકે જો એવું વર્ત રાખશો તો થોડાજ વખતમાં બધા અંત્યજો વટલાઇ જશે."

શેઠ—"મોતી! તું સાચું કહે છે, આજે મારી આંખ ઉઘડી છે. મારા વર્તનથી મને ઘણી શરમ આવે છે. ખરી રીતે તો અમે અમારા આવા વર્તનથી અમારે હાથેજ અમારી જાતિ તથા સમાજનું નિકંદન કરી રહ્યા છીએ. આજે તેં મને સાચી શિખામણ આપી છે. એથી કરીને હું તારો જીંદગીભર આભારી રહીશ."

બીજેજ દિવસે વૈદિક વિધિથી દીનમુહમ્મદ શુદ્ધ થઇ હિન્દુ થયો. શેઠજીએ તેને પોતાની મિલમાં એક સારી જગ્યા આપી અને મુંબઇ વાળા શેઠ હાજીઅલીને આ બધો વૃત્તાંત અથથી ઇતિ સુધી લખી મોકલ્યો.

(તા. ૧૪-૧૧-'૨૫ના "મતવાલા"માંથી અનુવાદકઃ-ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩–ભૂખનો રોગ

(લેખકઃ–શ્રી. સિદ્ધનાથ માધવ લોંઢે)

એ નિર્ભાગીને કોણ જાણે કોણેય કહ્યું હતું કે ત્યાં ગરીબોનાં દુઃખો–તરફ ભલી લાગણીથી જોવાય છે. એજ આશાએ તે 'ધર્મ પ્રચારક' કાર્યાલયમાં ગયો હતો. ત્યાં જઇને તેણે જોયું તો તેને આખીયે દુનિયા ખરાબ ન લાગી. તે જ્યાં રહેતો હતો ત્યાં બધાંયે દુઃખ–દારિદ્રનાં શિકાર થયેલાં હતાં અને તેઓ ઇચ્છતાં હતાં કે કોઇ ને કોઇ રીતે દેહનો છૂટકારો થાય. પરંતુ 'ધર્મપ્રચારક' કાર્યાલયમાં એ વાત નહોતી. ત્યાં દર્દીઓ લોથતા અને ત્રાસ પામતા ન હતા; તેમજ દુઃખ–દારિદ્રની સાક્ષાત્ પ્રતિમાસમાં મેલાં, ગંદાં અને ઝેરી નિવાસસ્થાન પણ નહોતાં. ત્યાં બે–ચાર માણસો બેઠા હતા. તેઓ જીવનથી ગભરાયેલા નહોતા પરંતુ જીવનને લંબાવવાના વિચારો કરતા હતા.

તેણે બારણા આગળ જઇને કહ્યું: "મારૂં દુઃખ કોઇ સાંભળશો ?" 'ધર્મપ્રચારક' કાર્યાલયમાં અધિકારો અને હક્કોની ચર્ચા થઇ રહી હતી. વાદવિવાદનો બરાબર રંગ જામ્યો હતો. સત્યને ખાતર નહિ પરંતુ હારી જવાની અસહ્ય શરમથી બચવાને માટે નારાયણ બાબુ તથા ઉમાચરણ શર્મા તર્કની પરાકાષ્ઠા કરી રહ્યા હતા. બીજા પણ બે–ચાર મિત્રો બેઠા હતા. જ્યારે વિવાદ કરનારાઓના મુખમાંથી જૂની પુરાણી નિંદાભરેલી પણ તાતાં તીર જેવી કટાક્ષપૂર્ણ વાત નીકળતી ત્યારે સાંભળનારાઓમાં ખૂબ હસાહસ થતી.

"તો શું આપ એમ કહેવા માગો છો કે પ્રથમ જનતાને સાક્ષર બનાવવામાં આવે અને પછી તેઓ પોતાની મેળેજ અધિકારો મેળવી લેશે ?" નારાયણ બાબુએ કહ્યું.

ઉમાચરણશર્માએ નારાયણબાબુને પોતાના પક્ષમાં ભળતા જોઇને કંઇક સંતોષ, અને કંઇક વિજયભરી અભિમાની શિકલે અને વધારામાં **'अहमेव द्वितीयो नास्ति'** ના ભાવોની લહેરમાં કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જી હા, એજ. એને માટે તો હું ક્યારનોયે આપ સૌની સાથે માથાફોડ કરી રહ્યો છું. સાક્ષરતા સિવાય જનતામાં રાજનૈતિક જાગૃતિ આવવી કેવળ અસંભવિત છે."

નારાયણ બાબુ કદાચ આવોજ મોકો શોધતા હતા. બીજા મિત્રો તરફ મોં ફેરવીને તેમણે ધીમેથી કહ્યું:–" શર્માજી કહે છે કે જ્યાંસુધી ગંગાનું પાણી વહી જઈ સૂકાઇ નહિ જાય ત્યાંસુધી તેઓ સામે કિનારે નહિ જાય."

મિત્રોએ તાળીઓ પાડીને શર્માજીની ખૂબ મશ્કરી કરી. વાહ! શર્માજી એટલા બધા મૂર્ખ છે કે પાણી વહી જતા સુધી કિનારેજ ઉભા રહેશે. તેમની સો જીંદગીઓ ચાલી જશે તોપણ ગંગાજીનો પ્રવાહ નહિ અટકે.

નારાયણબાબુએ જોયું કે સભા મારા કબજામાં છે. ઉમાચરણ શર્મા કંઇ કહે. તે પહેલાંજ તેઓ બોલવા લાગ્યા:–"સાંભળો, જરા ધ્યાનથી મારી વાત સાંભળી લ્યો. શર્માજી રાજનૈતિક જાગૃતિને માટે સાક્ષરતા આવશ્યક માને છે. સાક્ષરતાને માટે શિક્ષણને ફરજિયાત કરાવવું જોઇશે. ફરજિયાત શિક્ષણને માટે કરમાં વધારો કરવો પડશે. કર વધતાં લોકો વિરોધ કરશે તેથી તેમને શિક્ષણના લાભ સમજાવવા પડશે. ભલા, જરા વિચાર તો કરો કે કેટલી કેટલી મુશ્કેલીઓ ઉઠાવ્યા પછી સાક્ષરતા પ્રાપ્ત થશે! તેથી બહેતર છે કે પ્રચારકાર્ય દ્વારા રાજકીય જાગૃતિ લાવવી. જનતામાં પોતાનું હિત અહિત શામાં છે તેનો વિચાર કરવાની બુદ્ધિ આવ્યા પછી સાક્ષરતા તરફ ધ્યાન આપવું જોઇએ."

હવે ઉમાચરણ શર્માની વારી હતી. તેઓ પણ નારાયણ બાબુની મશ્કરી કરવા ઇચ્છતા હતા. મિત્રમંડળી મોં ફાડીને તેમના તરફ જોઇ રહી હતી. મિત્રોની આંખો નારાયણબાબુ તરફ ઈશારા કરી રહી હતી કે તમે પણ બરાબર અડાવો. હાથ આગળ વધેલા હતા; એક બાજુ શર્માજીએ કહ્યું અને બીજી બાજુ તાળીઓ પડી. શર્માજીને સાંભળવા આતુર થયેલાઓ પણ તેમના શબ્દો સાંભળીને પેટ પકડીને હસ્યા.

ઉમાચરણ શર્મા નારાયણ બાબુને કહેવા લાગ્યા: "વાહ ભાઇ', વાહ! બીજના પહેલાં વૃક્ષ, બાપના પહેલાં બેટો, પતિના પહેલાં પત્ની, ગંગાજી પહેલાં સમુદ્ર, શેષનાગ પહેલાં પૃથ્વી, ભારે કરી! આવીજ તર્કવિદ્યાના જોરે દુનિયામાં નામ કાઢશો કે! બાજીગરની પેઠે તર્કની ઈંદ્રજાળ પણ ખૂબ રચી. તેમને પૂછો કે તમારો સાપ ક્યાં રહે છે? તો તેઓ કહેશે કે પટારામાં. પટારો ક્યાં રહે છે? તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ કહેશે કે પૃથ્વી ઉપર અને પૃથ્વી ક્યાં રહી છે ? તો તેઓ કહેશે સાપના માથા ઉપર. વળી તેમને પૂછો કે સાપ ક્યાં રહ્યો છે? તો તેઓ કહેશે કે પટારામાં. આપ પૂછતા જાઓ અને તેઓ પટારો, પૃથ્વી અને સાપનો ચર્ખો ચલાવતાજ રહેશે. કોઇ વાર એક નીચે તો કોઈ વાર બીજું. આવા ગોરખધંધાઓથી તે કદી કોઇ વાત સિદ્ધ થઇ શકે કે ?"

શર્માજીએ મોટા મોટા માણસોને મુખે સાંભળ્યું હતું કે, સાક્ષરતા વિના દેશનો ઉદ્ધાર થઇ શકે તેમ નથી. તેમને અચળ વિશ્વાસ હતો કે મોટા માણસો કદી ભૂલજ કરે નહિ. તેમણે માન્યું કે નાનકડા બીજમાં પણ વડનું ઝાડ સંતાઇ રહે છે પરંતુ ફાલેલા વૃક્ષની સરખામણીમાં તેનું મહત્વજ શું ? ક્યાં નારાયણ બાબુ અને ક્યાં એ સાક્ષરતાનો સિદ્ધાન્ત !

નારાયણ બાબુને જવાબ આપવાનોયે મોકો ન મળ્યો કે ન તો મિત્રોને હસવા ગમ્મત કરવાનો. પેલો એજ અવાજ ફરીથી આવ્યો કે "કોઇ મારૂં સાંભળશો ?"

બન્ને યોદ્ધાઓ પૂરતી હોશિયારી બતાવી ચૂક્યા હતા. બન્નેના મનમાં એકજ વાત ઉદ્‌ભવી કે સારૂં થયું કે આ નવો માણસ આવી પહોંચ્યો. હવે વાદવિવાદ છોડી દઇને તેના તરફ ધ્યાન આપીએ. મિત્રો તો નહિ જાણે કે અમે હારી ગયા !

બન્નેનાં અંતરમાં નહિ હારવાનો વિચાર સર્વોપરિ હતો; સત્યાન્વેષણનો નહિ. ઠીક, બન્નેએ એકસાથેજ કહ્યું–"કોણ છે ? અહીં આવો."

મિત્રોને થોડી નિરાશા તો અવશ્ય થઈ, તેમને હસવાનો અને ટોળટપ્પા કરવાનો મોકો ન મળ્યો. બે મરઘાની કુસ્તીમાં જે મઝા આવે તેથી વિશેષ મઝા એ બન્નેની જબાનની કુસ્તીમાં નહોતી આવતી. તોપણ એક નવા આદમીને આવતો જોઇને તથા મનોરંજનનું બીજું સાધન ઉપસ્થિત થતું જોઇને કંઇક સંતોષ થયો.

તે આગળ વધ્યો. તેનાં ફાટેલાં કપડાંના આવરણમાંથી દેખાઈ આવતી હાડ–ચામની કાયા ઉપર મેલની કાળાશ જણાઇ આવતી હતી. તેના મુખ ઉપર તડકો અને છાંયો બન્નેય હતાં. પ્રકાશ આંખોમાં હતો અને તેમાંથી તેજસ્વિતા પ્રગટ થતી હતી, પરંતુ તે દુર્બળતાની ગુફામાં સંતાઇને નિસ્તેજ થઇ ગઇ હતી. ચહેરા ઉપર નિસ્તેજતા ફેલાઇ હતી. શરીરમાં લોહી હતું, પરંતુ તેનો ઘણોખરો ભાગ પરસેવો બનીને માલદારોની લહેરાતી ખેતીમાં શોષાઇ ગયો હતો. લાકડીના બે દંડા ઉપર પહેરણ પહેરાવીને તેના ઉપર સીધી ખૂંટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગાવી તેના ઉપર નાની હાંલ્લી મૂકીને બનાવાતાં ખેતરોનાં પક્ષીઓ ઉડાડનારાં પૂતળાંની સાથે તેની બરાબર સરખામણી કરાતી નહોતી. કેમકે તેનાં કપડાંની અંદર ફેફસાં હવા લેવા–મૂકવાનું કામ કરતાં હતાં !

તેણે દીનભાવે કહ્યું: "હું ક્યારનોયે બહાર ઉભો છું ! મારૂં કોઇ સાંભળતુંજ નથી." સભ્ય સમાજના એ સભ્યોને આ કંગાળની વાત ખરાબ લાગી. આટલી બધી ઉચ્છૃંખલતા ! આટલી બધી અસભ્યતા ! અને તેય એક કંગાળ દ્વારા ? એ સહન થવું અસંભવિત છે.

જવાબની વાટ નહિ જોતાં તેણે કહ્યું: "ચાર મહિનાથી પથારીમાં પડયો હતો. કોઈ પણ રીતે પેટ ભર્યું. સેવાસમાજ દ્વારા ઠીક ઠીક શિક્ષણ પામ્યો છું. હવે આપની પાસે આવ્યો છું. હું મિલમાં કામ કરૂં છું. માસિક રૂા. ૧૫) મળે છે તેમાંથી ત્રણ જણનાં પેટ ભરવાં પડે છે. માંદગીમાં દેવું પણ વધારી ચૂક્યો છું. મને કોઈ જગાએ વધુ પગારની નોકરી અપાવવા કૃપા કરો. આપ લોકોનાં સુપ્રસિદ્ધ નામ સાંભળીને આપને વિનતિ કરવા આવ્યો છું.

નારાયણ બાબુ તથા ઉમાચરણે તેના તરફ ધ્યાન દઇને જોયું. શર્માજીએ પૂછ્યું—

" વાંચતાં લખતાં જાણે છે ? "

"ના જી"

" કોઇ ખાસ ધંધો કે કોઈ કળા જાણે છે ? "

"ના જી"

" તો શું પથ્થર જાણે છે ? "

"નાજી, પથ્થર ફોડવાનું કામ મેં કેટલીયે વાર કર્યું છે."

" તું કોઇ પણ કળા કે હુન્નર જાણતો નથી, તને લખતાંવાંચતાં પણ આવડતું નથી તો પછી તને વધારે પગાર નજ મળી શકે."

તે વિનતિ કરતોજ રહ્યો. કાર્યાલયના બારણા આગળ ગોઠણ વચ્ચે માથું રાખીને તે બેસી રહ્યો. તેને આશા હતી કે બાબુ લોક થોડી વાર પછી તેની પ્રાર્થના સ્વીકારશે. પરંતુ કોઇએ પણ તેના તરફ ધ્યાન ન આપ્યું. શર્માજી, નારાયણબાબુ તથા તેમના મિત્રો હસતા હસતા ગમ્મત કરતા કાર્યાલયનાં બારણાં બંધ કરીને બહાર ચાલ્યા ગયા. તેમને એ પણ યાદ ન રહ્યું કે, બારણા આગળ એક જીવતું માટીનું પૂતળું બેઠું છે !

આજે આખા દિવસની મહેનત પછી તે ઘેર પાછો ફર્યો. તેને વધારે ધનની જરૂરીઆત હતી પરંતુ તે તેને ન મળ્યું. એક બહેન અને વૃદ્ધ ડોશીમા, એમ બીજા બે જીવ ઘેર હતા; રેંટિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંતતાં પણ તેઓ જાણતાં નહિ. તે મનમાં ને મનમાં આ વાત ઉપર કાઢતો, તેમને કંઈક કહેતો પણ પરિણામ કંઈજ આવતું નહિ. ખાદી કાર્યાલયમાંથી તે એક રેંટીઓ લઈ આવ્યો હતો, અને પોતાની બહેનને સૂતર કાંતતાં શીખવ્યું હતું. પરંતુ અભાગી બહેન એટલુંયે નહોતી સમજતી કે તેણે પણ રેંટીઓ કાંતીને પૈસો બે પૈસા મેળવવા જરૂરી છે. મા તો વૃદ્ધ હતી. તેને કંઇ કહેવું એ પણ પાપ કરવા જેવું હતું. આવક વધારવાનો પ્રયત્ન તે કરતો હતો. ઉપાય એજ હતો કે તેણે પોતેજ વધુ કામ કરવું. તે ચાર મહિનાની માંદગીમાંથી હજુ હમણાંજ ઉઠયો હતો. શરીર કમજોર હતું પણ કરે શું? ચોરી કે લૂંટ કરવા યોગ્ય શરીર પણ તેને પરમાત્માએ આપ્યું નહોતું. જૂઠું બોલીને તે બે-ચાર રૂપિયા ઉધાર લઈ આવત, પરંતુ તેની કંગાલિયત આખા મહોલ્લામાં મશહૂર હતી. એટલે તેને કોણ ઉધાર આપે? તે મહોલ્લામાં રહેનારા બધા લોકો એના જેવાજ હતા. તેમને તો 'ઇસ હાથ લે, ઉસ હાથ દે' નો રોકડીઓ વહેવાર હતો. તેમને રહેવાનું વિશાળ સ્થાન હતું. તેમની ભાંગી તૂટી ઝુપડીઓનાં છાપરાં ઘાસનાં નહોતાં, નળિયાંથી ઢાંકેલાં હતાં. હવા અને પ્રકાશની સાથે સાથે પાણી આવવાને માટે પણ તેમાં જરૂર કરતાં વધારે બારીઓ-બાકોરાં હતાં. ભલા, આવાં આરોગ્યવાળાં ઘર કોના ભાગ્યમાં હોય! તેને અને તેના જેવા બીજાઓને માટે તો એ ઝુંપડીઓજ મહેલસમાન હતી. તેમની ઝુંપડીમાં ભોજનશાળા, સૂવાનો ઓરડો, દિવાનખાનું અને સ્નાનાગાર, એ બધુંયે બાર ચોરસહાથ જગામાં હતું. નાહવાની મોરીનું પાણી પણ ત્યાંજ પચતું હતું તેથી મચ્છરોની ઉપદ્રવી જમાતો પેદા થતી હતી અને તેઓ પોતાના જન્મદાતાનું ઋણ ફેડવાને માટે તેમને સૂવાને સમયે મધુર ગણગણાટ સંભળાવ્યા કરતા હતા.

× × × ×

આજે તે ફરીથી તાવથી પટકાઇ પડયો છે. સેવાસમાજવાળાઓએ ડૉક્ટરને બોલાવ્યો. આ તરફ નારાયણ બાબુ અને શર્માજીને પણ સૂચના મળી ગઇ. બન્નેના હૃદયમાં દયાભાવ હતો. બન્ને તેને ઘેર આવ્યા, તેમણે ડૉક્ટરને પૂછ્યું: 'કેવી સ્થિતિ છે?'

ડૉક્ટરે કહ્યું: 'મૃત્યુનાં ચિહ્ન દેખાય છે. ફેફસાં ઉપર અસર થઇ ચૂકી છે. શક્તિ ક્ષીણ થઈ ગઇ છે. બચવાની આશા નથી."

નારાયણબાબુએ કહ્યું: "આ લોકો કેવી ખરાબ હાલતમાં રહે છે! તેમનું સ્વાસ્થ્ય બગડે તેમાં શું આશ્ચર્ય!" શર્માજી કહેવા લાગ્યા કે "જો આ માણસ ભણેલો ગણેલો હોત, કંઇક વાંચી લખી જાણતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોત તો તેના આરોગ્યની વિશેષ કાળજી રાખત અને આવા ગંદા ઘરમાં રહેતજ નહિ."

ડૉક્ટર અને નારાયણબાબુ હસી પડયા. તેમના હાસ્યથી ઉત્સાહિત થઇને શર્માજી પાછા ભાષણ આપવા મંડયા: "આપણા દેશનું દુર્ભાગ્ય છે કે હજુ સુધી આપણે ત્યાં વિદ્યારૂપી સૂર્યનો પ્રકાશ નથી ફેલાઇ શક્યો." શર્માજી એથીયે વધારે બોલત, પણ તેમની વાતો સાંભળવાની ત્યાં કોઇનેય ફુરસદ નહોતી. ડૉક્ટર સાહેબ રોગીનાં ફેફસાંની તપાસ કરતા હતા અને નારાયણ બાબુ તે ગરીબના ઠંડા પગ ઉપર માલીસ કરતા હતા. તેની મા અને બ્હેન ઓશીકા આગળ બેઠી બેઠી પોતાના નસીબને ફિટકાર આપતી હતી. શરીરને સંપૂર્ણ રીતે ઢાંકવા માટે તેમની પાસે વસ્ત્ર નહોતું અને તેથીજ લજ્જા અને સંકોચને લીધે તે બિચારીઓ આ સભ્ય બાબુઓ આગળ આવતી નહોતી; નહિ તો તેમનું અંતર તો પોતાના એકમાત્ર બેટા અને ભાઇની સેવા કરવા તલપાપડ થઇ રહ્યુંજ હતું.

રોગીનો ચહેરો ફીકો પડી ગયો હતો. લોહી પણ ધીમે ધીમે ફરતું હતું. જેમ તેની શારીરિક શક્તિઓ ક્ષીણ થતી જતી હતી, તેમ તેની માનસિક શક્તિઓ તેટલાજ પ્રમાણમાં જાગ્રત થતી હતી. શર્માજીની બધી વાતો તેણે ધ્યાનપૂર્વક સાંભળી હતી. વાંચતાં લખતાં નહિ આવડવાથી ગરીબોમાં રોગનો ફેલાવો થાય છે એ તેમની વાત તેને ખટકતી હતી. પ્રતિક્ષણે દુર્બળ થતા જતા તેના હાથ વડે તેણે શર્માજીને પોતાની પાસે બોલાવ્યા. તિરસ્કારયુક્ત હાસ્ય તેના ચહેરાનું ભયભીતપણું વિશેષ સ્પષ્ટપણે પ્રગટ કરતું હતું. શર્માજીએ તેને કહ્યું: "તારે શું જોઇએ છીએ?"

તેણે કહ્યું: "બાબુજી! હું ભણ્યો ગણ્યો નથી, પણ સ્વચ્છતાનો અર્થ સમજું છું. મને રૂ. ૧૫) રૂપીઆ માસિક મળે છે. ત્રણ જીવોનો ગુજારો શી રીતે થાય? વધારે સારા ઘરમાં રહીએ તો ભાડું વધારે આપવું પડે, અર્ધો પગાર તો ભાડાવાળોજ લઇ જાય! પછી અમે શું ખાઇએ?"

આ વાક્યો બોલવાથી તે થાકી ગયો, તેણે આંખો મીંચી લીધી. થોડી વાર પછી લોથતાં લોથતાં અને ઉધરસ ખાતાં તેણે ફરીથી પોતાની આંખો ખોલી. ડૉક્ટર તેને બોલવાની મનાઇ કરતા રહ્યા પણ તેણે ન માન્યું. જોરથી પ્રયત્ન કરીને આખા શરીરની શક્તિ એકત્ર કરી બુઝાતા દીપક જેવી પોતાની આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ પાડી શર્માજી તરફ જોયું અને કહ્યું: "બાબુજી! દુનિયા ગરીબોનો વેપાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. જે રીતે પોતાના મહેલો અને મોટાં મોટાં આલીશાન મકાનો માટે આપ ઇંટ, ચૂનો, પથ્થર અને સિમેંટ ખરીદો છો; તેજ પ્રમાણે આપ અને આપના ભાઇબંધો અમ ગરીબોને પણ ખરીદો છો. દૂધ દેનારી ભેંસોને જેમ અધિક ખોરાક અપાય છે, તેમ આપ સૌથી વધારે રૂપીઆ કમાવી આપનારને વધારે પગાર આપો છો અને તે ઉપરાંત પાછા 'અન્નદાતા' બની રહો છો.... કમાઇને આપનારા અમે લોકો, અને અન્નદાતા આપ ! આ નાદાન દુનિયા એજ વ્યવહારને સનાતન અને સર્વશ્રેષ્ઠ સંગઠન માને છે. તેને જોરથી ઉધરસ આવી. બે મિનિટ સુધી તે હાંસતો રહ્યો. પરિશ્રમને લીધે તેને પરસેવો આવી ગયો. થોડી વાર પછી તેને હેડકીઓ આવવા લાગી. તે મરતાં મરતાં કહી ગયો કે "બાબુજી! **અમે ભૂખનાં માર્યાં મરીએ છીએ, અજ્ઞાન અને બિમારીને લીધે નહિ."**

શર્માજી, નારાયણ બાબુ અને ડૉકટર સાહેબ ચાલ્યા ગયા. તેમના પગ ઉપડતા નહોતા અને હૃદય પથ્થર જેવું થઈ ગયું હતું. શર્માજીએ વિચાર્યું કે જ્યારે હજારો માણસો ભૂખે મરે છે ત્યારે સાક્ષરતાને ખાતર કરોડોનાં ખર્ચ કરવાં એ બનાવટી સભ્યતાનું વાંદરીઆ અનુકરણ છે. તેના શબ્દો આજે પણ શર્માજીના હૃદયમાં અંકાઈ ગયા છે કે "**ગરીબ લોકો બિમારી અને અજ્ઞાનને લીધે મરતાં નથી, પણ ભૂખરૂપી રોગથીજ માર્યા જાય છે."**

(હિંદી માસિક 'પ્રભા'ના એક અંકમાંથી અનુવાદકઃ—ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪–જૂનાં વેર

(લેખકઃ—શ્રી. પ્રેમચંદજી)

(૧)

જોખુ ભગત અને બેચન ચોધરી વચ્ચે ત્રણ પેઢીઓથી શત્રુતા ચાલી આવતી હતી. જમીનની હદ બાબતની તકરાર હતી. તેમના ખડદાદાઓમાં કેટલીએ વાર લોહી વહ્યાં હતાં. તેમના પિતાઓના સમયમાં મુકર્દમાબાજી થઇ હતી. બન્ને કેટલીયે વાર હાઇકોર્ટ (વડી અદાલત) સુધી ગયા હતા. છોકરાઓના વખતમાં તકરારે વળી વિશેષ ઉગ્ર સ્વરૂપ લીધું. અને તે એટલે સુધી કે બન્ને ખુવાર થઇ ગયા. પહેલાં બન્ને એજ ગામના તેઓ અર્ધા અર્ધા ભાગીદાર હતા. હવે તેમની પાસે તકરારી ખેતર સિવાય એક તસુ જેટલી જમીન પણ ન હતી. જમીન ગઇ, ધન ગયું, માનમર્યાદા ગયાં, પણ પેલી તકરાર તો ત્યાંની ત્યાં રહી. હાઇકોર્ટના ધુરંધર ન્યાયાધીશ પણ એક નજીવી તકરારનો ફડચો ન લાવી શકયા.

આ બન્ને સજ્જનોએ ગામને બે વિરુદ્ધ પક્ષમાં વહેંચી નાખ્યું હતું. એક પક્ષની ભાંગ ચોધરીને ત્યાં ઉડતી, તો બીજા પક્ષના ચડસ–ગાંજાની દમો ભગતને ઘેર ભરાતી. સ્ત્રીઓ અને બાળકોમાં પણ બે પક્ષ પડી ગયા હતા. બંન્ને સજ્જનોના સામાજિક અને ધાર્મિક વિચારોમાં પણ ભેદ પડી ગયા હતા. ચોધરી સાતે કપડાં પહેરીને જમવા બેસતા અને ભગતને ઢોંગી કહેતા. ભગતજી કપડાં ઉતાર્યાં વિના પાણી પણ ન પીએ અને ચોધરીને ભ્રષ્ટ થઇ ગએલો કહેતા. ભગત સનાતનધર્મી થયા અને ચોધરીએ આર્ય સમાજનો આશ્રય લીધો. જે વેપારી, ગાંધી વગેરે સાથે ચોધરી સંબંધ રાખતા તેના તરફ જોવામાંયે ભગતજી પાપ માનતા હતા અને ભગતજીના કંદોઇની મિઠાઈ, તેમના ગોવાળનું દૂધ અને ઘાંચીનું તેલ સુદ્ધાં તેઓ ત્યાજ્ય ગણતા. તેમના આરોગ્યના સિદ્ધાંતોમાં પણ ભિન્નતા હતી. ભગતજી વૈદકના પક્ષપાતી હતા, ત્યારે

Gurukula Library Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોધરી જૂનાની પદ્ધતિમાં માનનાર હતા. બન્ને ગમે તો રોગથી મરી જાત પણ પોતાના સિદ્ધાંતો તોડત નહિ.

(૨)

જ્યારે દેશમાં રાજકીય ચળવળ શરૂ થઇ ત્યારે તે હિલચાલની અસર એ ગામમાં પણ પહોંચી ગઈ. ચોધરી એ ચળવળમાં ભળ્યા, ભગતજી તેમના વિરોધી પક્ષમાં દાખલ થયા. એક સજ્જને આવીને ગામમાં ખેડુત સભા ઉઘાડી. ચોધરી તેમાં સામેલ થયા, ભગત અલગ રહ્યા. ગામમાં વધારે જાગૃતિ આવી. સ્વરાજ્યની ચર્ચા થવા લાગી અને ચોધરી સ્વરાજ્યવાદી થયા, ભગત રાજ્યભકતોના પક્ષમાં ભળ્યા. ચોધરીનું ઘર સ્વરાજ્યવાદીઓનો અખાડો બન્યું, ત્યારે ભગતનું ઘર રાજ્યભકતોની કલબ થઇ ગયું.

ચોધરી જનતામાં સ્વરાજ્યવાદનો પ્રચાર કરવા લાગ્યા:—

" મિત્રો, સ્વરાજ્ય એટલે આપણું રાજ્ય. આપણા દેશમાં આપણું રાજ્ય હોય તે સારૂં કે કોઈ બીજાનું રાજ્ય હોય તે ?"

જનતાએ કહ્યું-"આપણું રાજ્ય હોય એ સારૂં છે."

ચોધરી—"તો એ સ્વરાજ્ય કેવી રીતે મળશે ? આત્મબળથી, પુરુષાર્થથી, સંપ કરવાથી; એકબીજાનો દ્વેષ કરવાનું છોડી દો. ઝગડાઓ અંદર અંદર પતાવી લો."

એક શંકા:—"આપ તો નિત્ય અદાલતમાં હાજર રહો છો !"

ચોધરી—"હા, પણ આજથી અદાલતમાં જાઉં તો મને ગૌ-હત્યાનું પાપ છે. તમે તમારી કમાણી બાળબચ્ચાંને ખવડાવો, અને બચે તો પરોપકારમાં વાપરો, વકીલોનાં ખિસ્સાં શીદ ભરો છો ? પહેલાં આપણાં બાળકોને ધર્મનું શિક્ષણ આપવામાં આવતું. તેઓ સદાચારી, ત્યાગી અને પુરુષાર્થી થતાં હતાં. હવે તેઓ સરકારી શાળાઓમાં ભણીને નોકરી કરે છે, રોફ મારે છે, દેવતા અને પિતૃઓની નિંદા કરે છે, સિગારેટ પીએ છે, પટિયાં પાડે છે અને અમલદારોની ખુશામત કર્યા કરે છે. શું આપણાં બાળકોને ધર્માનુસાર શિક્ષણ આપવું એ આપણી ફરજ નથી ?"

જનતા—"ઉઘરાણું કરીને પાઠશાળા કાઢવી જોઇએ."

ચોધરી—"આપણે પહેલાં દારૂને અડકવામાં પાપ માનતા હતા. હાલ તો ગામેગામ અને શેરીએ શેરીએ દારૂની દુકાનો છે. આપણે આપણી કમાણીના કરોડો રૂપીઆ ગાંજા-શરાબમાં ઉડાવી દઇએછીએ."

જનતા—"જે દારૂ-ભાંગ પીએ તેમનો દંડ કરવો જોઇએ."

ચોધરી—"આપણા બાપદાદા, નાના-મોટા સૌ હાથકંતામણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં બનેલી ખાદીજ વાપરતા. આપણી દાદીમાએ અને બહેનો રેંટિયો કાંતતી હતી. બધો પૈસો દેશમાં રહેતો હતો. આપણા વણકરભાઇઓ આનંદ કરતા. હવે આપણે વિદેશી-રંગબેરંગી ભડકામણાં કપડાં ઉપર મોહી પડીએ છીએ. આ રીતે પરદેશીઓ આપણો પૈસો ખેંચી જાય છે. બિચાર વણકરો કંગાળ થઈ ગયા છે. આ રીતે આપણા ભાઇઓનો રોટલો પડાવી લઈ બીજાઓને આપી દેવો એ શું આપણો ધર્મ છે?"

જનતા—"ખાદી મળતી તો છે નહિ?"

ચોધરી—"પોતાના ઘરમાં બનેલી ખાદી પહેરો, અદાલતોનો ત્યાગ કરો, દારૂ છોડો, બાળકોને ધર્મ-કર્મનું શિક્ષણ આપો, સંપીને રહો, બસ એમાંજ સ્વરાજ છે. જેઓ કહે છે કે સ્વરાજને ખાતર તો લોહીની નદીઓ વહેવડાવવી પડશે તેઓ પાગલ છે-તેમની વાતો ઉપર ધ્યાન ન આપો."

જનતા આ વાતો બહુ ધ્યાનપૂર્વક સાંભળતી હતી. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા વધતી જતી હતી. ચોધરી બધાના વિશ્વાસ-પાત્ર બની ગયા હતા.

(૩)

ભગતજી પણ રાજભક્તિનો ઉપદેશ કરવા લાગ્યા:—

"ભાઇઓ, રાજાનું કામ રાજ્ય કરવાનું અને પ્રજાનું કામ તેની આજ્ઞાનું પાલન કરવાનું છે. આનેજ રાજભક્તિ કહે છે અને આપણા ધાર્મિક ગ્રંથોમાં પણ આપણને એજ રાજભક્તિનું શિક્ષણ આપવામાં આવ્યું છે. રાજા ઇશ્વરનો પ્રતિનિધિ છે. તેની આજ્ઞા વિરુદ્ધ ચાલવું એ મહાપાપ છે. રાજ્યવિરોધી માણસ નરકનો અધિકારી થાય છે.

એક શંકા—"રાજાએ પણ પોતાના ધર્મનું પાલન કરવું જોઇએ."

બીજી શંકા—"આપણા રાજા તો નામના છે. ખરો રાજા તો વિલાયતનું વણિક-મહાજન છે."

ત્રીજી શંકા—"વાણીઆઓ તો પૈસા કમાવાનુંજ જાણે, રાજ્ય કરવાનું શું જાણે?"

ભગત—"લોક તમને શીખવે છે કે અદાલતમાં ના જાઓ, પંચાયત મારફત મુકદ્દમા પતાવો; પણ એવાં પંચ ક્યાં છે કે જે સાચો ન્યાય કરે, દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી આપે? અહીં તો મોં જોઇને વાત થશે. જેનો કંઈ રૂઆબ હશે તેની જિત થશે, જેનો કંઇ રૂઆબ નહિ હોય તે બિચારો માર્યો જશે. અદાલતોમાં બધું કામ કાયદા પ્રમાણે ચાલે છે; ત્યાં નાના મોટા સૌ સરખા, વાઘ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકરી એક આરે પાણી પીએ છે. એ અદાલતોનો ત્યાગ કરવો એ પોતાનાજ પગ ઉપર કુહાડી મારવા જેવું છે."

એક શંકા–અદાલતોમાં જવા માટે રૂપીઆની થેલી ક્યાંથી લાવવી ?"

બીજી શંકા—"અદાલતનો ન્યાય તો કહેવાનોજ છે, જેની પાસે ઉભા કરેલા સાક્ષીઓ અને દાવપેચ ખેલનાર વકીલ હોય છે તેનીજ જિત થાય છે. સાચા જૂઠાની પરીક્ષા કોણ કરે છે ? હા, હેરાન તો થવું પડે છે ખરૂં !"

ભગત—"કહેવામાં આવે છે કે વિદેશી ચીજો વાપરો નહિ. આ ગરીબોના તરફ ઘોર અન્યાય છે. આપણને બજારમાં જે ચીજ સસ્તી અને સારી મળે તે લેવી જોઇએ. ગમે તો તે સ્વદેશી હો કે વિદેશી. આપણા પૈસા નકામા નથી આવતા કે તેને તકલાદી સ્વદેશી ચીજોમા ફેંકી દઇએ."

એક શંકા—"પૈસા આપણા દેશમાં તો રહે છે, બીજાઓના હાથમાં તો નથી જતા ને ?"

બીજી શંકા—"આપણા ઘરમાં સારૂં ખાવાનું ન મળે તો શું અન્ય જાતિઓના ઘરનું સારૂં ભોજન જમી લેવું ?"

ભગત—"લોક કહે છે કે છોકરાઓને સરકારી શાળાઓમાં ના મોકલો. પણ સરકારી શાળાઓમાં ભણ્યા ન હોત તો આજ આપણા ભાઇઓ મોટી–મોટી નોકરીઓ ક્યાંથી મેળવત ? મોટાં મોટાં કારખાનાં ક્યાંથી ચલાવત ? નવી વિદ્યા શીખ્યા સિવાય હવે દુનિયામાં ચાલી શકે તેમ નથી. પુરાણી વિદ્યા ભણીને પોથી વાંચતાં અને કક્કા ઉકેલવા સિવાય બીજું શું આવડે છે ? રાજકાજ શું થોથાં–પોથાં વાંચનાર ચલાવશે ?"

એક શંકા—"અમારે રાજકાજમાં નથી પડવું. અમે તો અમારી ખેતીવાડીમાં મશગુલ છીએ, કોઇના ગુલામ તો નથી !"

બીજી શંકા—"જે વિદ્યા અભિમાની બનાવે તેના કરતાં તો મૂર્ખ રહેવું તે સારૂં. આ નવી વિદ્યા ભણીને તો લોકો કોટ, પાટલૂન, ઘડીઆળ, સોટી અને હૅટફૅટ પહેરવા લાગ્યા છે અને પોતાના મોજશોખો પાછળ દેશનો પૈસો પરદેશીઓનાં ખિસ્સાંમાં ભરે છે. આ લોકો દેશના દ્રોહી છે."

ભગત—"દારૂ–ગાંજા તરફ આજકાલ લોકોની કપરી નજર છે. નિશો એ એક ખરાબ ટેવ છે એ તો બધાયે જાણે છે. સરકારને દરસાલ દારૂની દુકાનોમાંથી કરોડો રૂપીઆની આવક થાય છે. દુકાનોમાં ન જવાથી લોકોની નિશાની આદત છૂટી જાય તો બહુ સારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત. પણ ટેવવાળાની ટેવ ક્યાં છૂટે છે ? તે દુકાને નહિ જાય તો લપાઇ સંતાઇને કોઇ ને કોઇ રીતે બમણા, ચારગણા પૈસા આપીને, સજા ભોગવવાને તૈયાર થઇને પણ પોતાની આદત પૂરી કરશે. તો એવું શા માટે કરવું કે સરકારનું નુકસાન જુદું અને ગરીબ રૈયતને પણ જુદું નુકસાન થાય ! અને વળી કોઇકોઇને તો નિશો કરવાથી ફાયદો થાય છે. હું પણ જો એક દિવસ અફીણ ન ખાઉં તો પેટમાં દુઃખ થવા માંડે, દમ ચઢી આવે અને શરદી લાગી જાય."

એક અવાજ—"દારૂ પીવાથી શરીરમાં જાગૃતિ આવે છે."

એક શંકા—"પહેલાં દારૂ પાઇને પાગલ બનાવ્યા. આદત પડી એટલે પૈસાની તાણ પડવા લાગી. એટલી મજૂરી કોને મળે છે કે રોટલા કપડાં પણ નીકળે અને નિશાબાજી પણ ચાલે ? ગમે તો છૈયાં છોકરાંને ભૂખે મારો કે ચોરી કરો, જુગાર રમો અને બેઇમાની કરો, દારૂની દુકાન એ ખરેખર આપણી ગુલામીનો અડ્ડો છે."

(૪)

ચોધરીજીનાં ભાષણો સાંભળવા માટે લોકો તૂટી પડતા હતા, લોકોને ઉભા રહેવાનીયે જગા નહોતી મળતી. દિવસે દિવસે ચોધરીજીનું માન વધવા લાગ્યું. તેમને ત્યાં હંમેશાં પંચાયતની અને રાષ્ટ્રજાતિની ચર્ચા થયા કરતી. લોકોને એ વાતમાં ખૂબ આનંદ અને ઉત્સાહ આવતો. તેમના રાજનૈતિક જ્ઞાનમાં વધારો થતો. તેઓ પોતાનું ગૌરવ અને મહત્ત્વ સમજવા લાગ્યા, તેમને તેમની સત્તાનો ખ્યાલ આવવા લાગ્યો. નિરંકુશપણું અને અન્યાય તરફ હવે તેમનાં ભવાં ચઢવા લાગ્યાં. તેમને સ્વતંત્રતાનો સ્વાદ લાગ્યો. ઘરનું રૂ, ઘરનું સૂતર, ઘરનાં વસ્ત્ર, ઘરનું ભોજન, ઘરની અદાલત, ન પોલિસનો ભય કે ન અમલદારોની ખુશામત, એમ તેઓ સુખશાંતિથી જીવન ગાળવા લાગ્યા. કેટલાએ નિશાબાજી છોડી દીધી અને સદ્ભાવોની સરિતા વહેવા લાગી.

પણ ભગતજી આટલા બધા ભાગ્યશાળી ન હતા. જનતાને દિનપ્રતિદિન તેમના ઉપદેશો તરફ અરુચિ પેદા થતી હતી, તે એટલે સુધી કે ઘણે ભાગે તેમના શ્રોતાઓમાં તલાટી, ચોકીદાર, નિશાળના મહેતાજીઓ અને આ અધિકારીઓના મિત્રો સિવાય કોઇ આવતું ન હતું. કોઈ કોઇ વાર મોટા સાહેબ પણ આવી ચઢતા અને ભગતજીને બહુ માન આપતા. થોડી વાર ભગતજીને આશ્વાસન આપી જતા. પણ થોડી વારનું માન આઠે પહોરના અપમાનની બરાબર ક્યાંથી થાય ? જ્યાં કંઇ જતા ત્યાં તેમના તરફ આંગળીઓ થતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ કહેતું ખુશામતખોર છે, કોઇ કહે કે છુપી પોલિસનો માણુસ છે. ભગતજી પોતાના પ્રતિપક્ષીની મહત્તા અને પોતાની નિંદા થવાથી દાંત પીસીને રહેતા. જીવનમાં આ પહેલોજ અવસર હતો કે જ્યારે તેમને પોતાના શત્રુની આગળ નીચા દેખાવું પડયું હતું. લાંબા કામથી જે કુળની મર્યાદાનું રક્ષણ કરતા આવ્યા હતા અને જેને ખાતર પોતાનું સર્વસ્વ અર્પી દીધું હતું તે સર્વ ધૂળમાં મળી ગયું. આ બાળી નાખનારી ચિંતા તેને એક ક્ષણ પણ ઝંપવા દેતી ન હતી. હંમેશાં એજ સવાલ સામે રહેતો કે મારૂં ગયેલું સન્માન હું કેમ કરીને પાછું મેળવી, મારા પ્રતિપક્ષીને કેવી રીતે હરાવું, તેનું અભિમાન કેમ કરીને ઉતારૂં ?

અંતે તેમણે સિંહને તેની ગુફામાંજ પછાડવાનો નિશ્ચય કર્યો.

(૫)

સંધ્યાનો સમય હતો. ચોધરીના ઘર આગળ એક મોટી સભા ભરાતી હતી. આજુબાજુનાં ગામોના ખેડુતો પણ એકઠા થયા હતા. ચોધરીજી તેમને સ્વરાજ્ય વિષે ઉપદેશ આપતા હતા. 'વારંવાર ભારતમાતાની જય' ના જયનાદો થતા હતા. એક બાજુએ સ્ત્રીઓ બેઠી હતી. ચોધરીએ પોતાનો ઉપદેશ પૂરો કર્યો અને પોતાની જગાએ બેઠા. સ્વયંસેવકોએ સ્વરાજ ફંડ માટે પૈસા ઉઘરાવવા શરૂ કર્યા એટલામાં ભગતજી કોણ જાણે ક્યાંથીએ છુપાતા છુપાતા આવ્યા અને શ્રોતાઓ સમક્ષ ઉભા થઇને ઉચ્ચ સ્વરે કહ્યું:-

"ભાઇઓ, મને અહીં ઉભેલો જોઇને આશ્ચર્યચકિત ન થતા. હું સ્વરાજનો વિરોધી નથી. એવો અધમ તે કોણ હોય કે જે સ્વરાજની નિંદા કરતો હોય! પણ તે પ્રાપ્ત કરવાના ઉપાય ચોધરીએ બતાવ્યા છે અને જેના ઉપર તમે ફીદા થઇ ગયા છો તે નથી. જ્યારે આપસમાં ફાટફુટ અને ઝગડા ચાલે છે તો પંચાયતોથી શું થવાનું છે? જ્યારે વિલાસિતા માથે ચઢી બેઠી છે તો નિશો કેમ કરીને છૂટશે? દારૂની દુકાનોનો બહિષ્કાર કેવી રીતે થશે? સિગારેટ, સાબુ, મોજાં ખમીસ વગેરેથી આપણો દેહ કેમ કરીને છૂટશે? જ્યારે રૂઆબ અને મોટાઈ મેળવવાની લાલસા રહ્યા કરી છે તો સરકારી શાળાઓ કેવી રીતે છોડશો? વિદેશી શિક્ષણની બેડીમાંથી કેવી રીતે મુક્ત થશો? સ્વરાજ લેવાનો માત્ર એકજ ઉપાય છે, અને તે આત્મસંયમ છે. આજ મહૌષધિ તમારા સઘળા રોગો નાબુદ કરશે. આત્માની દુર્બળતા એજ પરાધીનતાનું મુખ્ય કારણ છે. આત્માને બળવાન બનાવો, ઇંદ્રિયોનો સંયમ કરો, મનને કાબુમાં રાખો, ત્યારેજ તમારા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં ભ્રાતૃભાવ પેદા થશે, વિખવાદ મટશે, ઈર્ષા અને દ્વેષનો નાશ થશે, ભોગવિલાસથી મન પાછું હઠશે, અને નિશાબાજી પણ ઓછી થશે. આત્મબળ વિના સ્વરાજ કદાપિ નહિ મળે. સ્વાર્થીપણું એજ સર્વ પાપોનું મૂળ છે, એજ તમને અદાલતોમાં લઇ જાય છે, એણેજ તમને વિધર્મી શિક્ષણના ગુલામ બનાવ્યા છે. એ પિશાચને આત્મબળથી મારી કાઢો એટલે તમારી ઈચ્છા પૂર્ણ થશે. બધા જાણે છે કે હું ૪૦ વર્ષથી અફીણ ખાઉં છું, આજથી અફીણને ગાયના લોહીસમાન ગણું છું. ચોધરીજી સાથે મારે ત્રણ પેઢીઓનું વેર છે. આજથી ચોધરીજી મારા ભાઇ છે, આજથી મને અથવા મારા ઘરના કોઇ પણ માણસને ઘરના કાંતેલા સૂતરનાં વણેલાં કપડાં સિવાય બીજું કંઇ પહેરતાં જુઓ તો મને તમારી ઇચ્છામાં આવે તે શિક્ષા કરજો. બસ, મારે આટલુંજ કહેવું છે. પરમાત્મા આપણી બધાની ઇચ્છા પૂર્ણ કરો."

આ પ્રમાણે બોલીને ભગતજી ઘર તરફ જતા હતા તેવામાં ચોધરીજી દોડીને તેમને ગળે બાઝી પડયા. ત્રણ પેઢીની અદાવત એક ક્ષણમાં શાંત થઇ ગઇ.

તેજ દિવસથી ચોધરીજી અને ભગતજી સાથે સાથે સ્વરાજ્યનો ઉપદેશ કરવા લાગ્યા. તેમની વચ્ચે ગાઢ મિત્રતા બંધાઇ અને એ નક્કી કરવું તો અઘરૂં છે કે જનતા બેમાંથી કોને વધારે માન આપતી?

પ્રતિદ્વંદ્વતા–ચડસાચડસી એ એક એવી ચિણગારી હતી કે જેણે આ બન્ને પુરુષોનાં હૃદયને ઉત્તેજિત કરી દીધાં હતાં.

(હિંદી માસિક 'પ્રભા'ના એક અંકમાંથી અનુવાદકઃ–ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫–તેજ અને છાયા

(આ કહાણીના લેખક શ્રી. દીનેશચંદ્ર ગુપ્તે છે, જેમને બંગાલ સરકારની જેલોના ઇન્સ્પેક્ટર જનરલ મિ. સિમ્સનના ખૂન કેસમાં મૃત્યુની સજા થઈ હતી. અદાલતનો હુકમ સાંભળ્યા પછી તેમણે એવી ઇચ્છા પ્રગટ કરી હતી કે તેમની આ કૃતિ 'પ્રવાસી' જેવા કોઇ સારા બંગાળી માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે. અમે તેમની આ કહાણીનો, જે કદાચ તેમની અંતિમ કૃતિ હશે, તેનો અનુવાદ પ્રસિદ્ધ કરીએ છીએ.

સંપાદક–"વિશાલ ભારત")

માગશર મહિનો છે. સવાર થવા આવ્યું છે. શહેરના કેટલાક લોકો જાગ્યા છે, કેટલાક સૂઇ રહ્યા છે. બેએક દુકાનનાં બારણાં ઉઘડયાં છે, પણ તેય અધૂરાં ઉઘડેલાં છે.

નાના ચોકીદાર હાફિજુદ્દીન સાહેબ રાતની ડયૂટી પૂરી કરીને એક જમાદાર સાથે થાણામાં પાછા ફરે છે. જમાદારનું નામ રામ-સિંહ છે. તે મુજફ્ફરપુર જીલ્લામાંથી માત્ર નોકરીને ખાતરજ આટલે દૂર બંગાળમાં આવ્યો છે. તેનો દમામ જોતાં જણાય છે કે તેની નોકરી બરાબર ચાલે છે એમાં જરાયે શંકા નથી.

અચાનક કૂતરાના ભસવાનો અવાજ સાંભળીને દારોગાએ–ચોકીદારે–પાછળ જોયું. દુબળો–પાતળો, કાળો–ધોળો એક કાબર-ચીતરો કૂતરો છે, તેની પાછળ પાછળ એક માણસ ખૂબ જોરથી દોડતો દોડતો આવે છે. દોડતાં દોડતાં બિચારાની કાછડી પણ છૂટી ગઈ હતી. તેણે જોરથી એક કૂદકો મારીને કૂતરાના પાછલા બે પગ પકડીને તે રસ્તા ઉપર પડી રહ્યો. કૂતરો પાછલી બાજુએ ગરદન ફેરવીને તેને કરડવાની ફોગટ મહેનત કરતો કાઉવાઉ કાઉવાઉ કરવા લાગ્યો.

આદમી બૂમ પાડી ઉઠ્યોઃ–" અરે મનુ, જલદી આવ ! અરે મોતી, આવ તો ખરી ! હં, હજુ કોઇનો સ્વાદ ચાખ્યો લાગતો નથી ! હવે જરા મજા ચાખો ! "

શોરબકોર સાંભળીને મનુ ને મોતી બન્ને બહાર આવ્યાં, સાથે સાથે વગર બોલાવ્યે બીજા પણ ઘણા માણસો કપડાં સંભાળતા અને આંખો ઉઘાડમીંચ કરતા રસ્તા ઉપર એકઠા થઇ ગયા અને પોતાની બહાદુરી બતાવીને આભા બનીને ઉભા રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામસિંહ જમાદારે ચોકીદારને કહ્યું–"જુઓ તો, ત્યાં કોઇ ગરબડ મચાવી રહ્યું છે."

ચોકીદારનાં ભવાં ચઢી ગયાં. તે લાંબાં લાંબાં પગલાં ભરતો ઘટનાસ્થળ ઉપર પહોંચ્યો.

પેલો માણુસ ત્યાંસુધીમાં તો ઉઠીને ઉભો થઇ ગયો હતો. મનુ અને મોતી બન્ને હતું તેટલું જોર વાપરીને કૂતરાના કાન પકડીને ઉભાં છે. બિચારો કૂતરો ડરનો માર્યો અને ઠંડીથી થર થર કાંપતો, ક્યાંક પૂંછડી ઉપર કોઇ પ્રકારનો જુલમ રખેને થાય એવી શંકાથી તેણે પૂંછડી પણ પેટ નીચે દબાવી દીધી હતી. પેલા માણુસના જમણા હાથની આંગળીમાંથી લોહી ટપકી રહ્યું હતું. હાથ ઉંચો કરીને જોતાંજ તે ગુસ્સામાં આવીને બૂમ પાડી ઉઠ્યોઃ–"આ કુત્તાના બચ્ચાએ મને સાવ મારી નાખ્યો !"

દારોગો લોકોના ટોળામાં ઘૂસ્યો અને ગર્જીને બોલ્યો–" એ ગરબડ ન કરો. શું થયું ? આટલી બધી ગરબડ શાની મચાવો છો ? તું આખલાની પેઠે બૂમો શાનો પાડે છે ? તારૂં નામ શું ?"

પેલો માણુસ બિચારો ગભરાયા જેવો થઇ ગયો, એક સલામ કરીને તે ઘણાજ કરુણ અવાજે બોલ્યોઃ–"હજૂર, મારૂં નામ રામલોચન લુહાર છે. સોનાનું કામ કરૂં છું એટલે કે હું સોની છું. ચાંદીને તો હું હાથ પણ અડાડતો નથી. મારા વંશમાં કોઇએ ચાંદીને હાથ અડાડ્યો નથી. હજૂર ! માબાપ છો હજૂર, એકદમ મારી નાખ્યો છે."

દારોગાએ ડોળા કાઢીને તેના તરફ જોયું અને મૂછ ઉપર તાલ દેતાં દેતાં કહ્યુંઃ–"બૂમ પાડો નહિ, શી વાત છે તે સ્પષ્ટ રીતે કહી દો."

રામલોચને એક વાર કૂતરા તરફ જોયું. ત્યારપછી લોહીથી તરબોળ થયેલી પોતાની આંગળી તરફ જોઇને કહ્યુંઃ–'હજૂર, પથારીમાંથી ઉઠીને જંગલ ગયો હતો. જાજરૂ જઇને પાછો આવીને ઘરમાં દાખલ થવા જતો હતો એટલામાં ઝટ દઇને–કોણ જાણે ક્યાંથીયે આવીને–આ કમનસીબ કૂતરાએ આંગળી કરડી ખાધી. લોહીની નદી વહેવા લાગી. હજૂર ! આંગળી ખૂબ કરડી ખાધી છે. હજૂર! માબાપ છો, આનો કંઇ ને કંઇ ફેંસલો કરવોજ પડશે, હજૂર!"

હજૂરે ભવાં ચઢાવીને કહ્યુંઃ–"હં, આ કૂતરો કોનો છે ?" રામલોચને ગળગળા થઇને કહ્યુંઃ–"માલમ નથી હજૂર! હજૂર! માબાપ છો"

દારોગા સાહેબે ફરી એક વાર ચહેરા ઉપર ગંભીરતા લાવીને કહ્યુંઃ–"હં." ત્યાર પછી થોડી વાર ચૂપ રહીને મોટે અવાજે કહ્યુંઃ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ બધું નહિ ચાલે, ઉભા રહો. કૂતરો પાળવાનો શોખ કાઢી નાખું છું. કમરે દોરડું બાંધીને થાણામાં ઘસડી જાઉં છું. બરડા ઉપર બે ચાર નેતર પડતાંજ કૂતરાં પાળવાનો શોખ ચાલ્યો જશે. રામસિંહ, જુઓ તો કૂતરો કોનો છે? સાલાને કાન પકડીને થાણામાં લઇ આવો. પછી મઝા ચખાડું છું. આ કૂતરો છે કોનો?"

ચારે તરફના લોકો એકબીજાનાં મોં જોવા લાગ્યા. ટોળામાંથી એક આદમી બોલી ઉઠયો-"એ તો હજૂર, પોલિસ ઇન્સ્પેક્ટર સાહેબનો કૂતરો છે."

જરા ચમકીને દારોગા સાહેબે કૂતરાને ધ્યાનથી એક વાર જોઈ લીધો, કંઇ નિશ્ચય કરી શકયા નહિ. રામસિંહ તરફ જિજ્ઞાસુ દૃષ્ટિથી જોઇને જાણે પૂછ્યું કે, તમારો શો અભિપ્રાય છે?

રામસિંહ તે વખતે તદ્દન નિર્લેપ જેવો થઇને આકાશ તરફ જોઇ રહ્યો હતો. દારોગા સાહેબની નજર એક થતાંજ તે બોલી ઉઠયો:-"ખૂબ બફારો થાય છે, હજૂર, કદાચ વરસાદ પડશે."

દારોગા સાહેબે ઝટ દઇને એક વાર આકાશ તરફ જોઇને કહ્યું:-"જણાય છે તો એવુંજ."

પછી રામલોચન તરફ અમલદાર તરીકેનો રૂઆબ બતાવીને બોલ્યા:-"જુઓ, આ વાત મારી સમજમાંજ ઉતરતી નથી કે એક નાનકડું કૂતરાનું બચ્ચું તમારા જેવા હૃષ્ટપુષ્ટ માણસને કરડયું શી રીતે? તમારૂં આ ઘડા જેવું માથું જોઇને આગળ વધવાની કૂતરાની હિંમતજ ન ચાલે ને! જા, ચાલ્યો જા, કયાંકથી આંગળી કરડાવી લાવ્યો છે અને કહે છે કે કૂતરૂં કરડયું છે! જા જા જુઠ્ઠા! બે તમાચા લગાવી દઇશ ત્યારેજ અક્કલ ઠેકાણે આવશે-ચાલો રામસિંહ."

આટલું કહીને તેઓ જવાજ ઇચ્છતા હતા એટલામાં ટોળામાંથી એક આદમી આગળ વધીને બોલી ઉઠયો:-"હજૂર, રામલોચનની એક પણ વાતનો વિશ્વાસ કરશો નહિ. એ તો દારૂડિયો છે. આખી રાત નશામાં ચકચૂર રહ્યો છે. સવારમાં કૂતરો પોતાને રસ્તેથી જતો હતો, તેને પકડીને ખભે ચઢાવીને એ તો નાચવા લાગ્યો. પછી તેના મોંમાં સળગતી સીગારેટ ખોસી દીધી. બસ, પછી શું કહેવું? તેણે આંગળી ઝડપી લીધી. એમાં કૂતરાનો શો દોષ હજૂર? માણસને આ રીતે ચીડવવામાં આવે તો તે પણ કરડયા વિના રહે નહિ. જુઓને પેલે દિવસે—"

રામલોચન વચ્ચેજ બોલી ઉઠયો-"બસ, રહેવા દે, તારા ભાષણની જરૂર નથી. તું કેવો ધર્માત્મા યુધિષ્ઠિર છે તે હું જાણું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંજેરી થઇને અહીં ભાષણ કરવા આવ્યો છે, સિગારેટ કેવી ગધેડા! સિગારેટ હવે પીએ છેજ કોણ ?"

રામસિંહ ગર્જીને બોલ્યો: "એય, ગરબડ કરો નહિ."

રામલોચન ખામોશ ખાઈ ગયો અને દારોગા સાહેબ તરફ ફરીને સલામ કરીને બોલ્યો "હજૂર! મોટા સાહેબના કૂતરાને હું ઓળખું છું. આ સાહેબ બહાદુરનો કૂતરો નથી."

બરાબર ખબર છે ?"

"હા, હજૂર."

ચારે તરફના લોકોએ માથું હલાવી તેની વાતને ટેકો આપ્યો.

દારોગ સાહેબે જરા સમજુ માણસની પેઠે હસીને કહ્યું:–"એ તો હું કહું છુંજ! આ તે કંઇ કૂતરાની ગણત્રીમાં છે. પોલીસ ઇન્સ્પેક્ટર સાહેબ તો એને દરવાજાની અંદર પણ પેસવા દે નહિ. કયા સૂવરે કહ્યું છે કે આ પોલિસ ઇન્સ્પેક્ટર સાહેબનો કૂતરો છે? સાહેબ બહાદુરનો કૂતરો તમારા જેવો થોડો છે કે ઘેર ઘેર ભટકતો ફરતો હોય ? ચાલ રે રામલોચન, થાણામાં સાક્ષી આપજે."

રામસિંહ અત્યાર સુધી કૂતરાને બરાબર ઓળખી રહ્યો હતો. તેણે ડરતાં ડરતાં કહ્યું:–"હજૂર, આ કૂતરો તો સાહેબનો જણાય છે. કાલે આવોજ કૂતરો સાહેબના બંગલામાં જોયો હતો."

એક આદમી બોલી ઉઠ્યો: "અરે, આને તો સૌ જાણે છે, સાહેબનોજ કૂતરો છે."

દારોગા સાહેબનો ચહેરો ગંભીર થઇ ગયો. જરા ખોંખારીને બોલ્યા–"અરરર, બહુ ઠંડી પડે છે. કોની મગદૂર છે કે બે ઘડી ઉભા ઉભા વાત પણ કરી શકે! રામસિંહ! કૂતરાને મોટા સાહેબને બંગલે પહોંચાડી દે, મોટા સાહેબને મારી વતી સલામ કરીને કહેજે કે કૂતરો રસ્તામાં જોયો એટલે મેં મોકલ્યો છે."

ત્યારપછી રામલોચનને કહ્યું:–"ખૂબ થયું. હવે રહેવા દે તારો સાંબેલા જેવો કાળો હાથ; ઉંચો કરીને નખરાં ન કર. મોટા બહાદૂર ન જોયો હોય તો! ક્યાંક જરા ઉઝરડો થયો હશે તેટલામાં બૂમો પાડવા મંડ્યો છે તે! તારૂં માથું રહી ગયું એજ સારૂં કહેને! એક તો ગુન્હો કર્યો ને પાછો બૂમો પાડે છે, જરા જો તો ખરો! જા, જા, ચાલ્યો જા."

એટલામાં એક જણ બોલી ઉઠ્યો–"અરે, આ પોલિસ ઇન્સ્પેક્ટર સાહેબનો નોકર કરીમ તો જાય છે, એનેજ બોલાવીને પૂછવાથી કામ પતી જશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીમને બોલાવવો પડયો નહિ. ટોળું દેખીને તે પોતેજ આવી પહોંચ્યો.

એક આદમીએ વ્યગ્ર અવાજે પૂછ્યું:—"ચપરાસી સાહેબ! આ પોલિસ ઇન્સ્પેકટર સાહેબનોજ કૂતરો છે ને?"

કરીમ જરા હસીને બોલ્યો—"કોણ કહે છે? આ મોટા સાહેબનો કૂતરો નથી. આ તો—"

દારોગા સાહેબ તરતજ બોલી ઉઠયા—"હા, એ તો હું કહેતો હતો, કરીમ! આવો મુડદાલ કૂતરો મોટા સાહેબનો કયાંથી હોય? અને આટલી પૂછપરછની શી જરૂર છે? જોતાંજ ખબર પડી જાય છે કે કોઈ વકીલ સાહેબનો કૂતરો છે. હાઃ હાઃ હાઃ! ઠીક, હસવાની વાત નથી. આ કૂતરો ગમે તેને કરડતો ફરે એ ઠીક નથી. એના ગળામાં દોરડી નાખીને થાણામાં લઇ ચાલો. પછી કૂતરાંના શોખીન બાબુઓને પણ જોઇ લેવાશે."

કરીમે કહ્યું—"આ સાહેબ બહાદૂરનો કૂતરો તો નથી. પણ તેમના મિત્ર મોહનસિંગ સાહેબનો જણાય છે. તેઓ કાલેજ આવ્યા છે."

દારોગા સાહેબનો ચહેરો પાછો ફીકો પડી ગયો. તેમણે કોઇ પણ પ્રકારે એક ગુલાંટ ખાઇને કહ્યું—"અરે! સાહેબના દોસ્ત કયારે આવ્યા, મને તો ખબર પણ નથી. અહીં કેટલા દિવસ રહેશે? છે તો ઠીક ને? આવી ગયા તે સારૂં થયું! સાહેબના દોસ્ત એવા કેવા માણસ છે? આ કૂતરો તેમનોજ છે ને? મઝાનો છે, સુંદર છે."

દારોગા સાહેબ કુતરાને ગોદમાં ઉઠાવીને તેના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા. ચહેરા ઉપર હાસ્ય અને પ્રસન્નતાનો ભાવ લાવવાની ખૂબ કોશીશ કરીને બોલ્યા—"કૂતરો છે તો ભારે સાદો સીધો, જોતાંજ ગોદમાં લેવાનું મન થઇ જાય છે. કેવો છાનોમાનો બેઠો છે." કેવી સુંદર આંખો છે! ઠંડીમાં ધ્રૂજે છે!—જરા એની વાત તો સાંભળો. કહે છે કે આ કુતરાએ તેની આંગળી કરડી ખાધી! કોઇ ગાંડા જેવો લાગે છે ને!"

કરીમ દારોગા સાહેબની ગોદમાંથી કૂતરો લઇને ચાલ્યો ગયો.

દારોગા સાહેબે રામલોચનની તરફ રૂઆબભેર જોઇને કહ્યું—"એટાની હિંમત તો જુઓ! સિગારેટ ખોસવા ગયો હતો! નાલાયક બદમાસ શરાબી કોણ જાણે કયાંનોય આવ્યો છે! અને પાછો ઉપરથી નખરાં કરે છે. ફટકાનો માર ખાશે ત્યારેજ એના હોશ ઠેકાણે આવશે."

('વિશાલ ભારત' ના એક અંકમાંથી અનુવાદકઃ—ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६–साचो स्वयंसेवक

(લેખકઃ–શ્રી. વ્રજવિહારી મેહરોત્રા)

(૧)

કાલે સોમવતી અમાવાસ્યા છે. ગંગાકિનારે બહુ ભારે મેળો ભરાશે. લોકો તો અત્યારથી એકઠા થતા જાય છે. રાતના ચાર વાગ્યાથી સ્નાનની શરૂઆત થશે. વરસાદને લીધે ગંગામાં પૂર ચઢેલું છે. મેળાના બંદોબસ્તની હજુ કંઈ પણ વ્યવસ્થા થઇ નથી. પોલીસને શી પડી છે તે કંઈ વ્યવસ્થા કરે. તે તો બસ આમતેમ હરવું ફરવું અને ગમે તેને સતાવવાનુંજ જાણે છે. સેવા સમિતિવાળા અલબત્ત કંઈ કામ કરે છે. ત્યારે તેઓ વળી કેપ્ટન વગેરેની ચૂંટણીની ધમાલમાં છે. કાલેજ ચૂંટણી થશે. પહેલા મેળામાંથી છૂટા થયા પછી સાંજે લાલા શાલિગ્રામની ધર્મશાળામાં ચૂંટણી થશે. જેને સ્વયંસેવકો વધારે મત આપશે તે કેપ્ટન તરીકે ચૂંટાશે. મોહનબાબુ ઇચ્છે છે કે "હું કેપ્ટન થાઉં." દુર્ગાદાસ ઇચ્છે છે કે "હું કેપ્ટન થાઉં તોજ કંઇક માન સચવાય અને ૧૨૦ સ્વયંસેવક પણ મારા કહ્યામાં રહે." પણ આ બધા કામનું નામ સાંભળતાં તો સો કદમ દૂર નાસી જાય છે. કેપ્ટન થવા તો ઇચ્છે છે, પણ માત્ર માન મેળવવા માટેજ. આદર્શ કાર્યકર્તા બનવાની અને બીજા સ્વયંસેવકો પોતાનો આદર્શ જોઇને ઉત્સાહિત થાય એવું કરવાની તો તેમને કંઈ પરવાજ નથી.

એકલા લચ્છુ બાબુજ કામ કરતાં પાછા પડતા નથી, અને તન મન લગાવીને કામમાંજ મચ્યા રહે છે. કેટલાક સ્વયંસેવકો ઇચ્છે છે પણ ખરા કે, તેઓ આ વખતે કેપ્ટન તરીકે ચુંટાય. પણ રાવસાહેબ કહે છે: "એ તો અમીર માણસનો છોકરો છે, એ દિવસનો ઉત્સાહ છે. હવે ઠંડો પડતો જાય છે. તેનાથી કંઇ કામ થાય તેમ નથી. તો પછી કેપ્ટન કોને ચૂંટવા? વસુ બાબુને વકીલાતમાંથી ફુરસદ ન મળે. મિ. રૈના પણ પોતાનાજ કામમાં મસ્ત છે." હું એમ વિચારતો વિચારતો સૂઇ ગયો. પ્રાતઃકાળે બરાબર ચાર વાગ્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા નોકરે આવીને મને જગાડયો. શૌચાદિથી નિવૃત્ત થઇને મેં કપડાં પહેર્યાં અને સાઇકલ ઉપર સવાર થઇને ગંગાકિનારે પહોંચ્યો. ફક્ત ૭ સાતજ સ્વયંસેવક હજુ આવ્યા હતા. લચ્છુ બાબુ પણ આવ્યા હતા; પણ સાંભળ્યું કે તેઓ તો ક્યારનાયે ઘાટ ઉપર જઇને હાજર થઇ ગયા છે; કેમકે સ્નાનની શરૂઆત થઈ ગઈ છે. પણ હજુ ભીડ ઓછી છે. દુર્ગાદાસ અને મોહનનો હજુ ક્યાંય પત્તો નથી. ગમે તેમ કરીને જે સ્વયંસેવકો આવ્યા હતા તે બધાને જુદી જુદી જગ્યાએ ગોઠવીને હું છાવણીમાં જઇને બેઠો. ધીમે ધીમે અજવાળું થવા લાગ્યું, અને લોકોની ભીડ વધવા લાગી. સ્વયંસેવક પણ ધીમે ધીમે આવવા લાગ્યા. થોડી વાર પછી હરી એક વિખૂટા પડી ગયેલા છોકરાને લઇને આવ્યો અને કહ્યું કે—" આ કોઇનો છોકરો ખોવાઇ ગયો છે. ઘાટ પર ઉભો ઉભો રડતો હતો. " મેં તેને છાનો રાખ્યો. બે પૈસાના મમરા લાવીને ખવડાવ્યા. દશજ મિનિટ પછી એક ડોશીને લઇને હરિ આવી પહોંચ્યો. અને ડોશીને કહ્યું કે-" જુઓ, માતાજી! આ તમારોજ છોકરો છે ને ?" છોકરો ડોશીને જોઇનેજ " મા " કહીને દોડયો અને તેને વળગી પડયો. ડોશી આંખોમાં આંસુ લાવી હરિને અને મને આશિષ આપવા લાગી કે: " ઇશ્વર તમને હજાર વર્ષના કરે, બાળબચ્ચાંથી સુખી રહો."

સાત વાગ્યા પછી કેટલાય મોડા મોહનબાબુ અને દુર્ગાબાબુ મોંમાં પાન ચાવતા ચાવતા અને કડકડતાં સુગંધિત વસ્ત્રો પહેરીને આવી છાવણી આગળ સાઇકલ ઉપરથી ઉતરી પડયા. અને કહ્યું: " ફરમાવો સાહેબ, મારે ક્યાં કામ કરવા જવાનો હુકમ છે?" મેં મોહનબાબુને કહ્યું કે " આપ તો અહીં બેસો. અને હું અને દુર્ગાદાસજી ઘાટ ઉપર જઇએ. ત્યાં બહુ ભીડ છે. સ્ત્રી અને પુરુષો બધાં એકજ જગ્યાએ સ્નાન કરે છે. એકલા લચ્છુ બાબુ અને થોડા સ્વયંસેવકો ત્યાં છે. ગંગામાં જોસબંધ પૂર ચઢયાં છે. જરા પણ કોઇનો પગ ખસ્યો તો પત્તો ન લાગે. અને ગણ્યાગાંઠયા માત્ર બેજ ઘાટ છે."

મોહન—"ઠીક આપ જાઓ, હું અહીંની વ્યવસ્થા સાચવીશ."

હું ઘાટ પર પહોંચ્યો અને જોયું તો લોકોની ભારે ઠઠ જામી છે. લગભગ ૮૦ સ્વયંસેવક ત્યાં હાજર છે. લોકોને રોકવાનો પ્રયત્ન કરે છે, પણ સાંભળેજ કોણ? ત્યાંની સ્થિતિ જોઇને મેં એવું અનુમાન કર્યું કે જ્યાં સુધી ભીડ દૂરથી રોકવામાં નહિ આવે અથવા કોઈ બીજી જગ્યાએ સ્નાનનો પ્રબંધ નહિ કરવામાં આવે ત્યાંસુધી લોકો આરામથી સ્નાન કરે અને મેળો ક્ષેમકુશળ પૂરો થાય એ મુસ્કેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતે મહાપ્રયત્ને કેટલાક લોકોને બીજી બાજુએ લઈ જઇ શક્યો. લાંબું દોરડું બાંધીને એક રસ્તો આવવાનો અને જવાનો બનાવ્યો. કેટલાક સ્વયંસેવકો એક જગાએ એકઠા થઇને લોકોને સમજાવવા લાગ્યા. અકસ્માત્ લોકોનું ટોળું ધસી આવ્યું. ભારે શોર મચ્યો; પણ ફક્ત લચ્છુ બાબુની હોંશિયારીથી ચાર આદમી ડૂબતા બચ્યા. લચ્છુ બાબુનાં વસ્ત્ર બધાં ભિંજાઇ ગયાં. મેં ત્યાં જઇને તેમને કપડાં બદલી આવવા કહ્યું. હું મારી વાત પૂરી કહી શક્યો નહિ એટલામાં તો એક બાર વર્ષની સુંદર બાળા બૂમ પાડી ઉઠી– "ઓ મા! ગઇ, ગઈ ડૂબી ગઇ!" મેં ફરીને જોયું તો પાણીના ભમ્મરમાં સાડીનો એક છેડો ડૂબી ગયો. હું કંઇ કહેવા જતો હતો એટલામાં તો લચ્છુ બાબુ કૂદી પડયા અને ડૂબકી મારીને પાણીમાં ખોળવા લાગ્યા. માત્ર સાડીજ હાથ આવી. તેઓ ડૂબકી મારી મારીને થાકી ગયા. મેં કેટલીયે વાર કહ્યું કે નીકળી જાઓ. બીજું કંઇ નથી, પણ એક તો લોકોની ભીડ અને બીજી કોઇને ખોળવાની ધૂનમાં ને ધૂનમાં ખૂબ પ્રયત્ન કરવા છતાં પણ હતાશ થવાથી તેઓ થાકીને કિનારે આવ્યા અને કહ્યું કે, પત્તો ન લાગ્યો. હું થાકી ગયો છું, જલદી કરો.

મેં કહ્યું "કોઈ ડૂબી ઓછું ગયું છે, એ બાળાના હાથમાંથી સાડીજ છટકી ગઇ હતી. તે તો તમે કાઢી લાવ્યા છો. મેં તમને કેટલીયે બૂમો પાડી પણ તમે તમારી ધનમાં મસ્ત હતા એટલે ન સાંભળ્યું."

લચ્છુ—"શું સાડીજ ડૂબી ગઈ હતી? હું તો સમજ્યો કે બાળાજ ડૂબી ગઈ છે." એમ કહીને તેમણે સાડી લઇને તે બાળાને આપી. મેં જોયું હતું કે–કરુણાપૂર્ણ આંખોથી તેણે લચ્છુ તરફ જોયું અને સાડી હાથમાં લઇ દૃષ્ટિ નીચી કરી લીધી.

(૨)

મેળો સાંજના ચાર વાગે પૂરો થયો. થાક્યા પાક્યા આવીને ઘેર ભોજન કર્યું અને કપડાં બદલીને સેવા સમિતિના કાર્યાલયમાં રિપોર્ટ આપ્યો. આઠ વાગે બધા સ્વયંસેવકો અને સમિતિના સભ્યો એકઠા થયા. લાલા રામનાથજી સભાપતિ હતા. ચૂંટણીને માટે વ્યાખ્યાન થવા લાગ્યાં. મોહને પણ એક લાંબું ભાષણ કર્યું અને ગુપ્ત રીતે પોતાની પ્રશંસા કરી. વળી બીજા સ્વયંસેવકોને સંબોધીને કહ્યું કે "યોગ્ય અને અનુભવી માણસનેજ તમારો કેપ્ટન ચૂંટશો; કેમકે એજ વ્યક્તિ સાથે તમારે સાલભર રહેવાનું થશે." મોહનના પછી દુર્ગાદાસે દબદબાભરેલી વાણીથી મોહન અને લચ્છૂ બાબુ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આક્ષેપ કર્યા, કંઇ ખોટાં આળ પણ ચઢાવ્યાં અને પોતાની કારકિર્દીનો હેવાલ રજુ કરીને સ્વયંસેવકોને સાવધાન રહેવાની ચેતવણી આપીને બેસી ગયા. હું પણ બોલ્યો. મારી પછી લચ્છૂ બાબૂનો નંબર આવ્યો. લચ્છૂ બાબુએ થોડા શબ્દોમાં કહ્યું: "આપણે એવા માણસને કેપ્ટન તરીકે ચૂંટવો જોઇએ કે જે આદર્શ સ્વયંસેવક હોય." બીજા કેટલાક સજ્જનોનાં ભાષણો થયાં. પછી સભાપતિએ સ્વયંસેવકોના મત માગ્યા. ૨૨૭ સ્વયંસેવકોમાંથી માત્ર ૩૨ સ્વયંસેવકોએ દુર્ગાદાસ માટે હાથ ઉંચા કર્યા. ત્યારબાદ મોહનના માટે મત માગ્યા. ફક્ત ૧૩ છોકરાઓએ હાથ ઉંચા કર્યા; પણ જે વખતે લચ્છૂબાબુનું નામ બોલવામાં આવ્યું ત્યારે તો લગભગ બધા સ્વયંસેવકોએ હાથ ઉંચા કર્યા. અને સર્વાનુમતે લચ્છૂ બાબુને કેપ્ટન ચૂંટવામાં આવ્યા. વિરોધીઓને બહુ માઠું લાગ્યું. મોહનના અનુમોદનથી હરિબાબુ ઉઠીને માંચડા ઉપર આવ્યા અને સભાપતિ મહાશય પાસે દશ મિનિટની રજા માગીને બોલવા લાગ્યા.

"ભાઇઓ! આજની ચૂંટણી બરાબર નથી થઈ. આજ આપ લોકોએ ગંભીર ભૂલ કરી છે. આપ ઠગાયા છો. લચ્છૂ બાબુ અમીર આદમી રહ્યા. તેમને ફુરસદ પણ મળતી નથી અને તેઓ પૂરતી મહેનત પણ કરી શકે તેમ નથી. તેમનું આરોગ્ય પણ સારૂં નથી. આશા છે કે આપ સર્વે ફરીથી વિચાર કરી જોશો."

મને તો ખૂબ લાગી આવ્યું. હરિ બાબુ માંચડા ઉપરથી ઉતર્યા કે તરતજ મેં સભાપતિની રજા માગી અને સ્વયંસેવકોને સંબોધીને કહ્યું–"ભાઇઓ! આજ આપે જે ભાઇને તમારા કપ્તાન તરીકે ચૂંટ્યા છે તે ઉપરથી જણાઈ આવે છે કે આપ લચ્છૂ બાબુની સેવાઓથી સારી રીતે માહીતગાર છો. તેઓ સાચેજ બહુ મહેનતુ, ઉત્સાહી અને આશાપ્રદ યુવક છે. મને આશા છે કે તેમની સાથે રહીને આપ બહુ સારી રીતે કામ કરી શકશો. હું લચ્છૂ બાબુનાં વધારે વખાણ નહિ કરતાં તેમની આજનીજ સેવાઓનું વર્ણન કરવું એ મારા મિત્રોને સંતોષવા માટે પૂરતું માનું છું. આજના ગંગાકિનારાના મેળામાં જેટલી હોંશિયારીથી લચ્છૂ બાબુએ કામ કર્યું છે તેટલી હોંશિયારી શું બીજા કોઈ સ્વયંસેવકે બતાવી છે? શું કોઇ એમ કહી શકે તેમ છે કે તેઓ બીજા કોઇ પણ સ્વયંસેવક કરતાં ઓછા મહેનતુ છે? આજેજ તેમણે ચાર માણસોને ડૂબતા બચાવ્યા છે. એક વખત તો માત્ર સંદેહ પડતાં તેઓ પોણા કલાક સુધી ડૂબકી મારી મારીને ડૂબનારને શોધતા રહ્યા હતા. સવારના પાંચ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી–૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાક સુધી—તેઓ બોલ્યા ચાલ્યા સિવાય પોતાને સ્થાને ખડાજ રહ્યા હતા. શું કોઇ પણ સ્વયંસેવક કહી શકે છે કે તેણે આજ અથવા કદી પણ આટલી બધી મહેનત કરી છે ? હું આપને ધન્યવાદ આપું છું કે આપને આવા સ્વયંસેવક કોટન મળ્યા છે.”

મારા બોલી રહ્યા પછી બધા સ્વયંસેવકો ઉઠીને ઉભા થયા અને લચ્છૂ બાબુની જય અને વન્દેમાતરમ્ના અવાજથી ધર્મશાળા ગાજી ઉઠી.

(૩)

લચ્છુ બાબુ ખૂબ મહેનતપૂર્વક સેવા—સમિતિનું કામ કરે છે. શહેરના કોઇ પણ માણસનો છોકરો કે છોકરી ખોવાયું તો લચ્છૂ બાબુને ત્યાં ખબર જતી અને તેઓ પણ ખૂબ પ્રયત્નથી બાળકને શોધી કાઢી તેનાં માતપિતાને મેળવી આપતા. કોઇ અનાથ કે અસહાય માંદું હોવાની ખબર મળતાંજ તેઓ પોતે ત્યાં હાજર થતા અને તેની સેવાચાકરી કરતા. જેનું કોઇ ન હોય એવા અનાથનું મૃત્યુ થતાં તેની અંત્યેષ્ટિ ક્રિયાનો પ્રબંધ પણ તેઓ કરતા. કેટલાય બેકાર લોકોને તેમણે કામે લગાડી દીધા. કેટલાય અનાથ બાળકોને ફી વગેરે આપીને તેમને ભણવાની ગોઠવણ કરી આપી. આવી આવી તેમની લોકસેવાથી આખા શહેરમાં લચ્છૂ બાબુની વાહવાહ બોલાઇ રહી હતી. નાનામોટા સર્વ કોઇને મુખે લચ્છુ બાબુનું નામ સંભળાતું હતું.

ભયંકર અંધારી રાત્રે ઘનઘોર વાદળ ચઢી આવ્યાં હોય તો પણ લચ્છુ બાબુ ઘણી વાર સડકો પર, ધર્મશાળાઓ, મુસાફરખાનાં અને સરાઇઓમાં લોકોની સંભાળ લેવા માટે ઘૂમ્યા કરતા હતા. ઉનાળામાં બીજે ચોથે દિવસે કોઇ ને કોઈ લૂ લાગેલો માણસ તો મળતોજ હતો. આજુબાજુમાં કોઈ પણ મેળો હોય તો લચ્છુ બાબુ પોતાની ટોળી સાથે ત્યાં જઇ પહોંચતા. કેટલાંય વિખૂટાં પડી ગયેલાં બાળકોને તેમનાં માતપિતા પાસે પહોંચાડતા અને તેમના આશીર્વાદ લેતા. આખું શહેર રાજી હતું, પણ જો કોઇ નારાજ હોય તો તે પોલીસ. પોલીસના અધિકારીઓએ તેમના ઉપર મુકદ્દમા ચલાવ્યા, તેમની જુબાનીઓ લીધી, પણ “જેને રામ રાખે, તેને કોણ મારી શકે” એ કહેવત સાચી પડી. લચ્છુ બાબુને પોલીસ કંઇ પણ નુકસાન કરી શકી નહિ.

ફાગણ માસ ચાલતો હતો. આખા શહેરમાં સ્વેચ્છાથી હડતાલ પડી હતી. મકાનો પર તાળાં લટકતાં હતાં. લોકો માંડવા અને રાવટીઓ તાણીને ગામ બહાર રહેવા નીકળ્યા હતા.

ફ઼. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્લેગનો ભીષણ પ્રકોપ હતો, સેવા સમિતિના દરેક સ્વયંસેવકે તન તોડીને લોકોની સેવાચાકરી કરી. લચ્છુ બાબુ પોતે પોતાના હાથે રોગીઓની ગાંઠો ઉપર દવા લગાવતા, ફાટી જતાં તેને ધોતા, અને મલમપટ્ટા લગાવતા. કેટલાય રોગી એવા મળ્યા હતા કે જેમનાં સંબંધીઓ તેમને માંદગીમાં એકલા મૂકીને નાસી ગયાં હતાં, તેમને પાણી આપનાર પણ કોઇ ન હતું. કેટલાંય મુડદાંની અંતિમ ક્રિયા તેમણેજ કરી. આ રીતે લચ્છુ બાબુ આખો દિવસ લોકોની સેવામાં તત્પર રહેતા, સમિતિની કચેરી પણ પાસેના એક બાગમાં લઇ ગયા હતા. કેમકે શહેરમાં જવાથી લોકો ડરતા હતા.

(૪)

સાંજ પડી ગઈ હતી. સૂર્યાસ્ત થયાને વાર નહોતી થઇ એટલામાંજ લચ્છુ બાબુએ સેવા સમિતિની છાવણીએ આવીને એક સ્વયંસેવકને કહ્યું–" આજ ભારે મહેનત કરી, ઇશ્વિરની કૃપાથી રામજી બચી ગયા લાગે છે. જો તેઓ બચી જાય તો તો આપણે બહુ ભાગ્યશાળી. બિચારાને ચાર નાનાં નાનાં છોકરાં છે, જેમને સંભાળનાર કોઈજ નથી. મને તો બહુ દયા આવે છે. પ્રભુ સારાં વાનાં કરે."

એટલામાં દુર્ગાદાસે આવીને કહ્યું–"રામજી ખલાસ થઈ ગયા. તેમની અંતિમ ક્રિયાનો બંદોબસ્ત કરી દીધો છે. તેનાં બાળ-બચ્ચાંને અહીં લાવવા માટે મેં વિષ્ણુને કહ્યું છે. તે હમણાં તેડી લાવે છે."

દુર્ગાદાસની વાત સાંભળી લચ્છુ બાબુ સ્તબ્ધ થઇ ગયા, તેમની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, કેટલીયે વાર ઉંડા શ્વાસ લીધા પછી તેઓ આજ મારી તબિયત ઠીક નથી, એમ કહીને અંદર એક ઓરડીમાં જઇને સુઇ ગયા. થોડી વારમાં રામજીનાં બાળબચ્ચાંને લઇને વિષ્ણુ આવી પહોંચ્યો. રામજીની નાની રામુ બહુ સુંદર અને હસમુખી હતી. લચ્છુ બાબુ પર તેને બહુ પ્રેમ હતો, અને લચ્છુ બાબુને તે ભાઈ કહ્યા કરતી હતી. તેની ઉંમર હાલ ફક્ત સાત વર્ષની હશે. તે એક વાર પહેલાં પણ અમારી છાવણીએ આવી હતી. તેણે આવતાં વેંતજ પૂછ્યું: " ભાઈ ક્યાં છે ? " દુર્ગાદાસજીએ કહ્યું: " અંદર છે. " તે સીધેસીધી અંદર જઇને લચ્છુ બાબુની પથારી પાસે બેઠી અને લચ્છુ બાબુને માથે હાથ મૂકીને બોલી: "ભાઈ! તમારૂં શરીર સારૂં લાગતું નથી." લચ્છુ બાબુ ઉઠીને બેઠા થયા અને રામુ તેમને ગળે બાઝી પડીને બોલી–"ભાઇ !"

લ૦—મારી બહેન ! હું સાજો છું.

રા૦—તોપછી તમે આમ પડી કેમ રહ્યા હતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લ૦—બ્હેન ! ઉંઘ આવતી હતી.

રા૦—તો સૂઇ જાઓ.

લ૦—હવે નહિ સૂઇ જાઉં.

થોડી વાર વાત કરતાં કરતાં રામુ ત્યાંજ સૂઇ ગઇ.

રાત્રે લચ્છુ બાબુને સખ્ત તાવ ચઢી આવ્યો અને સવાર થતાંમાં તો તેમને પ્લેગની ગાંઠ નીકળી. એક સ્વયંસેવક મોકલીને તેમને ઘેર ખબર મોકલાવી. તેમની મા, નાનો ભાઈ, બ્હેન વગેરે આવી પહોંચ્યાં. માંદગીના સમાચાર સાંભળીને લગભગ બધા સ્વયંસેવકો પણ આવી પહોંચ્યા હતા. ત્રીજે પહોરે હાલત જરા વધારે ખરાબ થઇ ગઇ. દરેક સ્વયંસેવકનું મોં ઉતરી ગયું હતું. લચ્છુ બાબુએ અમને કેટલીયે વાર કહ્યું કે તમે જમી લો, હું સાજો થઇ જઇશ, ગભરાવા જેવું કશુંય નથી. રાતના આઠ વાગે તેમની તબિયત વધારે બગડી ત્યારે તેમણે દુર્ગાદાસને બોલાવીને કહ્યું–"ભાઈ દુર્ગા ! હવે હું બચી શકવાનો નથી. પણ જોજે, રામજીનાં બાળબચ્ચાંને કશી તકલીફ ન પડે; નહિ તો મરવા છતાંયે મને શાંતિ નહિ થાય. એક બીજી પ્રાર્થના પણ છે. માતાજીને બોલાવો એટલે કહીશ. રામુએ લચ્છુ બાબુનો હાથ પોતાના ખોળામાં લઇને કહ્યુંઃ–" ભાઇ !" એટલામાંજ લચ્છુ બાબુની ડોશીમા આવી પહોંચ્યાં. ડોશીના જીવનું ઠેકાણું ન હતું. તે એક બાજુ બેઠી બેઠી રડતી હતી. ત્યાંથી દુર્ગાદાસે તેમને બોલાવી મંગાવ્યાં હતાં. લચ્છુ બાબુએ માને જોઇ પ્રણામ કર્યા અને કહ્યુંઃ–

"મા ! તું બહુ સમજુ છે. તું તો મને ધીરજ આપ્યા કરતી હતી. આજ ઉલટું એજ કામ મારે કરવું પડે છે. દુનિયામાં કોઇ અમરપટો લખાવીને નથી આવ્યું, હું સાજો થઇ જઇશ. તું ગભરા નહિ અને જો ઇશ્વરને ત્યાં એજ મંજુર થયું હશે કે હું આ લોકમાં સેવા સમાપ્ત કરીને તેમના લોકમાં સેવા કરૂં તો પણ ઠીક છે. બાબુ (નાનો ભાઇ) ઇશ્વિર તેને દીર્ઘાયુષી કરે—તારી સેવા કરશે.

અત્યારે મારી એક ઇચ્છા છે. જો તું તે પૂરી કરવા ઇચ્છતી હોય તો કહું."

માએ ધીરજ રાખી મહામહેનતે આંસુ રોકીને કહ્યું કે "મારા દીકરા ! કહે, જાન દેતાં પણ જો તારી ઇચ્છા પૂરી કરી શકું........"

એટલું બોલતાં બોલતાં ડોશીનું ગળું રૂંધાઇ ગયું.

લચ્છુબાબુએ કહ્યું—"રામજીનાં બાળબચ્ચાંને તું બાબુની માફક-જ રાખજે અને—મરી ગયા પછી મારા શરીરને બાળવા કરવાની કે તેને ગંગાજમુનામાં વહેતું મૂકવાની જરૂર નથી. તેને લખનૌ મેડિકલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૉલેજમાં મોકલી દેજો. મેં જીવતાં તો આ શરીરથી જે કંઇ સેવા થઈ શકી તે કરી. મરી ગયા પછી પણ આ શરીરથી દેશની કંઈ પણ સેવા થઇ શકે તો બહુ સારૂં. ત્યાં મેડિકલ કૉલેજમાં ભણનારા વિદ્યાર્થીઓ મારા મૃત–શરીર વડે શારીરશાસ્ત્રનું અધ્યયન કરી શકશે.”

વાત પૂરી કરીને લચ્છુબાબુએ પાણી માગ્યું. વિષ્ણુએ ઝારી વડે ગંગાજળ પાયું. એક ઘુંટડો પાણી ઉતર્યું ને તેમને આંચકી આવી અને એક પવિત્ર સાચા સેવકનો આત્મા પોતાના કેટલાય સાથીઓને સેવાનો પાઠ પઢાવીને તેમને હતાશ અને વ્યાકુળ કરીને પોતાના નશ્વર શરીરને આ અસાર સંસારમાં મૂકી અનંતમાં મળી ગયો.

* * *

મે મહિનો હતો. ખૂબ જોસબંધ લૂ વાતી હતી. જ્યારે હું લખનૌના ચારબાગ સ્ટેશને ઉતર્યો ત્યારે બરાબર એક વાગ્યો હતો, ટિકિટ આપીને હું બહાર આવ્યો. કોઈ ખાલી ગાડી ન મળી. એક ટાંગામાં બેસીને હું મેડિકલ કૉલેજમાં ગયો. જગદીશ ચોથા વર્ષમાં ભણતો હતો. જ્યારે હું ગયો ત્યારે તે એક મોટી ચોપડી ઉઘાડી એક હાડકાના ટુકડાને હાથમાં લઇને તેનું નિરીક્ષણ કરતો હતો. સામે એક લાકડાની પેટીમાં એક માણસના શરીરનાં બધાં હાડકાં રાખવામાં આવ્યાં હતાં. પેટીમાં એક ખાલી ખાનું હતું. મારા ગયા પછી જગદીશે મને પ્રણામ કર્યા અને કહ્યું: “ભાઇ ! અત્યારે તો હું અઘોરી છું; કેમકે મુડદાનાં હાડકાંને સ્પર્શ કરી રહ્યો છું. એમ કહીને તે હસવા લાગ્યો.

હું પણ પાસેની એક ખુરશી પર બેસી ગયો. મેં કહ્યું–“જગદીશ ! જો, એ માણસનાં હાડકાં મરણ બાદ પણ ઉપકાર કરી રહ્યાં છે. એ કોઈ પુણ્યાત્મા હશે. કોણ જાણે દેશનાં કેટલાંય બાળકો તેનાં હાડકાં વડે શારીર—વિજ્ઞાન શીખશે.”

જગદીશ—“ભાઈ ! એ માણસ બહુ પરોપકારી હતો, તેનું જીવન ચરિત્ર પણ આજ પેટીના એક ખાનામાં રાખેલી એક નોટબુકમાં લખેલું છે. ૩૫ છોકરાઓએ અત્યાર સુધીમાં એનો ઉપયોગ કર્યો છે.”

મેં પેટીના ખાનામાંથી ચોપડી લઇ લીધી. ચોપડી નવલકથાના રૂપમાં લખેલી હતી. મેં કહ્યું: “જગદીશ ! આ હું લઈ જઈશ અને આ જીવનચરિત્રને કોઈ વર્તમાનપત્રમાં પ્રગટ કરાવીશ. લોકોને એમાંથી શિક્ષણ મળશે.”

\+ \+ \+

(“મનોરંજન” માસિકના એક અંકમાંથી અનુવાદકઃ–ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭–સરસ્વતી

(લેખક:–શ્રી. રુદ્રદત્ત ભટ્ટ)

(૧)

બહેન કમળાનો એકાએક સ્વર્ગવાસ થવાથી મદનમોહન તેના એકના એક પુત્ર લલિતને પોતાને ઘેર તેડી લાવ્યો. કમળાનો વિવાહ બહુ દૂરના એક ગામમાં કરવામાં આવ્યો હતો. વિવાહ કરતી વખતે કમળાના પિતાએ જે જોઇએ તે મળી આવે એવું ઘર જોયું હતું. ઘરબાર, ગાય, બળદ, જમીનદારી અને નગદ નાણાં બધુંએ હતું. અને તેથીજ તેમણે પ્રસન્નચિત્તે કમળાનો વિવાહ ત્યાં કર્યો હતો. પણ કુસંગતમાં પડવાથી કમળાના પતિએ સર્વ કંઇ ગુમાવી દીધું. અને તે એટલે સુધી કે ગામમાં ઘર પણ રહેવા દીધું નહિ. અંતે લલિતને ચાર વર્ષનો મૂકીને તે પોતે પણ કાળને આધીન થયો. મદનમોહનના પિતા અત્યાર પહેલાંજ પરમધામને પામ્યા હતા. બહેનના દુર્ભાગ્યની વાત જાણીને મદનમોહને કમળાને પોતાની સાથે આવવાનો બહુ આગ્રહ કર્યો; પણ કમળા એકની બે ન થઇ. તેણે કહ્યું: "મોટા ભાઇ! હું અહીંજ રહીશ. જે ઘરમાં મારા ધણી મને મૂકીને ગયા છે તે ઘર નહિ છોડું."

આ રીતે આઠ વર્ષ કમળાએ પોતાના પતિનાજ ઘરમાં અનેક કષ્ટ વેઠીને વીતાવ્યાં. અંતે એકદિવસે કમળાના પણ મૃત્યુસમાચાર સાંભળીને મદનમોહન તેના બાર વર્ષના પુત્ર લલિતને પોતાની સાથે તેડી લાવ્યો.

મદનમોહનનાં લગ્ન બહુ વખતથી થઇ ગયાં હતાં, પણ તેને કંઇ સંતાન ન હતું. તેની સ્ત્રી સરસ્વતી રૂપમાં અપ્સરા જેવી હતી, પણ ગુણમાં રાક્ષસી હતી. તેનો સ્વભાવ બહુ તીખો અને હઠીલો હતો. લલિત આવ્યો એ તેને ગમ્યું નહિ. તે આવ્યો ત્યારથીજ તે વાત વાતમાં મહેણાં મારતી, પણ મદનમોહન ભાણાને પુત્રની જેમ પાળતો હતો. મદનમોહનની સ્થિતિ સારી હતી. બાપદાદાના વારસામાં ઘરબાર અને જમીનદારી કુસુમપુરમાં તો હતીજ, પણ તે ઉપરાંત કાનપુરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અનેક મકાન હતાં કે જેમાંથી વાર્ષિક સારી રકમની આવક થયા કરતી હતી. આથી મદનમોહનને મહેનત કરીને ખાધાપીધાની ચિંતા ન હતી. બાળક લલિતને ભણાવવાનું કમળાએ શરૂ કરી દીધું હતું, પણ તેનું ચિત્ત ભણવા લખવામાં બહુ નહોતું રહેતું. તે હમેશાં એકાન્તમાં બેસીને ખૂબ ભક્તિપૂર્વક રામાયણનો પાઠ કર્યા કરતો હતો. બાપના ઘરની જેમ તેણે અહીં કુસુમપુરમાં પણ મામાના ઘરની એક નાની ઓરડીમાં એક દેવાલયની સ્થાપના કરી દીધી હતી. ઘણોખરો વખત તે પોતાનાજ દેવાલયમાં એકલો બેસીને ભગવાનને રામાયણ સંભળાવ્યા કરતો હતો. સવારમાં ઉઠીને ભગવાનને ચઢાવવા માટે ફૂલ લાવવાં અને તેમને સ્નાન કરાવવા માટે તળાવથી પાણી ભરી લાવવું, એ તેનું એક નિયમિત કામ હતું. મદનમોહને ભાણેજને આને માટે કદી કંઈ કહ્યું નહિ. તેને પોતાના કામમાંથી નવરાશ પણ ઓછી મળતી હતી. તે ઉપરાંત માબાપ વિનાના બાળકને ધમકાવીને તે તેનું હૃદય દુખાવવા પણ માગતો ન હતો. પણ સરસ્વતી હમેશાં તેના ઉપર અકળાયા કરતી હતી. વાત વાતમાં તે મહેણાં મારતી હતી. કોઇ વાર પાડોશણોને ભેગી કરીને તે કહેતી હતી કે "જુઓ મોટી મા, એમણે એક પૂજારી આણીને ઘરમાં ઘાલ્યો છે. રાત દહાડો એની રકઝકમાંજ મારૂં તો માથું દુઃખી જાય છે." લલિત કાં તો સરસ્વતીની વાતો સમજતો ન હતો કે સમજવા છતાં તેના તરફ કંઇ ધ્યાન નહોતો આપતો. બે વખત લૂખું સૂકું તેને જે કંઇ મળી આવતું તેમાં તે સંતોષ માની નીચે પોતાના દેવમંદિરમાં જઇને પાઠ કર્યા કરતો હતો. સરસ્વતી મદનમોહનને કંઇ કહેતી ન હતી એમ નહિ, પણ મદનમોહન તેની વાતો એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખતો. સરસ્વતીને આથી વધારે ક્રોધ ચઢતો હતો.

એક દિવસ બહુ બહુ સાંભળ્યા પછી મદનમોહને કહ્યું કે " જો, મને પણ તારી વાતો સાંભળીને સમજાય છે કે લલિતને અહીં લાવીને મેં કંઈ ડહાપણનું કામ કર્યું નથી. પણ કરવું શું ? તને તો કંઇ ખબર પણ નથી. કાનપુરની કચેરીમાંથી મને માલમ પડયું કે પિતાજી ગુપ્ત રીતે કમળાને નામે અર્ધી મિલ્કત ચઢાવી ગયા છે. કમળાના મરણ બાદ તેનો ઉત્તરાધિકારી લલિતજ છે. મારે લાચારીથી એને અહીં લાવવો પડયો છે. જોજે, કોઇને કહેતી નહિ. વાત છુપીજ રાખવાની છે. સમય બહુ ખરાબ છે. આપણા કેટલાય શત્રુઓ છે. કોઇએ જો લલિતને કહી દીધું તો ધાંધલ મચશે."

વાત કેટલે સુધી સાચી હતી તે અમે કહી શકતા નથી, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી સરસ્વતીના આચરણમાં કંઇ ફેરફાર તો જરૂર થયો. આ રીતે મામાને ઘેર લલિતના દિવસો જવા લાગ્યા. એક દિવસ મદન-મોહનને માલમ પડયું કે સરસ્વતી ગર્ભવતી છે. તેના આનંદનો પાર ન રહ્યો. યોગ્ય સમયે મદનમોહનને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. આખા ગામના લોકો તેને ત્યાં એકઠા થયા. ગામના જેઓ ઘરડીઆ હતા તેમણે મદનને વધાઈ આપતાં કહ્યું કે " મદન, સારૂં થયું. ઘર અજવાળનાર તો થયો; પણ ભાઈ ! માનો ન માનો પણ આ બધું લલિતની પૂજાપાઠનું ફળ છે. જે ઘરમાં હમેશાં પ્રાતઃસ્મર-ણીય ભગવાન રામચંદ્રનું આ પ્રમાણે પૂજન થાય છે તે ઘરમાં ઋદ્ધિસિદ્ધિ પોતેજ વાસ કરે છે." મદન પણ આ વાત માનતો હતો. લલિતનાં પૂજાપાઠ–તેનું ધર્માચરણ–તેને હમેશાં સારૂં લાગતું હતું. આજ તેનું પ્રત્યક્ષ ફળ મેળવીને લલિત પ્રત્યે તેની વધારે પ્રીતિ થઈ. આ રીતે બીજાં ચાર વરસ વીતી ગયાં. મોહન હવે ચાર વર-સનો થઇ ગયો. લલિત અને મોહનને બહુ સ્નેહ બંધાયો. મોહન લલિતભાઇ પાસેજ વધારે રહેતો. તેની પૂજામાં ભાગ લેતો અને ભગવાનને પ્રણામ કરતો હતો. પિતા મદનમોહન ઉપર તેને એટલું વહાલ ન હતું તેમ છતાંએ મદનમોહન ઘેર આવતાંજ મોહનને ખોળી કાઢતો અને તેની સાથે વાતચીત કરી આનંદ પામતો.

એક દિવસ મદનમોહન બહુ દૂરથી થાકીને ઘેર આવ્યો. આવતાંજ રામધનને બોલાવ્યો. રામધન તનો જૂનો વિશ્વાસુ નોકર હતો. તે દિવસે તાવ આવવાથી લલિતે રામધનને કમળનાં ફૂલ ચૂંટવા તળાવે મોકલ્યો હતો. રોજ તો તેજ ફૂલ ચૂંટી લાવતો હતો પણ આજ તાવ આવવાથી તે જઇ શકયો ન હતો. મદનમોહનને બહુ જરૂરનું કામ હતું. તેણે સરસ્વતીને પૂછ્યું " કેમ, રામધનને કયાં મોકલ્યો છે ?" સરસ્વતીને પણ લાગ ફાવ્યો. તેણે મોં ચઢા-વીને જવાબ આપ્યો:—" હું કયાં મોકલું ? આજકાલ તમારા ભાણેજની આજ્ઞા પાળવામાંથી તો તે નવરોજ થતો નથી. હું એકલી શું શું કરૂં ! એક બાજુ ઘરનું બધું કામકાજ હોય અને બીજી બાજુ મોહનની સંભાળ લેવી પડે છે. રામધન જરા નવરો પડયો કે તેને કોઇ વાર ફૂલ લેવા જવું પડે છે, કોઈ વાર પાણી લાવવા દોડવું પડે છે તો કોઇ વાર પ્રસાદ લેવા જવું પડે છે. મારો તો નાકે દમ આવ્યો."

મદનમોહનનો મિજાજ તે દિવસે ગરમ હતો. એક આસામી સાથે ઝગડો થયો હતો. રામધનને તલાટી પાસે મોકલવો હતો. તેને નહિ જોતાં તેને વધારે ક્રોધ ચઢયો. તે સીધો લલિતના દેવાલયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. જોયું તો લલિત ભગવાન રામચંદ્રની મૂર્તિને સ્નાન કરાવી નાનાં નાનાં વસ્ત્ર પહેરાવી રહ્યો છે. તે પોતાના કામમાં એટલો મગ્ન હતો કે તેને મામાના આવવાની ખબર પણ ન પડી. મદનમોહને આવતાંવેંતજ મૂર્તિને બહારની ઓસરીમાં ફેંકી દીધી. પછડાતાંજ મૂર્તિના બે કડકા થઇ ગયા. લલિત તો આ જોઇને આભોજ બની ગયો, મામા કદીયે આમ કરશે એવી તેને આશા ન હતી. તે તાવથી ધ્રૂજતો ધ્રૂજતો આંસુભરી આંખોએ મૂર્તિના કકડા ઉઠાવવા લાગ્યો. ઉપર સરસ્વતી હસતી હતી. મદનમોહને કહ્યું:—"ઠગારા! મફતનું ખાવાનું મળ્યું એટલે પથરા સાથે રમ્યા કરે છે. આજ સુધી તો ચૂપ રહ્યો, પણ હવે જોઉં છું કે હવે તો આ ઘરમાં આધિકાર બજાવવા લાગ્યો છે. જા, નીકળ અહીંથી."

એટલું કહીને મદનમોહન ક્રોધથી ધ્રૂજતો ધ્રૂજતો ઉપર ચાલ્યો ગયો. સરસ્વતી આજ પ્રસન્ન હતી. લલિત પ્રત્યે અવગણના તથા તેનો તિરસ્કાર જોઇને જાણે તેની છાતીએ આજે ટાઢક વળી હતી. લલિતે તો કોઇ દિવસ મામીને કંઈ કહ્યું ન હતું. હમેશાં તે તેમનું માન જાળવતો અને તેમનાથી ડરીને ચાલતો હતો; છતાંયે સરસ્વતી શા માટે કપટ રાખતી હતી—તેનો અનાદર કેમ કરતી હતી—તેનો તિરસ્કાર કરવા શા માટે કમ્મર કસીને તૈયાર રહેતી ? આ બધું તેના સ્વભાવનું ફળ હતું. કેટલાંક માણસો સ્વભાવથીજ કોઇને દુઃખ દેવામાં—કોઇનું ભૂંડું ઇચ્છવામાં પ્રસન્ન રહેતાં હોય છે. સરસ્વતીનો સ્વભાવ પણ એવોજ હતો. આજ જાણે કે તેની ઇચ્છા પૂરી થઈ. જાણે આજ તેને પોતાની મનવાંચ્છિત વસ્તુ મળી ગઈ.

લલિત થોડી વાર તો જડ જેવો થઈ ગયો. ભાન આવતાં તેણે જોયું તો તેના આરાધ્ય દેવતાના કકડા પૃથ્વી ઉપર પડયા છે. તે દોડતો જઇને ફૂટેલા કકડાઓ લઇ આવ્યો. પછી તેને બહુ પ્રયત્ને જોડયા. મૂર્તિ બહુ ભાગી ન હતી, એટલે તે થોડાજ પ્રયત્ને સાજી થઇ ગઈ. તેને વસ્ત્ર પહેરાવી લલિત ઘર છોડીને બહાર ચાલ્યો ગયો. તેનું મુખ વાદળાંથી છવાયલા ભૂરા આકાશ જેવું મ્લાન થઇ ગયું અને તે મૂર્તિને લઇને કોણ જાણે કયાંય ચાલ્યો ગયો. કોઇએ તેની તપાસ ન કરી. બીજે દિવસે જ્યારે મદનમોહનનો ક્રોધ શાંત થયો ત્યારે તેને શોધ કરતાં માલૂમ પડયું કે, લલિત એજ ગામની એક ભાંગીતૂટી જૂની ધર્મશાળામાં રહે છે. તેની પાસે પાથરવા માટે થોડું સૂકું ઘાસ પડયું છે અને સામે બાળવા માટે થોડાં લાકડાં પડેલાં છે. રામધને તેની પાસે જઇને કહ્યું:—"લલિત, ચાલો તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મામા બોલાવે છે." પણ લલિતે શાંતિથી જવાબ આપ્યો: "ના રામધન ! જે ઘરમાં મારા આરાધ્યદેવની અવગણના થઇ છે–તિરસ્કાર થયો છે–ત્યાં હું એક પળવાર પણ રહી શકીશ નહિ."

(૨)

મદનમોહન કોઇ જરૂરના કામ માટે કાનપુર ચાલ્યા ગયા. રામધન પાછો આવીને શો જવાબ લાવ્યો તેની તેને ખબર નહોતી. તેણે ધાર્યું હતું કે બાળક છે એટલે સમજાવવાથી પાછો આવશે; નહિ તો એ જવાનો ક્યાં છે ? દુનિયામાં તેનું બીજું ઠેકાણુંયે ક્યાં છે ?

અહીં જ્યારે લલિત ન આવ્યો ત્યારે કુતૂહલવશ થઇને સરસ્વતી પોતે નાહવા જવાને બહાને તપાસ કરવા આવી અને જોયું તો લલિત શાંતચિત્તે તળાવમાંથી કમળનાં ફૂલ તોડતો હતો. તેણે વધારે પાસે જઇને જોયું તો ગામનો વૃદ્ધ ગોવાળ રઘો એક વાસણમાં દૂધ લાવીને ધર્મશાળા બહાર ગરમ કરતો હતો. સરસ્વતીનું કૌતુહલ વધ્યું. તેણે છેક પાસે જઇને પૂછયું:–"કેમ રઘા, દૂધ કોને માટે ગરમ કરે છે ?"

દેવતા ફૂંકતાં ફૂંકતાં રઘાએ કહ્યું:—'વહુજી ! જોયું, છોકરો કેવો ભક્ત છે ! આવી એકાગ્ર ભક્તિ તો સતયુગમાં સાંભળી હતી પણ દેખી તો આજેજ. તેને માટે દૂધ ગરમ કરૂં છું."

સરસ્વતીને બહુ ખોટું લાગ્યું. તેણે તો ધાર્યું હતું કે, છોકરો ભૂખે તરફડતો હશે અને તે તેની એવી દશા જોઇને સુખી થશે; પણ અહીં તો બીજીજ સ્થિતિ હતી. સરસ્વતી બહુ હતાશ થઈ ગઈ. એટલામાં ફૂલ લઇને લલિત પણ આવી પહોંચ્યો. તેણે જોયું કે, મામી ખૂબ આશ્ચર્યચકિત થઇને જુએ છે. તેણે ત્યાં આવતાંજ કહ્યું—"મામી ! શું મોહન હજુ ઉઠ્યો નથી ? હું પૂજામાં બેસવાનો છું. મોહન વિના મારી પૂજા અધુરીજ રહી જશે. કેમ તેને મોકલશો ?"

લલિતનાં વચન સરળ અને સ્પષ્ટ હતાં. તેમાં દ્વેષ તથા પ્રતિહિંસા લેશમાત્ર ન હતી. સરસ્વતીએ રોફમાં આવીને કહ્યું:—"શું મારા મોહનને પૂજારી બનાવીને તારા જેવો ભિખારી કરવો છે તે તેને અહીં મોકલું ?" એમ કહીને તે ચાલી ગઇ. જતાંવેંતજ તેણે રામધનને બોલાવ્યો. તેને આવતાં જરા વાર થઇ તેમાં તો તેને સેંકડો વાતો સંભળાવી દીધી. લલિતની દશા જોઇને તેને તૃપ્તિ ન થઇ: તેની મનોકામના પૂરી ના થઈ. ધુંધવાઇ રહેલો બધોયે ક્રોધ તેણે રામધન ઉપર કાઢ્યો.

આ રીતે ઘરથી બહિષ્કૃત થયેલા લલિતને ચાર દિવસ થઇ ગયા. એકાએક એક દિવસ તેણે જોયું કે, સરસ્વતી રડતી રડતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ ભયભીત થઇને તેની પાસે આવતી હતી. તેણે જોયું તો મામીની આંખોમાંથી આંસુ પડે છે અને તેમના હાથમાં એક પીળું પરબીડિયું છે. તે દોડીને પાસે ગયો. તેણે પૂછ્યું:—" મામી ! કુશળ તો છોને ? તમે રડો છો શા માટે ? "

સરસ્વતી કંઇ કહી શકી નહિ. તેણે તે પીળું પરબીડિયું લલિતના હાથમાં આપ્યું. લલિતે ખોલીને વાંચ્યું તો મદનમોહનને કાનપુરમાં એકાએક કૉલેરા લાગુ પડયો છે અને તેની સ્થિતિ શોચનીય છે. તેણે પત્ર વાંચીને મામીના તરફ જોયું. સરસ્વતી ભયભીત દૃષ્ટિએ લલિત તરફ જોઈ રહી છે. જે સરસ્વતીએ લલિતને આજપર્યંત એક મીઠું વચન પણ નહોતું કહ્યું તેજ લલિત સમક્ષ યાચકરૂપે આવતાં આજે સરસ્વતીને લાજ ન આવી. સરસ્વતીએ કહ્યું: " લલિત ! તારા મામાનો જીવ બચાવ. આ ગામમાં તુંજ અમારો છે. ગમે તે રીતે મારા સૌભાગ્યનું રક્ષણ કર. "

સરસ્વતીને રડતી જોઇ લલિતની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તેણે કહ્યું—"મામી ! કશી ચિંતા ના કરશો. ભગવાન સૌ સારાં વાનાં કરશે. "

પછી સામે એક ખૂણામાં રાખેલી ભગવાન રામચંદ્રજીની મૂર્તિને પ્રણામ કરીને તેણે કહ્યું—"હે દીનાનાથ ભક્તવત્સલ ભગવાન ! મામાની રક્ષા કરો. ભગવાન ! તેમનું ભલું કરો. "

આજસુધી જેની સારી પેઠે અવગણના કર્યા કરતી હતી તેજ ભગવાનની મૂર્તિને અતિ આદરપૂર્વક સરસ્વતીએ પણ પ્રણામ કર્યા. બહાર આવીને લલિતે કહ્યું: "મામી ! હું હમણાંજ કાનપુર જાઉં છું. આજ રાતના અગીઆર વાગ્યા સુધીમાં પહોંચી જઇશ. થોડાઘણા રૂપિયા હોય તો આપો. "

સરસ્વતી:—"બેટા ! મારી પાસે કુલ ચારસો રૂપિયા છે. તું આવ, હું રૂપીઆ લઇને આવવાની તૈયારી કરૂં છું. "

લલિત:—" ના મામી ! તમારે આવવું યોગ્ય નથી. તમને આવતાં વાર થશે. ગાડી હાથ નહિ આવે તો રાત્રે નહિ પહોંચી શકાય. વળી બાળક મોહનને આવા ચેપી રોગની પાસે લઇ જવો એ પણ ઠીક નથી. તમે મને જવા દો. ભગવાનની કૃપાથી મામા જલદી સાજાતાજા થઇ જશે. તમે ત્યાંસુધી મારા ભગવાનની વિધિપૂર્વક પૂજા કરજો."

સરસ્વતી ચાલી ગઇ. ચારસો રૂપિયા કેડે બાંધીને લલિત રાત્રે કાનપુર પહોંચી ગયો. જોયું તો મામા એક મકાનમાં એકલા બેભાન અવસ્થામાં પડેલા છે. કોઇ માણસ પાસે નથી. આવા રોગમાં પાસે આવીને પોતાની જાતનજ મુસ્કેલીમાં નાખવાનું સાહસ કોણ કરે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતાંવેંતજ લલિતે મામાને એક સ્વચ્છ બિછાના ઉપર સુવાડયા. અને જૂના મેલા બિછાનાને કાઢી નાખીને સળગાવી દીધું. પછી પત્તો મેળવીને તે એક પ્રસિદ્ધ દાક્તરને બોલાવી લાવ્યો. વધારે ફીની લાલચે દાક્તરે આવીને જોયું તો રોગીની હાલત સારી નથી. રોગ અસાધ્ય નથી થયો, પણ ખૂબ સંભાળપૂર્વક અને ભારે જહેમત ઉઠાવીને ઉપચાર કરવાની જરૂર છે. લલિત તેની સાથે જઇને દવા લઇ આવ્યો અને નિયમિતપણે આપવા લાગ્યો. બીજે દિવસે બપોરે આંખ ઉઘડી. મદનમોહને ધીમે અવાજે કહ્યું: "પાણી!" દાક્તર ઉકાળેલું પાણી આપવાનું કહી ગયો હતો. તે તેણે પાયું. આ રીતે–ચાર દિવસ સુધી લાગલાગટ રાતદહાડાની મહેનત પછી–ચોથે દિવસે દાક્તરે આવીને કહ્યું કે:– 'હવે રોગીની અવસ્થા સારી થઈ છે. હજુ તંદુરસ્તી આવતાં કેટલાક દિવસ લાગશે, પણ રોગ હાથમાં આવી ગયો છે. તમારી અથાગ મહેનતથી રોગી નવે જન્મે આવ્યો છે."

મદનમોહન હવે ભાનમાં આવ્યા હતા. તેમણે એક ભયભીત તથા કરુણાજનક દૃષ્ટિથી લલિત તરફ જોયું. જોયું તો તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં છે અને કેટલાક દિવસના ઉજાગરાને લીધે તે લાલ થતી જાય છે.

(૩)

એક માસ વીતી ગયો છે. મદનમોહન પોતાને ગામ પાછો આવ્યો છે. તેનું શરીર અતિ દુર્બળ થતું જાય છે અને મોં તેજહીન તથા પીળું પડી ગયું છે. ખાટલામાં બેઠાં બેઠાં તેણે બૂમ મારી: 'સરી!' સરસ્વતી દોડતી દોડતી ઉપર આવી અને કહ્યું: "કેમ કંઇ જોઇએ?" મદનમોહને કહ્યું: "જો તો ખરી કે મારો અકર્મી ભાણેજ ક્યાં છે?"

સરસ્વતી બહાર ગઈ અને લલિતને બોલાવ્યો. આવા પ્રેમપૂર્વક અવાજે લલિતને માતાના મરણ પછી કોઇએ બોલાવ્યો ન હતો. લલિતે કહ્યું–" મામી! હમણાં આવું છું."

ઉપર આવીને જોયું તો મદનમોહન પથારી ઉપર બેઠેલો છે. સામે સરસ્વતી ઉભી છે.

લલિતે કહ્યું:—"મામા! કેમ તમે દવા નથી લીધી? મેં તો તમારી પથારી પાસેના મેજ પર મૂકી હતી!"

મદનમોહને ગદ્દગદ સ્વરે કહ્યું:—"લલિત! જે રીતે તેં તારા જીવને હથેળીમાં રાખીને મારી સેવાચાકરી કરી છે તેવી કોણ કરી શકે તેમ હતું? તેંજ મારો જીવ બચાવી મને જીવનદાન આપ્યું છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી હું આજન્મ તારો ઋણી રહીશ. તું હમણાં શું કરતો હતો ?"

લલિત—"કંઇ નહિ મામા, મોહન સાથે ફૂલ વીણતો હતો."

મદનમોહન—"શું પૂજા કરવાને માટે ? ઠીક લલિત, આજ તું અહીંજ મારી સમક્ષ પૂજા કરજે. તારી મામી બધી વ્યવસ્થા કરશે."

લલિતને મામા સામે પૂજા કરતાં કંઇ સંકોચ તો આવ્યો. તેણે નીચું જોયું. સરસ્વતીએ ઘડીવારમાં બધો સામાન તૈયાર કર્યો. એક સુંદર આસન સામે પાથર્યું. લલિત તેના ઉપર બેસીને જેવો ભગવાનને ચંદન લગાડવા જતો હતો કે તરતજ મદનમોહને કહ્યું–"લલિત ! થોડી વાર ઉભો રહે. ક્ષમા માગ્યા વિના હું તને મારી સામે પૂજા કરવા નહિ દઉં. લલિત, જો તું મારાથી નાનો ન હોત તો હું તારે પગે પડી તારી પાસેથી ક્ષમા માગત; પણ હું આજ તારી સમક્ષ ભગવાન પાસે ક્ષમા માગું છું. ક્રોધવશ થઇને મેં ભગવાનની અવગણના કરી હતી. તેમને આસનથી ઉઠાવી બહાર ફેંકી દીધા હતા. મને પૂરેપુરો બદલો મળી ગયો છે. આજ હું દીન દુઃખી અધમુઓ થઇને એજ ભગવાનની ક્ષમા માગું છું. ભગવાન મારા અપરાધ માફ કરો !"

લલિત લજ્જાવશ થવાથી કંઇ પણ કહી શક્યો નહિ. તેણે જોયું તો મામા અને મામીની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં છે. સરસ્વતી આવેશમાં આવી લલિતને પગે પડી અને કહ્યું: "લલિત, હું તારી બાહુ ભારે ગુન્હેગાર છું. મેં તને ઓળખ્યોજ ન હતો."

તરતજ મામીને ઉભી કરી લલિતને કહ્યું–"મામી ! આવું શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરી મને નરકમાં શા માટે મોકલો છો ?"

* * *

લલિત હવે ઘરમાં માલિક તરીકે રહે છે. મદનમોહને ઘરનું બધુંએ કામકાજ લલિતને સોંપી દીધું છે. સરસ્વતી પણ હવે તેની આમન્યા પાળે છે. લલિત જ્યારે ઠાકોરજીની પૂજા કરવા બેસે છે ત્યારે સરસ્વતી પોતેજ પૂજનસામગ્રી તૈયાર કરે છે. મદનમોહન અને મોહન હાથ જોડીને ઉભા રહે છે. ઘરમાં બધાંને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ છે. બધાંએ સર્વ પ્રકારે ખુશી આનંદમાં છે.

(હિન્દી "ગલ્પમાળા"ના એક અંકમાંથી અનુવાદક:–ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

८–निर्दोष सुशीला

(લેખકઃ–શ્રી. પદુમલાલ પુન્નાલાલ બક્ષી બી. એ.)

જાનકીના લગ્નની કંકોતરી આવવાથી હું મંડલા ગયો હતો. ત્યાં મારે કમલાકાન્ત બાબુ સાથે પરિચય થયો. કમલાકાન્ત બાબુનો સ્વભાવ બહુ ગંભીર હતો. લોકો સાથે તેઓ ઓછા હળતામળતા, પણ જો કોઇની સાથે ઓળખાણ થઇ ગયું તો તેઓ તેની સાથે ખૂબ વાતો કરતા. તેમનું હૃદય દયાનો ભંડાર હતું. બીજાઓના દુઃખની કલ્પનામાત્રથી તેઓ દુઃખી થઇ જતા હતા. એ સંબંધી એક વાર તેમણે મને એક બહુ હૃદયદ્રાવક વાત કહી. હું કહી શકતો નથી કે તે તેમણે બનાવી કાઢી હતી કે સાચી ઘટના હતી; અથવા કોઇ વાર્તા–લેખકની કલ્પના હતી. પણ તેના પ્રત્યે તેમની સહાનુભૂતિ જરૂર પ્રગટ થાય છે. તેઓ વાત કહ્યા કરતા ન હતા, પણ એક દિવસ એવોજ બનાવ બન્યો કે તેમને એ વાત કહેવી પડી. વાત એવી બની કે–

લગ્નવિધિ પૂર્ણ થયા પછી હું પુરુષોત્તમ બાબુને ત્યાં ગપ્પાં મારવા ગયો હતો. ત્યાં ખબર પડી કે પાર્વતીની નથ ખોવાઈ ગઇ છે. મેં મારૂં જ્ઞાન દેખાડવા માટે કહ્યુંઃ "જુઓ, હું એનો પત્તો મેળવી આપું છું." એમ કહીને મેં કાગળ–પેન્સિલ લઇને એક કુંડળી કાઢી અને કંઇક ગણત્રી કરવા લાગ્યો. કમલાકાન્ત બાબુ એક ખૂણામાં બેઠા બેઠા છાનામાના જોઈ રહ્યા હતા. આમતેમ કેટલાક લીટાલીટી તાણીને મેં કહ્યુંઃ "એક સ્ત્રી છે." હું આગળ કંઇક કહેવા ઇચ્છતો હતો એટલામાં કમલાકાન્ત બાબુએ ઉઠીને કહ્યુંઃ "બસ, કોઇની મશ્કરી ન કરો. મનુષ્ય–ગમે તો તે સ્ત્રી હો કે પુરુષ પણ–તમારા ઉપહાસને પાત્ર નથી." હું ગભરાઈ ગયો અને મારૂં મસ્તક નીચું નમી ગયું. કમલાકાન્ત બાબુએ પછી કહ્યુંઃ "સાંભળો, હું તમને એક એવીજ ઘટના કહી સંભળાવું છું." કમલાકાન્ત બાબુ કહેવા લાગ્યાઃ—

સુશીલા ઉચ્ચ કુળમાં જન્મી હતી. તેનું બાળપણ મહેલોમાં અને દાસદાસીઓના રક્ષણનીચે વીત્યું હતું; પણ દૈવવશાત્ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પ્રૌઢાવસ્થામાં માઠા દિવસ દેખવા પડયા. તેના પિતા તેને એક સુયોગ્ય પતિ સાથે પરણાવી, કન્યાઋણથી મુક્ત થઈ સ્વર્ગવાસ પામ્યા હતા. તેની માતા બાલ્યકાળમાંજ મૃત્યુ પામી હતી. આ રીતે જ્યારે ૩૫ વર્ષની ઉંમરે તે માતાપિતા વિનાની થઈ ગઈ અને તેનો પતિ પણ તેને સદાને માટે ત્યજીને ચાલી નીકળ્યો ત્યારે તે સુખ-સૌભાગ્ય વિનાની થઇને નિરાધાર થઈ ગઇ. તેને પાંચ વર્ષનો એક છોકરો હતો. એની પહેલાં બીજા બે છોકરા થયા હતા, પણ તે તો બાળપણમાંજ મરી ગયા હતા. કોઈ મદદ કરનાર ન હોવાથી શહેરમાં રહેવું અશકય હતું. એટલે તેણે તેના એક મામાને ત્યાં આશ્રય લીધો. તેના મામા પાસેનાજ એક ગામમાં રહેતા હતા, તેઓ બહુ ધનવાન અને આબરૂદાર ગૃહસ્થ હતા. સુશીલા એક બળદગાડી જોડાવીને નીકળી અને દિવસના બાર વાગે તેના મામાને ત્યાં પહોંચી.

તે દિવસે તેના મામાને ત્યાં પુત્રજન્મનો ઉત્સવ હતો. ભવ્ય યોજના કરી હતી. દૂર દૂરનાં સગાંસંબંધી આવ્યાં હતાં. ઘરમાં ખૂબ અવરજવર વધ્યો હતો. સોનાનાં ઘરેણાં પહેરેલી સ્ત્રીઓ ઘરમાં આમતેમ ફરતી હતી. બહાર ભિખારીઓની ભીડ હતી અને ખાસ ઓરડામાં ઇષ્ટમિત્રોની ભીડ હતી. સુશીલાએ અંદર જઇને મામીને પ્રણામ કર્યાં, પણ તે પોતાના કામમાં એટલી બધી રોકાયલી હતી કે તેણે તેના તરફ નજર સરખીયે ન કરી. બિચારી સુશીલા એક ખૂણામાં જઇને બેઠી. બે વાગી ગયા. કોઇએ એની સાથે વાત સરખીયે ન કરી. છોકરો ખાવાને માટે હઠ કરવા લાગ્યો. સુશીલા પોતાની સાથે કંઇક મિઠાઇ લાવી હતી. તે આપીને તેણે છોકરાને શાંત કર્યો. ત્રણ વાગ્યા પછી ત્યાં આગળ એક સ્ત્રી આવી. તેણે સુશીલાને જોઇને કહ્યું કે "સુશીલા! તુંજ છે કે! કયારે આવી?" સુશીલાએ જવાબ આપ્યો: "હમણાંજ આવી છું. થોડીકજ વાર થઇ." સ્ત્રીએ પૂછ્યું: "આજ બહુ ધમાલ છે. તેં તો કંઇ ખાધું પીધું નહિ હોય." સુશીલાએ શરમાઇને કહ્યું:-"ના." "હું કંઇક લાવું છું" એમ કહીને તે સ્ત્રી જતી રહી. થોડી વારમાં તે એક પત્રાળામાં થોડી મિઠાઇ અને પુરીઓ લઇ આવી; પણ કોણ જાણે તે કેટલાય દિવસની કરેલી હશે. તે બહુ ગંધાતી હતી. સુશીલા ખૂબ ભૂખી હતી. એટલે તેણે કોઇ પણ રીતે એનાથીજ પોતાની ક્ષુધા શાન્ત કરી.

પાંચ વાગે ઘરમાં ખૂબ ગરબડ મચી. કોઇએ કહ્યું: "હમણાં તો એ અહીં રમતો હતો." બીજાએ કહ્યું "મેં હમણાં તો એના ગળામાં હાર દેખ્યો હતો." કોઈ ત્રીજાએ કહ્યું "તો લઈ કોણ ગયું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારનું તો કોઈ માણસ આવ્યું નથી." સુશીલા પણ ગરબડ સાંભળીને અંદર ગઇ. તેને જોઇને તેની મામીએ કહ્યું: "આ તો ભારે અંધેર."

સુશીલાએ પૂછ્યું: "શું થયું મામી?"

મામી—"શું થયું? જાણે તું કંઈ જાણતીજ ન હોય!" સુશીલા સ્તબ્ધ થઇ ગઇ.

એક સ્ત્રીએ કહ્યું—"બબલો હમણાં અહીંજ રમતો હતો. તેના ગળાનો હાર કોઇએ કાઢી લીધો."

મામી બોલી ઉઠી:—"હું જાણું છું, અને બરાબર ઓળખું છું કે હાર કોણે કાઢી લીધો છે. ભલું ઇચ્છે તો તે આપી દે. બહારનું તો કોઈ આવ્યું નથી."

બીજી સ્ત્રી:—"અમે આટલા દિવસથી અહીં છીએ પણ આવી ચોરી તો કોઇ દહાડોય થઈ નથી."

એક દાસીએ કહ્યું: "આ તો ભારે આફત. અમે ગરીબ રહ્યાં એટલે અમારા ઉપર સૌ કોઇ શંકા લાવે."

મામી—"તમને તે કોણ કહેવાનું છે? તમે આટલા દિવસથી કામ કરો છો પણ એક તણખલુંએ આઘું પાછું થયું નથી."

દાસી—"એટલા માટે તો કહું છું, માડી! હવે તો અહીં રહેવુંએ ભારે થઇ પડશે. આવું થયા કરે તો તો પછી અમારૂં ઠેકાણુંજ ક્યાં?"

મામી—"ઠીક, એમને આવવા દો. બધી વાત પકડાઇ જશે."

સઘળી સ્ત્રીઓ ચાલી ગઇ. સુશીલા બેસી રહી, થોડીજ વાર પછી એક ડોશી આવી અને એને કહેવા લાગી: "બહેન, એક વાત કહું છું, ખોટું તો નહિ લગાડો ને?"

સુશીલા—"ના, કહો તો ખરાં."

ડોશી—"વાત તો એ છે કે જો તેં મશ્કરી કરવા માટે હાર કાઢી લીધો હોય તો મને આપી દે. હું છાનીમાની જઇને આપી આવીશ. કોઇને ખબર નહિ પડે."

સુશીલાએ ચકિત થઇને કહ્યું: "હું હાર કાઢું?"

ડોશી—"મશ્કરીમાં તો સૌ કોઇ ગમે તેમ કરે."

સુશીલા—"હું મરી જાઉં પણ પારકી ચીજને ના અડું."

ડોશી—"હું તને સમજાવીને કહું છું, તું મારી દીકરી સમાન છે. નહિ તો આનું ફળ સારૂં નહિ આવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુશીલા રડવા લાગી એટલે ડોશી ઉઠીને ચાલી ગઇ. ત્યારબાદ તેની મામીએ આવીને તેને કહ્યું: "જરા જો તો ખરી, બબલાનો હાર કયાં પડી ગયો છે?"

સુશીલાએ કહ્યું: "મામી! મેં તો બબલાને હજુ જોયોયે નથી, તો પછી કયાં ખોળું?"

મામી ક્રોધે ભરાઇને બોલી—"ચાલાકી છોડ. ગમે ત્યાંથી હાર ખોળી આપ. હજુ કંઈ બાજી બગડી ગઈ નથી, એમને ખબર પડશે તો તો કોણ જાણે શુંયે કરી નાખશે."

સુશીલાએ પોતાના છોકરાને માથે હાથ મૂકીને કહ્યું: "મામી! હું સોગન ખાઇને કહું છું કે, હું કશુંયે જાણતી નથી." મામી ક્રોધે ભરાઇને જતી રહી. સુશીલા રડતી રડતી કહેવા લાગી: "ઓ ભલા ભગવાન! મેં તે એવાં શાં ખોટાં કામ કર્યાં છે કે તેનું ફળ મને આપી રહ્યા છો? પ્રભો! તમેજ મારૂં કલંક દૂર કરો."

એટલામાં જ્યોતિષીને લઇને સુશીલાના મામા આવ્યા. જ્યોતિષીએ સુશીલાને કહ્યું કે "બાઈ! જ્યોતિષ-શાસ્ત્ર જૂઠું નથી હોતું. મેં ગણત્રી કરીને જોયું છે કે તેંજ એ હાર કાઢી લીધો છે. તારૂં ભલું ઇચ્છતી હોય તો હમણાંજ આપી દે."

સુશીલાએ તેને પગે પડીને કહ્યું: "મહારાજ! મારી રક્ષા કરો. મારા ઉપર ખોટો આરોપ ના મૂકો." જ્યોતિષીને પણ ક્રોધ ચઢી આવ્યો. તેમણે મામા સાહેબ તરફ જોઇને કહ્યું: "હવે એ કોઇ રીતે નહિ માને. પોલીસને સોંપી દો." પોલીસનું નામ સાંભળીને સુશીલાનો અંતરાત્મા કંપી ઉઠયો. સુશીલા તેના મામાને પગે પડીને ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગી—"મામા! મારા ઉપર વિશ્વાસ રાખો, હું સોગન ખાઇને કહું છું કે મેં તમારો હાર નથી લીધો."

પણ તેની વાત ઉપર કોઇને વિશ્વાસ આવ્યો નહિ. રાત પડી ગઈ હતી. તેથી એમ નક્કી કર્યું કે સવાર થતાંજ પોલીસ જમાદારને બોલાવીને સુશીલાને તેને સ્વાધીન કરી દઈશું, એમ વિચારી બધાં ચાલ્યાં ગયાં.

સુશીલા બેઠી બેઠી વિચારવા લાગી કે, સવાર થતાંજ મારૂં બધું માન અને મર્યાદા ધૂળધાણી થઇ જશે. બાળક સૂઇ ગયો હતો. તેને જોઇને તે બોલી-"બેટા! તને શી ખબર કે તારી મા ઉપર શું શું વીતી રહ્યું છે!"

બાર વાગી ગયા, બધાં સૂઈ ગયાં; પણ સુશીલાની આંખોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંઘ ક્યાંથી આવે ? આંખોમાંથી દડદડ આંસુ વહી રહ્યાં હતાં. આકાશ તરફ નજર હતી: "પ્રભો, તમે તો દયાસિંધુ છો."

બે વાગી ગયા. સુશીલા એજ રીતે અશ્રુપૂર્ણ નેત્રો વડે આકાશ તરફ જોઇ રહી હતી. ભગવાને તેની પ્રાર્થના સાંભળી તેની આબરૂ રાખી. તેણે યમરાજાને મોકલ્યા. સુશીલાને ઉલટી ઉપર ઉલટીઓ થવા લાગી. શરીરની નાડીઓ તૂટવા લાગી. તે સૂઈ ગઈ.........

ચાર વાગી ગયા. સુશીલા અર્ધમૂર્છિત હતી. બહાર દરવાજે કોઈ ગરબડ કરવા લાગ્યું.

અંદરથી કોઇએ કહ્યું–" કોણ છે ?"

બહારથી અવાજ આવ્યો–" પોલિસ જમાદાર."

સુશીલાનું હૃદય બંધ પડી ગયું.

અંદરથી કોઇએ ફરી પૂછ્યું: " શું છે ?"

બહારથી અવાજ આવ્યો—" આ દાસી આપનો હાર લઇને નાસી જતી હતી. હું પકડી લાવ્યો છું. જુઓ, આપનોજ હાર છે."

સુશીલા નિશ્ચેષ્ટ થઇ ગઇ હતી. હાર અને દાસીને જોઇને સુશીલાના મામા અને મામી ચકિત થઈ એકબીજાને જોવા લાગ્યાં. જમાદારે જોયું કે બન્ને સ્ત્રીપુરુષના ચહેરા ફિક્કા પડી ગયા છે, ખુશી થવાને બદલે બન્ને આત્મગ્લાનિ અનુભવી દુઃખી થઇ રહ્યાં છે. તેજ વખતે સુશીલાના પુત્રે કહ્યુઃ " મા !"

(ભાદ્રપદ–૧૯૭૭ ના "સરસ્વતી"માંથી અનુવાદકઃ–ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧–ઘરેણાં મૂકવાની પેટીનો ઝગડો

(૧)

એક દિવસ સવારે માધવપુરના લોકોએ સાંભળ્યું કે, કાલીચરણ અને નારાયણપ્રસાદ એ બે ભાઇઓમાં મતભેદ વધી ગયો છે, અને તેઓ જુદા થઈ જવાના છે. બસ, હવે તો પૂછવુંજ શું ? લોકોને ચર્ચાનો વિષય મળી ગયો. કેટલાક માણસો આ સમાચાર સાંભળીને બહુ ખુશી થયા, પણ ઘણાખરા લોકોને તો આ વાત સાંભળીને આશ્ચર્યજ લાગ્યું. કેમકે એકાએક તેમને વિશ્વાસજ ન આવ્યો કે અર્ધી જીંદગી સુધી જેમણે એકસાથે ખાધુંપીધું છે, તેઓ આજે આવી રીતે જુદા પડી જશે. એકે એકે ગામના બધા માણસો કાલીચરણના ઘર આગળ એકઠા થવા લાગ્યા. તેમણે જોયું તો કાલીચરણના નાનાભાઇ નારાયણપ્રસાદે ઘરની નાનીમોટી બધી ચીજો ઘરમાંથી બહાર કાઢીને આંગણામાં મૂકી છે અને ગામના એકએક વૃદ્ધ પુરુષોને તે એ ચીજોના બરાબર બે ભાગ કરી આપવા કહી રહ્યો છે.

(૨)

આખાયે ઝગડાનું મૂળકારણ એક બહુજ સાધારણ વસ્તુ—નારાયણ અને કાલીચરણની સ્વર્ગસ્થ માતાની ઘરેણાં મૂકવાની પેટીજ છે. સાસુના મૃત્યુબાદ આજ લગભગ દશ વર્ષથી તેને મોટી વહુ (કાલીચરણની સ્ત્રી) વાપરે છે. હવે એક દિવસ નારાયણની પુત્રી દુર્ગા ‘ એ પેટી હુંજ લઈશ ’ એવી હઠ પકડીને બેઠી; પણ મોટી વહુએ તેની વાત હસવામાં ઉડાવી દીધી. પછી જ્યારે દુર્ગાની માતાએ ત્યાં આવીને તોરમાં ને તોરમાં કહ્યું કે “જો બાળકની એવી હઠ છે તો તેને પેટી આપવામાં શું નુકસાન છે ? ” બસ, મોટી વહુએ તેના રંગઢંગ જોઇ બધી વાત મનમાં સમજી લીધી; પણ ફરીથી એક વાર તેણે બાલિકાને રાજી કરવાનો પ્રયત્ન કરતાં કરતાં કહ્યું: “દુર્ગા ! તારા વિવાહપ્રસંગે આ ઘરેણાં મૂકવાની પેટી હું તનેજ આપીશ અને તું એને તારે સાસરે લઇ જજે. ”

દુર્ગાના મોંમાંથી કંઇ વાત નીકળે તે પહેલાંજ તેની માતા બોલી ઉઠી: “જેઠાણીજી ! એ તે શી મોટી ચીજ છે કે તમે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવની પેઠે જાળવી રહ્યાં છો! આ નાનકડી પેટી શું બાળક કરતાંએ વધારે છે ?" આ વાતથી મોટી વહુના દિલમાં સખત આઘાત થયો; કેમકે તેને કંઇ છોકરૂં ન હતું. બન્ને સ્ત્રીપુરુષ કે જેમણે દુર્ગાને પેટની દીકરી ગણીને પાળી પોષીને મોટી કરી હતી તેનીજ માએ આજ આવી વાત કહી. એટલે તે ખિન્ન થઇને કહેવા લાગી: "આજ મારી પોતાની કોઇ ચીજ ગમે તેટલી કિંમતી હોત તો મેં દુર્ગાને કયારનીએ આપી દીધી હોત; પણ નાની વહુ! આ પેટી તો સાસુજીના સંભારણાની છે અને સાસુજીના સંભારણાની આ ચીજ સંભાળી રાખવાની હોય કે બાળકનું રમકડું બનાવી દેવાની હોય!"

આ સાંભળીને નાની વહુએ કહ્યું કે "ઠીક, તો સાસુજીની ચીજ ઉપર અમારો કંઈ પણ અધિકાર નહિ ?"

"જો તમારો આવો વિચાર છે તો તો પછી મારે કશુંયે કહેવાનું નથી." એમ કહીને મોટી વહુ ચૂપ થઇ ગઈ; કેમકે તે સમજી ગઇ હતી કે હવે સારાસારી વધારે દિવસ સુધી ટકી રહેવાની નથી.

આ બનાવ પછી તરતજ નારાયણે બધી હકીકત પોતાની સ્ત્રી પાસેથી જાણી લીધી અને પોતાનું કર્તવ્ય નિશ્ચિત કરીને તરતજ તે મોટાભાઇ પાસે ગયો અને કહ્યું કે "ઘરનાં માણસોનાં જ્યારે મન બગડયાં છે ત્યારે જુદા થઇ જવુંજ ઠીક છે; નહિ તો એક દિવસ પણ ઘરમાં રહેવું ભારે થઇ પડશે."

નારાયણની વાત સાંભળીને કાલીચરણ એકદમ આશ્ચર્ય પામ્યો. તેના કંઇ કહ્યા કર્યા પહેલાંજ નારાયણે બે પાડોશીઓની વચ્ચે રહેવા બોલાવ્યા હતા. અને દમામ સાથે સ્થાવર-જંગમ સઘળી સંપત્તિની યાદી કરવાનું પણ શરૂ કરી દીધું હતું. કાલીચરણે એક વાર જોરથી ઉધરસ ખાઇને કહ્યું: "કેમ રે નારાયણ! આ ઘરડે ઘડપણ તું મને બદનામ કરવા ઇચ્છે છે ? અત્યાર સુધીની બધી વાતો શું ભૂલી ગયો ?"

નારાયણ પણ જાણે બધી રીતે તૈયાર હતો. તેણે તરતજ કહ્યું: "શું તમે એમ ઇચ્છો છો કે એક દિવસ આપણે ખૂબ બાથંબાથા આવીએ ? કેમ, આ રીતે રાજીખુશીથી ભાગ વહેંચી લેવા એ ઠીક નથી ?"

કાલીચરણ ચૂપ થઈ ગયો. ઘરની બધી ચીજોના બરાબર બે ભાગ કરવામાં આવ્યા. કપડાં-લત્તાં, વાસણ-કુસણ, ઘરબાર-બધુંયે અડધો અડધ કરવામાં આવ્યું. મકાનના બે ભાગ કરવાને માટે વચ્ચે એક દિવાલ કરાવી લેવાની જુમ્મેદારી નારાયણે પોતાને માથે લીધી.

અંતે જ્યારે પેલી પેટી ભાગ કરવા માટે બહાર લાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ત્યારે મોટી વહુએ તેને લેવાની પ્રબળ ઇચ્છા બતાવી. કાલીચરણે તેના બદલામાં નારાયણને તેનાથી બેવડી કિંમતનું એક કબાટ આપીને ઝગડાનો અંત આણ્યો.

કાલીચરણ વિચારવા લાગ્યો કે 'ભગવાન ! જે કુટુંબને મેં સખત જાતમહેનતના પરસેવાથી આ સ્થિતિએ પહોંચાડયું અને તેની શોભા વધારી તેનું આગળ જતાં કોણ જાણે કેવીયે દશા થશે !"

(૩)

આ બનાવને કેટલાય મહિના થઈ ગયા પછી એક દિવસ સવારે કાલીચરણની સ્ત્રીએ પોતાના પતિને કહ્યું: "અરે સાંભળો છો કે! દુર્ગાનો વિવાહ થયો." એ સાંભળી કાલીચરણ એકદમ આશ્ચર્ય પામ્યો અને ભારે ઉત્સુકતાપૂર્વક પૂછયું: "એ શું ? કયારે ? કયાં ?"

મોટી વહુએ કહ્યું: "એ બધી વાતોને જાણીને તમારે શું કરવી છે ?" પરંતુ કાલીચરણે તેની વાત ન માની. તેણે કહ્યું: "અરે ગાંડી ! હું એનો કાકો છું. અને જો હું તેના વિવાહની વાત ન જાણું તો બીજું કોણ જાણે ?"

મોટી વહુથી હવે ન રહેવાયું. તેણે કહ્યું: "તમે તમારા મનથીજ દીકરીના કાકા બની બેઠા છો કે બીજા કોઇના મનથી પણ ? કાલે પીઠી ચોળાશે, અને ત્યારપછી બીજી લગ્નવિધિ થશે. હજુ સુધી કોઇએ તમને આ વિવાહમાં કહેવાજોગુ નોતરૂંયે આપ્યું છે, કહો જોઇએ ?"

કાલીચરણે તરતજ ઉત્તર દીધો: "કન્યાપક્ષનો કર્તા-ધર્તા તો હુંજ છું; મારે માટે નોતરૂં કેવું ? શું નારાયણ મને ન બોલાવે એવું પણ બની શકે ? શું તું એમ સમજે છે કે મને બોલાવ્યા વિનાજ આટલા મોટા કામનો બંદોબસ્ત નારાયણ એકલો કરી લેશે ?" એમ કહીને તે ઉઠીને ઉભો થયો અને ઘરની બહાર જવા લાગ્યો; પણ મોટી વહુએ તેને રોકીને કહ્યું: "એવું ના થાય; વગર-બોલાવ્યે જઇને શું તમે તમારે માથે અપમાનની ટીલી લગાડવા માગો છો ? જો ભાઇને ભાઇચારાનોયે ખ્યાલ હોય તો તે તમને બોલાવેય નહિ ?"

કાલીચરણ આભો બની ગયો. તેના વિચારોમાં પણ પત્નીના આગ્રહથી કંઇ ફેરફાર થઈ ગયો. તેણે મનમાં ને મનમાં કહ્યું: "વાત તો સાચી છે. નારાયણને ત્યાં જવાથી તે મારૂં અપમાન કરે, અને દશ સગાંસંબંધી વચ્ચે કદાચ એમ કહે કે મેં મોટાભાઇને બિલકુલ બોલાવ્યાજ નથી, અને એ તો વગરબોલાવ્યે પોતાની મેળેજ આવ્યા છે, તો પછી શું બાકી રહે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં નારાયણને ઘેર શરણાઇ વાગવા લાગી. મધુર રાગિણી-ના આલાપે દિવાલ ભેદીને ઓરડામાં ઉભેલા કાલીચરણના હૃદય-દ્વાર પર સખ્ત આઘાત કર્યો. તે એ આઘાતથી સ્તબ્ધ થઇ જઇને પાસેના એક ખાટલા ઉપર બેસી ગયો.

એટલામાંજ તેના એક મિત્રે આવીને દુર્ગાના વિવાહની કંકો-તરી તેને દેખાડી. તે બહુ આશ્ચર્યથી તેને જોવા લાગ્યો! મિત્રે પૂછયું: "શું તમને એની કંઈ ખબર નથી?" પણ કાલીચરણ કંઈ જવાબ નહિ આપતાં એ કંકોત્રીજ જોતો રહ્યો. તેણે જોયું કે નારાયણે તેનું નામ નહિ લખતાં પોતાના નામથીજ તે છપાવી છે. એકદમ તો તેને પોતાની આંખો પર વિશ્વાસ ન આવ્યો, અને તે ફરીથી ખૂબ ધ્યાનપૂર્વક કંકોત્રી જોવા લાગ્યો. જ્યારે તેને વિશ્વાસ બેઠો કે આમાં મારૂં નામ કયાંયે નથી ત્યારે તો તે સાચેસાચજ સ્તબ્ધ થઇ ગયો. થોડી વાર પછી સાવધાન થઇને તેણે કહ્યું: "ધિક્કાર છે આવી ઉદ્ધતાઇને! સમાજના લોકો શું કહેશે? મોટાભાઇના હોવા છતાંયે નાનો ભાઈ પોતેજ કર્તા-ધર્તા થયો છે!"

(૪)

શરણાઇમાં વિદાયનાં ગીત વાગવા લાગ્યાં. તેનો દરેક તાન—કરુણ અને મુલાયમ તાન—પ્રાતઃકાળના પવનને નિરાશાના નિઃશ્વાસ-માં ફેરવી નાખવા લાગ્યો. તેના અવાજે નારાયણપ્રસાદના હૃદયને પણ આઘાત પહોંચાડી ભયભીત કરી મૂકયું. સવારમાં ઉઠીને બહાર રવેશીમાં આવી સુસ્તીથી બગાસાં ખાતાં ખાતાં તેણે દુર્ગાના મુખ તરફ જોયું કે તરતજ તે ચિંતાતુર થઈ ગયો.

તે વિચારવા લાગ્યો: "મારી વહાલી દીકરી આજ બીજાની થઈ જશે, તે પારકે ઘેર ચાલી જશે."

તે વખતે પુરોહિતે આવીને કહ્યું: "અરે, તમે લોકો વાર કેમ કરો છે? વિદાયની તૈયારી કેમ નથી કરતાં? જાન આ ગાડીએ જવાની છે." એ સાંભળતાંજ સ્ત્રીઓના સમૂહમાં ઘોંઘાટ થયો. કેટ-લીયે હા હો અને વાતોના તડાકા માર્યા બાદ સ્ત્રીઓએ નવવધૂને માંચી ઉપર બેસાડીને મંગળાચાર કરવા શરૂ કરી દીધા.

તે વખતે અચાનક બધા લોકોએ આશ્ચર્યપૂર્વક જોયું કે, કાલી-ચરણ, એ નર-નારીઓની ભીડ વચ્ચે થઇને કોઇને કંઇ કહ્યા કર્યા વિના ચૂપચાપ વરવધૂની આગળ આવીને હાજર થયો, અને ધ્રૂજતે હાથે એક સોનાનો હાર કાઢીને તેણે દુર્ગાના ગળામાં પહેરાવી દીધો. દુર્ગા એવી દશામાં પોતાના કાકાને જોઇને આશ્ચર્યચકિત થઇ ગઇ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર બાદ તેણે સંકોચાતાં સંકોચાતાં કાળીચરણને પ્રણામ કર્યા. જમાઇએ પણ દેખાદેખીથી માથું નમાવ્યું. કાલીચરણે પોતાના બન્ને હાથ દીકરી અને જમાઇના માથા ઉપર મૂકીને કંઇક કહેવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેના મોંમાંથી એક શબ્દ પણ ન નીકળી શકયો. ત્યાર બાદ તે તરતજ તે જગ્યાએથી ચાલ્યો ગયો. તેને જતો જોઇને પુરોહિતે બૂમ પાડી: 'મોટા ભાઇ! જરા ઉભા રહો. નારાયણપ્રસાદ! જાઓ, ભાઇનો હાથ ઝાલીને લઇ આવો." એ સાંભળતાંજ નારાયણનું ગળું સુકાઇ ગયું.

ત્યાં સુધીમાં તો કાળીચરણ પોતાને ઘેર પહોંચી ગયો. તેને ગભરાયલો જોઇને તેની સ્ત્રીએ પૂછ્યું: "કેમ?" એક નિઃશ્વાસ મૂકીને કાલીચરણને ધીમેથી કહ્યું: "તમે કયાં ગયા હતા? અને પેલી પેટીમાંથી શું લઇ ગયા હતા?"

"હું દુર્ગાને આશીર્વાદ આપવા ગયો હતો, અને તેને તારો પેલો હાર પણ આપી આવ્યો છું. નારાયણે જો કે મને નહોતો બોલાવ્યો, તેથી શું હું ત્યાં ન જાઉં? હું દુર્ગાનો કાકો છું. તેથી આશીર્વાદ આપવાનો મારો ધર્મ છે. અને કદાચ નારાયણ ભૂલ કરે તો શું હું પણ ભૂલ કરૂં? કર્તવ્યધર્મને છોડી દઉં?" એમ કહેતાં કહેતાં તેનો અવાજ ધ્રૂજવા લાગ્યો.

(૫)

નારાયણ ચૂપ થઇને બેસી ગયો. તેનામાં કંઇ જવાબ દેવાનીયે શક્તિ ન રહી. તે એકદમ વ્યાકુળ થઈ ગયો. ભાઇની એ મલિન મુખાકૃતિ અને તેના અણધાર્યા વ્યવહારથી તેને મર્મનો ઘા લાગ્યો હતો. ભાઇ જે વખતે વરવધૂને આશીર્વાદ આપવાને ઉભા હતા ત્યારે તેણે એક વાર વિચાર્યું કે, હું જઇને તેમનો હાથ પકડી લઉં; પણ કોણ જાણે કેમ-કદાચ કોઇ આકસ્મિક ભયને વશ થઇને-તેના હાથ-પગ એકદમ શિથિલ થઈ ગયા. તેનું ગળું રૂંધાઇ ગયું. પરંતુ જ્યારે તેની સ્ત્રીએ આવીને કહ્યું કે "તેમનો આપેલો હાર પાછો આપી દો" ત્યારે તો જાણે તેના હૃદય પર કોઇએ હથોડાનો ઘા કર્યો હોય એમ લાગ્યું. તેણે એક વાર પત્નીના તરફ જોયું. ત્યારબાદ તેણે કહ્યું: "હું તેમ કરી શકીશ નહિ.!"

આથી નાની વહુએ કડકાઇથી જવાબ આપ્યો: "કેમ નહિ કરી શકો?" જો તમે તેમ નહિ કરો તું હું જાતે જઇને તે હાર પાછો આપી આવીશ. શું હું કોઇની ભીખ લઇને બેસી રહીશ?"

નારાયણે પોતાની પત્ની તરફ જોઇને કહ્યું: "એ વસ્તુ દુર્ગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જમાઇની છે. એ પાછી આપવાનો મને કે તને કંઇપણ અધિકાર નથી."

થોડી વાર પછી વિદાય પહેલાં વર-કન્યાને લઇને ઘરની બીજી સ્ત્રીઓએ તેના ઓરડાના દરવાજા આગળ આવીને કહ્યું કે "વર-કન્યા વિદાય થાય છે, તેમને આશીર્વાદ આપો." તે એકદમ ઉઠીને ઉભો થયો. તેણે જોયું તો પોતાની વહાલી દીકરી દુર્ગાએ આખે શરીરે લાલ કપડાં પહેર્યાં છે, અને રડી રડીને તેનું કોમળ મુખ પણ લાલ થઈ ગયું છે. તે એક દેવી જેવી દેખાય છે.

દુર્ગા પિતાની સામે આવીને ઉભી રહી. તેની પાસેજ એક નવયુવક તેનો હાથ ઝાલીને ઉભો રહ્યો હતો.

દીકરી અને જમાઈ તેને પ્રણામ કરવા આગળ વધ્યાં, ત્યારે એકદમ તેણે તેમને બન્ને હાથે અટકાવ્યાં અને કહ્યું: "ઉભાં રહો, પહેલાં મને પ્રણામ ન કરો; જરા મારી સાથે આવો."

ત્યારબાદ તે તેમને મોટાભાઇને ઘેર લઈ ગયો. ત્યાં જતાંજ તેણે ખૂમ પાડી: "મોટા ભાઇ!" લોહચુંબક જેમ લોઢાને પોતાના તરફ ખેંચી લે છે, તેજ પ્રમાણે એકદમ કાલીચરણ ભાઇનો અવાજ સાંભળીને ઓરડાની બહાર આવીને ઉભો રહ્યો. ત્યાં નવદંપતીને સામે ઉભેલાં જોઇને કાલીચરણ સ્તબ્ધ થઇ ગયો. તે વખતે નારાયણે વર-કન્યાને કહ્યું: "મારે બદલે મોટાભાઇને પ્રણામ કરો. હું નહિ પણ તેઓજ તમને આશીર્વાદ આપવાના અધિકારી છે."

પણ કાલીચરણના મુખમાંથી એક શબ્દ પણ ન નીકળી શકયો; આશીર્વાદના શબ્દો પણ તેની જીભ સુધી ન આવી શક્યા. દરવાજા પાસે ભાભીને ઉભેલી જોઇને નારાયણે દીકરીને કહ્યું: "દુર્ગા! પેલી તારી કાકી ઉભી છે, તેમને પ્રણામ કેમ નથી કરતી?"

દુર્ગા પ્રણામ કરવા જતી હતી તેવામાં તેની કાકી જલદીથી ઘરમાં ચાલી ગઇ. તેનું સ્ત્રી-હૃદય બહુ દિવસ પછી દીકરીને આવા વેશમાં જોઇને વાત્સલ્યથી સમુદ્રની પેઠે ઉભરાઈ આવ્યું. બહાર લોકો આગળ ઉભા રહેવાની તેનામાં શક્તિ ન રહી.

એકદમ પુરોહિતે કહ્યું: "વિદાયનું શુભ મુહૂર્ત વીતી જાય છે, જલદી કરો." એમ સાંભળતાંજ વરકન્યા ઉઠીને ઉભાં થયાં. તેમના બહાર જતા પહેલાંજ એકદમ કાલીચરણની સ્ત્રી એક પેટી લઇને બહાર આવી અને તેને નોકરને આપીને કહ્યું કે "જા, આને દુર્ગાની પાલખીમાં મૂકી આવ."

(માગશર ૧૯૭૯ના "ભ્રમર"માંથી અનુવાદક:-ત્રં. મા. શુકલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१०–अपूर्व प्रतिज्ञापालन

હિંમતસિંહ હજુ બાળક છે, તેની ઉંમર પંદર સોળ વરસથી વધારે નહિ હોય; પણ આટલી નાની ઉંમરમાં તેના ઉપર રાજ્યદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે. દશબાર રાજ્યદ્રોહી સિપાઇઓ સાથે તેને પણ ફાંસીનો હુકમ થયો છે.

હું આજથી કેટલાયે સમય પહેલાંની વાત કહું છું. ભારતવર્ષમાં ચારે બાજુ રાજ્યદ્રોહનો અગ્નિ સળગી ઉઠ્યો હતો, તે એક રીતે તો ઓલવાઈ ગયો હતો. જો કોઈ સિપાઇઓનું ટોળું બળવો ઉઠાવતું તો તેઓને સરકારી સિપાઇઓ તરતજ પકડી લેતા હતા અને તેમાંથી કેટલાયના જાનની ખુવારી થતી હતી.

એજ પ્રમાણે એક રાજદ્રોહી લશ્કર સાથે દિલ્હીમાં હિંમત પણ પકડાયો છે. અને એ લોકોની સાથે તેને પણ ફાંસીનો હુકમ થયો છે. સજાનો અમલ થવાનો મુકરર વખત પાસે આવતો જાય છે. દિલ્હીની અંગ્રેજી ફોજોના મોટામોટા અમલદારો પોતાના લશ્કર સાથે ફાંસીના મેદાનમાં હાજર હતા. તે વખતે ચારે બાજુ શોકનું વાતાવરણ છવાઇ રહ્યું હતું. ફાંસીની સજાવાળાઓનાં ઘરનાં માણસો અને સગાંસંબંધીઓ કે જેઓ તેમને છેલ્લી વાર મળવા આવ્યાં હતાં, તેઓ માથું કૂટતાં રડતાં હતાં. આ રોકકળ સાંભળીને બધા અધીરા થઈ રહ્યા હતા. જે લોકોને ફાંસીએ લટકાવવાના છે, જેઓ દશ પંદર મિનિટનાજ આ દુનિયાના મહેમાન રહ્યા છે–તે બધાના હૃદયની શોચનીય દશા સહજે સમજી શકાય તેમ હતું. તે વખતે બધાય અધીરા થઇ ગયા હતા. તે વખતે જો કોઈ અચળ ભાવથી સ્થિર અને શાંત હોય તો તે બાળક હિંમત ! તેના મનમાં એકજ દુઃખ થતું હતું કે મરવા પહેલાં મારી ઘરડી માતા સાથે મારો અંતિમ ભેટો ન થયો.

આ બળવાખોરોની સાથે ભળવાની હિંમતની જરાયે ઇચ્છા ન હતી. જ્યારે એ લોકો હિંમતને ઘેરથી બળાત્કારે ખેંચી ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે હિંમતની મા માંદગીમાં હતી. તેણે પથારીમાં સૂતાં સૂતાં ભયભીત થઇને વિનયપૂર્વક કહ્યું:–"તમે મારા છોકરાને શા સારૂ લઇ જાઓ છો? મારો છોકરો હજુ નાની ઉંમરનો છે. શું તે લડવા માટે લાયક છે? અને આ લડાઇથી તમને શો લાભ થવાનો છે? ફોગટ શા માટે ખૂન ખરાબી કરો છો?" ડોશીની આ ન્યાયપૂર્ણ વાતો તરફ બળવાખોરોએ ધ્યાન ન આપ્યું. તે બધાએ કહ્યું: "જે હથિયાર ઉંચકવાને લાયક છે તેઓ પણ લડાઇમાં જોઇશે. કોની મગદૂર છે કે લડાઇમાં નહિ સામેલ થતાં ખોપરી સંભાળીને ઘેર બેસી રહે?"

આ કઠોર વાત સાંભળીને હિંમતની માતાના પ્રાણ સૂકાઇ ગયા. હિંમત બિચારો દયાભરી નજરે માની તરફ જોવા લાગ્યો. બિચારી ડોશીએ કંઇ ઉપાય નહિ જોતાં હિંમતને કહ્યું: "જાઓ બેટા! જો ઇશ્વર દયા કરીને તને બચાવશે તો ફરી તને ગોદમાં લઇશ, નહિ તો આજ આપણો છેલ્લો ભેટો. જો તું ઘેર રહીશ તોપણ એ લોકો તને જીવતો નહિ રહેવા દે. દુઃખમાં પ્રભુને યાદ કરજે, એજ તારી રક્ષા કરશે. જો બેટા! મારા મરતા પહેલાં એક વાર મને મળી જજે."

આ મૃત્યુ વખતે હિંમતને એજ વાતો યાદ આવે છે. હિંમત એકાગ્રચિત્તે પ્રભુને સંભારી રહ્યો હતો, તે પરમેશ્વરને એજ પ્રાર્થના કરતો હતો કે હવે તેની ઘરડી માતાને એક પળવાર પણ આ સંસારમાં રહેવું ન પડે. તે અભાગિણીને હવે પુત્રશોકથી દુઃખ ન થાય. અને હિંમતને ફાંસીની ભયંકર સજા મળતા પહેલાંજ તેના પ્રાણ નીકળી જાય."

એજ ચિંતાથી બાળક હિંમતનું શાંતચિત્ત અત્યારે જરા વ્યાકુળ થઈ રહ્યું છે.

બાળકના સરળ સુંદર શાંત મુખને જોઇ સેનાપતિ મહાશયે આશ્ચર્યચકિત થઇને હિંમતની પાસે જઇને પૂછવા માંડયું: "છોકરા, શું તું મોતથી નથી ડરતો? શું તને તારી જીંદગીની કિંમત નથી? તું કોઇને મળવા નથી ઇચ્છતો?"

હિંમતે કહ્યું: "મહાશય! એક ઇશ્વરજ જાણે છે કે હું શા માટે રોઈ રહ્યો છું. મરણનો મને જરાયે ડર નથી, મને માત્ર એકજ વાતનું દુઃખ છે કે હું કોઇનું જરાયે ભલું ન કરી શકયો. સેનાપતિ મહાશય! મારી એ વિનતિ છે કે હવે વધુ વાર નહિ લગાડતાં મારૂં કામ સમાપ્ત કરી દો. આ મહાયાતના કરતાં તો મૃત્યુ કયાંયે સારૂં છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેનાપતિ કઠોર હૃદયનો હોવા છતાંયે હિંમતની સરળ ભાવપૂર્ણ વાતો સાંભળીને અને તેની ધીરતા જોઇને મુગ્ધ થઈ ગયો. તેની આજ્ઞા પ્રમાણે થોડી વાર સુધી હિંમતને ફાંસી દેવાનું અટકાવવામાં આવ્યું, અને બધા કેદીઓને ફાંસીની જગાએ લઇ જવાનો હુકમ કર્યો. હિંમતની ઓરડીની પાસેજ ફાંસી દેવાની જગા હતી. માણસોના આર્તનાદ સાંભળીને અને ફાંસી દેવાની વાત જાણીને હિંમત સમજી ગયો હતો કે તેના એકેએક સાથીના જીવનનો અંત આવી રહ્યો છે. હિંમતનું મરણ પણ પાસે આવ્યું છે. હિંમત હાથ જોડીને અને આંખો મીંચી દઇને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો. આવી દશામાં હિંમત મૃત્યુની વાટ જોઇ રહ્યો હતો. અચનાક હિંમતે આંખો ખોલીને જોયું તો સેનાપતિ બે સાથીઓ સાથે તેની પાસે ઉભા છે. થોડું અચકાયો અને ઉભો થઇને હિંમત કહેવા લાગ્યો: "હજુર! હું તૈયાર છું!"

સેનાપતિ—"કેમ છોકરા, શું મોત એ તારે માટે આરામની વસ્તુ છે, કે તું તેને માટે આમ તૈયાર થઈ રહ્યો છે?"

હિંમત—"હા મહાશય! મારે માટે મરણ એ સુખપ્રદ વસ્તુ છે. પણ એક દુઃખ—"

સેનાપતિ—"ઠીક, તને દરવાજા પાસે લઇ જઇને કહું કે તું ધીમે રહીને નાસી જા તો તું શું કરે?"

હિંમત—"મહાશય! મને ખબર નથી પડતી કે આપ મારા મરણ વખતે મારી મશ્કરી કેમ કરો છો? પણ જો મને બે કલાક બહાર જવાની રજા મળે તો હું સુખથી મરી શકું. બે કલાક પછી જરૂર આ અભાગીઆને આજ જગાએ સજા ભોગવવા હાજર થયેલો જોશો. આ શહેરમાંજ મારૂં ઘર છે."

સેનાપતિએ હસીને કહ્યું—"કેમ છોકરા! શું તું મને એવો બેવકૂફ સમજે છે કે તારી આ વાત પર ભરોસો રાખી હું તને છોડી દઈશ? તારા કહેવાની મતલબ એવી છે કે, બે કલાક પછી તું જાન આપવાને મારી પાસે આવીશ, કેમ?"

હિંમત—'મહાશય! આપ એક વાર પરીક્ષા કરીને જોઈ શકો છો. મારા જેવા એક અભાગીઆના મરવા જીવવાથી આપને કંઇ નફો નુકસાન નહિ થાય."

"મહાશય! આપને પણ એક સ્નેહમયી જનની હશે! જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ મારા જેવી આપની દશા હોય તો આપની પણ એજ ઇચ્છા હોત કે આ જન્મમાં તેને છેવટનો મળી લઉં. એક દુઃખિયારી માતા સિવાય મારે બીજું કોઈ નથી. જો હું તેને એક વાર મળી લઉં તો હું ખુશીથી મરી શકીશ."

સેનાપતિએ દયા લાવીને કહ્યું: "છોકરા! વાતો ઉપરથી તો તું બહુ પ્રમાણિક લાગે છે. તો તારી દુઃખિયારી માતાને છોડીને બળવાખોરો સાથે શા માટે સામેલ થયો હતો? શું તારે બાપ નથી?"

હિંમત—"મારા પિતા શિખો સાથેની બીજી લડાઇમાં માર્યા ગયા છે. મારા દાદા પહેલી શીખ લડાઇમાં માર્યા ગયા હતા. તેઓ તો સ્વદેશને ખાતર પ્રાણ અર્પણ કરીને ધન્ય થઇ ગયા છે. ખેદની વાત છે કે, હું તેમની જેમ નથી મરી શક્યો." આટલું કહીને શત્રુઓ તેને કેવી રીતે બળપૂર્વક ખેંચી ગયા હતા, તે બધી હકીકત તેણે સેનાપતિને કહી સંભળાવી. સેનાપતિને લાગ્યું કે, હિંતની દશા દયા ખાવા જેવી છે. આ સરળ હૃદયના બાળક ઉપર વિશ્વાસ કરવો અયોગ્ય નથી. પોતાના સાથીઓ સાથે કંઇક વાતચીત કરીને હિંમતને કહ્યું: "છોકરા! હું તને અત્યારથી રાતના આઠ વાગ્યા સુધીની રજા આપું છું; પણ જોજે, તારા વચનથી વિરુદ્ધ વર્તન કરતો નહિ. તારી માતાને મળીને બરાબર રાતના આઠ વાગે અહીં આવી જજે. હજુ દિવસના દસ વાગ્યા છે, હું તને દશ કલાકની છુટ્ટી આપું છું. યાદ રાખજે કે, હું મારે માથે કેટલી મોટી જવાબદારી ઉઠાવીને તને છોડું છું."

હિંમત—"ભગવાન તમારૂં ભલું કરે. હું કદી જૂઠું નથી બોલતો. જો આપને શક પડતો હોય કે હું આપને દગો દઇશ તો મારી સાથે સિપાઇ મોકલો. તેઓ મને પકડી લાવશે."

સેનાપતિ મહાશય જરા શરમાઇ ગયા. તેઓ એક બાળકના આગળ ઉદારતાહીન થવા નહોતા ઇચ્છતા. તેમણે હિંમતને એકલો ઘેર જવાની રજા આપી.

હિંમત સેનાપતિને હૃદયપૂર્વક ધન્યવાદ દેતો દેતો ઘેર જવા નીકળ્યો. તે વખતની તેની સ્થિતિ સહજ રીતે અનુમાન કરી શકાય તેવી છે. ઘેર જઇને પોતાની માને જીવતી જોશે એવી આશા હિંમતને નહોતી. તેણે ઘેર જઇને જોયું તો એક પાડોશણ તેના ઘરમાંથી બહાર આવતી હતી. હિંમતને જોઇને સ્ત્રીએ કહ્યું: "કોણ! બેટા હિંમત! આવ્યો? આ ડોશી તને જોવાની આશાએ હજુ જીવતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાં અંદર જઈશ નહિ. બિચારી હમણાંજ સૂઈ ગઈ છે. વૈદ્યજીએ કહ્યું છે કે સૂવાથી કંઇક આરામ થશે. કાલ આખી રાત ઉંઘી નથી. તારા ગયા પછીજ તેની પીડા વધી ગઇ છે. તને જોઇનેજ તે સાજી થઈ જશે. તે રાતદહાડો તારૂંજ નામ લીધા કરે છે."

એટલામાં હિંમતે સાંભળ્યું તો અંદર કોઇ લોથી રહ્યું હતું. ડોશી જાગીને ધીમે અવાજે કહેતી હતી: "બેટા હિંમત! હું તને ફરીથી ગોદમાં ન સુવાડી શકી. હાય બેટા! તારી જોડે ફરીથી ભેટો ન થયો." હિંમતથી હવે રહેવાયું નહિ, તે દોડીને માતાની છાતી ઉપર પડીને બાળકની પેઠે ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા લાગ્યો, વિયોગ થયેલા પુત્રને જોઇને હિંમતની માના શરીરમાં જાણે કોઈ નવું બળ આવી ગયું અને તેની અર્ધી વેદના તો એજ ઘડીએ જતી રહી. ડોશી સ્નેહપૂર્વક હિંમતને માથે હાથ ફેરવતી ફેરવતી કહેવા લાગી: "કેમ રડે છે બેટા! ભગવાને મારા ખોવાયેલા રત્નને પાછું મેળવી આપ્યું છે. ધન્ય છે એના મહિમાને—બેટા! હવે હું તને ક્યાંય જવા નહિ દઉં. હવે તું જરા સમજણો થાય એટલે તને પરણાવીશ. તારી વહુ મારી સેવાચાકરી કરશે. તું જે બે ચાર પૈસા કમાઇશ તેમાંથી હું સુખેથી રોટલો ખાઇશ. બસ એજ મારી મનોકામના છે."

માતાની એક એક વાત હિંમતના કાળજામાં તીરના જેવી વાગતી હતી. જો બિચારી ડોશી જાણતી હોત કે હિંમત કેવી દશામાં ઘેર આવ્યો છે, કેટલાક કલાક પછી તેની શી દશા થશે, તો શું તે આવાં સુખનાં સ્વપ્નો દેખત? પણ આવી માંદગીની દશામાં ક્ષણભર પણ ન જીવી શકત. હિંમતે જોયું કે ધીરજ છોડવાથી કંઇ કામ નહિ થાય. હવે જો તે મનને દૃઢ નહિ કરે તો પોતાની પ્રતિજ્ઞા પાળી શકશે નહિ. મહામહેનતે આંસુ લૂછીને હિંમતે કહ્યું: "મા! તું બહુ દુર્બળ થઇ ગઇ છે. વાતો કરવાથી માંદગી વધી પડશે. લે, હું તારી પાસેજ સૂતો છું. તું જરા સૂઇ જા."

હિંમતની મા શરીરના દુઃખ અને મનના સુખને લીધે તરતજ સૂઇ ગઇ. આટલી નિરાંતની ઉંઘ તેને ઘણા દિવસથી નહોતી આવી. હિંમતે જોયું કે આવો અવસર ફરી નહિ મળે. માતાના ઉઠયા પછી પાછું જવું મુશ્કેલ થઈ પડશે. થોડી વાર સુધી હિંમત માતાને એકીટશે જોઇ રહ્યો, તેની આંખો ભરાઈ આવી. હવે મોડું કરવું અયોગ્ય સમજીને તે બહાર ચાલ્યો ગયો અને ફાંસી ઉપર લટકવા માટે તૈયાર થઇને સેનાપતિની પાસે પાછો આવ્યો. અહો! આટલી નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરમાં કેવું કઠોર પ્રતિજ્ઞાપાલન!"

અચાનક હિંમતને પાછો આવતો જોઇને સેનાપતિ જરા આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે તો પહેલેથીજ હિંમતની વાતો ઉપરથી જાણી લીધું હતું કે, આ છોકરો જેવો તેવો નથી. તેણે પૂછ્યું: "કેમ છોકરા! તું તો બહુ જલદી આવ્યો?"

હિંમત—"હું તો આપને કહીનેજ ગયો હતો કે હું જલદી પાછો આવીશ."

સેનાપતિ—"હા, કહી તો ગયો હતો, પણ મેં તને દશ કલાકની રજા આપી હતી, તું આટલો બધો વહેલો શામાટે આવ્યો?"

હિંમત—"વાર કરી હોત તો કદાચ હું આવીજ ન શકત. મારી મા મરણપથારીએ પડી છે. મને જોઇને તો તેને જાણે તેનું ખોવાયલું ધન મળી ગયું. તેના મનમાં ખૂબ આનંદ થયો, પણ હાય! જો તેને મારી ખરી દશાનો ખ્યાલ હોત તો તે ક્ષણવાર પણ ન જીવત. મને છાતી સરસો ચાંપીને તે શાંતિથી સૂઇ ગઇ હતી. તે વખતે હું તેને સૂતી મૂકીને નાસી આવ્યો છું. સેનાપતિ મહાશય! હું વિનતિ કરૂં છું કે હવે તરતજ આપ મારા દુઃખનો અંત લાવી દો."

હિંમતના સાચા વર્તનથી સેનાપતિ ખૂબ આશ્ચર્યચકિત અને મોહિત થઇ ગયા. તેઓ આંસુ ખાળી ન શકયા. હિંમતને પાસે બોલાવીને કહ્યું: "તું હવે તૈયાર થઇ ગયો છે ને, હવે તારે કંઇ ભય કે કહેવાનું તો નથી ને?"

હિંમત—"ના, આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન જરૂર આપનું ભલું કરશે."

સેનાપતિ—"હું તને માફી આપીને છોડી દઉં તો?"

હિંમત—"તો તો આપને બે માણસોને પ્રાણદાન આપ્યાનું પુણ્ય પ્રાપ્ત થશે. મારી જોડે મારી દુઃખી માતાને પણ આપ બચાવશો. ઉંઘમાંથી જાગીને જ્યારે તે જોશે કે તેની ગોદ ખાલી છે અને મને ખોળવા છતાંયે મેળવી શકશે નહિ ત્યારે તો તે જરૂર મરી જશે."

સેનાપતિએ કહ્યું:—"છોકરા! હું તારા વર્તનથી બહુ ખુશ થયો છું. તેનો પુરાવો એજ છે કે હું તને જીવિતદાન આપું છું. હવે વાર ન કર. જા, તું તારી માતા જાગી ઉઠે તે પહેલાં ઘેર પહોંચી જા. તારી મા સાજી થાય ત્યારે મારે ઘેર આવજે. હું તને મારી પલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટનમાં એક સારી નોકરી આપીશ. હવે દોડતો દોડતો ઘેર જા." સાહેબને સલામ કરીને હિંમત ઘર તરફ દોડયો—જાણે તે પવન સાથે વાતો કરતો ન હોય! સેનાપતિ પોતાના સાથીઓને કહેવા લાગ્યો: "પરમાત્માની કૃપાથી લેફ્ટેનંટ ગવર્નર સાહેબે મારા કહેવાથી તેને જીવિતદાન આપ્યું; નહિ તો આ બીનગુનેગાર છોકરાના જાન લેવા એ બહુ ગેરઇન્સાફભર્યું કામ થયું હોત."

હિંમતે ઘેર જઇને જોયું તો તેની મા હજુ સૂઇ રહી છે. તે પણ પાસે જઈને સૂઇ રહ્યો. અચાનક ડોશી ઉંઘમાં ઝબકી ઉઠી અને બોલવા લાગી: "બેટા હિંમત! તું કયાં જાય છે? હું તને કયાંય જવા નહિ દઉં." હિંમતે માની છાતી ઉપર માથું રાખીને કહ્યું: "મા! હું તો તારી ગોદમાં સૂતો છું."

"ઓ બેટા! તું અહીંજ છે. ઓ મારા બાપ! હું કેવું ભયાનક સ્વપ્ન દેખતી હતી! તને લોકો બળાત્કારે ફાંસીએ ચઢાવવા લઇ જતા હતા. ઓ! હવેજ મારા શરીરમાં જીવ આવ્યો." એમ કહીને ડોશીએ તેને છાતી સરસો ચાંપ્યો.

(ભારતેન્દુ સ્મારક ગ્રંથમાલિકાના "કુસુમસંગ્રહ" નામના પુસ્તકમાંથી અનુવાદક:—ત્રં. મા. શુકલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧–જગદંબાની સાચી પૂજા

(લેખકઃ–પંડિત શ્રી. રામનારાયણ પાઠક)

(૧)

રઘુરાજપુરના નાનકડા રાજ્ય ઉપર ભારે દુઃખનો ડુંગર તૂટી પડયો છે. ગઇ સાલ ચોમાસુ સૂકું જવાથી અનાજ પાકવું જોઇએ તેવું ન પાક્યું. આ સાલ પણ શ્રાવણ વીતી ગયો અને પાણીનું ટીપુંએ ન પડયું. તેથી રાજ્યમાં ભારે દુષ્કાળ પ્રવર્તી રહ્યો છે. સેંકડો પ્રજાજનો ભૂખે તરફડિયાં મારીને પ્રાણત્યાગ કરે છે. રાજ્યમાં ચારે બાજુ ત્રાહિ ત્રાહિના પોકારા થઇ રહ્યા છે.

રઘુરાજપુરના રાજા મહારાજ કલ્યાણસિંહ ભારે પ્રજાવત્સલ નૃપતિ છે. રાજ્યમાં દુષ્કાળનું દુઃખ જોઇને તેઓ ઘણાજ અધીરા થઇ ગયા છે. ભૂખે મરતી પ્રજાના પ્રાણ બચાવવા તેઓ રાતદિવસ ઉપાયો શોધ્યા કરે છે. પરંતુ તેમને એક બીજી અડચણ છે. રાજ્યમાં દુષ્કાળ રહેવાથી પ્રજાનો કર કેટલાયે મહિનાથી આવતો અટકયો છે. ખજાનામાં કેટલાયે વખતથી આવક નથી થઈ. આવક તો બંધ થઇ ગઈ અને ખર્ચ પહેલાં કરતાંયે વધારે થઈ ગયું છે. આવક સિવાય ખર્ચ કરતાં કરતાં હવે ખજાનો ખાલી થવા આવ્યો છે. જો દુષ્કાળ થોડા દિવસ વધારે ચાલુ રહેશે તો પૈસા વિના રાજકાજ ચાલવું પણ અશકય થઇ પડશે. મહારાજ આ વખતે ધન નહિ હોવાને લીધેજ પોતાના વિચાર પ્રમાણે પ્રજાની રક્ષાના ઉપાયો લઇ શકતા નથી.

મનુષ્યનું બળ જ્યારે ખૂટી જાય છે ત્યારે વિહ્વળ થઇને તે દેવતાઓને શરણે જાય છે. મહારાજ કલ્યાણસિંહ પણ સર્વ પ્રકારે નિરાશ થઇને અંતે દૈવી શક્તિને શરણે જવાનો વિચાર કરવા લાગ્યા. બપોરનો સમય છે. દુષ્કાળથી મારી જતી રઘુરાજપુરની પ્રજાને સૂર્યદેવ પોતાનાં પ્રચંડ કિરણોથી અધિક તપાવી રહ્યા છે. એવે વખતે મહારાજે રાજપુરોહિતને બોલાવી લાવવા માટે એક નોકર-ને મોકલ્યો. રાજાનો હુકમ મળતાંજ પુરોહિત આવીને ત્યાં હાજર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજે કહ્યું:–"પુરોહિતજી, શાસ્ત્રોમાં કહ્યું છે કે પ્રજાને કોઇકોઇ વાર રાજાના પાપને લીધે પણ અપાર દુઃખ ભોગવવું પડે છે. રઘુરાજપુરની પ્રજા અત્યારે દુષ્કાળનાં કઠણ દુઃખો ભોગવે છે તો તેમાં મારો કંઇ અજાણતાં અપરાધ થવાનો સંભવ છે. તેથી આપ એવું કોઇ ધર્માનુષ્ઠાન કરાવો કે જેથી મારા સઘળા અપરાધોનું પ્રાયશ્ચિત્ત થઇને પ્રજાના દુઃખના દહાડા જતા રહે."

રાજપુરોહિતે કહ્યું:—"મહારાજનો વિચાર સુંદર છે. એક દિવસ શ્રદ્ધા-ભક્તિ સાથે ભગવતી ક્ષેમેશ્વરી દેવીનું શોડષોપચાર પૂજન કરવું જોઇએ. જગદંબા પ્રસન્ન થઇને રઘુરાજપુરની પ્રજાનું દુઃખ દૂર કરશે."

(૨)

દેવી ક્ષેમેશ્વરીની પૂજાનું અનુષ્ઠાન આજ બે દિવસથી ચાલી રહ્યું છે. આજ ત્રીજા દિવસની છેલ્લી પૂજા છે. આજ છેલ્લા દિવસનો હવન કરીને ભગવતીને વિવિધ પ્રકારનાં પકવાન્ન અને મિષ્ટાન્નનો ભોગ ચઢાવવામાં આવશે. તે ઉપરાંત તે પ્રસાદ ભૂખ્યા માણસોને વહેંચવામાં આવશે. દેવીપૂજનના આ અનુષ્ઠાનને લીધે મહારાજ તરફથી ભૂખ્યાંને અન્ન વહેંચવાની જે વ્યવસ્થા હતી તે પુરોહિતની આજ્ઞાથી એ દિવસથી બંધ થઇ ગઇ છે.

અનુષ્ઠાનનો સઘળો પ્રબંધ મહારાણી કમલકુમારીએ જાતે પોતાનીજ દેખરેખ નીચે કરાવ્યો છે. આજ છેલ્લા દિવસની વ્યવસ્થા પણ તેઓ ભારે ઉત્સાહપૂર્વક કરાવી રહ્યાં છે.

છેલ્લા દિવસનું પૂજન થવાની હજુ વાર છે. રાજમહેલમાંથી વિવિધ પ્રકારની ભોગની વસ્તુઓ ક્ષેમેશ્વરીના મંદિરમાં પહોંચાડવામાં આવે છે. સેંકડો અધિકારીઓ દોડાદોડ કરી રહ્યા છે. રાણી કમલકુમારી સઘળી સામગ્રી સારી રીતે ગોઠવાવે છે. બરાબર એવેજ વખતે મંદિરની બહાર કંઇ ગરબડ થતી સંભળાઇ. એક ચોકીદારે આવીને મહારાણીને જણાવ્યું કે "મહારાણીજી! મંદિરના દરવાજા આગળ પ્રજાની ભારે ભીડ જામી છે અને તે આપનાં દર્શનનો આગ્રહ કરે છે. આપની શી આજ્ઞા છે?"

ચોકીદારની વાત સાંભળીને મહારાણીએ મંદિર પાસે આવીને જોયું તો સેંકડો સ્ત્રીપુરુષો એકત્ર થયાં છે. મહારાણીને જોઇને બધાએ એકેઅવાજે પોકાર કર્યો: "મહારાણી કમળકુમારીને જય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજલક્ષ્મીનો જય."

પ્રજાજનોના જયજયકારથી દિશાઓ ગાજી ઉઠી. રાણીએ જોયું કે અગણિત પ્રજાજનો એકઠા થઇને જયજયકાર પોકારી રહ્યા છે. સ્ત્રી, પુરુષ અને બાળક સર્વ આ ટોળામાં સામેલ છે. ભૂખનાં દુઃખ સહી સહીને બધાયનાં શરીર સૂકાઇને લાકડા જેવાં થઇ ગયાં છે. ગાલમાં ખાડા પડી ગયા લાગે છે, અને આંખો ઉંડી ઉતરી ગઈ છે. દરેક પ્રજાજનના મુખ ઉપર અગણિત ઉપવાસોના દુઃખનાં ચિહ્ન દેખાય છે. રાણીનું હૃદય એ માનવ-હાડપિંજરોને જોઇને કંપી ઉઠયું. તેમણે કરુણાપૂર્ણ અવાજે કહ્યું કેઃ– "પ્રજાજનો ! તમે શું ઇચ્છો ?"

લાકડીના ટેકાથી ધીમે ધીમે ટોળામાંથી બહાર નીકળીને એક ડોસો મહારાણી પાસે આવ્યો. તેણે હાથ જોડીને કહ્યુંઃ–"મહારાણીજી ! હવે સહી શકાતું નથી. આજ બે દહાડાથી અનાજનો એક દાણો સરખો અમારામાંથી કોઇના મોંમાં નથી ગયો. આપને ત્યાંથી જે સદાવ્રત મળતું હતું તે દેવીપૂજનના અનુષ્ઠાનને લીધે બે દિવસથી બંધ છે. મહારાણીજી ! આથી અમને બધાને બે દિવસના અપવાસ પછી આજ ત્રીજો લાંઘો છે. હવે વધારે વાર સહી શકાશે નહિ. ગમે તેમ કરીને અમને અભાગિયાંને એકેક મૂઠી અનાજ આપીને પ્રાણ બચાવો."

રાણીનું ધૈર્ય જતું રહ્યું. પ્રજાના દુઃખનો દેખાવ જોઇને તેનું હૈયું અંદર ને અંદર કકળી ઉઠયું. દયાથી વિહ્વળ થઇને રાણીએ મંદિરમાં પ્રવેશ કર્યો. ભગવતી ક્ષેમેશ્વરીની પ્રતિમા આગળ માથું નમાવીને વિનયપૂર્વક કહ્યુંઃ–"માતાજી ! માફ કરજો. પ્રજાનું દુઃખ મારાથી દેખ્યું જતું નથી. અસંખ્ય સ્ત્રી, પુરુષ અને બાળક ભૂખે તરફડી રહ્યાં છે. મહિમામયિ ! હું આપના ભોગને માટે એકઠી કરેલી સામગ્રીથી એ અભાગિયાંના પ્રાણનું રક્ષણ કરવા માગું છું. જો તેમાં કંઈ અપરાધ થાય તો તેની શિક્ષા મને–માત્ર મનેજ આપ કરજો."

પ્રાર્થના કરીને રાણીએ એક વાર ભગવતીની મૂર્તિ તરફ જોયું તો માલમ પડયું કે જાણે ભગવતી પ્રેમભરી નજરથી રાણી તરફ જોઇને હસી રહ્યાં છે.

(૩)

મંદિરની બહાર આવીને મહારાણીએ સેવકોને કહ્યુંઃ–"જાઓ, ભોગની બધી સામગ્રી બહાર ઉઠાવી લાવો." આશ્ચર્યચકિત થઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરોએ રાણીની આજ્ઞાનું પાલન કર્યું. મહારાણીએ ટોળાના લોકોને કહ્યું:-" બધા માણસો અહીં બેસી જાવ. બધાંને ભોજન કરાવવામાં આવશે. "

આજ્ઞા મળતાં રાણીના જયજયકારથી આકાશને ગજાવી મૂકતા ટોળાનાં બધાં સ્ત્રી પુરૂષ અને બાળકો આનંદપૂર્વક ત્યાં બેસી ગયાં. રાણીની આજ્ઞાથી નોકરોએ દેવીના ભોગના પદાર્થ તેમને પીરસવા શરૂ કર્યા. રાણી પણ પોતાના હાથે પીરસવા લાગ્યાં. ભૂખ્યાં પ્રજા-જનોએ તે મધુર અને સ્વાદિષ્ટ ભોજન તરતજ ખાવું શરૂ કર્યું. મહારાણી તે ભોજન કરતા જનસમુદાયને સંતુષ્ટ ચિત્તે જોવા લાગ્યાં. તેમની બન્ને આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં.

બરાબર એજ સમયે રાજપુરોહિતની સાથે મહારાજા પણ આવી પહોંચ્યા. રાજાને પધારેલા જોઇને ભોજન કરતા પ્રજાના ટોળાએ ફરી એક વાર જયજયકારની ગંભીર ગર્જના કરીને વાયુ-મંડળને ગજાવી મૂક્યું. મહારાજ અને પુરોહિત બન્ને એ જમણવાર જોઇને ચકિત થઇ ગયા.

પુરોહિતે કહ્યું:-" સર્વનાશ ! ભગવતીના ભોગ પહેલાં મનુષ્યોના જમી લેવાથી આ બધી ચીજો નકામી થઇ ગઇ. છેલ્લા દિવસનું અનુષ્ઠાન નિર્વિઘ્ને પૂરૂં ન થઇ શકવાથી આખા પૂજનનું વિધાન નિષ્ફળ થઇ ગયું. ભગવતી ક્ષેમેશ્વરીના મહાકોપથી રાજ્ય પર આથીયે વધારે મુશ્કેલી આવી પડશે. "

પુરોહિતની વાત સાંભળીને મહારાજા ભયભીત થઇ ગયા. તેમણે તીવ્ર દૃષ્ટિએ રાણી તરફ જોઇને કહ્યું:-" રાણી ! "

રાણી કંઈ ન બોલ્યાં. તેમનું ધ્યાન પ્રજાને ભોજન કરાવવામાં એટલું લાગી ગયું હતું કે તેમણે પુરોહિત અને મહારાજ આવ્યા છે તે પણ જાણ્યું નહિ. મહારાજે ફરીથી કહ્યું:-" રાણી ! આ શી મૂર્ખતા ? આખા પૂજનનું અનુષ્ઠાન નિષ્ફળ કરી નાખ્યું ? "

આ વખતે રાણીએ મહારાજ તરફ જોયું. મહારાજે રાણીનું મુખ જોઇને જાણ્યું કે તેણે રડી રડીને પોતાની આખી સાડી ભીંજવી છે.

(૪)

રાજભવનમાં સૂતાં સૂતાં મહારાજ ગભરાઇ ઉઠીને બેઠા થયા. જોયું તો પ્રાતઃકાળ થવા આવ્યો છે. મહારાજે એ પણ જોયું કે રાત્રે ખૂબ વરસાદ પડયો છે. તેજ વખતે તેમણે રાજપુરોહિતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવ્યા. પુરોહિતે આવીને કહ્યું:–" મહારાજની જય થાઓ; ભગવતી માતા આપણા અધુરા અનુષ્ઠાનથી પણ પ્રસન્ન થયાં છે. રાત્રે મેં સ્વપ્નમાં જોયું છે કે, મહારાણીએ ભગવતીની આગળ ભોગની બધી ચીજો એકે એકે મૂકી છે, અને ભગવતીએ હજારો હાથ અને હજારો મુખે એ ચીજોનો ભોગ કર્યો છે.

મહારાજે કહ્યું:–"સત્ય છે પુરોહિતજી, મેં પણ રાત્રે સ્વપ્નમાં ભોગના સઘળા પદાર્થો કે જે રાણીએ ભૂખ્યાં પ્રજાજનોને જમાડી દીધા હતા તે દેવીને પહોંચેલા જોયા છે. દેવીએ મને કહ્યું:–"રાજન્, રાણીએ બરાબર વખતે મને ભોગની સામગ્રી અર્પણ કરી છે. હું તમારી ભક્તિથી પ્રસન્ન થઇ છું. તમારૂં અનુષ્ઠાન સફળ થયું છે, અને તમારા રાજ્યમાં હવે ક્યાંય દુઃખદારિદ્ર રહેશે નહિ."

અતિશય ભક્તિના આવેશમાં આવીને નાચતાં નાચતાં પુરોહિતે કહ્યું કે:—

જે દેવી સર્વ ભૂતોમાં શક્તિ રૂપે વસી રહી,
નમું તેને નમું તેને નમું તેને લળી લળી.

(હિંદી માસિક 'ભ્રમર'ના એક અંકમાંથી અનુવાદકઃ-ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१२–कौटुंबिक शिक्षण

(લેખકઃ–શ્રી. "સુદર્શન")

(૧)

લાલા ચીમનલાલનું ખર્ચ આવક કરતાં વધારે હતું. માત્ર એટલાજ કારણથી તેઓ ઉદાસ રહ્યા કરતા હતા. તેમની સ્ત્રી છૂટા હાથની હતી. તે પાણીની જેમ પૈસા ખરચતી હતી. લાલા ચીમનલાલ બહુ કરકસર કરતા હતા. તેમનું પોતાનું ખર્ચ વીસ રૂપીઆથી વધારે નહોતું. પરંતુ તેમની સ્ત્રી મોટા ઘરની કન્યા હતી. મખમલના સ્લીપર અને રેશમી સાડી પહેરતી, અને દર બીજે દિવસે રૂપિયાનું ઘી ખલાસ કરી દેતી હતી. બે ત્રણ શાક વિના તો ભોજન તેને ગળે ઉતરતું ન હતું, અને જમી રહ્યા પછી ફળ ખાધા વિના તેને પચતું ન હતું. એટલુંજ નહિ પણ દશ પંદર રૂપિયા તો લેસ–ફીતમાં ઉડી જતા હતા. બપોરે આડોશ પાડોશની સ્ત્રીઓ તેની પાસે આવીને બેસતી તો તેમને માટે મિઠાઇ મંગાવવામાં આવતી. લાલા ચીમનલાલ આ જોઇને તો બહુ બળતા અને સ્ત્રીને સમજાવ્યા કરતાઃ "જો, આ પ્રમાણે વર્તવું સારૂં ન ગણાય." રૂપિયા—પૈસા લોહીને પરસેવો એક થાય છે ત્યારે મળે છે, વિચારીને ખર્ચ કરો. કન્યાઓ છે, તેઓ લીમડાના ઝાડની જેમ મોટી થતી જાય છે. તેમના વિવાહ માટે અત્યારથી બચાવવાનું શરૂ કરશો તો વખત આવ્યે પૂરૂં થશે; નહિ તો સગાંવહાલાંમાં નાક કપાશે. આમ પૈસા ઉડાવવા એ ધનવાનોને શોભે; તેથી તેમની માન—આબરૂમાં વધારો થાય છે. પરંતુ ગરીબોને તો આમ ખર્ચ કરવું એ હળાહળ ઝેર સમાન છે. તેમનું કલ્યાણ તો જોઇ વિચારીને ચાલવામાંજ છે. સાહેલીઓ સાથે હળો મળો, ઉજળાં કપડાં પહેરો, એની કોઈ મનાઇ નથી કરતું; પરંતુ રૂપિયાને રૂપિયા માનીને વાપરો. દેખાવની ખાતર આખી જીંદગીના સુખને ગીરવી મૂકો નહિ."

રામપ્યારી આવા શબ્દો સાંભળીને મસ્તક નમાવી દેતી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય હૃદયે પ્રતિજ્ઞા કરતી કે, ભવિષ્યમાં હું આવું કદી નહિ કરૂં. પરંતુ તેની આ ટેવ સ્વાભાવિક થઈ ગઈ હતી. મહિના આખરે ફરીથી એજ મુશ્કેલી આવી પડતી. રૂપિયા—પૈસા વપરાઇ જતા અને જરૂરની ચીજો ફરીથી ઉધારે મંગાવવી પડતી. લાલા ચીમનલાલ એ ઉપર ચીઢાતા અને રામપ્યારી ફરીથી પ્રતિજ્ઞા કરતી, પરંતુ આ પ્રતિજ્ઞા કદાપિ પૂરી ન થઈ. તે એટલે સુધી કે કરકસર કરવાના ઈરાદાથી લાલા ચીમનલાલે લાહોર છોડીને પાસેના ઇછેર ગામમાં રહેવાનું શરૂ કર્યું. આમાં મકાનના ભાડામાંજ માસિક સોળ રૂપીઆનો ફાયદો પડયો, પરંતુ લાલા ચીમનલાલ ઉપર મુશ્કેલી આવી પડી. હવે તેમને રોજ પાંચ માઇલ પગે ચાલીને જવું પડતું હતું. મિત્રો કહેતાઃ "કેવો અક્કલનો ફૂટેલ ! એક સાયકલ કેમ નથી ખરીદતા? રોજની પંચાત મટી જશે." આ શબ્દો લાલા ચીમનલાલના હૃદયમાં ભાલાની જેમ વાગતા, પરંતુ દૂધનો ઘુંટડો સમજીને ઉતારી જતા અને વિવશતાને લીધે અવાક્ રહેતા.

(૨)

સાંજનો સમય હતો, રામપ્યારી સિતાર બજાવી રહી હતી. તેવામાં ચીમનલાલે કચેરીમાંથી આવીને એક ગુલાબી પરબીડિયું તેના આગળ મૂક્યું. રામપ્યારીએ ચમકીને પૂછ્યુંઃ " શું છે ?"

"મિસિસ રામરખામલે તને આમંત્રણ આપ્યું છે."

" ક્યારે ?"

" દશરાને દિવસે. "

રામપ્યારીને ભોજન નિમંત્રણનો બહુ શોખ હતો. તે એવા પ્રસંગોએ હર્ષથી ઉભરાઈ જતી હતી. પરંતુ આ વખતે તેના મોં ઉપર ઉદાસીનતા છવાઈ ગઇ; જાણે કે કોઇની માંદગીની ખબર ન સાંભળી હોય ! તેણે ઉઠીને પરબીડીઉં પાછું આપ્યું અને કહ્યુંઃ "હું તો નથી જવાની." રામપ્યારી નિમંત્રણનો અસ્વીકાર કરશે એવો તેમને ખ્યાલ સરખોયે ન હતો અને ખાસ કરીને મિસિસ રામરખામલ સાથે તો તેને ઘણા લાંબા વખતથી સંબંધ હતો. તેમણે ગભરાઇને પૂછ્યુંઃ "કેમ, ખુશી–આનંદમાં તો છે ને?"

રામપ્યારીએ માથું નમાવીને જવાબ આપ્યોઃ "ત્યાં જેટલી સ્ત્રીઓ આવે છે તે બધી સારી રીતે ઠાઠમાઠથી આવે છે. હું તેમની વચ્ચે જઇને હલકી પડવા નથી ઇચ્છતી."

"કેમ? તારી પાસે ગુલાબી રંગની જે સાડી છે તે તો તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુજ સરસ લાગે છે.''

''એક સાડી છે, તેને વારંવાર પહેરીને કંટાળી ગઈ. બધાં એમજ કહે કે, એની પાસે તો હરી ફરીને આ એકજ સાડી છે, રાત-દહાડો એનેજ પહેર્યા કરે છે. કેટલીક સ્ત્રીઓ ટોકે છે પણ ખરી. તે વખતે મનની જે સ્થિતિ થાય છે તે તો હુંજ જાણું છું.''

''તો તારો શો વિચાર છે?''

''સારી વાત તો એ છે કે ના કહેવડાવજો, હું જઈશ નહિ.''

''નવી સાડી પણ ન લાવું?''

''વ્યર્થ ખર્ચ કરવામાં શો ફાયદો છે! બીજાઓને મોઢે વાહવાહ સાંભળવા આપણું ઘર લુંટાવી દેવું એ કયા ઘરની વાત?''

સંભવ છે કે જો રામપ્યારી હઠ કરત તો તેને એજ શબ્દોમાં ચીમનલાલ ઉપદેશ આપત; પરંતુ તેના પોતાના મોઢેથી આ શબ્દો સાંભળીને તેમને તે ભાલાની પેઠે વાગ્યા. પોતાની ગરીબાઇ ઉપર તેને ક્રોધ આવ્યો. નસીબને સેંકડો ગાળો દીધી અને દુઃખી થતો આમ તેમ ફરવા લાગ્યો. થોડા વખત પછી કહ્યું: ''પ્રિયે! તારે ત્યાં જવું ખાસ જરૂરનું છે.''

રામપ્યારીએ સોયમાં દોરો પરોવતાં પરોવતાં કહ્યું: ''મારાથી અપમાન નહિ સહન થાય.''

''હું કાલે નવી સાડી લેતો આવીશ.''

''કેટલાની આવશે?''

''પચીસ રૂપીઆ સુધીની આવશે.''

રામપ્યારીએ ઠંડે શ્વાસે કહ્યું:—''મારી પાસે તો સવા આઠ આના સિવાય એક પૈસો પણ નથી.''

ચીમનલાલે સ્ત્રીની પાસે ખાટલા ઉપર બેસીને તેના પ્રત્યે સ્નેહ દર્શાવતાં હસીને કહ્યું કે ''કંઇ પરવા નથી. મારૂં પાકીટ તૈયાર છે.''

''જૂઠી વાત.''

ના, સાચું.''

''દેખાડો તો...''

એમ કહેતાં કહેતાં રામપ્યારીએ પતિના ગજવામાંથી પાકીટ ખેંચી લીધું અને તેને ઉઘાડીને જોયું તો તે આશ્ચર્યચકિત થઇ ગઇ. તેમાં બે ગીનીઓ હતી. જેમ અણસમજુ બાળક નવા રમકડાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇને ખુશખુશ થઈ જાય છે, તેમ ગીનીઓ જોઇને રામપ્યારીને આનંદ થયો. મોં ઉપર પ્રસન્નતા છવાઇ ગઇ. તે હસીને બોલી: "આ ક્યાંથી મળી ?"

ચીમનલાલ થોડી વાર ચૂપ રહ્યા. જ્યારે તેઓ કચેરીમાં જતા હતા ત્યારે તેમના ગજવામાં બપોરે ખાવાપીવા માટે રામપ્યારી ચાર આના મૂકયા કરતી હતી. તે તેમણે બચાવી બચાવીને ભેગા કર્યા હતા. આ બે ગીનીઓ તેમની કરકસરનું પરિણામ હતું. તેમણે મનોમન વિચાર્યું: "સાચી વાત કહેવી કે નહિ ?" અંતે તેમણે એમ નિશ્ચય કર્યો કે જુઠું ન બોલવું જોઇએ. રામપ્યારીએ ફરીથી પૂછ્યું: "આ ક્યાંથી લાવ્યા ? હજુ મહિનો પૂરો થવાની તો સાત દિવસની વાર છે."

ચીમનલાલે કહ્યું: "તું મને દરરોજ ખાવાપીવા માટે શું આપ્યા કરે છે ?"

"ચાર આના."

"આ ચાર મહિનાની એકઠી કરેલી એજ પાવલીઓ છે."

રામપ્યારીને એવું લાગ્યું કે જાણે તેને કોઇએ હજારો માઇલોની ઉંચાઇએથી ધક્કો માર્યો ન હોય. પોતાનું ઉડાઉપણું આજ સુધી તેના મનમાં સાધારણ વાત હતી; પરંતુ પતિની કરકસર આગળ તેને પોતાની ભૂલ સમજાઇ. તે વિચારવા લાગી: "તેઓ કમાય છે, પણ પૈસેપૈસો સંભાળી રાખે છે. હું ઘેર બેઠી બેઠી રાજ કરૂં છું; પરંતુ રૂપીઆને માટીના કાંકરા જેવા ગણું છું." તે રડતી રડતી પતિનાં ચરણોમાં ઢળી પડી અને કહ્યું: "તમે મારી આંખો ઉઘાડી દીધી છે. હવે હું એક પૈસો પણ નકામો ખરચીશ નહિ. આ ગીનીઓ સાચવી રાખો, મારે નવી સાડીની જરૂર નથી."

પરંતુ ચીમનલાલે કહ્યું: "આટલું નકામું ખર્ચ તેં કર્યું છે તો એક વાર મને પણ આટલું કરી લેવા દે."

(૩)

બીજે દિવસે કચેરી બંધ થઇ કે ચીમનલાલ સીધા વેપારીની દુકાને ગયા અને કહ્યું: "કોઇ સુંદર સાડી બતાવો."

"કયા રંગની ?"

"ગુલાબી, કિરમજી, આછી લીલી...."

"વેપારીએ સાડીઓનો ઢગલો કરી દીધો. ચીમનલાલ ગભરાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા કે કઇ સાડી પસંદ કરૂં. બહુ વાર સુધી ફેરવી ફેરવીને જોવા લાગ્યા. કોઈ વાર એક પસંદ કરે તો કોઇ વાર બીજી. વિચાર કરવા લાગ્યાઃ "કેવી ભૂલ કરી, એને સાથે લાવ્યો હોત તો આ પંચાત ન પડત; પોતાને મનગમતી લઇ જાત. સ્ત્રીઓ અને પુરુષોની પસંદગીમાં આભ-જમીનનું અંતર રહે છે. અંતે એક સાડી નજરમાં આવી. તેને હાથમાં લઇને કહ્યુંઃ "આની કિંમત કહો."

વેપારીએ સાડી હાથમાં લઇને તેનો આંક જોઇ કહ્યુંઃ "બજારમાં આ સાડી ત્રીસ રૂપિયામાં વેચાય છે, પણ આપની પાસેથી પચીસજ લઇશ."

ચીમનલાલને જો તેની કિંમત ત્રીસ રૂપિયા બતાવી હોત તો કહેત કે પચીસ લો, પરંતુ વેપારીનેજ મુખે એ કિંમત સાંભળીને તેમણે કહ્યુંઃ "પચીસ તો વધારે છે."

"આપની દુકાન છે, લઈ જાઓ. જો કોઇ બીજો દુકાનદાર પોણાપચ્ચીસમાં આપે તો હું આપની પાસે એક કોડી પણ નહિ લઉં."

ચીમનલાલ ઉપર આની મંત્રવત્ અસર પડી. રૂપિયા આપીને કહ્યુંઃ "જો પસંદ નહિ પડે તો પાછી મોકલવામાં આવશે."

"ખુશીથી, ઘરની વાત છે."

"ચીમનલાલ સાડી લઇને ચાલ્યા. હૃદય આનંદમગ્ન થઇ જતું હતું અને પગ જમીનને અડતા પણ ન હતા; પરંતુ બજારની બહાર નીકળ્યા કે હૃદય ઢંઢુગાર થઇ ગયું. ઘડિયાળમાં સાતના ટકોરા થયા. ઝપાટાબંધ ગાડીઓના અડ્ડા આગળ જઇ પહોંચ્યા કે કોઇ ઘોડાગાડી મળે તો ઘેર જલદી પહોંચી જાઉં. પરંતુ ત્યાં તો કોઇએ ન હતું. ચીમનલાલનું હૈયું ધડકવા લાગ્યું. આનંદમાં માણસ ખૂબ ઉતાવળો થઇ જાય છે અને ઉડીને ઘેર પહોંચી જવા ઇચ્છે છે. ચીમનલાલને ગાડી પણ ન મળી. નિરાશ થઇને તેમણે જમાદારને કહ્યુંઃ "ઇછરાની કોઇ ઘોડાગાડી મળશે?"

"જરા ઉભા રહો, મળશે."

સૂકાઈ જતા અનાજમાં પાણી પડયું. ચીમનલાલનો ભાર હલકો થયો. દીવા પાસે જઇને ધ્યાનપૂર્વક સાડીને જોતાં જોતાં મનમાં આનંદ પામવા લાગ્યા. અચાનક અવાજ આવ્યોઃ

"કોઇ ઇછરાની સ્વારી?"

"ચીમનલાલે ચમકીને આંખ ઉંચી કરી અને ગાડી તરફ ગયા. પરંતુ ત્યાં પહોંચ્યા નહિ એટલામાં તો ચાર માણસો બેસી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીમનલાલના પગ થંભી ગયા, પરંતુ ફરીથી મનમાં વિચાર આવ્યો: "રાતનો વખત છે, કોણ જુએ છે." એટલે તેઓ ગાડીમાં ચઢી બેઠા અને કહ્યું કે "જરા જલદી હાંકો."

ટાંગાવાળાએ જવાબ આપ્યો: "બાબુ સાહેબ! મારી ગાડીની સવારી તો પૂરી થઇ ગઇ છે."

"કંઈ ફિકર નહિ, રાતનો વખત છે."

"જો કોઇ પકડશે તો આપ છોડાવશો ?"

ચીમનલાલે બેપરવાઇથી જવાબ આપ્યો: "છોડાવી દઇશ."

ટાંગાવાળો સમજ્યો કે કોઇ મોટા અધિકારી છે, તેને પોતાની જાત ઉપર વિશ્વાસ છે. ચીમનલાલ ધારતા હતા કે આ વખતે કોઇ નહિ અટકાવે. પરંતુ ચોકમાં પેસતાંજ ચોકીવાળાએ બૂમ પાડીને કહ્યું: "ગાડી ઉભી રાખો."

ગાડીવાળાનું હૈયું ધડકવા લાગ્યું. તેણે ચીમનલાલને કહ્યું: "બાબુ સાહેબ!"

ચીમનલાલને લાગ્યું કે, માથે આપત્તિ આવી પડી, પાસે રહીને કહ્યું: "જરા આજીજી-ખુશામત કર, તને ફાંસીએ ઓછો ચઢાવનાર છે!"

હવે ગાડીવાળાને ખાત્રી થઇ ગઇ. તેને એવી આશા ન હતી કે ચીમનલાલ આમ કરી જશે. તે ધ્રૂજતો ધ્રૂજતો ગાડી પરથી ઉતર્યો અને ચોકીવાળા આગળ હાથ જોડીને કહેવા લાગ્યો: "સરકાર! માફ કરો, ફરીથી આવી ભૂલ કદી નહિ થાય."

પણ ચોકીવાળાએ ન તો આંસુને ગણકાર્યાં કે ન તો આજીજી-ની દરકાર કરી. ઝટ લઇને તેની ગાડીનો નંબર લઈ લીધો અને કહ્યું: "કાલે કચેરીમાં આવવું."

હાંકનાર રડતો રડતો ગાડી ઉપર ચઢ્યો અને ઘોડાને ચાબૂક લગાવીને કહ્યું: "બાબુ સાહેબ! આપે આ ગોટાળો વાળ્યો."

પરંતુ ચીમનલાલ મૌન રહ્યા. આ મૌન ગાડીવાળાના હૃદયને ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું લાગ્યું. સહાનુભૂતિના બે શબ્દો તેના ઉપર મલમનું કામ કરત. ઇચ્છરા પહોંચ્યા ત્યારે તે ચીમનલાલ-ને મનમાં હજારો ગાળો દીધા કરતો હતો, પરંતુ ચીમનલાલ ઘરવાળીને સાડી દેખાડવા માટે તલપાપડ થઇ રહ્યા હતા. તેમને બિચાર ગાડીવાળાની દરકાર ન હતી.

(૪)

બીજે દિવસે સવારે ગાડીવાળો મામલતદાર સમક્ષ હાજર થયો. મામલતદારનો સ્વભાવ બહુ આકરો હતો. કડક સ્વરે તેમણે કહ્યું:-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તેં પાંચ સ્વારી કેમ બેસાડી હતી?"

ગાડીવાળાએ હાથ જોડીને અને આંસુભરી આંખે કહ્યું:- "સરકાર! આ વખતે માફ કરો, ફરી કોઇ દિવસ ભૂલ નહિ થાય, ગરીબ માણસ છું."

"તો કાયદા પ્રમાણે કેમ ન વર્ત્યો ને હવે રડવા લાગ્યો છે?"

"હજુર! મા-બાપ છો. આ પહેલી ભૂલ છે, માફ કરો, આખી જીંદગી સુધી આશિષ દઇશ."

"હું!"

"સરકાર! સાચું કહું છું, ફરીથી આવી ભૂલ નહિ થાય. આ વખતે માફ કરો. ગરીબ માણસ છું, દંડ નહિ ભરી શકું."

મામલતદારે થોડી વાર વિચાર કર્યો અને પચીસ રૂપિયા દંડ કર્યો. ગાડીવાળા પાસે રૂપિયા ન હતા, તેથી તેને કેદ કરવામાં આવ્યો.

તેની સ્ત્રીએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તે તમ્મર ખાઇને પડી. થોડી વારે ભાન આવ્યું ત્યારે લાલા સંસારચંદ પાસે ગઈ અને મદદ માટે પ્રાર્થના કરી. તેનો પતિ તેમનીજ ગાડી ભાડે ફેરવતો હતો, પરંતુ તેણે કોઈ પણ પ્રકારની મદદ ન કરી. ત્યારે તે નિરાશ થઇને પાછી ફરી. જો ચીમનલાલને ત્યાં ગઈ હોત તો તેં તેનો દંડ ભરી દેત, પરંતુ તેને વિશ્વાસ નહોતો આવતો કે તેમાં તે સફળ થશે. આથી તેણે ચીમનલાલને હજારો ગાળો ભાંડી. સ્ત્રી ક્રોધમાં આવે ત્યારે તે વીફરેલી વાઘણ બની જાય છે. જો એ વખતે ચીમનલાલ તેના હાથમાં આવી જાત તો તે તેનું પેટ ચીરી નાખત, પરંતુ તેનું કંઇ ચાલે તેમ ન હતું. અકળાયેલા માણસનું મોં બહુ ચાલે છે. તેણે પણ ગાળો ભાંડીને ક્રોધ ઉતાર્યો અને બાળકોને લઇને રોવા લાગી.

ગાડીવાળાને કેદમાં પૂરવામાં આવ્યો હતો અને બીજી બાજુ ચીમનલાલ તાવથી પથારીવશ થયા હતા. રામપ્યારીની આંખોમાંથી આંસુ વહેતાં હતાં, દવા ઉપર દવા કરવામાં આવતી હતી, પણ કંઈ ફેર પડતો ન હતો. બે દિવસ થઇ ગયા. શરીર તો લોઢાની જેમ ધગધગતું હતું, રોગ ઓછો થવાનાં કંઇ પણ ચિહ્ન દેખાતાં ન હતાં. રામપ્યારી બાધાઓ લેતી હતી, હનુમાનને લાડુ ધરાવવાનું વ્રત કરતી હતી અને વારંવાર હાથ ફેરવીને જોતી હતી, પરંતુ તાવ ઓછો થતો ન હતો.

ત્રીજા પહોરનો સમય હતો. રામપ્યારી ચીમનલાલની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસીને તેના મોં સામું તાકી રહી હતી. તેવામાં તેમણે આંખ ઉઘાડી અને કહ્યું:–' પ્રિયે ! "

રામપ્યારીનું મોં ઝગમગવા લાગ્યું. રોમેરોમમાં આનંદ વ્યાપ્યો. નીચું જોઇને તેણે કહ્યું:–"કેમ, તબિયત કેવી છે ?"

" કરમદીન બોદીવાળો ગાડી હાંકનાર છે. તેનો પચાસ રૂપીઆ દંડ થયો છે. તે મને થવો જોઇએ."

" આપને કેમ ?"

" હું જબરજસ્તીથી તેની ગાડી ઉપર બેઠો હતો. એ મારો દોષ છે, તેનો નહિ."

" તો ? "

" તેને રૂપિયા આપી દો."

રામપ્યારીએ ઉંડો શ્વાસ લઇ કહ્યું:–"રૂપિયા ક્યાં છે ? "

ચીમનલાલ બેભાન અવસ્થામાં હતા, તેમણે કહ્યું:–"પાકીટમાં બે ગીનીઓ છે."

રામપ્યારીના હૃદયમાં આ શબ્દો બાણ જેવા લાગ્યા, તેણે કરમદીનના કેદ થયાની બીના સાંભળી હતી. પરંતુ એ બનાવનો તેના પતિ સાથે સંબંધ છે, તે તે જાણતી ન હતી. પતિના મોંએ અપરાધનો સ્વીકાર સાંભળીને તેને ખાત્રી થઈ કે ચીમનલાલને નિ-સાસાથી તાવ આવ્યો છે. તે દવાથી નહિ ઉતરે. તેને માટે અંતરના આશીર્વાદની જરૂર છે. તે ગભરાઇ ગઇ અને પાડોશણની પાસે જઇને કહ્યું:–"બહેન ! તારી પાસે પચીસ રૂપીઆ છે તે મને આપ. પહેલી તારીખે પાછા આપી દઇશ."

પાડોશણ પાસે રૂપિયા ન હતા એમ નહિ પરંતુ તેને આપવા યોગ્ય લાગ્યા નહિ. તે મોં હાવકું રાખીને બોલી: "ના, મારી પાસે નથી. હોત તો આપણે ક્યાં જુદાઇ છે."

રામપ્યારીના હૃદયને આ જવાબથી ભારે આઘાત થયો. એજ પાડોશણને તેણે કેટલાયે રૂપિયાની મિઠાઇ ખવડાવી દીધી હતી. પરંતુ વખત આવતાં તે આમ દિલ ચોરશે એવો તેને ખ્યાલ ન હતો. તેના સીધા જવાબે રામપ્યારીની આંખો ખોલી દીધી. પાછલું ફોગટ ખર્ચ તેની આગળ ખડું થયું. વિચાર કર્યો: "જો બચાવી રાખ્યું હોત અને જોઈ વિચારીને ખર્ચ કર્યું હોત તો પચીસ રૂપિયા માટે હાથ લંબાવવા વખત ન આવત. આ પાડોશણનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધણી કે જેના રૂપિયા વ્યાજે ફરે છે તે માસિક પચાસ રૂપિયા કમાય છે. મારે ત્યાં સો રૂપીઆથી વધુ આવક છે, પરંતુ હાથમાં પૈસા નથી. તેમણે સેંકડો વાર સમજાવ્યું, અને જોઈ વિચારીને ખર્ચ કરવાનો ઉપદેશ દીધો; પણ રામપ્યારીના મનમાં આ વાત નહોતી ઉતરી. પરંતુ આવા નજીવા બનાવથી તેના મનમાં ઉત્પાત મચ્યો. જે કામ ઘડા પાણીથી નથી થઇ શકતું તે કવાથના બે ઘૂંટડા કરી દે છે.

(૫)

રામપ્યારી રડતી રડતી ઉઠી અને પોતાની નવી સાડી લઇને ટાંગામાં બેઠી અને કહ્યું: કે "શહેરમાં ચાલો. વેપારીને ત્યાં જઇ તેણે કહ્યું: "આ સાડી પાછી લો, મને પસંદ નથી આવતી."

વેપારીને તેની સાથે ઠીક ઓળખાણ હતું. તેણે કહ્યું: "બીજી કોઇ બતાવું ?"

રામપ્યારી સાડી પસંદ ન પડવાથી નહિ પણ જરૂરિયાતને લીધે પાછી આપતી હતી, પરંતુ આ વાત જો વેપારી જાણી જાય તો કદાચ પાછી ન લે એ વિચારથી તેણે કહ્યું: "દેખાડો."

વેપારીએ કેટલીએ સાડીઓ બતાવી પરંતુ રામપ્યારીએ બધાયમાં કંઇ ને કંઇ દોષ કાઢયો, અને વેપારીએ થાકીને રૂપિયા પાછા આપ્યા. એ રૂપિયા હાથમાં લેતાં રામપ્યારીને એવું લાગ્યું કે જાણે તે પતિનું સ્વાસ્થ્ય પાછું લઇ રહી છે. આ સાડી ખરીદવાથી તે પ્રસન્ન થઇ હતી, પરંતુ પાછી આપતાં તો એથીયે વધુ પ્રસન્ન થઇ.

સાયંકાળ થઇ ગયો હતો. રામપ્યારી ઇચ્છરા પહોંચી અને જલદી જલદી કરમદીન ગાડીવાળાને ત્યાં ગઇ. બારણું બંધ હતું. રામપ્યારી ગુનેગારની જેમ માથું નમાવીને ઉભી રહી અને વિચારવા લાગી: "બારણું કેમ કરીને ઉઘડાવવું ?" એટલામાં અંદરથી અવાજ સંભળાયો: "અલ્લા ! તેનો બેડો પાર પાડ." મારો ધણી કેદમાં છે અને તે ઘરમાં પડયો છે. જેની ભૂલ છે તેનું સત્યાનાશ જજો. અલ્લા, એને જુવાનીમાં મોત આપજો."

રામપ્યારી આ સહન કરી શકી નહિ. તેણે જોરથી સાંકળ ખખડાવી. ગાડીવાળાની સ્ત્રીએ બારણું ઉઘાડયું. રામપ્યારીએ ધાર્યું હતું કે તેની ગાળોનો જવાબ આપીને તેનું મોં બંધ કરી દઇશ; પણ તેની જીભ ઉપડી ન શકી અને પગ જમીનમાં ચોંટી ગયા.

ગાડીવાળાની સ્ત્રીએ જોયું તો કોઇ મોટા ઘરની સ્ત્રી ઉભી છે. તેણે ગભરાઇને કહ્યું: "આપ કોને પૂછો છો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામપ્યારીને વાત કરવાનો રસ્તો મળી ગયો. તેણે ધીરેથી જવાબ આપ્યો: "તમને."

" મને ? "

"હા, હા. હું તમારી અપરાધણ છું. તમારી પાસે ક્ષમા માગવા આવી છું."

ગાડીવાળાની સ્ત્રીએ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું: " સીધેસીધી વાત કરો ને, આપના કહેવાનો શો અર્થ છે ? "

" તું હમણાં ગાળો કોને દેતી હતી ? "

"લાલા ચીમનલાલને. તેમણે મારા ઘરવાળાને કેદ કરાવ્યા છે."

" હું તેમની સ્ત્રી છું. "

ગાડીવાળાની સ્ત્રી સ્તબ્ધ થઇ ગઇ અને નમ્રતાપૂર્વક વિનય–ભાવથી કહેવા લાગી: "મારૂં મન બહુ દુ:ખી થયું છે, મારી વાણી મારા કાબુમાં નથી. "

જ્યારે ક્રોધ નમ્રતાનું રૂપ ધારણ કરી લે છે ત્યારે અભિમાન પણ માથું નમાવી દે છે. રામપ્યારીએ હાથ જોડીને કહ્યું: "તેમને ગાળો ન ભાંડો, મને ભાંડો. એ મારો અપરાધ છે. જો હું સીધે માર્ગે ચાલતી હોત, જો હું યોગ્યાયોગ્ય વિચારીને ખર્ચ કરતી હોત તો આજ એમની આ દશા ન હોત. મખમલી સ્લીપર સિવાય મને ચેન પડતું ન હતું. ફળ વિના મને ખાધું પચતું ન હતું. રેશમનું થાન મારે માટેજ મંગાવ્યું હતું. સાડી મારે માટેજ આણી હતી. તમારી અપરાધણ હુંજ છું, તમારો શાપ મારા ઉપરજ પડવો જોઇએ. તમારે મનેજ ગાળો દેવી જોઇએ; તેઓ તો ઇચ્છતા હતા કે દંડ ભરી દે, પરંતુ મારૂં ફોગટ ખર્ચ વચમાં આવ્યું. તમે મને શાપ દો, તમારી અપરાધણ હુંજ છું."

ગાડીવાળાની સ્ત્રીએ મસ્તક નમાવીને જવાબ આપ્યો: "મારી જીભમાં કીડા પડો, આવી વાત કેમ કરી ? પણ રાણી ! જુઓ, મારા ઘરનો બધો માલ પચીસ રૂપિયાનોયે નથી, નહિ તો પહેર-વાનાં કપડાં વેચીને પણ તેમને છોડાવત. તમે નથી જાણતાં કે અમે પણ કોઈ વાર સારા દહાડા દેખ્યા છે, પણ આજ એક એક પૈસા માટે લાચાર છીએ. જ્યારથી તેઓ કેદમાં છે ત્યારથી ચુલામાં દેવતા પણ નથી સળગ્યો."

રામપ્યારીએ લુગડાને છેડેથી રૂપિયા છોડયા અને ગાડીવાળાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીના હાથમાં મૂક્યા. તે વખતે તેનું મન આનંદથી જેમ સૂર્યકિરણ જળ ઉપર નાચે છે તેમ નાચતું હતું. તેણે સારામાં સારૂં ભોજન કર્યું હતું; કિંમતીમાં કિંમતી વસ્ત્ર પહેર્યાં હતાં, ધનવાન સ્ત્રીઓને તે મળી હતી પરંતુ આવો આધ્યાત્મિક આનંદ, આવું સાચું સુખ તો તેણે પહેલીજ વાર અનુભવ્યું. તે આનંદથી કેળના પાનની જેમ ઝૂલવા લાગી.

ગાડીવાળાની સ્ત્રી કૃતજ્ઞતાના ભાવથી રામપ્યારીના ચરણોમાં ઢળી પડી અને રડતી રડતી બોલી: “ મને માફ કરો, મેં તમને બહુ દુ:ખ દીધું છે.”

રામપ્યારીએ તેને ઉઠાડીને છાતી સરસી ચાંપી, અને કહ્યું: “તેમને એ દિવસથી શરીરનુંયે ભાન નથી. તેમને માટે પ્રાર્થના કરો. તેથી એમનો તાવ ઉતરી જશે.”

ગાડીવાળાની સ્ત્રી ઘુંટણીએ પડી અને બે હાથ જોડીને બોલી: “અલ્લા, એમને રાજી કર, તેમના અંતરને ઠંડક આપ.”

રામપ્યારી અધીરી અધીરી થતી ઘેર ગઇ, પરંતુ આશિષ તો તેના પહેલાં પહોંચી ગઈ હતી. ચીમનલાલનો તાવ હલકો થઈ ગયો હતો અને તે ધીમે ધીમે પોતાની કન્યા સાથે વાતો કરતા હતા. રામપ્યારીને જોઇને બોલ્યા: “ સાડી હાથમાંથી ગઇ.”

“ પરંતુ તેના બદલામાં એવી શિખામણ મળી છે કે તે જીવતાં સુધી નહિ ભૂલું. હવે આપને કેમ છે ? ”

“ સારૂં છે.”

અને બીજે દિવસે તેમનો તાવ ઉતરી ગયો.

(“સરસ્વતી”ના એક અંકમાંથી અનુવાદક:-ત્રં. મા. શુકલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१३-आठ आनीनो चोर

(લેખક:-શ્રી. "સુદર્શન")

(૧)

રસીલો, જગતરામસિંહ એંજીનિયરને ત્યાં નોકર હતો. પગાર દશ રૂપિયા હતો. ગામમાં તેના વૃદ્ધ પિતા અને જુવાન સ્ત્રી ઉપરાંત એક પુત્રી અને બે પુત્ર હતા. એ બધાંનો ભાર તેનેજ માથે હતો. રસીલાને જે પગાર મળતો તે બધોય પોતે ઘેર મોકલી આપતો. તેમાંથી તે પોતાને માટે એક પૈસો પણ નહોતો રાખતો; છતાંયે ઘરનાં માણસોનું પૂરૂં નહોતું થતું. તેઓ રોઇ રોઇને પત્ર લખતાં કે આટલામાં પૂરૂં નથી થતું, વધારે મોકલો. રસીલો આ દશા જોઇને આકુળવ્યાકુળ થઇ જતો, અને વિચારતો કે હવે કરવું શું ? તેણે પગારમાં વધારો કરવા એંજીનીઅર સાહેબને કેટલીયે વાર પ્રાર્થના કરી પણ તેનું કંઈ વળ્યું નહિ. એંજીનીયર સાહેબે દરેક વખતે કહ્યા કર્યું કે "હું પગાર નહિ વધારી શકું, મરજીમાં આવે તો રહે નહિ તો ચાલ્યો જા. હું કંઈ તને બળજેરીથી રાખવા નથી માગતો." રસીલો અભણ હતો. તેને સભ્ય-સમાજનો પવન નહોતો વાયો. તે રીતિનીતિનાં ગૂઢ રહસ્ય નહોતો સમજતો. પરંતુ તે મૂર્ખ ન હતો. તે એટલું તો જાણતો હતો કે, બીજી જગાએ જવું એ ઠીક નથી. તે વિચારતો કે આઠ વર્ષથી હું અહીં નોકર છું, ઘરમાં હળીભળી ગયો છું. મોટા લોકોના ઘરનાં માણસો નોકરો ઉપર વિશ્વાસ નથી કરતાં, પરંતુ અહીં તો મારા ઉપર કોઇ શક સુદ્ધાં લાવતું નથી. અહીંથી છોડીને બીજી જગાએ જઇશ તો મને કોણ સો-પચાસની નોકરી આપી દેવાનું છે ? સંભવ છે કે કોઇ અગિયાર-બાર આપશે; પણ આટલો આદર-ભાવ નહિ હોય. રસીલો નોકરી છોડવાનું સાહસ ન કરી શક્યો. પરવશતાને લીધે તે જકડાઇ રહ્યો. તેના શેઠના બંગલાની પાડોશમાં શેખ સલીમુદ્દીન નામે એક જીલ્લા મેજીસ્ટ્રેટ રહેતા હતા. તેમના ચોકીદાર રમજાન મિયાંને અને રસીલાને બહુ ભાઇબંધી હતી. કલાકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી તેઓ સાથે બેસતા, વાતો કરતા અને તમાકુ પીતા. શેખ સાહેબ ફળના શોખીન હતા, રમજાન રસીલાને ફળ આપતો. એંજીનિયર સાહેબ મિઠાઇના રસિયા હતા, રસીલો રમજાનને મિઠાઈ આપતો. સાદાઇની આવી મહોબતમાં જે સ્વર્ગીય આનંદ છે તે નથી ધન-દોલતમાં કે નથી રાજમહેલોમાં. બન્ને ગરીબ હતા, બન્ને વિશ્વાસુ, એકબીજાને પોતાની એકેએક વાત સ્પષ્ટ રીતે કહી દેતા. કોઇ કોઈ વાર તેમની વચ્ચે ઝગડો પણ થતો. તે વખતે તેમની જીભ એવી ચાલતી કે જાણે દરજીની કાતર. પણ ઝગડો બહુ વાર નહોતો ટકતો. પ્રાતઃકાળે લડે ઝગડે તો સંધ્યાકાળે સંધિ થઇ જતી. દરજી કપડું ફાડીને સોય વડે સીવી લે છે, તે વખતે તે કપડામાં કેવી સુંદરતા હોય છે, કેવી આકર્ષણશક્તિ હોય છે; એવીજ દશા આ સાથીઓની હતી. તેમની લડાઇ પાણીના પરપોટા જેવી હતી, કે જે ઘડીકમાં થાય તો ઘડીકમાં ફૂટી જાય. તેનાથી પાણીને કશું નુકસાન નથી થતું, પણ કંઇક શોભામાં વધારો થાય છે.

(૨)

એક દિવસ રમજાને રસીલાને ઉદાસ જોઇને પૂછ્યું: "ભાઈ! તારા ચહેરા ઉપર આજે દિલગીરી શા માટે દેખાય છે?"

રસીલો ખરેખરો દુઃખી હતો. પરંતુ તેણે પોતાનું દુઃખ છુપાવવાનો યત્ન કરતાં કહ્યું: "હું ઉદાસ ક્યાં થયો છું. તને ભ્રમ થયો લાગે છે."

"ના, મારાથી તું છુપાવે છે."

"ભાઇ! મેં આજ સુધી તારાથી કોઇ પણ વાત છુપાવી નથી."

"પણ હવે તું છુપાવે છે. તારો ચહેરોજ કહી આપે છે."

રસીલાનું હૃદય રડતું હતું, પરંતુ તેણે હાસ્યપૂર્વક કહ્યું:— "આ તારો ભ્રમ શી રીતે દૂર થાય?"

"ગંગામૈયાના સોગન ખા."

રસીલાના મુખમાંથી ઉત્તર ના નીકળ્યો. તે નીચું જોવા લાગ્યો. રમજાને કહ્યું:—"લે, હવે તો કહી દે."

રસીલાએ ધીમેધીમે માથું ઉંચું કર્યું અને ઉંડો શ્વાસ લઇને બોલ્યો: "પૂછીને શું કરશે?"

"બીજુ કંઇ નહિ બને તો તારા દિલનો ભાર તો હલકો થશે."

રસીલાએ મસ્તક નીચું નમાવ્યું, અને તે વિચારવા લાગ્યો કે કહું કે ના કહું? પણ ના કહેવું અસંભવિત હતું. બીજા ગમે તેટલા દબાણ સામે માણસ ટક્કર ઝીલે છે, પણ પ્રેમ અને સહાનુભૂતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ઉભા રહેવાની તાકાત કોનામાં છે? રસીલાએ રમજાનની હઠ જોઇ લીધી એટલે તેની આંખો ભીની થઇ ગઇ. રમજાન સાથે તેને લોહીનો સંબંધ ન હતો, ધર્મ અને જાતિનો સંબંધ નહોતો; પરંતુ તેમ છતાંયે જે સંબંધને લીધે તે પોતાનું દુઃખ–દર્દ તેને કહેવાને અધીરો થઇ રહ્યો હતો, તે મનુષ્યત્વનો સંબંધ હતો. રસીલો વધુ વાર મૌન ન રહી શક્યો. તેણે અચકાતાં અચકાતાં કહ્યું:—"ઘેરથી કાગળ આવ્યો છે. છોકરાં માંદાં છે, અને રૂપિયા નથી."

"તો શેઠ સાહેબ પાસે અગાઉથી માગી લે, જરૂર આપશે."

"માગી ચૂક્યો, નથી આપતા."

"શું કહે છે?"

"કહે છે કે તું બહાનાં બતાવે છે, હું એક પૈસો પણ નહિ આપું. હું કેવો અભાગી છું! પેલાં ત્યાં માંદાં છે, હું મારા પ્રારબ્ધને રડું છું. મારા જેવા અભાગીઆઓને તો રુદન એજ અંતિમ સાથી છે."

રમજાને ઉંડો નિઃશ્વાસ મૂક્યો અને કહ્યું:—યા અલ્લાહ!"

"મનમાં તો થાય છે કે ઉડીને ઘેર પહોંચી જાઉં."

"અલ્લાહ તાલા તારૂં કલ્યાણ કરો."

"જાણે કોઇ તેના અંતરમાં તીવ્ર વેદના કરી રહ્યું છે."

"ભાઇ! ખુદાનું સ્મરણ કર."

"તેમની શી દશા છે તેનો કંઇ પત્તો નથી. બિચારાં ગભરાતાં હશે. થોડા રૂપિયા પણ મોકલી શક્યો હોત તો તેમને સંતોષ થાત."

રમજાને અત્યાર સુધી પોતાની જાતને કાબુમાં રાખી હતી. હવે તે વધારે વાર રોકાઈ શક્યો નહિ, માથું ઉંચું કરીને તે બોલ્યો–"કેટલા રૂપિયાથી તારૂં કામ પતશે?"

રસીલો ચોંકી ઉઠ્યો, આશાનું કિરણ તેની સમક્ષ દેખાવા લાગ્યું. થોડો આગળ ખસીને તે બોલ્યો: "દુર્ગા માતાના સોગન; આ વખત તો પાંચ રૂપીઆ પાંચ મહોરો જેવા છે."

રમજાન ઉઠીને ઉભો થયો. આ વખતે તેનું હૃદય એવી રીતે ધડકતું હતું કે જાણે કોઇ માણસ તેની દૃષ્ટિ સમક્ષ કોઇ બાળકનો વધ કરી રહ્યું છે. તેણે રસીલાને રોકાવાનો ઇશારો કર્યો અને તે પોતાની કોટડીમાં ચાલ્યો ગયો. થોડી વાર પછી તેણે રૂપિયા રસીલાના હાથમાં મૂક્યા. રસીલાના મુખમાંથી એક શબ્દ પણ ન નીકળી શક્યો. તે તે સમયે કૃતજ્ઞતાની એટલી હદે પહોંચી ગયો હતો કે જ્યાં માણસને પોતાનો ભાવ પ્રકટ કરવાને શબ્દો નથી મળતા. તેણે આંસુથી ભીની થયેલી આંખો ઉંચી કરી અને આકાશ તરફ જોઇને માથું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમાવી દીધું. તે મનમાં વિચારતો હતો–"શેઠ સાહેબ પાસે કંઈ પૈસાનો ટોટો નથી. જો અગાઉથી આપ્યા હોત તો હું નાસી તો ન જાત. મેં તેમની કેટલીયે સેવા કરી છે. મારો શું એટલોયે અધિકાર નહિ! રમજાન ગરીબ માણસ છે. તેની પાસે બહુ હશે, તો વીસ–પચીસ રૂપિયા હશે. પરંતુ મારા દુઃખના દિવસોમાં તેણે મારો હાથ પકડયો. તે માનવી નથી પણ દેવતા છે. હું તેની ભલમનસાઇનો શો બદલો આપું? દુર્ગા માતા તેનું ભલું કરો!"

(૩)

કેટલાય મહિના વીતી ગયા, રસીલાનાં બાળબચ્ચાં સાજાં થઈ ગયાં. તેણે રમજાનનું દેવું ચૂકવી દીધું છે. હવે તેને માત્ર આઠ આના આપવાના બાકી છે. રમજાને એ પૈસા માટે કદાપિ તગાદો કર્યો નથી કે નથી તેની વાત પણ સંભારી. તેને પૈસાની માગણી કરવાનુંયે મન થતું નહિ. પણ રસીલાના હૃદય ઉપર તે દેવું એક ભાર જેવું લાગ્યા કરતું. તેની સમક્ષ તે મસ્તક ઉંચું કરી શકતો નહિ, તેમજ તેની સાથે ખુલ્લે અવાજે વાતચીત પણ કરી શકતો નહિ. તે એટલે સુધી કે શેખ સાહેબના બંગલામાં અવકાશને સમયે પગ મૂકતાં પણ તેને શરમ આવતી. એવાએ દિવસો હતા કે જ્યારે તે આવા સમયને માટે અધીરો થઇ જતો. પણ ત્યારે તો તે કોઇનો દેવાદાર નહોતો. હાલ તો તેને રમજાનનું દેવું ચૂકવવાનું હતું. તેણે થોડે થોડે થઇને સાડાચાર રૂપિયા તો ચૂકવી દીધા હતા. હવે માત્ર આઠ આના બાકી હતા.

ત્રીજા પહોરનો સમય હતો. રસીલો ઘરનું કામકાજ પૂરું કરી રમજાન મિયાંને મળવા ચાલ્યો; પણ તે ત્યાં ન હતો. રસીલો નિરાશ થઇને પાછો આવ્યો; અને નાહવાના ઓરડામાં બેસીને હુક્કો પીવા લાગ્યો. આ ઓરડો લાલા જગતરામસિંહની ઑફિસની પાસેજ હતો. હુક્કો પીતાં પીતાં તેને લાગ્યું કે ઑફિસમાં કોઇ વાતચીત કરી રહ્યું છે. રસીલો ગભરાયો. આ વખતે સામાન્ય રીતે બાબુસાહેબ ઘેર નહોતા રહેતા. તેમનો એ કચેરીનો સમય હતો. રસીલો બારણા આગળ કાન ધરીને સાંભળવા લાગ્યો. એંજીનીઅર સાહેબ જાતેજ બીજા કોઈ સાથે વાત કરતા હતા. રસીલાને સંતોષ થયો, પણ તે ત્યાંજ ઉભો રહ્યો. સંતાઇને વાતો સાંભળવામાં આપણને સામાન્ય રીતે મજા પડે છે રસીલો એ વાતો સાંભળીને ચમકી ઉઠયો. એ માણસ એંજીનીઅર સાહેબને લાંચ આપવા આવ્યો હતો. તેને પોતાના કાન ઉપર વિશ્વાસ નહોતો આવતો, પણ શબ્દો સ્પષ્ટ હતાઃ

"આ મને આપ શું આપી રહ્યા છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પાંચસો રૂપીઆ છે."

"આટલી થોડી રકમ હું નહિ લઉં. આ તો મારૂં અપમાન થાય છે."

"હું આપનો ગુલામ છું. આ રકમ નથી, આ તો પાન-સોપારી માટે ભેટ છે. આપ સમજજો કે આપે મારૂં કામ મફત કરી દીધું છે. એ ઉપકાર આખી જીંદગી સુધી નહિ ભૂલું. જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આપને દુવા દેતો રહીશ."

લાલા જગતરામે ધીરેથી કહ્યું: "ઠીક છે. તમારી પાસેથીજ એટલેથી પતવી લઉં છું."

રસીલો આ શબ્દોમાંથી કંઈ સમજ્યો, કંઈ ન સમજ્યો. પરંતુ તેનો અર્થ સમજતાં તેને વાર લાગી. પાપ અને અત્યાચારને મૂર્ખ પણ સમજે છે. તેને ડર હતો કે કદાચ કોઇ ચોર તો શેઠ સાહેબના મકાનમાં હાથ મારવા નહિ આવ્યો હોય. પરંતુ અહીં તો ઉલટી વાત હતી. શેઠ સાહેબ જાતેજ કોઈ ભલા માણસને લૂંટી રહ્યા હતા. રસીલાએ આત્મ-પતનનું આ લોભમય દૃશ્ય જોયું, એટલે તેના હૃદયમાં અસંતોષની જ્વાળા ભભૂકી ઉઠી. તે વિચારવા લાગ્યો: "રૂપિયા કમાવાનો આ રસ્તો કેવો સરસ છે, કેટલો સરળ છે! લાલા સાહેબે તો કંઇ મહેનતે નથી કરી કે નથી મગજમારી પણ કરી. માણસ આવ્યો અને ઘેર બેઠાં લક્ષ્મીદેવીને પધરાવી ગયો. હું એક-લોજ એવો છું કે આખો દિવસ મજૂરી કરૂં છું અને તોય કેટલાય મહિના પછી દશબાર રૂપિયા જોવા પામું છું. પાપસાગરના આ ભયંકર પ્રવાહે, જેમ દરિયાની લહેરો કિનારાના પ્રદેશને ભીંજવી દે છે, તેમ તેની વરસોની ઇમાનદારી ઉપર પાણી ફેરવ્યું. ઘણી વાર સુધી તે મસ્તક નીચું રાખી પોતાના વિચારોમાં લીન થઇ ગયો અને ત્યારબાદ ફરીથી રમજાનના તરફ ગયો. એ વખતે રમજાન બેઠો બેઠો સીગારેટ પીતો હતો. રસીલાને જોતાંજ તે બોલ્યો: "ભાઇ સાહેબ! આજ અત્યારસુધી ક્યાં છુપાઇ ગયા હતા?"

"કંઇ પૂછતો નહિ."

"કેમ એવી તે શું વાત છે?"

"દુનિયામાં અદ્‌ભુત વાતો બન્યા કરે છે."

"પણ વાત કહેશે કે પહેલેથીજ ઉડાવી દેશે?"

"મિયાં સાહેબ, જીભ ખોલતાં ડર લાગે છે."

"તો મને લાગે છે કે મારા ઉપર તને વિશ્વાસ નથી."

રસીલાએ કહ્યું: "એ તો તારો ભ્રમ છે. તારી ઉપર વિશ્વાસ નહિ હોય તો બીજા કોની ઉપર હશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો પછી છુપાવે છે શું કામ?"

રસીલાએ ચારે બાજુએ જોયું કે કોઇ સાંભળતું તો નથી. પછી ધીમેથી કહ્યું: "કોઇને કહેશે તો નહિ ને?"

"કહું તો જીભ ખેંચી કાઢજે."

રસીલાએ બધી વાત કહી. રમજાને પૂછયું: "બસ એજ વાત હતી ને?"

"હા ભાઈ! હું એને નાની સૂની વાત નથી સમજતો."

રમજાને રસીલા તરફ રહસ્યભરી દૃષ્ટિ ફેંકી અને કહ્યું: "અમારા શેખ સાહેબ વિષે તારો શો અભિપ્રાય છે?"

"ભગવાન જાણે. આપણે કોઇનું મન કાંઇ જાણી બેઠા છીએ! પણ માણસ તો નેક લાગે છે."

"એ તો વળી તારા લાલા સહેબનાય ગુરુ છે."

"તને મારા સોગંદ! ચાલબાજી તો નથી કરતો ને?"

"આજ પણ એક શિકાર હાથ આવ્યો છે. હજારથી ઓછામાં પત્તો ખાય તેમ લાગતું નથી."

"તો શું આ લોકો આવી રીતેજ પૈસા કમાય છે?"

"તો બીજું શું? પગાર ઉપર રહે તો આવાં મોટાં મોટાં મકાન કેવી રીતે ઉભાં કરે? આ ગુન્હાનું ફળ મળશે કે નહિ તે તો પ્રભુ જાણે. પણ આ દુનિયામાં તો તેઓ મજા ઉડાવે છે."

(૪)

રસીલો વિચારવા લાગ્યો કે આજસુધી મેં મૂર્ખાઈ કરી, મારા હાથમાંથી સેંકડો રૂપિયા પસાર થઈ ગયા, પણ કદાપિ ધર્મ બગાડયો નથી. એક એક આનો પણ ઉઠાવ્યો હોત તો અત્યારે મારી પાસે સારી એવી રકમ એકઠી થઇ હોત. આજે હું જુવાન છું, કમાઉં છું અને ખાઉંપીઉં છું. કાલે ઘરડો ડોસો થઈશ તો કોણ ખાવાનું આપવાનું છે? શેઠ સાહેબ તો લાત મારીને કાઢી મૂકશે, તે વખતે હું બેઠો બેઠો નસીબને રડીશ. ધર્મની શોભા બહુ છે; પણ તેથી કંઇ પણ મળતું નથી. પાપનું નામ ભૂંડુ છે પણ તે જેને ફળે છે તેનો તો બેડો પાર કરી દે છે; અને તો પછી ધર્મ શું માત્ર અમારે મજૂરોને માટેજ છે? આ મોટા માણસોએ કંઇક તો ખ્યાલ રાખવો જોઇએ! જ્યારે એ બધા અમારી કંઇજ પરવા કરતા નથી તો અમારે પણ શા સારૂ કરવી? આજ સુધી બહુ બહુ કર્યું, હવે નહિ કરૂં." એટલામાં લાલા સાહેબે તેને બોલાવીને કહ્યું:-"રસીલા! લે, દોડતો જઇને આ પાંચ રૂપિયાની મિઠાઇ લઇ આવ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસીલાને તક મળી ગઇ. પાપ માણસ પાસે ચાલીને સામું આવે છે. કોઇને તેની શોધ કરવાની જરૂર પડતી નથી. રસીલાએ સાડાચારની મિઠાઇ ખરીદી અને આઠ આની રમજાનને આપી દીધી. તેણે માન્યું કે દેવાનો ભાર ઉતરી ગયો; પણ પાપનો ભાર ક્યારે ઉતરશે, તેનો ખ્યાલ ન કર્યો. માણસ કેટલો અદૂરદર્શી છે! તે આ સંસારની આજને જુએ છે, પણ બીજી દુનિયાની કાલને નથી જોતો. જો દેખે તો તો સંસાર સ્વર્ગ બની જાયને!

બાબુ જગતરામસિંહે મિઠાઈ જોઇ તો ચમકી ઉઠયા. તેમને રસીલા ઉપર શક ગયો, તેમણે પૂછયું:–"આ મિઠાઇ કેટલાની છે?"

રસીલાના હોશકોશ ઉડી ગયા, તેણે વિચાર કર્યો કે શું પહેલું-જ પાપ ખુલ્લું થઈ જશે? પરંતુ સાહસપૂર્વક તેણે કહ્યું:–"હજુર! પાંચ રૂપીઆની છે."

"સાચું કહે છે શું? તું આજ સુધી જૂઠું બોલ્યો નથી? જો, સ્પષ્ટ વાત કરી દે. સાચને કદી આંચ આવતી નથી."

"નાજી શેઠ સાહેબ! હું જૂઠું શા માટે બોલું? પુરા પાંચ રૂપિયાની છે."

પણ જગતરામસિંહને વિશ્વાસ ન આવ્યો. રસીલાનો ઉડી ગયેલો ચહેરો અને ગભરાયલી આંખોએ કામ બગાડયું. નવા પાપીની જીભ જૂઠું બોલી શકે છે, પણ આંખો જૂઠું નથી બોલી શકતી. જૂઠું બોલવા માટે તો સંકલ્પ પૂરતો છે, પણ આને માટે અભ્યાસની જરૂર છે. રસીલો જૂઠું બોલી રહ્યો હતો, પણ આંખો સાથ નહોતી આપતી. જગતરામસિંહ સઘળું સમજી ગયા. તેમણે મોટે અવાજે કહ્યું:–"તું બકે છે, આ મિઠાઈ પાંચ રૂપિયાની ન હોય."

જૂઠો માણસ બહુ જલદી રડી પડે છે; અને એ રીતે તે બીજાનો કૃપાપાત્ર બની જાય છે. રસીલો પણ રડવા લાગ્યો. એંજીની-અર સાહેબની સ્ત્રી ઉપર અસર થઇ. તેણે કહ્યું:–"રહેવા દો, હવે બહુ થયું. કેટલો બધો સતાવો છો! એ બિચારે કોઇ દિવસ એક પૈસો પણ આઘો પાછો નથી કર્યો."

રસીલાને ઉપરાણું લેનાર મળવાથી ડૂબતાને નૌકા મળવા જેવું થયું. તે વધારે ઘાંટા પાડીને રડવા લાગ્યો:–"શેઠ સાહેબના સોગન, મેં એક પૈસો પણ નથી લીધો. આ પુરા પાંચની છે!"

બાબુ જગતરામસિંહે રસીલાને એક તમાચો લગાવી દીધો અને જોરદાર અવાજે પૂછયું:–"કઇ દુકાનેથી લાવ્યો છે?"

"મોટા ચોકમાંની દિલ્હીવાળાની દુકાનેથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો, જૂઠું ના બોલ, સાચેસાચું કહી દે, તને માફી આપીશ."

"ના શેઠ સાહેબ, મારો ગુન્હો હોય તો માનું ને."

"તો ચાલ મારી સાથે, હમણાં સાચું જૂઠું નક્કી થઇ જશે."

રસીલો શેઠ સાહેબની સાથે ગયો. તે વખતે તેના પગ ધ્રૂજતા હતા, પરંતુ પગ કરતાં તો તેનું દિલ વધારે કંપી રહ્યું હતું. તે ઇચ્છતો હતો કે હવે ગયો સમય ક્યારે પાછો આવે; પણ પરમાત્માનો એ અટલ નિયમ શી રીતે બદલાઇ જાય? તેણે રસ્તામાં એક વાર ફરીથી કહ્યું:–"હજૂર! જો મેં ચોરી કરી હોય તો મારા શરીરમાં કોઢ નીકળે."

એંજીનીઅર સાહેબે સાંભળ્યું ના સાંભળ્યું કર્યું. જૂઠો માણસ અનેક વાતો કરે છે, પણ તેમાં કંઇજ દમ નથી હોતો. એટલે તે ગભરાય છે; પણ સાચો માણસ તો ગર્વપૂર્વક માથું ઉંચું રાખી ચાલે છે. તેને નથી કોઇનો ભય હોતો કે નથી તે પરીક્ષાસમયે પાછો હઠતો. એંજીનીઅર સાહેબે બેપરવાઈથી જવાબ આપ્યો: "મારી સાથે ચાલ્યો આવ. હવે આ બાબત મિઠાઈવાળા આગળજ કહેજે."

હવે ચારે રસ્તા બંધ હતા. રસીલાને છટકવાનો કોઇ પણ લાગ ન મળ્યો. તે અચાનક અટકી ગયો. એંજીનીઅર સાહેબે કહ્યું:–"ચાલતો કેમ નથી?"

રસીલાએ માથું નમાવ્યું અને કહ્યું:–"ત્યાં જઇને હું શું કરૂં?"

એંજીનીઅર સાહેબે તેના તરફ તીવ્ર દૃષ્ટિએ જોઇને પૂછ્યું– "તો તું ચોરી માની લે છે?"

"હવે જે કંઈ ત્યાં જઇને થવાનું છે તે અહીંજ શા સારૂ ન થઇ જાય? શેઠ સાહેબ! આપ તો માબાપ છો. આટલી ભૂલ થઈ ગઇ. આટલી વાર માફ કરો. ફરી ભૂલું તો ચામડી ઉતારી લેજો."

"મિઠાઈ કેટલાની હતી?"

"સાડાચાર રૂપીઆની. આઠઆની રમજાનને આપી દીધી છે. તેની પાસેથી પાંચ રૂપીઆ ઉધારે લીધા હતા. બાકીના પૈસા ચૂકવી દીધા હતા. આઠ આના રહ્યા હતા તે આજે ચૂકવ્યા."

એંજીનીઅર સાહેબની આંખોમાંથી અગ્નિ વરસવા લાગ્યો. તેમણે રસીલાને ઘેર લાવી મારી શકાય તેટલો માર્યો. એટલી નિર્દયતાથી તો ધોબી કપડાંને પણ પથ્થર ઉપર નહિ પછાડતો હોય. રસીલાએ કદી માર ખાધો ન હતો. તે કસાઈની છરી માટેનું બકરૂં જેમ ચીસો પાડે તેવી ચીસો પાડતો હતો. તેના અવાજથી તો પથ્થર પણ પીગળી જાય. પણ એંજીનીઅર સાહેબને તેના ઉપર જરા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા ન આવી. તે એટલે સુધી કે નેતરની સોટીને તેના ઉપર દયા આવી ગઇ અને તેના ચિરાડેચિરાડા થઇ ગયા. એંજીનીઅર સાહેબે હાથ રોકયો, પણ તેમનું હૃદય હજુ ન રોકાયું. તેમણે રસીલાને પોલીસને હવાલે સોંપ્યો, અને પેલી લાંચના પાંચસો રૂપિયામાંથી પાંચ રૂપિયાનો નોટ સિપાઇને આપીને કહ્યું:—"ગુન્હો કબૂલ કરાવી લેજો. લાતોનું ભૂત વાતોએ નથી માનતું."

(૫)

બીજે દિવસે મુકદ્દમો શેખ સલીમુદ્દીનની કચેરીમાં રજુ થયો. રસીલાએ હાજર થતાંજ પોતાનો ગુન્હો કબૂલ કરી લીધો. તેણે કોઇ પણ જાતની આનાકાની કરી નહિ. પોતાના બચાવનું કોઇ પણ કારણ રજુ કર્યું નહિ અને કંઈ જૂઠું પણ બોલ્યો નહિ. તેણે ધાર્યું હોત તો તે કહી શકત કે આ સઘળું બનાવટી છે. હું તેમને ત્યાં નોકરી કરવા નહોતો ઇચ્છતો. તેમણે મને ફસાવવાને માટે આ જાળ બિછાવી છે. મિઠાઇવાળાને તો પૂછવુંજ શું! તેના ઘરની મિઠાઇ તેમને ત્યાં દરરોજ જાય છે. તે તેમના પક્ષમાં ન બોલે તો શું મારા પક્ષમાં બોલે? પણ તેણે એવું તેવું કંઇજ ના કહ્યું. એક અપરાધ તે કરી ચૂકયો હતો, બીજો કરવાનું સાહસ તેનાથી ના થયું. હવે તેની આંખો ઉઘડી ગઇ હતી. તેના અપરાધનું કારણ કેવું નાનું હતું, કેટલું શિક્ષાપ્રદ હતું. તેણે કચેરીમાં જતાંજ પોતાનો અપરાધ કબૂલ કરી લીધો અને હાથ જોડીને કહ્યું:—"હજુર! આ મારો પહેલો ગુન્હો છે. આ વખતે માફ કરો, ફરીથી આવી ભૂલ નહિ થાય."

શેખ સાહેબ ન્યાયપ્રિય માણસ હતા. તેઓ દયા કરવાનું સમજ્યાજ નહોતા. તેઓ માત્ર ન્યાય કરતા. રસીલાને માફી આપી હોત તો તેમના નામને બટ્ટો લાગત, તેઓ શહેરમાં મુખ ન બતાવી શકત. ન્યાયાસને બેસીને તેઓ અન્યાય શી રીતે કરી શકે? તેમણે રસીલાને છ માસની કેદની સજા ફરમાવી અને પોતાના મુખ ઉપર રૂમાલ ફેરવ્યો. આ એજ રૂમાલ હતો કે જેમાં એક દિવસ કોઇ આસામી અથવા આસામીનો સંબંધી એક હજાર રૂપિયાની નોટો બાંધીને તેમને ભેટ કરી ગયો હતો.

રસીલાએ આ ફેંસલો સાંભળ્યો, તેનો ચહેરો જરા પણ ફિક્કો ન પડયો; પણ રમજાનની આંખોમાં ખુનસ ભરાઇ આવ્યું. તે મનમાં ને મનમાં વિચારતો હતો કે આ ન્યાય નથી પણ ન્યાયની હત્યા છે. અહીં ન્યાયનાં નાટક ભજવાય છે. ન્યાયને નામે તાળીઓ પીટાય છે, પણ તે ન્યાય, તે સ્વર્ગોપમ સુષુમા, તે દુનિયાની જ્યોતિ ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? કોણે જોઇ છે?

આ દુનિયા ન્યાયપુરી નથી, અંધેરી નગરી છે. અહીં ચોર-માલિક પકડાવે છે, ચોર-સિપાઇ પકડે છે અને ચોર-હાકેમ સજા કરે છે. પેલો તો ચોર એટલાજ માટે કે તેનો ગુન્હો ખુલ્લો થઇ ગયો. પરંતુ પેલા સભ્ય ચોરો, પેલા ખરા લૂંટારાઓ કે જેઓ પોત-પોતાનાં ઘરોમાં બેસીને આરામથી બીજાનાં ધન પડાવે છે તેમને કોઇ નથી પૂછતું.

રમજાન ઘેર પહોંચ્યો તે વખતે તેનો ચહેરો નિરાશાની સજીવ મૂર્તિ જેવો હતો. એક દાસીએ પૂછયું: "કેમ રમજાન! રસીલાને શું થયું?"

"છ માસની કેદનો હુકમ થયો છે."

દાસીએ ઘૃણાપૂર્વક કહ્યું: "બહુ સારૂં થયું. કમબખ્ત એજ દાવનો હતો. એજ યોગ્ય થયું છે."

પણ રમજાન જાણે કોઇ વકીલ હોય તેવી રીતે તેણે કહ્યું: "ના, તમારી ભૂલ થાય છે. આ ઇન્સાફ નથી, પણ અંધેર છે."

દાસીએ સમજવા પ્રયત્ન કર્યો, પણ રમજાનના કહેવાનો ભાવાર્થ તે ન સમજી શકી.

રાતને સમયે જ્યારે એક હજાર, પાંચસો અને પાંચ રૂપિયાના ચોરો પોતપોતાનાં મકાનમાં સુંવાળી એવી શય્યાઓમાં શાંતિથી સૂઇ રહ્યા હતા; ત્યારે પેલો આઠ આનીનો ચોર જેલની બંધ અને અંધારી કોટડીમાં પુરાયો હતો અને પોતાને બીજે દિવસે ભોગવવાનાં કષ્ટ સહન કરવાની તૈયારી કરી રહ્યો હતો!

('સરસ્વતી'ના એક અંકમાંથી અનુવાદકઃ-ત્ર્યં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१४–एक अबळानी आपवीती

(લેખકઃ–શ્રી. શાલીગ્રામ)

(નીચેનો હેવાલ એ એક સાચો બનાવ છે. તે અમે નામઠામ તથા ઠેકાણું વગેરેનો ફેરફાર કરીને જેમનો તેમ અત્રે રજુ કરીએ છીએઃ—**લેખક**)

પ્રયાગ શહેરમાં દારાગંજ નામે એક પ્રસિદ્ધ સ્થળ છે. હું તેજ મહોલ્લાના એક સારા ઘરની સ્ત્રી છું. મારા પતિ એક નામાંકિત વકીલ હતા. તેમના સરળ સ્વભાવ તથા નિષ્કપટ પ્રેમથી મારૂં હૃદય ગદ્‌ગદ્‌ થઇ જતું હતું. તેઓ પણ મારી અલ્પ સેવાથી બહુ પ્રસન્ન રહેતા હતા. ઈશ્વરે બે બાળકો પણ આપ્યાં. અમે બન્ને એક-બીજાના ભાગ્ય ઉપર ખુશી ખુશી થઈ જતાં હતાં. એમ કરતાં દશ પંદર વર્ષ અતિ આનંદથી વહી ગયાં. ત્યારપછી નસીબની બાજી પલટાઇ ગઇ. પતિદેવને પહેલાં તો થોડી થોડી શરદી લાગુ થઇ. પછી ધીમે ધીમે ઉધરસે તેમનો પીછો પકડયો અને તેમને ક્ષયનો રોગ લાગુ પડયો. જે કંઇ હાથમાં હતું તે બધું કર્યું. તે એટલે સુધી કે રૂપિયા પૈસા થઇ રહ્યા પછી મારાં ઘરેણાં ગાંઠાં વેચીસાટી-ને દવા વગેરેમાં વાપરી દીધાં; પણ અંતે કંઇ પણ ફાયદો ન થયો. મારા પતિ સ્વર્ગવાસ પામ્યા. જાણે મારે માથે દુઃખનો ડુંગર તૂટી પડયો. ઘરમાં હું એકલી અને બે બાળકો રહી ગયાં. આગળપાછળ-નું કોઇએ ના મળે. કંઇ પણ સમજાતું નહિ કે શું કરૂં? પાપી પેટ-ને કંઈ પણ આપ્યા વિના તો ચાલતું નહોતું. તેથી વિવશ થઇને પાડોશના કોઇ મોટા માણસના ઘરમાં કંઇ નાનું મોટું કામ કરીને ગુજરાન કરવા લાગી.

તે ઘરમાં એક મડમ સાહેબ તેમની વહુ–દીકરીઓને ભણાવવા માટે આવતી હતી. કેટલાક દિવસ સુધી તો મારે ને એને કંઈ પણ વાતચીત ન થઇ. મારે તેનું કામ પણ શું હોય? પરંતુ તે મને ઉદાસ અને ચૂપચાપ બેઠેલી જોયા કરતી હતી. તેથી આપોઆપ તેનું ધ્યાન મારા તરફ ખેંચાયું. એક દિવસ એકલી જોઇને તેણે મને પૂછ્યુંઃ "બહેન! તું કોણ છે? તારા પર એવું શું દુઃખ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું છે કે તું આમ ઉદાસ રહ્યા કરે છે? મેં મારા મનમાં વિચાર્યું કે એ તો ખ્રિસ્તી છે. મારે એની સાથે શો સંબંધ છે કે હું એને મારા ઘરની વાત કહું? એ મને શું મદદ કરવાની હતી? તેથી હું માત્ર આંસુ પાડીનેજ અટકી ગઈ. તે દિવસે મેં તેને કંઈજ ન કહ્યું. તે ચાલી ગઇ. પરંતુ બીજે ત્રીજે દિવસે જ્યારે તે મને એકલી જોતી ત્યારે મારી પાસે આવીને બેસતી અને બહુ પ્રેમ અને સ્નેહપૂર્વક પૂછતી હતી કે બહેન! તારૂં દુઃખ મારાથી જોઇ શકાતું નથી. શું તું મને પરાઇ સમજે છે? તારી સ્થિતિ કેમ નથી જણાવતી કે જેથી હું કંઈ મદદ કરૂં? ધીમે ધીમે તેની મીઠું મરચું ભભરાવેલી વાતો સાંભળીને મને તેના ઉપર વિશ્વાસ બેઠો કે તે મારા પ્રત્યે ખરા દિલથી સહાનુભૂતિ બતાવે છે તો એને મારૂં દુઃખ કહેવામાં શું હરકત છે?

એક દિવસ મેં તેને મારી બધી હકીકત કહી સંભળાવી. તેણે સાંભળીને કહ્યું કે "બહેન! ગભરાવાની કંઇજ જરૂર નથી. અમે તારે માટે ખાવાપીવાની, કપડાંલત્તાંની તથા તારાં બાળબચ્ચાંને ભણાવવાની યોગ્ય વ્યવસ્થા કરી આપીશું." મેં કહ્યું: "મારે બીજું કંઇ નથી જોઇતું, મારો મોહન કાનપુરમાં છે ત્યાં મને કોઇ પણ રીતે પહોંચાડશો તો તમારો બહુજ આભાર માનીશ." તેણે કહ્યું: "એમાં તે શી મોટી વાત છે. અમારે એક કામપ્રસંગે કાનપુર જવાનું છે. ઠીક, તું તૈયાર રહેજે. પરમ દિવસે સવારે જઈશું." આ બધી વાતો એવી ગુપચૂપ થઇ હતી કે તેની કોઇને ખબર ન હતી. મેં પણ કોઇની સાથે એ વિષે કંઈજ ચર્ચા કરી નહોતી.

ત્રીજે દિવસે સવારે તે મડમ એક ગાડી લઇને મારા ઘર આગળ આવી પહોંચી. તેની સાથે બીજી એક હસમુખી જુવાન મડમ પણ હતી. હું ગાંસડી પોટલી બાંધી તૈયાર થઇનેજ બેઠી હતી. બાળકો તથા સામાન લઇ ગાડીમાં બેસીને તેમની સાથે ચાલી નીકળી. તે વખતે એટલું અંધારૂં હતું કે મહોલ્લાનાં માણસો સૂઇ રહ્યાં હતાં; મને ટોકનાર કોઈ ન હતું. ગાડી સ્ટેશને પહોંચી અને મોટી મડમ નીચે ઉતરીને ટિકિટ લઇ આવી. બીજી મડમ તેની સાથે મને પ્લેટફૉર્મ ઉપર લઇ ગઇ. ભાડું પણ તેમણે પોતાની પાસેથી આપ્યું અને મારાં બાળકોને ખાવાપીવા માટે થોડી પુરી અને મિઠાઇ લાવી આપી. બીજી મડમ મારા નાના બાળકને ખોળામાં લઇ રમાડવા લાગી. હું તેમના આ બધા ઉપકારના બોજા તળે દબાતી જતી હતી. અને મનમાં વિચાર કરતી હતી કે, અહો! આ તે કેવી દયાની દેવી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ છે કે બધું ખર્ચ પોતાની પાસેથીજ કરે છે, અને મને સહેજ સ્વભાવે મારે પીએર પહોંચાડી દે છે! મેં તેને પહેલેથી બધી હકીકત ન કહી એ બહુ ભૂલ કરી. ગાડી ઉપડી, ચાર પાંચ કલાક પછી અમે કાનપુર સ્ટેશને પહોંચ્યાં. મેં મારો સામાન સંભાળવા માંડયો. બાળકોને કહ્યું કે, હવે તમારા મામાનું ઘર પાસે આવ્યું છે. હોંશિયાર થઇ જાઓ. મોટી મડમે કહ્યું: "બહેન! ઉતાવળ ના કર. આ મોટું સ્ટેશન છે. અહીં અર્ધો કલાક સુધી ગાડી ઉભી રહે છે. હું પહેલી ઉતરીને મજૂર અને ગાડીનો બંદોબસ્ત કરી આવું. તું અહીંજ બેસી રહે, હું બધું ઠીકઠાક કરીને હમણાંજ આવું છું. કેટલીક વાર સુધી મેં રાહ જોઇ. જ્યારે તે ન આવી ત્યારે મેં બીજી મડમને કહ્યું: "જુઓ, તે તો હજુ સુધી ન આવી. જોજો, ગાડી ઉપડી જાય નહિ. કહો તો મારો સામાન નીચે ઉતારી બહાર મૂકું." તેણે કહ્યું: "ના, ના, એમ ના કરશો. અહીં ચોરલૂંટારા બહુ હોય છે. કોઇ તમારો સામાન ઉઠાવીને ચાલતો થશે. તમે અહીંજ બેસી રહેજો. હું તેને શોધી લાવું છું." એમ કહીને તે પણ ચાલી ગઇ. હવે હું એકલી રહી ગઇ. જેમ જેમ વાર થતી હતી તેમ તેમ મારો જીવ ગભરાતો હતો. અંતે જ્યારે સિસોટી વાગી અને ગાડી ઉપડવાની તૈયારી થઇ ત્યારે તે બન્ને મડમો આવી. મેં કહ્યું: "તમે ક્યાં ગયાં હતાં? ઉતાવળ કરો; ગાડી ઉપડવાની તૈયારીમાં છે." તેમણે કહ્યું: "અમને હમણાંજ ઇટાવાથી 'સ્ત્રી મિશન'નો તાર મળ્યો છે. એટલે અમારે પહેલાં ત્યાં જવું ખાસ જરૂરનું છે. તમે ગભરાઓ નહિ. આઠ દશ દિવસ પછી તમને ત્યાંથી તમારે પિયેર પાછાં મોકલી દઇશું. મેં રડતાં રડતાં કહ્યું: "મને ઉતારી દો. હું પૂછતી પૂછતી ચાલી જઇશ." પરંતુ તેમણે કંઈ પણ સાંભળ્યું નહિ. એટલામાં ગાડી ઉપડી અને હું તેમની સાથે ઇટાવા ગઇ. ત્યારે મને વિચાર આવ્યો કે હું ક્યાંથી આમના પંજામાં ફસાઇ પડી. પરંતુ મારૂં કંઇ ચાલી શકે તેમ ન હતું. સ્ટેશને ઉતારીને મને તેઓ મિશન હાઉસમાં લઇ ગઇ. ત્યાં મારા રહેવાની અને ખાધાપીધાની યોગ્ય ગોઠવણ કરી. પરંતુ મને એક દિવસ પણ ત્યાં ગમતું ન હતું. હું તેમને વારંવાર કહેતી કે મને ક્યારે કાનપુર પહોંચાડશો? તેમણે બે ત્રણ દિવસ તો બહાનાં બતાવ્યાં. પછી એક દિવસ મને કહ્યું કે જુઓ, તમે હિંદુ છો. તમારો ધર્મ કાચા તાંતણા જેવો છે. તમારા પિયેરવાળાં જ્યારે સાંભળશે કે તું આટલા દિવસ ખ્રિસ્તીઓ સાથે રહી તો તેઓ તને ખ્રિસ્તી થઇ ગયેલી જાણીને ઘરમાં પેસવા પણ નહિ દે. તેથી હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું પ્રભુ ઈશુ ખ્રિસ્તને શરણે આવ. એમાંજ તારૂં કલ્યાણ રહેલું છે. તને બહુ સુખથી રાખીશું. તારાં બાળકોના શિક્ષણનો પણ યોગ્ય પ્રબંધ કરી આપવામાં આવશે." આ સાંભળીને હું રડવા લાગી અને મેં કહ્યું કે તમે મને ભારે દગો દીધો છે. હું મારો ધર્મ કદી પણ નહિ છોડું અને તમારૂં અડકેલું નહિ ખાઉં. તે દિવસે તેઓ ચૂપ રહી, પરંતુ ફરીથી મને વારંવાર સમજાવવા પટાવવા લાગી અને હું તેનો ઇન્કાર કરતી રહી. આખરે જ્યારે મને લાગ્યું કે મારૂં કંઈ પણ ચાલી શકે તેમ નથી અને તેમના પંજામાંથી છૂટવું કઠણ છે. ત્યારે મેં લાચાર થઇને કહ્યું કે "ઠીક, હું તમારૂં અડકેલું નહિ જમું. એ શરતે ખ્રિસ્તી થવા ખુશી છું. જો તમારે મને આ રીતે ખ્રિસ્તી કરવી હોય તો કરો, નહિ તો મરી જઇશ પણ ખ્રિસ્તી થઇશ નહિ." તેઓ મારી પાસેથી ઉઠીને જતી રહી અને થોડી વારમાં પૂછપરછ કરીને પાછી આવી. તેમણે કહ્યું કે ઠીક, અમને તે મંજુર છે. તમે કોઇનું અડકેલું ન ખાશો.

રવિવારનો દિવસ હતો. એક વૃદ્ધ પાદરી આવ્યો અને મને તથા મારાં બન્ને બાળકોને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપી ગયો. હું મારે હાથે જુદી રોટલી બનાવીને ખાતી હતી, તેમાં કંઇ અડચણ નાખવામાં ન આવી. પરંતુ બીજે દિવસે મને મડમ સાહેબે કહ્યું કે "જુઓ, તમે થોડી વાર રોજ બાઇબલની વાતો સાંભળો અને અહીં મિશનમાં સ્ત્રીઓનું દવાખાનું છે, તેમાં દરદીઓની માવજત કરવાનું કામ શીખો; કામધંધા વિના બેસી રહેવાથી તમારૂં શરીર બગડી જશે." હું તો તેમના તાબામાં હતી એટલે બીજું શું કરી શકું? મને તેઓ પોતાનું અડકેલું નથી ખવરાવતી એજ તેમનો મોટો ઉપકાર એમ મન વાળીને મેં તેમનું કહેવું સ્વીકાર્યું અને દવાખાનામાં જઇને સ્ત્રીઓની સેવા કરવા લાગી.

કેટલાક દિવસ પછી તે દવાખાનામાં એક આર્યસમાજી સ્ત્રી દવા લેવા આવી. તે મારા તરફ બહુ ધ્યાનપૂર્વક જોવા લાગી. હું મારા કામમાં હતી. તે મને બોલાવીને એક ખૂણામાં લઈ ગઇ અને તેણે કહ્યું કે "બહેન! તારી રહેણીકરણી અને રીતભાત તદ્દન હિંદુઓ જેવી છે. તું અહીં ક્યાંથી ફસાઈ પડી? હું તે સાંભળી રડવા લાગી અને તેને મારી બધી હકીકત કહી સંભળાવી. તેણે મને ખૂબ આશ્વાસન આપ્યું અને કહ્યું કે, ગભરાશો નહિ. હું મારા પતિને કહીને તમને છોડાવવાની જલદી વ્યવસ્થા કરીશ. મેં તેને બહુ ધન્યવાદ આપ્યો અને તે દવા લઇને પોતાને ઘેર ગઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ હું મારા નસીબને શું કરૂં? તે સ્ત્રી મારી સાથે એકાંતમાં વાત કરતી હતી તેવામાં જે મને ઈટાવા લાવી હતી તે મડમ આવી પહોંચી અને અમને બન્નેને વાતો કરતાં જોઇ ગઇ. તે જાણતી હતી કે પેલી સ્ત્રી આર્યસમાજી હતી, તેથી તેને મારા માટે બહુ લાગી આવ્યું. તે દિવસે તો તે મારી સાથે કંઇ ન બોલી. બીજે દિવસે સવારે તેણે મને કહ્યું કે, જલદી ખાઇપીને તૈયાર થાઓ. તમારે લખનૌ જવાનું છે. તમારી બદલી ત્યાંના દવાખાનામાં થઇ છે. મેં કહ્યું: "આટલી બધી શી ઉતાવળ છે? હજુ તો મને અહીં આવ્યાં પૂરો મહિનોયે નથી થયો." તેણે કહ્યું: "મોટા સાહેબનો એવો હુકમ છે." તેના આગળ હવે હું શું બોલી શકું? મારા ભાગ્યનો વાંક કાઢતી હું બાળકોને લઇને તેની સાથે લખનૌ ગઇ. ત્યાં તો તેમણે મને એક મોટા મકાનમાં કેદીની પેઠેજ રાખી. બેએક બીજી ખ્રિસ્તી સ્ત્રીઓ મારા ઉપર દેખરેખ રાખતી હતી. પરંતુ જ્યારે તેઓ કોઇ કામ માટે બહાર જતી હતી ત્યારે બહાર તાળું વાસતી હતી. મડમ સાહેબનો પેલો કૃત્રિમ સ્નેહ પણ મારા ઉપરથી તદ્દન ઉતરી ગયો. હવે તેની નજર મારા ઉપર કરડાયેલી રહેતી હતી. મારી પાસે કોઇ આવવા જવા પામતું નહિ તેમજ મને પણ બહાર જવા દેવામાં આવતી નહિ.

મેં ત્રીજે દિવસે મડમ સાહેબને કહ્યું: "હજુ સુધી મને દવાખાનામાં કામ નથી મળ્યું." તેણે કહ્યું: "ઉતાવળ શી છે. થોડા દિવસ આરામ લો, પછીથી જોઇ લેવાશે. જે પાદરણો મારી પાસે રહેતી હતી તેઓ મારી આગળ દરરોજ ખ્રિસ્તી ધર્મનો મહિમા વર્ણવ્યા કરતી હતી. હું રહી રહીને ગભરાતી હતી કે આ ચૂડેલોથી મારો છૂટકારો ક્યારે થશે? પણ મારૂં કંઇ ચાલે તેમ ન હતું.

એક દિવસ વિચાર કરતાં કરતાં મને એક વાત યાદ આવી. એક ઢેડની સ્ત્રી તે ઘરમાં કામ કરવા આવતી હતી. મને દુઃખી જોઇને તે ઘણે ભાગે મારી સાથે લાગણીભરી વાતો કરતી હતી. મેં તેને એક દિવસ રડતાં રડતાં કહ્યું કે "બહેન! જો તું મારૂં એક કામ કરીશ તો હું તારો બહુ ઉપકાર માનીશ. મારી પાસે બીજું કંઇ તો નથી, પણ એક જૂની ચાદર છે તે તને હું ઇનામમાં આપીશ."

તેણે કહ્યું: "બહેન! હું કશાય કામને માટે લાયક નથી છતાં તમે તમારૂં કામ બતાવો. જો મારાથી બની શકશે તો હું જરૂર કરીશ. ઈનામની કાંઇ જરૂર નથી."

મેં કહ્યું કે, એ કામ તારે માટે કંઈ પણ અઘરૂં નથી, પરંતુ એટલું વચન આપ કે આ વાત મારા અને તારા સિવાય બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ પણ ન જાણે.

તેણે સોગન ખાઇને કહ્યું કે, તમે નિશ્ચિંત રહો. હું એવી છીછરી નથી. ત્યારે મેં તેને મારી બધી હકીકત કહીને કહ્યું કે જો તું ઇનામની લાલચથી નહિ તો ઓછામાં ઓછું હિન્દુ ધર્મના કારણથી પણ મને આ કેદમાંથી છોડાવીશ તો હું તારો ઘણોજ ઉપકાર માનીશ.

તેણે કહ્યું: "બ્હેન, હું બીજું શું કરૂં? તમે કહો તેમ કરૂં."

મેં કહ્યું કે તારી પાસે બીજું કંઇ પણ કામ કરાવવા હું નથી માગતી. તું માત્ર એટલું કર કે, આ નગરમાં ક્યાંક આર્ય સમાજ જરૂર હશે. તેના મંત્રી અથવા કોઇ પણ બીજા અધિકારીને મળીને મારી હકીકત કહે અને તેમને એમ પણ કહેજે કે તેઓ કોઇ પણ દિવસે સાતથી આઠની વચ્ચે મને તાકીદે મળે. તે વખતે એ બધીઓ બહાર જતી રહે છે. જે દિવસે તેઓ આવવાનું કહેશે તે દિવસે તેમને કહીશ કે આજે મહેતરાણી વહેલી આવવાનું કહી ગઈ છે, એટલે તાળું ન વાસે.

તેણે કહ્યું: "ઓહો, એમાં તે શી મોટી વાત છે! સમાજનું મંદિર અહીંથી થોડેજ દૂર છે. મારો ધણી ત્યાં નોકરી કરે છે. હું જઇને આજેજ તમારો સંદેશો પહોંચાડું છું." એમ કહીને મહેતરાણી જતી રહી. હું તેની રાહ જોવા લાગી. સાંજે તેણે કહ્યું કે, મંત્રીજીએ કાલે નક્કી કરેલે વખતે આવવાનું કહ્યું છે. બીજે દિવસે જ્યારે ત્યાંની સ્ત્રીઓ બહાર જવા લાગી ત્યારે મેં કહ્યું કે, આજ ઘરને તાળું ના વાસશો. મહેતરાણી વહેલી આવવાનું કહી ગઈ છે. તેને ક્યાંક બહાર જવાનું છે. તેમણે તાળું ન વાસ્યું, પણ બહાર એક છોકરાને રખવાળ તરીકે બેસાડતી ગઈ.

હું દરવાજાનીજ પાસે ઉભી રહીને મંત્રીની રાહ જોવા લાગી. થોડી વારમાં મને દૂરથી એક આધેડ પુરુષ કેટલાક નવજુવાનોને સાથે લઇને આવતો દેખાયો. હું સમજી ગઈ કે એજ મંત્રીજી હશે. જે છોકરો બહાર બેઠો હતો તેને બે પૈસા આપીને મેં કહ્યું કે જલદીથી આની જલેબી લઇ આવ. નાના બાળકને માટે આજે કંઇ પણ ખાવાનું નથી. તે ક્યારનો યે રડે છે. બજાર ત્યાંથી જરા દૂર હતું. તે પૈસા લઈને ચાલ્યો ગયો અને ત્યાં કોઇ ન રહ્યું. મંત્રીજી આવ્યા અને મારી બધી હકીકત સાંભળીને કહ્યું કે ઠીક, તમે તૈયાર રહેજો. કાલે સવારે અમે ગાડી લઇને આવીશું અને તમને લઇ જઇશું.

મેં રાત્રે છાનાંમાનાં મારી ગાંસડી પોટલી બાંધી લીધી. સવારે મંત્રીજી ગાડી લઈને આવ્યા અને ગાડીમાંથી ઉતરીને સીધા મારા ઓરડામાં આવીને મને કહ્યું કે, જલદી ચાલો, ગાડી ઉભી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલી મડમ તો ત્યાં હાજર હતી. તે દોડતી દોડતી મારા ઓરડામાં આવી અને મંત્રીજીને કહેવા લાગી: "તમે કોણ છો કે અમારા સ્ત્રીઓના કામમાં વચ્ચે આવ્યા છો ?" મંત્રીજીએ તેને દબડાવીને કહ્યું: "આ મારી બહેન છે. અમે તેને લેવા આવ્યા છીએ. તું વચમાં બોલનારી કોણ ?"

મેં પણ કહ્યું:—"હા, હા, આ મારા ભાઇ છે. બહુ દહાડે આજ મને મળ્યા છે. હવે હું તેમની સાથે જાઉં છું. મડમ સાહેબ ! મારી ભૂલચૂક માફ કરજો."

તેણે મંત્રીજીને કહ્યું:—"હવે તો તે પાદરણ થઈ ગઇ છે. તમારે શા કામમાં આવશે ?"

મંત્રીજીએ કહ્યું: "અમને તેના ખ્રિસ્તી થઈ જવાની કંઇ પરવા નથી. અમે આર્યસમાજી છીએ; શુદ્ધિ કરી લઇશું. જો તમે પણ શુદ્ધ થવા ઇચ્છતાં હો તો અમારી સાથે ચાલો." આર્યસમાજનું નામ સાંભળીને મડમ સાહેબનો ચહેરો ફિક્કો પડી ગયો. તેણે મંત્રીજીને કહ્યું:–"ઠીક, તમે ઉભા રહો. હું અમારા મોટા પાદરી સાહેબને ખબર આપું. તે આવીને જે હુકમ કરશે તે પ્રમાણે કરવામાં આવશે."

મંત્રીજીએ કહ્યું—"તમે આટલા દિવસ સુધી મારી બહેનને ફસાવીને કેદમાં રાખી છે અને તેના ઉપર વળી આટલો બધો રોફ બતાવો છો. તેને અમે હમણાંજ લઇ જઇએ છીએ. અમને તમારા મોટા સાહેબનો કંઇ ડર નથી."

એમ કહીને તેમણે મને ઇસારો કર્યો. હું મારાં બાળકોને લઇને ગાડીમાં બેસી ગઇ. અને મંત્રીજી આગલા ભાગમાં હાંકનારની પાસે બેઠા. ગાડી ચાલતી ચાલતી સમાજના મંદિર આગળ જઇ પહોંચી. સમાજમંદિરના એક ભાગમાં કન્યાપાઠશાળા હતી, તેમાં મને રાખવામાં આવી. ત્રીજે દિવસે હવન કરીને વિધિપૂર્વક અમારી શુદ્ધિ કરવામાં આવી. પછી કેટલાક દિવસો બાદ અમને બરેલીના અનાથાશ્રમમાં મોકલવામાં આવ્યાં. ત્યાં હું સુખપૂર્વક મારા દિવસો ગુજારૂં છું અને મારાં બાળકો સમાજની શાળામાં ભણે છે.

ખ્રિસ્તી મિશનરીઓની આવી અનેક લીલાઓ ચાલ્યા કરે છે અને તેની ઇંદ્રજાળમાં આપણી કેટલીયે નિર્દોષ દેવીઓ ફસાય છે. ચેત, ચેત, ઓ હિંદુસમાજ ! !

('ગૃહલક્ષ્મી'ના એક અંકમાંથી અનુવાદક:–ત્રં. મા. શુકલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१५-भाग्यपरिवर्तन

(લેખક:-શ્રી. ધર્મેન્દ્રવીર શિવહરે)

(૧)

“ તો કમલનાથ ! તું શો વિચાર કરે છે ?” બાબુ સાહેબે કહ્યું.

“ શ્રીમાનજી ! આપ પોતે જાણો છો કે હું કંઇ પણ આપી શકવાને અસમર્થ છું.” કમલનાથે ઘણી દીનતાપૂર્વક કહ્યું.

“વળી પાછો અત્યારે પણ એજ બક બક કરવા લાગ્યો ! તું જાણેજ છે કે, નોકરી મળવી એ કંઈ રમતની વાત તો નથીજ.”

“ બાબુજી ! જો મારી પાસે કંઇ પણ હોત તો હું અવશ્ય આપને આપી દેત.”

“ જો કમલ ! હું આ બધી નકામી વાતો જરા પણ સાંભળવા ઇચ્છતો નથી. જો તું ૫૦૦) રૂપીઆ આપે તો તો હું કંઇક કરી શકીશ. તને ગરીબ જાણીનેજ આટલા થોડા માગ્યા છે.”

‘ બાબુજી ! એ તો આપ જાણોજ છો કે, મારે ઘેર મારા સિવાય બીજું કોઇ ‘મારૂં’ કહેવા જેવું માણસ નથી. મારી સાથે મારી એક વિધવા બહેન તથા એક માતા છે. જે કંઇ પિતાજી મૂકતા ગયા હતા, તે બધું મારા મેટ્રીક સુધીના અભ્યાસમાં ખર્ચાઈ ગયું. હવે તો બન્ને સમય ભોજન પણ પેટ ભરીને નથી મળતું; એવી દશામાં આપ પોતેજ વિચાર કરો કે, હું આટલા રૂપીઆ ક્યાંથી લાવી શકું ?”

“હું એ બધી બાબતો જાણું છું. તારા જેવા સેંકડો છોકરાઓ મારી પાસે આવે છે. ઠીક, હું આ બધી વાતોને નથી પસંદ કરતો. અહીંથી ચાલ્યો જા, અત્યારે મને તારી સાથે વાત કરવાનો સમય નથી.” બાબુજીએ ક્રોધાયમાન થઇને કહ્યું.

બિચારો કમલનાથ ત્યાંથી નિરાશ થઇને પાછો આવ્યો. તેને પોતાના દુર્ભાગ્ય ઉપર ખૂબ ક્રોધ આવતો હતો. તે વિચારતો હતો કે, મારા જેવા દુઃખિયા આ ભારતવર્ષમાં એક નહિ, દશ નહિ, સો નહિ, લાખો હશે; પરંતુ આ હૃદયહીનોને તેમના ઉપર જરા સરખી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા આવતી નથી. હે પરમાત્મા ! સંસારમાં કેવા કેવા સ્વાર્થી પુરુષો છે કે જેઓ સ્વાર્થમાં આંધળા થઇને લાખો નિર્ધન ભાઇઓનાં ગળાં રેહેંસે છે. હાય વિધાતા ! આ વખતે મારી પાસે કંઇ પણ નથી, એટલે સુધી કે ઘરમાં એક સમય ભોજન પણ નથી મળતું; તો આને હું આટલા રૂપિયા ક્યાંથી આપું ? પરંતુ નોકરી મળશે. ઠીક, કોઈની પાસેથી ઉધારે લઇશ. પરંતુ ઉધાર લેવા કરતાં તો આ શરીરનોજ અંત લાવી દઉં એજ ઉત્તમ છે. હું હવે દેવાદાર થઇને વધારે દુઃખ ભોગવવા નથી ઇચ્છતો." આમ વિચારતો તે આત્મહત્યા કરવા તત્પર થયો. એક કૂવા પાસે જઇને તેમાં પડવાની તૈયારીમાં હતો, તેવામાં તેને પોતાની માતા તથા બ્હેન યાદ આવ્યાં. ભવિષ્યમાં તેમની શી દશા થશે તેનો વિચાર કરીને તે આત્મહત્યા કરતો અટકી ગયો. તરતજ પોતાની માતા પાસે ગયો. ઘણા સમયથી તેના આવવાની રાહ જોતી માતા તેને આવેલો જોઇને ઘણી પ્રસન્નતાપૂર્વક પૂછવા લાગીઃ–"બેટા ! બાબુજીએ નોકરી માટે શું કહ્યું ?" કમલની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. તે પોતાનાં આંસુ લૂછીને બોલ્યોઃ-"મા ! ઘણુંજ ભારે દુર્ભાગ્ય છે. સર્વ સ્થળે ધનવાનોનીજ જિત છે. ધન વિના આ સંસારમાં કંઇ પણ થઇ શકતું નથી. તેઓ પણ ધનના ભૂખ્યા છે. તેમણે કહ્યું કે ૫૦૦ રૂપિયા આપે તો નોકરી અપાવું."

માતા તથા બ્હેનનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. બધાં કેટલીક વાર સ્તબ્ધ બની રહ્યાં અને એકબીજાના મુખ તરફ જોયા કર્યું. કોઇના મુખમાંથી એક પણ શબ્દ નીકળતો ન હતો. અંતે માતાએ એ સ્તબ્ધતાનો ભંગ કરતાં કહ્યુંઃ-" બેટા ! આ પણ આપણું દુર્ભાગ્યજ છે ! નિર્ધનોને મદદ કરનાર કોઇજ નથી; પરંતુ ધીરજ રાખવી જોઇએ. જોકે આપણી પાસે કંઇપણ નથી છતાંયે કોઇ પાસેથી દેવા કરી લે, બીજું થાય પણ શું ? નોકરીમાં જોડાયા પછી વાળી અપાશે." કમલને માતાની આજ્ઞા કબૂલ હતી એટલે તે શાંત રહ્યો.

(૨)

બીજે દિવસે તે કરજે કાઢવા માટે પોતાના સ્વ૦ પિતાના મિત્ર એક શેઠ પાસે ગયો. પરંતુ તે તેને એટલા રૂપિયા આપવા તૈયાર નહોતો અને તેણે ઘણું ઘણું કહ્યા-વિનવ્યા પછી માત્ર ૧૦૦) રૂપિયા આપવા સ્વીકાર્યું. નિરાશાએ અહીં પણ તેનો પીછો છોડયો નહિ. તે એમ વિચારવા લાગ્યો કે, બાકીના ૪૦૦) રૂપિયા કોની પાસે માગવા ? તેણે તે ૧૦૦) રૂપિયા લઇને માતાની સમક્ષ રજુ કર્યા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: "માતા! ઘણીજ વિનવણી પછી શેઠજીએ આટલા રૂપિયા આપ્યા છે, હવે બાકીના પૈસા ક્યાંથી લાવું ?"

માતાએ ઉંડો શ્વાસ મૂકીને જવાબ આપ્યો–"બેટા! હવે હું બીજા કોને બતાવું ? હા, હવે માત્ર એકજ ઉપાય છે કે તું આટલા રૂપિયા લઇને બાબુ સાહેબ પાસે જા અને તેમની પાસે દયાની ભિક્ષા માગ."

"માતા! એ તો ઘણાજ કઠણ હૃદયના માણસ છે. તે આટલાથી રાજી નહિ થાય અને સંભવ છે કે તે વધારે ગુસ્સે પણ થાય."

થોડી વાર વિચાર કર્યા પછી માતાએ જવાબ આપ્યો: "ઠીક બેટા! આ વખતે હું પણ તારી સાથે આવીશ અને તેમને પ્રાર્થના કરીશ. મારા ધારવા પ્રમાણે તે એટલા બધા નિર્દય તો નહિજ હોય કે જે મારાં દીન વચનો ઉપર પણ ધ્યાન ન આપે. હમણાં નવ વાગ્યા છે, તેઓ તો ૧૧ વાગે ઑફિસમાં જાય છે, તેથી અત્યારેજ તેમની પાસે ચાલ. મોડું થવાને કારણે રખેને તેઓ ના મળે."

પરંતુ કમલનાથ પોતાની માતાને સાથે લઇ જવા ઇચ્છતો ન ન હતો. કેમકે તે જાણતો હતો કે બાબૂસાહેબ જરૂર જરૂર કંઇક આકરા શબ્દો કહેશે અને તે સાંભળીને માતાનું દુઃખ વધશે. તેથી તેણે કહ્યું:–"ના માતા! તારે વધારે દુઃખ સહેવાની જરૂર નથી. હુંજ બધું કહી સાંભળી લઇશ. તું એટલે દૂર ચાલીને થાકી જશે."

પરંતુ માતાએ માન્યું નહિ અને તે તેની સાથેજ ચાલી. બન્ને જણ લગભગ સાડાનવ વાગે બાબુ સાહેબને ઘેર પહોંચ્યાં. દરવાનને પૂછતાં જવાબ મળ્યો કે, તેઓ હમણાં ચા પીવા ગયા છે, માટે હમણાં ઉભાં રહો. તેઓ બહાર ઉભાં રહ્યાં.

દશના ટકોરા થતાંજ બાબુજી પણ ચા વગેરેથી પરવારી પોતાના ઓરડામાં આવીને બેઠા. નોકર દ્વારા ખબર મળતાં તેમને અંદર બોલાવવામાં આવ્યાં.

તે અંદર દાખલ થયાં કે તરતજ બાબુ સાહેબે પૂછ્યું:–"કેમ કમલનાથ! લાવ્યો છે?" કમલનાથે ઘણી નમ્રતાપૂર્વક કહ્યું:– "બાબુજી! અનેક પ્રયત્નો કરવા છતાંયે માત્ર ૧૦૦) રૂપિયાજ મળી શક્યા, તે હું લાવ્યો છું. બાકી......"

વચમાંજ બાબુ સાહેબે દમ દેતાં પૂછ્યું–"હેં ? શું સો રૂપિયાજ લાવ્યો છે ?" ત્યારપછી તેની માતા તરફ જોઇને કહ્યું "ડોશી! આને રૂપિયા કેમ આપતી નથી ? ભેગા કરી કરીને શું કરશે ?"

માતાએ નમ્રસ્વરે કહ્યું:—"હજૂર, મારી પાસે કંઇ પણ નથી. માત્ર આ એક પુત્ર છે. કોઇ કમાનાર પણ નથી અને આ છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો આપનોજ છે. શું તેના ઉપર કંઇ પણ દયા નહિ કરો? મારે આગળપાછળ કોઇ નથી. આ છોકરાનોજ એક આશરો છે. હમણાં તો જેટલા એની પાસે છે તેટલા લઇ લ્યો, પછી નોકરી મળ્યા બાદ આવકનો ચોથો ભાગ આપને આપ્યા કરશે. આપજ અમારાં માતપિતા છો, અમે આપનેજ આશરે છીએ. કૃપા કરીને એને કોઇ નોકરી અપાવો."

વચમાંજ બાબુજીએ કહ્યું:—જુઓ, હું તમારૂં ભાષણ સાંભળવા માટે બેઠો નથી. આખી દુનિયાના રંગઢંગ જાણું છું. મને બનાવી શકશો નહિ. આ ૧૦૦) રૂપિયા જે રીતે કાઢી આપ્યા છે તે રીતેજ બાકીના ૪૦૦) પણ કાઢી દો."

હવે તે ધ્રસ્કે ધ્રસ્કે રડવા લાગી, તેને કંઇ પણ આશા નહોતી છતાં પણ ફરીથી તેણે દયાની યાચના કરી. પરંતુ અરે! ત્યાં દયા કેવી ને વાત કેવી? દયા તો દૂર રહી, પણ તે તો ઉલટો વધારે ક્રોધે ભરાયો અને નોકરને બોલાવી તેને પોતાના ઓરડાની બહાર કઢાવી; તેની એક પણ આજીજી સાંભળી નહિ.

તેઓ બિચારાં રડતાં રડતાં ઘેર આવ્યાં. કમલની બહેન પ્રભા પણ આવું વર્તન સાંભળીને ખૂબજ ક્રોધાયમાન થઈ, પરંતુ તે શું કરી શકે તેમ હતી? થોડી વાર પછી કમલનાથ રૂપિયા લઇને શેઠને ત્યાં ગયો ને બધા રૂપિયા પાછા આપી દીધા. શેઠે પૂછ્યું:-"કેમ, તારૂં બધું કામ થઇ ગયું?"

કમલનાથે આના ઉત્તરમાં માત્ર માથુંજ હલાવ્યું ને ત્યાંથી ચાલી નીકળ્યો.

(૩)

આ બનાવને પંદર દિવસ વીતી ગયા છે. આજે એક અતિ દુર્બળ, ચાલવાને અશકત, ફાટયાં તૂટયાં કપડાં પહેરેલી ડોશી બાબુ સાહેબના ઘર આગળ તેમના આવવાની વાટ જોતી બેઠી છે. તેને જોતાં વેંત જણાતું હતું કે એને દશબાર દિવસથી ભોજન મળ્યું નથી.

બાબુજી જ્યારે બહાર નીકળ્યા ત્યારે ડોશીએ કહ્યું:-"બાબુજી! આપે કમલ ઉપર દયા નહિ કરવાથી અમારી આ દશા થઇ છે. ૧૨ દિવસથી ભોજન પણ મળ્યું નથી. હવે રક્ષા કરો." એમ કહીને તેણે બાબુજીના પગ પકડયા.

આથી બાબુજીને ઘણો ક્રોધ ચઢયો અને પોતાના પગ છોડાવવા માટે તેના માથામાં ઠોકર લગાવી દીધી. ઠોકર લાગતાંજ તેના માથામાંથી લોહી નીકળવા લાગ્યું અને થોડીજ વારમાં તે બેભાન થઇ ગઇ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં થઇને જતા આવતા કેટલાક માણસોને આ જોઇ ઘણુંજ લાગી આવ્યું. ધીમે ધીમે ત્યાં લોકો એકઠા થવા લાગ્યા.

બાબુજીએ ઠોકર તો મારી, પરંતુ જ્યારે તેના માથામાંથી લોહી નીકળતું જોયું ત્યારે ખૂબ ગભરાઈ ગયા અને જ્યારે તેને બેભાન જોઈ ત્યારે તો તેમના હોશકોશ ઉડી ગયા. તેમને ભય લાગ્યો કે રખેને એ મરી જાય. તેથીજ તેમણે દૂરંદેશી વાપરી, તરત કમલનાથને બોલાવવા માટે પોતાના નોકરને મોકલ્યો.

નોકર કમલનાથ પાસે જઇને વળી વધારે ગભરાયો. તેણે જોયું તો કમલનાથ એક ખૂણામાં પડયો છે અને તેની બહેન એક બીજા ખૂણામાં પડી છે. તે ધીમે ધીમે કમલનાથ પાસે પહોંચ્યો અને તેને જોઇને તરત સમજી ગયો કે, આ લોકોએ કેટલાયે દિવસથી અન્નનાં દર્શન પણ કર્યાં નથી! કમલનાથને હલાવ્યો. તેણે આંખ ઉઘાડી અને પાણી માટે ઇશારો કર્યો. નોકરના હૃદયમાં દયા આવી અને પાસેના વાસણમાંથી લઈ તેને પાણી પાયું. પછી તરતજ બજાર-માંથી કંઇક ખાવાનું અને પાણી લઇ આવ્યો. બન્ને ભાઇબહેનને ખવડાવીને ત્યાંજ બેસી ગયો. એ બન્નેમાં હવે કંઇક બોલવાના હોશ આવ્યા. કમલે ચારે બાજુ આંખો ફેરવી અને માને ક્યાંય પણ ન જોતાં તે બૂમ પાડી ઉઠ્યો: "મા!" પ્રભા પણ માને બોલા-વવા લાગી. પરંતુ અરે! ત્યાં મા હતીજ ક્યાં? તેતો સ્વર્ગધામમાં પહોંચી ચૂકી હતી. આવું કરુણાજનક દૃશ્ય જોઇને નોકરની આંખોમાંથી અશ્રુપ્રવાહ ચાલવા લાગ્યો.

થોડી વાર પછી તેણે કમલનાથને કહ્યું:—"બાબુજીએ તને બોલા-વ્યો છે." કમલનાથ સમજ્યો કે મારી માતા અવશ્ય ત્યાં ગઈ હશે અને સંભવ છે કે, એને હવે દયા આવી હશે તેથી બોલાવ્યો છે. જવું તો જોઇએ. એમ વિચારીને ઉઠવા ઇચ્છતો હતો પણ તેનાથી ઉઠી શકાયું નહિ અને તે જઈ શક્યો નહિ. તેણે જવાબ આપ્યો કે, હું કાલ સુધીમાં સારો થઇશ એટલે આવીશ. નોકર ચાલ્યો ગયો, પરંતુ તેને માટે ખાવાનો કંઇક સામાન રાખતો ગયો.

જ્યારે તે ઘેર આવ્યો ત્યારે તેણે જોયું તો પોતાના શેઠના ઘર આગળ ખૂબ ભીડ જામી છે અને પોલીસનો ખૂબ સખ્ત પહેરો છે. પોલીસ અમલદાર બાબુસાહેબને હાથકડી પહેરાવીને થાણામાં લઇ જવાની તૈયારી કરી રહ્યો છે.

(૪)

નિયમાનુસાર બાબુ સાહેબ ઉપર ડોશીને મારી નાખવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકદ્દમો ચલાવવામાં આવ્યો અને આજે તેનો ચૂકાદાનો દિવસ છે.

બધા લોકો ખૂબ ઉત્સુકતાથી ન્યાયાધીશ તરફ જોઇ રહ્યા છે. લોકો પોતપોતાનાં કામ છોડીને, દુકાનદાર પોતાની દુકાનો બંધ કરીને ત્યાં એકઠા થયા છે. માત્ર ચુકાદો સાંભળવા માટે, સર્વનાં હૃદયોમાં અનેક પ્રકારના ભાવો ક્રાન્તિ મચાવી રહ્યા હતા. કોઈ કહેતું હતું કે છોડી દેશે, કેમકે મોટા માણસ છે એટલે ઘણેભાગે પૈસાથી કામ પતવી દીધું હશે; અને કેટલાક કહેતા હતા કે ના, ફાંસી થશે; કેમકે સાક્ષીઓના પુરાવા મજબૂત પડયા છે. એમાં કેટલાક સજ્જનો એવા પણ હતા કે જેમને એણે બહુ હેરાન કર્યાં હતા અને રૂપિયા લીધા સિવાય નોકરીઓ આપી નહોતી. તેઓ કહેતા હતા કે, ઠીક થયું, એની તો આજ દશા થવી જોઇતી હતી. લોકોનો સમુદ્ર ઉભરાયો હતો અને ન્યાયાલયમાં જગા નહિ મળવાથી બહાર ખૂબ ભીડ જામી હતી. તેમને સખ્ત તાપની ચિંતા નહોતી. તેઓ માંદા પડશે કે બચશે તેની પણ ચિંતા નહોતી. બધાની આંખો અને કાન ન્યાયાધીશ તરફ લાગ્યાં હતાં.

ન્યાયાધીશ પોતાના આસન ઉપર બેઠા. ચારે તરફ શાંતિ પથરાઈ હતી. તેમણે આ શાંતિનો ભંગ કરતાં કહ્યું:-" આ અપરાધ ઘણોજ ભારે છે. તથા બાબુ સાહેબનો બચાવ કરવા કોઇ પણ તૈયાર નથી, તેથી નિર્વિવાદ સિદ્ધ થાય છે કે આ હત્યાનું કારણ તેઓજ છે. તેથી ન્યાયાલયના કાયદા કાનુન પ્રમાણે બાબુ સાહેબને ફાં......સી..."

ન્યાયાધીશ એટલુંજ કહી શક્યા હતા તેટલામાં આ ભીડમાંથી રસ્તો કાઢતો એક યુવક ત્યાં હાજર થયો અને કહેવા લાગ્યો: "મેજીસ્ટ્રેટ સાહેબ! હું બાબુ સાહેબનો બચાવ કરવાને તૈયાર છું." તેણે કહ્યું:-" આમાં એમનો કંઇ પણ અપરાધ નથી. મરનાર મારી વૃદ્ધ માતા હતી-તે સામાન્ય રીતેજ ઘણી દુર્બળ થઇ ગયેલી હતી. તે દિવસે બાબુ સાહેબ પાસે તે મારી નોકરીની સિફારશ કરવા ગઇ હતી. અને ત્યાં અકસ્માત્ પડી જવાથી થયેલા ઘાથી મૃત્યુ પામી છે. આમાં બિચારા બાબુનો કશો દોષ નથી." ત્યારપછી તેણે પોતાની બધી વાત કહી સંભળાવી.

બધા લોકો તથા ન્યાયાધીશ સુદ્ધાં સ્તબ્ધ થઇ ગયા. તેની આત્મકથા સાંભળીને સૌનાં નેત્રોમાં આંસુ આવી ગયાં. બાબુ સાહેબ તો કંઈ બોલીજ શક્યા નહિ. તેમને તો કમલનાથ સાક્ષાત્ પરમાત્મા જણાવા લાગ્યો અને તે રડતા રડતા બોલ્યા:-" બેટા કમલ! ક્ષમા કર."

ન્યાયાધીશે પણ પોતાનો ચુકાદો બદલી નાખ્યો અને બાબુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબને મુક્ત કરીને કહ્યું:-"બાબુ સાહેબ! જરા આ બાળક પાસેથી શિક્ષણ લ્યો. જુઓ, આટઆટલું થવા છતાંયે તેણે તમને બચાવ્યા છે: ભવિષ્યમાં ધ્યાન રાખજો."

(૫)

બાબુ સાહેબે તેજ દિવસથી કમલનાથને એક કારકુનની જગા આપી અને તેને પોતાના પુત્રથીયે વિશેષ સમજવા લાગ્યા. કમલે એક વર્ષમાંજ એટલી બાહોશી બતાવી કે તે સામાન્ય કલાર્કમાંથી હેડકલાર્ક થઇ ગયો અને ચાર વરસ પછી જ્યારે બાબુ સાહેબ વાનપ્રસ્થ થયા-પેન્શન ઉપર ગયા, ત્યારે તેમનીજ જગાએ તેને નીમતા ગયા. કમલના સરળ સ્વભાવ ઉપર બધા લોકો મુગ્ધ હતા. કોઇને કોઇ પણ પ્રકારની તેને માટે ફરિયાદ નહોતી. તેને બારણેથી કોઇ પણ ગરીબ ખાલી હાથે પાછો ફરતો નહિ. કેટલાંક વર્ષો પછી તેનાં લગ્ન કલકત્તાના એક મોટા શેઠ રામદાસની એકની એક પુત્રી પ્રેમા સાથે થયાં.

લગ્નને એક વર્ષ વીત્યા પછી શેઠનું મૃત્યુ થયું અને તેની બધી સંપત્તિનો અધિકારી કમલનાથ થયો. જે એક દિવસ રોટલાના ટુકડા માટે ફાંફાં મારતો હતો તેજ કમલનાથ આજે એક પ્રતિષ્ઠિત શેઠ બની ગયો. જુઓ તો ભાગ્યચક્રની બલિહારી!

તેણે એક અનાથાશ્રમ તથા એક વિધવાશ્રમ ખોલ્યો અને તે બન્ને આશ્રમોનું કામકાજ તે બન્ને ભાઇબહેનો સંભાળવા લાગ્યાં. આ આશ્રમોમાં સેંકડો અનાથ બાળકો અને વિધવાઓ આશ્રય મેળવવા લાગ્યાં.

(જૂન-૧૯૩૧ ના "મહિલા"માંથી અનુવાદક:-ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१६–संभारणां

(લેખકઃ–શ્રી. "જીવન")

સમયના પડદા પાછળ અનેક બનાવો ભુલાઇ જાય છે, અનેક ઇતિહાસો લુપ્ત થઇ જાય છે; પરંતુ તેનાં સ્મરણો કોઇ ને કોઈ પ્રકારે ઝાંખાં ઝાંખાં પણ રહ્યા કરે છે.

કેટલાંયે વર્ષો વીતી ગયાં હતાં. બનાવ અદૃશ્ય જેવો થઇ ચૂક્યો હતો. સંસાર તેને લગભગ ભૂલી ગયો હતો; પરંતુ 'ધીરજ'નું હૃદય આજે પણ રંગભૂમિ બની રહ્યું હતું. આજે પણ તેના હૃદય–પટલ ઉપર એજ ચિત્રો ક્રમાનુસાર દેખાઇ દેખાઇને અદૃશ્ય થતાં હતાં. આજે પણ તેના દુઃખી હૃદયમાં સતત સ્મરણ થયા કરતું હતું, સોન નદીને કિનારે ગૌરી ગામમાં પણ એક સ્મારક ઉભું હતું.

ધીરજનું પૂરૂં નામ 'ધીરજસિંહ' હતું. લોકો તેને ધીરજ કહીનેજ બોલાવતા હતા. તે રાઠોડ ક્ષત્રિય હતો. ગૌરી ગામમાં તેને થોડી જમીન હતી, પોતાનું ઘર હતું એટલે તેના વડે તે પોતાનું નીરસ જીવન ગાળી રહ્યો હતો.

દુલારી ધીરજની એકની એક કન્યા હતી. સૂની ઝૂંપડીનો એ દીવો હતી. ધીરજે દુલારીને ખૂબ પ્રેમથી પાળી પોષીને મોટી કરી. ધીરજના જીવનની બધી આશાઓ દુલારીમાં એકત્ર થયેલી હતી. દુલારી હવે ૯ વર્ષની થઇ ગઇ હતી.

*　　*　　*　　*

હોળીનો દિવસ હતો. સવારથીજ બાળકોએ રંગ છાંટવાનો શરૂ કરી દીધો હતો. શેરીઓમાંથી નીકળીને રંગના છંટકાવથી બચવું ભારે મુશ્કેલ હતું. ઘેર ઘેર રંગ કરવામાં આવ્યો હતો. સ્ત્રી, પુરુષ, બાળક–બાલિકાઓ બધાં પોતપોતાના સાથીઓ સાથે હોળી ખેલી રહ્યાં હતાં. ધીરજની પાડોશમાંજ પટેલનું ઘર હતું. હોળીની સૌથી વધારે ભીડ ત્યાંજ હતી. ગામના નાના મોટા સૌ આજે ત્યાંજ એકઠા થયા હતા.

પરંતુ આ દિવસે ધીરજ ઘર બહાર નીકળ્યો નહોતો. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની ઝૂંપડીના એક ખૂણામાં સાદડી ઉપર બેઠો બેઠો કંઇક વિચાર કરતો હતો. તેના પહોળા તેજસ્વી લલાટ ઉપર હર્ષ અને વિષાદનું તેજ ચમકારા મારી રહ્યું હતું. કોઇ વાર તેના હોઠ હસી ઉઠતા. મસ્તક કોઈ વિજયોન્માદથી ઉંચું થઇ જતું અને કોઈ વાર આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગતી. તે હૃદય કબજે રાખીને બેસી રહેતો. ધીરજની આવી સ્થિતિ હતી. નવ વાગી ચૂક્યા હતા પરંતુ ધીરજ પોતાના વિચારોમાંજ મગ્ન હતો.

એકદમ કંઇક અવાજ સાંભળીને તેણે પોતાનું મસ્તક ઉંચું કર્યું. જોયું તો સામે દુલારી ઉભી છે. દુલારી પટેલને ઘેરથી હોળી ખેલીને આવી હતી. તેની સાડી રંગથી તરબોળ હતી. તેને ઠંડી લાગતી હતી પરંતુ તે આનંદમાં હતી. દુલારીને જોતાંજ ધીરજના વિચારમગ્ન ચહેરા ઉપર પણ થોડું હાસ્ય ફેલાઇ ગયું. દુલારી દોડતી દોડતી પોતાના પિતાને વળગી પડી, અને બોલીઃ—

"પિતાજી!"

"હાં દીકરી!" ધીરજે દુલારીના માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું.

'પિતાજી! મને પૈસા આપો."

"બેટા! પૈસાને તું શું કરશે?"

"પિતાજી! રંગ અને ગુલાલ લાવીશ."

"દુલારી! રંગને શું કરશે?"

"હોળી ખેલીશ, જુઓ તો, સૌ પોતપોતાને ઘેર હોળી ખેલે છે."

"ઠીક છે બેટા! પણ તું કોની સાથે હોળી ખેલશે?"

"કેમ? શું મારૂં કોઇજ નથી? પિતાજી! તમે તો છોને? હું તમારાજ ઉપર રંગ છાંટીશ. તમને તરબોળ કરી દઇશ અને ગુલાલ નાખીને 'બાવા' જેવા બનાવી દઇશ."

"દુલારી! તું બહુ ગાંડી છે." ધીરજે હસીને કહ્યું.

"કેમ પિતાજી?"

"અરે, કોઇ પિતા સાથે તે હોળી ખેલતું હશે?"

"કેમ ન ખેલાય? હું તો ખેલીશ. મને રંગ લાવી આપો, હું મારો રંગ બનાવીશ. પટેલનો મોહન મને રંગ લેવા દેતો નથી."

દુલારીનું ભોળપણ જોઇને ધીરજ હસી પડયો. તેણે તેને છાતીએ ચાંપી. તેની વૃદ્ધ આંખોમાંથી મોટાં મોટાં અશ્રુબિંદુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેવા લાગ્યાં. તેનું હૃદય કોઈક દુઃખસાગરમાં ડૂબકાં ખાવા લાગ્યું. ક્ષણવાર પછી તે બોલ્યો:

"બેટા! હું રંગ લઇ આવ્યો છું."

"અને ગુલાલ?"

"ગુલાલ પણ લાવ્યો છું બેટા!"

"તો લાવો, પિતાજી! મને આપો. હું તેને ઘોળીશ, અને તમારા ઉપર છાંટીશ."

"ના બેટા! પિતા ઉપર રંગ ના છંટાય."

"પિતાજી! તો કોના કોના ઉપર છંટાય?"

"બેટા! પોતાની સાહેલીઓ ઉપર અને ભાભી વગેરે ઉપર રંગ નંખાય છે."

"પિતાજી! સાહેલીઓ ઉપર તો હું નાખી ચૂકી છું, પણ ભાભી .." કહેતાં કહેતાં દુલારી અટકી ગઇ. તે કંઇક વિચારવા લાગી.

દુલારીની સ્તબ્ધતા જોઇને ધીરજનું હૃદય રડી ઉઠ્યું. તેની આંખો ભરાઇ આવી. થોડી વાર પછી દુલારીએ પૂછયું—

"પિતાજી! મારે ભાભી નથી શું?"

"દુલારીના આ પ્રશ્ને ધીરજની ધીરજ ખોવડાવી દીધી. કોઇ પણ પ્રકારે ભુલાઇ ગયેલાં સ્મરણો પાછાં જાગ્રત થયાં. મહામહેનતે અટકાવેલા શોકોદ્ગાર હવે બહાર પડયા સિવાય ન રહ્યા. ધીરજને રોતો જોઇને દુલારી આશ્ચર્યચકિત થઈ ગઈ. તે ધીરજના રડવાનું કારણ સમજી શકી નહિ. થોડી વાર રડી રહ્યા પછી 'ધીરજ'ને ધીરજ આવી. તેણે ખૂબ પ્રેમથી દુલારીને છાતી સરસી ચાંપીને કહ્યું:— "દુલારી! તારાં ભાઇ અને ભાભી આજે પણ છે. તું હમણાં તો તારી સાહેલીઓ સાથે હોળી ખેલી આવ. સંધ્યાસમયે હું તને તારાં ભાઈભાભી જ્યાં રહે છે ત્યાં લઈ જઈશ."

ભાઇ અને ભાભીનું નામ સાંભળીને દુલારી રાજી રાજી થઇ ગઇ. પિતાના શબ્દોને તે બરાબર સમજી શકી નહિ. તે "ઠીક પિતાજી" એમ કહેતી કહેતી બહાર ચાલી ગઇ.

× × × ×

સૂર્યદેવ આથમવાની તૈયારીમાં હતા તેવા સમયે ક્ષોણભદ્ર-(સોન)ને કિનારે પથ્થરની ઉભી કરેલી બે ખાંભીઓ આગળ અટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કતાં દુલારીએ ધીરજને પૂછ્યું—

"પિતાજી! અહીં ક્યાં લઇ આવ્યા? અહીં તો કોઇ ઘર પણ નથી!"

ધીરજે પોતાની હૃદયવ્યથાને દબાવતાં કહ્યું:—

"બેટા! અહીંજ, આજ સ્થાન ઉપર તારાં ભાઇ–ભાભી પોતાનાં કર્તવ્યનું પાલન કરતાં કરતાં સ્વર્ગે સીધાવ્યાં હતાં. આજે તેઓ સજીવ શરીરમાં નથી, પરંતુ તેમની અમર કીર્તિ આ વિશાળ આકાશમાં ફેલાયેલી છે. તેઓ મૃત્યુ પામેલાં હોવા છતાં પણ અમર છે. લે બેટા! થોડોક રંગ અને ગુલાલ તારાં ભાઈ–ભાભીનાં સ્મારકરૂપ આ ખાંભીઓ ઉપર ચઢાવ. પછી હું તને બધી વાત સંભળાવીશ."

દુલારીએ ખૂબ પ્રસન્નતાથી થોડો થોડો રંગ અને ગુલાલ બન્ને ખાંભીઓ ઉપર ચઢાવ્યાં. ધીરજે પણ બન્ને ખાંભીઓ ઉપર રંગ ગુલાલના ચાંલ્લા કર્યા. દુલારી પોતાનાં ભાઇભાભીની વાત સાંભળવા પિતા તરફ જોવા લાગી. ધીરજે પોતાની આંખો રૂમાલ વડે લૂછતાં લૂછતાં કહેવાનું શરૂ કર્યું:—

"બેટા! લગભગ વીસ વર્ષ થઇ ગયાં! તારો ભાઇ રાજસિંહ ખૂબ બહાદુર અને બળવાન હતો. મોટા મોટા બહાદૂરો પણ તેની આજ્ઞા ઉઠાવતા. તે જેવો બળવાન હતો તેવોજ સમાજનો શાંતિપ્રિય સેવક હતો. તેની આંખો સમાજનું અંધેર જોઇ શકતી નહોતી. જ્યાં કંઇ બુરાઈ જોઇ કે તે દૂર કરવાનો પ્રયત્ન અવશ્ય કરતો હતો, રૂઢિના ભક્તો સાથે તેને હમેશાં ઝઘડો થયા કરતો હતો.

"બેટા! રાજસિંહના હૃદયમાં સમાજસુધારા માટે એક પ્રકારની આગ સળગ્યા કરતી હતી. સૌથી વિશેષ તે માતૃજાતિનો પૂજારી હતો. મહિલાઓની માનરક્ષા માટે તેની ભુજાઓ સદા તૈયાર રહેતી હતી. સ્ત્રીજાતિ પ્રત્યે કરવામાં આવતા થોડા પણ દુર્વ્યવહારથી તેનું હૃદય કંપી ઉઠતું હતું. તારી માતાએ તેને બાળપણથીજ સ્ત્રીસન્માનનો પાઠ ભણાવ્યો હતો. જેવો રાજસિંહ હતો તેવીજ બેટા! એની વહુ–તારી ભાભી–રુકિમણી પણ હતી.

* * * *

"આજ હોળીના દિવસો હતા. ગામના છોકરાઓએ કાટમાળનો એક મોટો ઢગલો આજ જગાએ એકત્ર કર્યો હતો. ઘરોની બારીઓ, છાપરાંનાં લાકડાં અને કમાડ પણ તોડી પાડીને–ચોરી લાવીને–હોળીની આહુતિ માટે ઢગલો કરવામાં આવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બેટા ! હોળી પ્રગટાવવાને થોડી વાર હતી. તે દિવસે રાજસિંહ આનંદપુરથી પાછો આવ્યો નહોતો. રૂઢિરિવાજોના પૂજારીઓ તે ન આવે તે માટે પ્રાર્થના કરતા હતા. રાજસિંહની ગેરહાજરીમાં તેમણે આજે એક પ્રચલિત ખોટો રિવાજ ઉજવવાનો નિશ્ચય કર્યો હતો. તેઓ ક્યાંકથી એક રખડતી સ્ત્રીને પકડી લાવ્યા. તેની આંખે પાટા બાંધવામાં આવ્યા, તેને મોઢે મેશ ચોપડવામાં આવી; તેને માથે એક ટોપલીમાં મીઠું, મરચું, અજમો, કાજળ વગેરે કોણ જાણે કેટલીયે ચીજો રાખવામાં આવી. તેને હોળીની ચારે બાજુએ આવી અપમાનભરી દશામાં નચાવવામાં આવી. તેના માથા ઉપર પાણી રેડવામાં આવ્યું. મીઠામરચાવાળું પાણી તેની આંખો અને નાકમાં પેસવા લાગ્યું. તે તરફડવા લાગી, ચીસો પાડવા લાગી, રડવા લાગી; પરંતુ એ નિર્દયોને હૃદયજ ક્યાં હતું ? તે તરફડતી હતી અને તેઓ રાજી થતા થતા કૂદતા હતા. તે રડતી હતી અને તેઓ હસતા હતા. તેની ગભરામણ, તેનું અપમાન, લોકોના મનોરંજનની સામગ્રી બની રહ્યું હતું; કોઇ તેનાં દુઃખ તરફ જોતું નહોતું. મોટા મોટા આગેવાન ગણાતા લોકો તેને ગાળો દઇ દઇને તેનું વધારે અપમાન કરતા હતા.

"બેટા ! આ બધું થતું હતું તેવામાં તારો ભાઇ આનંદપુરથી પાછો આવ્યો. તેણે દૂરથી જોયું તો હોળી સળગતી હતી. દૂરથી સાંભળ્યું તો લોકો ખરાબ ખરાબ ગાળો અને બીભત્સ ગીતો ગાતા ગાતા શોર મચાવી રહ્યા હતા. બેટા ! તે દોડ્યો અને એક ક્ષણમાંજ હોળીની પાસે આવી પહોંચ્યો. એક સ્ત્રીનું અપમાન થતું જોઇને તેનું લોહી ઉકળી ઉઠ્યું. તેણે તુરતજ તે સ્ત્રીને તે દુઃખમાંથી મુક્ત કરી દીધી. પરંતુ દુલારી ! બીજા લોકોએ ફરીથી તે સ્ત્રીને ઘેરી લીધી.

"એટલે તો બેટા ! રાજસિંહનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. તેનું ક્ષત્રિય લોહી ઉકળી ઉઠ્યું. તેણે પડકાર કરીને કહ્યું:–'એક રાઠોડની આંખો સમક્ષ એક માતાનું અપમાન નહિ થઇ શકે.' બસ બેટા ! પછી તો કહેવુંજ શું ? ભેગા થયેલા લોકો તોફાને ચઢ્યા. પેલી સ્ત્રીને છોડીને તેઓ રાજસિંહ ઉપર તૂટી પડ્યા. કોઇએ તેને માર્યો, કોઇએ ઘસડ્યો, કોઇએ સળગતા અંગારા તેના ઉપર ફેંક્યા. એ વીર બધું દુઃખ શાંતિથી સહન કરતો રહ્યો. સેંકડો મનુષ્યોના મારથી તારો ભાઇ બેભાન થઇ ગયો. હું અહીં આવ્યો ત્યાં સુધીમાં તો એ નરાધમોએ મારી આંખોના તારા રામસિંહને બાંધીને સળગતા અગ્નિમાં ફેંકી દીધો હતો. બધા પોતપોતાનાં ઘરોમાં ભાગી જઇને સંતાઈ ગયા હતા.

"બેટા ! હું રડતો રહ્યો. મારા અમૂલ્ય ધનને ગુમાવીને હું કંગાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગયો; દુલારી! બેટા! હું કંગાળ થવા છતાં પણ જીવતો રહ્યો. પણ તારી ભાભી—રુક્મિણી પોતાના વીર પતિની સાથે તરતજ હસતાં હસતાં સતી થઇ ગઇ. હું અને તારી માતા રડી રડીને જીવન ગાળવા માટે બાકી રહ્યાં.

"દુલારી! આ બન્ને ખાંભીઓ એ બન્ને કર્મવીરોના સ્મરણમાં ઉભી છે. બેટા! તે દિવસ પછી મેં કદી હોળી ઉજવી નથી. પણ હા, દરવર્ષે થોડો રંગ અને ગુલાલ લઇને અહીં આવું છું અને મારા વીર પુત્ર અને પુત્રવધૂની પૂજા કરી જાઉં છું. મારી ઝૂંપડીને પુત્રવિહીન જોઇને મારી આંખોમાં અશ્રુ ભરાઇ આવે છે, પરંતુ મસ્તક ગર્વથી ઉંચું એટલા માટે થાય છે કે મારા પુત્ર અને પુત્રવધૂનાં બલિદાને ગૌરીગામમાંથી આ નિંદ્ય પ્રથાને સદાને માટે બંધ કરી દીધી."

આ વાત સાંભળીને દુલારીની આંખો અશ્રુથી ભરાઈ ગઇ. તેણે પોતાની અશ્રુપૂર્ણ આંખો પિતાની ગોદમાં છુપાવી દીધી.

(જાન્યુ.-ફેબ્રુઆરી ૧૯૩૨ના "મહિલા"માંથી અનુવાદકઃ-ત્રં. મા. શુકલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१७-भिखारीनुं हृदय

(લેખકઃ-પંડિત શ્રી. લક્ષ્મીશંકર મિશ્ર)

તે એક ભિખારી હતો. અનાથ અને એકલો; સંસારમાં તેનું કોઇ નહોતું. તેના રુદન ઉપર માનવીઓ હસતા હતા. તેના વિષાદમાં કરુણા અને નિરાશામાં દુઃખ હતું! શૈશવની કોમળતાને દરિદ્રતાની આગે સૂકવી દીધી હતી! ખીલતા પુષ્પ ઉપર ઝાકળની છાયા પડી ચૂકી હતી! લાહોરની સડકો ઉપર રસ્તે ચાલ્યા જતા લોકો સાંભળતા—"દાતા! એક પૈસો……"અને દેખતા—આંસુઓથી ભરેલી, ભૂખથી વિહ્વળ એ મોટી મોટી આંખો. આપનાર જતાં જતાં સાંભળતો–" પરમાત્મા ભલું કરો " ન આપનાર પણ સાંભળતો—"પરમાત્મા ભલું કરો." એજ તેના—પેલા દુઃખી બાળકના આત્માના આશીર્વાદ હતા. એજ તેનું જીવન હતું.

*　　　*　　　*

" તારું નામ ? "

" નીતૂ……"

" ઘર ક્યાં છે ? "

" મારું ? "

" હા, તારુંજ–"

" બાબૂજી ! મારે ઘર નથી."

" હું પૂછું છું—તું ક્યાં રહે છે ? "

" ક્યાંય નહિ, રાત્રે કોઈ દુકાનના ઓટલા ઉપર પડ્યો રહું છું."

" અને દિવસે ? "

" દિવસે……"

તેની આંખોએ સર્વ કંઈ કહી દીધું. અભાગિયા બાળકના મુખમાંથી 'ભીખ' શબ્દ નીકળી શક્યો નહિ! તેણે વળી કહ્યું:—

" બાબૂજી ! "

" શું છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે આખો દિવસ કશું ખાધું નથી— !"

"તો ભીખ શા સારૂ માગે છે ? જા, ક્યાંક નોકરી કર કે મજુરી કર."

"નોકરી ? કોઇ નોકર રાખતું નથી—આપજ આપને ત્યાં રાખી લો—રોટલાનો એક ટુકડો સવારે અને એક સાંજે આપની થાળીનો એંઠો જૂઠો આપજો—"

એક સામાન્ય કારકુન માટે આ ઘણો ભારે સવાલ હતો. એક નોકર તો ઘરમાં હતોજ. હૃદયને દબાવીને છબિનાથ બાબુએ કહ્યું:

"મારે નોકરની જરૂર નથી."

તેમનો અવાજ કંઇક બદલાયા જેવો હતો.

ભિખારી છોકરાએ તેમના મુખ તરફ જોયું.

છબિનાથ બાબુ તે દૃષ્ટિથી ધ્રૂજી ઉઠ્યા, તેઓ ચાલવા લાગ્યા—

ભિખારીએ બૂમ પાડી—

"બાબુજી !"

તેઓ ઉભા રહ્યા, અનાયાસેજ ખિસ્સામાં હાથ ગયો. હથેળીમાં એક રૂપિયો ને સાડાચાર આના ચમકવા લાગ્યા.

નીતૂનો હાથ લાંબો થયો.

છબિનાથ બાબુએ એક વાર તેની તરફ જોયું, ને બીજી વાર પોતાના હાથમાંના પૈસા તરફ. પછી—તેનો હાથ ખિસ્સામાં પાછો ચાલ્યો ગયો. તેઓ ચાલી નીકળ્યા—નીતૂનો લંબાવેલો હાથ જેમનો તેમ રહ્યો ! તેણે નિરાશાભર્યો એક ઠંડો શ્વાસ લીધો. તેણે કહ્યું—"પરમાત્મા આપનું ભલું કરો !"

* * * *

સુખ્ખુ—સુખ્ખુ એક ઢેડ હતો. મહિને છ રૂપિયા મ્યુનિસિપાલીટીની નોકરીના મળતા અને આમતેમ બે ચાર ભલા માણસો પાસેથી મળીને એકાદ રૂપિયો વધારે મળતો. ઘરમાં ત્રણ જણ હતાઃ—

તે, તેની ડોશી અને એક આઠ નવ વરસનો બાળક.

તે છોકરાને તે પોતાનોજ કહેતો હતો, પરંતુ લોકો કહેતા કે સુખ્ખુ એ અનાથને તરત જન્મેલી દશામાં રસ્તામાં પડેલો જોઇને ઉપાડી લાવ્યો હતો અને તેણે તેને પાળીપોષીને આટલો મોટો કર્યો છે.

નીચ હોવા છતાં પણ ઇમાનદારી, મહેનત અને ધર્મભીરુતાએ સુખ્ખુનું મસ્તક મનુષ્યતાની દૃષ્ટિએ ઉંચું કરી રાખ્યું હતું.

તે દિવસે પહેલી તારીખ હતી. સાંજે સુખ્ખુ ઑફિસમાંથી પોતાનો પગાર લાવ્યો. ઘરમાં આવીને પાંચ રૂપીઆ તેની સ્ત્રીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં આપ્યા અને એક રૂપીઓ લઇને બજારમાં ગયો. સામાન લઇને આવતાં સુખ્ખુને રાત પડી ગઇ. શેરીનું ફાનસ ધુમાડાને લીધે વધારે ઝાંખું અજવાળું આપતું હતું.

સુખ્ખુએ શેરીને એક છેડે કોઇ કાળી ચીજ પડેલી જોઇ. તે આગળ ચાલ્યો.

વૃદ્ધાવસ્થાની આંખો બરાબર જોઇ શકતી નહોતી—સુખ્ખુએ પાસે જઇને તપાસ કરી—"અરે ! આ તો માણસ છે !"

સુખ્ખુએ ઢંઢોળીને કહ્યું:—" કોણ છે એય ? "

ફાટેલા કંતાનના ટુકડામાંથી માથું કાઢી કોઇએ ધીમે અવાજે કહ્યું:—"હું છું, જમાદાર !"

" કોણ—નીતૂ ? "

"હા, જમાદાર— "

" અહીં કેમ પડયો છે ? "

આ વખતે બે મોટી મોટી આંખો અંધારામાં ચમકી ઉઠી. નીતૂએ કહ્યું—" કયાં જાઉં ? "

સુખ્ખું કંઇક વિચારવા લાગ્યો, તે આ છોકરાને ઘણા દિવસથી જાણતો હતો. તે વખતે તેની દશા જોઇને સુખ્ખુનું હૃદય પીગળી ગયું. તેણે પૂછયું—" કંઇ ખાવાનું મળ્યું ? "

" ના, જમાદાર ! આજે કશું નથી મળ્યું—"

" સુખ્ખુએ ગજવું તપાસ્યું—તો એક આની અને બે પૈસા બચ્યા હતા, નીતૂના હાથમાં બે પૈસા આપીને કહ્યું: " લે કંઇક ખાઇ આવ, પછી મારા ઝૂંપડામાં સૂઇ રહેજે; અહીં ના સૂતો."

નીતૂના મરતા શરીરમાં પ્રાણ આવ્યા.

એ બે પૈસાની કિંમત તેને કોઈ પૂછે તો ? કૃતજ્ઞતાભરી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. સુખ્ખુને પગે પડયો. એક ઢેડે આજ એ ગરીબના આત્માને બે પૈસામાં ખરીદી લીધો !

* * * *

" બાબુજી ! એક પૈસો ! "

રવિવારનો દિવસ હતો, છબિનાથ બાબુ ઘર માટે સરસામાન ખરીદવા બજારમાં ગયા હતા. એજ પરિચિત અવાજ—

" બાબુજી, એક પૈસો ! "

તેમણે પાછું ફરીને જોયું તો—નીતૂ હાથ લંબાવીને તેમની સામે ઉભો હતો— સાક્ષાત્ દીનતાની મૂર્તિ—કરુણાનું પ્રતિબિંબ ! છબિનાથ બાબુએ તેના પ્રત્યે અવગણનાપૂર્વક જોયું ને આગળ ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતૂ થોડી વાર ઉભો રહ્યો, પછી કોણ જાણે શુંયે વિચારીને તે તેમની પાછળ પાછળ ચાલવા માંડયો. વાણિયાની દુકાને ચોખાના નમૂના જોવા માટે છબિનાથ બાબુ નીચા નમ્યા. તેમના ગજવામાંથી નોટોની એક પાતળી થોકડી જમીન ઉપર પડી ગઈ તેનો તેમને ખ્યાલ પણ ન હતો, તેઓ તો ચોખા પારખતા હતા.

પાછળ ઉભેલા નીતૂની નજર નોટો ઉપર પડી—તેણે આગળ આવીને તે ઉઠાવી લીધી. એક વાર તૃષ્ણાભરી વિચલિત દૃષ્ટિથી તેને જોઇને પછી પોતાના ફાટેલા પહેરણના એક છેડામાં સંતાડી દીધી.

છબિનાથ બાબુ તે દુકાને ભાવ બરોબર નહિ લાગવાથી આગળ ચાલ્યા ગયા હતા.

નીતૂ ધડકતે હૃદયે તેમની પાછળ પાછળ જઈ રહ્યો હતો. સામાન ખરીદ્યા પછી પૈસા આપવાને છબિનાથ બાબુએ ખિસ્સામાં હાથ નાખ્યો—ખિસ્સુ ખાલી હતું ! કાપો તો લોહી પણ ન નીકળે—પગ નીચેની ધરતી જાણે ખસી ગઈ–આમ તેમ જોયું–તેમની આંખોએ અંધારાં આવ્યાં !

જે રસ્તેથી તે આવ્યા હતા તે રસ્તો પગલે પગલે જોઇ વળ્યા; પણ કંઇ પત્તો નથી ! કોને કહે ? છાતી મજબૂત કરીને રહેવું પડયું !

વાણિયાને કહ્યું—"મારા ગજવામાં નોટ હતા, ક્યાંક પડી ગયા છે. તમે સામાન રાખો, હું પછી મંગાવી લઇશ."

નીતૂ સાંભળી રહ્યો, પરંતુ કંઈ બોલ્યો નહિ. તેણે પહેરણના છેડામાં દબાવેલી નોટની થપ્પીને વધારે જોરથી દબાવી દીધી !

છબિનાથ બાબુ હતાશ થઇને ઘેર પાછા આવ્યા.

તે દિવસે તેમને ત્યાં ચૂલો સળગ્યો નહિ !

* * * *

સવાર થયું—છબિનાથ બાબુ માથે હાથ મૂકીને ભારે ચિંતામાં બેઠા હતા. તેમની સ્ત્રી અને ચાર વર્ષનું એક બાળક બન્ને બાજુએ બેઠાં બેઠાં તેમના મોં તરફ જોઇ રહ્યાં હતાં. કોઇ કંઇ બોલતું નહોતું !

તેઓ વિચારતા હતા—"અરે ! આખા મહિનાની કમાણી ! પૂરા સાઠ રૂપિયા ! કોઈ ઉપાય નથી ! હવે શું થશે ? નાનકડો બાળક–પ્રાણથીયે પ્યારી સ્ત્રી–ભૂખે મરશે ! કોની પાસે માગવું ? ક્યાં જવું ?"

સમસ્ત સંસાર તેમને માટે અંધકારમય થયો હતો !

ધીમે ધીમે નવ વાગ્યા–ઑફિસમાં જવાનો સમય થયો હતો. છબિનાથ બાબુ ઉઠયા, મોં હાથ ધોઇને કપડાં પહેર્યાં. સ્ત્રીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નાનકડો બરફીનો ટુકડો રકાબીમાં લાવીને તેમની આગળ ધર્યો !

તેમની આંખોમાં આંસુ વહેવા લાગ્યાં. તે બોલ્યા—" રહેવા દે, બાળકને કામ આવશે. હું......"

તેમની વાત પૂરી ન થઈ એટલામાં કોઇએ બારણાની સાંકળ ખખડાવી અને બૂમ મારી: "બાબુજી!"

છબિનાથ બાબુએ વિચાર્યું—"કોઇ નવરો બેઠો પાડોશી હશે." તેઓ ચૂપ રહ્યા.

ફરીથી અવાજ આવ્યો: "બાબુજી ઘરમાં છે ?"

આ વખતે વિવશ થઇને ઘણીયે અનિચ્છા હોવા છતાં ઉઠીને તેમણે બારણું ઉઘાડયું.

એજ—બજારવાળો ભિખારી છોકરો–તેમની સમક્ષ ઉભો હતો.

છબિનાથ બાબુનાં ભવાં ચઢી ગયાં; તેઓ અકળાઇને બોલ્યા:– "અલ્યા ! તારે શું જોઇએ છે ? તું તો જીવ ખાઇને પાછળ પડયો છે !"

નીતૂએ પહેરણ નીચેથી નોટોની થોકડી કાઢી અને છબિનાથ બાબુ આગળ ધરીને કહ્યું:–" બાબુજી ! આ નોટ આપના છે ! બજારમાં કાલે પડી ગયા હતા, મને જડયા હતા તે આપને આપવા આવ્યો છું–એને તપાસી લ્યો."

છબિનાથ બાબુએ હાથ લંબાવીને નોટો લીધી. અને ગણી જોઈ– બરાબર પૂરા સાઠ રૂપિયાની હતી ! તેમને વિશ્વાસ નહોતો આવતો; તે સ્વપ્ન તો નથી જોઈ રહ્યા ?

નીતૂ—પેલો ભિખારી છોકરો, જેને તેમણે ધૂતકારી કાઢયો હતો–તેમની આગળ ઉભો ઉભો હસતો હતો !

આજે એજ નીતૂ તેમને ખૂબ સારો લાગતો હતો. તેના પ્રત્યે કરેલા પોતાના દુર્વ્યવહારનું સ્મરણ થતાંજ તેમની આંખો નીચી નમી ગઈ ! તેમણે આગળ આવીને નીતૂને છાતી સરસો ચાંપીને કહ્યું–"ભાઇ ! મને માફ કરજે." નીતૂ આ વાતનો શો જવાબ આપે–તે કંઈ સમજી શક્યો નહિ.

* * * *

નીતૂ જવા લાગ્યો—એક રડતા નિરાશ થયેલા કુટુંબને હસાવીને, એક ગૃહસ્થને ચિંતામુક્ત કરીને અને એક મનુષ્યને જીવનદાન દઇને—તે જતો હતો !

છબિનાથ બાબુએ દશ રૂપિયાની નોટ તેને આપતાં કહ્યું:— " લઇ જા, ઠંડીમાં ધ્રૂજે છે; આમાંથી કપડાં તૈયાર કરાવીને પહેરજે."

નીતૂએ કહેલું કંઇ પણ સાંભળ્યા સિવાય નોટ લઇ લીધી–તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમતેમ ફેરવીને એક વાર જોઇ-પછી હાથ લંબાવી તેને છબિનાથ બાબુના પગ આગળ મૂકી દીધી અને કહ્યું:—

"બાબુજી! હું એને શું કરીશ? એ આપની પાસે રાખો. આપને કામ આવશે-હું તો ભીખ માગી ખાઇશ-મારે તો એક પૈસો બહુ છે!"

છબિનાથ બાબુ આશ્ચર્યચકિત થઇને વિચારમાં પડયા. ભિખારી છોકરાના વર્તનથી તેમને આશ્ચર્ય થતું હતું!

તેમણે મસ્તક ઉંચું કર્યું-નીતૂનો ક્યાંય પત્તો નહોતો.

ઘર બહાર નીકળીને થોડી વાર સુધી તેને શોધ્યો; પણ કોણ જાણે તે તો ક્યાંય ચાલ્યો ગયો હતો!

* * * *

સાંજે સુખ્ખુના ઝુંપડામાં નીતૂ બેઠો હતો. સુખ્ખુએ બૂમ મારી: "દીના?"

"હાં બાપુ!"

"ખાવાનું થઇ ગયું?"

"લાવું છું."

સુખ્ખુના છોકરાએ બે મોટા મોટા રોટલા અને થોડું ઝીલની ભાજીનું શાક એક માટીની રકાબીમાં લાવીને નીતૂની આગળ મૂકયાં.

નીતૂએ રોટલા તરફ એક વાર કૃતજ્ઞતાભરી આંખોએ જોયું અને નમન કર્યું-અને ખાવા લાગ્યો! માત્ર એ ભોજનના-એ ગરીબ મહેતરના રોટલાનું-એ લૂખા સૂકા અન્નનું-મૂલ્ય દશ રૂપિયાથી કેટલુંયે વધારે હતું!

("માધુરી"ના એક અંકમાંથી અનુવાદકઃ-ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१८–दानवीर

(ઇમેન્યુઅલ ચાર્લ્સ નોડીયેરની ફ્રેંચ વાર્તાપરથી
હિંદીમાં લખનાર:—શ્રી. ગણેશ પાંડે)

તૌરીરી બગદાદનો ખલીફા હતો. તે સમર્થ વિદ્વાન અને ધનવાન હતો. તેના બુદ્ધિબળને લીધે તે સુપ્રસિદ્ધ હતો.

તેનો મહેલ ઘણોજ સુંદર અને રમણીય હતો. તેમાં ભાતભાતના કિંમતી પથ્થરો અને વેલબુટ્ટા મઢવામાં આવ્યા હતા, કે જે દેખાવમાં ફૂલો જેવાજ જણાતા હતા. તેનો એક સુંદર બગીચો પણ હતો. તેનાં ફૂલ અને પાન બરાબર નીલમ અને માણેક જેવાં દેખાતાં હતાં.

તે સુંદર વસ્ત્રાભૂષણોથી અલંકૃત રમણીઓને ખૂબ માન આપતો; પછી ભલેને તે મૂર્ખજ હોય. એજ રીતે તે કવિઓ અને સજ્જનોનું ખૂબ સન્માન કરતો હતો.

એક દિવસ વસંતઋતુના સુશોભિત પ્રાતઃકાળમાં તે બગદાદના રાજમાર્ગે થઇને જતો હતો.

તે રસ્તા ઉપર એક બાજુએ નારંગીઓથી ભરેલી સોદાગરોની ગાડીઓ જતી હતી, અને બીજી બાજુ સુગંધીદાર તાજાં સુંદર ફૂલોથી ભરેલી ટોપલીઓ માણસોના માથા ઉપર દેખાતી હતી. લોકો વિધવિધ પ્રકારના પોશાક પહેરીને આમતેમ અવરજવર કરી રહ્યા હતા. જુવાન સ્ત્રીઓ એવી સુશોભિત દેખાતી હતી કે જાણે સુગંધીદાર ફૂલો ઝાકળનાં ટીપાંઓથી ઝળકી રહ્યાં ન હોય.

પોતાની ચોતરફ સુગંધ, સૌંદર્ય અને આનંદ જોઇને તૌરીરીના વૃદ્ધ શરીરમાં પણ સ્ફૂર્તિ આવવા લાગી. તેને આનંદ અને વિલાસના દિવસો યાદ આવ્યા. તેને દુનિયા એ એશઆરામની જગા છે એ વાતમાં શંકાજ ન રહી.

તેને એટલો આનંદ થયો કે તે જોરથી બૂમ પાડી ઉઠયો— "કેવો સુંદર તડકો છે!"

* * * *

તેને એક પાંચ વર્ષની છોકરી મળી. તે બહુ સુંદર હતી ને તેણે એક નાનું ઝભલું પહેર્યું હતું. તે પોતાના મોંમાં આંગળી રાખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ ધ્યાનપૂર્વક તેની લાંબી દાઢી અને તેનાં કપડાં ઉપર ભરેલું ભરત જોવા લાગી.

તે સુંદર તો હતીજ; તેથી તે તેના તરફ વળ્યો, તેને ગોદમાં લઈ છાતીએ લગાવી અને એ મહોરો તેના હાથમાં મૂકી.

થોડે દૂર આગળ ચાલ્યા પછી દશ વર્ષનો એક છોકરો મળ્યો. તે છોકરો દેખાવમાં બેડોળ હતો, ફાટલાં તૂટલાં કપડાં પહેરેલાં હતાં, તેની આંખોમાંથી પાણી વહેતું હતું ને નાક પણ ગંદુ હતું. તેણે તેના હાથ આગળ ધર્યા અને ઘણાજ દીન સ્વરે કહ્યું: "તેની માતા બિમાર થઇને બિછાને પડી છે, તેને સાત નાના નાના ભાઇ છે અને ત્રણ દિવસથી તેમને કંઇ ખાવાનું મળ્યું નથી."

તૌરીરીએ તેને થોડોક ધમકાવીને એક મહોર આપી.

વીસ ડગલાં આગળ ચાલ્યા પછી તેને એક વૃદ્ધ ભિખારી મળ્યો. તેનો ચહેરો માર ખાધેલા કૂતરા જેવો હતો. તેની દાઢી પીળી–પાણીમાં ભીંજાવેલા શણ જેવી–હતી. તે ઉંચે અવાજે પોકારતો હતો. તેણે તેજ અવાજે કહ્યું:–"આ ગરીબ ડોસા ઉપર દયા કરો, મારાથી નથી તો કંઈ કામ થતું કે નથી કંઇ હરીફરી શકાતું. ગરીબપરવર આપને તેનો બદલો આપશે."

તૌરીરીએ તેના તરફ એક ચાંદીનો સિક્કો ફેંક્યો, પરંતુ તે એટલે દૂર હતો કે સિક્કો જમીન ઉપર પડયો અને બિચારો ભિખારી મહામહેનતે નીચે નમીને તે લઇ શક્યો.

થોડીજ વાર પછી તૌરીરી એક સ્ત્રીને મળ્યો. તેને જોઇને તે જુવાન છે કે ઘરડી છે એ કોઇ કહી શકે તેમ નહોતું! તેના ખભા ઉપર એક ટોપલીમાં તરતનુંજ જન્મેલું એક બાળક હતું તેને જોઇને તૌરીરી તદ્દન જમીન તરફ જોવા લાગ્યો; પરંતુ પેલી સ્ત્રીએ તેનો પીછો ન છોડયો. તે ધીમે અવાજે ગણગણતી તેની પાછળ પાછળ ગઇ.

તૌરીરી અકળાઇને આગળ ચાલ્યો પણ આ બલાએ તેનો પીછો છોડયો નહિ. ત્યારે તેણે પોતાનું ખિસ્સું તપાસ્યું. પરંતુ તેને જોઇતું હતું તે ના મળ્યું. અંતે ચીઢાઇને તેણે થોડાક પૈસા તેના તરફ ફેંકયા.

પછી તેણે ત્રીસ કદમ દૂર એક હાથપગ વિનાના માણસને ભીંતને ટેકે બેઠેલો જોયો! તે ફિરદોસીનું રચેલું એક ગીત ખૂબ કરુણ સ્વરે ગઈ રહ્યો હતો. એ ગીત એટલું હૃદયદ્રાવક હતું કે તે સાંભળીને પથ્થર પણ પીગળી જાય.

તૌરીરી આ માણસ તેની પાછળ આવી શકે તેમ નથી એમ ધારીને ઉભો રહ્યો. તેણે એવો ભાવ બતાવ્યો કે જાણે તે તેને જોતાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. અને રસ્તાની બીજી બાજુએ નીકળી ગયો.

તે થોડી વાર સુધી આગળ વધ્યેજ ગયો, પરંતુ તેને હવે સારૂં લાગતું નહોતું. તે જોરથી બોલ્યો–" આ તાપ અસહ્ય છે!"

અને તે પોતાને મહેલ પાછો ફર્યો.

*   *   *   *

તેણે પોતાના દિવાનને બોલાવ્યો અને તેને કહ્યું:–"રાજમાર્ગ ઉપર જાઓ. તમને ત્યાં એક વૃદ્ધ ભિખારી મળશે, તેને એક મહોર આપજો. પછી એક ગરીબ સ્ત્રી પોતાના બાળકને દૂધ પીવરાવતી મળશે, તેને બે મહોર આપજો. ત્યારપછી એક હાથપગ વિનાનો માણસ મળશે, તેને ત્રણ મહોર આપજો."

પરંતુ હવેથી જ્યારે તે શહેરમાં જતો હતો ત્યારે ઘણે ભાગે એક નોકર તો તેની આગળ આગળ મહોરો લઇને ચાલતો અને જે કોઇ ભિખારી મળે તેને મહોર આપતો અને કહેતો કે, અહીંથી ખસી જાઓ કે જેથી બાદશાહ સલામતની નજર તમારા ઉપર પડે નહિ.

ધીમે ધીમે તે પરગજુ અને ન્યાયી બાદશાહ ઘણો મોટો દાનવીર ગણાયો. તેણે પ્રતિજ્ઞા લીધી કે, બગદાદમાં કોઇ ભિખારી રહેવો જોઇએ નહિ. તેના મહેલ આગળ રોજ ગરીબો અને દીનદુઃખીઓને અન્ન અને રૂપિયા પૈસા વહેંચાતા. તેણે બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ, દર્દીઓ તથા અપંગોને માટે જુદાં જુદાં દવાખાનાં બંધાવ્યાં.

અને જ્યારે કોઇ આવીને તેને એમ કહેતો કે, અમુક વ્યક્તિ જૂઠેજૂઠો માંદો અને દરિદ્ર થઇને મદદ લઈ ગયો છે; તો તે કહેતો: "મને શાંતિથી રહેવા દો; મને સાચજૂઠની તપાસ કરવાનો સમય નથી."

આ રીતે તેણે લોકોના ભલા માટે પોતાનું ઘણું ખરૂં ધન ખર્ચી નાખ્યું. પોતાનું અંગત ખર્ચ અને મોજશોખ ઘણાંજ ઓછાં કરી નાખ્યાં, અને પોતાની સૌથી નાની બેગમ, કવિઓમાં સૌથી વધારે આળસુ કવિ અને દાર્શનિકોમાં સૌથી હોશિયાર દાર્શનિકનેજ પોતાની પાસે રાખ્યાં.

તે બાહોશ કલાકારો, બુદ્ધિમાનો અને શિલ્પશાસ્ત્રીઓના સાથમાં શાંતિથી પોતાનો સમય ગાળતો હતો. તેણે જે દવાખાનાં બંધાવ્યાં હતાં, તેને ન તો કોઇ દિવસ જોવા જતો કે ન તો જે જગ્યાએ ગરીબોને અન્ન અને રૂપિયા વહેંચાતા હતા ત્યાં જતો.

એક દિવસ તે શહેરના રસ્તા ઉપરથી જતો હતો, એટલામાં ગરીબો અને દીનદુઃખીઓના એક ટોળાએ તેને ઘેરી લીધો. તેઓ કહેવા લાગ્યા:–" ધર્માવતાર ! આપેજ અમને જીવન આપ્યું છે." તેઓમાંના ઘણાખરા ઘુંટણે બેસી ગયા અને તેના ઝભ્ભાના છેડા

Gurukula Kangri Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડીને ચૂમવા લાગ્યા; પરંતુ તે નારાજ થયો, જાણે તેઓ કૃતજ્ઞતા પ્રકટ કરતા હતા તેથી તેને દુઃખ થયું ન હોય!

લોકો તેને આખા ઈરાનમાં સૌથી મહાન પુરુષ–સૌથી પ્રતિષ્ઠિત આત્મા–માનવા લાગ્યા.

જ્યારે તેના મૃત્યુના દિવસો પાસે આવવા લાગ્યા ત્યારે તેણે બધા કવિઓ અને દાર્શનિકોને વિદાય કર્યા અને પોતાની બગલમાં એક સુંદર સોળ વરસની સ્ત્રીને રાખી. તેણે તેને ફરમાવ્યું હતું કે, તેણે તેના તરફ આંખોથી જોવા સિવાય તેને કંઇ પણ કહેવું નહિ.

તે મરી ગયો. તેની લાશની સાથે બીજા લોકોની સાથે હજારો ગરીબો પણ ગયા અને ઘણાખરાએ રુદન કર્યું.

* * *

તેનો આત્મા કોઇ પણ પ્રાણીને ખબર નથી એવી બીજી દુનિયામાં ગયો. તેને ઈશ્વરી ન્યાયાધીશ (ઉર્મૂજ) ધર્મરાજ સમક્ષ હાજર કરવામાં આવ્યો.

ન્યાયાધીશે તેને પૂછ્યું—" તમે દુનિયામાં શું કર્યું ? તમે શાં શાં કામ કર્યાં છે ?"

તૌરીરીએ શાંતિ અને નમ્રતાપૂર્ણ શબ્દોમાં કહ્યું—" માણસ હોવાથી અવશ્ય મારામાં નબળાઇઓ રહેલી છે. હું સુંદર અને સુશોભિત ચીજો, મોહક વાજીંત્રો તથા ગીતો અને ખુશ કરનારી વાતોથી ઘણોજ પ્રસન્ન રહ્યા કરતો હતો; પરંતુ મેં મારા પોતાના ખર્ચથી ચાર દવાખાનાં ઉઘાડયાં હતાં, અને મારા ધનનો માત્ર દશમો ભાગ મારે માટે રાખી બાકીનું બધું ગરીબો અને દીનદુઃખીઓના ભલામાં ખરચી નાખ્યું છે."

ન્યાયાધીશે જવાબ આપ્યો:—"ઠીક છે કે તું ખરાબ માણસ નહોતો અને કોઇ કોઇ વાર તારામાં દયા પણ જણાતી હતી, તોપણ તું સ્વર્ગમાં પ્રવેશ કરવાનો અધિકારી હજુ થયો નથી. તારો આત્મા ફરીથી બીજા શરીરમાં પ્રવેશ કરશે અને પ્રાયશ્ચિત્ત કરવા માટે તથા શિક્ષણ લેવા માટે એક નવું જીવન ગુજારશે."

તૌરીરી ઘણોજ આશ્ચર્યચકિત થયો અને પૂછ્યું: "મારે કઈ વાતને માટે પ્રાયશ્ચિત્ત કરવું પડશે ?"

તારા પોતાનાજ હૃદયને પૂછ. જ્યારે તું ગરીબોને દાન આપતો હતો ત્યારે તારા વિચાર કેવા હતા ? જે દિવસે તેં રસ્તા ઉપર વૃદ્ધ ભિખારી, દુર્બળ સ્ત્રી અને હાથપગ વિનાના માણસને જોયા હતા, તે વખતે તેં મનમાં કેવા વિચારો કર્યા હતા ?"

" માણસનાં દુઃખો માટે બહુ લાગણી અને દયાના." તૌરીરીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ આપ્યો.

ન્યાયાધીશે જવાબ આપ્યો: "તું જૂઠું બોલે છે. તેમના ચહેરાના દેખાવ બેડોળ અને કઢંગા હતા. એ લોકોની તકલીફો અને દુઃખો તો તને બહુ ખટક્યાં હતાં, પરંતુ તેમની ગંદકી અને બેડોળપણા ઉપર તને ચીડ ચઢી હતી. તેમની દીનતા, નમ્રતા અને બૂમો પાડીને માગવાની રીત તને પસંદ પડતી નહોતી. એ અભાગીઆઓનો તું એટલો બધો તિરસ્કાર કરતો હતો કે તેઓ ધન્યવાદ આપતા તે પણ તું સહન કરી શકતો નહિ. દાની હોવાના અભિમાને અને તારી રુચિની કોમળતાએ એ ગરીબોને કૃતજ્ઞતા પ્રગટ કરતા પણ અટકાવ્યા હતા. એ બરાબર છે કે તેં ગરીબાઇને હઠાવવા–તેને દૂર કરવાને માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા; કેમકે તને વિશ્વાસ હતો કે એથી દુનિયામાં ગંદકી ફેલાય છે, જીવન બેઆબરૂ થાય છે; પરંતુ હું મનુષ્યોનાં હૃદયમાં દાખલ થનારો છું. હું સાફ સાફ કહું છું કે, તારા હૃદયમાં તિરસ્કાર અને દ્વેષના ભાવો હાજર હતા."

તૌરીરીએ જવાબ આપ્યો—"પરંતુ હું ગરીબોને નહિ પણ તેમનાં દુઃખો અને તેમની બુરાઇઓ કે જે આપની દુશ્મન છે તેની ઘૃણા કરતો હતો."

"હું અહરેમન છું!" ન્યાયાધીશે જવાબ આપ્યો.

"શું આપજ છો?"

"હા, તૌરીરી! હુંજ અહરેમન છું; કેમકે હું ઉર્મુજ છું. ભલાઇ બુરાઇથીજ પેદા થાય છે. કષ્ટ અને મુસીબતોથીજ ગુણ પેદા થાય છે."

"શું આપ મારે માટે એજ યોગ્ય સમજો છો?"

"ગભરાઓ નહિ. બુરાઇઓ દૂર થઇ જશે. આનંદ અને સદ્દગુણો પેદા કરવાને માટેજ તેના અસ્તિત્વની આવશ્યકતા છે. જ્યારે દુનિયાનો–કે જ્યાં આનો પ્રયોગ થઇ રહ્યો છે–નાશ થઈ જશે અને જ્યારે પવિત્ર આત્માઓ મારી સાથે હશે ત્યારે એવું જણાશે કે તેનું અસ્તિત્વજ નહોતું."

તૌરીરીએ કહ્યું:–"આપનો તર્ક ઠીક છે. પરંતુ આથી મારી બાબતમાં શું પરિણામ કાઢવાનું છે? અને તેમની તકલીફો દૂર કરવા સિવાય મારા ઉપર ફરજ પણ શી રહેતી હતી?"

"એજ બાબતો શીખવા માટે તો હું તને દુનિયામાં મોકલું છું."

"પણ........"

તૌરીરી પોતાનું વાક્ય પૂરૂં કરી શક્યો નહિ ને ન તો ઉર્મુજ પણ પૂરૂં કરી રહ્યો.

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૌરીરીનું જીવન ઘણું દુઃખી હતું. તે ઉસ્કાવમાં એક ગરીબ કડિયાના ઘરમાં જન્મ્યો હતો. બાળપણમાં તેને મહામુસ્કેલીથી પેટપૂરતું ખાવાનું મળતું હતું. જ્યારે ત્યારે તેના ઉપર માર પણ ખૂબ પડતો. તે એક ધંધો કરવા લાગ્યો કે જેનાથી તે મુસ્કેલીથી દિવસ ગુજારતો. અને ગરીબોની પેઠે તેનામાં કંઈક ગુણ પણ હતા. તે ઘણોજ ઇમાનદાર, આજ્ઞાંકત અને ભલો માણસ હતો. તેનામાં ન તો કંઇ ઘમંડ હતો કે ન તો કંઇ બહારનો ભપકો કે ડોળદમામ.

એકલા રહેવું ન પડે તેટલા માટે તેણે લગ્ન કર્યું. કોઈ કોઈ વાર તેને કામ મળતું નહિ. દુઃખ અને કષ્ટથી તેની સ્ત્રી અને બે બાળકો દુનિયામાંથી ચાલી નીકળ્યાં! એક દિવસ તે પાલખ ઉપરથી પડી ગયો. બરાબર સારવાર ન થઇ શકવાથી તેના બન્ને પગ નકામા થઇ ગયા, એક હાથ ભાગી ગયો અને બીજો હાથ એવો જખમી થયો કે કદી સારો થઇ શકે નહિ.

લાચાર થઇને તેને ભીખ માગવી પડી. પહેલાં તો તેને માગતાં આવડતું નહિ. માગતાં તેને શરમ આવતી અને તેને મુસ્કેલીથી કંઇક મળતું હતું.

ધીમે ધીમે તેને હાથ લંબાવતાં આવડી ગયું. હવે તેને પૂરતું ખાવાનું મળી રહેતું અને ભૂખ્યા સૂવું પડતું નહિ.

દુનિયામાં તેને આનંદ આપનારી બીજી કોઇ પણ ચીજ રહી નહોતી. જ્યારે તેને કંઇ પૈસા મળતા ત્યારે તે પીઠામાં જતો અને તાડી પી લેતો.

* * * *

તેની ઝુંપડીની પાસેજ એક ખૂબ ગરીબ છોકરી રહેતી હતી. તેને તે ઘણી વાર મળતો હતો. તે તેના ઉપર ખૂબ દયાભાવ રાખતી હતી.

તે દરરોજ સવારે તેના જખમો ધોવા આવતી. તે તેનું બિછાનું બરાબર પાથરી આપતી, ખાવાનું કરી આપતી અને તેનાં ફાટેલાં કપડાંમાં થીંગડાં મારી આપતી. આ બધાં કામો બદલ તે કંઇ પણ માગતી નહિ.

તેનું નામ ક્રિકા હતું. તે સુંદર નહોતી; પરંતુ તેની આંખો એટલી ભાવભીની રહેતી કે તેને જોનાર તેને ચાહ્યા વિના રહેતું નહિ.

અને તૌરીરી પણ રોજ સવારમાં પથારીમાં પડયો પડયો તેના ઉઠવાની વાટ જોતો અને તેને બારીમાંથી જોવાને ઇંતેજાર રહેતો હતો.

* * * *

એક દિવસ તે હમેશની પેઠે ભીખ માગી રહ્યો હતો. એક અમીર માણસે તેના તરફ તિરસ્કારપૂર્વક એક મહોર નાખી. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયે ઉર્મુજની પ્રેરણાથી તેને માલમ પડયું કે, હુંજ તૌરીરી હતો. અને પેલા અમીરની દૃષ્ટિમાં તિરસ્કારનો ભાવ જોઇને તે સમજી ગયો કે ઉર્મુજે તેને શામાટે આ સજા કરી છે! તે સારી રીતે સમજી ગયો કે પૂર્વજીવનમાં જો કે તે ગરીબોનાં દુઃખ દૂર કર્યા કરતો હતો, પણ તેમની દીનતા અને બેડોળ ચહેરાઓને જોઇ તેમની ઘૃણા કરતો હતો, જેને માટે તેઓ ન તો દોષી હતા કે ન તો જુમ્મેદાર હતા.

બીજે દિવસે સવારે જ્યારે ક્રિકા તેના જખમ ધોવા આવી, ત્યારે તેણે તેના તરફ ખૂબ ધ્યાનથી જોયું. તેણે જોયું કે, તે જરા પણ તિરસ્કાર કરતી નથી, તેની આંખો શાંત છે. તેણે સારી રીતે સમજી લીધું કે, જે છોકરી તેની સારવાર કરે છે અને તેનાથી દૂર નહિ રહેવાની કોશીશ કરે છે, તે ખરેખર ભલી છે—તે સાધુ છે.

જ્યારે તે પાટો વગેરે બાંધી રહી ત્યારે તેણે તે છોકરીના હાથે ચૂમી લીધી અને રડવા લાગ્યો. ઉર્મુજની કૃપાથી તેજ રાત્રે તેનું મરણ પણ થઈ ગયું !

× × × ×

ઉર્મુજે તેના આત્માને પૂછયું–"તું શું સમજ્યો ?"

હું એ સમજ્યો કે ગરીબોને તેમની ગરીબાઈમાં મદદ કરવી જોઇએ. આપણે તેના આત્મામાં સમાઇ જવું જોઇએ. બેડોળ ચહેરા અને ચિંથેરેહાલ દીનદુઃખી દશા હોવાને કારણે તેમનો તિરસ્કાર કરવો જોઇએ નહિ; કેમકે એવી સ્થિતિમાં તો આપણે પોતે પણ એવાજ હોઇએ છીએ. તેમની આજીજીઓને આપણે પ્રેમભરી દૃષ્ટિએ જોવી જોઇએ. એ ગરીબો કે જેમની સંખ્યા સામાન્ય રીતે વધારે હોય છે અને જેના ગુસ્સાની આગ ધનવાનોને ઘાસના પૂળાની પેઠે સળગાવી દે તેમ છે; તેઓના ઉપર પ્રેમ રાખવો જોઇએ. આપણે લોકોએ તેમની ખૂબ પ્રેમથી સેવા કરવી જોઇએ. જે રીતે આપણે પોતાના દુઃખની વેળાએ બીજાઓના તરફ જોઇએ છીએ, તેજ પ્રમાણે બીજાઓનાં દુઃખ વખતે તેમની સંભાળ લેવી જોઇએ. તેમનાં દુઃખ દૂર થયા પછી તે દુઃખ પ્રત્યે તિરસ્કાર નહિ કરવો જોઇએ. બલ્કે તેના તરફ મમતાભરી દૃષ્ટિએ જોવું જોઇએ, જે પ્રમાણે કોઈ માણસ ઇશ્વરની ઇચ્છાઓનો સ્વીકાર કરે છે; કારણ કે માત્ર તેજ બધી બાબતોનાં કારણોને જાણે છે. આ સૃષ્ટિનો ઉદ્દેશ સૌન્દર્ય ઉત્પન્ન કરવાનો નહિ પરંતુ ભલાઇ ઉત્પન્ન કરવાનો છે.

ઉર્મુજે કહ્યુઃ—"એમાં કંઈ ખોટું નથી, ભલા માણસ! જાઓ, આરામ કરો."

(ઑક્ટોબર–૧૯૩૧ના "વિશાલભારત'માંથી અનુવાદકઃ–ત્રં. મા. શુકલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१९–सुरतनुं काफीखानुं

(ટૉલ્સ્ટૉયની એક વાર્તાના આધારે હિંદીમાં લેખકઃ–
શ્રી. ગુપ્તેશ્વરપ્રસાદ શ્રીવાસ્તવ)

સુરતમાં એક કાફીખાનું હતું. તેમાં સંસારના સર્વ દેશોના યાત્રીઓ આવતા અને અનેક વિષયો ઉપર વાદવિવાદ કરતા હતા. એક દિવસ ઈરાનનો એક સમર્થ વિદ્વાન મુલ્લાં તેજ કાફીખાનામાં આવ્યો. તેણે પોતાનું સમગ્ર જીવન ધર્મના તત્ત્વજ્ઞાનને લગતાં પુસ્તકોનું અવલોકન કરતાં કરતાં વીતાવ્યું હતું. ઈશ્વરસંબંધમાં તેણે એટલું બધું અધ્યયન તથા વિચારો કર્યા હતા તેમજ એટલાં બધાં પુસ્તકો લખ્યાં હતાં કે અંતે તેની બુદ્ધિ ગુમ થઈ ગઈ હતી. મગજ એવું બગડી ગયું કે ધીમે ધીમે 'ઈશ્વર છે કે નહિ ?' એ જાતના ભાવો તેના હૃદયમાં ઉઠવા લાગ્યા.

ઈરાનના બાદશાહે આ વાતો સાંભળીને તેને દેશપાર કર્યો હતો.

ભગવાનના વિષયમાં આલોચના કરતાં કરતાં એ કમભાગી મુલ્લાંએ તત્ત્વકથાને અત્યંત જટિલ બનાવી દીધી હતી અને તે પૂરેપુરો હતબુદ્ધિ થઈ ગયો હતો. તે જાણતો નહોતો કે, તેની વિચાર–શક્તિ એકદમ નાબુદ થઈ ગઈ છે. ભગવાન એજ વિશ્વબ્રહ્માંડના કર્તાહર્તા છે તેમાં તેને શંકા પડવા લાગી. તેને એક નોકર હતો, તે તેની સાથે સાથેજ ફરતો હતો. ઈરાનના મુલ્લાંએ જ્યારે કાફીખાનામાં પ્રવેશ કર્યો ત્યારે તેનો નોકર દ્વાર નજીક તડકામાં એક પથ્થર ઉપર બેઠો. માખીઓ તેની ચોતરફ ફરીવળીને ગણગણવા લાગી, અને તે તેને ઉડાડવા લાગ્યો. કાફીખાનાના તંબાકુ પીવાના ઓરડામાં બેસીને મુલ્લાંએ અફીણ માગ્યું. અફીણ ખાધા પછી તેના મગજમાં તરંગો ઉઠવા લાગ્યા, એટલે તેણે પોતાના નોકરને બૂમ મારીને કહ્યું:—"અરે મૂર્ખ ! કહે જોઈએ ઈશ્વર છે ?" "ઈશ્વર છે" એમ કહીને નોકરે પોતાના કમરબંધમાંથી એક નાનકડી લાકડાની મૂર્તિ બહાર કાઢી અને કહ્યું: "આ ઈશ્વરજ હું જન્મ્યો ત્યારથી મારી રક્ષા કરતા આવ્યા છે. જે વૃક્ષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાકડાની આ મૂર્તિ છે તે વૃક્ષની પણ દેશવાસીઓ પૂજા કરે છે."

મુલ્લાં અને નોકરના આ વિચિત્ર સંવાદને કાફીખાનાના બધા લોકો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. ત્યાં હાજર રહેલાઓમાં એક બ્રાહ્મણ પણ હતો. તેણે નોકર તરફ ફરીને કહ્યું:—"અરે કમભાગી મૂર્ખ! શું એ સંભવિત વાત છે કે, કોઈ ભગવાનને ખિસ્સામાં રાખી શકે? ઈશ્વર એ એક વ્યક્તિ છે અને તેઓ સમસ્ત સંસારથી મોટા છે. કેમકે જગત તો તેનીજ સૃષ્ટિ છે. તેની શક્તિ સર્વોપરી છે, તેનાજ નિવાસ માટે ગંગાતટે હજારો મંદિરો નિર્માણ કરવામાં આવ્યાં છે. તેમાં તેમના યથાર્થ પૂજારી—બ્રાહ્મણ—તેની પૂજા કરે છે. બ્રહ્માને બ્રાહ્મણો સિવાય બીજું કોઈ જાણતું નથી, એજ અદ્વિતીય બ્રહ્મ, પ્રકૃત ભગવાન પોતાની રક્ષા સ્વયં કરતા આવ્યા છે. એજ કારણે હજારો વર્ષોના અસંખ્ય વિપ્લવો વચ્ચે પણ અમે અમારૂં પ્રાધાન્ય અભંગ સાચવી શક્યા છીએ." એમ કહીને તેણે મનોમન વિચાર્યું કે, અહીં હાજર રહેલા માણસો મારી વાતો માની લેશે.

ત્યાં એક યહૂદી દલાલ પણ હતો. તેણે પેલા બ્રાહ્મણને કહ્યું:—"નહિ, પ્રકૃત—ખરા—સાચા ભગવાનનું મંદિર ભારતવર્ષમાં નથી અને તેઓ બ્રાહ્મણ જાતિની રક્ષા પણ નથી કરતા. પ્રકૃત ભગવાન બ્રાહ્મણોના ભગવાન નથી, તેઓ ઈબ્રાહિમ ઈસિહાક અને યાકૂબના ખુદા છે. તેઓ પોતાના બનીસરાયલો સિવાય બીજા કોઈની પણ રક્ષા કરતા નથી. સદા સર્વદાથી અમારીજ જાતિ તેમને પ્રિય છે. અમે આ સમયે પૃથ્વીની ચારે તરફ ફેલાઈ ગયા છીએ તો અવશ્ય, પણ તેમણે આ પ્રમાણે અમારી પરીક્ષા લેવા માટેજ કર્યું છે. ભિન્ન ભિન્ન સ્થાનોમાં અમને ફેલાવીને પણ તેમણે પ્રતિજ્ઞા કરી છે કે, એક દિવસ બધાને તેઓ જેરૂસલેમમાં એકત્રિત કરશે. પૃથ્વીનું જેરૂસલેમનું અપૂર્વ મંદિર પુનઃ આલોકિત થઈને સંસારની સમસ્ત જાતિઓ ઉપર શાસન કરશે. તેથીજ બનીઝરાઈલોને તેમણે પ્રતિષ્ઠિત કરેલા છે.

આજ પ્રમાણે ઘણી વાતો કહેતાં કહેતાં યહૂદીની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે એથી પણ કંઈક વધારે કહેવા જતો હતો તેવામાં એક ઈટાલિયને તેને વચમાંજ અટકાવીને કહ્યું કે, આપ એકદમ જૂઠી વાત કહી રહ્યા છો, અને ભગવાનના ઉપર એક પ્રકારના અવિચારનો આરોપ કરી રહ્યા છો. અન્ય જાતિઓને અલગ રાખીને તેઓ માત્ર આપની જાતિ ઉપર પ્રેમ નથી રાખતા. જો કે એ વાત સાચી છે કે, પહેલાં બનીઝરાઈલો તરફ તેમની કૃપા હતી, પરંતુ ઓગણીસસો વર્ષ પહેલાંથી આ જાતિ તેમનું ક્રોધભાજન બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઇ હતી. આજ કારણથી યહૂદી જાતિ પતન તરફ જવા લાગી અને ઇશ્વરે તેને છિન્નભિન્ન કરી નાખી. તેનો મત કોઇ સ્વીકારતું નથી, તેનો લગભગ લોપ થઈ ગયો છે. ઈશ્વર કોઇ પણ જાતિ ઉપર વધારે પ્રેમ રાખતા નથી. પરંતુ જે તેને શરણે જવા ઇચ્છે છે, તેને તેઓ રોમના કેથોલિક દેવળમાં જવાનો ઉપદેશ કરે છે! એ દેવળ સિવાય બીજી કોઇ જગાએ જવાથી તેને મુક્તિ મળતી નથી."

આ પ્રમાણે કહીને તે ઈટાલિયન પુરોહિત ચૂપ થઈ ગયો. ત્યારે એક પ્રોટેસ્ટંટ પાદરીએ કેથોલીક પુરોહિત તરફ જોઇને ઉચ્ચ સ્વરે કહ્યું:—"આપ એમ કેમ કહો છો કે આપના ધર્મને જે ગ્રહણ કરશે તેનીજ મુક્તિ થશે અને બીજાની નહિ થાય ? સાચી વાત તો એ છે કે, બાઇબલમાં લખેલા પ્રભુ ઇસુખ્રિસ્તના ઉપદેશને અનુસરીને જે કોઇ ઈશ્વરની ઉપાસના કરશે તે તેને અવશ્ય પ્રાપ્ત કરી શકશે."

સૂરતનો એક કર ઉઘરાતદાર કચેરીનો નોકર કાફીખાનામાં બેઠો બેઠો ધૂમ્રપાન કરી રહ્યો હતો. તે આ બન્ને વ્યક્તિઓથી પણ પોતાના ધર્મનો મહિમા વધારે પ્રગટ કરવાના અભિપ્રાયથી બોલ્યો—"રોમ ધર્મમાં આપ લોકોની આસ્થા નથી, પરંતુ બારસો વર્ષ પહેલાંથીજ જે સત્ય ધર્મે તેને દબાવી દીધો હતો તે મહમદ સાહેબનો મુસ્લીમ ધર્મ છે ! આપ લોકોએ અવશ્ય વિચાર્યું હશે કે, મુસ્લીમ ધર્મ કેવી રીતે યુરોપ, એશીઆ અને ચીન સુધી પણ ફેલાઇ ગયો. આપ પોતેજ કહો છો કે યહૂદીઓથી ઈશ્વર અપ્રસન્ન છે, તેનું પ્રમાણ એ છે કે તેણે તેમને હલકા બનાવી દીધા છે. તેજ કારણથી તેમનો ધર્મ ફેલાઈ શકતો નથી. અસ્તુ. ઇસ્લામધર્મ એજ સર્વશ્રેષ્ઠ ધર્મ છે, એ સ્વીકારવુંજ પડશે. જે ખુદાના છેલ્લા અવતાર મહમદની ઉપાસના નહિ કરે, તેનો ધર્મ નહિ ગ્રહણ કરે, તેની મુક્તિ થઇ શકશે નહિ. પરંતુ મહમદના શિષ્યોમાં જે ઉપરનું શિષ્યત્વ ગ્રહણ કરશે, તેનીજ મુક્તિ થશે અને જે અલીના મતનો સ્વીકાર કરશે, તેની મુક્તિ થઇ શકશે નહિ. કેમકે અલીની ધર્મમાં આસ્થા નહોતી.

ઇરાનનો મુલ્લાં શિયાપંથી હતો તે આનો ઉત્તર આપવા જતોજ હતો તેવામાં કાફીખાનામાં હાજર રહેલા વિવિધ ધર્મો અને સંપ્રદાયોની વ્યક્તિઓમાં મતમતાંતર વિષે એક મહાવિવાદ શરૂ થયો. બધા લોકો પોતપોતાનાજ ધર્મના સંબંધમાં અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા. બધા લોકોએ પોતપોતાના વિચાર દર્શાવ્યા. ચીનના દાર્શનિક અને મહાપંડિત કૉનફ્યુશિયસનો શિષ્ય તે કાફી-ખાનાના એક ખૂણામાં બેઠો બેઠો ચ્હા પી રહ્યો હતો અને બધા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના વિવાદ સાંભળી રહ્યો હતો; માત્ર તેણેજ કંઇ કહ્યું નહિ.

તુર્કીએ તેને જોતાંજ કહ્યું કે, હું જે કંઇ કહી રહ્યો છું, તેની આપ પુષ્ટિ કેમ કરતા નથી ? જો કે આપ ચૂપચાપ બેસી રહ્યા છો પણ હું માનું છું કે જો આપ કંઇક કહેશો તો મારાજ મતનું સમર્થન કરશો. આપના મુલકમાંથી જે સોદાગરો મારે ત્યાં મદદ માટે આવે છે તેઓ કહે છે કે, જો કે ચીનમાં અનેક સંપ્રદાયો પ્રચલિત છે, છતાં પણ ચીનાઓ તેનેજ સર્વશ્રેષ્ઠ માને છે. આપ મારી વાતોનું સમર્થન કરો અને પ્રકૃત ભગવાન તથા તેના અવતાર સંબંધમાં આપના વિચાર દર્શાવો.

તેઓ જ્યાં ઉભા હતા ત્યાંથીજ ચીની તરફ ફરીને કહેવા લાગ્યા—"હા, હા. આ વિષયમાં આપના શા વિચાર છે? અમે તે સાંભળવા ઇચ્છીએ છીએ."

દાર્શનિક કૉન્ફ્યુશિયસના શિષ્યે પોતાની ચીની આંખો બંધ કરીને કેટલીક વાર સુધી વિચાર કર્યો. ત્યાર બાદ આંખો ઉઘાડીને પોતાની કફનીના ખિસ્સામાંથી હાથ બહાર કાઢીને પોતાની છાતી ઉપર રાખતાં રાખતાં તે ધીમે ધીમે કહેવા લાગ્યો—"મહાશયો! ધર્મની બાબતોમાં એક સાથે બીજાનો મેળ ખાતો નથી તેમાં મુખ્ય કારણરૂપ આપણો મિથ્યા અહંકાર છે. જો આપ સાંભળો તો હું ઉદાહરણ તરીકે એક વાર્તા સંભળાવું. એથી આપ આ વિષયને પૂર્ણપણે સમજી શકશો.

"હું ચીનથી ઇંગ્લેંડના એક વહાણમાં બેસીને અહીં આવ્યો હતો. તે વહાણ સમસ્ત પૃથ્વીની પ્રદક્ષિણા કરતું આવ્યું હતું. સુમાત્રા ટાપુને પૂર્વકિનારે અમે તાજું પાણી લેવા ઉતર્યા. તે સમયે બપોર થયા હતા. અમારામાંથી ઘણાખરા માણસો વહાણમાંથી ઉતરીને સમુદ્રકાંઠાની નાળીએરીઓની છાયામાં બેઠા. ત્યાંથી થોડે દૂર એક ગામ હતું. અમારા ટોળામાં ભિન્ન ભિન્ન જાતિઓના મનુષ્યો હતા. જ્યાં અમે બેઠા હતા, ત્યાં એક આંધળો માણસ આવીને બેઠો! ત્યાર પછી અમને જણાયું કે 'સૂર્ય શું છે' એનું રહસ્ય જાણવા માટે તે ઘણા દિવસો સુધી સૂર્ય તરફ સતત તાકી રહ્યો હતો. તેનું પરિણામ એ આવ્યું કે, અત્યંત પ્રખર પ્રકાશથી તેની આંખો ખરાબ થઈ ગઇ અને તે તદ્દન અંધ થઈ ગયો. તે ઉપરાંત તેણે વિચાર કર્યો કે, સૂર્યનું તેજ એ પ્રવાહી પદાર્થ નથી. કારણ કે જો તે પ્રવાહી પદાર્થ હોત તો એક પાત્રમાંથી બીજા પાત્રમાં નાખી શકાત અને વાયુમાં તે જળની પેઠે ભળી પણ જાત. એ અગ્નિ પણ નથી; કેમકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો અગ્નિ હોત તો પાણીથી બુઝાઈ જાત. એ આત્મા પણ નથી, કેમકે તે દેખાય છે. અસ્તુ. તે કોઇ ચીજ નથી—કંઇ પણ નથી.

"આ તો તેની વાત થઇ. ક્રમશઃ સૂર્ય તરફ સતત જોઇ રહેવાથી અને એજ વિષય ઉપર વિચાર કરતાં કરતાં તેની વિચારશક્તિ અને દૃષ્ટિ બન્નેજ ગુમ થઇ ગયાં. ત્યારપછી જ્યારે તે તદ્દન અંધ થઈ ગયો, ત્યારે તેને પૂર્ણપણે ખાત્રી થઈ કે સૂર્ય છેજ નહિ. આ અંધની સાથે તેનો એક નોકર પણ આવ્યો હતો તે પેલા અંધને નાળીએરીઓની છાયામાં બેસાડીને એક નાળીએર લાવ્યો અને તેના વડે રાત્રિ માટે અજવાળાનું સાધન તૈયાર કરવા લાગ્યો. તેણે નાળીએરના છીલકામાંથી એક દોરડી તૈયાર કરી અને ગરનું તેલ કાઢીને તેમાં તે ભીંજવી દીધી. નોકર બેઠો બેઠો જ્યારે આ કામ કરતો હતો, તેજ સમયે આંધળાએ એક ઉંડો શ્વાસ લઇને કહ્યું:—"ઠીક, હું જે કહું છું કે સૂર્ય છેજ નહિ એ વાત શું ખોટી છે? જુઓ તો, અત્યારે કેટલું બધું અંધારૂં છે, છતાં પણ લોકો કહે છે કે સૂર્ય છે. ઠીક, જો સૂર્ય છે તો તે શું છે?"

"નોકરે કહ્યું:—"સૂર્ય શું છે, એ હું નથી જાણતો અને એ જાણવાની મને કંઇ જરૂર પણ નથી. હા, પ્રકાશને હું સારી રીતે જાણું છું. મેં આ બત્તી તૈયાર કરી છે તેના વડે આપનું બધું કામકાજ કરૂં છું."

"એક લંગડો માણસ તેનીજ પાસે લાકડી લઇને બેઠો હતો. તેણે આ વાતો સાંભળી હસતાં હસતાં કહ્યું:—"મને લાગે છે કે તમે જન્મથીજ અંધ છો, એટલે તો સૂર્ય શું છે, એ પણ નથી જાણતા. ઠીક, તો સાંભળો. સૂર્ય અગ્નિનો એક ગોળો છે. તે રોજ સવારે સમુદ્રમાંથી ઉંચે ચઢે છે અને સાંજે અમારા ટાપુના પશ્ચિમના પર્વતોમાં સંતાઈ જાય છે. અમે બધા તેને રોજ જોઇએ છીએ, તમને જો આંખો હોત તો તમે પણ જોઈ શકત."

"એક માછી બેઠો બેઠો આ વાતો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. તેણે કહ્યું:—"તમે કોઈ દેશની મુસાફરી કરી લાગતી નથી. તમે તમારા દેશની બહાર જઇને કંઈ પણ જોયું જણાતું નથી. જો તમે લંગડા ન હોત અને અમારી પેઠે નૌકામાં બેસીને ફરવા નીકળ્યા હોત તો તમને ખાત્રી થાત કે, તમારાજ દેશના પર્વતોની પાછળ સૂર્ય અસ્ત પામતો નથી. જે રીતે તે હમેશાં પ્રાતઃકાળમાં સમુદ્રમાંથી ઉપર આવે છે, તેજ રીતે ફરીથી સંધ્યાસમયે સમુદ્રમાં ડૂબી જાય છે. આ વાતો તદ્દન સત્ય છે. હું રોજ મારી આંખોએ તે જોઉં છું."

"આ વિષે અમારા વહાણના એક અંગ્રેજ કપ્તાને કહ્યું:—"સૂર્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતિ–વિધિ સંબંધમાં યુરોપિયનો જેટલું જાણે છે, તેટલું કોઇપણ નથી જાણતું. સઘળા અંગ્રેજો જાણે છે કે, સૂર્ય ક્યાંય ઉગતો નથી અને ક્યાંય આથમતો નથી. તે પૃથ્વીની ચારે તરફ બરાબર ફર્યા કરે છે. અમે પૃથ્વીની ચારે તરફ ફરીને જોયું છે કે, પૃથ્વી ઉપર એવું કોઇ પણ સ્થાન નથી કે જ્યાં સૂર્ય ન હોય. હું જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં પ્રાતઃકાળે સૂર્યનો પ્રકાશ અને રાત્રે અંધકાર જોયાં છે. બરાબર એજ પ્રમાણે અમે અમારે ત્યાં પણ જોઇએ છીએ.

ત્યારપછી તેણે એક લાકડી વડે જમીન ઉપર કેટલીક રેખાઓ દોરીને સૂર્ય પૃથ્વીની ચારે તરફ કેવી રીતે ફરે છે તે સમજાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે આ બાબત બરાબર સારી રીતે સમજાવી શક્યો નહિ. અંતે વહાણના કપ્તાનને બતાવીને તેણે કહ્યું:–"આ વિષયમાં મારા કરતાં વધારે તેઓ જાણે છે. તેઓ આ બાબતને પૂર્ણરૂપે સમજાવી શકશે."

"જહાજનો કપ્તાન ઘણો બુદ્ધિશાળી માણસ હતો. તે ચૂપચાપ ધ્યાનપૂર્વક બધી વાતો સાંભળી રહ્યો હતો. પરંતુ પૂછ્યા પહેલાં તેણે કંઇપણ કહ્યું નહિ. જ્યારે બધા માણસો તેના તરફ ફરીને જિજ્ઞાસુ નેત્રોથી જોવા લાગ્યા ત્યારે તેણે કહેવાનું શરૂ કર્યું:–"આપ લોકો ભૂલભરેલે માર્ગે જઈ રહ્યા છો અને તમારી પોતાની જાતનેજ દગો દઈ રહ્યા છો. સૂર્ય પૃથ્વીની ચોતરફ ફરતો નથી, પૃથ્વીજ સૂર્યની ચારે તરફ ફરે છે. ચોવીસ કલાકમાં તે એક વાર સૂર્યની પ્રદક્ષિણા કરે છે. આ પ્રમાણે માત્ર જાપાન, ફિલિપ્પાઇન અને સુમાત્રા દ્વીપમાંજ નહિ–કે જ્યાં અત્યારે આપણે છીએ–પરંતુ યુરોપ, અમેરિકા વગેરે સઘળા દેશોમાં જાય છે. કોઈ ખાસ પર્વત, ટાપુ, સમુદ્ર કે દેશનેજ સૂર્ય પ્રકાશ નથી આપતો, પરંતુ પૃથ્વીની પેઠેજ તેનો પ્રકાશ સર્વે ગ્રહો અને ઉપગ્રહો સરખા પ્રમાણમાં મેળવે છે. જો આપ આપના પગ નીચેની જમીન તરફ જોયા સિવાયજ એક વાર આકાશ તરફ જોશો તો સમજી જશો અને કોઇ વાર પણ આપના મનમાં નહિ લાગે કે સૂર્ય આપનેજ માટે અથવા આપનાજ દેશમાં ઉદય પામે છે. જહાજનો બુદ્ધિશાળી કપ્તાન આ પ્રમાણે કહીને ચૂપ થઇ ગયો !

કોનફ્યુશિયસનો શિષ્ય, પેલો ચીની, ત્યાર પછી કહેવા લાગ્યો–ધર્મની બાબતમાં પણ બરાબર એજ વાત લાગુ પડે છે. અહંકારજ મનુષ્યના હૃદયમાં ભૂલ અને કલહ ઉત્પન્ન કરે છે. સૂર્ય જે રીતે બધા સ્થળે પ્રકાશે છે, તેજ પ્રમાણે ઇશ્વર પણ બધી જગાએ નિવાસ કરે છે. પ્રત્યેક મનુષ્ય એમજ વિચાર કરે છે કે, ભગવાન માત્ર તેનાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને તેનાજ દેશના છે. જે ભગવાનને આ પૃથ્વીપણ ધારણ કરી શકતી નથી—જે અનંત છે, અસીમ છે, તેને પ્રત્યેક જાતિ પોતાનાજ મંદિરમાં બંધ કરી રાખવા ઇચ્છે છે.

સમસ્ત માનવજાતિને એક વિશ્વાસ અને એક ધર્મના સૂત્રમાં બાંધી રાખવા માટે સ્વયં ભગવાને જે મંદિરની સ્થાપના કરી છે તેની સાથે શું બીજા કોઇ મંદિરની સરખામણી થઈ શકે તેમ છે? ભગવાનનું એ મંદિર તે આ સંસાર છે. એજ મંદિરના આદર્શ ઉપર મનુષ્ય પોતાનાં મંદિરો નિર્માણ કરે છે. દરેક મંદિરોમાં છાપ, દીપક, ચિત્ર, મૂર્તિઓ, ધાર્મિક પુસ્તકો, બલિવેદી અને પૂજારી જોવામાં આવે છે. પરંતુ શું કોઈ પણ એવું મંદિર છે કે જ્યાં આકાશના જેવી છાપ અને સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોના જેવી દીપ-માલિકા છે? અથવા તો આ જીવંત સ્નેહમમતાપૂર્ણ પરંતુ દુઃખ-કાતર મનુષ્યની સાથે શું કોઈ પ્રતિમૂર્તિની સરખામણી થઇ શકે તેમ છે? ભગવાને મનુષ્યના સુખને માટે પોતાની કૃપા ચારે તરફ ફેલાવી રાખી છે. એથી વિશેષ તેની સ્વાભાવિક દયાની કહાણી બીજે ક્યાં લખેલી છે? મનુષ્યના હૃદયપટ ઉપર જે લખેલું છે, તેનાથી વધારે સુસ્પષ્ટ ધર્મશાસ્ત્ર બીજું ક્યાં છે? મનુષ્ય પ્રેમની મૂર્તિ લઇને એકબીજાને માટે પોતાના સુખને છોડી દે છે, તેના જેવું બલિદાન બીજું ક્યાં છે? સજ્જનના અંતઃકરણ સાથે શું કોઈ પણ વેદીની તુલના થઇ શકે તેમ છે?

ઇશ્વરની બાબતમાં મનુષ્યની ધારણા—કલ્પના—જેટલી ઉંચી હશે, તેટલો તે તેને વધારે જાણી શકશે. અને જેટલો વધારે જાણી શકશે, તેટલોજ તેની વધારે પાસે જતો જશે.

તે ચીની આ પ્રમાણે કહીને ચૂપ થઈ ગયો. ત્યાં હાજર રહેલા સર્વે માણસો હવે શાંત થઇ ગયા હતા. હવે કોઇ વિવાદ કરતું નહોતું કે કોનો ધર્મ સર્વોત્તમ છે!

("માધુરી"ના એક અંકમાંથી અનુવાદકઃ—ત્રં. મા. શુકલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२०–चमकोरनुं युद्ध

(લેખકઃ-શ્રી. રામપ્રસાદ સિંહ)

આનંદપુરનો કિલ્લો છોડીને ગુરુ ગોવિંદસિંહ ચમકોર પહોંચ્યા. બાદશાહી લશ્કર અને હિંદુ રાજાઓએ પોતાનું વચન તોડીને શસ્ત્રાગારમાંથી સઘળાં હથિયાર લઇને અભિમાનમાં આવી જઈ આ જગાને ચારે તરફથી ઘેરી લીધી. ચમકોર કોઇ કિલ્લો નહોતો કે કોઇ પાકું મકાન પણ નહોતુંઃ એ તો તાપ અને વરસાદથી બચવાને માટે બનાવેલ એક કાચો કિલ્લો હતો. ચારે તરફ કેટલાયે માઇલોની અંદર ફેલાયેલી ફોજોનાં ચમકતાં હથિયારોની ચમકથી આંખો અંજાવા લાગી અને જણાતું હતું કે થોડી વારમાં આ ચમકોરના કાચા કિલ્લાનું નામનિશાન પણ રહેશે નહિ.

શાહી ફોજને તપાસ કરતાં જણાયું કે આ વખતે ગુરુ ગોવિંદસિંહ પાસે માત્ર ચાળીસ અસાવધાન શીખ છે. એ લોકોને માટે સફળતા પ્રાપ્ત કરવાનો આથી વધારે સારો અવસર બીજો નહોતો. તેમણે ધાર્યું કે, મોટી ફોજોથી ઘેરાઇ ગયેલા જોઇને ગુરુ ગોવિંદસિંહ જાતેજ હથિયાર ફેંકી દેશે અને આપોઆપ શરણે આવી નમી પડશે. દુનિયાના ઇતિહાસમાં એવી ઘટના નથી મળી આવતી કે ચાળીસ નિઃશસ્ત્ર આદમીઓએ એક કાચા મકાનમાં બેસીને સેંકડો નહિ, હજારો નહિ, પણ લગભગ દશ લાખની તીર, ગોળી, બરછી અને તલવારથી સુસજ્જ, અને રસ્તામાં જે કંઈ કાંટાકાંકરા–મુશ્કેલીઓ–આવી હોય તે સાફ કરતી આવી હોય તેવી યુદ્ધતત્પર ફોજની સાથે મુકાબલો કર્યો હોય. એવાં તો સેંકડો ઉદાહરણો મળે છે કે હજારો બહાદૂર જુવાનોએ, લડાઇનો બધો સામાન હોવા છતાં પોતાને ઘેરાઇ ગયેલા જોઇને હથિયાર છોડી દીધાં છે. શાહનશાહ જર્મન અને રૂશિયાએ પોતાની પાસે અનેક સેનાઓવાળું લશ્કર હોવા છતાં ફ્રાન્સના બાદશાહ નેપોલિયન બોનાપાર્ટ સમક્ષ હથિયાર મૂકી દેવામાં ખોટું ગણ્યું નહોતું. મિસરના મુસલમાનોએ મોટી મોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોજો સાથે હોવા છતાંયે નેપોલિયન આગળ નમી પડવામાં નાનમ માની નહોતી. આફ્રિકાના ક્રોંજી જેવા જોર જનરલે ચાર હજાર સિપાઇઓ અને ઘણી તોપો હોવા છતાં આપોઆપ અંગ્રેજોને શરણે જવામાં ડહાપણ માન્યું હતું. કાલનીજ વાત છે કે, ઇરાક અરબસ્તાનમાં કેટલીયે જગાઓએ અંગ્રેજોના પ્રસિદ્ધ જનરલ ઉસટાઉને ત્રણ હજારથી વધારે લડાયક સિપાઇઓ હોવા છતાં, તુર્કોની દયા ઉપર જીવવું પડયું હતું. એવીજ હાલતમાં ગુરુ ગોવિંદસિંહ પાસે જ્યારે માત્ર ચાલીસ નિઃશસ્ત્ર શીખ હતા, ત્યારે તેમણે શાહી લશ્કરી અમલદારો અને પહાડી રાજાઓ સાથે યુદ્ધમાં ઉતરવાની આશા રાખવી એ વાજબી નહોતું. આ કાચા કિલ્લામાંથી બહાર નીકળતાંજ શિખોની તીરોની ઝડીએ સામેના લશ્કરની પહેલી હારને ખતમ કરી નાખી. એટલે શાહી સિપાઇઓના અમલદારો અત્યંત નિરાશ થયા. તેમને તરતજ સમજાઇ ગયું કે, શિખોની બાબતમાં જે કંઈ અંદાજ કર્યો છે તે તદ્દન ખોટો છે. તેઓ ભગ્નહૃદયે જેટલી વાર આગળ ધસ્યા, તેટલી વાર તેમને ખૂબ નુકસાન વેઠીને પાછા ફરવા માટે લાચાર બનવું પડયું. કેટલીયે વાર ખૂબ જોરશોરથી કિલ્લાની પાસે પહોંચવાની કોશિશ કરવા છતાંયે કંઈ બની શકયું નહિ અને લાચાર મુખે પ્રત્યેક સમયે પાછા હટવું પડયું.

નાહરખાં ક્રોધ કરીને આગળ વધ્યો તથા ગુલશેરખાં તથા ખિજરખાં કે જે મોટા લડાયક સરદાર હતા તેને સાથે લઇને હલ્લો કર્યો. ગુરુ ગોવિંદસિંહ કિલ્લાની અગાશી ઉપર બેઠા છે. એ લોકોને હલ્લો કરતા જોઇને ગુરુએ તીરને કમાન ઉપર ચઢાવ્યું. બન્ને સરદાર મર્યા. ખિજરખાં હિંમત હારીને ડરતો ડરતો એક બાજુએ જઇને સંતાઈ ગયો. જે કોઈ સામે આવ્યું તે મરાયું.

એક વાર મુસલમાનોની ફોજ કિલ્લાની એક બાજુ સુધી પહોંચી ગઈ. ભાઈ ધર્મસિંહજી પંદર શિખોને સાથે લઇને સામે થયો, અને એવી રીતે લડાઈ કરી કે વેરીનો નાશ કર્યા સિવાય કોઈ મર્યું નહિ.

જ્યારે અર્ધાથી વધારે શીખ મરી ગયા ત્યારે અજિતસિંહે ઉભા થઇને ગુરુ ગોવિંદસિંહ પાસે આજ્ઞા માગી કે, મને પણ લડાઇમાં જવાની રજા આપવામાં આવે.

ગુરુ ગોવિંદસિંહે અજિતસિંહની લડાઇમાં જવાની ઇચ્છા જોઇને તેને ચૂમી લીધી, હથિયાર સજાવ્યાં, અને ત્યાર પછી લડાઈમાં જવાની રજા આપી. ફોજો સાથે ઘમસાણ યુદ્ધ ચાલ્યું. બહાદૂરો છલંગ મારીને આગળ વધવાને ઉતાવળા થવા લાગ્યા. સાહેબ અજિત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહ જે તરફ મોં ફેરવતા તે તરફ સેંકડો આદમી ધરણી પર ઢળી પડતા અને સામે બધું સાફસુફ જણાતું. તેમણે આ રીતે દુશ્મનનું મોં ખાટું અને રસ્તો તંગ કરી દીધો, કે જેથી મોટા મોટા મશહૂર સિપાઇઓ પણ જીવ બચાવવા માટે મોં સંતાડવા લાગ્યા. સિપાઈ-ઓને આ રીતે નાસભાગ કરતા જોઇને ખિજરખાંએ પડકાર કર્યો અને એ લોકોને ઘેરીને ફરીથી આગળ લઈ આવ્યો. સાહેબ અજિત-સિંહ આ વખતે એવા આગળ આવીને ખડા થયા કે જાણે વાઘ શિયાળ ઉપર તૂટી પડતો ન હોય! લડતાં લડતાં જ્યારે બે કલાક થયા, ત્યારે અજિતસિંહ સદાને માટે સૂઈ ગયા. સાહેબ અજિતસિંહને મરતા જોઇને સાહેબ જુઝારસિંહ ઉઠયા અને નાના નાના સુંદર હાથ જોડીને પિતા આગળ વિનતિ કરીઃ—

સાહેબ અજિતસિંહને ધર્મ, જાતિ અને સ્વદેશને ખાતર કુરબાન થયેલા જોઇને મારો જીવ ઉત્સાહમાં આવી ગયો છે. જે રીતે સાહેબ અજિતસિંહને આજ્ઞા મળી હતી, તેજ પ્રકારે મને પણ આજ્ઞા મળવી જોઇએ, કે જેથી હું પણ મારા ભાઇના વહેતા લોહીની જગા ઉપર મારા લોહીની છાપ લગાવું. આપ આ દુનિયાની, આત્મિક, માનસિક અને શારીરિક ગુલામી છોડાવવા આવ્યા છો.

આ કોમળ અને સુકુમાર છતાં સાહસિક છોકરાની વિનતિ સાંભળી ગુરુ ગોવિંદસિંહે તેને હથિયાર અને કપડાં સજાવી, આપને ખબર છે, શું કહ્યું ? સાંભળો. ગુરુ સાહેબે જે કંઈ કહ્યું તે કર્યું. આ પ્રસંગને એક મુસલમાન કવિ આ રીતે વર્ણવે છેઃ—

જબ સબ સાજ–સજા દિયા, તો કહા યોં જુઝાર(સિંહ)સે,
લો સિંહ અબ શિકાર કો, નિકલે કછારસે.

સાહેબ જુઝારસિંહ પણ તલવારનું પાણી બતાવતાં સેંકડો દુશ્મનોને મારતા મારતા પોતાના ભાઈ અજિતસિંહને જઈ મળ્યા.

વાચક ! આપને ખબર છે કે જ્યારે રૂસ્તમે પોતાના પુત્રને ભૂલથી મારી નાખ્યો છે એમ ખબર પડી ત્યારે તે ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો હતો ? નેપોલિયન જેવો બહાદૂર રશિયાની લડાઇમાં પોતાના એક સેનાનાયકના મરવાથી ધ્રૂસકે ધ્રૂસકે રડયો હતો; અને વારે વારે તેને મૂર્છા આવી હતી. બદરની લડાઇમાં મુસલમાનોના મર્યા પછી હજરત મુહમ્મદ (સલ) સાહેબનું હૃદય રડી રડીને ફૂલી ગયું હતું. મહારાજા રામચંદ્રજીએ જ્યારે પોતાના નાના ભાઈ લક્ષ્મણને રાવણના તીરથી બેહોશ થઈ ધરતી ઉપર પડતો જોયો ત્યારે તે આકુળવ્યાકુળ થયા હતા અને આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી હતી. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાંથી ધનુષ્યબાણ મૂકી દીધાં અને કહેવા લાગ્યા હતા કેઃ—

एष रावणविपन्नो लक्ष्मणः पतितो भुवि ।
सर्पवच्चेष्टते वीरो मम शोकमुदीरयन् ॥

અર્થાત્ રાવણના જોરથી પડેલ વીર લક્ષ્મણ સાપની જેમ ધરતી ઉપર પડીને મારા દુઃખને વધારી રહ્યો છે.

शोणितार्द्रमिमं वीरं प्राणैः प्रियतरं मम ।
पश्यतो मम का शक्तिर्योद्धुं पर्याकुलात्मनः ॥

અર્થાત્ પ્રાણથી પ્યારા ભાઇને લોહીમાં ભીંજાયેલો જોઇને મારૂં દિલ ગભરાય છે. હવે હું લડી શકીશ નહિ.

अयं हा समरश्लाघी भ्राता मे शुभलक्षणः ।
यदि पंचत्वमापन्नः प्राणैर्मे किं सुखेन वा ॥

અર્થાત્ જો લડાઇનો જ્ઞાતા શુભગુણસંપન્ન મારો ભાઈ જીવતો ન રહ્યો તો મારે જીવવાની હવે આવશ્યકતા નથી.

लज्जतीव हि मे वीर्यं भ्रश्यतीव कराद्धनुः ।
सायका व्यवसीदन्ति दृष्टिर्बाष्पवशं गता ॥

અર્થાત્ મારી શક્તિ શરમાય છે, મારા હાથોમાંથી ધનુષ્ય પડી જાય છે, મારાં તીર નિરાશ થઇ રહ્યાં છે અને મારી આંખો અશ્રુઓથી છલકાઇ રહી છે.

किं मे युद्धेन किं प्राणैर्युद्धे कार्यं न विद्यते ।
यत्रायं निहतः शेते रणमूर्धनि लक्ष्मणः ॥

અર્થાત્ મને જીવવાની કંઇ ઇચ્છા નથી, અને લડાઈ કરવાથી હવે લાભ નથી. લક્ષ્મણ તો લડાઇમાં મરાયો છે.

यथैव मां वनं यातमनुयाति महाद्युतिः ।
अहमप्यनुयास्यामि तथैवैनं ॥

અર્થાત્ જે રીતે જંગલમાં આવતાં લક્ષ્મણે મને સાથ આપ્યો હતો, તેજ રીતે સ્વર્ગે સીધાવતાં હું તેની સાથે જઇશ.

किं मया दुष्कृतं कर्म कृतमन्यत्र जन्मनि ।
येन मे धार्मिको भ्राता निहतश्चामरतां गतः ॥
हा ! भ्रातर्मनुजश्रेष्ठ शूराणां प्रवर प्रभो ।
एकाकिनं तु मां त्यक्त्वा परलोकाय गच्छसि ॥

અર્થાત્ મેં પૂર્વજન્મમાં અપરાધ કર્યો હશે એટલેજ મારી સન્મુખ મારો ભાઈ મરેલો પડયો છે! હાય! મારા શુભ ગુણસંપન્ન ભ્રાતા! અને બહાદુરોમાં સુપ્રસિદ્ધ ભ્રાતા! તું મને એકલો મૂકીને કેમ ચાલ્યો ગયો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विलपन्तं च मां भ्रात: किमर्थं नावभाससे ।
उत्तिष्ठ पश्य किं शेते दीनं मां पश्य चक्षुषा ॥

અર્થાત્ ઉઠ ! વિલાપ કરતા તારા આ ભાઈ તરફ તું કેમ જોતો નથી ? તું શા માટે સૂઈ રહ્યો છે ? આંખ ઉઘાડીને આ ગરીબ તરફ જરા જો તો ખરો.

વાચકો ! હવે જરા ગુરુ ગોવિંદસિંહ તરફ જુઓ ! બન્ને નવજુવાન પુત્રોને લડાઈના મેદાનમાં તીરોની પથારીમાં પડેલા જુએ છે અને એવી નિદ્રામાં પડેલા જુએ છે કે જે નિદ્રામાંથી કદી કોઈ જાગતું નથી. પરંતુ તેમની આંખોમાં આંસુ નથી આવતાં, ચહેરા ઉપર કોઈ પ્રકારની ગ્લાનિ જણાતી નથી, મુખનો રંગ બદલાતો નથી. હાથમાંથી ધનુષ્યબાણ સરી પડતાં નથી, હૃદય ગભરાઈ જતું નથી અને પોતાની પ્રતિજ્ઞામાંથી પાછા હઠવાનો તો ખ્યાલ સરખોયે નથી આવતો. માત્ર શાહજાદા મિર્ઝા અબ્દુલ ગનીના કથન પ્રમાણે—

બેટેકી કતલ હોનેકી પહુઁચી જ્યોં હી ખબર,
શુક્રે અકાલ પુરુષ કિયા ઝટ ઉઠા કે સર;
મુઝ પરસે આજ તેરી અનામત અદા હુઈ,
બેટેકી જાન ધર્મ કે ખાતર ફિદા હુઈ.

હવે સંધ્યા પણ થઈ ગઈ હતી, કાળી નાગણ જેવી અંધારી રાત ડસવાને માટે તૈયાર હતી. પોતાનાની અને પારકાની ખબર પડતી નહોતી. શાહી ફોજ થોડાક શિખોથી ખૂબ નુકસાન વેઠીને ભાગેલે હૃદયે પોતાના તંબુઓમાં ચાલી ગઈ હતી.

જરા વિચારો કે, હવે ગુરુ ગોવિંદસિંહ પાસે પેલા યુદ્ધની શરૂઆતના ચાલીસ માણસો પણ રહ્યા નથી. તેઓમાંના અર્ધાથી વધારે મરી ગયા હતા. જે થોડા બાકી રહ્યા હતા તેઓ પણ આખા દિવસની લડાઈને પરિણામે થાકેલા ને માંદા હતા.

દુશ્મન પાસે લાખોની ફોજ હોવા છતાં કિલ્લાની પાસે જવાનું નામ પણ ન લીધું. તેઓ ગુરુ ગોવિંદસિંહના નામ અને તેમના શિખોનાં કામોથી એવા ડર્યા કે આ તરફ આવવાની તેમની હિંમત પણ ન ચાલી. શિખો નિશ્ચિંત થઈને કિલ્લાની અંદર ગયા. તેમને તો ખબરજ નથી કે તેમની સાથે દુશ્મને લડાઈ કરી છે; છતાં પણ તેઓ ઘેરાની અંદર છે.

અર્ધી રાત્રે કિલ્લાનો દરવાજો ખુલ્યો. ગુરુસાહેબ બહાર નીકળ્યા. લડાઈમાં મરેલા શિખો ઉપર કૃપાદૃષ્ટિ કરી અને શાહી ફોજોને પોતાના જવાની ખબર આપીને ચાલી નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

રાત્રિના અંધકારમાં—અર્ધી રાતથી વધારે રાત વીતી ગઈ છે, ચંદ્રમાનો ક્યાંયે પત્તો નથી. ચોતરફ અંધારૂં છવાયેલું છે, કોઈ કોઇની નજરે પડતું નથી.

ચમકોરના આ યુદ્ધસ્થળમાં કે જ્યાં અવાજોથી કાન ફૂટી જતા હતા, આ સમયે શાંતિ છે. એજ ધરતી કે જ્યાં સૂર્યના પ્રકાશમાં તલવારોના ઝંકાર, ઘોડાઓનાં પગલાંના અવાજ અને હાથીઓના ચીત્કાર બહાદૂરોનાં ચિત્ત ડોલાવી રહ્યા હતા, આ સમયે નિ:શબ્દ છે. એ રણભૂમિ કે જ્યાં સૂર્યના પ્રકાશમાં બહાદૂરોના અવાજથી આકાશ ધ્રૂજતું હતું, આ સમયે પ્રલયના જેવી સૂનશાન શાંત છે. અને એ મેદાન કે જ્યાં થોડાક કલાકો પહેલાં પલટન અને તોપો સાથે લૂંટારાઓનાં ટોળાં ફરતાં જણાતાં હતાં ત્યાં અત્યારે મડદાંનો પહાડ ખડકાઇ ગયો છે.

એક યુવાન બાળા (શરણકુંવર) હાથમાં દીવો લઇને ફરતી જણાઇ. માઇલો સુધી સિપાઇઓ પહેરો ભરતા હતા, પરંતુ તે એ શાહી ફોજોને વિંધતી, મડદાંના ઢગલા ઓળંગતી ચમકોરના કાચા કિલ્લામાં દાખલ થઇ. આ રણભૂમિમાં સ્ત્રીનું શું કામ? અને તે પણ એ ખુની મેદાન કે જ્યાં–દિવસે જ્યાંસુધી નજર જાય ત્યાંસુધી લોહીની નદીઓ અને મડદાં જોઈ મર્દોનું હૃદય ધડકતું હતું, અને શાહી ફોજોના સખતમાં સખત પહેરાઓમાંથી માણસ તો શું પણ પક્ષીને પણ પસાર થવું મુસ્કેલ હતું ત્યાં–રાત્રિના અંધકારમાં એક સ્ત્રી જઈ પહોંચે એ ભારે તાજુબીની વાત હતી! એમ પણ કહેવું જરૂરનું છે કે આ સ્ત્રી કોઇ સાધારણ સ્ત્રી નથી.

હા, આ કાચા કિલ્લા પાસે પહોંચતાંજ તેણે પોતાનું કામ શરૂ કરી દીધું. એક એક મડદાને, એક એક મસ્તકને અને એક એક કપાયેલા હાથને જોવાનું શરૂ કરી દીધું. જ્યાં કોઈ કેશવાળું મસ્તક જડતું, જ્યાં કોઇ કડાવાળો કપાયલો હાથ જણાતો એ બધાંને તે વીણતી જતી હતી. અને એક સ્વચ્છ જગાએ લઇ જઇને આરામથી સુવાડી તેમના લોહીથી લથબથ થયેલા ચહેરા લૂછતી, ગર્દન ઠીક કરતી, મોં સાફ કરતી અને તેને પોતાની પાસે લઇને કહેતી કે:–"હે લોહી ને માટીમાં સૂનારા શંહીદો! તમને ધન્ય છે, જે નિર્બળો અને દુ:ખીઓની તકલીફો તથા વિધવાઓ અને બાળકોનાં દુ:ખોનો પોકાર સાંભળીને હાથમાં તલવાર લઇ મેદાનમાં નીકળી પડયા અને પોતાનાં લોહી રેડીને એ વાતની ખાત્રી આપી કે 'શિખ જુલમ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દગાફટકાનાં વેરી છે; શિખ અને જુલમ એ બે એવી તલવારો છે કે જે એકજ મ્યાનમાં રહી શકે નહિ !"

"ધર્મના વહાલા જીવો ! તમે માતૃભૂમિની સ્વતંત્રતાનો અવાજ સાંભળી ઉઠયા હતા અને મૃત્યુ પામ્યા છો. એ જૂઠી વાત છે કે મૃત્યુ તમને જીતી ગયું. સાચી વાત તો એ છે કે, તમે મૃત્યુને જીતીને ઉચ્ચ જીવન પ્રાપ્ત કર્યું છે. જ્યાંસુધી આ પૃથ્વી રહેશે, જ્યાં સુધી રાત્રે ચંદ્રમા ઝળકશે, જ્યાં સુધી સૂર્ય ઉગે છે, ત્યાં સુધી તમારૂં નામ સદ્‌ભાવ અને સન્માન સાથે દુનિયામાં અમર રહેશે. તમે તમારાં આ બહાદુરી અને ઉમદા સ્વાર્પણનાં કાર્યો સાથે દીવાદાંડીરૂપ (લાઇટ હાઉસ) બન્યા છો, કેવળ એટલુંજ નહિ કે આવતા સમયમાં તમારા માર્ગે ચાલવાનું માન વીરો પ્રાપ્ત કરશે; પરંતુ તમારાં કાર્યો તો હજારો માણસોને ઠોકરો ખાતા બચાવવાનું કામ કરશે."

"બહાદૂરો ! તમે તમારૂં પણ પૂરૂં કરીને પ્રાણ દીધા છે. તમે સુંદર અવસરે ગુરુ સાહેબ સાથે રહીને તેમના હુકમોને વહાલા ગણીને પોતાને ધર્મરાજને હવાલે કર્યા અને તમે ધર્મયુદ્ધમાં બલિદાન આપ્યું. તેથી તમે મરીને પણ અમર થયા છો."

"હે શેરો ! તમારી અભાગી બહેન, જે દિવસે હજારો પ્રયત્નો કરવા છતાંયે તમને સાથ આપી શકી નહિ, અત્યારે આ સમયે એટલાજ માટે આવી છે કે તમારાં પવિત્ર શરીરોને સ્પર્શ કરીને ધન્ય થાય અને આપનાં પવિત્ર શરીરોને ઠેકાણે રાખીને દુષ્ટ અને નીચ દુશ્મનોને બેઅદબી કરવાનો પ્રસંગ મળે નહિ."

આ રીતે તેણે કેટલાયે કલાકોની સતત મહેનત પછી બધા શિખોનાં શરીર એકઠાં કર્યાં. શિખોનાં મુડદાંની શોધ અને તપાસમાં ઉઠી ઉઠીને અને બેસી બેસીને જોવાથી તેના પગોમાં અને હાથોમાં દર્દ થવા લાગ્યું અને મુડદાં શોધતાં શોધતાં તેના હાથ ફૂલી ગયા. થાકથી આખું શરીર ઢીલું થઈ ગયું, પરંતુ મનને હજુયે થાક ચઢયો નહોતો. કેટલાયે કલાકો મડદાં ઉથામવા છતાંયે ડર લાગ્યો નહિ .લાખો દુશ્મનો વચ્ચે પોતાને ઘેરાયલી જોવા છતાં તે ડરી નહિ. મનમાં એજ ખ્યાલ રહ્યા કર્યો કે, સવાર થતા પહેલાં આ બધા શહીદોનાં મુડદાંને અગ્નિસંસ્કાર કરીને નિશ્ચિંત થાઉં. આકાશના તારાઓએ રંગ બદલ્યો, જાણે કે સૂચના મળી હોય કે જે કંઈ કરવું હોય તે જલદી કરી લો, નહિ તો બધી મહેનત બરબાદ જશે. શરણકુંવરે મુડદાં ઉપર લાકડાં ખડકયાં, પ્રાર્થના કરી અને અગ્નિસંસ્કાર કર્યો તથા પાસેજ સુખમણી સાહેબનો (ઈશ્વરનાં ભજનોનો) પાઠ કરવા બેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ. જલદી જલદી આગ સળગી ઉઠી. લડાઈના મેદાનમાં આ રીતે આગ લાગેલી જોઇને પહેરેદારો દોડયા. લાકડાંના એક ઢગલામાં આગ લાગેલી અને પાસે એક સ્ત્રીને બેઠેલી જોઇને તેઓ અજાયબ થઈ ગયા. આ સ્ત્રી કોણ છે? અહીં કયાંથી આવી? કયે રસ્તે આવી? તેણે આગ કેમ સળગાવી? શું તેને અહીં આવતાં ડર લાગ્યો નહિ? આ જાતના અનેક પ્રશ્નો તેમણે પૂછી શરણકુંવરને આગ લગાડવાનું કારણ પૂછયું. પરંતુ તે જાણતી હતી કે, જો સાચું બોલીને ખરી હકીકત કહીશ તો આ લોકો આગ બુઝાવીને મુડદાંને અપમાન આપશે, અને જૂઠું બોલું છું તો શિખોના ધર્મ વિરુદ્ધ વર્તન થાય છે. તેથી તે ચૂપ રહી. સિપાઇઓએ જબરજસ્તી કરવા છતાં પણ તેણે કોઈ શબ્દ કહ્યો નહિ. અને બોલે પણ કેવી રીતે? તેને માટે તો "બોલે તોપણ મુશ્કેલી ને ન બોલે તોપણ મુશ્કેલી"વાળી વાત હતી. તે બોલે તો શું? તે કહે પણ શું? સિપાઇઓએ થપ્પડો મારી, લાતો અને ડંડા લગાવ્યા, અને આમતેમ ધક્કા ધક્કી શરૂ કરી. જ્યારે તેણે આ રીતે પણ ભેદ ન ખોલ્યો ત્યારે શરણકુંવરને ઉપાડીને બળતી આગમાં ફેંકી દીધી.

આગ સળગી ઉઠી હતી. જીવતી બહેનને મરેલા ભાઇઓની સેવા કરવા બદલ આ રીતે બાળી દેવાય! બાળનારી આગનું હૃદય બળી ગયું અને તેની ચિનગારી આ અનર્થ વિરુદ્ધ ફરિયાદ કરવા જીભ બનીને આકાશ સુધી જઈ પહોંચી.

શરણકુંવર ઇશ્વરને શરણે ગઈ. પોતાના ધર્મવીર ભાઇઓની સેવા કરતી ઇશ્વરના દરબારમાં જઇ પહોંચી અને બતાવી ગઇ કે, સ્ત્રીઓના હૃદયમાં સ્વજાતિ અને સ્વદેશ પ્રત્યે કેટલો પ્રેમ હોવો જોઇએ. પોતેજ શૂરતા અને નિર્ભયતાનો આદર્શ બનીને બતાવી ગઈ કે, શિખ સ્ત્રીઓ કેટલી બહાદૂર, સહૃદય, સાચી અને દૃઢસંકલ્પ હોય છે. અને પોતાની અદ્‌ભુત કુરબાનીથી સાબીત કરી ગઇ કે ગુરુ ગોવિંદસિંહની અમૃતધારી સુપુત્રીઓ ધર્મને ખાતર બલિદાન દેવામાં પુરુષોથી પછાત નહોતી.

("માધુરી"ના એક અંકમાંથી અનુવાદક:—ત્રં. મા. શુકલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧–ભયનું સામ્રાજ્ય

(લેખકઃ–આચાર્ય વિલીન)

(૧)

એ કોટડીમાં ભેજ બહુ હતો, એટલે ત્યાં ખૂબ મચ્છર હતા. વરસાદના દિવસો હતા. રાત્રિનો સમય હતો. બહાર ખૂબ જોરથી વરસાદ વરસતો હતો. કોટડીમાં તદ્દન અંધારૂં હતું. નીચે પથ્થર કે લાદી તો દૂર રહ્યાં પણ માટીનું સાદું લીંપણ કરેલું પણ નહોતું. સુશીલ કપડું પાથર્યા સિવાય આ કોટડીમાં સૂતો હતો, તેની આંખોમાં નિદ્રા નહોતી. વાદળની ગર્જના સાંભળીને તે કંપી ઉઠતો હતો. તેને ડર લાગતો હતો કે, ક્યાંક આટલા વરસાદમાં કોટડીનું છાપરૂં તો તેના ઉપર નહિ તૂટી પડે ? સુશીલને કોટડીમાં પુરાયાને આજે બીજી રાત હતી. કોટડી બહાર તાળું મારેલું હતું. આ ૩૬ કલાકમાં કોટડી એક વાર પણ ખોલવામાં આવી નહોતી. સુશીલને આ કાળી કોટડીમાં પૂરતી વખતે ત્યાં એક પાણીનો ઘડો અને લગભગ પોણો શેર ભાત મૂકવામાં આવ્યો હતો. ભાત તો ક્યારનોયે પૂરો થયો હતો, પરંતુ ઘડામાં થોડું પાણી બાકી હતું. સુશીલ જાણતો હતો કે, ઇસ્ટ ઇંડિયા કંપનીના ક્રૂર અધિકારીઓ કોટડીવાળા કેદીઓની ત્રણત્રણ ચારચાર દિવસ સુધી કંઇજ ખબર લેતા નથી.

લગભગ એક વાગે સુશીલની આંખ મળી ગઇ. ઉંઘમાં તેને એક ખૂબ ભયંકર સ્વપ્ન આવ્યું. તેણે જોયું કે, તેની માંદી વૃદ્ધ માતા પોતાના ઘરમાં એક ખાટલા ઉપર પડી છે. તેને ખૂબ તાવ ચઢયો છે. તે ભૂખી તરસી છે. પછી તેણે જોયું કે, ખૂબ જોરથી વરસાદ વરસે છે, વંટોળીઓ ચઢયો છે અને તેના ઘરનું છાપરૂં ઉડી ગયું છે; તેને ખબર નથી કે, તેની માતાનું શું થયું છે. સુશીલનું સ્વપ્ન ઉડી ગયું. તે ગભરાઇને જાગી ઉઠયો. તેનું દિલ ધડકતું હતું. તેની માતા સાચેજ ત્રણ ચાર દિવસથી બિમાર હતી. જ્યારે ઇસ્ટ ઇંડિયા કંપનીનો સિપાઇ તેને ઘેરથી પકડી લાવ્યો હતો, ત્યારે પણ તેની માતા ખાટલા ઉપર પડી હતી.

સુશીલ પડયો પડયો વિચારવા લાગ્યો કે, પાછલી બે રાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની માતાએ કેવી રીતે વીતાવી હશે. તેણે વિચાર્યું કે, આ ભયંકર વરસાદ અને વંટોળિયામાં કોણ જાણે તેના ઘરનું શુંયે થયું હશે.

ધીમે ધીમે તે લાંબી રાત પસાર થઈ. પ્રાતઃકાળના સૂર્યનાં આછાં કિરણોના તેજથી તેની કોટડીમાં પણ થોડું થોડું અજવાળું થયું. સુશીલ પોતાની માતાની ચિંતામાં ઉઠીને બેઠો થયો. તેને મનમાં થયું કે, લાત મારીને આ દરવાજો તોડી નાખું, પરંતુ બે દિવસના સખત કેદખાનાએ તેને તે માટે લાયક રહેવા દીધો નહોતો. એટલે સુશીલ પોતાની આઠ ફૂટ લાંબી અને છ ફૂટ પહોળી કોટડીમાં ટહેલવા લાગ્યો.

લગભગ આઠ વાગ્યા હશે તેવામાં સુશીલને પાસેની કોટડીમાંથી કોઈની ચીસોનો અવાજ સંભળાયો. સુશીલ સમજી ગયો કે, કંપનીનો અધિકારી સાથેની કોટડીવાળા વણકર ઉપર નેતર લગાવી રહ્યો છે. સુશીલ ભયભીત થઈને બેસી ગયો. તે વિચારવા લાગ્યો કે, હવે મારી વારી આવે છે.

સુશીલ પોતે એક વણકર હતો. તેની ઉંમર લગભગ વીસ વરસની હતી. ઈસ્ટ ઈંડિયા કંપનીના અધિકારીઓએ સોંપેલું કામ તે નક્કી કરેલા સમયમાં કરી શક્યો નહોતો, તેથીજ તેને આ કાળી કોટડીમાં બંધ કરવામાં આવ્યો હતો. સુશીલ મારના ભયથી વ્યાકુળ થતો હતો. એટલામાં કંપનીના નરદેહધારી પિશાચોએ આવીને તેનો દરવાજો ઉઘાડ્યો. સુશીલ બે દિવસ પછી સૂર્યના ઉજ્જવળ પ્રકાશમાં આવ્યો. જમાદારે તેને બે-ચાર ગાળો અને ધમકીઓ આપીનેજ છોડી દીધો, માર્યો નહિ. વાત એમ હતી કે, સુશીલની પહેલાં જે વણકરની કોટડી હતી, તેને એટલો બધો માર પડ્યો હતો કે તેનું મસ્તક ફાટી ગયું હતું; તે પાસેજ બેભાન દશામાં પડ્યો હતો. આ બનાવથી જમાદાર કંઈક ગભરાઈ ગયો હતો. તેથી બિચારા સુશીલનો જીવ બચ્યો. તે છૂટતાંજ ખૂબ ઝડપથી પોતાના ઘર તરફ રવાના થયો.

ડોશીએ સામેની દિવાલ ઉપર ટાંગેલી સાડી તરફ જોઈને ગભરાયેલા અવાજે કહ્યું:—"ભૂત!" અગિયાર વરસની બાલિકા મોહિની ડોશીની આ દશા જોઈને ડરી ગઈ. પરંતુ તેમ છતાંયે સાહસ કરીને તે બોલી: "માશી, ભૂત નથી! એ તો કપડું છે."

ડોશીએ જાણે ઉંઘમાંથી જાગીને બોલતી હોય તેમ કહ્યું:—"મોહિનિ! શું સુશીલ હજુ પાછો આવ્યો નથી?"

મોહિનીને ખબર નહોતી કે બે દિવસથી સુશીલ ક્યાં ગયો છે. તેણે ડોશીની વાતને ઉડાવીને કહ્યું:—"માશી! તાવ ઉતર્યો છે કે નહિ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશીએ રામનું નામ લઇને જવાબ આપ્યો:-" એ કમબખ્ત મને સાથે લઇનેજ જશે. જો તો, મારૂં શરીર કેટલું બધું ગરમ થઇ રહ્યું છે. " વાસ્તવમાં તેને ખૂબ તાવ આવ્યો હતો. મોહિની ઠંડા પાણીનું પોતુ કરીને તેના માથા ઉપર મૂકવા લાગી.

મોહિની પણ એક વણકરની દીકરી હતી. સુશીલ સાથે તેને કંઇ સંબંધ નહોતો, પરંતુ તે બાળપણથીજ તેની સાથે ખેલીકૂદી હતી. સુશીલ તેની માતાનો એકનો એક પુત્ર હતો, પરંતુ બાળપણ-થીજ હમેશાં મોહિનીને પોતાની સાથે જોતો હોવાથી તે તેને પોતાની સગી બહેન ગણ્યા કરતો હતો.

પ્રાતઃકાળના લગભગ સાડાઆઠ વાગ્યા હતા. એજ વખતે સુશીલ પોતાના ઘરમાં દાખલ થયો, તે ખૂબ હાંફતો હતો. એજ અવસ્થામાં તે બહુ દુઃખી થતો મોહિની પાસે આવીને ઉભો રહ્યો. મોહિની તેની આ દશા જોઇને કંપી ઉઠી. તેણે વિચાર્યું કે, સુશીલ પાછળ કોણ જાણે કઇએ બલા આવી રહી છે. તે દિવસોમાં બંગાળા-માં ગોરા અધિકારીઓ ખૂબ અત્યાચારો કર્યા કરતા હતા. સામાન્ય જનતા હરસમયે કોઇ ને કોઈ અનિષ્ટની આશંકાથી જાગ્રત રહ્યા કરતી હતી. ખાસ કરીને ઢાકા જીલ્લામાં-જ્યાં વણકરોની વસ્તી વધારે હતી-ગોરા અધિકારીઓએ ભારે અંધેર ચલાવ્યે રાખ્યું હતું. તેઓ વણકરો પાસેથી તેમના માત્ર રૂપિયાજ લૂંટતા નહિ, માત્ર તેમની પાસે જબરજસ્તીથી કામજ કરાવતા નહિ; પરંતુ અવસર મળતાં બળાત્કાર વગેરે કરતાં પણ ચૂકતા નહિ. આ નરપશુઓ ઉપર દેખરેખ રાખનાર કોઇજ નહોતું. આખા જીલ્લામાં અરાજકતા ફેલાઈ ગઈ હતી.

થોડી વાર પછી સુશીલની દશા કંઇક સારી થઇ, એટલે મોહિ-નીનો ભય પણ ચાલ્યો ગયો. તેણે સુશીલને ઠપકો આપતાં કહ્યું:- "માને આવી દશામાં મૂકીને ક્યાં ગયો હતો ?" સુશીલે સંક્ષેપમાં પોતાની બધી કથની મોહિનીને સંભળાવી. તે ફરીથી ડરી ગઇ. ડોશી સૂઈ રહી હતી. સુશીલે બૂમ પાડી " મા ! " ડોશીએ આંખો ઉઘાડીને સુશીલ તરફ જોયું, તે એકદમ ઉઠીને બેઠી થઇ ગઈ. પોતાના પુત્રને જોતાંજ તેનો અર્ધો તાવ ઉતરી ગયો. તેણે સુશીલને પૂછ્યું: "બેટા ! એ લોકો તારી સાથે કેવી રીતે વર્ત્યા હતા ? બેટા સુશીલ ! તું બે દિવસમાં આટલો કમજોર કેમ થઇ ગયો ? " સુશીલે પોતાના હાથ વડે પોતાની માતાને સુવાડી દીધી, તેને આશ્વાસન આપવા ઉપરાંત તે ગામના વૈદ્યને બોલાવવા ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ દિવસમાં ડોશીનો તાવ ઉતરી ગયો. બન્ને જીવો કોઇ ને કોઇ પ્રકારે પોતાના દિવસો ગુજારવા લાગ્યા.

(૩)

ત્રણ વર્ષમાંજ ઢાકા જીલ્લામાં વણકરોની સંખ્યા પહેલાં કરતાં ઘણીજ ઓછી થઈ ગઇ. આથી કંપનીની આવક પણ દર વર્ષે ઘટતીજ ગઈ. કંપનીના ડાયરેક્ટરોએ ઢાકા જીલ્લાના આબકારી મિ. ફોક્સ-ને ખૂબ દબડાવ્યો. ફોક્સ એક ઘણોજ ક્રૂર અને બદમાસ માણસ હતો. તેણે નિર્ધન વણકરોને લૂંટવાનો બીજો એક ઘણોજ ઘાતકી ઉપાય શોધી કાઢયો.

ઢાકા જીલ્લામાં કંપની તરફથી ખૂબ શાળો નાખવામાં આવી. વણકરોને જબરજસ્તીથી પકડીને તેમની પાસે તે શાળો ઉપર કામ કરાવવામાં આવતું હતું. ચાલીસ ચાલીસ વણકરો ઉપર એક એક ચોકીદાર નીમવામાં આવ્યો હતો. વણકરોને સવારના બરાબર છ વાગે કામ પર હાજર થવું પડતું હતું. બપોરે તેમને એક કલાક ભોજન કરવાની રજા મળતી હતી. વણકરોને તેમનું ભોજન પોત-પોતાને ઘેરથી બનાવીને લાવવું પડતું હતું. આ રજામાં તેમને પોતપોતાને ઘેર જવાની રજા નહોતી. આ રજાના સમય પછી સાત વાગ્યા સુધી તેમને ફરીથી કપડાં વણવાં પડતાં હતાં. આ પ્રકારે તેમની પાસે એકંદર બાર કલાક કામ લેવામાં આવતું હતું. આમ છતાં પણ ચોકીદાર તેમને ગાળો આપતા હતા, નેતર અને ચાબુક-થી ફટકારતા હતા. આટલું કામ કરાવ્યા પછી તેમને ચાર પૈસાથી દશ પૈસા સુધી યોગ્યતા પ્રમાણે રોજની મજૂરી આપવામાં આવતી.

બિચારા સુશીલને પણ આ નવા પ્રબંધના શિકાર થવું પડયું. તેને દરરોજ પોતાના ઘરથી એક માઇલ કંપનીના કારખાનામાં હાજર થવું પડતું હતું. ડોશી બિચારી આખો દિવસ રડી રડીને પસાર કરતી હતી.

દિવસ સારો હોય કે ખરાબ, ટાઢ હોય કે તડકો, વરસાદ પડતો હોય કે ઘામ ધખતો હોય, વણકરોને માટે બધા દિવસ સરખા હતા. મહિનામાં તેમને એક દિવસ પણ રજા મળતી નહોતી. આ અત્યા-ચારોનું પરિણામ ઘણુંજ ભયંકર આવ્યું. એ મહિનામાંજ ઘણા વણકરોએ જાણી બુજીને આ અત્યાચારોથી બચવા માટે પોતાના અંગુઠા કપાવી નાખ્યા. પરંતુ મિ. ફોક્સ પર આ બાબતોની કંઇ-જ અસર થઇ નહિ. તે ભારતવાસીની કિંમત પોતાના કૂતરાઓથી પણ ઓછી સમજતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

રાતના સાડાઆઠ વાગી ગયા હતા. સુશીલ ઘેર પાછો આવ્યો નહોતો. ડોશી બિચારી ગભરાવા લાગી. રાત અજવાળી હતી. તે વારંવાર ઘર બહાર આવીને જે બાજુથી સુશીલ રોજ આવતો હતો, તે તરફ જોયા કરતી હતી. ચાંદનીમાં ચમકતો રસ્તો જોઇને તેને વારંવાર ભ્રમ થતો હતો કે, જાણે સુશીલ આવે છે. તે જોરથી બોલી ઉઠતી: "સુશીલ બેટા!" પરંતુ ડોશીના અસ્પષ્ટ પોકારોનો કોઈ જવાબ આપતું નહિ, ત્યારે તે નિરાશ થઇને પાછી ઘરમાં ચાલી આવતી.

અંતે અભાગિણી ડોશી થાકીને શોકાતુર થઇ ખાટલા ઉપર બેસી ગઈ. તેણે બારણા આગળ કોઈ ચીજ ધબ દઇને પડવાનો અવાજ સાંભળ્યો. તે બિચારીના તો જાણે પ્રાણ નીકળી ગયા. તે દોડતી દોડતી બારણા આગળ આવી. તેણે જોયું તો, તેની આશાઓનો એકમાત્ર આધાર ઝૂંપડીની બહાર બેહોશ પડયો છે. ચંદ્રના ધીમા ધીમા પ્રકાશમાં દુ:ખી માતાએ જોયું કે, સુશીલની પીઠ લોહીથી તરબોળ છે. થોડી વાર સુધી તેને અંધારાં આવ્યાં. તે દિગ્મૂઢ બનીને ઉભીજ રહી. મોહિની પણ તે સમયે ત્યાં નહોતી. ત્યારપછી તે ઘરમાંથી પાણીનો લોટો અને પંખો લઇ આવી. પંખો ભીંજવીને તે સુશીલને પવન નાખવા લાગી. ખૂબ પ્રયત્ન પછી સુશીલને ભાન આવ્યું. પોતાની માતાનો ખભો પકડીને તે ખાટલા ઉપર આવીને સૂઈ ગયો. તેની પીઠનો જમણો ભાગ લગભગ બધોજ છોલાઈ ગયો હતો. કોરડાઓના મારથી સુશીલની આ દશા થઈ હતી. ડોશીએ ઠંડા પાણીથી તેના ઘા ધોયા પછી તેના ઉપર એક ભીનો પાટો બાંધી દીધો. સુશીલની પીડા કંઈક ઓછી થઈ એટલે તે પોતાની માતાને આજની કહાણી સંભળાવવા લાગ્યો:–"આજે મોટા સાહેબ અમારૂં કામ જોવા આવ્યા હતા. તેમણે દારૂ પીધો હતો. તેઓ ગાળો ભાંડતા ભાંડતા મારી પાસે આવીને ઉભા રહ્યા. તેમના હાથમાં એક નેતરની સોટી હતી. દારૂના નશામાં તે તેનો ગટ્ટાવાળો ભાગ મારા માથા ઉપર મારવા લાગ્યા. મેં ક્રોધે ભરાઇને કહ્યું:–"હજૂર! હું એક જીવતો માણસ છું, પથ્થર નથી." બસ, એજ વાત ઉપર સાહેબ અને ચોકીદાર બન્ને મળીને મારા ઉપર કોરડાઓનો વરસાદ વરસાવવા મંડયા. હું બેભાન થઈ ગયો. મને મરી ગયેલો જાણીને એ લોકોએ બહાર ફેંકી દીધો. જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં જોયું તો હું એકલો પડયો હતો. રાત પડી હતી. હું કોઈ પણ પ્રકારે ઉઠીને ઘર તરફ ચાલી આવ્યો. રસ્તામાં પણ હું કેટલીયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર બેભાન થઇને પડયો હતો.

સુશીલ જ્યારે પોતાની વીતક વાર્તા કહેતો હતો ત્યારે વૃદ્ધ માતા ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. તેઓ બન્ને અભાગી અને અશક્ત જીવ હતા. તેઓ આ દુઃખોનો સામનો શી રીતે કરી શકે?

બરાબર એક મહિના પછી સુશીલ હરવા ફરવા લાયક થયો. એ ત્રીસ દિવસો ડોશી અને મોહિનીએ રાતદિવસ એક કરીને તેની સેવા કરી હતી.

શરીરે સારૂં થયા પછી સુશીલે પોતાની માતાને કહ્યું:-"મા! અહીંથી નાસી જઇએ."

ડોશીએ જવાબ આપ્યો:—"બેટા! અહીંથી જઇને આપણે ગરીબ ક્યાં રહી શકીશું?"

સુશીલે કહ્યું:—"બીજું કશું નહિ બને તો ભૂખે મરી જઇશું, પણ હવે અહીં રહેવું એ મારે માટે અશક્ય બની ગયું છે."

માતાએ કહ્યું:—"ના બેટા! થોડા દિવસ વધારે દુઃખ સહન કરી લે. ભગવાન સહાય કરશે."

સુશીલે જવાબ આપ્યો:—"ના મા! હવે હું અહીં રહી શકીશ નહિ. મારાથી આ અત્યાચાર સહી શકાતા નથી."

સુશીલે જ્યારે જોયું કે તેની માતા કોઈ પણ પ્રકારે તેની વાત માનવા તૈયાર નથી, ત્યારે તેણે કહ્યું:-"નહિ તો મા! હું પણ મારો અંગૂઠો કાપી નાખીશ." ડોશીએ સાંભળ્યું હતું કે ઘણાખરા વણકરોએ કંપનીના ડરથી પોતાના અંગૂઠા કાપી નાખ્યા હતા. તે બહુ ગભરાતી હતી કે, રખેને સુશીલ પણ ક્યાંક એવું ન કરી બેસે. સુશીલની છેલ્લી વાત સાંભળીને તેણે ડરતાં ડરતાં કહ્યું:-"ઠીક, જેવી તારી મરજી. આ ગામ છોડીને જંગલમાં જઇને રહીશું."

એજ રાતે બન્ને દુઃખી જીવોએ સદાને માટે પોતાના બાપદાદાનાં વતન છોડયાં. છેલ્લી ક્ષણે સુશીલે ખૂબ કઠણ હૃદય કરીને પોતાની ધર્મ બહેન મોહિનીની વિદાય લીધી.

(૫)

સંધ્યાકાળનો સમય હતો. બ્રહ્મપુત્રા નદીના કિનારાના એક ગીચ જંગલમાં જૂના જમાનાની એક દેશી બંદૂક લઇને એક શિકારી ઉભો હતો. તેણે મૃગચર્મ ઓઢયું હતું. શિકારીનું શરીર ખૂબ મજબૂત હતું. તે એકીટશે સ્થિર દૃષ્ટિએ નદીમાં ઉઠતાં મોટાં મોટાં મોજાં તરફ જોઈ રહ્યો હતો. જંગલમાં મોર ગાજી રહ્યા હતા. ઠંડો પવન વાતો હતો, પરંતુ શિકારીનું ધ્યાન કોઇ બીજી બાજુએ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે એકલો આ ભયંકર જંગલમાં રહેતો હતો. કોઇ જીવતું પ્રાણી તેની પાસે આવતું નહિ. જંગલનાં પ્રાણીઓ તેનાથી ભય પામતાં હતાં. તે આ મોટા વનનો દેવતા–માલિક હતો. નિર્જીવ વૃક્ષ તેનાં સલાહકાર અને મિત્ર હતાં. તે દરરોજ નવાં નવાં ફૂલોનો મુગટ બનાવી પોતાના મસ્તક ઉપર ધારણ કરતો હતો. શિકારીએ પાણીમાં પડતા પોતાના પ્રતિબિંબમાં જોયું તો મુગટનાં ફૂલ કરમાઇ ગયાં છે. તેને અચાનક પોતાના પૂર્વજીવનના કોઈ બનાવનું સ્મરણ થઇ આવ્યું !

તરતજ દૂરથી આવતી એક ચીસ સાંભળીને તે ચમકી ઊઠયો. તેણે કાન દઇને ફરીથી એ શબ્દ સાંભળવાનો પ્રયત્ન કર્યો; પરંતુ બધી બાજુ પહેલાંની પેઠે શાંતિ છવાયેલી હતી. થોડી વાર પછી ફરીથી એજ ચીસનો અવાજ સંભળાયો. શિકારીએ અવાજની કોમળતાથી સમજી લીધું કે, ચીસ પાડનાર કોઇ પુરુષ નહિ પણ સ્ત્રી છે. કોણ જાણે શાયે વિચારથી તેનું હૃદય ધ્રૂજી ઉઠયું. તે બંદુક ભરીને જે તરફથી અવાજ આવ્યો હતો તે તરફ ચાલી નીકળ્યો.

શિકારી કૂદતો કૂદતો છલંગ મારતો તેજ તરફ જતો હતો. લગભગ ત્રણ ફર્લાંગ ચાલ્યા પછી તેણે જોયું તો એક ભારતીય મહિલા બાંધેલી પડી છે. તેની પાસે ઉભેલો એક ગોરો માણસ તેને કંઈ કહી રહ્યો છે. તે બન્નેથી થોડે દૂર એક છાવણી છે. છાવણી આગળ પાંચ હિંદીઓ કેટલાક શિકારી કૂતરાઓ સાથે ગેલ કરી રહ્યા છે. શિકારીને માટે આટલું પૂરતું હતું. તેજ ક્ષણે તેણે તાકીને પેલા ગોરા ઉપર ગોળી છોડી. નિશાન બરાબર લાગ્યું હતું. તેજ ક્ષણે એ નીચે પડીને તરફડવા લાગ્યો. શિકારીએ દોડીને પેલી સ્ત્રીને બંધનમુક્ત કરી. બંધન છોડતી વખતે તે ખૂબ કંપી રહ્યો હતો. તેજ સમયે અકસ્માત શિકારી ચમકીને બોલી ઉઠયોઃ "મોહિની !" બંદિની અત્યંત વિસ્મય પામીને બોલી ઉઠી—"સુશીલ !"

ત્યારપછી શિકારીએ પાસેજ પડેલા પેલા ગોરા તરફ જોયું, તે મૃત્યુની વેદનાથી તરફડતો હતો. એકદમ શિકારીએ તેના મોં ઉપર એ ત્રણ લાતો લગાવતાં લગાવતાં કહ્યું—"ફ્રૅાક્સ ! કરજ વસુલ થઈ ગયું."

આ બધું કામ એક મિનિટમાંજ થઈ ગયું. પછી જલદીથી મોહિનીને ઉઠાવીને તે જંગલ તરફ દોડયો. તે થોડે દૂર પહોંચ્યો હશે એટલામાં પાછળથી તેના ઉપર ગોળીઓ વરસવા લાગી. સુશીલને ત્રણ ગોળીઓ લાગી, પરંતુ તે અટકયો નહિ; નાસી છૂટયો.

આજ અવસ્થામાં સુશીલ ત્રણ ફર્લાંગ સુધી દોડતો દોડતો ગયો. તેનામાં ખૂબ શક્તિ આવી હતી. તે આજે એક ખાસ પ્રકાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો આનંદ અનુભવી રહ્યો હતો. બ્રહ્મપુત્રા નદીને કિનારે પહોંચીને લીલા લીલા ઘાસ ઉપર સુશીલે મોહિનીને ઉતારી. ઘણા સમયથી વિખૂટાં પડેલાં બન્ને ભાઇબહેન ઘાસ ઉપર બેઠાં બેઠાં ઘણી વાર સુધી એકબીજા તરફ જોઇ રહ્યાં. સુશીલને એક એક કરીને બધી જૂની ઘટનાઓ યાદ આવતી હતી. ઘણી વાર પછી સુશીલે કહ્યું—"મોહિની! તું અહીં ક્યાંથી?"

મોહિનીની વાતોથી સુશીલે જાણી લીધું કે, નરપિશાચ ફ્રૅાકસ કોઇ ઘણાજ ખરાબ ઉદ્દેશથી તેને જબરજસ્તીથી પકડીને શિકારમાં સાથે લાવ્યો હતો. ત્યાર પછી સુશીલે પોતાની કહાણી શરૂ કરી. તેણે કહ્યું: "મોહિની! અહીં મને આવી અવસ્થામાં જોઇને તને આશ્ચર્ય થયું હશે. જ્યારે મારી માતા સાથે તારી વિદાય લઇને હું આવ્યો હતો ત્યાર પછી થોડા માસમાંજ કોઈ હિંસક પશુએ મારી માતાનું ખૂન કર્યું, ત્યારથી હું એજ જંગલી હિંસક જીવોનો શિકાર કર્યા કરૂં છું."

એટલું કહેતાં કહેતાંમાં સુશીલનો અવાજ ધીમો પડવા લાગ્યો. ગોળીના પ્રહાર, તેનો આવેશ ઓછો થયો એટલે તેમની અસર કરવા લાગ્યા. તે પડીને બેભાન થઈ ગયો. મોહિની તદ્દન ગભરાઈ ગઈ. ત્યાર પછી તે બ્રહ્મપુત્રા નદીના ઠંડા પાણીમાં પોતાની સાડીનો છેડો ભીંજવી ભીંજવીને તેના મસ્તક ઉપર મૂકવા લાગી. થોડી વાર પછી સુશીલે પોતાની આંખો ઉઘાડી તેણે અચકાતાં અચકાતાં કહ્યું: "મોહિની! મારે માટે હવે ચિંતા ન કર. હું હવે બચી શકીશ નહિ." મોહિની બેબાકળી થઇને પોતાના ભાઇના મસ્તક પાસે આવીને બેસી ગઈ.

ધીમે ધીમે સૂર્ય બરાબર આથમી ગયો. સુશીલ બોલતો બંધ થયો. મોહિની ધીમે ધીમે ડૂસકાં ભરતી રડવા લાગી. તેને થતું હતું કે તે ચીસો પાડી પાડીને જમીન ને આસમાન એક કરી દે, પરંતુ નરપિશાચ ફ્રૅાકસના સાથીઓના ભયથી તે તેમ કરી શકી નહિ.

સૂર્ય અસ્ત થતાની સાથેજ સુશીલે એક હેડકી—આંચકી—ખાઇને પ્રાણત્યાગ કર્યો.

મોહિનીને પોતાના કર્તવ્યનો નિશ્ચય કરતાં વધારે સમય લાગ્યો નહિ. તે સુશીલની લાશ ઉઠાવીને બ્રહ્મપુત્રા નદીમાં કૂદી પડી. નદીનાં વિશાળ મોજાંએ ઘણી ઉદારતાથી આ બન્ને દુઃખી જીવોને પોતાના ખોળામાં લઈ લીધાં.

(વૈશાખ—૧૯૮૬ ના "જ્યોતિ"માંથી અનુવાદકઃ—ત્રં. મા. શુકલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨–गृहस्वराज्य

(લેખકઃ-શ્રી. સુજન)

(૧)

શ્રીયુત પ્યારીચરણ ગોરખપુરના એક સુવિખ્યાત વકીલ છે. તેમને ઘેર મોટર અને ઘોડાગાડી સદા હાજર રહે છે. વાદી–પ્રતિવાદીઓની અવરજવર ચાલુ રહે છે. વકીલ સાહેબના ટેબલ ઉપર હમેશાં રૂપિયાના રણકાર ચાલુજ રહ્યા કરે છે. જ્યાંસુધી દસ વીસ નગદ નારાયણથી પોતાના હાથ પવિત્ર થાય નહિ ત્યાં સુધી તો મુકદ્દમાને વકીલ સાહેબ અડકતા પણ નથી. વાદીપ્રતિવાદી અને કારકુન, મહેતા વગેરેનાં કાનફુંશિયાં ચાલુજ રહે છે અને વકીલ સાહેબના પૈસા ઉભા થાય છે. થોડા પૈસા આપનારને ‘ચાલો, જાઓ, વખત બગાડો નહિ’ એમ કહીને ઘર બહાર કાઢી મૂકવામાં આવે છે. અને વકીલ સાહેબ વધારે પૈસા આપનારની વાતચીતોમાં રોકાય છે. આ પ્રમાણે સવારના દશ વાગ્યા પહેલાંનો બધો સમય વકીલ સાહેબ આજ ભાવતાલમાં ગાળે છે.

તેમની સ્ત્રી મહાલક્ષ્મી ઝરૂખામાંથી જોયા કરે છે–અને રોજ જુએ છે કે–ઑફિસમાં રૂપિયાનો વરસાદ વરસે છે! પરંતુ એ રૂપિયા કોણ જાણે તેના ઓરડામાં રાખેલી ટ્રંકોમાં કેમ આવતા નથી! એક દિવસ આવે તો એ દિવસમાં બધાય જતા પણ રહે છે. એક હાથે આવે છે ને બીજે હાથે ચાલ્યા જાય છે.

રૂપિયાની થેલી મહાલક્ષ્મીના હાથમાં ભારે ગમ્મત અને વ્યંગભરી ચેતવણીઓપૂર્વક વકીલ સાહેબ આપે છે; અને જ્યારે રૂપિયા બહાર જવાની તૈયારી થાય છે ત્યારે મહાલક્ષ્મી ઉપર વકીલ સાહેબના હુકમો છૂટે છે કે “ફલાણાને આપી દે, આપતી કેમ નથી? નાહક આબરૂ ખરાબ કરે છે; રૂપિયા છાતીએ લઇને મરવાની છે કે શું?” વગેરે વગેરે.

પરિણામે એ બધો રૂપિયાનો ઢગલો મહાલક્ષ્મીના હાથમાં રહેતો નથી. ન આપે તો જાય ક્યાં? મહાલક્ષ્મી આ એક મહાસમસ્યા ઉકેલવાને મથ્યા કરતી હતી. કેટલીએ વાર એકચિત્તે વિચારવા છતાં તે આ બધું શું થાય છે તે સમજી શકતી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

પાડોશમાં એક માળણનું ઘર હતું, તેનો પતિ રોજ બજારમાં ફૂલોની ટોપલી લઇને વેચવા જતો અને સાંજે પોતાની પ્રિયતમા મેનાને પૈસાની ભરેલી કોથળી આપતો હતો. એ કોથળી કેટલાંયે વરસથી વપરાતી હતી. તેમાં પૈસા સિવાય કોઇ દિવસ ચાંદીની બેઆની પણ નીકળતી મેનાએ જોઇ નહોતી. તોપણ મેના એ કોથળી રોજ ખાલી કરીને પાછી આપ્યા કરતી હતી. મેના માળણ પણ એ બધા પૈસાને ચાર ચાર કરીને ગણતી અને જેટલી થોકડી થાય તેની સોળ સોળની એક પોટલી બનાવતી અને તે વાણીઆને ત્યાં લઈ જઈ ત્યાંથી રોજ તેના રૂપિયા બનાવી લાવતી. આના વટાવમાં વાણિયો રૂપિયે અર્ધો પૈસો કાપી લેતો હતો, તોપણ મેના માળણ બેએક માસમાં પોતાનું ખિસ્સું ભરી લેતી અને બધા રૂપીઆ એકઠા કરી રાખતી.

મેના રોજ સાંજે વકીલ સાહેબને ઘેર ફૂલોની માળા આપવા આવતી અને ગુલછડી પણ મૂકી જતી. આ સેવા કરતાં કરતાં તેને વરસો વીતી ગયાં. તેના બદલામાં તેને વકીલ સાહેબને ઘેરથી મહિને એક રૂપિયો મળતો હતો.

મેનાએ કદી પણ પોતાના પતિદેવને પૂછવાનું સાહસ નહોતું કર્યું કે, ઘરખર્ચ માટે રૂપિયા ક્યાંથી ને કેવી રીતે આવે છે ? તેનો પતિ નાનું પોતાના રૂપિયા જુદા એકઠા કરતો હતો. બે આની, ચાર આનીઓથી ઘરનું કામ ચાલતું હતું અને રૂપિયા ભેગા થતા હતા. અને પૈસાની થેલી મેનાના હાથમાં આવતી. મેના પાસે નાનુએ પૈસા માટે કદી પણ તગાદો કર્યો નહોતો.

મેનાને એક સાત વર્ષની ચંપા નામની દીકરી હતી. જાણે તે સર્વ કંઈ ચંપાને માટેજ ભેગું કરતી હતી. રાતદિવસ જ્યારે પણ નવરાશ મળતી ત્યારે તે સાહેલીઓ સાથે ચંપાના વિવાહની વાત કરતી અને અનેક પ્રકારનાં ઘરેણાંનાં નામ લઇને કહેતી કે આટલા સોનો તો હાર બનાવરાવીશ.

આ બધી મેનાની વાતો સખી-સાહેલીઓ ઘણે ભાગે મહાલક્ષ્મીને જઇને કહ્યા કરતી હતી. અને કહેતી કે, આ મેના માળણ ફૂલ વેચતી નથી પણ તે તો ફૂલોનો વેપાર કરે છે. તેની પાસે ધનનો તો ઢગલો છે. મહાલક્ષ્મી પોતાની ચાકરડીઓને મેનાની આ બધી વાતો સાંભળી સાંભળીને પૂછતી કે, એ ગરીબો પાસે તે શું પૈસા હશે ? મારા પતિ પ્યારીચરણ સેંકડો રૂપિયા કમાય છે; પણ કશુંયે એકઠું થતું નથી તો પછી એમની નાનકડી કમાણીમાં શું ભેગું થતું હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

મહાલક્ષ્મી રોજ ને રોજ એકાદ વાર તો અવશ્ય પોતાની ચાકરડીઓ દ્વારા મેનાની સંપત્તિની એકાદ બે વાતો સાંભળતી; કોઇ ને કોઇ પ્રસંગ મળીજ આવતો. પછી ધીમે ધીમે જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ મહોલ્લામાં કોઇ ને કોઇ મોઢે મેનાનીજ ચર્ચા સંભળાતી. મહાલક્ષ્મીએ વિચાર કર્યો કે, મેનામાં શી વિશેષતા છે? હું મોટા જબરા વકીલની સ્ત્રી હોવા છતાં પણ કંઇ વિસાતમાં નથી અને મેના એક નાનું માળીની સ્ત્રી હોવા છતાં પણ આટલી પ્રસિદ્ધ થઇ ગઇ.

જો કે સ્ત્રીઓમાં ખારીલાપણું વધારે હોય છે પણ અહીં તેનો અંશ પણ નહોતો. મહાલક્ષ્મી એક અમીર ઘરની હોવા છતાં એક હલકી જાતિની સ્ત્રી ઉપર શા માટે ખાર કરે અને કરે તોપણ તેનો કંઇ અર્થ નહોતો. મહાલક્ષ્મીના મનમાં માત્ર એજ જાણવાની ઇચ્છા હતી કે, મારો હાથ પૈસાથી ખાલી કેમ રહે છે અને નાનુની સ્ત્રી મેના પાસે આટલી અપાર સંપત્તિ ક્યાંથી આવી? તે એ વાતનું રહસ્ય જાણવા ઇચ્છતી હતી. મહાલક્ષ્મીએ બીજી કોઇ સ્ત્રી સાથે આ બાબતમાં વાત કરવી નકામી માની અને એ નિશ્ચય કર્યો કે, નાનુની વહુ મેના પાસેથીજ ગુરુમંત્ર લેવો.

મારે માટે એ અઘરૂં પણ શું છે? મેના તો રોજ આવે છે, એક દિવસ એને ઘેર રોકી દઇશ. તેની થોડી ઘણી સેવાચાકરી અને ભેટ–પૂજા જરા વધારે કરીશ. તેનાં બાળકોને થોડી ઘણી મિઠાઇ આપીશ, અને મેના પાસેથી આ નગદ નારાયણની કૃપાનો મંત્ર અવશ્ય શીખી લઇશ.

ઠીક આજે નહિ, કાલે; આજે નહિ કાલે; એમ કરતાં કરતાં દિવસ ઉપર દિવસ વીતવા લાગ્યા અને આખરે મહાલક્ષ્મીએ નક્કી કર્યું કે, રવિવારે ત્રીજે પહોરે મેના આવે છે તે વખતે તેને હું મળીશ, મળીશ અને જરૂર મળીશ.

હવે શું કરવું જોઇએ? તેને શું કહીને રોકી રાખું, પારકી સ્ત્રી છે, તે શું માનશે? ઠીક, કહીશ કે મેના બેન,......ઠીક ઠીક. બસ ઠીક, ઠીક. વગેરે અનેક વિચાર-તર્કવિતર્ક મહાલક્ષ્મીના ચિત્તમાં ઉથલપાથલ મચાવવા લાગ્યા.

(૪)

રવિવારના બે પહોર વીતી ગયા, ત્રીજો પહોર થવા આવ્યો. પ્યારીચરણ મિત્રો સાથે સહેલ કરવા માટે ઘર બહાર ગયા. ઘડિયાળમાં સાડાત્રણના ટકોરા થયા. આ તરફ મહાલક્ષ્મીએ આંગણામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને બેસવા માટે એક ખુરશી અને મેનાને માટે એક સ્ટૂલ ગોઠવાવ્યું. મેના નિયમ પ્રમાણે આવી. મેજ ઉપર ગુલછડી ગોઠવી ગઈ, અને ખૂંટીઓ ઉપર માળાઓ રાખી ગઇ. વળી તે જવાની તૈયારીમાં હતી તેવામાં તેના કાને અવાજ આવ્યો: "મેના બહેન !"

મેનાને માટે આ શબ્દો નવાજ હતા. આ પ્રકારનો અવાજ તેણે મહાલક્ષ્મીના આંગણામાં કદી સાંભળ્યો ન હતો. તે સાંભળતાંજ ચમકી ગઇ ને પાછું ફરીને જોયું તો શેઠાણી બોલાવે છે. થોડું અટકીને બોલી: "આવી શેઠાણીજી !" આંગણામાં જઇને ઉભી રહી. મહાલક્ષ્મી ખુરશી ઉપર બેઠી અને મેનાને બાંકડા ઉપર બેસવાનું કહ્યું. મેનાને પહેલાં તો સંકોચ થયો; પણ બહુ કહ્યા પછી તે બેઠી. અને આ પ્રમાણે વાતચીત ચાલી:

મહાલક્ષ્મી:—મેના બહેન ! કહે જોઇએ કે, આ બધા લોકો તારા ગુણ ગાય છે, તો તારામાં શું જાદુ છે ?

મેના—શેઠાણીજી ! હું તો આપની દાસી છું, બીજું કંઇજ નથી.

મહાલક્ષ્મી—નહિ ! સાચું કહે, તારી સંપત્તિની લોકો વાહવાહ કેમ કરે છે ?

મેના—લોકોને તો ખરાબ આદત છે. તેઓ ગમે તેને કહેવા મંડી પડે છે ! હું ગરીબ સ્ત્રી; મારી પાસે તે સંપત્તિ ક્યાંથી ?

મહાલક્ષ્મી—ના, ના, સાચું કહે. તારી દીકરીનાં લગ્ન ક્યારે છે ? શું શું ઘરેણાં આપીશ ?

મેના—(ચમકીને) શું દઇશ ? એક એક પૈસાની કમાણીમાંથી હું શું આપવાની હતી ?

મહાલક્ષ્મી—અરે, કંઇક તો આપશે ને ?

મેના—ચંપાના બાપુ જે મારા હાથમાં આપે છે તે હું ચંપાને માટે રાખી મૂકું છું. ઘરનું બધું કામકાજ જાતે કરી લઉં છું. એ બધું ચંપાને આપી દઇશ.

મહાલક્ષ્મી—ઠીક, ઠીક હું સમજી. તું બધાં કામ જાતે કરી લે છે; પણ અહીં તો બધાં કામ નોકરોને હાથે છે. કંઈ પણ મારે હાથે કરતી નથી અને જો કદાચ બાળકોનો ઝાડો પણ ઉઠાવી લઉં તો તો નોકરોની પીઠ ઉપર તડાતડ ઉડે છે.

મેના—તો શેઠાણીજી ! આપનાં મોટાં ઘરબાર છે, બધા રૂપિયા નોકરચાકરોમાં ખરચાઇ જાય છે. અને એમાંજ આપની મોટાઇ છે. જો એમ ના હોય તો ગરીબોનો ગુજારો શી રીતે થાય ?

મહાલક્ષ્મી "ઠીક ! ઠીક ! બહુ સારું" કહીને ઉઠી અને મેનાને પણ "આવજે આવજે" કહીને વિદાય આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫)

મેના સાથે વાતચીત પણ થઈ ગઈ. મહાલક્ષ્મીને કોઇ ખાસ વાત સમજાઈ નહિ. જે થતું હતું તેજ ફરી કહ્યું હતું અને એજ સાચી વાત હતી. જોનારને માટે તેમાંજ ગુરુમંત્ર હતો. મહાલક્ષ્મી મેનાની બધી વાતો વારંવાર યાદ કરવા લાગી. એક વાત પર મહાલક્ષ્મીનું ધ્યાન ગયું—બધા રૂપિયા નોકરચાકરોમાં ઉપડી જાય છે! એ સાચી વાતે તેના મન ઉપર ભારે અસર કરી. વારંવાર એજ વાક્ય યાદ રાખવા લાગી ને તેનોજ જપ જપવા લાગી. જાણે એ એકજ રત્ન મેનાના મોંમાંથી નીકળ્યું ન હોય! એ વાત ઉપર મહાલક્ષ્મીને વિચારો આવવા લાગ્યા. મહાદેવી રાતદિવસ, સવારસાંજ, હરતાં ફરતાં, ઉઠતાં બેસતાં એજ વાત ઉપર વારંવાર વિચાર કર્યા કરતી હતી. અને જેમ જેમ વિચાર કરતી, તેમ તેમ આ સત્ય વાત વિશાળ રૂપ ધારણ કરતી હતી. મહાલક્ષ્મી હવે બધાં કામકાજ છોડીને એજ વિચારમાં મગ્ન રહેતી કે, નોકરોને કેમ કરીને દૂર કરવા? બધું કામ પોતાને હાથે શી રીતે બની શકે?

વિચારતાં વિચારતાં આખરે વિચારધારા એક નિશ્ચય ઉપર આવીને અટકી ગઇ અને તે એ કે "બધાં ઘરકામ પોતાના હાથથીજ કરવાં જોઇએ."

(૬)

સોમવારનો દિવસ આવ્યો. ઉષા પ્રગટી, પ્રભાત થતાંજ મહાલક્ષ્મીએ પથારીમાંથી ઉઠીને પતિદેવને જગાડયા. સવારના ૭ વાગેજ સાવરણી પોતાના હાથમાં લીધી. નોકરોના આવતા પહેલાં બધા ઓરડા સાફ કર્યા, આંગણું સાફ કર્યું અને પછી શૌચાદિથી પરવારી સ્નાન કરીને તૈયાર થઇ ગઇ. પતિદેવ નાહવા લાગ્યા, ત્યારે ચાકરોને દૂર કરીને પાણી પોતાના હાથે કાઢયું અને બાલ્ટીઓમાં રાખીને જાતેજ ટુવાલ-ધોતિયું મૂકયું. જાતેજ સાવરણી લઇને ઘરનાં બધાં હાટિયાં સાફ કર્યાં. સાત વાગ્યા પહેલાં ઑફિસ સાફ કરી આવી. નોકરો આવે છે, પણ તેમને માટે કંઇ કામ નથી.

ભોજનની બધી વાનીઓ પોતાને હાથે બનાવી. પોતાને હાથેજ થાળી પીરસીને પતિદેવને જમાડયા. હાથ જાતેજ ધોવડાવ્યા. પાનપટ્ટી પોતાને હાથે આપી. વકીલ સાહેબ ઑફિસમાં ગયા. આ તરફ મહાલક્ષ્મી પોતાના મનમાં ઘણીજ પ્રસન્ન હતી. એને અભિમાન આવ્યું કે, નોકરોની પરવા કર્યા સિવાય બધુંજ કામ મેં કર્યું. નોકરો તો બોલી શકતા નહોતા. તેઓ ચૂં કે ચાં ન કરી શકયા. રાત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથારી વગેરે પાથરવાનું કામ પણ મહાલક્ષ્મીએ જાતે કર્યું અને સૂતા પહેલાં ખૂબ સંતોષ અનુભવ્યો. આખો દિવસ કામ કરવાથી શરીરમાં થાક લાગ્યો હતો, પણ માનસિક આનંદે તે થાકને લાગવા દીધો નહિ.

(૭)

સૂવાના ઓરડામાં નાનકડો દીવો હતો તેને મહાલક્ષ્મીએ સૂતા પહેલાં જાતેજ પ્રકટાવ્યો હતો. પોતાને હાથેજ તે સાફ કર્યો હતો, તેની બત્તી પણ જાતેજ કાતરી હતી. પથારીઓ પોતાને હાથે કરી હતી. બધાં કામ પોતે જાતેજ કર્યાં હતાં. તેમાં એક ખુબી જેવું જણાતું હતું. ઘડિયાળમાં દશ વાગ્યા. વકીલ સાહેબ બધાં કામોથી પરવારી સૂવા માટે પલંગ પર બેઠા. મહાલક્ષ્મીએ ખૂબ આદરસત્કારથી બેસાડયા. તરત ગરમ દૂધનો વાડકો લાવીને આપ્યો અને કહ્યું:–

"પતિદેવ ! હું આપને પૂછું છું કે, આજે આપને ગુસ્સો કેમ ન આવ્યો ?"

"હા, કોઇ કામ ખરાબ તો નહોતું થયું. બધાં કામ તેંજ કર્યાં છે, એ જોઇને ચિત્ત પ્રસન્નજ છે."

"તો હુંજ બધાં કામ કર્યા કરૂં ?"

"એનાથી બીજું વધારે સારૂં શું છે ?"

"તો નોકરોને રજા આપો, અને કાલથીજ રજા આપો."

"એકાદને તો રાખી લે ?"

"પહેલાં બધાયને રજા આપો; જેને રાખવો હશે તેને હું પછીથી રાખીશ. આપણાં કામકાજ તો હું જાતેજ કરીશ."

"તો બધું કામ તુંજ કરશે ? બધા લોકો હસશે ?"

"ઘરમાં મારૂં કામ હુંજ કરીશ તેમાં હસવાનું શું ? હું આપની સેવા કરીશ. જેટલું કામ પાંચ માણસો કરતા હતા તેટલું આજ મેં એકલીયે કર્યું. નોકરો તો જોતાજ રહ્યા. હવે તેમની શી જરૂર ?"

"ઠીક, રજા આપો ! બધાને પગાર ચૂકવી દો અને પછી રાખવો હોય તેને રાખજે."

"ઠીક ઠીક, હું એજ ઇચ્છતી હતી. પ્રાણનાથ ! હું તમારી સેવામાં રસ લઇશ. હું ઇચ્છું છું કે, કપડાં પણ હું બનાવીને પહેરાવીશ. મારા અને આપના શરીર ઉપરનો એકેએક તાર મારે હાથે કાંતેલો વણેલો હોવો જોઇએ. શું આપ મારા ઉપર સ્નેહ નથી રાખતા ? મારા હાથના આપેલા ટુવાલથી મોં અને ગાલ લૂછતાં સુખ થાય છે તો શું મારા વણેલા ટુવાલથી વધારે સુખ નહિ થાય ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વકીલ સાહેબ—" થશે, થશે, ઘણુંજ થશે."

" બસ એજ ઇચ્છું છું. આપનું બધું કામ હું કરીશ. હવે બધાં ગૃહકાર્યોમાં " હુંજ હું " દેખાવી જોઇએ. દરેક કાર્યમાં મારા હાથની કુશળતા દેખાવી જોઇએ. આપ એ ચીજનો બહિષ્કાર કરજો કે જેમાં મારી છાપ ન હોય. ઘરમાં મારૂં રાજ્ય છે તો પછી મારો બધા ઉપર સિક્કો પડવોજ જોઇએ. આપણા ઘરમાં નોકરશાહીનું રાજ્ય છે. હું જોઉં છું કે, મારા ઘરની બધી દોલત-કમાણી આ નોકરચાકરો ખાઈ ગયા. ઘરમાં હમેશાં ગરીબાઇનો ગજબ જોવામાં આવે છે. હવેથી નાથ ! આપ જોજો, મહાલક્ષ્મી બધુંયે કરશે. કંઇ ભૂલચૂક રહેશે તો જુમ્મેદાર મહાલક્ષ્મી છે. જે ક્રોધનો દાવાનળ આપ નોકરો ઉપર વરસાવતા હતા તે હવે નાથ ! અત્યારથી મારા ઉપર વરસાવ્યા કરજો. ઘરની રાણી હું છું અને ઘરની જવાબદાર સરકાર પણ હું છું. મારા ઘર ઉપર ત્રિરંગી વાવટો ફરકશે, જેમાં સફેદ રંગ આપનો, લાલ મારો, અને લીલો મારાં બાળકોનો છે. આપ યશ છો, ઐશ્વર્ય છો, મારૂં ધન છો, હું ઘરની મહારાણી છું. ક્રિયાશક્તિની અનંત ભંડાર છું. સંતાનજ મારી ખેતી છે. એટલે આજે હું આ ગૃહ-સ્વરાજ્યનો ઝંડો ફરકાવીશ અને આપણા ઘરનું રાજ્ય હું કરીશ. મારે કોઈ નોકરને શિક્ષા કરવી નથી, કોઇ સાથે લડવું નથી. બસ, એટલું કરવું છે કે, બધાં કામ હું જાતેજ કરીશ. મહિના પછી બધાને કહી દઈશ કે, તમે કોઇ કામ કરતા નથી, અહીં તમારૂં કંઇજ કામ નથી. તમે તમારાં બિસ્તરા-પોટલાં ઉપાડો અને તમારે રસ્તે પડો. આ રીતે નોકરશાહીના રાજ્યનો હું અંત લાવીશ."

વકીલ સાહેબ—"આ તો તેં ગાંધીજીની પણ આગળ વધીને સ્વરાજ્યનો પાયો નાખ્યો. તો કાલથી શું રેંટિયો પણ ચલાવશે ?"

મહાલક્ષ્મી—"કેમ નહિ, ઘરના ખૂણામાં એક ઘંટી તો હોવીજ જોઇએ. કાલે એ પણ મંગાવી આપજો. એક એક દાણા ઉપર મારા પ્રેમની છાપ હશે. ખાંડણી સાંબેલું-મંગાવી દો. મૂળ નોકરો તો એજ છે. તેઓ જ્યારથી આપણાં ઘરોમાંથી વિદાય થયાં ત્યારથી પૈસાખાઉ નોકરોએ તો તોબાહ મચાવી છે. અમારૂં આળસ, બહાનાંખોરી તથા નોકરોની કામચોરી ને પૈસાચોરીએ રાતદિવસ હાય હાય મચાવી રાખી છે. અર્ધાથી વધારે રૂપિયા તો તેમના પગારમાં ચાલ્યા જાય છે. એ બધાંને રજા આપીને ફરીથી ઘરને માલદાર બનાવીશ અને મારા વર્તનથી બતાવીશ કે, મહાલક્ષ્મીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્ય કેવી રીતે ઘરના ખૂણેખૂણામાં અને તમારા દિલના રૂવે-રૂવામાં વ્યાપી રહ્યું છે."

એમ કહેતાંજ શ્રીયુત પ્યારીચરણે પ્રિયતમાને પ્રેમભરી આંખોએ જોઈ, પ્રેમાલિંગન કર્યું અને ઘરનું સર્વસ્વ અને હૃદયનું સર્વસ્વ સોંપીને જાણે મહાલક્ષ્મીનો ગૃહસ્વરાજ્યનો ઠરાવ પસાર કર્યો. શય્યાના લેજીસ્લેટીવ હાઉસમાં મહાલક્ષ્મી સરકારનો મુસદ્દો તૈયાર થયો. આગલે દિવસે સ્વાયત્ત શાસનને જલદી લાવવવાને માટે બન્ને પ્રાણીઓ મહામાયા-નિદ્રાદેવીને શરણ થયાં.

(૮)

આગલા દિવસની પેઠે બધું કામ મહાલક્ષ્મી કરી રહી છે. સવારે આઠ વાગ્યાની ઘંટડી વાગી. વકીલ સાહેબની ઑફિસમાં મહાલક્ષ્મી એક ખુરશી ઉપર બેઠી છે. બધા નોકરોને બોલાવ્યા. એક હારમાં આવીને પંદર નોકર-નોકરાણીઓ એકઠાં થયાં. કંઈ પણ કહેવાની જરૂર નહોતી. મહિનો પૂરો થવાને હજુ પંદર દિવસ બાકી છે, તોપણ પૂરા મહિનાનો પગાર દરેકના હાથમાં મૂકવામાં આવ્યો. અને બધાને હાથ જોડીને મહાલક્ષ્મીએ કહ્યું-"આપ લોકોએ સારી માફી જે કંઈ અમારી સેવા કરી છે તે બદલ ધન્યવાદ છે. હવે આપ આપનાં બીજાં કામ શોધી લેજો. અહીં હવે કોઈ પણ જગા ખાલી નથી."

આ દૃશ્ય જોવા જેવું હતું. બધા નોકરો પોતપોતાની વાત ગણગણી રહ્યા હતા. પરંતુ મહાલક્ષ્મીના રાજ્યમાં કોણ સાંભળે? વકીલ સાહેબને પોતાને બધા નોકરો નકામા લાગતા હતા. બધાને રજા આપવામાં આવી.

તેજ દિવસે રેંટિયો, રૂ, ઘંટી, ખાંડણી, સાંબેલું-બધું આવી ગયું. અને આ વાત આખા મહોલ્લામાં ફેલાઇ ગઈ. આડોશપાડોશ-ની બધી સ્ત્રીઓ એકત્ર થઈ. અનેક પ્રકારની ચર્ચાઓ થવા લાગી. આસપાસની બધી સ્ત્રીઓ વકીલ સાહેબના ઘરમાં રેંટિયા અને ઘંટીનું નહિ જોયેલું દૃશ્ય જોવા આવી. તે બધી પોતપોતાના રાગ કાઢવા લાગી. મહાલક્ષ્મીએ નવા નવા શોખમાં રેંટિયો શીખી લીધો અને સાથે સાથે ઘણું ઘણું શીખી લીધું.

આ પ્રમાણે મહાલક્ષ્મીએ સ્વરાજ્યના સાચા પાયારૂપ ગૃહસ્વ-રાજ્યની સાચી સંસ્થાપના કરીને અને તેનો બરાબર અમલ કરીને પોતાના ગૃહસંસારને સુખી બનાવ્યો અને બીજી ઘણીએ સ્ત્રીઓ તેમને પગલે ચાલીને દેશસેવામાં પોતાનો યથાશક્ય ફાળો આપવા લાગી.

(એપ્રિલ-૧૯૩૧ ના "મહિલા"માંથી અનુવાદક:-ત્રં. મા. શુકલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩–લઘિમાની સેવાપરાયણતા

(લેખકઃ–શ્રી. વાસુદેવશરણ)

(૧)

લઘિમાની ઝુંપડી ગામની ભાગોળે હતી. તેના ઘરની કાચી ભીંતો ઉપર ઘાસનું છાપરું હતું. ઘર આગળ એક પીપળાનું ઝાડ હતું અને તેની નીચે માટીનો બનાવેલો લીંપેલો ગુંપેલો એક ચબુતરો હતો. તેના ઉપર બેસવાને માટે એક ખાટલો પડયો રહેતો હતો. ઝાડની છાયામાં એક બાજુએ કુંભારનો ચાકડો હતો. તેના ઉપર લઘિમા, તેની સ્ત્રી અને પુત્ર વાસણો બનાવતાં હતાં. તેનું કુટુંબ સુખી હતું અને તેના મનમાં સંતોષ હતો.

તે નિયમ પ્રમાણે પખવાડિયામાં એક વાર ગધેડાં ઉપર વાસણ લાદીને શહેરમાં વેચવા લઇ જતો હતો. આને તે બજાર કરવું કહેતો હતો. શહેરમાં આવતાં જતાં દશબાર ગાઉ થતા હતા.

જ્યારે તે શહેરમાં જતો ત્યારે ત્યાંનો વૈભવ જોઇને તેનાં નેત્ર ચકિત થઈ જતાં. અનેક પ્રકારની મોટરગાડીઓ ને ઘોડાગાડીઓ, ભાતભાતના ખાદ્ય પદાર્થો, ઘણી જાતની શોખની અને વિલાસની ચીજો જોઇને તેને લાગતું કે, અહીં ખૂબ સુખ છે. પરંતુ તે મોહ, મહિનામાં બે વારજ થવા પામતો. બાકીના દિવસો તેને તેજ ગામનાં પશુ, ખેતર અને ઝુંપડાં જોવા મળતાં.

આથી તેના મન ઉપર એવા સ્વાભાવિક સંસ્કાર હતા કે સંસારમાં તેના જેવાજ ઝૂંપડીમાં રહેનારા ઘણા છે. તે એમ પણ વિચારતો કે, આ પ્રકારનું જીવનજ સ્વાભાવિક છે. શહેરોના વિલાસ તેને જંજાળરૂપજ દેખાતા. તેણે તે બધાને સ્વાભાવિક માનવાની ભૂલ કદી પણ કરી નહોતી. હા, કોઈ કોઇ વાર તેનું મન તેમાં વધારે સુખની શોધ કરવા મંડી પડતું ખરૂં. શહેરના ધનવાનોના ઊંચા ઊંચા મહેલોવાળી સડકો ઉપર પણ લઘિમાની ગ્રામ્ય આંખો એક દૃશ્ય બરાબર જોયા કરતી હતી. આ કરુણાજનક દૃશ્યની એટલી

ફે. ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીવ્ર અસર આપણને શહેરીઓને નથી થતી કે જેટલી એક ગામડીઆ કુંભારને થતી હતી. તે હમેશાં જોતો હતો કે, સડકોની બન્ને બાજુએ જ્યાં ત્યાં કોઢી, અંધ અને અનાથ પડયાં પડયાં આશિષ દઇ રહ્યાં છે. તેઓ તેમના દુઃખથી રીબાતાં રીબાતાં કંઇક માગે છે. રસ્તામાં ચાલનારા હજારોમાંથી કોઈ એકાદનો જીવ કોઇક વાર આ પોકારથી થોડોક પીગળે છે. આ પ્રકારે દયાથી પીગળેલા લોકો એકાદ પૈસો તે હુંઠા હાથોમાં નાખીને આગળ વધે છે. તેઓ માને છે કે, હવે તેમનું કર્તવ્ય પૂરૂં થઇ ગયું. આટલાથીજ તેમના મુખ ઉપર વધારેપડતા આત્મસંતોષની અસર લઘિમાને દેખાતી હતી; નહિ તો બીજા માણસો તો રસ્તા ઉપરના અગણિત અવાજોમાં એ કરુણ સ્વરોને સાંભળવા પણ પામતા નહિ. લઘિમા માનવજાતિના એ છિન્નભિન્ન ટુકડાઓને આ રીતે સડક ઉપર પડેલા જોઇને ધ્રુજી ઉઠતો. શરૂઆતમાં જ્યારે તેણે તેમના આર્ત્તનાદ સાંભળ્યા અને એ દુઃખમાં પણ તેમના અવાજમાં આશીર્વાદની ભાવના જોઇ ત્યારે તેની વિચિત્ર દશા થઇ ગઇ. તેના દિલમાં ચોટ લાગી. તેણે એક વાર વિચાર્યું–"હાય! હું ક્યાંક આ અભાગીઆઓમાંનો એક હોત તો શું થાત? મને પણ જોઇને શું લોકો આજ પ્રકારે મોં ફેરવીને ચાલ્યા ન જાત? તે સમયે મારી શી દશા હોત! તો હવે મારે શું કરવું જોઇએ?"

આ વિચારોએ તેના અંતરમાં ઉંડું પરિવર્તન લાવી દીધું. તેણે વિચાર્યું: "શહેરના લોકો પૈસાની ચિંતામાં અને વિલાસનાં સાધનો ભેગાં કરવામાં એટલા બધા વ્યસ્ત છે કે તેમને રુદન અને કરુણાજનક અવાજોમાં દંભની ગંધ આવે છે. તેમની આત્મવંચના ઘણીજ વધેલી છે. તેમની વચ્ચે વરસોથી આ કોઢીઓ પડયા છે પણ તેમનો કંઇ પ્રબંધ થતો નથી. તો પછી આ લોકો માટે શું કરવું જોઇએ? જો તેઓ ગામડામાં ગયા હોત તો અમે લોકો તેમનો જરૂર પ્રબંધ કરત. શું સ્નેહીસંબંધીઓ મારા કહેવાથી દશ માણસનું પણ ખર્ચ ન ઉપાડત? લઘિમાને આ પ્રશ્નનો ઉત્તર માત્ર "હા" જ મળતો હતો; "પણ" ફરી વિચારતો કે "આ બધા ગામડામાં જાય એ અસંભવિત છે. અને મારી પાસે એટલું ધન નથી કે અહીં શહેરમાંજ બધાનો પ્રબંધ કરી શકું. ઠીક, મારાથી જે કંઇ બની આવશે તે કરીશ."

(૨)

આ વિચારો પછી જ્યારે લઘિમા શહેરમાં આવતો ત્યારે પોતાની સાથે ચણા શેકાવી લાવતો. તે સડકના એક છેડાથી બીજા છેડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી અંધ અને નિરાધારોને ચણા વહેંચતો જતો. કેવળ એટલાથીજ તેને સંતોષ ન થયો. એ કોઢી અનાથોની પાસે જે કંઈ બે–ચાર પૈસા આવતા તે લઈ જઈને તેઓ જે મંગાવે તે લઘિમા લાવી આપતો. પહેલાં તે બજારમાં વાસણો વેચવા જતો હતો. પછી પાછા ફરતાં તે હમેશાં પોતાનો થોડો સમય આ પ્રકારનાં સેવાકાર્યોમાં ગાળતો. થોડા દિવસોમાંજ બજારનાં આંધળાં અને કોઢીઓ તેને સારી રીતે ઓળખી ગયાં. તેમણે જાણી લીધું કે, આ માટીની દોલત-વાળો માણસ છે તો સાવ નિર્ધન, પરંતુ હૃદયનો ધનવાન છે. શહેરીઓની માફક તે સુખી નથી, પરંતુ દુઃખી મનુષ્યોને જોઈને તરત દયા ખાનાર માણસ છે. તેને તેઓ જ્યારે જોતા ત્યારે આશીર્વાદ આપતા. લઘિમા પણ તેમને પોતાની મીઠી વાણીથી શાંતિ આપતો.

આ પ્રકારે એ નિરાધારોની સેવા કરતાં અને વાસણો વેચતાં તેને પાંચ વરસ વીતી ગયાં. લઘિમાને આંધળાં, લૂલાં અને લંગડાં-નો તો કંઈ ભય નહોતો; પરંતુ કોઢીઓની સેવા કરતાં તો જાત ઉપર જોખમ વહોરવાનું હતું. તેના હૃદયમાં જે પ્રેમ હતો તેને લીધે તેનું ધ્યાન આ તરફ કદી પણ ગયું નહોતું. પોતાના શરીરને સાચ-વવા કરતાં દુઃખીઓની સેવાની લગની તેનામાં ઘણી પ્રબળ હતી. કોઈ પૂર્વપુણ્યના ઉદયથી હૃદયે શરીર ઉપર વિજય મેળવ્યો. અને તેના શરીર ઉપર પણ કોઢનાં લક્ષણ દેખાવા લાગ્યાં. લઘિમા ગરીબ હતો. જેમની તે સેવા કરતો તેઓ પણ ગરીબ હતા. તેથી તેને પણ તેમની પેઠે કોઈ ઉપાય મળી આવ્યો નહિ. પરંતુ તે ભારે ધૂની હતો. પોતાના શરીરની પરવાહ કર્યા સિવાય તેણે પોતાનો પહેલાંનો-જ નિયમ ચાલુ રાખ્યો. એજ વર્ષમાં તેના હાથ કામ કરવા યોગ્ય રહ્યા નહિ. લઘિમા પણ અપંગ થઈ ગયો. તેણે વિચાર્યું—"ભગ-વાનની કેવી વિચિત્ર લીલા છે! દુઃખીઓની સેવાનો પુરસ્કાર શું તેમની પેઠે દુઃખી બનવાનોજ છે?" તેના મનમાં હજુ પણ ક્રોધ નહોતો.

લઘિમા ગામમાં ગયો. તેના હાથમાંથી લોહી ટપકતું હતું. તેણે પોતાના પુત્રને બોલાવી કહ્યું—"રામદીન! હવે તું ઘરનું કામકાજ સંભાળજે. મારી સ્થિતિ સારી નથી. હું કામ કરવા લાયક રહ્યો નથી. શહેરમાં જાઉં છું તો લોકો મારો તિરસ્કાર કરે છે; ગામમાં આવું છું તો લોકો મારો ખાટલો છોડીને ઉઠી જાય છે. હવે આ હાથ વડે વાસણો વેચવાં એ પણ મને ઠીક લાગતું નથી."

તેના પુત્રે કહ્યું—"બાપુ! શી હરકત છે? આખી જીંદગી સુધી તો કામ કરતા રહ્યા છો, હવે કંઈ નહિ કરો તોય કંઈ હરકત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. હું બધું કરી લઇશ. તમે આજ ઘરમાં રહો અને પીપળાના ઝાડ નીચે બેઠા બેઠા રામનું નામ લીધા કરો."

લઘિમાએ કહ્યું—"ના, હું ઘરમાં રહેવું ઠીક ગણતો નથી. તેથી તમને ચેપ લાગવાનો ડર રહે છે. કોઢી માણસે ઘરમાં રહેવું ઠીક નથી."

પરંતુ રામદીન પિતાના આ મતને મળતો થયો નહિ.

બીજે દિવસે સવારે લોકો ઉઠયા ત્યારે લઘિમાનો કંઇ પત્તો નહોતો. રામદીને દુઃખી થઇને આમતેમ ખૂબ શોધ કરી, પરંતુ ક્યાંય પત્તો લાગ્યો નહિ.

(૩)

લઘિમા અર્ધી રાતેજ બધાંના સૂઇ ગયા પછી ઉઠીને ઉભો થયો અને કંઇ પણ સામાન લીધા સિવાય ચાલી નીકળ્યો. સૂર્ય ઉગતાં સુધીમાં તો તે પંદર સોળ ગાઉ દૂર નીકળી ગયો. ત્યારપછી પણ તે આગળ ચાલતો રહ્યો. બપોરે તે એક નદીકિનારે પહોંચ્યો. ત્યાં લોકોનો સમૂહ એકઠો થયો હતો. તેઓ કોઇ કામમાં લાગેલા હતા. લઘિમા તેઓમાંના એકની પાસે ગયો અને પૂછવા લાગ્યો—"ભાઇ! આ સ્થાનનું નામ શું છે અને તમે બધા અહીં શું કરો છો ?"

તેની વાણીમાં એવી મિઠાશ હતી કે સાંભળનારે તેના પ્રત્યે ખૂબ પ્રેમથી જોયું અને કહ્યું—"આ જગાને અમે ઋષિપત્તન કહીએ છીએ અને અમે અહીં યજ્ઞ કરીએ છીએ."

લઘિમાએ કહ્યું—"ભાઇ! હું કોઢી અને અપંગ છું. શું હું પણ તમારા આ કામમાં કંઇ ભાગ લઇ શકીશ ?"

તે માણસ કોઢીને શું કામ બતાવવું તે સમજી શક્યો નહિ. પરંતુ તેણે કહ્યુ—"હું પોતે તે બતાવી શકતો નથી. તમે સામે જાઓ. ત્યાં આ યજ્ઞના પુરોહિત બેઠા છે તે તમને બતાવશે."

લઘિમા આગળ વધ્યો અને પોતાનો પરિચય આપીને કહેવા લાગ્યો—"હે પ્રભો ! શું હું પણ આપના આ યજ્ઞના કોઇ કામમાં આવી શકીશ ?"

પુરોહિત તેનો પરિચય સાંભળીને આશ્ચર્યથી અવાક્ થઇ ગયા; તેમણે સ્વસ્થ થઇને કહ્યું—"લઘિમા! તારી યજ્ઞ-ભાવના અમારા બધાના કરતાં ઉંચી છે. તું મંડપના મુખ્ય દરવાજા ઉપર બેસ અને આ યજ્ઞમાં આવનારાઓને આશીર્વાદ આપતો રહે."

(વૈશાખ-૧૯૮૬ ના 'ત્યાગભૂમિ'માંથી અનુવાદકઃ-ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२४—निर्धननी होळी

(લેખકઃ-શ્રી. ધર્મેન્દ્રવીર શિવહરે)

(૧)

રામદાસ—"બેટા! ચાર દિવસ પછી હોળી છે. થોડાંક લાકડાં વધારીને જરા મોટી ભારી બાંધ એટલે થોડા ઘણા પૈસા વધારે આવે અને એ દિવસ માટે આપણે કંઇ બચાવી રાખીએ."

નાથુ—"હા બાપુ! મારો પણ એજ વિચાર છે. જો આપણો ભારો છ આનામાં વેચાયા કરે તો ચાર દિવસમાં એક રૂપિયો બચશે અને હોળીને દિવસે આપણે લાકડાં કાપીશું નહિ તોપણ ચાલશે."

રામદાસ—"બેટા! મારાથી તો આટલો બોજોયે ઉપાડાતો નથી; પણ શું કરૂં? પરમાત્માએ આપણને દુઃખ સહેવાને માટેજ મોકલ્યા છે. તો પછી સુખ ક્યાંથી મળે?"

નાથુ—"ના, આપ કશી ચિંતા ન કરો. હું આપનો ભારો પણ ઉપાડી લઇશ."

રામદાસ—"ના બેટા! તું તારોજ ઉપાડ. ચાલ, મોડું થઈ ગયું છે. જલદી જઇએ એટલે તરતજ વેચાઇ જાય."

નાથુ—'ના! હું નહિ માનું, હવે કાલથી આપ લાકડાં વીણીને એકઠાં કરી આપ્યા કરજો, પછી તો હુંજ એ ઉપાડી જઇને વેચી આવીશ."

રામદાસ—"ઠીક, એ તો કાલની વાત, પણ આજ તો મને મારો ભારો ઉપાડીને ચાલવા દે."

નાથુ—"ના, હું તો આજથીજ લઇ જઈશ. આપ મારી સાથે ચૂપચાપ ચાલ્યા આવો. કંઈ બહુ ભારે બોજો તો છે નહિ. હું ઉપાડી લઇશ. ચાલો, મને ઉપડાવી દો."

રામદાસે અનેક પ્રયત્ન કરવા છતાં નાથુએ પોતાની હઠ ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડી. અંતે રામદાસને હારવું પડ્યું અને બેય ભારા ઉપાડીને નાથુને માથે ચઢાવ્યા.

આજે નાથુના આનંદનો પાર નથી. તે આજે આટલો બોજો હોવા છતાં પણ બીજા દિવસો કરતાં વધારે ઝડપથી ચાલવા લાગ્યો છે, જાણે બોજો તદ્દન હલકો ફૂલ જેવો ન હોય!

રામદાસ વારેવારે પોતાની મૂર્ખાઈ ઉપર પસ્તાય છે. તે વારેવારે વિચાર કરે છે કે, મેં આને આ વાત કહીજ શામાટે? ના કહ્યું હોત તો શું બગડવાનું હતું? કાલે ભારો વધારી દેત; પણ હવે તો કોઈ ઉપાય નથી. હાય! બન્નેનો બોજો એ એકલો ઉપાડીને જાય છે અને વળી કેટલો જલદી ચાલી રહ્યો છે! રખેને જલદી થાકી જશે એમ વિચારીને તેણે નાથુને ધીમે ધીમે ચાલવા કહ્યું, પરંતુ તે તો માનતોજ ન હતો.

"બેટા! ધીમે ચાલ, રોજના કરતાં બોજોયે આજે બમણો છે અને તેમ છતાંયે તું આટલો બધો ઝડપથી ચાલે છે."

"પિતાજી! તમે ચાલ્યા આવો. મને તો બોજો જરાયે જણાતો નથી."

"હું તો થાકી જઈશ" રામદાસે તેને ઉભો રાખવાનું બહાનું શોધી કાઢયું.

"ઠીક તો લ્યો, હવે ધીમેથી ચાલીશ," એમ કહીને તે ધીમે ધીમે ચાલવા લાગ્યો.

થોડી વાર પછીજ બજાર આવ્યું. આજે બધા માણસોના ભારા મોટા હતા. આ જોઈને તેમણે સમજી લીધું કે, અવશ્ય આ લોકો પણ હોળી ઉજવવાને માટેજ મોટા મોટા ભારા લાવ્યા છે. તેઓ પણ વર્ષમાં એક વાર આવતા તે દિવસે ઘેર રહીને હોળી ઉજવવા ઇચ્છે છે.

થોડી વાર પછી તેના બન્ને ભારા વેચાઈ ગયા અને આજે પૈસા પણ બે આના વધારે મળ્યા છે. તેઓ બન્ને પરમાત્માને ધન્યવાદ દેતા હતા. નાથુ માનતો હતો કે, આ બે ભારા ઉપાડવાનુંજ પરિણામ છે. અને પરમાત્માએ રાજી થઇને તેમને બે આના વધુ અપાવ્યા છે. તેઓ રાજી થતા થતા પોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. પિતાના હૃદયમાં વાત્સલ્યપ્રેમ અને નાથુના હૃદયમાં ભક્તિનો પ્રવાહ ઉછળી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

બીજે દિવસે તેઓ બન્નેય જંગલમાં પહોંચ્યા. લાકડાં એકઠાં કરીને આજે પણ રામદાસે બે ભારા બનાવ્યા; પણ આજના બે ભારા કાલના કરતાં ઘણા વધારે હતા. તે બન્ને ઉપાડી જવાની નાથુમાં શક્તિ નહોતી, પરંતુ તેમ છતાંયે તે બન્ને ભારા લેવા લાગ્યો.

રામદાસે આજે ભારા એટલા માટે મોટા બનાવ્યા હતા કે નાથુ તે ઉપાડી શકશે નહિ અને પોતાનો ભારો પોતે ઉપાડી શકશે. પરંતુ રામદાસને પુત્રના આગ્રહને વશ થવું પડયું. નાથુએ બન્ને ભારા પોતાના મસ્તક ઉપર ઉઠાવ્યા. આજે સામાન્ય રીતે બોજો ભારે હતો. થોડેજ દૂર જઇને તે એક જગાએ ઉભો રહ્યો.

રામદાસ તેને થાકેલો જાણીને ફરીથી પોતાનો ભારો લેવા ગયો; પરંતુ પુત્રના આગળ તેનું કંઇ ચાલ્યું નહિ. તે પસ્તાતો હતો કે, આજે આટલા મોટા ભારા શા સારૂ બાંધ્યા! તે કરવા તો ઠીક ગયો હતો પરંતુ પરમાત્માને તે મંજુર નહોતું ત્યાં એ શું કરી શકે? નાથુ બન્ને ભારા ઉપાડીને ફરી પાછો ચાલવા લાગ્યો. આ વખતે તે પહેલાં કરતાં વધારે ઝડપથી ચાલ્યો અને થોડીજ વારમાં શહેરમાં પહોંચી ગયો.

આજે તેના ભારા કાલની પેઠે જલદી ન વેચાયા. બે કલાક પછી તેના બન્ને ભારા એક રૂપિયામાં વેચાઇ ગયા. આજે એમને આઠ આનાની બચત થઇ. રામદાસ વિચારતો હતો કે, બેજ દિવસમાં દસ આના બચ્યા અને હોળીને તો હજુ બે દિવસની વાર છે. જો આ દિવસોમાં છ આના પણ બચી જાય તો હોળીને માટે એક રૂપિયો થઇ જશે.

આ તરફ નાથુએ વિચાર્યું કે, કાલે આથીયે વધારે ભારા બનાવીશ અને સવા રૂપિયામાં વેચીશ એટલે બાર આના બચશે અને બધા મળીને રૂપિયા ઉપર થશે.

તે રાજી રાજી થતો ઘેર આવ્યો અને જમી લીધા પછી સૂઇ ગયો. નાથુની મા બધાં કામ પરવારી તેને સમજાવવા આવી હતી કે, બેટા! આટલો બધો ભાર ઉપાડતો નહિ. પરંતુ તેને સૂઇ ગયેલો જોઇને તેને જગાડવાની હિંમત ચાલી નહિ. તે ઉભી ઉભી તેને જોવા લાગી. નાથુના મુખ ઉપર હાસ્ય છવાઇ રહ્યું હતું. એમ લાગતું હતું કે જાણે તે પોતાની માતાની નિર્બળતા ઉપર હસી રહ્યો છે!

નાથુની માતાનું હૃદય પ્રેમને હીલોળે ચઢયું. તે થોડી વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લીલા જોઇ રહી અને આખરે તે પોતાના ખાટલા ઉપર જઇને સૂઇ ગઈ. એ સમયે તે પોતાની દરિદ્રતાને જાણે તદ્દન ભૂલીજ ગઇ હતી. ઠીક છે, તેનું જીવન સુખી હતું, દરિદ્ર હોવા છતાં પણ તેઓ અનેક ધનવાનો કરતાં સારાં અને સુખી હતાં. તેમને દુઃખજ શી વાતનું હોય ? સ્વર્ગોપમ પરિવાર છે, આટલો મહેનતુ પુત્ર છે તો પછી તેને પોતાના ધન્યભાગ્ય ઉપર મગરૂરી કેમ ન થાય ! તેનું સદ્ભાગ્ય હતું. પરંતુ બિચારીને શું ખબર કે તેની એ મગરૂરી માત્ર એક બે દિવસ માટેનીજ હતી; તેને શી ખબર કે જે ચહેરાને તેણે હસતો જોયો છે તે એક બે દિવસમાં કરમાઇ પણ જશે; તેને શી ખબર કે તે હાસ્ય ક્ષણિક હતું ! તેના હૃદયમાં તો આનંદની લહેરો ઉછળતી હતી અને આખરે એ લહેરોએ તો તેને સુવાડી દીધી હતી.

(૩)

આજે નાથુ કાલથી પણ વહેલો પોતાની કુહાડી લઇને રામદાસને પાછળથી આવવાનું કહીને જંગલ તરફ ચાલી નીકળ્યો. તે આજે એથી પણ વધારે મોટા ભારા બાંધવા ઇચ્છતો હતો. પરમાત્માએ પણ તેની ઇચ્છા પૂર્ણ કરવામાં મદદ આપી. આજે નાથુએ ઘણીયે ના પાડવા છતાંયે રામદાસે ત્રણ ભારા બાંધ્યા અને બે નાથુને આપી એક પોતે ઉપાડયો.

તેઓ પ્રસન્નચિત્તે બજાર તરફ ચાલ્યા. આજે તેમના એ ત્રણે ભારા એક રૂપિયા દસ આનામાં જલદી જલદી વેચાઇ ગયા. રામદાસ પ્રસન્ન હતા, પરંતુ નાથુનું મુખ આજે શામાટે ઉદાસ હતું તે તેમને સમજાયું નહિ. સંભવ છે કે, તેને ભવિષ્યના ભયની ખબર થઈ હોય અને તેજ કારણે તે આટલો વિચારમગ્ન થઈ ગયો હોય.

ઘેર જઇને નાથુએ ભોજન કર્યું અને તરતજ પોતાના ખાટલામાં સૂઈ ગયો. રામદાસ ગભરાઇ ગયા. તેમણે જોયું કે, નાથુનું મોં પીળું પડવા લાગ્યું છે. તેઓએ માન્યું કે, રખેને કોઈ જાનવર કરડયું હોય તેથી તે તેમને પૂછવા લાગ્યાઃ

“ કેમ બેટા ! શું કંઈ કરડયું છે ? ”

“ના, મને તો કશુંયે કરડયું નથી. ”

“તો પછી આટલો ફિક્કો કેમ પડી ગયો છે ? ”

“મારા માથામાં ચક્કર આવવા જેવું થાય છે.”

“હવે સમજ્યો. મેં તો તને પહેલેથીજ કહ્યું હતું કે, આટલો બોજો ના ઉપાડીશ; પણ તેં માન્યું નહિ ને તારીજ હઠ પૂરી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠીક, તો લાવ હું માથું દબાવું.

"ના, એ એની મેળે ઠીક થઈ જશે."

એટલામાં નાથુની માતા પણ આવી પહોંચી. તે તરતજ તેલ લઇ આવી અને માથે ચોળવા લાગી.

થોડી વારમાં નાથુને ઉંઘ આવી ગઈ અને તે સૂઈ ગયો.

તેની માતા પણ ત્યાંથી ચાલી ગઇ અને નાથુના પિતા પાસે આવીને કહેવા લાગી—"હું તો તમને પહેલેથી કહેતી હતી કે, તેનાથી આટલો બોજો નથી ઉપડતો."

"અરે હુંયે શું કરૂં, મેં તો એને ઘણુંયે સમજાવ્યો, પણ માન્યોજ નહિ. આ બધું આપણી નિર્ધનતાનુંજ પરિણામ છે."

"ઠીક, તો એને કાલે લઇ જશો નહિ. પરમદિવસે હોળી છે. કદાચ એની તબિયત વધારે પણ બગડી જાય."

"ઠીક, અને કાલે નહિ જાય તોય શું છે! આપણી પાસે સવાએ રૂપિયા તો થઈજ ગયા છે."

આપસઆપસમાં આ પ્રમાણે વાતચીત કરતાં બન્ને સૂઈ ગયાં.

પ્રાતઃકાળ થયો, પણ નાથુ હજીયે ઉઠયો નહોતો. સંભવ છે કે હજુ દર્દ મટયું નહિ હોય તેમ સમજીને તેને જગાડવાનું પણ અયોગ્ય માની તેને સૂઇજ રહેવા દીધો.

લગભગ આઠ વાગે નાથુએ માને બૂમ મારી અને પાણી માગ્યું. માએ તેનું મોં ધોવરાવી તેને નાસ્તો કરાવ્યો. તે જંગલમાં જવા તૈયાર થયો એટલે બન્ને જણે તેને રોકયો. તે ફરીથી પોતાના ખાટલા ઉપર સૂઈ ગયો. આખું શરીર ફાટતું હતું. કાલે હોળી છે. આ તહેવાર બધાંને સારી રીતે ઉજવવાનો વિચાર છે, પરંતુ પરમાત્માને ત્યાં તો એ મંજુરજ નહોતું.

જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ નાથુની દશા ખરાબ થતી ચાલી. આજે રામદાસે કેટલાયે દવાવાળાઓ અને જંતરમંતરવાળાઓને બોલાવ્યા, પણ કંઇ ફેર પડયો નહિ. નાથુની માતા તો ખૂબ વિહ્વળ બની ગઈ.

રાત પણ પડી પરંતુ નાથુની દશામાં કંઈ પણ ફેર પડયો નહિ. કાલે આવનારી હોળી તો વિશેષ દુઃખ દઇ રહી હતી. શું આજ હોળીને માટે આટલી તૈયારી થઇ રહી હતી? રાત બધાએ જાગીને પસાર કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

આજે હોળી છે. આખા ગામમાં ખૂબજ ધામધૂમપૂર્વક હોળી ઉજવવામાં આવે છે. બધા અનેક પ્રકારના રંગો વડે એકબીજાનું સ્વાગત કરતા આનંદ-ઉત્સવ ઉજવી રહ્યા છે. પરંતુ હાય! કોઇ જરા પેલી બિચારી નાથુની માને તો પૂછો કે તે કેવી હોળી ઉજવી રહી છે? રામદાસની દશા તો સાપે કરડેલા મનુષ્યના જેવી થઈ રહી છે.

સવારના નવ વાગે નાથુ પણ સંસારની વાસ્તવિક હોળી ખેલીને આ અસાર સંસારમાંથી સદાને માટે વિદાય થયો. ઘરમાં હાહાકાર મચ્યો. આખો લીલો છમ બગીચો સહેજ વારમાં ઉજ્જડ વેરાન જેવો થઈ ગયો, સંસાર શૂન્ય થઇ ગયો.

આ તહેવારને દિવસે રામદાસના દુઃખમાં ભાગ પડાવનાર કોણ હોય? મહામહેનતે આજુબાજુનાં ચાર પાંચ માણસો એકઠાં થઇ ગયાં. બધાંયે મળીને મહામુશ્કેલીએ ઠાઠડી બનાવી અને શ્મશાને ઉપાડી જવાને તૈયાર થયા.

તેઓ જેવા મૃતશરીરને ઉપાડીને રામદાસને ઘેરથી નીકળ્યા તેવામાં નાથુ અને રામદાસને મળવા માટે કેટલાક લોકો આવ્યા હતા. રામદાસ તેમને જોઇને પોતાનામાં જે કંઇ થોડું ઘણું ધૈર્ય બાકી હતું તે પણ ખોઇ બેઠો અને તે પોક મૂકીને રડતો રડતો કહેવા લાગ્યો કે "ભાઈ! અમારી નિર્ધનોની હોળી તો આ છે."

બધા માણસો આશ્ચર્યથી પેલા મૃતશરીર તરફ જોવા લાગ્યા. તેમને ખબર પડી ગઇ કે, આ તો નાથુજ સંસારની વાસ્તવિક હોળી ખેલી રહ્યો છે!

(જાન્યુ.-ફેબ્રુઆરી-૧૯૩૨ના "મહિલા"માંથી અનુવાદક:--ત્રં. મા. શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫—માતાની કૃપાથી

(લેખિકાઃ—શ્રીમતી યશોદાદેવીજી)

(૧)

સાવિત્રીનાં માતપિતા તેને બાલ્યાવસ્થામાંજ તેના ભરણપોષણનો ભાર પોતાની બહેન અન્નપૂર્ણા ઉપર મૂકી ગયાં હતાં. અન્નપૂર્ણાએ કંઈ સંતાન નહોતું તેથી ફોઇનો બધો પ્રેમ સાવિત્રીને મળ્યો અને તે ધીરેધીરે મોટી થવા લાગી.

સાવિત્રીનાં ફોઇ અને ફુવા જૂના વિચારોવાળાં માણસ હતાં. તેઓ સાવિત્રીને એક યોગ્ય ગૃહિણી બનાવવા ઇચ્છતાં હતાં, સાવિત્રીના મનમાં ધાર્મિક વિચારો ઉત્પન્ન કરવા ઇચ્છતાં હતાં; તેથી તેમણે પહેલાં સાવિત્રીને સંસ્કૃત શીખવ્યું, પછી તેને પુરાણ શ્રીમદ્ભાગવત, ગીતા વગેરે ગ્રંથો ભણાવ્યા અને રામાયણનું શિક્ષણ આપ્યું. અંગ્રેજી ઉપર તેમને તિરસ્કાર હતો. તેઓ એમ માનતા કે, શિક્ષણ એટલે યોગ્યતા પ્રાપ્ત કરવી. અંગ્રેજી ભણવાથી છોકરીઓ સ્વતંત્ર થઈ જશે, ફેશનેબલ થઇ જશે અને અમારો આદર્શ નાબુદ થઇ જશે. તેના ફુવા એક વિદ્વાન પંડિત હતા; તેઓજ સાવિત્રીને શિક્ષણ આપતા હતા. ફોઇ પણ યોગ્ય ગૃહિણી હતાં, તેમણે ગૃહકાર્ય શીખવવું શરૂ કર્યું. હવે સાવિત્રી લગભગ ચૌદ વર્ષની થઇ ગઇ અને સાથોસાથ તેનું શિક્ષણ પણ પૂરૂં થયું. સાવિત્રીએ ઘરસંસારનું બધું કામ શીખી લીધું. ભણવાનું પણ પૂરૂં કર્યું. સાવિત્રી ખૂબ સુંદર હતી; તેનો વર્ણ, તેનાં લજ્જાયુક્ત વિનમ્ર નેત્રો બધુંયે મોહક હતું.

ફુવા જગદ્દેવનારાયણ વિચારતા કે, સાવિત્રીને એવા વિદ્વાનના ઘરમાં દઉં કે જે તેનાં રૂપગુણ અને વિદ્યાની પૂરતી કદર કરે. પાસે રહેવાથી વધારે સગવડ રહેશે, એમ વિચારીને તેઓ પોતાની પુત્રીને પોતાની નજીકના શહેરમાંજ પરણાવવા ઇચ્છતા હતા.

(૨)

“ બેટા ! શું મારી વાત નહિ માને ? ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મા ! હું તમારી કઇ વાત નથી માનતો ?"

"એક તો એ વાત કે, હું તને ઘણીયે વાર કહી ચૂકી છું કે તું લગ્ન કરી લે. ત્રેવીસ વરસનો થઇ ગયો પરંતુ તું તો હમેશાં નાજ કહ્યા કરે છે. જોને, અડિયાપુરના જગદેવનારાયણ પોતાના સાળાની પુત્રી સાથે તારો સંબંધ બાંધવા ઇચ્છે છે. પરંતુ તું કબૂલ કરતો નથી. કેવી સુંદર છોકરી છે ? હિન્દી–સંસ્કૃત ભણેલી છે, ગૃહકાર્યોમાં ખૂબ ચતુર છે ને બરાબર સુયોગ્ય ગૃહિણી છે. મારૂં ચાલત તો હું એને જરૂર મારી વધૂ બનાવત, પરંતુ તારા આગળ મારૂં ચાલે ત્યારે ને ?"

"મા ! મેં તને કેટલીયે વાર કહ્યું કે એ છોકરી સાથે મારે નહિ બનતું આવે. તેના ઘરમાં પુરાણા સનાતની રીતરિવાજો ચાલે છે. મૂર્તિપૂજા વગેરે સનાતની પ્રથાઓના એ લોકો સ્થિતિચુસ્ત છે. તું જાણે છે કે, હું મૂર્તિપૂજાનો વિરોધી છું, સનાતની રીતરિવાજો મને નથી ગમતા. હું ધારૂં છું કે, એટલા માટે વિરોધ થશે. પરંતુ જો તમને એજ ખૂબ પસંદ પડતી હોય તો તમને ઠીક લાગે તેમ કરો. કોઇ ને કોઇ રીતે તે સુધરી જશે."

ઉપરોક્ત વાતચીત પંડિત રામમોહન અને તેમની વૃદ્ધા માતા સાથે ચાલી રહી હતી. પુત્રની વાત સાંભળીને માતા પ્રસન્નતાથી ફૂલ્યાં ન સમાયાં. તેમણે લગ્નને પોતાની મંજુરી આપી દીધી.

સાવિત્રીનાં લગ્ન થઇ ગયાં. તે એક જન્મ માટે રામમોહનના પ્રેમમાં બંધાઇ ગઇ. લગ્ન વખતે કરાતા પૂજાપાઠ આદિ સનાતની રિવાજો રામમોહનને ઠીક લાગ્યા નહિ, પરંતુ તે લોકલાજથી ડરીને કંઇ બોલ્યો નહિ.

સાવિત્રી ઘેર આવ્યા પછી તેને આનંદ ન થયો. તે સાવિત્રીને અંગ્રેજી ઢબમાં લાવવા માગતો હતો, પરંતુ સફળ થઇ શકયો નહિ. સાવિત્રી સુયોગ્ય અને સુશીલા છોકરી હતી. આવતાંવેંતજ તેણે સાસુનાં ચરણોમાં અને હૃદયમાં પોતાનું સ્થાન જમાવી લીધું. સાસુ તેને બહુ ચાહવા લાગી. ઘરનો બધો પ્રબંધ તેણે પોતાના હાથમાં લીધો. પતિદેવની પણ ખૂબ કાળજી રાખતી. પહેલાં રામમોહનને વખતસર ભોજન મળતું નહિ. ઘરસંસાર ચલાવતી માતા બિચારી વૃદ્ધ હતી, તે બધાં કામ કરી શકતી નહિ. સાવિત્રીના આવ્યા પછી બધી બાબતોની સુવ્યવસ્થા થઇ ગઇ. સાવિત્રીએ પોતાની મીઠી વાણી અને સેવાથી સાસુને વશ કરી લીધાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

સાવિત્રી પતિદેવને પ્રસન્ન કરી શકી નહિ. તે કોઈ પણ કાર્યમાં ખામી આવવા દેતી નહિ, હરઘડીએ તનમનથી પતિની સેવામાં લાગી રહેતી હતી. તેની ફોઇએ તેને પતિસેવાનું માહાત્મ્ય ખૂબ સમજાવ્યું હતું. તે પતિને પોતાના સર્વસ્વથી વિશેષ સમજતી હતી. પરંતુ બી. એ. પાસ પતિદેવ તેને અંગ્રેજી રહેણીકરણીમાં જોવા ઇચ્છતા હતા. તે સાવિત્રીને અંગ્રેજી શીખવવા ઇચ્છતા હતા, તે તેને નવી ફેશનમાં લાવવા ઇચ્છતા હતા. તેઓ ઇચ્છતા કે, તે પોતાના જૂના વિચારોને સર્વથા છોડી દે. તેઓ મૂર્તિપૂજાને ઢોંગ માનતા હતા, પરંતુ સાવિત્રીના મનમાં જૂના સંસ્કારો જામ્યા હતા. તે તેને એક-દમ શી રીતે છોડી શકે? એક દિવસ વાતેવાતમાં રામમોહને કહ્યું:—

"સાવિત્રિ! મને ખૂબ દુઃખ થાય છે, કે તું મારી વાતો તરફ ધ્યાન આપતી નથી. મેં તને કેટલીયે વાર કહ્યું કે તું મૂર્તિપૂજા છોડી દે, જૂના વિચારોને કાઢી નાખ; પરંતુ તું કંઇ પણ ધ્યાન આપતી નથી."

સાવિત્રી—"નાથ! મને આશ્ચર્ય થાય છે કે આપ સનાતની રીતરિવાજોને ખરાબ શા માટે માનો છો? મૂર્તિપૂજા કોઇ ખરાબ કામ નથી. બાળપણથીજ હું દેવી દેવતાને પૂજતી આવી છું. હવે એ છોડતાં દુઃખ થાય છે. હું દેવદેવીઓનું પૂજન છોડી દઇશ એથી આપને ફાયદો પણ શું થશે? મારા મનમાં જે વિશ્વાસ છે તેને તો આપ કાઢી શકશો નહિ. હું આપની સેવામાં તો ખામી આવવા દેતી નથી. કોઇ પણ પ્રકારે સમય કાઢીને થોડી વાર ભગવાનને પણ યાદ કરી લઉં છું. તેમાં આપ શા માટે વિઘ્ન નાખો છો?"

રામમોહન—"સાવિત્રિ! મેં તને અંગ્રેજી ભણાવવા ઇચ્છયું, પણ તે તું કરી શકી નહિ. મારા વિચારો કેટલા સ્વતંત્ર હતા? હું હમેશાં એજ વિચાર કરતો હતો કે અંગ્રેજી ભણેલી ગણેલી છોકરી સાથે લગ્ન કરીશ. પરંતુ માતાની જીદ આગળ મારૂં કંઇ ન ચાલ્યું. તું જ્યારે આવી ત્યારે મેં ધાર્યું હતું કે તને હું સુધારી લઇશ, પરંતુ હવે તો હું તારી જીદથી કંટાળી ગયો છું. તું દેખાવમાં કેટલી સુંદર છે, એવીજ ગુણવાળી હોત તો શું કહેવાનું રહેત? પરંતુ શોકની વાત છે કે સુંદર ફૂલ નિર્ગંધ છે. ગુણ વિનાનું તારૂં રૂપ મને આકર્ષણ કરી શકતું નથી."

સાવિત્રી—"નાથ! અમારે સ્ત્રીઓને કયાં નોકરી કરવા જવું છે? સ્ત્રીઓનો ધર્મ તો પતિસેવા અને ગૃહસેવા છે. એ કામોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હું ભૂલતી નથી. હું હમેશાં એજ ખ્યાલ રાખું છું કે, આપને કોઈ દુઃખ ન થાય. જે વાતો મારી શક્તિ બહાર હોય તે હું શી રીતે કરી શકું ? "

રામમોહન–"બહુ સારૂં. તુંજ પસ્તાશે. હાલનો સ્ત્રીસમાજ તારા જેવી અશિક્ષિત સ્ત્રીઓને લીધેજ આટલો અધઃપતિત છે."

સાવિત્રી—" નાથ ! શિક્ષણનો અર્થ અંગ્રેજી ભણવું એજ નથી. મારે મન તો સ્ત્રીશિક્ષણ સ્ત્રી-ધર્મ, ગૃહ-ધર્મ, અને પતિ-સેવામાંજ રહેલું છે. અંગ્રેજી ભણવાથી આ વિચારો નહિ રહે. અંગ્રેજી ભણીને મારા વિચારો બદલાઇ જશે, પછી મને આપની અને માની સેવા સારી નહિ લાગે. મારો ગૃહધર્મ નાબુદ થઇ જશે."

આ વાતોના જવાબમાં રામમોહને કંઇ પણ કહ્યું નહિ, પરંતુ તે મનમાં ને મનમાં સાવિત્રી ઉપર નાખુશ રહેવા લાગ્યા. સાવિત્રીને આવ્યે ચાર મહિના થઇ ગયા. સાવિત્રી પતિના હૃદય ઉપર આધ-કાર જમાવી શકી નહિ. તે બિચારી એથી બહુ દુઃખી રહેતી. તે પતિ ઉપર ઘણોજ પ્રેમ રાખતી. તેણે પોતાનો સમસ્ત પ્રેમ પતિનાં ચરણો-માં અર્પી દીધો હતો, પરંતુ તે પતિના પ્રેમને પ્રાપ્ત કરી શકી નહિ. સ્ત્રીને માટે આ કેટલી દુઃખદ વાત છે ! પતિનો પ્રેમ પૂર્ણ-રૂપે મળે તો તે દુઃખને તો હસતાં હસતાં સહન કરી લે છે. સાવિત્રીને બધું સુખ હતું, પણ તે પતિના પ્રેમથી વંચિત હતી. આથી તે દિનપ્રતિદિન સુકાયા કરતી હતી.

રામમોહનની અપ્રસન્નતાનું એક બીજું પણ કારણ હતું. તેઓ જ્યારે કૉલેજના પહેલા વર્ષમાં ભણતા હતા ત્યારે પોતાનાજ વર્ગની એક છોકરી સુશીલા ઉપર મુગ્ધ થયા હતા. તે અંગ્રેજી શિક્ષણ લેતી હતી. તેની સાથે તેમને ખૂબ દોસ્તી હતી. મનમાં ને મનમાં તે તેને ખૂબ ચાહતા હતા અને વિચારતા કે, એનીજ સાથે મારાં લગ્ન થાય તો કેટલું સરસ ? પરંતુ ભાગ્યનું ચક્ર પલટાઈ ગયું. તેમને એક સાદી સીધી પવિત્ર હૃદયની છોકરી સાથે પાનું પડ્યું. તે તેને ઘણુંજ સાલતું હતું. તે હવે પોતાના ભાગ્યને રડતા કે મેં સંમતિજ શા સારૂ આપી ? માતાની પ્રસન્નતા ખાતર મારી જીંદગી બરબાદ થઇ ગઇ !

એક દિવસ સુશીલા તેને મળવા આવી. સાવિત્રીને સુશીલાનું આવવું ઠીક લાગ્યું નહિ. તે તો તાજુબજ થઇ ગઈ કે એક હિંદુ કુટુંબની કુંવારી છોકરી બીજા પુરુષને મળવા શા માટે આવે ? રામમોહન અને સુશીલા ઉપર ઓરડામાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. સાવિત્રીને કાર્યવશાત્ ત્યાં થઇને એક બીજા ઓરડામાં જવું પડ્યું. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતો સાંભળવાના કુતૂહલને રોકી શકી નહિ, અને ઉભી રહી. રામમોહન કહી રહ્યો હતોઃ "સુશીલા! મારી તો જીંદગી બરબાદ થઈ ગઈ. એવી મૂર્ખ અને જૂના વિચારોની સ્ત્રી મને મળી છે કે હું તેના વિચારો કેટલેયે બદલાવા ઇચ્છું છું પરંતુ તેના સમજવામાં કંઇજ આવતું નથી. મારૂં જીવન મને ભારરૂપ થઇ પડયું છે."

સુશીલા—"રામમોહન! એ તો તમારી ઉતાવળનું પરિણામ છે."

રામમોહન—"સુશીલા! હું માના આગ્રહને દૂર કરી શક્યો નહિ, માના રાજીપાને ખાતર મારે મારી ઇચ્છાનું બલિદાન દેવું પડયું. સુશીલા! હું તને કેટલો ચાહતો હતો! તું મારા પ્રેમને યોગ્ય હતી; પરંતુ મારા નસીબમાં તો એ લખાયલી હતી; મારી જીંદગી બરબાદ થઇ રહી છે!"

સરલહૃદયા સાવિત્રી આથી આગળ સાંભળી શકી નહિ, તે રડતી રડતી ચાલી ગઇ. પોતાના ઓરડામાં જઇને તે ખૂબ રડી. તેને પતિદેવનો એટલો બધો ખ્યાલ નહોતો કે પોતાને લીધે તેમની જીંદગી બરબાદ થઈ છે. તે તો પતિ ઉપર આટલો બધો પ્રેમ કરે છે, પણ પતિ તેના ઉપર આટલા બધા નારાજ છે. તે ધ્રૂસકે ધ્રુસકે રડી.

સાંજે પતિદેવ જ્યારે ભોજન કરવા આવ્યા ત્યારે તેણે હાથ જોડીને કહ્યું:—"જ્યારે આપને મારે લીધે આટલી બધી તકલીફ છે, આપનું જીવન ભારરૂપ લાગે છે, ત્યારે આપ મને મારા ફુવાને ત્યાંજ મોકલી આપો કે જેથી આપના આત્માને સુખ થાય."

રામમોહન સમજી ગયો કે, બધી વાતો એણે સાંભળી લીધી છે. તેને ખૂબ ક્રોધ વ્યાપ્યો. તેણે કહ્યુંઃ "તારામાં એ પણ આદત છે કે તું છુપાઇને બીજાઓની વાતો સાંભળે છે? તારે જવાનું મન હોય તો હમણાંજ ચાલી જા. હું તને નથી રોકતો."

બીજે દિવસે સાવિત્રીને ફુવાને ઘેર મોકલી દેવામાં આવી.

(૪)

સાવિત્રી ફોઇને ત્યાં આવીને પણ સુખી થઇ શકી નહિ. તેનાં ફોઇ ને ફુવાએ જ્યારે આ વાતો સાંભળી ત્યારે તેઓ ઘણાં નારાજ થઇને કહેવા લાગ્યાં કે "આ છોકરો ચાર ચોપડી ભણ્યો છે, તે પોતાની બરાબર કોઇને માનતોજ નથી. અમારી દીકરી આટલી ભણેલી ગણેલી અને સુશીલ છે, તેની તેણે કદર પણ ના કરી." તેમણે પણ પ્રતિજ્ઞા કરી કે, જ્યાં સુધી તે પોતેજ નહિ બોલાવે ત્યાં સુધી સાવિત્રીને નહિ મોકલીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવિત્રી ખૂબ દુઃખી રહેતી હતી. ભલેને ગમે તે હોય, પતિ-નિંદા સાંભળવામાં તે પાપ માનતી હતી. તે વિચારવા લાગી-"હાય! મેં ભારે ભૂલ કરી. હું અંગ્રેજી ભણી લઇને તેમના મનને સુખ આપનાર કેમ ન થઈ શકી? મારૂં નારીજીવન વ્યર્થ છે. મારી જીવનનૌકાને જે પાર કરનાર છે, તેમને હું કેમ ગુમાવી બેઠી?"

તે ખૂબ વ્રત-ઉપવાસ કરતી, હરવખતે ભગવાનને એજ પ્રાર્થના કરતી કે "પ્રભો! મને સ્વામી ક્યારે મળશે? હું તેમના પ્રેમને ક્યારે મેળવીશ?" તેનું ખાનપાન છૂટી જતું હતું, દિવસે દિવસે તે સુકાતી જતી હતી. તે વિચારતી કે, હું શા માટે ચાલી આવી, હવે મને તેઓ શા માટે બોલાવશે? અને આ લોકો પણ કેમ મોકલશે? તેના હૃદયમાં થોડી થોડી વારે શૂળ પણ થતું હતું. પતિવિયોગમાં તે માછલી-ની પેઠે તરફડતી હતી.

કોઇએ કહ્યું કે, કલ્યાણીદેવીની પૂજા કરવાથી મનોકામના પૂરી થાય છે. તે દરેક સોમવારે વ્રત કરતી ને દેવીના મંદિરમાં જઇને માનાં ચરણોમાં રડી રડીને પોતાનું દુઃખ સંભળાવતી કે "મા! મેં શો અપરાધ કર્યો છે? મા! તમારીજ દયાથી મને તેઓ મળી શકે તેમ છે. શું તમે આ ગરીબનું દુઃખ નહિ સાંભળો?"

દયામયી માતા કલ્યાણી, સાવિત્રીનું દુઃખ જોઇને દ્રવિત થઈ ગયાં. તેમની પ્રેરણાથી રામમોહનનું મન બદલાયું-તેને હવે સાવિત્રીની ગેરહાજરી ખટકવા લાગી અને તે તરફડવા લાગ્યો. તેને હવે તેની કદર સમજાઈ, અભાવમાંજ વસ્તુની કદર થાય છે. હવે તેને ખૂબ તકલીફ પડવા લાગી, બધી બાજુએ ઘર સૂનું સૂનું દેખાવા લાગ્યું. સાવિત્રીએ ચારજ મહિનામાં ગૃહકાર્ય સંભાળી લીધું હતું, તેની ગેર-હાજરીથી હવે બધી ચીજો ખરાબ થવા લાગી. જોનાર-તપાસનાર કોણ હોય? રામમોહનને સાવિત્રી વિના કંઈ ચેન પડતું નહિ. તે વિચારતો-"સાવિત્રી મારા ઉપર કેટલો પ્રેમ રાખતી હતી, તે મારી કેટલી સેવા કરતી હતી? મેં તેના પ્રેમનો આજ બદલો આપ્યો. મેં તેના ઉપર કદી પ્રેમ ન કર્યો. ધાર્યું કે, તે અંગ્રેજી ભણી નથી, ધર્મકર્મનો ખ્યાલ રાખ્યા કરે છે. પરંતુ તે કેટલી વિનયી હતી? તે મને-અધમને કેટલા બધા ભાવથી ચાહતી હતી? પણ હવે હું તેને કેમ કરીને બોલાવું?" આબરૂને ખાતર હવે તે તેને બોલાવી પણ શકતો નહિ. મા કહેતી: "બેટા! બોલાવી લે." તે ચૂપ થઇ જતો. તેણે સાંભળ્યું હતું કે, સાવિત્રીના ફુવા નારાજ થયેલા છે. હવે તે વિચારતો કે, કયે મોંએ માણસ તેડવા મોકલું? તે મનોમન કહેતો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં સૂર્યચંદ્રની સાક્ષીએ સાવિત્રી સાથે લગ્ન કર્યાં. તેજ સાવિત્રીને હું મારી ન કરી શક્યો. સાવિત્રિ! તું તારા મનમાં શું ધારતી હશે? તારા દિલને મેં કેટલું દુભવ્યું? શું તું મને ક્ષમા કરશે? આ રીતે તેના રાત્રિદિવસ સાવિત્રીના સ્મરણમાંજ વીતતા હતા.

(૫)

આઠમને દિવસે કલ્યાણીદેવીના મંદિરમાં ખૂબ ભીડ થાય છે. અસંખ્ય નરનારીઓ મહામાયાનાં દર્શન કરવા આવે છે. ભારે આશ્ચર્યની વાત છે કે, રામમોહન પણ માતાના મંદિરમાં આવ્યો છે. તે તો મૂર્તિપૂજાનો વિરોધી છે, દેવીદેવતાને નથી માનતો, તો પછી કેમ આવ્યો હશે? રામમોહન એમ વિચારીને આવ્યો હતો કે સાવિત્રી જરૂર દર્શન કરવા આવશે; કેમકે તેને મૂર્તિપૂજામાં ખૂબ વિશ્વાસ છે. એક વાર તેને જોઇશ કે તે પણ મને યાદ કરે છે કે નહિ. હાય! તે બિચારીની શી દશા હશે? તે સ્ત્રીઓના તરફ આંખો ફાડી ફાડીને જોતો હતો. પરંતુ તેને સાવિત્રી દેખાઈ નહિ. તેને ભારે આશ્ચર્ય થયું કે, સાવિત્રી કેમ નહિ આવી હોય? તે ક્યાંક બિમાર તો નહિ પડી ગઈ હોય? તેનું ઘર આટલું પાસે છે છતાં તે કેમ ન આવી? ભીડ વેરાઈ ગઈ, તે ઉદાસ થઇને જવાની તૈયારીમાં હતો તેવામાં ત્યાં એક ઘણીજ દુઃખી અને વ્યગ્ર હૃદયવાળી સ્ત્રી આવી. તેણે વિધિપૂર્વક માતાની પૂજા કરી, ખૂબ મન લગાવીને તેણે દેવીને શણગાર ધર્યા. પૂજા કરી રહ્યા પછી તે સ્તુતિ કરવા લાગી અને રડી રડીને પોતાની દુઃખગાથા કહેવા લાગી. તે રડતી રડતી કહેતી હતી—"દેવિ! શું મારા સ્વામી મને નહિ મળે? હું છ મહિનાથી દરેક સોમવારે તમારાં ચરણોમાં મારાં દુખડાં રડું છું. શું તમે મારું દુઃખ નહિ સાંભળો? એક વાર દયા કરીને મને તેમનાં ચરણોમાં સ્થાન અપાવો, માતા! હવે તેઓ જેમ કહેશે તેમ કરીશ. ભલેને તેઓ અંગ્રેજી ભણાવે કે ફારસી, હું બધુંયે કરીશ; અને જો તેઓ મને ધર્મથી વિમુખ કરશે તોપણ શું છે? હું તેમને માટે સર્વ કંઇ કરીશ. તેમને સુખી કરવા એ તો મારો પરમ ધર્મ છે! મને તેમના વિના કંઇ પણ ચેન પડતું નથી. માતા! તું સ્ત્રીજાતિના દુઃખને સમજે છે. શું તું દયા નહિ કરે? મા! તેઓ મને પોતાનાં ચરણોમાં સ્થાન આપે અને કહે તો હું મારો જીવ પણ કાઢી આપું! માતા! એક શહેરમાં રહેવા છતાં પણ અમે વિયોગી છીએ. હવે હું તેમના દર્શન વિના રહી શકતી નથી. મા! શું એક વાર પણ તું તારી દુઃખી દીકરીનો કરુણ પોકાર નહિ સાંભળે?' સાવિત્રી આ વાતો મોટેથી કહેતી હતી અને મોટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજે રડી રહી હતી.

માતાએ તો પોકાર સાંભળ્યોજ હતો. માતાની પ્રેરણાથી તો રામમોહન ત્યાં આવ્યો હતો. એકાએક રામમોહન આવીને દેવીનાં ચરણોમાં પડયો અને બોલ્યો—"માતા ! આની કંઈ કસૂર નથી. બધો અપરાધ મારો છે, મેં તેના દિલને દુભવ્યું છે. હું તેના પવિત્ર પ્રેમને ન ઓળખી શકયો, હું ફેશનમાં આંધળો બન્યો હતો, એણે મારી આંખો ઉઘાડી દીધી છે. મા ! હું મૂર્તિપૂજાને પણ ખરાબ માનતો હતો, આજે મને માલૂમ પડયું કે આપેજ સાવિત્રીનો પોકાર સાંભળી મને-અધમને આપનાં ચરણોમાં બોલાવ્યો. મા ! મેં સાવિત્રીને ખૂબ દુ:ખ દીધાં છે. હવે તેને કોઈ દુ:ખ નહિ હોય. માતા ! મારો અપરાધ ક્ષમા કરો, પ્રેમની મહત્તાને હું હવે સમજ્યો છું."

સાવિત્રી આ સાંભળતાં સાંભળતાં તો મૂર્છિત થઇ ગઈ, રામમોહને તેને ઉઠાડીને કહ્યું:—'દેવિ ! ઉઠો, ક્ષમા કરો, હવે તમારાં દુ:ખોનો અંત આવ્યો છે ! !'

("કલ્યાણ" ના એક અંકમાંથી અનુવાદક:-ત્રં. મા. શુકલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬–બાવા વ્યર્થાનંદજીનો વિચિત્ર મંત્રોપદેશ

(લેખકઃ-શ્રી. હરિશંકર શર્મા)

ઘૂમતો ઘૂમતો હું ઋષિકેશનાં જંગલોમાં જઇ પહોંચ્યો. જાઉં છું તો એક એકાન્ત ટેકરી ઉપર બાવાજી સમાધિ લગાવીને બેઠા છે. તેઓ પોતાના ધ્યાનમાં મગ્ન છે, તેમને કંઇ પણ ખબર નથી કે સંસારમાં શું ચાલી રહ્યું છે અને સંસારમાં તેઓ છેય કે નહિ! હું બાવાજીની પાસે અર્ધો કલાક બેસી રહ્યો. એટલામાં કોણ જાણે ક્યારનીયે લાગેલી સમાધિનો ભંગ થયો. બાવાજીએ મારા તરફ ખૂબ દયાદૃષ્ટિએ જોયું, મેં ચરણસ્પર્શ કરી તેમને પ્રણામ કર્યા. તેઓ બોલ્યાઃ—

"બેટા! તું કોણ છે?"

"મહારાજ હું પણ એક સંસારી જીવ છું."

"અહીં કેમ આવ્યો છે?"

"આપનાં દર્શનાર્થે, લૌકિક તાપથી તપેલા આત્માની શાંતિને માટે."

"ના, હમણાં તમે આ ઝગડામાં ના પડો, સંસારનું કામ કરો."

"મહારાજ! મારો આત્મા ખૂબ અશાંત રહે છે, કેટલીક એવી શંકાઓ છે કે જેનું નિવારણ થતું નથી!"

"ઠીક, બેસો, હું હમણાંજ પાણી પીને તમારી શંકાઓનું સમાધાન કરૂં છું."

થોડીક વાર પછી બાવા વ્યર્થાનંદજીએ પાણી પી મને કહ્યુંઃ– "બોલો બેટા! તમારે શી શી શંકાઓ છે? એકે એકે કહેતા જાઓ."

મેંઃ—મહારાજ! 'પરોપકાર' એટલે શું?

બાવાજી—ખૂબ આરામથી રહેવું અને પાખંડપૂર્વક સ્વાર્થસાધના કરવી તે.

મેં—'મુક્તિ' કેમ કરીને પ્રાપ્ત થાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવાજી—ખૂબ ધન કમાવાથી.

મેં—સ્વર્ગ ક્યાં છે ?

બાવાજી—'સિવિલ લાઈન્સ'માં અને યુરોપિયનોના બંગલાઓમાં.

મેં—'નરક' ક્યાં છે ?

બાવાજી—હિંદુઓનાં ઘરોમાં.

મેં—"ધર્મ" શું છે ?

બાવાજી—સંસારની સૌથી સસ્તી અને નિરર્થક ચીજ.

મેં—"ધર્મ" ક્યારે પાળવો જોઇએ ?

બાવાજી—મૃત્યુસમયે, જીવનસમાપ્તિને બરાબર દસ મિનિટ બાકી રહે ત્યારે.

મેં—ઋષિમુનિ કોણ છે ?

બાવાજી—જેમણે પોણોસો ટકા માર્ક્સ મેળવીને કાયદાની અને ડૉક્ટરી પરીક્ષાઓ પસાર કરી હોય તેઓ.

મેં—સૌથી વધારે સત્યવાદી કોણ છે ?

બાવાજી—કવિ, સંપાદક અને વકીલ-બેરિસ્ટર.

મેં—મનુષ્યજીવનનો ઉદ્દેશ્ય શું છે ?

બાવાજી—નિર્બળોને સતાવવા અને બળવાનોથી દબાઇ જવું.

મેં—શ્રાદ્ધ કોનું કરવું જોઇએ ?

બાવાજી—ગૌરાંગ મહાપ્રભુઓનું.

મેં—મરીને જીવ ક્યાં જાય છે ?

બાવાજી—ધનના ઢગલામાં અને મોહના મંદિરમાં.

મેં—'પાપ' શાને કહે છે ?

બાવાજી—બંધુભાવથી વિરુદ્ધ વર્તનને.

મેં—બુદ્ધિમાન કોણ છે ?

બાવાજી—જે ધૂર્તતાથી પોતાનું કામ કાઢી શકે તે.

મેં—મૂર્ખ કોને કહેવો ?

બાવાજી—જે સરળ હોય, સજ્જન હોય અને પોતાના હૃદયના ભાવો બધાની આગળ સહેલાઇથી પ્રગટ કરી દે તેને.

મેં—શુદ્ધિ ક્યાં છે ?

બાવાજી—વ્હિસ્કી અને હોટેલોના ઓરડાઓમાં.

મેં—આચારવિચાર કોને કહે છે ?

બાવાજી—કૂદીને ચોકામાં જવાને અને ધોઇને લાકડાં સળગાવવાને.

મેં—જીવનની સફળતા શામાં છે ?

બાવાજી—ઢોંગ કરવામાં અને ઝગડા મચાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં—બહાદૂર કોણ છે ?

બાવાજી—જે અવસર આવતાં જાન બચાવીને નાસી જાય તે.

મેં—પ્રતાપી રાજા કોણ છે ?

બાવાજી—જે ગરીબ પ્રજાને હમેશાં પરાધીન રાખ્યા કરે તે.

મેં—નેતા કોને કહે છે ?

બાવાજી—જે હમેશાં પોતાનાજ વ્યક્તિત્વનું ધ્યાન રાખે છે, પોતાનીજ વાત ઉપર ચાલ્યા કરે છે, અને લોકમતનું જરા પણ ધ્યાન નથી રાખતા તેમને.

મેં—સ્વરાજ્ય ક્યારે મળશે ?

બાવાજી—જ્યારે ભારતવર્ષમાં એક પણ હિન્દી નહિ રહે અને સર્વત્ર અંગ્રેજોજ પથરાઇ જશે ત્યારે.

મેં—વિશુદ્ધ સાહિત્ય-સંગીત ક્યાં મળી આવશે ?

બાવાજી—આર્ય સમાજમાં.

મેં—આધ્યાત્મિક જ્ઞાનનું સર્વોત્તમ પુસ્તક કયું છે ?

બાવાજી—રાધેશ્યામનું રામાયણ અને ભાંગી ભજનીકનું ભજનતમંચો.

મેં—સૌથી વધારે સ્વાર્થત્યાગી કોણ છે ?

બાવાજી—નોકરીથી પણ વધારે નિર્વાહખર્ચના પૈસા લેનારા ઑનરરી-માનવંત લોકો.

મેં—વેદોને ઉચિત માન ક્યાં આપવામાં આવે છે ?

બાવાજી—"વૈદિક યંત્રાલય' અજમેરનાં ગોદામ અને આર્ય-સમાજોનાં કબાટોમાં.

મેં—આ સમયમાં વેદોની વાસ્તવિક રક્ષા કરનારા કોણ છે ?

બાવાજી—મુસલમાન બુકબાઇન્ડરો.

મેં—વેદોનો પ્રચાર શી રીતે થઈ શકે ?

બાવાજી—આર્ય વર્તમાનપત્રોમાં વિજ્ઞાપનો-જાહેરાતો છપાવવાથી અથવા બુકસેલરોની દુકાનો દ્વારા.

મેં—ચૂટણી સમયે 'વોટ' (મત) કોને આપવો જોઇએ ?

બાવાજી—જે ખૂબ ખુશામત કરે અને નોટોનું બંડલ ખિસ્સામાં સરકાવી દે તેને.

મેં—મિનિસ્ટર-પ્રધાનનો સૌથી ભારે ગુણ કયો છે ?

બાવાજી—સરકારની ખુશામત અને સ્વમાનનો અભાવ.

મેં—ગુણ-કર્મ-સ્વભાવથી લગ્ન કોણે કરવું જોઇએ ?

બાવાજી—જેને પોતાના જન્મના વર્ણથી ઉચ્ચ વર્ણની કન્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી શકે તેણે.

મેં—દાનનો યોગ્ય અધિકારી કોણ છે?

બાવાજી—જે વધારેમાં વધારે દાતાની પ્રશંસા અને પ્રસિદ્ધિ કરી શકે તે.

મેં—આર્યસમાજીઓમાં પરસ્પર ઝગડા કેમ થયા કરે છે?

બાવાજી—સંસારને 'શાંતિધામ' બનાવવા માટે.

મેં—'**कृण्वन्तो विश्वमार्यम्**' નો શો અર્થ છે?

બાવાજી—કહેવું ખૂબ પણ કરવું કંઇજ નહિ!!!

મેં—ઘાસલેટી સાહિત્ય એ શું છે?

બાવાજી—નવયુવકોના ઉદ્ધારની અમોઘ ઔષધિ.

મેં—તેનું સેવન કેવી રીતે કરી શકાય?

બાવાજી—'ચૉકલેટી' ચટણી સાથે.

મેં—"લોકોની અધિકારલોલુપતા કેમ કરીને દૂર થાય?"

બાવાજી—"જલસાઓમાં સભાપતિની ખુરશી ઉપર બેસવાથી અને વર્તમાનપત્રોમાં પ્રશંસા છપાવાથી."

મેં—ઇશ્વરથી પણ વધારે મોટી ચીજ દુનિયામાં કઇ છે?

બાવાજી—ભજકલદારં! ભજકલદારં! ભજકલદારં!!!

મેં—સાચી કર્મવીરતા ક્યાં છે?

બાવાજી—જેમાં જરા પણ નુકસાન ન હોય તેમાં.

મેં—વર્તમાનપત્રોનો મુખ્ય ઉદ્દેશ શું હોવો જોઇએ?

બાવાજી—ગ્રાહકસંખ્યા વધારવી તે.

મેં—સંસ્થા કોને કહે છે?

બાવાજી—પૂંજી વિનાની દુકાનને.

મેં—યશસ્વી ચિકિત્સકનાં શાં શાં લક્ષણ છે?

બાવાજી—જેણે પોતાના જીવનમાં ઓછામાં ઓછાં સો દર્દીઓને યમરાજને ત્યાં પહોંચાડયાં હોય.

મેં—સિદ્ધહસ્ત સંપાદક કોને કહેવો જોઇએ?

બાવાજી—જેને લેખોની ચોરી કરવામાં જરા પણ શરમ લાગે નહિ તેને.

મેં—મ્યુનિસિપલ બૉર્ડ એ શું છે?

બાવાજી—નકામા મેંબરો—સભાસદોની 'પાંજરાપોળ.'

મેં—ડિસ્ટ્રિક્ટ બૉર્ડ એ શું છે?

બાવાજી—જમીનદારોની પંચાયત.

મેં—અને મહારાજ! 'કૌન્સિલ'?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવાજી—વકીલ બેરિસ્ટરોની 'ડિબેટીંગ ક્લબ' (ચર્ચાપરિષદ)!

મેં—કોઈ પુણ્યકર્મ કરવાનો સૌથી વધારે સારો અવસર કયો ?

બાવાજી—દિવાની અને ફોજદારી બન્ને કચેરીઓના ફેંસલા થાય છે તે.

મેં—આગેવાન નેતાઓનું કાર્યક્ષેત્ર કયાંસુધી હોય છે ?

બાવાજી—જ્યાં જ્યાં મોટરનાં પૈડાં સહેલાઇથી જઈ શકે અને સારાં ફળ ખાવાનાં મળી શકે ત્યાંસુધી.

મેં—હિંદીપ્રચાર કેવી રીતે થશે ?

બાવાજી—અંગ્રેજી વાંચવા-લખવાથી અને બોલવાથી.

મેં—જીવતદાન કોને આપવું જોઇએ ?

બાવાજી—"જે સંસારમાં કોઈ પણ કામનું ન હોય તેને."

મેં—છાયાવાદની સર્વોત્તમ કવિતા કઈ છે ?

બાવાજી—જે લખનાર કવિની પોતાની સમજણમાંજ ન ઉતરે તે.

મેં—ભારતવાસીઓને માટે સૌથી વધારે સારાં અસ્ત્રશસ્ત્ર કયાં છે ?

બાવાજીશેઠ—શેઠ-શાહુકારોને માટે 'પિયાનો' અને 'હારમોનિયમ' તથા ભણેલાગણેલાઓ માટે ઠરાવોની 'પિસ્તોલ' અને 'રિવૉલ્વર.'

મેં— 'મહારાજ! આજે આપે મારા સંશયોની નિવૃત્તિ કરી દીધી; હવે મારા આત્માને પરમ શાંતિ થઈ છે. મારા હૃદયની ઉદ્વિગ્નતા દૂર થઇ ગઈ. આપ મને જે આદેશ આપશો, તેજ પ્રમાણે હવે હું કરીશ. ધન્ય, ગુરુવર ધન્ય ! આજે આપનાં દર્શન કરીને મારાં નેત્રો અને ઉપદેશ સાંભળીને આ કાન પવિત્ર થયા. હું આપનાં ચરણ-કમળની પૂજા કરીને મારી જાતને ધન્યભાગી માનું છું."

આ સાંભળીને બાવા વ્યર્થાનંદજી બોલ્યા—"જાઓ, બેટા! હવે તમારા ઘરબારની સંભાળ લો અને મારા બતાવેલા વિધાન દ્વારા લોક-પરલોકને પ્રાપ્ત કરો. બસ, તું આ જીવનમાંજ મુક્ત થઇ જઈશ અને સદેહે સીધો સ્વર્ગમાં ચાલ્યો જઇશ. મેં તને ક્રિયાજ એવી બતાવી દીધી છે. ઠીક, હવે જાઓ, હું સમાધિ ચઢાવું છું."

(ઑગસ્ટ-૧૯૨૯ના 'વિશાલ ભારત'માંથી અનુવાદકઃ-ત્રં. મા. શુક્લ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭-સાચી સેવા

(કાઉન્ટ ટૉલ્સ્ટૉયની વાર્તા પરથી હિંદીમાં લેખકઃ-
શ્રી. ગુપ્તેશ્વર પ્રસાદ શ્રીવાસ્તવ)

કોઈ એક સમયે જેરૂસલેમમાં બે ભાઇઓ રહેતા હતા. મોટાનું નામ ડેવિડ અને નાનાનું નામ જોન હતું. તેઓ બન્ને શહેરની બહાર એક પહાડ ઉપર રહેતા હતા. લોકો જે કંઈ આપતા તેમાંથી તેઓ પોતાનો ગુજારો કરી લેતા હતા. રોજ સવારે તેઓ બહાર નીકળતા અને આખો દિવસ ગરીબોની સેવામાં ગાળતા હતા. જ્યાં કોઈ થાકયું પાકયું, માંદું, બિમાર, નિરાશ્રિત, વિધવા યા અનાથ બાળક જોવામાં આવતું, તેઓની સેવામાં એ બન્ને ભાઇઓ જોડાઇ જતા. સપ્તાહના છ દિવસ તેઓ આ રીતે ગુજારતા. આ પ્રમાણે તેઓ પર્વત ઉપરથી નીચે આવી હમેશાં શહેરના જુદા જુદા ભાગોમાં જઇને પોતાનું સેવાકાર્ય કરતા હતા. તેઓ બન્ને માત્ર રવિવારની સાંજેજ પોતાના ઘરમાં ભેગા થતા હતા. અને તે દિવસે દેવદૂત આવી તેમને આશીર્વાદ આપતો હતો. સોમવારથી તેઓ ફરી પાછા પોતાના નિત્યકાર્યમાં જોડાઈ જતા અને જે તરફ મરજી થાય તે તરફ ઉપડી જતા. આ પ્રકારે ઘણા દિવસ વીતી ગયા. દેવદૂત પણ દર અઠવાડિયે આવીને તેમને આશીર્વાદ આપતો રહ્યો.

એક દિવસ સોમવારે બન્ને ભાઇઓ ઘરબહાર નીકળ્યા. બન્ને પોતપોતાને રસ્તે પડયા. પરંતુ તે દિવસે જોનને મૂકીને જતાં ડેવિડને ખૂબ દુઃખ થયું. તે કેટલાક સમય સુધી તો ચૂપચાપ ઉભો રહીને તેના તરફ જોતોજ રહ્યો. જોન તો માથું નીચું રાખી ચાલ્યો જતો હતો. તેણે પાછું ફરીને એક વાર પણ જોયું નહિ. પરંતુ થોડે દૂર જઇને તે એકાએક ચમકી ગયો. તેને લાગ્યું કે, જાણે કોઇ ચીજ તરફ તે તાકીને જોઈ રહ્યો છે. થોડી વાર પછી તે તે વસ્તુની પાસે ગયો. પણ તેની પાસેથી તે એવો ડરીને ભાગ્યો કે જાણે કોઈ જંગલી જનાવર તેની પાછળ પડયું ના હોય! આ જોઇને ડેવિડ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભોજ બની ગયો. જોનના ભયભીત થવાનું કારણ જાણવા માટે તે તે જગ્યાએ ગયો. પાસે જઇને જોયું તો ઘાસ ઉપર સોનાનો એક બહુ મોટો ઢગલો પડેલો છે. સોનું જોઇને જોન આ રીતે ભાગી આવ્યો છે, એ જાણીને તેને ભારે આશ્ચર્ય થયું.

ડેવિડ વિચારવા લાગ્યો કે જોન સોનાથી આટલો બધો કેમ ડરી ગયો ? સોનામાં તો કોઈ પાપ નથી. પાપ તો મનુષ્યના હૃદયમાં છે. સોનાથી જેમ ખરાબ કાર્યો કરી શકાય છે તેજ પ્રમાણે સત્કાર્યો પણ કરી શકાય છે. કેટલીયે નિરાધાર વિધવાઓ, કેટલાંયે અનાથ બાળકોને ભોજન કરાવી શકાય છે. કેટલાંયે વસ્ત્ર વિનાનાંને વસ્ત્ર આપી શકાય તેમ છે. દરિદ્રોને ધન અને રોગીઓને દવા દારૂ આપી શકાય. અમે બીજાઓની સેવામાં જોડાયલા તો રહીએ છીએ, પણ અમારી શક્તિ કેટલી છે ? અત્યારે જે સેવા અમે કરીએ છીએ, તેનાથી કેટલીયે વધુ સેવા અમે આ સોનાના ઢગલા દ્વારા કરી શકીશું.

આ વાતો ડેવિડે જોનને કહેવા ઇચ્છ્યું, પણ તે તો ઘણો દૂર નીકળી ગયો હતો. તેથી જેટલું સોનું ઉપાડી શકાય તેટલું એક કપડામાં બાંધીને તે શહેરમાં લઈ ગયો. એક હોટેલવાળાને ત્યાં તે મૂકીને વધેલું સોનું લેવાને પાછો ફર્યો. બધું સોનું લઈ જઇને તેણે તેના વડે જમીન ખરીદી અને મજૂરો રોકીને ત્રણ મકાન બંધાવ્યાં. એક મકાનમાં વિધવાઓ અને અનાથ બાળકોનો આશ્રમ થયો, બીજામાં ગરીબ રોગીઓનું દવાખાનું થયું અને ત્રીજું ગરીબ મુસાફરો માટે અતિથિગૃહ થયું. અને ત્રણ સાધુ પુરુષોને આ ત્રણેની વ્યવસ્થા સોંપવામાં આવી.

ત્યાર પછી પણ ડેવિડ પાસે ત્રણ હજાર અશરફિયો (સોના મહોરો) વધી. તેણે તે બધી અશરફીઓ ત્રણે સાધુઓને ગરીબોને વહેંચવા માટે આપી દીધી. એ ત્રણે મકાનો યોગ્ય પાત્રોથી ભરાઈ ગયાં. આ સત્કાર્ય માટે બધા લોકો ડેવિડની પ્રશંસા કરવા લાગ્યા. તેના હૃદયમાં આનંદની લહેરો આવવા લાગી. હવે તેને શહેરની બહાર જવાની ઇચ્છા નહોતી થતી. તેણે પોતાને માટે એક પાઈ પણ રાખી નહોતી. જે કપડાં પહેરીને તે શહેરમાં આવ્યો હતો, તેજ કપડાં પહેરીને તે ઘેર ગયો. ચાલતાં ચાલતાં રસ્તામાં તે વિચારવા લાગ્યો કે "શું જોને સોનું જોઇને આમ ભાગી જવું જોઇતું હતું ? એ એની ભૂલ હતી ! શું મેં આ સોનાથી સત્કાર્ય નથી કર્યું ?" આમ વિચારતાંજ તેણે જોયું તો રસ્તામાં એક દેવદૂત ઉભો છે અને તેની સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલ આંખો કરીને જોઇ રહ્યો છે.

ડેવિડ બહુ ભયભીત થયો ને તું બોલ્યોઃ–"હે પ્રભો ! આમ કેમ ?"

દેવદૂત—"દૂર થા અહીંથી. તું તારા ભાઇ સાથે રહેવા યોગ્ય નથી. સોનું લઇને તેં જે કંઈ કર્યું છે, તેનાથી કેટલીયે વધારે કિંમતી સેવા તો સોનાનો ત્યાગ કરીને જવામાં રહેલી છે."

ડેવિડઃ—"એ સોનાથી તો કેટલાંયે ગરીબ અને અનાથ માણસો નિવાસસ્થાન અને ભોજન મેળવી રહ્યાં છે ! કેટલાંયે અનાથ બાળકો અને વિધવાઓનું પાલન પોષણ થઇ રહ્યું છે."

વાત અટકાવીને દેવદૂતે કહ્યું—"તને પથભ્રષ્ટ કરવાને માટે જે રાક્ષસે એ સોનું રાખ્યું હતું તેજ રાક્ષસ તારા મુખેથી આ લાંબી લાંબી વાતો કહેવરાવી રહ્યો છે."

હવે ડેવિડની વિવેકબુદ્ધિ તેનો તિરસ્કાર–ભયંકર તિરસ્કાર–કરવા લાગી. તેના અંતરમાં પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. ત બાળકની પેઠે રડવા લાગ્યો.

દેવદૂત તેની પાસેથી અંતર્ધાન થઇ ગયો. જોન તેજ રસ્તામાં પોતાના ભાઇની વાટ જોઈ રહ્યો હતો.

ડેવિડ હવે કદી કોઈ ખરાબ ભાવનાને પોતાના હૃદયમાં સ્થાન આપતો નહોતો. હવે તે પૂર્ણરૂપે સમજી ગયો હતો કે **સોના વડે ભગવાનની પૂજા અથવા મનુષ્યોની સેવા થઈ શકતી નથી; પણ માત્ર સત્કર્મદ્વારાજ એ સેવા થઈ શકે છે.**

(અનુવાદક. ત્રં. મા. શુકલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮–શાંતિનો માર્ગ

(૧)

આખી રાત પુત્રશોકમાં રોઈ રહ્યા પછીથી જ્યારે સુશીલાની આંખ મળી ગઇ હતી તે વખતે તેની જેઠાણી વિમલાએ આવી કહ્યું:–
"નાનીવહુ! એ નાનીવહુ! ઉઠો, બારણું ઉઘાડો. જુઓ, કેટલો દિવસ ચઢી ગયો છે!"

બારણું ઉઘાડતાંજ અત્યંત વિલાપ કરતી સુશીલાએ કહ્યું:–
"બહેન! મારા પુત્રને કોણ લઈ ગયું? હાય! મારૂં હૃદય ચીરાઈ જાય છે! અજિતને જોઇને હું મારૂં બધું દુઃખ ભૂલી ગઇ હતી." આમ કહેતાં કહેતાં સુશીલા ફરી પોતાના બિછાનાપર ઢળી પડી.

વિમળા તેના ઓશીકા તરફ બેસી માથું ખંજવાળતી બોલી:–
"હવે રોઇને શું કરીશ બહેન? શું એ દુશ્મન ફરી પાછો આવવાનો હતો? પોતાનો સ્વાર્થ સાધી ચાલ્યો ગયો. જો તે તમારો ખરો પુત્ર હોત તો આ પ્રમાણે છોડી કેમ જતો રહેત? ઉઠો, હાથ–મોં વગેરે ધોઈ કપડાં બદલી નાખો."

સુશીલા પોતાના રૂંધાએલા ગળાને સાફ કરતી બોલી:–"નહિ બહેન! આટલાં વહેલાં ઉઠી હું શું કરીશ? મારો સંસાર આજ સૂનો થઈ ગયો છે."

"વળી એકની એકજ વાત! અરે, એ તો જન્મનો શત્રુ હતો! એ દિવસ મિત્રતા દેખાડી ચાલ્યો ગયો. એ વાતને હવે મનમાં જરા પણ ન લાવો."

લોકોને સાંત્વન કેવી રીતે અપાય છે એ વાતનો વિમલાને બિલકુલ ખ્યાલ ન હતો; પરંતુ પોતાનો સ્વાર્થ સાધવા માટે લોકોને મોહમાં કેવી રીતે નાખવા એ તેને સારી રીતે આવડતું હતું. જો તેમાં પોતાની યુક્તિ સફળ ન થતી તો તે અગ્નિશર્મા પણ બની જતી. સુશીલા પોતાની જેઠાણીના આ સ્વભાવથી સારી રીતે પરિચિત હતી. આજ સવારમાં વિમલા તેને સાંત્વના આપવા આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એમાં જરૂર પોતાનો કંઇક સ્વાર્થ છુપાએલો છે–આ વાતને સમજતાં સુશીલાને જરા પણ વાર ન લાગી. વિમલાએ હાથ પકડી સુશીલાને ઉઠાડવાનો વિચાર કર્યો. પરંતુ સુશીલાએ કહ્યું:–" બ્હેન! મને આજે એકાદ કલાક વધુ સૂવા દો. અત્યારે તો મારે ઉભું થવું પણ મુશ્કેલ છે."

" વાર કરવાથી તો કામ બગડશે. બ્હેન! આજે તો આપણે ભવાનીપુર જવાનું છે. મારા ભાઇના પુત્રનો નામકરણસંસ્કાર કરવાનો છે."

" બ્હેન! તમે જાઓ. હું ઉઠયા પછીથી બધું કામકાજ કરીશ."

" ના બ્હેન! તમારે પણ આવવું પડશે. ભાભી ત્યાં એકલી છે. તેનું શરીર પણ સારૂં રહેતું નથી. હું એકલી જઇને શું કરી શકીશ? કંઇ પણ વિશેષ પરિશ્રમ કરવા છતાં પણ આજે એક દાણો પણ ખાવો મારા માટે મુશ્કેલ છે. તમે ત્યાં જઇને કંઇક કામ સંભાળી લેજો. કામમાં લાગી જવાથી બધું દુઃખ ભૂલી જશો. ત્યાં કેટલાએ પ્રકારના નાચ, ગાન, હાસ્યવિનોદ વગેરે થશે–આ બધું જોઇને તમારૂં મન હલકું થઇ જશે."

વિમળાએ ફરી હાથ પકડી તેને ખેંચી, પરંતુ સુશીલાએ નમ્ર સ્વરે કહ્યું:–" મને માફ કરો. હું નહિ આવી શકું."

" શું તમે ખરેખર નહિ આવો? શું કહો છો? હું એ લોકોને કહી ચૂકી છું કે નાની વહુ પણ આવશે અને તે એકલીજ બધું કામ સંભાળી લેશે. હવે શું કરવું?"

" બ્હેન! હું કોઇ પણ રીતે નહિ આવી શકું."

વિમળા ક્રોધથી બળી ઉઠી. વળી પોતાના અવાજને નમ્ર બનાવી બોલી:–" શું કોઇનો દીકરો નથી મર્યો, નાની વહુ? એ કારણથી કોણે પોતાનું કામ કરવું છોડી દીધું છે? હિતની વાત કહેતાં લોકો સમજતા પણ નથી."

સુશીલા શાંત થઇ ગઇ. આથી વિમલાનો ક્રોધ વિશેષ ભડકી ઉઠ્યો. તે પોતાને સંભાળવાને પણ અસમર્થ થઇ ગઇ. પછીથી તેણે કહ્યું:–" રાણીજી કામ કરવાનું કહેતાં તો બિછાના પર પડી રહેશે, પણ રોજ હાથીનો ખોરાક ક્યાંથી મળશે? અહીંઆં રહી તમારૂં ગુજરાન નહિ ચાલી શકે!" સુશીલા મોઢુ ઢાંકી ઉભી રહી. વિમલાના ક્રોધાગ્નિમાં એણે ઘૃતની આહુતિનું કામ કર્યું, અને તે વધુ ઉત્તેજિત થઇ બોલી:–" આ ઘરમાંથી તમારો દાણોપાણી ઉઠી ગયો લાગે છે." ઓરડામાંથી બહાર નીકળતી વખતે ઉંબરાની ઠોકર ખાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે પડી ગઇ. આથી તેના ડાબા ઘુંટણને ઈજા થઇ. વિમળા બૂમ પાડી ઊઠી:–"આ ડાકણે મને મારી નાખી."

(૨)

બૂમ સાંભળતાંજ વિમલાનો પતિ ભવાનંદ ત્યાં દોડી ગયો. જુએ છે તો વિમલા ઘુંટણ પકડી બૂમ પાડી રહી છે, અને સુશીલા બારણા પાસે ઉભી છે. સ્વામીને જોતાંજ વિમલાએ તેમને અટકાવી કહ્યું:–"આ ડાકણને ઘરમાંથી બહાર કાઢો, નહિતર તે બધાને ખાઇ જશે." આમ કહી સુશીલાની સાત પેઢીના પુરુષોનો તે ઉદ્ધાર કરવા લાગી. આ વખતે પડોશમાં રહેતા અરુણે આંગણામાં આવી પૂછ્યું–"ભાઈ ! શું થયું છે ?"

"જુઓને ! બિચારી ભવાનીપુર લઇ જવા નાની વહુને બોલાવવા આવી હતી, પણ તેણે ધક્કો મારી તેમને પાડી નાખ્યાં."

સુશીલા ઘા પર પાટો બાંધવાની વ્યવસ્થા કરી રહી હતી, પણ ભવાનંદની વાત સાંભળી કંપી ઉઠી.

અરુણે કહ્યું:–"નાની વહુ તો એવી નથી કે ભાભીને ધક્કો મારી પાડી નાખે–મને તો એમ જણાય છે કે, ભાભી જાતેજ પડી ગયાં છે." વળી વિમલા તરફ ફરી કહ્યું:–"ભાભી! નાની વહુને ભવાનીપુર જવાને કહેવું એ મોટી ભૂલ છે. કાલેજ તેનો પુત્ર મરણ પામ્યો છે અને આજે તે ન્યાતમાં જમવા જશે એ શું સંભવી શકે તેમ છે?"

વિમલા અત્યાર સુધી ફક્ત આ...ઉં...વગેરે શબ્દોજ ઉચ્ચારતી હતી. પરંતુ અરુણની આ વાત સાંભળી તે બોલી:–"જાઓ, તમારે આ બાબતમાં કંઇ પણ ન કહેવું. ન્યાય-અન્યાયનો ખ્યાલ તમારે નથી કરવાનો. તમે તો રાતદિવસ કાન ભંભેરી તેને આવી બનાવી દીધી છે; નહિ તો નાની વહુ કદી પણ મારૂં વચન ઉથાપતી નહિ. છોકરો મરણ પામ્યો છે એ ઠીક થયું છે–રસ્તાનો કાંટો દૂર થઇ ગયો. હવે નાની વહુને લઇ એક દિવસ વૃન્દાવન ચાલ્યા જાઓ. અહીંઆં રહીને તો આ ગોટાળો નહિ ચાલી શકે."

વિમલાએ એકજ શ્વાસમાં એટલું બધું ઝેર બહાર કાઢ્યું કે અરુણ ક્રોધથી લાલચોળ થઇ ગયો. પહેલાં તો કંઈ પણ બોલીજ ન શક્યો. સુશીલા પણ ઉઠી ઘરના ખૂણામાં છુપાઇ ગઈ. ભવાનંદ પણ ધીમે ધીમે બહાર જતો રહ્યો. થોડાક વખત પછીથી અરુણ સિંહની માફક ગર્જના કરી બોલી ઉઠ્યો—"એક સ્ત્રી થઇને પણ તમે સ્ત્રીની મર્યાદા નથી સમજતાં ! પુત્રશોકનું દુઃખ કેટલું હોય છે એ તમે જાણતાં નથી; પરંતુ સતી પર એવું કલંક લગાડતાં તમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીભના ટુકડે ટુકડા કેમ થઇ જતા નથી ?" એટલું કહી તે જલદીથી બહાર જતો રહ્યો.

(૩)

અભાગિણી સુશીલાની સાસરીમાં આ વખતે વિમલા અને તેના પતિ સિવાય બીજું કોઈ રહ્યું નથી. તેનું નાનપણ સુખમાં વીત્યું હતું. તે તેનાં માતાપિતાની એકની એક પુત્રી હતી. લગ્ન પછી જ્યારે તે સાસરે આવી ત્યારે ત્યાં પણ સર્વ વાતે સુખ હતું. સાસુ-સસરા અને સ્વામીના મોટા ભાઈ ઉપરાંત નોકરોની પણ કાંઇ ઉણપ ન હતી. પતિનો નિષ્કપટ પ્રેમ મેળવી સુશીલાનો સંસાર અમૃતમય બની ગયો હતો.

એક વરસ ભાગ્યેજ વીત્યું હશે એટલામાં સુશીલાનાં માબાપ મરણ પામ્યાં. સુશીલાએ સાસુના ખોળામાં મુખ છુપાવી કેટલાએ મહિના સુધી શોક કર્યા કર્યો. સાસુએ પ્રેમથી હસતાં કહ્યું—"એક મા મરી ગઈ પણ હું તો જીવતી છું ને ? તને શી બાબતનું દુઃખ છે ?"

સુશીલાના આ સુખને વિધાતા જોઈ શક્યો નહિ. માત્ર ૬ માસની અંદરજ તેનાં સાસુ–સાસરો મરણ પામ્યાં. સુશીલાને ચારે બાજુથી અંધકાર દેખાવા લાગ્યો. સુશીલાના પતિ શ્યામસુંદરે પ્રેમથી કહ્યું: "પ્રિયે ! સંસારનું કામ તો આ પ્રમાણેજ ચાલે છે. એ માટે વિચાર કરવો ફોગટ છે !"

ભવાનંદ બાબુ બહુ ભણ્યા ન હતા. ઘેરજ રહી હોમિયોપેથિક ચિકિત્સા કરતા હતા. આથી મહિનામાં પાંચ-સાત રૂપિયા મળતા. કુટુંબનો બધો ખર્ચ શ્યામદસુંર બાબુની કમાણીમાંથી ચાલતો. પિતાની માલમિલ્કત વેચીને સુશીલાએ થોડાક રૂપિયા પોતાની પાસે રાખ્યા હતા. આ પૈસા વડે પોતાના સ્વામીને ભીડની વખતે તે મદદ કરતી.

એક દિવસ શ્યામસુંદર બાબુ માંદા થઈ જવાથી ઑફિસથી પાછા ફર્યા. થોડી થોડી વારે તેમના મુખમાંથી લોહી પડવા માંડયું. ભાવી દુઃખની આશંકાથી સુશીલાનો પ્રાણ કંપી ઉઠયો. તેની પાસે જેટલા પૈસા હતા તે બધા તેણે પોતાના પતિની ચિકિત્સામાં વાપર્યા. ત્રણ મહિના સુધી મનુષ્ય અને યમરાજની લડાઇ ચાલતી રહી. આ દુઃખના વખતે શ્યામસુંદરના ગાઢ મિત્ર અરુણે રાતદિવસ જાગરણ કરી તેની સેવા કરી, પરંતુ અંતે યમરાજનોજ વિજય થયો. સુશીલા માગની ભિખારણ ન બની પરંતુ જે લોકોનો આશ્રય તેને લેવો પડયો તેનાથી એક ભિખારણ થવું એ હજાર દરજ્જે સારૂં હતું.

જ્યાં સુધી શ્યામસુંદરની કમાઇમાંથી ઘરનું ખર્ચ ચાલતું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં સુધી સુશીલા તરફ વિમલાનો વ્યવહાર સારો હતો; પરંતુ હવે તેનો આંતરિક ભાવ પ્રગટ થવા લાગ્યો. ઉઠતાં-બેસતાં, ખાતાં-પીતાં સુશીલા પર દુર્વચનોની ઝડીઓ વરસ્યા કરતી; પરંતુ સુશીલા એ બધું પોતાના પુત્રનું સુખ જોઇ ચૂપચાપ સહન કર્યા કરતી. કોઇ કોઇ વખતે તેને એમ થઈ આવતું કે આત્મહત્યા કરી બધા દુ:ખનો અંત આણવો, પરંતુ વળી વિચાર કરતી કે અજિત કોની પાસે રહેશે ?

આ પ્રમાણે સુશીલાના દિવસો વીતવા લાગ્યા. વચ્ચે વચ્ચે તેને પોતાની જાત પર ઘણો ક્રોધ ચઢતો હતો. કયું પાપ કરીને આ સંસારમાં જન્મ લીધો છે કે સોનાને અડવાથી પણ માટી થઇ જાય છે? તેને દુ:ખમાં આશ્વાસન આપનારો ફક્ત અરુણજ હતો; પરંતુ તે પણ પ્રાય: ઘરમાં રહેતો નહિ. દુકાળથી પીડાતા માણસોની સહાયતા અને અનાથ વિધવાઓની રક્ષામાંજ તેનો બધો વખત ચાલ્યો જતો.

(૪)

મહા મહિનો હતો. ત્રીજા પહોરથી સખત વરસાદ પડી રહ્યો હતો. સુશીલા ઘરના કામકાજમાં પડી હતી. અજિત વારંવાર દોડતો દોડતો તેની પાસે આવતો. વિમલાએ તેને ધમકાવી કહ્યું-"અભાગિયા ! ચૂપચાપ સામે બેસતો પણ નથી ! પાણીમાં ભીંજાવા કેમ ફરે છે ? "

અજિતનું પહેરણું પલળી ગયું હતું. સુશીલાએ તેને ખોળામાં લઇ ભીનું પહેરણ કાઢી નાખ્યું અને બીજું પહેરાવી તેને સુવાડવા લાગી. અજિત તરતજ સૂઈ ગયો. બધાને ખવડાવી પીવડાવી જ્યારે સુશીલા સૂવા ગઈ ત્યારે તેણે પોતાના બાળકને પ્રેમથી છાતી સાથે લગાડ્યો, પરંતુ એક ક્ષણમાંજ ભયથી તેનું શરીર કંપવા લાગ્યું. અજિતને સખત તાવ આવ્યો હતો. સુશીલાએ આખી રાત મહાકષ્ટે વીતાવી.

બીજા દિવસે વિમલાને બિમારીની ખબર પડવાથી તે તેને કહેવા લાગી—"આખો દિવસ પાણીમાં પલળ્યો છે. તાવ કેમ ન આવે ? સારૂં, તેના કાકા દવા આપશે એટલે તાવ ઉતરી જશે. "

ભવાનંદે ત્રણ દિવસ સુધી દવા આપી પણ તેનું કંઇ પણ પરિણામ ન આવ્યું, અજિતનો તાવ વધવા લાગ્યો. સુશીલાએ રોઇને કહ્યું-"બહેન ! તેમને એક સારા ડૉકટરને બોલાવવાને કહો. હવે તો બાળક બોલી પણ શકતો નથી."

"નાની વહુ ! તમે જરા પણ ન ગભરાઓ. દવાને જરા નાડીમાં પ્રવેશ તો કરવા દો. આ મહોલ્લાના બધા માણસો તો તેમનીજ દવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાય છે તો ડૉકટરને બોલાવવાની શી જરૂર છે? વળી રૂપિયા વગર ડૉકટર પણ કેમ આવશે? પાસે તો એક પણ પૈસો નથી. આજે તો ભૂખે મરવાનો વખત આવ્યો છે."

વિમલાની વાતો સાંભળતાં સુશીલાની ચારે બાજુ અંધકાર છવાઈ ગયો. હવે તે કોની સહાય માગે? તે કોની પાસે જાય? અજિતનું મુખ ધીમે ધીમે શ્યામ થવા લાગ્યું. ભવાનંદે આવી જોયું અને દવા બદલતાં કહ્યું—"અત્યારે તો ઠીક જણાય છે, પરંતુ જો કોઈ ગડબડ થતી જોઈશ તો ડૉકટરને બોલાવી લઈશ."

આ વખતે અરુણે ઘરમાં પ્રવેશ કર્યો, અને તેણે છોકરાની જે દશા જોઇ તેથી તે એક ક્ષણ પણ ઉભો રહી શક્યો નહિ. તે એકદમ દોડયો અને ડૉકટરને બોલાવી લાવ્યો; પરંતુ કોઇ પણ રીતે અજિત-નો પ્રાણ ન બચ્યો. સુશીલાને રડતી મૂકીને તે ચાલતો થયો.

(૫)

આજે કૃષ્ણપક્ષની ત્રયોદશી છે. પૃથ્વીના દરેક ખૂણામાં સારૂં અગર ખોટું અંધકારથી ઢંકાય ગએલું છે. વરસાદને લીધે બધે નિઃ-સ્તબ્ધતા વ્યાપી રહી છે; પરંતુ સુશીલાની આંખોમાં આજે નિદ્રા નથી. પોતાના દુર્ભાગ્યનો વિચાર કરતાં તે વ્યાકુળ થઈ ગઈ અને પોતાના જીવનનો અંત આણવા નિશ્ચય કર્યો. એક કાળું ઓઢણું ઓઢી સુશીલા સડક પર આવી. આકાશમાં અસંખ્ય તારાગણો પોતાનાં કરુણ નેત્રોથી તેના તરફ જોઈ રહ્યા હતા, સુશીલા ધીરે ધીરે આગળ ચાલી.

અત્યાર સુધી તે દુઃખદ સમયની પરવા પણ કરતી ન હતી, અને પોતાના દિવસો ગાળતી; પણ આજે તેનું કાળજુ તૂટી ગયું હતું. વિમલાએ તેના પર જે કલંક લગાડયું હતું તેનાથી સુશીલાનું હૃદય વિદીર્ણ થઈ ગયું હતું. નિર્દોષ અરુણને પણ આ અભાગણી માટે નકામું સાંભળવું પડયું. પોતાના જીવવાથી કોણ જાણે કેટલાએ માણસોનું અમંગળ થવાનું હશે. સુશીલાએ આત્મહત્યા કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને જોરથી આગળ ચાલવા લાગી, પાછળથી અરુણે બૂમ મારી–"નાની વહુ! ઉભાં રહો."

સુશીલા અટકયા વગર જોરથી આગળ ચાલવા લાગી. અરુણ દોડયો અને તેની પાસે આવી કહ્યું–"કયાં જાઓ છો?"

"હું મારા બાળકને ખોળવા જાઉં છું."

"અહીંઆં તમારૂં બાળક તમને કયાં મળશે? મારી સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો. હું તમને બાળકની પાસે પહોંચાડી દઈશ."

"ના, મને જતાં ન રોકશો. મારૂં બાળક એકલું છે. મને ન જોતાં તે રોઈ ઉઠશે."

"નાની વહુ! શું તમે ગાંડાં થઈ ગયાં છો?"

"હા, ભગવાનની કઠોર નીતિએ મને ગાંડી બનાવી દીધી છે. આપ ડરશો નહિ. હું ગંગાકિનારાથી જલદી બાળકને લઈ આવતી રહું છું. વધુ વખત થશે તો લોકો જોઈ જશે."

"ગંગાજી તરફ તો આ રસ્તો નથી જતો. ચાલો, હું તમને આ ગાડીમાં ગંગાજી પહોંચાડી આવું."

સુશીલા કંઈક વિચાર કરી ગાડીમાં બેઠી. ગાડી ઉતાવળથી ચાલવા લાગી. એક કલાક પછીથી એક દરવાજા પર આવી ઉભી રહી. બન્ને જણાં ત્યાં ઉતરી પડ્યાં.

સુશીલાએ ગભરાઈ પૂછ્યું–"અરુણબાબુ! મને ક્યાં લઈ આવ્યા?"

"આ મારો બગીચો છે."

"આપ મને અહીંઆં કેમ લઈ આવ્યા?"

"મારે તમારૂં કામ છે."

સુશીલાની આંખમાંથી આગ વરસવા લાગી અને તેણે ક્રોધથી કહ્યું–"અરુણબાબુ! શું તમે પણ બદલાઇ ગયા?"

"ના, નાનીવહુ! હું એજ અરુણ છું."

"ના, એ અરુણ તો મારા ભાઈ હતા અને આપ—"

સુશીલાનું ગળું બંધ થઈ ગયું. અરુણ હજુ સુધી ચૂપચાપ ઉભો હતો. સુશીલાએ અરુણના પગનો સ્પર્શ કરી કહ્યું–"અરુણબાબુ! મારા સર્વસ્વનો નાશ ન કરશો. મને ગંગાનો રસ્તો દેખાડો. મારે અજિતની પાસે જવું છે."

અરુણ આ વખતે પોતાની આંખો લૂછતો બોલ્યો–'નાનીવહુ! તમે બહુ ઉશ્કેરાઇ ગયાં છો. તમે બાળકની શોધમાં જતાં હતાં. હું તમને રસ્તો દેખાડવા તમારી સાથે આવ્યો છું. તમે જુઓ તો કેટલાએ અજિત તમને 'મા' કહીને બોલાવશે. સામે જે મકાન તમે જુઓ તો તેમાં મેં અનેક અનાથ બાળકોને લાવી રાખ્યાં છે. તમારે તેમનું પાલન કરવું પડશે. કરશો? જુઓ, આથી તમને કેટલી શાંતિ મળે છે! આત્મહત્યા કરવી એ મહાન પાપ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુશીલાએ વ્યાકુળ થઈ કહ્યું—"તમારી પાસે રહેવાથી લોકો મને કલંક ચઢાવશે."

"ના ના, હું તો અહીંઆં નહિ રહું. આ ઘર હું તમારા નામે કરી દઉં છું. મારે બીજું પણ ઘણું કામ રહે છે. એટલા માટે આ કામનો ભાર તમારા પર મૂકું છું."

ઉશ્કેરાટ જતો રહ્યા પછી શરીર ઢીલું પડી જાય છે, તે પ્રમાણે સુશીલા પણ અનાથાલયમાં જઇ ઘોર નિદ્રામાં પડી. સવારમાં ઉઠતાં તેણે જે દૃશ્ય જોયું તેથી તેનું હૃદય સ્વર્ગીય આનંદથી ભરપૂર થઇ ગયું. અનાથ બાળકોએ તેને ચારે બાજુથી ઘેરી લીધી. સુશીલાએ એક બાળકને બચ્ચી કરતાં પૂછ્યું—"કહો, હું કોણ છું?"

"તમે અમારી માતા છો!"

સુશીલાએ બાળકોને ચૂમતાં ચૂમતાં આનંદમય બનાવી દીધાં.

અરુણ દરવાજા બહારથી આ દૃશ્ય જોઈ રહ્યો હતો. પાસે આવી તે બોલ્યો—"આપના ચરણની રજ મને આપો, નાની વહુ!"

"અરુણબાબુ! શું હું આપને મારા ચરણની રજ આપું? આપ દેવ છો. મહાન પાપમાંથી બચાવી આપે મને શાંતિનો માર્ગ દેખાડયો છે. આપ મારા ગુરુ છો."

("વિશ્વમિત્ર"ના એક અંકમાંથી અનુવાદક:-શ્રી. સો.દા. ઉપાધ્યાય)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯—ક્ષમા

(લેખકઃ—શ્રી. પ્રેમચંદજી)

(૧)

મુસલમાનોને સ્પેન પર રાજ્ય કરતાં કેટલીએ સદીઓ થઈ ગઈ હતી. ધર્મની મંડળીઓ (દેવળો)ની જગ્યાએ મસ્જિદો બનતી જતી હતી; અને ઘંટોના અવાજની જગ્યાએ નમાજની બાંગો સંભળાતી હતી. ગરનાના અને અલ હમરામાં તે વખતની નશ્વર ગતિ પર હસવાવાળા મહેલો બની ચૂક્યા હતા. તેનાં ખંડેરો આજ પણ જોનારાઓને તેમના પૂર્વના ઐશ્વર્યની ઝમક દેખાડે છે. ખ્રિસ્તીઓનાં આબરૂદાર સ્ત્રીપુરુષો ઇસુ ખ્રિસ્તનું શરણ છોડી ઇસ્લામી ભ્રાતૃભાવમાં સામેલ થતાં હતાં અને આજપર્યંતના ઇતિહાસકારો આશ્ચર્ય પામે છે કે, ખ્રિસ્તીઓનું નામનિશાન ત્યાં કેમ કરીને રહ્યું? જે ખ્રિસ્તી નેતાઓ હજુ સુધી મુસલમાનો સામે અડગ રહ્યા હતા અને પોતાના દેશમાં સ્વરાજ્ય સ્થાપવાનું સ્વપ્ન જોઇ રહ્યા હતા તેવા નેતાઓમાં એક દાઉદ સોદાગર પણ હતો. દાઉદ વિદ્વાન અને સાહસિક પુરુષ હતો. તે પોતાની જાગીરમાં ઇસ્લામનો પગપેસારો થાય તે જોવાને ઇચ્છતો ન હતો. દીન અને ગરીબ ખ્રિસ્તીઓ વિદ્રોહી દેશના બીજા ભાગોમાંથી આવી તેનું શરણ લેતા. તે ઘણી ઉદારતાથી તેમનું પાલનપોષણ કરતો. મુસલમાનોને દાઉદનો ઘણો ભય હતો. તેઓ ધર્મબળથી જ્યારે તેના પર સત્તા જમાવી ન શક્યા ત્યારે શસ્ત્રબળથી તેમ કરવા ધાર્યું; પરંતુ દાઉદ કદી પણ તેમની સામે થતો ન હતો. હા, પણ જ્યાં જ્યાં ખ્રિસ્તીઓને મુસલમાન બનાવવાની ખબર મળતી ત્યાં ત્યાં તે પવનની માફક જઇ પહોંચતો અને તર્ક અથવા વિનયથી તેમને પોતાના ધર્મમાં અચલ રહેવાની પ્રેરણા કર્યાં કરતો. છેવટે મુસલમાનોએ ચારે બાજુથી ઘેરી તેને પકડવાનો ઇરાદો કર્યો. લશ્કરે તેની જાગીરને ઘેરો ઘાલ્યો. દાઉદને પોતાનાં સગાંસંબંધીઓ સાથે પોતાનો જીવ બચાવવા માટે નાસવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું. તે ઘેરથી નાસી ગરનાનામાં આવ્યો. આ શહેર તે વખતે ઇસ્લામની રાજધાની હતું. ત્યાં તે સૌથી જુદો રહી શુભ દિવસોની આશામાં જીવન વ્યતીત કરવા લાગ્યો. મુસલમાનોના જાસુસો તેનો પત્તો મેળવવાને માથાં ફૂટતા રહ્યા. તેને પકડી લાવવાને માટે ભારે ભારે ઇનામો જાહેર કરવામાં આવ્યાં; પરંતુ દાઉદની ભાળ જરા પણ ન મળી.

(૨)

એક દિવસ એકાંતવાસથી કંટાળી દાઉદ ગરનાનાના એક બગીચામાં સહેલ કરવા ગયો. સંધ્યાસમય થઇ ગયો હતો. મુસલમાનો નીચા ઝબ્બા પહેરી, માથા પર મોટા મોટા સાફા બાંધી, કમરે તલવાર લટકાવી ક્યારાઓની આસપાસ ફરતા હતા. સ્ત્રીઓ પણ સફેદ બુરખા ઓઢી જરીની ભરેલી સપાટો પહેરી પાટલીઓ અને ખુરશીઓ પર બેઠેલી હતી. દાઉદ બધાથી દૂર લીલાછમ ઘાસ પર લાંબો થઇ સૂતો સૂતો વિચાર કરી રહ્યો હતો કે પોતાની જન્મભૂમિ આ અત્યાચારીઓના હાથમાંથી ક્યારે છૂટશે ! તે ભૂતકાળની કલ્પના કરતો હતો, જે વખતે તે સ્થાન ખ્રિસ્તીઓના પરસ્પર વાર્તાલાપથી શોભાયમાન થઇ રહ્યું હતું.

ઓચિંતો એક મુસલમાન યુવક ત્યાં આવી દાઉદની પાસે બેઠો. તે તેને પગથી માથા સુધી અપમાનની દૃષ્ટિથી જોઇ બોલ્યો: "શું હજુ સુધી તમારૂં હૃદય ઇસ્લામની જ્યોતિથી પ્રકાશ્યું નથી ?"

દાઉદે ગંભીર ભાવથી કહ્યું:—"ઇસ્લામની જ્યોતિ પર્વતોનાં શિખરોને પ્રકાશિત કરી શકે છે, પરંતુ અંધારી ખીણોમાં તેનો પ્રવેશ થઇ શકતો નથી."

તે અરબી મુસલમાનનું નામ જમાલ હતું. તે આ આક્ષેપ સાંભળી ક્રોધથી બોલ્યો–"એટલે તમે શું કહેવા માગો છો ?"

દાઉદ—"મારૂં કહેવું એવું છે કે ખ્રિસ્તીઓમાં જે લોકો ઉચ્ચ શ્રેણીના છે, તે જાગીરો અને રાજ્યના અધિકારના લોભે તથા રાજદંડના ભયથી મુસલમાનોના શરણે આવી શકે છે; પરંતુ દુર્બળ અને ગરીબ ખ્રિસ્તીઓ માટે ઇસ્લામમાં તે આકાશની બાદશાહત નથી કે જે તેમને ઇસુ ખ્રિસ્તના શરણથી મળી શકે છે. ઇસ્લામનો પ્રચાર તલવારના બળથી થયો છે, સેવાના બળથી નહિ."

જમાલ પોતાના ધર્મનું આ અપમાન સાંભળી રાતો પીળો થઇ ગયો. તે ઘણો ગુસ્સે થઇ બોલ્યો–"આ બધું ખોટું છે. ઇસ્લામની શક્તિ તેના આંતરિક ભ્રાતૃભાવ અને સમાનતામાંજ છે, તલવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર બિલકુલ નહિ."

દાઉદ—" ઇસ્લામે ધર્મના નામે જેટલું લોહી વહેવડાવ્યું છે તેમાં તેની બધી મસ્જિદો ડૂબી જશે."

જમાલ—" તલવારે હમેશાં સત્યની રક્ષા કરી છે."

દાઉદે અવિચલિત ભાવથી કહ્યું–"જેને તલવારનું શરણ લેવું પડે તેને સત્ય કેમ કહી શકાય ?"

જમાલ જાતીય ગર્વથી ઉન્મત્ત થઇ બોલ્યો–" જ્યાંસુધી જૂઠાને પૂજનારા રહેશે ત્યાંસુધી તલવારની જરૂરત પણ રહેશે."

દાઉદ—" તલવારનું મુખ જોનાર સત્યજ મિથ્યા છે."

અરબે તલવારની મૂઠ પર હાથ નાખી કહ્યું—"ખુદાની કસમ, જો તમે શસ્ત્ર વગરના ન હોત તો તમને ઇસ્લામનું અપમાન કરવાની મજા ચખાડત."

દાઉદે પોતાની છાતી આગળ છુપાવેલી કટાર બહાર કાઢી કહ્યું–" નહિ, હું શસ્ત્ર વગરનો નથી. મુસલમાનો પર જે દિવસે હું એટલો વિશ્વાસ કરીશ તે દિવસે હું ખ્રિસ્તી નહિ રહું. તમે તમારા હૃદયની અભિલાષા પૂર્ણ કરો."

બન્નેએ તલવાર ખેંચી અને એકબીજા પર તૂટી પડયા. અરબની ભારે તલવાર ખ્રિસ્તીની હલકી તલવાર આગળ કમજોર જણાઇ. એક સાપની માફક ફેણથી ચોટ કરતી હતી, ત્યારે બીજી નાગણીની માફક ઉડતી હતી. એક લહેરની માફક ઝપટ કરતી હતી, ત્યારે બીજી માછલીની માફક ચમકતી હતી. બન્ને યોદ્ધાઓમાં કેટલીક વાર સુધી ઝપાઝપી થયા પછીથી ઓચિંતી ખ્રિસ્તીની કટાર અરબની છાતીમાં પેસી ગઇ અને તે જમીન પર ઢળી પડયો.

(૩)

જમાલ જેવો જમીન પર ઢળી પડયો કે તરતજ ચારે બાજુથી લોકો દોડયા. તેઓ દાઉદને ઘેરી પકડી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. દાઉદે લોકોને તલવારો લઇ દોડતા આવતા જોયા. તે જીવ લઇને નાઠો. તે જે બાજુ જતો હતો તે તરફ બાગની દિવાલ રસ્તો રોકી રહી હતી. એ દિવાલો ઘણી ઉંચી હતી અને તેને ઓળંગવાનું કામ મુશ્કેલ હતું. આ જીવન–મરણ વચ્ચેનું યુદ્ધ હતું. ક્યાંય શરણની આશા જણાતી ન હતી, કોઇ ઠેકાણે છુપાવાનું સ્થાન ન હતું. આ તરફ અરબોની રક્ત–પિપાસા દરેક ક્ષણે વધારે અને વધારે તીવ્ર થતી જતી હતી. તે ફક્ત અપરાધીને દંડ દેવાની ચેષ્ટા ન હતી, પરંતુ જાતીય અપમાનનો બદલો લેવાની ચેષ્ટા હતી. શું એક ખ્રિસ્તીની આટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુંજાશ કે તે એક અરબના પર હાથ ઉઠાવી શકે ? કેવો અનર્થ !

જે પ્રમાણે એક ખીસકોલી કોઈ કૂતરો પાછળ પડવાથી પોતાનો પ્રાણ બચાવવાને આમતેમ દોડે અને કોઇ વૃક્ષ પર ચઢી જવાનો પ્રયત્ન કરે; પરંતુ હાથપગ ઢીલા પડી જવાથી વારંવાર નીચી પડે, તેવીજ દશા દાઉદની થઇ હતી. દોડી દોડીને તેનો દમ નીકળી ગયો હતો, પગ ભારે થઇ ગયા. કેટલીક વાર એમ થઇ આવતું કે આ બધા પર તૂટી પડવું અને જેટલાને બને તેટલાને મારીને મરવું; પરંતુ દુશ્મનની સંખ્યા જોઇ તે ઉત્સાહભંગ થઇ ગયો.

ચાલો, દોડો, પકડો વગેરે શબ્દોનો શોરબકોર મચી રહ્યો હતો. કોઈ કોઇવાર પીછો પકડવાવાળા એટલા બધા નજીક આવી જતા કે હમણાંજ લડાઇનો અંત આવી જશે એમ જણાતું-હમણાંજ તલવાર પડી; પરંતુ પગની તો એકજ ગતિ. એક ચક્કર-એક ઓઠું તેને તેના ખૂનની પ્યાસી તલવારોથી બારીકાઇથી બચાવી લેતું હતું.

દાઉદને હવે આ સંગ્રામમાં એક ખેલાડીના જેવો આનંદ પડવા લાગ્યો. તેનો પ્રાણ બચવાની સહેજ પણ આશા ન હતી મુસલમાનો દયા નહિ દેખાડે એટલે તેને પોતાના દાવપેચમાં મજા પડતી હતી. હવે કોઈ વખત એકાદ ટુકડીથી પોતાનો જીવ બચી જતો એટલે તેને આનંદ થતો ન હતો, ઉલટું તેણે પોતાના દુશ્મનને કેવી રીતે છેતર્યા એથીજ આનંદ થતો હતો.

અચાનક તેને પોતાની ડાબી બાજુએ બગીચાની દિવાલ કંઈક નીચી જણાઇ. અહા ! આ જોતાંજ તેના પગમાં નવું જોર આવ્યું, તેની નસોમાં નવું લોહી વહેવા લાગ્યું. તે હરણની માફક તે તરફ દોડયો અને એક છલંગમાં બીજી બાજુ પહોંચી ગયો. જીવન અને મરણ વચ્ચે માત્ર એક પગલાનુંજ અંતર હતું. પાછળ મૃત્યુ હતું અને આગળ જીવનનું વિસ્તૃત ક્ષેત્ર. જ્યાંસુધી દૃષ્ટિ પહોંચતી હતી ત્યાંસુધી જંગલજ દેખાતું હતું. જમીન પથ્થરવાળી હતી-કોઇ જગ્યાએ ઉંચી તો કોઈ જગ્યાએ નીચી. ઠેકાણે ઠેકાણે પથ્થરોની મોટી મોટી શિલાઓ પડેલી હતી. દાઉદ એક શિલા નીચે છુપાઇ બેસી ગયો.

ઘણી ઝડપથી તેનો પીછો પકડવાવાળાઓ ત્યાં આવી પહોંચ્યા અને આમ તેમ જંગલમાં ઝાડો પર, ખાડાઓમાં અને પથ્થર નીચે તપાસ કરવા લાગ્યા. જે પથ્થર નીચે દાઉદ સંતાયો હતો તે પથ્થર પર એક અરબ આવીને ઉભો રહ્યો. દાઉદનું કાળજું ધડકવા લાગ્યું, હવે જીવ જવાનો. જો અરબ જરા નીચો વળીને જુએ તો પ્રાણનો અંત આવે-સંયોગ પરજ તેના જીવનનો આધાર હતો દાઉદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વાસ પણ રોકી દીધો—તદ્દન નિ:શબ્દ બની ગયો. એક નજર પરજ તેની જીંદગીનો ફેંસલો હતો. જીવન અને મરણ વચ્ચે કેટલું સામીપ્ય છે!

પરંતુ અરબોને એટલો અવકાશ ક્યાં હતો કે તેઓ ધ્યાનપૂર્વક પથ્થરો નીચે તપાસ કરે? અત્યારે તો તેઓ ખૂનીને પકડવાની ઉતાવળમાં હતા. દાઉદના માથા પરથી બલા ગઇ. તે બધા આમતેમ નજર કરી આગળ ચાલતા થયા.

(૪)

અંધારૂં થઇ ગયું હતું. આકાશમાં તારાગણો દેખાતા હતા અને તે વખતે દાઉદ પણ પથ્થર નીચેથી બહાર આવ્યો. આ વખતે તેણે જોયું તો ચારે બાજુ કોલાહલ મચી રહ્યો હતો. શત્રુઓ હાથમાં મશાલો લઈ ઝાડીઓમાં ફરતા હતા, નાકા પર પણ પહેરો હતો. કોઈ પણ ઠેકાણેથી નાસી છૂટવાનો રસ્તો ન હતો. દાઉદ એક વૃક્ષ નીચે ઉભો રહી વિચાર કરવા લાગ્યો કે હવે પ્રાણ કેમ બચાવવો? તેને પોતાના પ્રાણની પરવા ન હતી. તેણે જીવનનાં બધાં સુખદુઃખ ભોગવી લીધાં હતાં, અને જો તેને જીવનની કોઇ પણ લાલસા હોય તો તે ફક્ત એકજ હતી કે આ સંગ્રામનું શું પરિણામ આવશે? મારા દેશવાસીઓ હતોત્સાહ થઇ જશે કે અદમ્ય ધૈર્ય સાથે રણસંગ્રામમાં અટલ રહેશે?

જ્યારે રાત વધુ વીતી ગઇ અને શત્રુઓની હિલચાલ જરા ઓછી થઇ ત્યારે દાઉદ ઇશ્વરનું નામ લઇ ઝાડીમાંથી નીકળ્યો અને ધીમે ધીમે વૃક્ષોની ઓથે ઓથે લોકોની નજર ચૂકવતો એક તરફ ચાલ્યો. તે આ ઝાડીમાંથી બહાર નીકળી વસ્તીમાં પહોંચી જવા ઇચ્છતો હતો. નિર્જનતા કોઇનું રક્ષણ કરી શકતી નથી; વસ્તી પોતાની સંખ્યાને લીધે જાતેજ રક્ષા છે.

કેટલાક વખત સુધી દાઉદના માર્ગમાં કોઇ પણ પ્રકારની હરકત આવી નહિ. વનનાં વૃક્ષોએ તેની રક્ષા કરી, પરંતુ જ્યારે તે જંગલની બહાર સપાટ મેદાન પર આવ્યો ત્યારે એક અરબની નજર તેના પર પડી. તેણે બૂમ પાડી—"ખૂની નાસી જાય છે." દાઉદ જીવ લઇને નાઠો. આ અરબની બૂમનો અવાજ હવામાં એક વખત ગાજી રહ્યો અને એક ક્ષણમાં ચારે બાજુથી અરબોએ તેનો પીછો પકડ્યો. સામે કેટલેક સુધી વસ્તીનું નામનિશાન ન હતું. ઘણે દૂર એક ઝાંખો દીવો બળતો દેખાયો. દાઉદના મનમાં એવો વિચાર હતો કે ગમે તેમ કરી ત્યાં પહોંચી જવું. તે આ પ્રકાશ તરફ જોરથી દોડી રહ્યો હતો. તેને એવી આશા હતી કે તેને ત્યાં અભય દાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર મળશે. આશા તેને ઉતાવળે લઇ જતી હતી. અરબોનો સમૂહ તેની પાછળ રહી ગયો, બધી મશાલો હોલવાઈ ગઇ, ફક્ત તારાઓ-જ તેની સાથે આવતા હતા. આખરે તે આશામય દીપકની પાસે આવી પહોંચ્યો. આ એક નાનું સરખું ઘાસનું બનાવેલું મકાન હતું. એક વૃદ્ધ અરબ જમીન પર બેસી, લાકડાની ઘોડી પર કુરાન રાખી દીવાના ઝાંખા પ્રકાશમાં તે વાંચી રહ્યો હતો. દાઉદ જરા પણ આગળ વધી શકયો નહિ. તેની હિંમત આગળ ન ચાલી, તે અહીંઆં ઢીલો થઇને પડયો. રસ્તાનો થાક ઘેર પહોંચતાં જરૂર જણાય છે.

અરબે ઉભા થઇ પૂછ્યું—"તું કોણ છે ?"

દાઉદ—"એક ગરીબ ખ્રિસ્તી ! મુશીબતમાં આવી ગયો છું. હવે આપ શરણ આપો તો મારો જીવ બચી શકે તેમ છે."

અરબ--"ખુદા પાક તારી મદદ કરશે તારા પર શી મુશ્કેલી આવી પડી છે ?"

દાઉદ—"મને ડર રહે છે કે કદાચ આપને કહું તો આપ પણ મારા લોહીના તરસ્યા બની જાઓ."

અરબ—"જ્યારે તું મારે શરણે આવ્યો છે ત્યારે હવે તારે મારા તરફથી કોઈ પણ શંકા રાખવી જોઇએ નહિ. અમે મુસલમાન છીએ. જેને અમે એક વખત આશ્રય આપીએ છીએ તેની જીંદગી-ભર રક્ષા કરીએ છીએ."

દાઉદ—"મેં એક મુસલમાન યુવકનું ખૂન કર્યું છે."

વૃદ્ધ અરબનું મુખ ક્રોધથી લાલચોળ થઇ ગયું. તે બોલ્યો—"તેનું નામ ?"

દાઉદ—"તેનું નામ જમાલ હતું."

અરબ બે હાથે માથું પકડી ત્યાં બેસી ગયો. તેની આંખો લાલચોળ થઇ ગઈ, ગરદનની નસો તણાઇ ગઇ, મુખ પર અલૌકિક તેજની કાંતિ જણાઇ, નાક ફૂલવા લાગ્યું. આ બધા ઉપરથી એમ જણાતું હતું કે તેના હૃદયમાં ભારે યુદ્ધ મચી રહ્યું હતું, અને તે પોતાની બધી વિચારશક્તિથી પોતાના મનોભાવને દબાવી રહ્યો હતો. બે ત્રણ મિનિટ સુધી તે આ પ્રમાણે ઉગ્ર અવસ્થામાં બેસી રહ્યો અને જમીન તરફ જોતો રહ્યો. છેવટે રૂંધાયેલા અવાજે તે બોલ્યો—"નહિ, નહિ, શરણાગતની રક્ષા કરવીજ પડશે." આહ જાલિમ ! હું કોણ છું તે તું જાણે છે ? જે યુવકની આજે તેં આટલી નિર્દયતાથી હત્યા કરી છે તેજ યુવકનો હું હતભાગી પિતા છું. તેં મારા પર કેટલો અત્યાચાર કર્યો છે તે તું જાણે છે ? તેં આજે મારા કુળનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનિશાન પણ મટાડી દીધું છે—મારો દીવો બુઝાવી દીધો છે. આહ! જમાલ મારો એકનો એક પુત્ર હતો. મારી બધી આશાઓનો આધાર તેના પરજ હતો. તે મારી આંખોનું તેજ, મારા આંધળાનો ટેકો, મારા જીવનનો આધાર અને મારા આ જર્જરિત શરીરનો પ્રાણ હતો. હમણાંજ હું તેને દફનાવીને આવું છું. આહ! મારો સિંહ આજ માટીમાં સૂઇ રહ્યો છે. એના જેવો ઉદાર, દીનદાર અને સુંદર યુવક અમારી કોમમાં બીજો કોઇ પણ ન હતો. જાલિમ! તને તેના પર તલવાર ચલાવતાં જરા પણ દયા ન આવી? તારૂં પથ્થર સરખું કાળજું સહેજ પણ ન પીગળ્યું? મને આ વખતે તારા પર કેટલો ક્રોધ આવ્યો છે તે તું જાણે છે? મને એમ થઇ આવે છે કે મારા બે હાથથી તારી ગરદન એવી દબાવી દઉં કે જીભ બહાર નીકળી આવે; તારી આંખો કોડીઓની માફક બહાર નીકળી પડે; પરંતુ નહિ, તેં મારૂ શરણ લીધું છે અને આ કર્તવ્યથી મારા હાથ બંધાએલા છે; કેમકે અમારા રસુલ પાકે ફરમાવ્યું છે કે જે આપણા શરણમાં આવે તેના પર હાથ ન ઉઠાવવો. હું નબીના આ ફરમાનનું ઉલ્લંઘન કરી આ લોકની સાથે પરલોક પણ બગાડવા નથી ચાહતો. આ લોક તેં બગાડયો, પરલોક હું જાતે બગાડું? નહિ, ક્ષમા કરવી એ સહેલું કામ નથી; પણ હું તેમ કરીશ, જેથી નબીની સામે માથું નીચું કરવું ન પડે. આવ, ઘરમાં આવ. તારો પીછો પકડનારાઓ દોડતા આવે છે. જો તેઓ તને જોઇ જશે તો મારી બધી પ્રાર્થના—સમજાવટ વગેરે તારી જાતને નહિ બચાવી શકે. શું તને ખબર નથી કે અરબો ખૂનીને કદી પણ માફ કરતા નથી?"

આટલું કહી તે વૃદ્ધ અરબે દાઉદનો હાથ પકડી લીધો અને તેને ઘરમાં લઇ જઇ એક ઓરડીમાં છુપાવી દીધો. તે ઘરમાંથી બહાર આવ્યો કે તરતજ અરબની એક ટુકડી તેના બારણા પાસે આવી પહોંચી.

એક આદમીએ પૂછ્યું—"શેખ હસન! તમે અહીંથી કોઇને નાસી જતાં જોયો છે?"

"હા, જોયો છે."

"તેને કેમ પકડી ન લીધો? તે તો જમાલનો ખૂની હતો."

"એ જાણીને પણ મેં તેને જવા દીધો."

"હેં! તમે આ શું કર્યું? જમાલ કયામતના દિવસે અમારો પલ્લો પકડશે ત્યારે અમે શું જવાબ આપીશું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારે કહી દેવું કે તારા પિતાએ તારા ખૂનીને માફ કર્યો છે."

"અરબે કોઇ પણ ખૂનીને માફી નથી આપી."

"આ તમારી જુમ્મેદારી છે. હું તેને મારા માથા પર શા માટે લઉં ?"

અરબોએ શેખ હસન સાથે વધારે વખત વાદવિવાદ ન કર્યો, અને ખૂનીની તપાસમાં દોડી ગયા. શેખ હસન ફરીથી સાદડી પર બેસી કુરાન પઢવા લાગ્યો; પરંતુ તેનું મન વાંચવામાં લાગતું ન હતું. ખૂનનો બદલો લેવાની પ્રવૃત્તિ અરબોની પ્રકૃતિમાં ઓતપ્રોત થઈ ગઈ હતી. ખૂનનો બદલો ખૂન હતો, એટલા માટે લોહીની નદીઓ વહેતી હતી. કુટુંબનાં કુટુંબ નાશ પામતાં હતાં–શહેરનાં શહેર ઉજ્જડ થઈ જતાં હતાં. આ પ્રકૃતિ પર વિજય મેળવવાનું શેખ હસનને અસાધ્ય જેવું જણાયું. વારેવારે પોતાના પ્યારા પુત્રનું મુખ તેની આંખો આગળ દેખાતું હતું, વારંવાર તેના મનમાં એવી પ્રબળ ઇચ્છા થઈ આવતી કે દાઉદનું ખૂન કરી પોતાના ક્રોધને શાંત કરવો. પરંતુ અરબ વીરજાતિ હતી. કપાઇ જવું અથવા મરી જવું તેમને માટે કોઇ અસાધારણ વાત ન હતી. મરનારની પાછળ થોડાંક આંસુ વહેવડાવી તેઓ પાછા પોતાના કામમાં લાગી જતા. જ્યારે મૃતવ્યક્તિના ખૂનનો બદલો લેવાની ઇચ્છા રાખતા ત્યારેજ તેઓ તે વ્યક્તિની સ્મૃતિ રાખતા. આખરે શેખ હસન અધીરો થઈ ગયો. તેને એમ જણાયું કે હવે તે પોતાના મન પર કાબુ રાખી નહિ શકે. તેણે તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને ધીમે ધીમે જે ઓરડીમાં દાઉદને સંતાડયો હતો તેના બારણા પાસે આવ્યો. તલવાર કપડામાં છુપાવી ધીરેથી બારણું ઉઘાડયું. દાઉદ અંદર આંટા મારી રહ્યો હતો. વૃદ્ધ અરબનું ભયંકર રૂપ જોઈ દાઉદ તેની મનોવૃત્તિ સમજી ગયો. તેને તે વૃદ્ધની દયા આવી. તેણે વિચાર કર્યો–"આ ધર્મનો દોષ નથી, પણ જાતિનો દોષ છે. મારા પુત્રની જો કોઇએ પણ હત્યા કરી હોય તો હું પણ તેનું ખૂન કરવાને તૈયાર થઇ જાઉં. આ માનવપ્રકૃતિ છે."

અરબે કહ્યું—"દાઉદ! તને માલૂમ છે કે પુત્રના મૃત્યુથી કેટલું દુ:ખ થાય છે?"

દાઉદ—"એનો મને અનુભવ તો નથી પરંતુ અનુમાન કરી શકું છું. અથવા જો મારા ખૂનથી આપના દુ:ખનો સહેજ પણ ઘટાડો થતો હોય તો આ માથું તૈયાર છે. હું તે પ્રસન્નતાપૂર્વક આપને ભેટ કરૂં છું. આપે દાઉદનું નામ તો સાંભળ્યું હશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરબ—" શું તું પીટરનો દીકરો ?"

દાઉદ—" જી હા, હું એજ કમનસીબ દાઉદ છું. હું ફક્ત આપના પુત્રનોજ ખૂની નથી પરંતુ ઇસ્લામનો પણ દુશ્મન છું. મારું ખૂન કરી આપ જમાલના ખૂનનોજ બદલો નહિ તો પરંતુ આપની જાતિ અને ધર્મની પણ સાચી સેવા કરી શકશો."

શેખ હસને ગંભીર ભાવથી કહ્યું:—"દાઉદ ! મેં તને માફ કર્યો છે. હું જાણું છું કે, મુસલમાનો તરફથી ખ્રિસ્તીઓને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. મુસલમાનોએ તેમના પર ઘણા અત્યાચારો કર્યા છે. તેમની સ્વાધીનતા પણ લઈ લીધી છે, પરંતુ આ ઇસ્લામનો દોષ નથી—આ મુસલમાનોનોજ દોષ છે. વિજયના ગર્વથી મુસલમાનો-ની મતિ ફરી ગઇ છે. અત્યારે અમે જે રીતે વર્તી રહ્યા છીએ એ રીતનો ઉપદેશ અમારા પાક નબીએ કદી પણ આપ્યો નથી. તે તો ખાસ ક્ષમા અને દયાના સર્વોચ્ચ આદર્શ દર્શાવે છે. હું ઈસ્લામના નામને કલંક નહિ લગાડું. લે, મારી સાંઢણી લઇ લે અને રાતોરાત જ્યાં સુધી તારાથી નસાય તેટલું નાસ. અહીંઆં એક ક્ષણ પણ રહેવું તારા માટે સહિસલામત નથી. જો આરબોને તારી સહેજ પણ બાતમી મળી તો તારી જીંદગીની સહિસલામતી નથી. જા, ખુદા તને સુખરૂપ ઘેર પહોંચાડે. વૃદ્ધ શેખ હસન અને તેના પુત્ર જમાલ માટે પ્રભુ પાસે પ્રાર્થના કરજે."

* * * *

દાઉદ કોઇ પણ જાતની હરકત સિવાય ઘેર પહોંચી ગયો; પરંતુ તે હવે મુસલમાનોને જડ મૂળથી ઉખેડી નાખવાની ઇચ્છા રાખનારો દાઉદ ન હતો. તેના વિચારોમાં ગહન પરિવર્તન થઈ ગયું હતું. હવે તે મુસલમાનોને આદરમાન આપતો અને ઇસ્લામનું નામ ઘણા માનથી લેતો.

("માધુરી"ના એક અંકમાંથી અનુવાદક સો. દા. ઉપાધ્યાય)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦–મહાજનનો વેરો

મેરામણ જ્યાં નિત્ય નિત્ય ખંડ ખંડની દૌલત ખડકે છે અને જ્યાં મુલક મુલકના નેજા ફરફરાવે છે, એવા માંડવી બંદરના સુંદરવરના મંદિરમાં એ માતબર બંદરી શહેરના પચાસ સાઠેક જેટલા આગેવાન માણસો એકઠા થઇને બેઠા હતા.

"કેમ હવે ત્યારે આપણે કોની રાહ જોઇએ છીએ?" એક વયોવૃદ્ધ શેઠે સવાલ કર્યો અને ચોપાસ નજર ફેંકી.

"આ રામજી ખવાસ ને મૂળા લાખેણાને તેડવા માણસ મોકલ્યાં છે. હમણાં આવવા જોઇએ."

"ભલા ભલા, પણ મદનજી શેઠનો આશો આવ્યો છે કે નહિ? કેમ કળાતો નથી?"

બાવીસેક વર્ષનો એક જુવાન એક છેડેથી ઉભો થયો. તેજદાર આંખોની નીચે મૂછનો દોરો ફૂટતો હતો. એણે સાદ દીધોઃ "આ રહ્યો વિયા કાકા. હું તો ક્યારનો ય આવ્યો છું."

"ઠીક ઠીક ભા. આ તો તને જોયો નહિ ને એટલે પૂછવું પડયું. ગમે તેટલો બાળક તોય તું શેઠવાળાનો કહેવા."

આમ કોણ આવ્યા અને કોણ બાકી રહ્યા એની પૂછપરછ અંદરોઅંદર થતી હતી, ત્યાં રામજીભા અંદર આવ્યો. ખવાસની નાતનો એ પટેલ પૂરો છ હાથ ઉંચો, એટલા જ પ્રમાણમાં પહોળો, હાથીની જેમ ધરતી ધમધમાવતો ચાલતો આવતો હતો. એની પડછંદ કાયા, એનું મોટું માથું, એની મોટી મોટી ચકચકતી આંખો, એનું મોટું નાક, એની મોટી મૂછ એને કોઇ સામાન્ય કોટિના આદમી તરીકે બતાવવાને બદલે રહમદિલ રાક્ષસ જેવો દેખાડતાં હતાં. એની અંગબળની ક્રિયાઓ માંડવીના ઘરેઘરમાં કહેવાતી હતી.

"કાં શેઠિયાઓ!" ગિરિકંદરામાંથી પવન ફૂંકાતો હોય એવા જાડા પડઘા પાડતા અવાજે એણે પગરખાં ઓટલા નીચે ઉતારી એકત્રિત સમાજને હાથ જોડી, પગે લાગી, મંદિરના આગલા ઓટલાનાં પગથિયાં ચડતાં ચડતાં કહ્યું: "આજ તો મહાજન ભેગું થયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ને મુજ જેવા ગરીબને કાંઇ યાદ કર્યો ?"

"આવો, આવો રામજી ભા" માંડવીના મહાજનના મોટા શેઠ તો નહિ, પરંતુ અવલ આગેવાન વયોવૃદ્ધ વિયા મહેતાએ પોતાની બાજુમાં બેસવાની જગ્યા બતાવતાં આવકાર આપ્યો: "ઇંડા આવો."

મંદિરના છોબંધ ઓટલા ઉપર બિછાવેલી શેતરંજીની નીચે સૌની સામે બેસતાં બેસતાં રામજી ખવાસે સામો વિવેક કર્યો: "હવે આંહી જ ઠીક છે."

જાણે કે કોઇ મહાગંભીર મેળબાની ગુન્હો બન્યો હોય એમ વિયો મહેતો અર્ધા ઉઠ્યા, અર્ધા આગળ લંબાયા અને રામજી ખવાસનો હાથ પકડીને આગ્રહપૂર્વક બોલવા લાગ્યા: "અરે ભા," એમ તે હોય ? આવો આવો, મારા સમ."

"હવે કાકા, મને બેસવા દ્યોને આંહી" રામજીએ જવાબ દીધો: "હું જરા સ્થૂળ માણસ રહ્યો, મારે મોકળાશ જોઇએ. મને આંહી મજા આવશે."

"હા, તો ઠીક." વિયા મહેતાએ વિવેકનો આગ્રહ મૂકી દીધો.

હવે મિજલસ આખી ભરાઈ ગઇ હતી. કામકાજના આરંભની અનુત્સુકતાસૂચક કેટલીક આડીઅવળી વાતો થતી હતી. જે કાર્યને માટે સૌ કોઈ જમા થયા હતા એ કાર્ય હાથમાં લેવાની પ્રત્યેકની આગ્રહપૂર્વક ઇચ્છા નહોતી. એ કાર્યના પ્રથમારંભની જવાબદારી કોઇને શિર વહોરી લેવાની દાનત ન હતી. એટલે સૌ કોઇ, બીજા બધા વાતો બંધ કરી કામકાજનો આરંભ કરે, ત્યારે પોતે પણ વાત બંધ કરી, કામ ઉપર ધ્યાન આપવાનો છૂપો ઇરાદો રાખતું હતું. આમ ને આમ આગામી કાર્યવાહીની વીજળીમાં વહી જવાથી નીરસ બનેલી વાતોમાં કેટલોક સમય વીતી ગયો.

રામજી ખવાસ હજાર ડાયરામાં બેસનારો હતો. એને હજાર ઉછીની ઉપાધિઓ હતી. એકત્ર થયેલા સમસ્ત ગામના મહાજનમાંથી કોઇ શેઠની, કોઇ જાતના પટેલની વાતોનો આરંભ કરવાની ઉતાવળી ઇચ્છા નથી એ જોઇને છેવટે એ અકળાયો: "પણ ત્યારે આપણે આંહી ભેગા શું કામ થયા છીએ એ તો કહો ? વાતો પછી કરીએ. પહેલાં કામ તો ઉકેલીએ."

શહેરના વયોવૃદ્ધ અને સમજુ આગેવાન તરીકે વીયા મહેતાની સામે આખીયે સભાએ નજર નાખી. વીયા મહેતાથી એ નજર જીરવાઇ નહિ. એક ક્ષણ એને પોતાની વય ઉપર, પોતાના વેપાર ઉપર અને પોતાની આગેવાની ઉપર નફરત આવી. ઓશિયાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું ફિક્કું હાસ્ય કરીને મહેતાએ ટોકર શેઠ સામે જોયું: "કેમ ટોકરશી! ત્યારે કરો શરૂ."

પોતાના માથા ઉપર વીયા મહેતાએ પનોતી ઉતારી એ ટોકરશીને રૂચ્યું નહિ. એના પાકટ કરચલીવાળા કચ્છી લાલ રંગના ચહેરા ઉપર એ અરુચિ પ્રગટ તરવરી: "હા, એમાં શું ?" એ બોલ્યો. એટલું બોલીને એણે સભા ઉપર નજર માંડી. નજરમાં ખાસ તો કોઈ ન સમાયું; પણ મરહૂમ શાહ સોદાગર શેઠ મકનજીનો જુવાન પુત્ર આશકરણ એને દેખાયો. "હા, હું શરૂ કરૂં કે તમે કરો કે કોઇક બીજો શરૂ કરે એમાં શું ? આપણે તો કામ સાથે લેવાદેવા છે ને? રોટલા સાથે કામ કે ટપટપ સાથે? હું જ શરૂ કરત. એમાં શું? મહાજનનું કામ છે ને મહાજનનો હુકમ હોય તો મારે કર્યા વગર છૂટકો ય થોડો છે? પણ આ જરાક મારી આંખ દુખે છે તે-તે-લેને આશા! તું જ વાત કરને? તું ક્યાં નથી જાણતો?"

આશકરણ એ માંડવીના મશહૂર મરહૂમ શેઠ મકનજીનો પુત્ર હતો, જુવાન હતો, આગ્રહી હતો. ટોકરશી શેઠની વાત ઓળખવાની ગત્ય જોઇને એ જરાક હસ્યો. પરંતુ વાત કરવાની પોતાને તક મળી એ માટે એના હૃદયમાં ખૂબ આનંદ થયો. એ સભાને છેડેથી ઉઠીને વચમાં આવ્યો. વીયા મહેતાની સામે ગોઠણભર બેસીને એ બોલ્યો:

"માંડવીના વહિવટદાર ઉપર કચ્છ દરબારનો ખાસ ખરિતો આવ્યો છે. એમાં વહિવટદાર ઉપર રા'નું ફરમાન આવ્યું છે. એમાં દિવાન ધધો પારેખ જણાવે છે કે આ વર્ષે ભાયાતી લડાઈ વગેરે અસાધારણ ખર્ચાને અંગે રાજની તીજોરીમાં નવ લાખ કોરીની ખોટ આવી છે. એટલે આ નવો વેરો નાખવામાં આવ્યો છે. એ નવો નાખવામાં આવેલો નવલખા વેરો પંદર દિવસની અંદર વસૂલ લેવાનો છે. માંડવી ઉપર એ વેરાના વરાડની પંચોતેર હજાર કોરી આવી છે. માંડવીએ એક અઠવાડિયાની અંદર એ પંચોતેર હજાર કોરી આપવાની છે."

"પંચોતેર હજાર કોરી ?" રામજી ખવાસની મોટી આંખો વધારે મોટી થતી દેખાઈ: "ભારે આકરી વાત થઇ."

જુવાન આશકરણની આંખમાં રામજી ખવાસની તાજુબી સાંભળી યૌવનસુલભ બેપરવા-ખુમારી ચમકી. એણે વાત કરવા માંડી.

તમે આજ ભેગા થયા છો વહિવટદારની સૂચનાથી. વહિવટદાર કહે છે કે હાલ તુરત મહાજન જાતે પંચોતેર હજાર કોરી આપી દે. પછી મહાજન નાતોના પટેલો મારફત વેરો ઉઘરાવી લ્યે."

સભાને છેવાડે મસ્કાતી જુવાન સોદાગર અને વહાણવટી હરખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ વરજીવન જંગબારી જરા આગળ પોતાનો હાથ થંભીને મહાજન સામે જોતોઃ "પણ વહિવટદાર સીધી ઉઘરાત કેમ નથી કરી લેતો ? એ શા માટે મહાજનને વચમાં નાખે છે ? મને તાજુબી તો એ લાગે છે કે કોઇ બીજા કામમાં નહિ અને આ નવા વેરાની વસૂલાતમાં રાજ મહાજનને કેમ વચ્ચે નાખે છે ?"

એક જાણકાર અને રાજકાજના અંતરંગથી પૂરા વાકેફ હોવાનો દાવો કરતા વિચા મહેતાએ, હરખચંદ જંગબારીની આ તાજુબીભરી મનોમુંઝવણનો ખુલાસો આપ્યોઃ 'એ તો એમ, કે રાજને આવતી અમાસે ફોજના પગાર ચૂકવવાના છે. તિજૂરી ખાલી થઇ ગઇ છે. એટલે મહાજન રાજને નાણાં આપી દ્યે. અને મહાજન ધીમે ધીમે રૈયત પાસેથી વસૂલ લ્યે."

"પણ એમ શા માટે ?" રામજી ખવાસને પણ રાજની આ દરખાસ્ત મંજૂર ન હતી એમ એના જરા આકરા અવાજ ઉપરથી દેખાયું.

"તમે તો બધા રાજ સીધી વસૂલાત લ્યે એમ પણ કહો છો. પણ હું તો એમ પૂછું છું કે આવા ને આવા નવા ને નવા વેરા કેટલાક દીધે જવા ? એનો કોઇ ઉપાય ખરો કે નહિ ?"

આમ મૂળ વાતને અણધાર્યો પલટો લેતી જોઈ વયોવૃદ્ધ વીચો મહેતો ચમક્યો. રાજની વાત સાવ સીધી હતી. રાજને હાલ નાણાંની ખેંચ છે. દરબારી ફોજના પગાર તાબડતોબ ચૂકવવાના છે. તે મહાજન રાજ્યને આખા ગામનો વેરો આપી દ્યે. હવે વહીવટદારની આ સીધી માગણી મહાજને મંજૂર કરવી કે નહિ એ એક માત્ર વાત વિચારવાની હતી. ત્યાં વળી આ આશો નવું તૂત શું ઉભું કરતો હતો ? રાજ્યે કયા અને કેટલા વેરા નાખવા એમાં મહાજને પડવાની જરૂર શું ? ને મહાજન જો આવી વાતોમાં ઉંડા ઉતરવાનું દિલ કરે તો પછી વેપાર કોણ કરશે ? મહાજન દેશપરદેશનો વેપાર ખેડે અને રાજના અમલદારો વેરા ઉઘરાવે એમ કામની કુદરતે કરેલી વહેંચણીમાં વિક્ષેપ ઉભા કરવા જેવી વાત આશાને શું કામ ઉપાડવી પડે છે ? ખરે, જુવાનોને મહાજનના કામકાજમાં અભિપ્રાય આપવા દેવાની રીતજ ખોટી છે. કચવાતે અવાજે વીચો મહેતો કહેવા લાગ્યાઃ "આશા, રાજકાજની ઉંડી ખાંચમાં આપણે શા માટે પડવું જોઇએ ? જેમાં સમજણ ન પડે એવી વાત વૃદ્ધો આગળ કરતાં જુવાનોએ શરમાવું જોઇએ. કાંઇ અમારી મરજાદ, આમન્યા જેવું ખરૂં કે નહિ ? આપણે અત્યારે તો વાત એક છે. મહાજન શહેર વતી વેરો ભરી દ્યે કે નહિ ?"

વિચા મહેતાને આ વાત જેટલી સાદી દેખાતી હતી, એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદી બીજા કેટલાકને મન નહોતી ભાસતી, એમ કેટલાકના ચહેરા ઉપરથી દેખાયું. હરખચંદ જંગબારીએ એ બધાની વિમાસણનો પડઘો પાડ્યો: 'પણ મૂળ વાત તો એજ છે ને કે વેરો દેવો કે નહિ ?'

'હેં!' વિચો મહેતો નિર્ભેળ તાજુબીથી સાગરના જુવાન સોદાગરને જોઇ રહ્યો: 'એ વળી શું? વેરો દેવો કે નહિ એ વળી નવું ધતીંગ શું?'

'હા, એનો પહેલો વિચાર કરો.' રામજી ખવાસે પણ અભિપ્રાય બતાવ્યો: 'વેરો આપવો કે રાજને ના પાડી દેવી કે આ વેરો નવો નાખ્યો છે, એ ખોટી રીતે નાખ્યો છે.'

'આ તો એમ વાત થાય કે મહાજન વેપાર કરે ને મુલક મુલકનું પાણી વેઠી, ત્રાસ વેઠી, લોહીને ટીપે ટીપે નાણું કરે ને રાજ્ય વેરા મારફત એ નાણું લઈ લ્યે.'

"'કીડી સંચે ને તેતર ખાય' એ તો જગજૂની પ્રણાલિ છે આશાભાઈ!" એક બીજા જુવાને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો.

'પણ ત્યારે હવે કીડી ક્યાં સુધી બનવું?'

વિચા મહેતાને વાતે લીધેલો પલટો ન ગમ્યો; એમણે મૂળ વાતનું મૂળ સ્વરૂપ જાળવી રાખવાને બધાયને ફરીને આગ્રહપૂર્વક સૂચના આપી.

રામજી ખવાસે વિચા મહેતાની સામે આંખો નોંધીને કહ્યું: 'તમેજ વાતનું સ્વરૂપ નથી સમજતા શેઠ!'

રામજી ખવાસના અવાજમાં વૃદ્ધત્વની આગેવાની સામે, વૃદ્ધોની નિર્ણયાત્મક સત્તા સામે પ્રગટ બંડખોરી હતી. વિચો મહેતો આ જાતના સવાલજવાબ માટે તૈયાર નહોતો, તેમ આવા શબ્દો સાંભળવાની એના કાનને હજી સુધી કોઇએ આદત પણ નહોતી પાડી. "હું નથી સમજતો? શું હું આ વાત નથી સમજતો? તમે–તમે–મને શું કહેવા માગો છો?"

મહાજનના મુખ્ય આગેવાન અને ગામના અર્ધા માલિક જેવા લેખાતા, બંદરના સરમુખત્યાર સમા ગણાતા મોટા શેઠના આ પડકાર રામજી ખવાસે સખ્ત હાસ્ય સાથે બહુજ આસાનીથી ઝીલ્યા. "હું કહેવા એમ માગું છું કે તમે આ વાતને થડમાંથી નહિ પણ ડાળીએથી સમજાવો છો. મહાજને વેરો આપી દેવો કે રાજ્ય સીધો વસૂલ કરે એ સવાલ નથી. સાચા માર્ગનો સવાલ એ છે કે એ વેરો દેવો છે કે નહિ? આશકરણ શેઠની વાત સાચી છે."

આમ પોતાને ટેકો મળતો જોઇ આશકરણે આગેવાનીનો બધોય બોઝ પોતાના જુવાન ખભા ઉપર ઉપાડી લીધો. મોટે અવાજે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા પણ થડકારા વગર એણે બોલવા માંડ્યું:

"આજ રાજ આપણને પૂછીને વેરા નથી નાખતું. એને તો જ્યારે જ્યારે તિજુરીનાં તળિયાં ખાલી દેખાય છે ત્યારે ત્યારે નવા નવા વેરાથી પોતાનાં ખર્ચ પૂરાં કરવાનું સૂઝે છે. પણ એક વાતનો તો તમે વિચાર કરો. તમે જે વેરા આપો છો એ વેરાથી પોષાતું રાજતંત્ર તમારો કોઇ અર્થ સારે છે? આજે માંડવીના દરિયામાં ચાંચિયા બેઠા છે ને તમારાં વહાણ લૂંટે છે. કહો, રાજ્યે શું કર્યું? આજે ગામગામની સીમમાં બહારવટિયા ને આડોડિયા ભટકે છે ને ધોળે દિવસે ગામતરાં નથી થઇ શકતાં. કહો રાજ્યે શું કર્યું? આજે જે ફોજના પગાર માટે તમે આ નવો વેરો ભરવાની તૈયારી બતાવી છે એ ફોજનો ઉપયોગ રૈયતને દબાયેલી રાખવાનો જ કે કાંઇ બીજો?"

"આપણે પૈસે આપણને દબાવે. 'નોકર તેરા મગર કહ્યા ન કરૂં' જેવી આ વાત છે." રામજી ખવાસે આશકરણની દલીલમાં સૂર પૂરાવ્યો.

"હું પણ એ જ વાત કહું છું. આજનું રાજ જુઓ. આજના અમલદારો જુઓ. આજનો રા' જુઓ. રાતો રાયઘણ તો લોહી ચાખીને માતેલા વાઘ સમો બન્યો છે—'

"હં, હં. આશા—" વિયા મહેતા છેલ્લા વાક્યથી હેબત ખાઇને આશકરણને બોલતો અટકાવવાના ઇરાદાથી ચેતવણીભર્યા અવાજે બોલ્યા.

"કાકા, બહુ આમન્યા રાખી. હવે આજ તમારૂં કહ્યું નહિ માનું. આજ તો હું બોલવાનો. આંહી નહિ બોલવા દ્યો તો ગામલોકને ભેગું કરીને એમને કહીશ. રાતા રાયઘણના કારભાર તમારાથી અજાણ્યા નથી. એની પાસે આપણી જાત સલામત નથી, આપણી મિલ્કત સલામત નથી, આપણા ધંધારોજગાર સલામત નથી, આપણી વહુદિકરી સલામત નથી. એ રાજાનું ખર્ચ રૈયતે શા માટે ઉપાડી લેવું જોઇએ એની મને સમજ નથી પડતી."

"તને જુવાનિયાને એ વાત સમજાય એવી નથી. જે વાત ન સમજાય એમાં મોટેરાં કહે એ કરવું. **महाजनो येन गतः पन्थाः**"

"અમને નહિ સમજાય એ વાત? તમારે હવે સમજાવવી પડશે. પછી જ અમે તમારી વાત હવેથી સ્વીકારશું કાકા. મારી તો દરખાસ્ત છે કે આ વેરો આપણે ઉઘરાવી તો ન દેવો, પણ દેવો પણ નહિ. પછી જોઇએ રાજ પોતાનાં ખર્ચ કેમ કાઢે છે? નાણાં વગર આપમેળે એ લોહીની ઇમારત તૂટી પડશે."

"તમારી વાત આપણને ગમી." રામજી ખવાસે આશકરણની દરખાસ્તમાં સૂર પુરાવ્યો. હરખચંદ જંગબારીએ પણ એમાં પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર સામેલ કર્યો. પછી તો જુવાન પક્ષ જાણે કે અલગ તરી આવ્યો. મહાજને લાંબી ચર્ચા પછી વિયા મહેતા વગેરેની સમજાવટ છતાં, એમની આજીજીભરી સલાહ છતાં, એમના આર્જવ પોકાર છતાં મોટે ભાગે ઠરાવ કર્યો કે: "આ વેરો ન તો મહાજને ગામ વતી રાજને ભરપાઈ કરવો કે ન તો ગામની રૈયતે એ વેરો આપવો."

માંડવીના મહાજનના આ બંડખોર ઠરાવથી ક્રોધથી રાતો બનેલો 'રાતો રાયધણ' જાતે વેરો ઉઘરાવવાને માટે તૈયાર થયો. માંડવીના શહેરને કારમો બોધપાઠ શીખવી દેવાની નેમથી એણે તમામ સાજ તૈયાર કર્યા, એક હજાર પઠાણોની બેરખ લઈ વેરો વસૂલ લેવા રાયધણ માંડવી ઉપર ચડયો, અને પોતાના શિકારને નજરે દેખી વાઘમાં જે ખૂનીની તરસ સળગે, તેવી તરસ પોતાના પેટની રોજગારી માટે જેમના દિલમાં પ્રજ્વળી ઉઠી હતી, એવા હજાર પઠાણો બંદૂકો ઠાંસી ઠાંસીને ભરીને અને તલવારોની ધારો ઘસી ઘસીને આવતી લોહિયાળ મહેફીલ માણવાને માટે તત્પર આતુરતા ધરાવતા પોતાના જુલમગાર રાજાની પાછળ ચાલી નીકળ્યા.

પીળા પીળા મણકાની મોટી મોટી માળાઓ અને કાળો અંચળો પહેરેલા કોઇ મસ્ત ફકીર જેવો લાગતો રાયધણ નવલખા-વેરો ઉઘરાવવાને પોતાના હજાર પઠાણો લઇને માંડવીમાં આવ્યો અને વળતે દિવસ એ સારાયે બંદરી શહેરમાં એક ઢોલી સાદ દેવા નીકળ્યો: 'એ...એ...એ સાદ સાંભળજો...ઓ...ઓ...નવલખા વેરો ઉઘરાવવાને રા' બાવા પોતે પધાર્યા છે. ફોજ સહિત એમને આંહી આવવાની જરૂર પડી એ માટે વેરો બમણો કરવામાં આવ્યો છે. રૈયતમાં મુંડ દીઠ ત્રણ ત્રણ કોરી સૌએ ચૂકવવાની છે. એ ના પાડશે એ પોતાના જોખમે ના પાડશે......એ...એ સાદ સાંભળજો ઓ...ઓ...ઓ."

એક બાજુ ઢોલી આમ સાદ દેતો જતો હતો, ત્યાં બીજી બાજુ રા' રાયધણ–રાતો રાયધણ પોતાના એક હજાર ખોરાસાની પઠાણની બેરખ લઇને માંડવી શહેરમાં નવલખા વેરાની મુંડ દીઠ ત્રણ ત્રણ કોરી વસુલ લેવા નીકળ્યો.

એ પહેલવાન હતો. જાડેજો રજપૂત છતાં મુસ્લીમોના કુરાન ઉપર એનું આંધળું યકીન બેઠું હતું. લોકોના જાનમાલને એ પોતાના વિલાસનાં સાધન સમજતો હતો. રૈયતની વહુ-દિકરીઓને એ પોતાના રણવાસમાં બેઠેલી વડારણો સમી જ લેખતો હતો. એની શિકારી વ્યભિચાર-વૃત્તિ, એની કારમી શાસન-પ્રથા, એની સીતમગાર મહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂલ-પદ્ધતિ એ તમામને કારણે કચ્છની રૈયતે એ નામચીન રાજાને રાતા રાયધણનું ઉપનામ આપ્યું હતું. એ ઉપનામ તો હતું એની ક્રૂર અને હવસપરસ્ત મનોવૃત્તિમાંથી જન્મ પામેલું, પરંતુ પહેલી નજરે જોતાં તો એની શારીરિક સંપત્તિને અર્ધ્ય સમું પણ હોઇ શકે એવો આભાસ થતો. એ પૂરો સાડાત્રણ હાથ લાંબો હતો. એની છાતી ગજ પહોળી હતી. એની કાયા શરીરમાં ખદબદતા માતેલા લોહીથી સદા લાલ રંગની રહેતી. વાઘ જેવા ક્રૂર અને ઉજ્જડ ચહેરા-માંથી એની લાલ હિંગળોક આંખો ક્રૂરતા નીતારતી હતી. પહેલી દૃષ્ટિએ જ ભય ઉપજાવે એવો માનવજાત ક્વચિતજ નિહાળે છે એવો એ નરવ્યાઘ્ર હતો.

એ જ્યારે પોતાના જ જેવા આચારવિચાર અને રૂપરંગના પહાણો લઈને વેરો ઉઘરાવવા નીકળ્યો ત્યારે એની પાછળ પાછળ જાણે કે લોહીની પગલીઓ પડી.

એક ગરીબ વાણિયાનું ઘર લૂંટી લીધું. એક બ્રાહ્મણના ઘરમાં માલમિલ્કત લૂંટી લીધા છતાં વેરા જેટલો અસબાબ ન નીકળ્યો. પોતાના વેરાની વસૂલાત જેટલી રકમ પણ ઘરમાં નહિ હોવા જેટલી કંગાલિયતમાં રા'ને ચોખ્ખો રાજદ્રોહ ના દેખાયો. રા'એ એ રાજ-દ્રોહના દંડમાં બ્રાહ્મણનું ઘર જલાવી દીધું.

કારમા કકળાટ, રક્તટપકતી ચીસોનાં ઊંટ-નગારાથી જેની આગેકદમ ગજવાતી આવતી હતી એવો રા' રુદ્રના અવતાર જેવો પોતાનો વેરો આ અને આવી અનેક રીતે વસૂલ લેતો લેતો ઘર ઘરની જડતી લઈ આગળ વધતો હતો. મધ્યાહ્ન થવાના અવસરે એક વિધવાનું ઘર આવ્યું.

રા' એ નરહીન ઘરમાં પેઠો. ત્રીસ વર્ષની ઉંમરની વિધવા થરથર ધ્રૂજતી હાથ જોડી કચ્છના પ્રતિપાળ સામે ઉભી રહી. ભય-કાળમાં કુકડીની પાંખો નીચે એની બગલમાં લપાય એમ એનાં નાનાં-મોટાં પાંચ છોકરાં એની પાછળ ભરાયાં.

'પાંચ છોકરાં ને છઠ્ઠી તું' ગુફામાંથી પવનનો ઝપાટો આવે એવા ડારતા ઘોરતા અવાજે રા' બોલ્યો: 'છ તેરી અઢાર. લાવ અમારી કોરી વેરાની.'

અઢાર કોરી ! પતિવિહોણી ધનવિહોણી હિન્દુ વિધવા દળણાં દળીને અને ગામનાં પાણી સારીને, ગામની સ્ત્રીઓનાં મેલાં મેલાં લૂગડાં ધોઇને માંડ માંડ પોતાનાં પાંચ સંતાનોમાં અને પોતાના દેહમાં પ્રાણ ટકાવી રાખતી કંગાળ વિધવા અઢાર કોરી જેવી રકમ ક્યાંથી કાઢે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાવા, હું વિધવા છું–ગરીબ છું. ગામનાં કામ કરીને મારાં બાળકો ઉછેરૂં છું. હું ક્યાંથી વેરો આપું? તમારી ગાય છું.'

'હા–હા–હા.' દિશાઓ કંપાવે એવું કારમું હાસ્ય કરીને રા' હસ્યો: 'ગાય બાયમાં માનનારા મૂર્ખ રા'ઓ બીજા, આ રાયઘણ નહિ. જાણે છે, હું રાયઘણ! લાંબી વાત નહિ. વેરો ઝટ ચૂકવી દે.'

અઢાર થીંગડાં દીધેલો પોતાનો સાડલો ને ભૂખમરાની ભઠ્ઠીમાં શેકાઇ ગયેલાં પોતાનાં બાળકોને રા'ને બતાવીને વિધવા કરગરી: 'ઓ મારા રા'! હું તો રાંક છું, વિધવા છું. હું તો દેવા કરતાં લેવા જોગ છું. મારી હાલત ઉપર જરા દયાભરી નિગાહ નાખ. મારા બાપ, મને છોડી દે. વિધવા એ તો રાજા ને મહાજનની દિકરી કહેવાય.'

એ અવાજમાં પથ્થરને પીગળાવવાની તાકાત હતી. પરંતુ રાજાની દયાહીનતા પથ્થરથીયે વધારે કઠોર હોય છે. રા'એ નિષ્ઠુર જવાબ દીધો: 'અરે એમ તો બહુએ દિકરીઓ થતી આવે. એ બધાના બાપ થવાની મને ક્યાં ફૂરસદ છે? આમ બધેય હું દયા વેરતો ફરૂં તો મારો વેરો પુરોય ન થાય. બાઇ! બધીયે પંચાત છોડી દે. મને ફોસલાવવાની બધી તજવીજ મૂકી દે. ઘરમાં દાટી હોય ત્યાંથી વેરાની કોરી કાઢી દે.'

કંપવા થયો હોય એમ વિધવા રોમરોમમાંથી ત્રાસથી કંપતી રા'ની સામે ઉભી રહી. અનાથતાની એ સજીવ મૂર્તિ ઉપર રા'ને કાંઇ રહેમ ન આવી. 'આ રાંડ એમ ને એમ નહિ માને. વિધવાઓની ગાંઠમાં કાંઇ નહિ તો છેવટે સ્ત્રી–ધન તો હોય જ. ઘર તપાસી વળો. ખોદી નાખો. આપણો વેરો વસૂલ લ્યો.' રા'નાં પઠાણી ફરમાન થયાં.

એ નાનકડા ઓરડાના અંદરના થોડા સામાનને પઠાણોએ વીંખી પીંખી નાખ્યો. એ નાના કમરાનાં ભોંયતળિયાંને હજાર હજાર પઠાણોના રાઠોડી હાથોએ પલવારમાં ખોદી નાખ્યું. પરંતુ એ કંગાળ ઘરમાં એક રાતો ત્રાંબિયો સરખો પણ કોઇને હાથ ન આવ્યો.

નિર્ભેળ ને દારુણ કંગાલિયતની એ જીવતી તસ્વીર જોઇને રાતા રાયઘણના લોહીમાં પોતાને જાણે કે કોઇએ લૂંટી લીધો હોય એવો કિન્નાખોર રોષ આવ્યો. 'તાહેરખાન, અમદાદખાન, રહમાન' રા'એ પોતાના ત્રણ પઠાણોને બોલાવ્યા. ત્રણ માનવી આગળ આવ્યા: 'જી'

આ રાંડ પોતાનો વેરો નથી દેતી. એણે ગમે ત્યાં પણ પોતાની મિલ્કત છુપાવી દીધી છે. ગામના તોફાની મહાજનના ઠરાવ પ્રમાણે વેરો દેવાની એ રાંડની દાનત નથી દેખાતી. રાજની એ ચોર છે. રાજ્યના ફરમાનનો ખુલ્લો ભંગ કરનાર એ બંડખોર છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામના મહાજનને પોતાની શી વલે થવાની છે એનું આગળ ભાન થાય, વેરો નહિ ચૂકવવાથી પોતાની શી દશા થાય એની રૈયતમાત્રને જાણ થાય એ ખાતર આ વિધવાને નસ્યત દેવી ઘટે છે. શા માટે એ રાંડે ગમે ત્યાંથી માગીભીખીને પોતાની પાસે અઢાર કોરી ન રાખી ? આ રાંડની પાસેથી લેવા જેવી એક માત્ર ચીજ અત્યારે આ મકાનમાં છે.'

'જી હા,' કંગાળ મકાનમાંથી શું લેવા જેવું છે એનું પઠાણોને જ્ઞાન ન હતું. ત્રણે પઠાણો છીકાર સાથે કુરનશ બજાવી ઉભા રહ્યા.

"એની પાસેથી લેવા જેવી એક વસ્તુ છે. અને તે એની હશ્મત. એનાં છોકરાંઓને પણ સામે ઉભાં રાખો. બાલપણમાંથીજ રાજસત્તા સામેના બંડખોરની શી દશા થાય છે એનું એમને જ્ઞાન મળે."

રા' અને એના પઠાણો એ નાના મકાનની બહાર નીકળી ગયા. રા'એ કરેલી આજ્ઞાની નિષ્ઠુર ભીષણતાનો વિધવા પાર પામી શકે એ પહેલાં તો એ મકાનનાં બારણાં વસાઇ ગયાં; ને બીજી ક્ષણે કોઇ ઉજ્જડ મકાનમાં પરચો થતો હોય એમ એ કંગાળ મકાનમાંથી પાંચ બાળકોની અને વિધવાની ચીસો દૂર દૂર સુધી સંભળાતી ઉઠવા લાગી.

વિધવાની એ ચીસો સાંભળી રા' હસ્યો. એ હાસ્યના પડછાયા એના પઠાણો ઉપર પથરાયા. થોડી વાર પછી પઠાણો એ મકાનની બહાર આવ્યા. એમની પાછળ હેબતથી ફાટી પડેલો વિધવાનો પ્રાણહીન બનેલો સુક્કો ને અકાળવૃદ્ધ દેહ લોહીની ઉલટીમાં રગદોળાતો હતો; ને અશ્રુહીણી ત્રસ્ત આંખોવાળાં પાંચ બાળકો એ દેહની પાસે બેસી રહ્યાં હતાં. નિર્બળ ભયની સફેદ આગમાં એમની વાચા સળગી ગઇ હતી.

મધ્યાહ્ન થયો. વેરાની ઉઘરાણી નમતા પહોર ઉપર મોકુફ રાખી રા' રાયઘણ પોતાના પઠાણોને લઇ રોટલા ખાવા ને વામકુક્ષી કરવાને પોતાના મુકામ ઉપર ગયો. અર્ધું શહેર ભોગવેલી ને બાકીનું શહેર ભોગવવાની વેદના ઉપર જાણે કે કળકળતું હતું.

વેરાની ઉઘરાણીની કારમી કઠોરતાના સમાચાર શહેરના મહાજન ઉપર પડયા હતા. એક બાજુ રા' શહેરને છેડેથી વેરો ઉઘરાવતો આવતો હતો, ત્યારે બીજે છેડે શહેર સમસ્તનું મોટું મહાજન સુંદરવરના દેવળમાં એકઠું થયું હતું. બધાના ચહેરા ઉપર ત્રાસ હતો. બધાના ચહેરા ઉપર વૈધવ્યના જાણે કે પડછાયા પથરાયા હતા. એક દિવસમાં જાણે કે શહેર વૃદ્ધ અને જીર્ણ બની ગયું. કાલભૈરવે જાણે કે શહેરને ભરખી ખાધું હોય એવી અનાથ ઉજ્જડતા વાતાવરણમાં જાણે કે છવાઈ ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા વખતની મહાજનની સભા કરતાં આજની આ સભા જુદી હતી. ગયે વખતે તો બધી સૈદ્ધાન્તિક વાતો કરવાની હતી. આ વખતે તો એ સિદ્ધાંતના પડછાયા પથરાતા હતા અને કંઇકના ચહેરા ઉપર ઘેરાયા હતા. ચંદ્રને વાદળ છાઈ દે એમ મહાજનનાં તેજ પદાણી વાદળથી જાણે કે સંકેલાઇ ગયાં હતાં.

વિયો મહેતો બોલ્યાઃ–"આપણી તો સલાહ છે કે રા' બમણો માગે છે તે બમણો વેરો ચૂકવી દેવો. ગરીબડી રૈયત ઉપરનાં વીતક હવે તો નથી જોવાતાં.'

"હાસ્તો, પેલી વિધવાની વાત સાંભળી ને ? આવા દંડ ભોગવવા કરતાં દોઢ લાખ કોરી દઈ દેવી એમાં ખોટું શું ?" વિક્રમશી શેઠે પણ વિયા મહેતાના સૂર સાથે સૂર પુરાવ્યો.

"આમાં વેરો તો એટલો ને એટલો દેવાનો છે. પણ સામા મૂરખ બનીએ છીએ. ને નાહક મિલ્કતનું જોખમ ખેડીએ છીએ. રાજવેરો માગે છે એ દીધા વગર કોઇને ચાલવાનું છે ? રહેવું છે રાજમાં, વેપાર કરવો છે રાજમાં, ધંધો કરવો છે રાજમાં ને રાજની સામે માથું ઉંચકીને રૈયત કેટલેક જાશે ? ચંદ્રમાંથી શિયાળ નાસી નાસીને પણ કેટલે દૂર નાસશે ? માટે આપણો મત પણ હવે તો વિયા મહેતાની સાથેજ મળે છે." હકમીચંદ જંગબારી ગઇ સભામાં વેરાની વિરુદ્ધમાં હતા એમણે આ સભામાં આવતા ભયને નિવારવા વેરાની તરફદારી કરી.

"એ તો ગઇ સભામાં તમારૂં સૌનું માન્યું એમાં આટલી હેરાનગતિ ઉઠાવવી પડી, ને નાહકનો આખા ગામનો બમણા વેરાનો દંડ થયો. જુવાનિયા એ આખરે જુવાનિયા. આગળપાછળનો વિચાર નહિ. આંખે પાટા બાંધી ચાલે. પોતે ખાડમાં પડે ને બીજાને પાડે." વિયા મહેતાએ અંતરની કડવાશ રજુ કરી.

"એ તો જે નિર્ણય કરો એની પૂરેપુરી અસર માપી લેવી જોઇએ ને ? આખા શહેરના મહાજને એક વાર નક્કી કર્યું કે વેરો નથી દેવો. હવે ચાર ચાર દિવસ પછી શહેરનું મહાજન થુંક્યું ગળશે ?" આશકરણ શેઠ બોલ્યો.

"હવે આશલા" રોષભર્યા તિરસ્કારથી વિયો મહેતો કઠોર અવાજે બોલ્યોઃ–"તું તો બોલવાનુંજ રહેવા દે."

"શેઠ, હું માણસમાં છું, પણ તમે સૌ નથી. તમે આજ સૌ માણસ ટળીને મેંઢાં બન્યા છો. તમારા બોલની તમને કિંમત નથી રહી. તમે ડરપોક બની ગયા છો. તમારી સુંવાળી ચામડી ને તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂધચોખા જાળવી રાખવા માટે તમે આજ માણસાઇના નૂર વગરની વાતો માંડો છો......"

"હું હું આશા ?" આશકરણના જુવાન મિત્ર કાશીગર ગોસાંઇએ આશકરણની કઠોર બનેલી જબાનને આગળ વધતી અટકાવવાના ઇરાદાથી એને ચેતવ્યો.

મહાજનમાં તો જાણે કે સન્નાટો છાઇ ગયો. કોઇ ગયબી ઇલમથી જાણે કે બધા માટીના માનવી ટળીને પથ્થરનાં પૂતળાં બની ગયા. સેંકડો વર્ષથી મહાજનની સંસ્થા ચાલી આવતી હતી અને લાખ જાતના એ શહેરી વહીવટ કરતી હતી. પરંતુ આજદિન તક કોઇએ મહાજનમાં ન તો આવા સૂર કાઢ્યા હતા કે ન તો કોઇએ મહાજનને આવા ઉપાલંભો આપ્યા હતા. આભ ફાટતું હોય–કોઈ બીજી દુનિયાનાં દર્શન થતાં હોય એમ સૌ કોઇ ઉજ્જડ ચહેરે આ અકલ્પ્ય વાણી અને અપરિચિત સૂરો સાંભળી રહ્યા.

"મને બોલવા દો ગોસાંઇ મહારાજ" આશકરણ ગોઠણભર થઇ સભાની આગળ આવ્યો. "બહુ દિન મનમાં વિચારો કર્યા. બહુ દિન મનમાં ને મનમાં વાતોની વિમાસણ કરી. બહુ દિન તમારા બોલ સાચવ્યા છે, ને બહુ દિન જાળવીશ; પણ આજ મારા મોં ઉપર છીકલી બાંધવાની વાત મૂકી દો. આ બધાય મોટી મોટી પાઘડીઓ ને લાંબા લાંબા અંગરખા પહેરનારા વૃદ્ધોને અમારા જેવા જુવાનોનાં અંતર એક વાર જાણી લેવા દો.

"એક વાર તમે ઠરાવ કર્યો કે વેરો નથી દેવો. આજ ચાર દિવસ પછી કહો છો કે એકવડો તો શું પણ બમણો તો બમણો પણ વેરો દઇ દેવો. શા માટે ? તમે પઠાણોના ત્રાસને આગળ કરો છો, તમને આજ ગરીબડી રૈયતની દયા આવે છે, તમને આજ રૈયતની મિલ્કત ઉગારવાની ઇચ્છા થઇ આવે છે. અંતરની મતલબ જ કાં નથી કહી દેતા કે તમને તમારી જાતનો ભય લાગે છે ? તમને તમારી મિલ્કત ઉગારવાની તાલાવેલી લાગી છે ? મતલબ તમારી છે. મેલ તમારા મનમાં છે. શા માટે તમારા એ મેલ તમે રૈયત ઉપર લાદો છો ?"

"છોકરા !" વિયો મહેતો કડક બનવાનો પ્રયાસ કરતાં રોષથી કંપતા સૂરે ત્રાડયાઃ "તારો બાપ મારો લંગોટિયો ભેરૂ; એટલે તારી બેમરજાદને અમે નિભાવીએ છીએ. તને આ રૈયતનું કશું લાગતું જ નથી ? આખી રૈયત ઉપરના ત્રાસના ભારને અમે દૂર કરવા મથીએ છીએ એમાં શું અમારી મતલબ છે ? શું પેલી વિધવાની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેં નથી સાંભળી ?"

આશકરણના અંતરમાં વિધવાના થયેલા ઉલ્લેખે ભીષણ આતશ જગાવ્યો. દુઃસહ તેજ એની મોટી આંખોમાં ચમકી ઉઠ્યું. 'હા, એ કથા મેં સાંભળી છે શેઠ. ને એ કથા સાંભળીને મહાજનનાં નામ ઉપર મેં આંસુ સાર્યાં છે વિયા શેઠ! એ વિધવા મરી ગઈ ને સાથે મહાજન પણ મરી ગયું. હવે આ ગામમાં મહાજન નથી પરંતુ મતલબી ને બીકણ માણસની જમાત છે. જેમ એ વિધવાનાં છોકરાં અનાથ થયાં તેમ આજ તો રૈયત અનાથ થઈ છે.

"વિધવા એ તો મહાજનની પુત્રી." આશકરણ અપાર્થિવ અવાજે બોલ્યો. એના જુવાન ચોવીસ વર્ષના ચહેરા ઉપરની એકેએક કોમળ રેખા કોઈ ભયંકર આગમાં જાણે કે સળગી ગઈ હતી. જળી ગયેલી તમામ કોમળતાની ભસ્મ પોતાના મુખ ઉપર એણે લગાવી હોય એમ એનો ચહેરો ભૂરો બની ગયો હતો. ત્રિપુરારી જુગજુગના શ્મશાનવાસ તરછોડીને મહાજનની સભામાં આવ્યા હોય એવો દેખાતો આશકરણ મહાજનને જાણે કે ચાબુક વતી ફટકારતો હોય એવા અવાજે બોલ્યો: "શહેરમાં એક પણ વિધવાનો એક પણ વાળ વાંકો કરે તો મહાજનને શરમાવું પડે. આજ આ શહેરમાં એક વિધવાની હસ્મત ધૂળ મળી. એ વિધવાનું ખૂન થવા જેવું મૃત્યુ થયું. એનાં પાંચ પાંચ બાળક મા વગરનાં થઇ બેઠાં. અને મહાજન? મહાજન માજન બનીને બેઠું હા—હા—હા—હા...હા."

ઘોર અટ્ટહાસ્ય કરી આશકરણ બોલ્યો:

"તમે ભલે થાકો, તમે ભલે વેરો દઈ દ્યો. અમે નહિ દઇએ."

"તો એમાં તમારૂં શું વળ્યું? રા' મારી પીટીને વસુલ લેશે."

"ભલે લ્યે. અમે રાજીખુશીથી નહિ આપીએ. જુલમથી ભલે અમને લૂંટી લ્યે."

"અરે છોકરા" વિયા મહેતાના અવાજમાં સમજાવટનો સૂર હતો. જરા સરખી યે ઉચ્છૃંખલતાને આખરી રીતે ડામી દેવાની તિખાશ હતી. "ગાંડાં કાઢ મા. મરવા ને ફના થવા તારી સાથે તે વળી કોણ આવતો હતો? તારો વેરો તારા બાપને ખાતર કંઇક ચૂકવી આપશે."

"મારો વેરો કોઇ ચૂકવે એને મા આશાપુરીની આણ છે. ભલે હું એકલો રહીશ, ને હું એકલો જ ઝૂઝીશ. જેને મારો સંગાથ કરવો હશે એ સૌને હું મારી સાથે ચાલવા નોતરૂં છું. હું આગળ ચાલીશ, પાછળ બીજા ચાલજો. ને જો કદી યે બંદૂકની ગોળી ખાવાનો અવસર આવશે તો પહેલી ગોળી હું મારી છાતીમાં ઝીલીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છલાંગ મારીને કાશીગર ગોસાંઇ ઉભો થયો: "હું આવીશ." રામજી ખવાસે પણ આશકરણની સાથે ઉભવાની તૈયારી બતાવી. હકમીચંદ જંગબારી–ઉર્મિલ અને અસ્થિર મનનો–ફરી પાછો પક્ષ ફેરવીને બોલ્યો: "અને હુંય આવીશ."

એક પછી એક જુવાન જાણે કે મહાકાળની ચાળણીમાં ચળાઇને અળગો પડી ગયો, આશકરણનો સંઘ મોટો થયો. વિજેતાના ટેકીલા અવાજે એ બોલ્યો: "બસ, અમે મહાજનમાંથી આજ નીકળી જઇએ છીએ, તમે ડોસાઓ કરવું હોય તે કરજો, અમે જુવાનો અમારે કરવું હશે તે કરશું. તમારા ને અમારા પંથ ન્યારા છે."

આશકરણ સભામાંથી ઉઠીને ચાલી નીકળ્યો ને એની પાછળ મહાજનની જુવાની ચાલી નીકળી. મહાજન વિમાસી રહ્યું: "હવે શું થશે? રા' બાવા ગુસ્સે તો નહિ થાય ને?"

સભામાંથી બહાર નીકળીને બહાર રસ્તા ઉપર આવી આશકરણે કહ્યું: "આમ ને આમ હાથ જોડીને બેસી રહેવામાં કે વેરો ભરવાનો માત્ર ઇન્કાર કરવામાં શો સાર? હું તો માગું છું કે રાયઘણને આપણે આવા વેરાઓ લાદવાની આદત ભુલાવી દેવી જોઇએ."

"એની પાસે હજાર પઠાણ છે હો." રામજી ખવાસે ચેતવણી આપી.

"ભલે રહ્યા. માંડવીના જુવાનો જો જમા થાય તો દશ હજાર જુવાન સહેજે મળી જાય. પઠાણો હજાર છે. આપણે પાંચ હજાર થઇએ. માણસની સામે માણસ ઉભો રાખો તો પઠાણો આપણા જુવાનો કરતાં ક્યાં બહાદૂર છે? એ જે કરશે તે પેટને માટે કરશે, આપણે જે કરશું તે નાક માટે કરશું."

"એમ તો તમે કહેતા હો તો મારી નાતના હું હજાર જુવાન જમા કરૂં." રામજીએ કહ્યું.

"તો બસ, હવે હાકલ કરો. મરશું તો મરશું પણ કમોતે નહિ મરીએ, ને આપણી ચિંતા એવી આગ જલાવશે કે કદીય બુઝાશે નહિ. જુગજુગના અંધકાર તોડીને પણ એના પ્રકાશ રેલાશે. નિષ્ઠુર સીતમગાર, રાક્ષસી રાજ્વટ એ પાવકજ્વાલામાં જલી જશે."

રાયઘણ ભોજન લઇને વામકુક્ષી કરીને નમતા પહોરે ઉઠયો. એણે એના પઠાણોને તૈયાર કર્યા અને સવારનું અધૂરૂં રહેલું કામ પૂરૂં કરવાને માતેલો સાંઢ જાણે કે વાડામાંથી બહાર નીકળ્યો.

પરંતુ સવાર કરતાં તેણે અત્યારે કોઈ જુદું દશ્ય જોયું. વાતાવરણમાં જાણે કે વીજળી સાથે વીજળી ઘસાતી હતી. હવામાં અસ્પષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણકાર સંભળાતા હતા. સવારે મધભરેલા ખાલી દેખાતા મધપુડામાં બપોર પછી જાણે કે મધમાખીઓ એકઠી થઇને ગુંજતી હોય એવો ગુંજારવ તેણે સાંભળ્યો. એને વાતાવરણની વીજળીકતા, અસ્વસ્થતા, ન સમજાયાં. અને એ આગળ વધવા માંડયો.

થોડેક આગળ વધ્યો હશે ત્યાં તો એકાએક ભડાકા સળગતા ગાજ્યા. વેદનાઝરતી તાજુબીભરી ચીસ નાખીને થોડા પઠાણોને ભોંય પડતા એણે જોયા. પોતાના પઠાણોના લોહીને માંડવીના રાજ-માર્ગને ભીંજવતું એણે જોયું. "બંડ! લોકોએ બંડ કર્યું!" એને વાત સમજાઇ ગઇ. અને એના ચહેરા ઉપર દૈત્યોનો દાનવી રોષ એની આંખમાં પાગલ તેજથી પ્રજ્વલી ઉઠયો.

પરંતુ એની કારવાઇઓ નકામી ગઇ. એના પઠાણો બંડે ચડેલી માંડવીની જુવાનીનો સામનો કરવાને નાઇલાજ હતા. ઘરઘરની બારી-માંથી, ઘરઘરના છાપરામાંથી, શેરી શેરીના ખૂણામાંથી જુવાનો નીકળવા માંડયા. કંઇક દિનથી સંઘરેલાં કાટ ખાતાં હથિયારો પડિયારોના ઘાવ પઠાણોના દેહને, એમની ખોરાસાની નિષ્ઠુરતાની નામચીનીને જમીનદોસ્ત કરવા લાગ્યા. સાતસો પઠાણોની લાશને માંડવીના રસ્તામાં રઝળતી મૂકી ભયભીત બનેલો, નિર્બળ ત્રાસથી પાગલ બનેલો, મતિવિભ્રમિત રાયધણ ઘોડા ઉપર બેસીને માંડવીમાંથી એકલો જીવ લઇને નાઠો. માંડવીની પ્રજાના સફળ બંડથી ચિત્તભ્રમ બનેલા ત્રાસ પામેલા રાનું મગજ પછીથી જીંદગીભરમાં કોઈ દિન ઠેકાણે ન આવ્યું એમ ઇતિહાસ કહે છે.

એ લાશો ઉપર ઉભીને આશકરણે હર્ષથી ફાટતા અવાજે કહ્યું:

"હવે આનંદ થયો. આજ સાચો આનંદનો અવસર છે. આજથી આપણું આ માંડવી સ્વતંત્ર શહેર છે. આજથી એ એનો કારભાર જાતે કરી લેશે. ભૂજની રાજસત્તા જ્યાં સુધી જુલમગાર રહેશે ત્યાં સુધી માંડવી ભૂજથી સંપૂર્ણ સ્વાધીન રહેશે."

થોડી વાર રહીને આસ્માનમાંથી કોઇ દુર્જય પ્રેરણા ઝીલતો હોય એમ આકાશ સામે હાથ જોડીને આશકરણ બોલ્યો: "જુવાનો! આજે આપણે આ પ્રતિજ્ઞા લઇએ. એ પ્રતિજ્ઞા પાળવાનું મા આશા-પુરી આપણને બળ આપો."

(તા. ૧૮–૨–૩૩ના "ફૂલછાબ"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧–પ્રતિમાનાં પૂજન

(લેખકઃ–શ્રી. ચતુર્ભુજ નાગરદાસ આચાર્ય. તંત્રીઃ "વસુંધરા")

"બેટા હરિહર ! આટલો બધો પરિશ્રમ શા સારૂ ? રોજ અખાડામાં જઇને કાયાને વલોવી નાખવાથી શો ફાયદો ? મને તોએ જરાય નથી ગમતું !"

"પિતાજી ! અખાડામાં જઈ અંગકસરત કરવાથી શરીર વલોવાતું નથી, પણ કસાય છે. તમેજ કહોને કે પહેલાં કરતાં હમણાં મારૂં શરીર કેટલું મજબૂત છે !"

"એ તો બધુંએ ઠીક થયું છે; પણ શરીર મજબૂત બન્યા પછી રોજ ઉઠીને લાઠીઓ ફેરવવાનું શું કામ ? રજપૂતોની પેઠે આપણે ક્યાં રણસંગ્રામમાં ઉતરવું છે !"

"બાપુ ! રણસંગ્રામમાં જવા માટેજ શરીરને કસવાનું નથી; પરંતુ કસાએલું શરીર અનેક નિર્બળ અને નિરાધારોના રક્ષણાર્થે ખપ લાગે છે."

"તારી આવી વાતો સાંભળીને મારૂં કાળજું કંપી ઉઠે છે ! હૃદયના ધબકારા વધી જાય છે ! પારકાંની ઉપાધિ આપણે શામાટે કરવી ? સૌ સૌનું સૌ ફોડી લેશે. મારૂં જર્જરિત શરીર આ માંદગીમાંથી સારૂં થવાની જરાયે આશા નથી ! આ જીર્ણજ્વર જીવ લઇને જશે એમ લાગે છે ! દીકરા ! હું સાચું કહું છું. તને મારા ખાટલા આગળથી દૂર નહિ ખસવા દઉં !"

"પિતા–બાપુ ! એમ ચિંતાતુર ન થાઓ. હું તમારી સેવામાંથી જરા પણ અળગો નહિ ખસું, ધીરજ રાખો, પ્રભુ દયાળુ છે ! નાહિંમત ન બનો ! ઢીલા વિચારોથી માનસિક શક્તિનો બંધ ઢીલો પડે છે અને તેથી શરીર શિથિલ થતું જાય છે. ડૉક્ટર આજેજ કહેતા હતા કે હવે તમારી તબિયત સુધારા ઉપર છે."

"મારી તબિયતમાં સુધારો થતો હોય, તો હું કેમ ન સમજી શકું ? મને મારા શરીરની કંઈ ચિંતા નથી. ફક્ત તારીજ ફિકર છે દીકરા ! પણ"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી ફિકર જરાયે ન કરો બાપુ! હું તમારી આજ્ઞાનું યત્કિંચિત્ ઉલ્લંઘન નહિ કરૂં!"

પુત્રના વચનમાં દૃઢતાભરેલી પિતૃભક્તિ તરવરી રહી! પિતાને સંતોષ થયો અને શાંતિનો લાંબો શ્વાસ ખેંચી શ્રમિત શરીરને વિશ્રામ આપવા બન્ને આંખો બંધ કરી!

પાયધુની ઉપર આવેલા મુસા મામુની ચાલમાં રંગનાથ મજમુદાર છેલ્લાં દસેક વર્ષથી રહેતા હતા. તેમને સંતાનમાં હરિહર એકજ દીકરો હતો. હરિહરની ઉંમર અઢાર વર્ષની હતી. તેણે માનસિક કેળવણી સાથે શરીરને પણ સારૂં કર્યું હતું. પિતાપુત્ર વચ્ચે ઉપર્યુક્ત ચાલતી વાતચીતને સહજ વિસામો મળ્યો, ત્યાં નીચેના રાજમાર્ગ ઉપરથી બૂમો સંભળાવા લાગી: "દોડો, દોડો! કોઈ બચાવો!"

હૈયા સોંસરી નીકળી જાય એવી આક્રંદની કારમી કીકીઆરીઓ સાંભળીને ચાલમાં રહેનારા લગભગ પાંચસો જેટલા પુરુષો માળ ઉપરની બારીઓમાંથી ડોકાં તાણી તાણીને નીચે જોવા લાગ્યા! પુરુષો હોવા છતાં નહોતી કોઈનામાં નીચે ઉતરીને લાઠીઓના મારથી વિંઝાતા એક યુવકને બચાવવા જેટલી હિંમત કે નહોતી કોઈનામાં એ આઠ દસ ગુંડાઓને પહોંચી વળવા જેટલી તાકાત!

રાજમાર્ગ ઉપર હાહાકાર મચાવતા આઠ-દસ ગુંડાઓ બિચારા એક વણીક યુવક પર લાઠીઓનો વરસાદ વરસાવતા હતા! તેમની સામે થઇને હઠાવવા જેટલી બહાદુરી પાંચસોમાંથી પાંચ પુરુષો પણ બતાવી શકયા નહિ! મરણની બીકથી ડરીને પંખીઓ જેમ માળામાં લપાઇ જાય, તેમ આ મુસા મામુના માળામાં રહેનારા ભીરુ માણસોએ બારીઓમાંથી ડોકાં પાછાં ખેંચી લીધાં! બારણાં બંધ કરી ઓરડીઓમાં ભરાઈ બેઠા! કાયરની પેઠે સૌનાં કાળજાં ફફડી ઉઠયાં હતાં! બધાને એવી બીક હતી કે રખેને મામલો વીફરે! જો એમ થાય તો માળાની ઓરડીઓ ઉપર જરૂર ધસારો આવવાનો! આવા આવા વિચારોથી ઓરડીમાં ભરાઈ બેઠેલાં સૌ માનવીનાં ગાત્રો કંપતાં હતાં!

નીચેથી વધારે ને વધારે કરુણ ચીસો સંભળાવા લાગી: "ઓહ! મરી જાઉં છું! કોઇ આવો, બચાવો! બચાવો!" હજારો માનવીના આ ભરચક માળામાં નીચેની બૂમોના પડછંદા પડતા હતા! પણ કોઇનામાં શૌર્ય પ્રગટે એમ કયાં હતું?

મરણપથારીએ પડેલા બિમાર પિતાની પગચંપી કરનાર હરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરતું હૃદય નીચેની બૂમો અને મદદ માટેનું કરુણ આક્રંદ સાંભળી વલોવાઇ જતું હતું. તેના હોઠ પિતાની આજ્ઞા માગવા ફફડતા હતા! પરંતુ તેમની એટલી શાન્તિનોય ભંગ ન થવા દેવાની ખાતર શાંત અને નિશ્ચિંત સૂતેલા પિતાના ચરણમાં નમન કરી માતાને 'હમણાં આવું છું' કહી, રસોડાના દ્વાર પાસે ઉભેલી પ્રિયતમા તરફ સ્નેહભરી દૃષ્ટિ ફેંકી, હરિહર હાથમાં લાકડી લઇ ધમધમાટ કરતો દાદરનાં પગથિયાં ઉતરીને દોડી ગયો! પડકારા મારતો, પગના પડછંદા બોલાવતો તરુણ વીર લાઠી ફેરવવા મંડી પડયો! જેમ જેમ આગળ વધવા લાગ્યો, તેમ તેમ ગુંડાઓ મુંઝાયા, ગભરાયા અને આમ તેમ નાસવા લાગ્યા! બે ત્રણ ગુંડાઓ હરિહરની સામે ધસી આવ્યા, પણ ચક્રાવામાં પડતાં માંડ માંડ જીવ લઇને નાસી છૂટયા!

લાઠી ફેરવવાની કળા અને પોતાના બાહુબળની સહાયથી ગુંડાઓને નસાડી મૂકયા પછી હરિહર ભોંય પર પડેલા યુવકની પાસે આવ્યો, આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા! પણ એ તો તે યુવકને માટે છેલ્લુંજ આશ્વાસન હતું! લાઠીઓના સખ્ત મારથી તે બિચારો છેલ્લો દમ ખેંચતો હતો! યુવકની દશા નિહાળી હરિહરનું હૃદય દ્રવ્યું! મરણોન્મુખ યુવક નીચેના શબ્દો માંડ માંડ બોલી શકયો! ભા...ઈ...આ નો...ટો...નું...બં...ડ...લ...સ...ર...ર...ત...ન...દા...સ...ને પ...હોં...ચા...ડ...જે!!!

બસ, યુવક આથી વિશેષ કંઇ બોલી શકયો નહિ! સર રતનદાસ રંગાડીઆનો પ્રમાણિક મહેતો, શેઠની અંતિમ વફાદારી બજાવી આ દુનિયા ત્યજી ગયો!

*

* *

મુંબઇના મિલમાલેકો અને મજૂરો વચ્ચે પડેલા મતભેદમાંથી આ તોફાન જાગ્યું હતું. શેઠીઆઓએ હઠ પકડી અને મજૂરોનાં ટોળાં વીફર્યાં! મામલો ગંભીર બન્યો! સમાધાનીના સૂર કાઢવા શહેરના આગેવાનો નીકળી પડયા હતા, પણ તેમનું કોઇ સાંભળે તેમ નહોતું. મજૂરોએ શાન્તિ ખોઈ દીધી હતી! તેઓ જીદ પર ચઢયા હતા! આવી વિપરીત હાલતને લીધે મુંબઇના લત્તાઓ મારફાડના બનાવોથી ઘેરાઇ ગયા હતા! જૂના અને નવા મજૂરોના ટંટા ઉપરથી અવનવી ગુંડાશાહી ટોળીઓ ફાટી નીકળી હતી અને થોડે કે ઘણે અંશે આખા શહેરમાં મારામારી વધી પડી હતી! આખરે શાન્તિ સ્થાપવા રાજસત્તાને માથું મારવું પડયું. ઠેકાણે ઠેકાણે એકત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી આવી તોફાની ટોળીઓને વીખેરી નાખવા ગોળીબાર થવા લાગ્યા. ઘણાયે નિરપરાધી ઘવાયા ને મરાયા !

એવોજ કરુણ બનાવ પાયધુનીના નાકે બન્યો ! તેથી હરિહરના હૃદયમાં વ્યથા થવા લાગી. જો તે જરા વહેલો આ યુવકની વા'રે ધાયો હોત, તો તેનો પ્રાણ બચાવી શકત; પરંતુ ઈશ્વરી નિર્માણ મિથ્યા કોણ કરી શકે ? યુવકના મૃતદેહની વ્યવસ્થા કરવા હરિહર વિચાર કરે છે, એવામાં સામેથી સર રતનદાસની મોટર આવી પહોંચી. સર રતનદાસ સમજી ગયા કે મારા મહેતાનો પ્રાણ બચાવવા આ વીર યુવક તેની મદદે આવેલો છે. હરિહરને તેની મરદાનગી માટે ધન્યવાદ આપવા શેઠ પોતાની મોટરમાંથી નીચે ઉતરવા દ્વાર ખોલે છે એવામાં સામી દિશાએથી સણસણાટ કરતી ગોળી હરિહરનું હૃદય વીંધી આરપાર નીકળી ગઈ ! હરિહરનું શરીર પેલા મૃત યુવકના શબ ઉપર ઢળી પડયું ! તેના મુખમાંથી "ઓ માતા ! ઓ પથારીવશ પિતા ! ઓ ભોળી પ્રિયા ! હું જાઉં છું ! તમારી સંભાળ પ્રભુ લેશે !" આટલું બોલતાં બોલતાં હરિહરનો આત્મા તેની પ્રચંડ કાયામાંથી પ્રયાણ કરી ગયો ! !

સર રતનદાસ રંગાડીઆએ આ કરુણ ઘટના નજરે નિહાળી ! તેમનાં નેત્રોમાંથી બે અશ્રુબિન્દુઓ સરી પડયાં ! રાજદ્રૂતના કૃત્ય પર તેમણે ફિટકાર વરસાવ્યો ! પોતાના પ્રમાણિક નોકરની વહારે ચડનારનો આમ અચાનક અંત આવેલો જોઇ સર રતનદાસ અત્યંત દિલગીર થયા !

હરિહરના બિમાર પિતાએ આ હકીકત સાંભળતાંજ પ્રાણ છોડયો. તેની તરુણ પત્નીએ કારમી ચીસ પાડી કે તુરતજ તેનું હૃદય બંધ પડી ગયું ! માતા નિરાધાર બની !

*

* *

"માનવરાજે રચ્યાં મંદિરો કીર્તિ કાજે"

ટાઉન હૉલના ગર્ભદ્વાર આગળ ઉભા કરેલા મંડપના મધ્યભાગમાં ઉપરના સુવર્ણાંકિત શબ્દો લટકતા હતા. હૉલ આગળ આજે માનવમેદની ઉભરાએલી દીસતી હતી. પચરંગી પ્રજાના ભિન્ન ભિન્ન પોપાકોથી સભામંડપ દીપી રહ્યો હતો.

હરિહરની નિરાધાર માતાને માતા સમાન ગણીને સર રતનદાસે જીવનપર્યંત પોષવાની વ્યવસ્થા કરી હતી, પણ એટલેથી એ ગૃહસ્થના દિલનું સાંત્વન નહોતું થયું. તેમણે હરિહરની એક પ્રતિમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર કરાવી, મુંબઇના ટાઉન હૉલ આગળ તેનું કાયમનું સ્મારક સચવાઈ રહે એવી ગોઠવણ કરી.

કાઠિયાવાડના ગામેગામ ફરેલા ગજ્જ બારોટ વર્ષમાં એક વાર મુંબઈ આવતા અને સર રતનદાસના મિજમાન થતા. હમણાં છેલ્લા આઠેક દિવસથી ગજ્જે બારોટ શેઠના ઘરને શોભાવતા હતા. વિદ્યાદેવીના તે ભક્ત હતા. સરસ્વતી તેમની જીહ્વાગ્રે વસી હતી. આજે સ્વયં પ્રેરણાથી મંડપના દ્વાર આગળ ઉભા રહી આવનાર પરોણાઓનું સ્વાગત કરતા હતા. યાત્રાએ નીકળેલા ગજ્જા બારોટના ગામના બે–ચાર ખેડુતો ત્યાં આવી ચઢયા. ગજ્જા બારોટે તેમને બોલાવી હેતથી ખુરશી ઉપર બેસાડયા.

બિચારા ગામડીઆઓએ મુંબઇ શહેરની સમૃદ્ધિ અને આવો સમારંભ ક્યારે જોયો હોય ? પટેલીઆઓ કંઇ પણ બોલ્યા વિના ગજ્જા બારોટની આજ્ઞાનુસાર ખુરસી ઉપર બેસી ગયા હતાં; પરંતુ આ બધું શું હશે ? તે જાણવા તેમણે બારોટજીને પૂછ્યું: "હેં બારોટજી ! આ બધું શું છે ? આ શેનો મેળો છે ?"

ગજ્જે બારોટ બીજા કામમાં રોકાએલો હોવાથી વિશેષ વાતચીત ન કરતાં તેણે એટલોજ ઉત્તર આપ્યો કેઃ "બેસો ભાઈ ! આજના પ્રસંગની વાત કરવાનો ભાર મારા ઉપરજ આવેલો છે. વાતોના રસિયા પટેલીઆઓ બારોટજીની વાત સાંભળવા તલપી રહ્યા !"

મિત્રોના ટોળા સાથે સર રતનદાસ રંગાડીઆ મોટરમાંથી ઉતરી સભામંડપમાં આવ્યા. ચોતરફ શાંતિનું વાતાવરણ ફેલાયું ! સર રતનદાસે ગજ્જા બારોટને આજના કરુણ પ્રસંગ ઉપર થોડું વિવેચન કરી હરિહરનું સ્મારક ખુલ્લું મૂકવા ફરમાવ્યું.

મૂછોના થોભીઆ ચડાવી ગજ્જે બારોટ ઉભા થયા અને સભાનાં સૌ માણસો સાંભળે એવા બુલંદ અવાજે વિદ્વત્તાયુક્ત વચનો બોલવા લાગ્યાઃ 'આજનો પ્રસંગ જેટલો કરુણ છે તેટલોજ મહત્ત્વનો છે. ગુજરાત–કાઠીઆવાડનાં કેટલાંય ગામડાંઓને પાદર જુગ જુગ જૂના પાળીઆની હારો સિંદૂરના ચાંદલાઓથી જેવી ઓપી રહી છે, તેવીજ રીતે અહીં સુધરેલી ઢબે બનાવેલી આબેહૂબ સ્વર્ગસ્થના મુખને મળતી આ એક પ્રતિમા સભાના મધ્યભાગમાં ઉભી કરેલી છે. તેને ખુલ્લી મૂકવા માટે આપણે સૌ એકત્ર થયા છીએ. મારા ગામડીઆ ભાઇઓને કહેવું જોઇએ કે જેનું આ બાવલું છે, તે તરુણ જુવાને પોતાના માનવધર્મની ખાતર એક યુવકનો જીવ બચાવવા જતાં પોતાનો જીવ ખોયો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કુટુંબ, સમાજ અને દેશને માટે પ્રાણ આપનાર મહાવીરોની કીર્તિ સંઘરી રાખવાની આપણી આર્ય પ્રથા જગજાહેર છે. યુગપલટા સાથે આર્ય પ્રજાના હૃદયમાંથી ભીરુતા ખસવા લાગી છે. જૂના જમાનાના વૃદ્ધોના જર્જરિત દેહમાં પણ ચૈતન્યની ચીણગારીઓ ચમકવા મંડી છે. નાનાં બાળકોમાં શૌર્યના ઉમળકા પ્રકટી નીકળ્યા છે. પુરાણા કાળનાં કાળજાંને હચમચાવી નાખે તેવાં શૌર્યવર્ધક કવિતોની હારમાળા મારા કંઠમાં હજુયે તાજી છે; પણ આ બધું ક્યાં સુધી રહેશે? ગામોગામ ગવાતાં એ કવિતો હવે નહિ સંભળાય! રંગ બદલાયો છે! ગામેગામે અને શહેરે શહેરે એવા રસભંડારીઓની ઉણપ મારી નજરે તરવરે છે. આ મુંબઇ નગરીની પ્રજામાં ચેતનના અંબાર કાયમ ટકાવી રાખવા આપણા જાણીતા શેઠ સર રતનદાસે વીર હરિહરની આ પ્રતિમા ઉભી કરાવી છે. તેના ઉપર વીંટાળેલું કપડું હઠાવી એનાં મુખનું દર્શન કરાવવાનું મહદ્ ભાગ્ય મને મળ્યું છે."

તરુણ વીર હરિહરની પ્રતિમા ખુલ્લી થઇ! સૌનાં મસ્તક યંત્રવત્ નમી પડયાં અને હૃદય દ્રવ્યાં! ભોળા દિલના ગામડીઆઓએ પ્રતિમાને ચરણે હાથ ધરી, ભાવભીની આંખોએ વંદના કરી વિદાય લીધી!

(ફેબ્રુઆરી–૧૯૩૩ ના "શારદા" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨–પ્રેમ ત્યાં પ્રભુ

(મૂળ લેખક:–મહાત્મા ટૉલ્સ્ટૉય)

પ્રવેશ પહેલો

સ્થળ: માર્ટીન એડીચનું ઘર

(મોચી માર્ટીન પોતાના માંદા પુત્રની પથારી પાસે બેઠો છે. તેનો પુત્ર તાવથી પીડાય છે. માર્ટીન વચ્ચે વચ્ચે તેને એક પ્યાલી-માંથી કંઇક પ્રવાહી એક ચમચા વડે પાય છે. અંદર ધીરૂં સંગીત ચાલુ હોય છે. અચાનક દરદી મોતના ડચકા ખાવા માંડે છે, અને થોડી વાર પીડાયા પછી મરી જાય છે. માર્ટીન મૂઢ જેવો બની બેસી રહે છે)

માર્ટીન—અરે પ્રભુ! આ શું? જીવનની સર્વે આશાઓ મેં આ એક પુત્ર પર જ બાંધી હતી. આજે તેં એને મારી પાસેથી ઝૂંટવી લીધો. ઓ નાથ! મને પણ સાથે સાથે બોલાવી લે કે જેથી મારે એના વગર એકલા રહેવાનું દુ:ખ સહન ન કરવું પડે. અરેરે, મારે હવે કઈ આશા ઉપર જીવન ટકાવી રાખવું? નિર્દય પ્રભુ!... હું દુનિયામાં એકલો થઈ ગયો. (કલ્પાન્ત કરે છે)

(પડદો પડે છે)

પ્રવેશ બીજો

સ્થળ: રસ્તો

(માર્ટીન ચીંથરેહાલ પોશાકમાં એકલો ઉભો છે.)

માર્ટીન—શા માટે હું એ દેવળમાં જાઉં? દેવળમાં જવાથી શું મને મારો કપિટોન પાછો મળશે? ધર્મગુરુનો ઉપદેશ સાંભળ-વાથી શું મારૂં દુ:ખ ઓછું થશે? ધર્મગુરુમાં શું મને સાંત્વન આપવાની શક્તિ છે? જે પ્રભુએ વગરવાંકે મારી પાસેથી મારો પુત્ર ઝૂંટવી લીધો અને મને દુનિયા પર રીબાઇ રીબાઇને બાકીનું જીવન પૂરૂં કરવા રહેવા દીધો એ પ્રભુ અને એના પ્રતિનિધિ આ ધર્મગુરુઓ: એની પાસે જવાથી હું શું ફાયદો મેળવીશ? જુઓ, દેવળમાંથી બધા કેવા ખુશી ચહેરે ઘર તરફ પાછા વળે છે? એ દેવળમાં ફક્ત મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જ સ્થાન નથી. હજી તો ગયે રવિવારેજ હું અને મારો પુત્ર આજ વખતે દેવળમાંથી ઉપદેશ સાંભળી પાછા ફરતા હતા. મારી આંગળીયે વળગીને એ કેવો ગેલ કરતો ચાલ્યો આવતો હતો!

(વિચારશૂન્ય થઇ ઉભો રહે છે)

(સામેથી સાધુનાં કપડાં પહેરેલો એક વૃદ્ધ પુરુષ આવે છે.)

સાધુ—માર્ટીન!

(માર્ટીન ઉંચે જુએ છે)

સાધુ—મારી ઓળખાણ પડે છે કે?

માર્ટીન—ના.

સાધુ—જો, યાદ કર જોઇએ.

માર્ટીન—માફ કરજો. મારી આંખોનું તેજ હમણાંજ ઉડી ગયું છે. હું બરાબર દેખી શકતો નથી.

સાધુ—હું ટ્રોઇટસાના મઠમાંથી આવું છું.

માર્ટીન—(ચમકીને) કોણ એલીશા? ...માફ કરજો હો! મારો ખ્યાલ ન રહ્યો...(થોડી વાર પછી) તમે બહુ વૃદ્ધ થઇ ગયા છો...અહીંથી ગયે તમને બહુ વર્ષ થઇ ગયાં.

સાધુ—આઠ વર્ષ થયાં...તને દેવળમાં શોધ્યો, પણ ત્યાં તને ન જોવાથી તારા ઘર તરફ જતો હતો. તું દેવળમાં કેમ નથી ગયો આજે?

માર્ટીન—સાધુપુરુષ! દેવળમાં મારે માટે શાંતિ હોય એમ મને લાગતું નથી. આજે ત્રણ દિવસ થયાં મારા એકના એક પુત્રના મરણથી હું શૂન્યવત્ થઈ ગયો છું. મને કયાંઇ યે ચેન પડતું નથી. ઘર ખાવા ધાય છે. દુકાનમાં કામ કરવું ગમતું નથી, અને ભક્તિ કરવાથી યે મારૂં હવે શું વળશે? શું એથી મને મારો પુત્ર પાછો મળશે?... અને મને તો હવે જીવવાની યે ઇચ્છા રહી નથી. ભગવાન જો મારૂં સાંભળે એમ હોય તો એની પાસે એજ માગું છું કે મને હવે લઇ લે. દુનિયામાં મને હવે કોઇ જાતની આશા રહી નથી.

સાધુ—(જરા પાસે જઈ માર્ટીનના ખભા પર હાથ મૂકી) માર્ટીન! એવું આપણાથી બોલાય નહિ. ભગવાનનાં કાર્યો અને યોજનાઓની તુલના કરનાર આપણે કોણ? શું સારા–નરસાનો નિર્ણય કરતી વખતે આપણે આપણી બુદ્ધિનો વિશ્વાસ ન કરવો? પણ પરમાત્માની કરુણામય બુદ્ધિ પર પૂર્ણ શ્રદ્ધા રાખવી. પરમાત્માને જો એમ ઠીક લાગ્યું તો તારો પુત્ર ગુજરી જાય અને તું જીવતો રહે તો એ જરૂર ઉત્તમોત્તમ હોવી જોઇએ. ને તારી નિરાશા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું મૂળ કારણ તો એજ છે કે તારૂં જીવન તું તારા પોતાનાજ સુખને અર્થે ગાળવા માગે છે.

માર્ટીન—તો બીજા શાના અર્થે જીવન ગાળવાનું હોય ?

સાધુ—ઈશ્વરપ્રીત્યર્થે માર્ટીન ! એણે તને જીવન બક્ષ્યું છે એટલે એને અર્થેજ તારે જીવન ગાળવું જોઈએ. જ્યારે તું એને માટે જીવતાં શીખીશ ત્યારે પછી તને શોકનું કારણ નહિ રહે, અને બધી વાત પછી તને સરળ લાગશે.

માર્ટીન—પણ ઈશ્વરપ્રીત્યર્થે માણસે કેમ કરીને જીવન ગાળવું ?

સાધુ—માણસે ઈશ્વરપ્રીત્યર્થે જીવન કેમ ગાળવું તે ક્રાઈસ્ટે દર્શાવ્યું છે. તને વાંચતાં આવડે છે ? તો પછી સુવાર્તાની ચોપડી ખરીદી વાંચવા માંડ. ઈશ્વરપ્રીત્યર્થે કેમ જીવન ગાળવું તેની સમજ તને એમાંથી પડશે. બધી હકીકત એમાં જણાવી છે. માર્ટીન ! અત્યારે તો હું જઈશ. મુસાફરીનો થાક હજી મને ઉતર્યો નથી... ફરી તારી પાસે ઘેર આવીશ હો !

(બન્ને જુદી જુદી બાજુએ જાય છે)

પ્રવેશ ત્રીજો

સ્થળ: માર્ટીનના ઘરનો આગલો ભાગ

(એક બાજૂએ જુના જોડાનો ઢગલો પડેલો છે. તેની નજીક બે ત્રણ નવા જોડાની જોડી છે. પાસે મોચીનાં ઓજારો પડયાં છે. ભીંત પર જીસસની છબી ટાંગી છે. એક મેજ પર ઝાંખો દીવો બળે છે. માર્ટીન ચસ્મા ચડાવીને વાંચે છે.)

માર્ટીન—(વાંચતો) જે તને એક ગાલ પર તમાચો મારે તેની આગળ બીજો પણ ધરજે; અને જે તારી પાસેથી તારો ડગલો લઈ જાય તેને તારી બંડી પણ આપી દેજે. જે કોઈ તારી પાસે માગે તે દરેકને તું આપજે, અને તારી ચીજ-વસ્તુ જે લઈ જાય તેની પાછી ઉઘરાણી કરતો નહિ. માણસો તારા પ્રત્યે જેમ વર્તે એવી તારી ઈચ્છા હોય તેમ તું તેના પ્રત્યે વર્તજે.

(થોડી વાર વિચારમાં પડી પાછો વાંચવા લાગે છે)

હું કહું છું તેમ તો કરતા નથી ને મને 'નાથ' 'નાથ' તમો શા માટે કહો છો ? જે કોઈ મારી પાસે આવી મારાં વેણ સાંભળી મને અનુસરે છે તે કોના જેવો છે એ હું તમને બતાવું. તે એવા માણસ જેવો છે કે જેણે ખૂબ ઉંડું ખોદી ખડક ઉપર પાયો નાખી પોતાનું મકાન બાંધેલું. એટલે જ્યારે રેલનાં પાણી ચડયાં ને પાણીનું પૂર મકાન સાથે જોસબંધ અથડાવા લાગેલું, ત્યારે પણ એ મકાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરાયે હચમચ્યું નહિ. કેમકે એનો પાયો ખડક ઉપર હતો, અને ઇમારત પણ ખડક પર બાંધેલી હતી. પણ જે સાંભળીને અનુસરતો નથી તે એના જેવો છે કે જેણે ભોંય પર વગર પાયાનું મકાન બાંધેલું એટલે પાણીનું પૂર જોસબંધ અફળાતાં તે એકદમ કડડભૂસ કરતું જમીનદોસ્ત થઇ ગયું, અને એથી જે નુકસાન પહોંચ્યું તે પાર વિનાનું હતું.

(ચોપડી બંધ કરી, ચશ્મા ઉતારી બન્ને કોણીઓ મેજ પર ટેકવી વિચાર કરતો બેસે છે. પછી બોલે છે.)

મારૂં મકાન ખડક પર બાંધેલું છે કે રેતી પર? ખડક પર બાંધેલું હોય તો તો ઠીક. અહીંઆં બેઠા હોઇએ ત્યારે તો બધું સહેલું દેખાય છે અને ઇશ્વિરના સઘળા આદેશોને પોતે અનુસર્યો હોય એમ માણસને લાગે છે. પણ જો જરાક નજરચૂક થાય કે પ્રમાદ આવી જાય છે અને પાછું પાપ થઈ જાય છે...તોય હું તો મંડયોજ રહેવાનો. એમાં કેવો આનંદ આવે છે! હે નાથ! મને એમાં મદદ કરજે!

(ચોપડી ફરી ઉઘાડી વાંચતો હોય તેમ હોઠ ફફડાવે છે અને એક બે પાનાં ફેરવે છે)

(થોડી વાર પછી, મોટેથી વાંચતો).. ને બાઈ ભણી વળી એણે સાઇમનને કહ્યું: "દેખે છે તું આ બાઇને? હું તારે ઘેર આવેલો ને તેં મને પગ ધોવા પાણી પણ નહિ આપેલું, પણ આણે તો પોતાનાં આંસુથી મારા પગ પખાળ્યા ને પોતાના વાળથી એ લૂછ્યા! તેં મને એક ચુંબન પણ કરેલું નહિ ને આ તો જ્યારથી હું ઘરમાં દાખલ થયો છું ત્યારથી મારા પગને ચૂમતા થાકતીજ નથી. મારા માથામાં તેં તેલ નહોતું નાખ્યું ને આણે તો મારે પગે લેપ ચોપડી મર્દન કર્યું."

(ચોપડી બંધ કરી વિચારે છે)

એણે એના પગ ધોવા પાણી નહિ આપેલું? ચુંબન નહિ કરેલું? એના માથામાં તેલ નહિ નાખેલું...?

...એ ફેરીસી મારા જેવોજ હશે. એ ફક્ત પોતાના પંડનોજ વિચાર કરતો હશે–ચાનો પ્યાલો પીવો અને હુંફાળા થઇ સુખચેનમાં રહેવું એનીજ કાળજી રાખતો હશે. પોતાના પરોણાનો તો એ ભાવજ નહિ પૂછતો હોય...પોતાના પંડની એ કાળજી રાખતો, પણ પરોણાની તો જરાએ પરવા ન કરતો. ને પરોણો ત્યારે કોણ હતો? ભગવાન પોતેજ!...એ મારી પાસે આવે તો? હું યે શું એમ જ કરૂં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(મેજ પર માથું નાખી દઈ તંદ્રામાં પડે છે. અંદરથી ધીરો અવાજ સંભળાય છે)

અવાજ—"માર્ટીન ! માર્ટીન !"

માર્ટીન—"(ચમકીને બેઠો થતો) કોણ છે ?"

અવાજ—"માર્ટીન ! કાલે રસ્તા પર નજર રાખજે, કેમકે હું આવવાનો છું."

(માર્ટીન વિચારમાં બેસી રહે છે; પડદો પડે છે.)

પ્રવેશ ચોથો

સ્થળ: માર્ટીનના ઘરનો આગલો ભાગ

(સવારનો વખત હોવાથી માર્ટીન કામે લાગતા પહેલાં છબી પાસે ઘુંટણીએ પડી પ્રાર્થના કરે છે. એક સગડી પર પાણી ગરમ કરવા મૂકેલું છે. કામ કરવાનો સામાન વગેરે તૈયાર ગોઠવેલા પડ્યા છે.)

(પ્રાર્થના કર્યા પછી માર્ટીન કામે બેસે છે)

માર્ટીન—(જોડાને ટાંકા લેતો જતો) એ તે સ્વપ્ન કે સત્ય ? ...એ અવાજ તો હજી યે મારા મગજમાં તાજો છે....અને અગાઉ શું આવા બનાવો નથી બન્યા ?

(ઘરના ઉંબરા આગળ એક વૃદ્ધ ડોસો આવીને અટકે છે. એના હાથમાં બરફ ભાંગવાની એક કોદાળી છે. બહુ થાકેલો હોવાથી એ ત્યાં ઘડીભર આરામ લેવા ઉભો રહે છે.)

(માર્ટીન એકી નજરે ઘડીભર તેના સામે જોઈ રહે છે.)

માર્ટીન—અવસ્થાને લીધે મગજની કમાન કંઇક છટકી ગઇ લાગે છે. આ તો પાડોશમાં રહેતો નીકોલાસના લશ્કરનો સૈનિક—સ્ટિપાનિચ. એ આવ્યો હશે બરફ વાળવા અને હું ઉઠીને એને મળવા આવેલા ક્રાઇસ્ટરૂપે કલ્પી લઉં છું. ઘડપણને લીધે મારૂં સાન ખસી ગયું લાગે છે !

(થોડી વાર રહીને)

એને બોલાવી થોડી ચા આપું તો ? સગડી પર પાણી પણ બરાબર ઉકળ્યું હશે.

(સ્ટિપાનીચની નજીક જાય છે)

આવોને અંદર, ને જરા હુંફાળા થાઓ. ઠરી ગયા હશો.

સ્ટિપાનીચ—ભગવાન તમારૂં ભલું કરે. ખરી વાત છે. મારાં હાડકાં કળે છે.

(સ્ટિપાનીચ બરફ ખંખેરી અંદર આવે છે. જમીન પર ડાઘા પડશે એવી બીકે જોડા લૂછવા પ્રયત્ન કરે છે, પણ એમ કરતાં લથડે છે, માર્ટીન તેને પડતો બચાવી લે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ટીન—પગ લૂછવાની તકલીફ લેવાની જરૂર નથી. તમારા જોડા હું જ લૂછી નાખીશ. મારો તો એ રોજનો ધંધો છે.

(બ્રશ વતી તેના જોડા લૂછે છે)

આવો, અંદર બેસો, ને જરા ચા પીઓ.

(બન્ને બેસે છે. માર્ટીન ચાના બે પ્યાલા ભરે છે)

(સ્ટિપાનીચ જલદીથી ચા પી જઇ પોતાને વધારે નથી જોઇતી એમ બતાવવા રકાબીમાં પ્યાલો ઉંધો મૂકે છે.)

માર્ટીન—(તેનો પ્યાલો ચત્તો કરતાં) એક બીજો પ્યાલો લ્યો.

(ચા રેડતાં રેડતાં વારંવાર રસ્તા પર જોયા કરે છે)

સ્ટિપાનીચ—તમે કોઇની વાટ જુઓ છો?

માર્ટીન—કોઇની વાટ જોઉં છું? ઠીક, જુઓ, કહેતાં શરમ આવે એવી વાત છે. ખરેખર કોઈની વાટ જોઉં છું એવું નથી. પણ કાલે રાત્રે મેં કૈંક સાંભળેલું તે મારા મગજમાંથી કેમે કર્યું ખસતું નથી. એ કંઈ સમણું હતું કે કેવળ કલ્પના એ કહી શકાતું નથી. કાલે રાત્રે હું સુવાર્તા વાંચતો હતો. ભગવાન ક્રાઈસ્ટે કેવાં દુઃખ ભોગવેલાં અને એ પૃથ્વી પર કેમ વિચરેલા એની એ વાત છે. તમે તો એ કથા સાંભળી હશે, બેશક.

સ્ટિપાનીચ—મેં એની કથા તો સાંભળી છે; પણ હું તો અભણ રહ્યો ને, એટલે વાંચી શકું નહિ.

માર્ટીન—વારૂ, તમને ખબર છે ને, એ એવા એક ફેરીસીને ત્યાં ગયેલા કે જેણે એનો યથાયોગ્ય સત્કાર નહોતો કર્યો. એ વાંચીને મને વિચાર થયો કે મારાજ જીવનમાં આવો પ્રસંગ આવ્યો હોય તો એના આદરસત્કારમાં હું શી મણા રાખું? ને પેલાએ તો એનો જરીએ સત્કાર કર્યો નહિ. આવા વિચાર કરતો હતો એવામાં મને ઝોકું આવ્યું અને પછી મને કોઇ નામ દઇને બોલાવતું હોય એવો અવાજ મેં સાંભળ્યો. હું જાગ્યો અને મને એમ થયું કે મારા કાનમાં કોઈ "મારી વાટ જોજે, કાલે આવીશ" એવું કહી ગયું.

આવું બે વાર બન્યું. કહેતાં શરમ આવે છે, પણ મારા મગજમાં એ વાત ઉંડી ઉતરી ગઈ છે અને મારો નાથ આવશેજ, એવી મને ખાત્રી છે. એથી હું એની વાટ જોયા કરૂં છું.

(સ્ટિપાનીચ પાછો પ્યાલો ખાલી કરી ઉંધો મૂકે છે. માર્ટીન તે ચત્તો કરી તેમાં વધૂ ચા રેડે છે.)

લ્યો, હજી એક પ્યાલો પીઓ...ને મને એવા વિચાર આવ્યા કે પૃથ્વી પર એ વિચરતા હતા ત્યારે કોઇને ધિક્કારતા નહોતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મોટે ભાગે સામાન્ય લોકવર્ગમાંજ ફરતા, અને સાદા ડોળ વિનાના માણસોમાં ભળતા, અને આપણે આવા પાપી છીએ તોય એણે ચેલા બનાવ્યા તે પણ આપણા વસવાયાના વર્ગમાંથીજ. એ કહેતા કે જે કોઈ જાતે મોટો થઇને ફરશે તે નીચે પડવાનો ને જે કોઈ જાતે નમ્ર બનીને ફરશે તે મોટો થવાનો. ગરીબ, નમ્ર, સાલસ અને દયાળુ લોકોજ ભાગ્યશાળી અને સુખી છે.

(સ્ટિપાનીચની આંખમાં આંસુ આવી જાય છે. તેના હાથમાં ચાનો પ્યાલો એમજ થંભી રહે છે.)

માર્ટીન—થોડી વધુ ચા લ્યો.

સ્ટીપાનીચ—(ઉભો થતો) તમારો પાડ માનું છું, માર્ટીન ! તમે મારા શરીર અને આત્માને પોષણ અને શાન્તિ બેઉ આપ્યાં.

માર્ટીન—તમે આવતા રહેતા હો તો કેવું સારૂં ! કોઇક બીજી વાર આવજો; મહેમાન આવે એ મને ગમે છે. (સ્ટિપાનીચ જાય છે. માર્ટીન કામે બેસે છે)

(થોડી વાર પછી સ્ટિપાનીચવાળી જગ્યાએ છોકરૂં તેડેલી એક બાઈ આવી થરથરતી ઉભી રહે છે.)

માર્ટીન—બ્હેન, ઓ બહેન ! બચ્ચાને લઇને ટાઢમાં કાં ઉભી છો ? ઓરડીમાં આવ. અહીં તારા બચ્ચાને બરાબર ઢબૂરી શકાશે.

(બાઈ અંદર આવે છે)

માર્ટીન–અહીં સગડી નજીક બેસ. હુંફાળી થા, ને બચ્ચાને ધવરાવ.

બાઇ—ધાવણ જ ક્યાં છે ? કાલ સવારની હું ભૂખી છું.

(માર્ટીન અંદરથી થોડું ખાવાનું લાવે છે)

માર્ટીન—લે બહેન! આ ખા. બચ્ચાને મારી પાસે લાવ, હું એને રમાડીશ. ભગવાનની મહેરથી એક વાર મારે પણ બચ્ચાં હતાં; એટલે બચ્ચાં રમાડતાં મને આવડે છે.

બાઇ—(ભાતું ખાતાં) મારો ધણી લશ્કરમાં સિપાઈ છે. આઠ માસ પર એમને દૂરદૂર ક્યાંક લઇ ગયા છે. હું એક જગ્યાએ રંધવારી તરીકે રહી હતી; પણ આ છોકરૂં થતાં ત્યાંથી રજા મળી. પછી ત્રણ મહિના થયા નોકરી વગરની છું. ઘરમાંની બધી ચીજો મેં વેચી દીધી. અત્યારે એક બાઇને ત્યાં ગઇ હતી. એણે મને રાખવા જીભ તો દીધી છે, પણ આવતે અઠવાડિયે આવવા કહ્યું છે. થાકીને લોથ થઇ ગઈ છું..... એટલાં સારાં નસીબ કે માલિક બાઇ મફત મકાન વાપરવા આપે છે, નહિ તો અમારા કોણ જાણે શાયે હાલ થાત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ટીન—તારી પાસે કંઈ ગરમ કપડાં નથી ?

બાઈ—ક્યાંથી હોય ? એક છેલ્લી શાલ હતી તે કાલે છ પેન્સમાં ગીરો મૂકી. (બચ્ચાને માર્ટીન પાસેથી લઈ લે છે.)

માર્ટીન—(અંદરથી એક જૂનો ડગલો લાવી આપી) લે બહેન ! છે તો વપરાઇને જીર્ણ થઈ ગયેલો; પણ તારા બચ્ચાને પહેરાવવા ખપ લાગશે.

બાઇ—ભાઇ ! ભગવાન તમારૂં ભલું કરે. ખરેખર, ઇસુ ભગવાનેજ મને તમારી બારી પાસે મોકલી હશે. કેવી ઠંડી છે ! ખરેખર, મારા પર મહેર કરવાનું તમને ઈસુ ભગવાને જ સૂઝાડયું હશે.

માર્ટીન—સાચું. કાલે રાત્રે મને એવો અવાજ સંભળાયો હતો કે રસ્તા પર નજર રાખજે, હું આવીશ. માટે હું રસ્તા પર જોયા જ કરતો હતો. મારી તારા પર નજર પડી. તે છેક અકસ્માત તો નહોતો જ.

બાઈ—હોય ભાઇ ! એની માયાની આપણને શી ગમ પડે ? એ તો પળમાં ચાહે તે કરે. (જાય છે)

માર્ટીન—બહેન ! ઇસુ ભગવાનની ખાતર આટલું લેતી જા. તારી ગીરો મૂકેલી શાલ આ વડે છોડાવજે. (કાંઇક પૈસા આપે છે. બાઈ જાય છે. પાછો માર્ટીન કામ કરવા બેસે છે)

(ઉંબરા પાસે એક સફરજનના ટોપલાવાળો વૃદ્ધ ડોસો માથે ટોપલો અને એક હાથમાં એક કોથળો ઝાલી ઉભો રહે છે. એક તોફાની છોકરો આવી તેના ટોપલામાંથી એક સફરજન ઉઠાવે છે. ડોસો કોથળો ઉંબરા પાસે મૂકી તેને પકડે છે.)

છોકરો—(નાસવા મથતો) મારે છે શાનો ? છોડી દે મને.

ડોસો—લાવ મારૂં સફરજન.

છોકરો—કોણે લીધું છે ? લીધું હોય એને કહે, જા, ડોકરા.

(માર્ટીન આવી બન્નેને જુદા પાડે છે)

માર્ટીન—ભગવાનને ખાતર એને માફ કરો.

ડોસો—એને તો હું એવી ખબર પાડીશ કે એક વરસ સુધી ભૂલે નહિ, એને તો પોલીસમાં જ સોંપું.

માર્ટીન—ભગવાનને ખાતર એને જવા દ્યો. ફરી એવું નહિ કરે.

(ડોસો છોકરાને જતો કરે છે. છોકરો નાસવા જાય છે એટલે માર્ટીન તેને પકડી રાખે છે)

માર્ટીન—જાય છે ક્યાં ? દાદાની માફી માગ.

છોકરો—દાદા ! મને માફ કરો.

માર્ટીન—ઠીક લે. (એક સફરજન ટોપલામાંથી લઇ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે) દાદા ! આના પૈસા હું આપીશ.

ડોસો—તમે આ લુચ્ચાને વંઠાડી મૂકશો. એને તો યાદ રહી જાય એવી શિક્ષા કરવી જોઇએ.

માર્ટીન—એ તો આપણી રીત; ભગવાનની રીત એવી નથી. અને તો તો પછી આપણા આટલા બધા પાપની શિક્ષા આપણને કેટલી થવી જોઇએ ? ભગવાનની એવી આજ્ઞા છે કે આપણે સૌને માફી આપવી; નહિ તો આપણને માફી ક્યાંથી મળે ? માટે સૌને માફી આપવી અને તેમાંયે આવા પોરિયાઓને તો ખાસ.

ડોસો—વાત તો ખરી; પણ આવા છોકરાઓ બહુ બગડવા માંડયા છે.

માર્ટીન—તો પછી આપણે વૃદ્ધોએ એને સુધારવા જોઇએ.

ડોસો—હું યે એમ જ કહું છું. મારે આવા સાત છોકરા હતા. તેમાંથી હવે એક છોકરી જ રહી છે. તેના નાના છોકરાઓ ખાતર હું આ મજૂરી કરૂં છું. બહુ મજાનાં છોકરાં છે, અને તેમાં યે નાનકડી એની તો "એ દાદા આવ્યા" કરતી કાયમ સામે આવતીજ હોય! ખરેખર, છોકરાંઓનાં દિલ બહુ નિર્દોષ હોય છે.

માર્ટીન—એ તો આની છોકરમત હતી. ભગવાન એને ભલી મત દે.

(ડોસો કોથળો ઉંચકવા જાય છે)

છોકરો—(કોથળો લઇ લેતો) લાવો દાદા ! મારે એ બાજુ જ આવવું છે. હું તમારો કોથળો ઉપાડી લઇશ.

(બન્ને જાય છે)

(માર્ટીન થોડી વાર કામ કરે છે. પછી બત્તી કરી વાંચવા બેસે છે, વાંચતાં વાંચતાં ટેબલ પર માથું નાખી સૂઇ જાય છે.)

(અંદરથી અવાજ આવે છે)

અવાજ—માર્ટીન ! મને ઓળખતો નથી ?

હું સવારવાળો વૃદ્ધ સૈનિક-સ્ટિપાનીચ......હું સવારવાળી બાઇ......પેલો સફરજનવાળો ડોસો અને છોકરો...

(ધીરૂં સંગીત અંદરથી સંભળાય છે)

...હું ભૂખ્યો હતો અને તેં મને ખાવા આપેલું...તરસ્યો હતો અને પીવા આપેલું...અજાણ્યો હતો અને ઘરમાં આશરો આપેલો.

...આ અદનામાં અદના માનવબંધુની તેં સેવા કરેલી એ તેં મારી જ સેવા કરી છે !

(માર્ટીન જાગી ઉઠી જીસસની છબી આગળ ઘુંટણીયે પડે છે)

(ધીરા સંગીત સાથે પડદો પડે છે)

("ફૂલછાબ" ના એક અંકમાંથી)

હુ. ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩–ભૂખનો ભોગ

(લેખક:–શ્રી. સીતારામ શર્મા)

એ ભયંકર ઘટનાની વાત જાણીને એકલી મુંબઇ નગરી જ ચમકી ગઈ નહોતી, પરંતુ જ્યાં જ્યાં વર્તમાનપત્રો એ વાતો લઇ ગયાં, ત્યાં ત્યાં જેણે જેણે એ કરુણ પ્રસંગની હકીકત વાંચી, તે દરેકના દિલ પર સખ્ત આઘાત થયો.

એ ઘટના જેટલી કરુણ હતી તેટલી જ ચમકાવનારી હતી.

મુંબઇમાં રામરાવ કામટ નામના ૪૦ વર્ષના એક બેકાર પિતાએ દશ દશ વર્ષની ભયાનક બેકારીથી કંટાળી, પોતાની બે પ્રિય પુત્રીઓ જેમાંની એક ચૌદ વર્ષની અને બીજી સાત વર્ષની હતી તેમને સ્વહસ્તે ઝેર આપી, જાતે પણ ઝેર પી આત્મહત્યા કરી હતી. મરવા અગાઉ રામરાવ કામટે એક પત્ર લખી પથારીમાં રાખ્યો હતો.

એ પત્રમાં તેણે સાફ સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, દશ દશ વર્ષની બેકારીથી મારી જે નિર્ધન અને દુઃખદ દશા થઇ છે, તેમાંથી છૂટવા માટે હું આ કૃત્ય કરૂં છું.

ટપાલ આવી ત્યારે મારે ઘેર આઠ દશ મિત્રોની મંડળી બેઠી હતી. બધા નૌજવાન હતા, છતાં વિચારોમાં લગભગ બે ત્રણ ભિન્ન ભિન્ન ટોળીઓ પડી જતી હતી.

રાજકારણી પરાધીનતાથી મનુષ્ય કેવો નિર્માલ્ય બની જાય છે, તેની તે વખતે ચર્ચા ચાલતી હતી. એ નિર્માલ્યતા ચારિત્ર્ય ઉપર અસર કરે કે નહિ એ મહત્ત્વનો પ્રશ્ન ચર્ચાઇ રહ્યો હતો, તેટલામાં મેં ટપાલમાં આવેલા તે દિવસના વર્તમાનપત્રનાં પાનાં ઉથલાવવા માંડયાં.

રામરાવ અને તેમની બન્ને પુત્રીઓના અકાળ મૃત્યુના સમાચાર તેમાં મોટા કાળા અક્ષરે છાપ્યા હતા.

તે સમાચાર વાંચતાં જ મારા દિલ ઉપર સજ્જડ ધક્કો બેઠો. એ આઘાત ત્રણ હિંદીઓના મરણનો નહોતો. એવા તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક મનુષ્યો હિંદુસ્થાનમાં દરરોજ મરણને શરણ થાય છે, સ્વતંત્ર અને સધન ગ્રેટ બ્રિટનમાં સુદ્ધાં દરરોજનાં સરેરાશ વીસ મરણ યાંત્રિક અકસ્માતોથી થાય છે; એવી એવી વાતો હું જાણતો હતો; એટલે રામરાવ અને તેની બન્ને પુત્રીઓની આત્મહત્યાથી મને ઝાઝી અસર નહોતી થઇ, પરંતુ હિંદુસ્થાનમાં, મુંબઈ જેવા શહેરમાં એક બચરવાળ માણસને દશ દશ વર્ષ સુધી બેકાર દશા ભોગવવી પડે, એવી દશા હિંદની થઈ ગઇ છે તે જાણીને મને તે આઘાત થયો હતો.

મેં તુરત જ ગરમાગરમ ચર્ચામાં પડેલી મિત્રમંડળીને એ સમાચાર કહ્યા.

જે દશામાં એ ત્રણ મરણ થયાં હતાં, પિતા જેવા પિતાને હાથે કરીને પોતાની પુત્રીઓનો ભોગ લેવો પડયો હતો એ કરુણ, દુઃખદ અને શરમજનક દશાનો વિચાર કરતાં મારા દરેક મિત્રને દુઃખ થયું.

"પરાધીનતાના આ પ્રતાપ" એક બોલી ઉઠયો.

"માનવસમાજ માટે આ ઘટના ભયંકર કલંકરૂપ છે." બીજાએ કહ્યું.

"આ તમારા કહેવાતા સભ્ય સંસારનું બિહામણું સ્વરૂપ જુઓ. પ્રાચીન સમયમાં ભલે હાલના જેવાં સાધનો અને સગવડો નહિ હોય, પણ એક તંદુરસ્ત માણસ દશ દશ વર્ષ સુધી, ઇચ્છા છતાં કામધંધો મેળવી ન શકે, તેથી તેને ખાવાનું મળે નહિ અને આપઘાત કરવો પડે, તેવા બનાવ ભાગ્યે જ બનતા હતા."

એક પ્રાચીનતાના પ્રશંસક ભાઇએ પોતાનો મત પ્રકટ કર્યો.

"પ્રાચીન અર્વાચીનની સરખામણી આવી બાબતમાં થઈજ ન શકે." નવા વિચારનો રોહિત પોકારી ઉઠયો "કેમકે પ્રાચીન સમયે માણસ માત્ર જમીન ઉપર જ કામ કરતો, અને હળના સાધનથી તે ખેતી કરતો હોવા છતાં તેની જરૂરિયાત પૂરતી જમીન પણ તે ખેડી શકતો નહિ."

"જો એમ હોય તો અત્યારની પ્રાણઘાતક હરીફાઇઓ તે વખતે નહોતી, તેથી લડાઇઓ ઓછી થતી હતી એ સ્વીકારવું જ પડે, અને તો તો રોહિત જે નવીનતાની હિમાયત કરે છે તેનો મુદ્દો જ તૂટી પડે છે. રોહિતની વિચારસરણી પ્રમાણેજ કહીએ તો જનતાને સુખી થવું હોય તો જે જમાનામાં ધંધાની ખોટી હરીફાઇઓ નહોતી, તે જમાનામાં જવા માટે આપણે વ્યવસ્થાપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા હઠવું જોઇએ."

પ્રાચીન મતના પુંજીલાલે દલીલ કરી.

"અને, જો પુંજીલાલને તેથી શાંતિ થતી હોય તો ભલે વ્યવસ્થાપૂર્વક તે ભાઇ પાછા હઠે. પણ હું તેમને પૂછું છું કે માત્ર આર્થિક હરીફાઇથી જ યુદ્ધ થાય છે એમ જ જો તે માની લેતા હોય તો, પ્રાચીન હિંદમાં આટઆટલાં યુદ્ધો કેમ થયાં તે જરા પુંજીલાલ મહેરબાની કરીને જણાવશે?"

"યુદ્ધો તો થાય, એ તો મનુષ્યસ્વભાવ છે."

પુંજીલાલનો એ જવાબ સાંભળીને વળી રોહિત જ બોલી ઉઠયો: "તો પછી નવા યુગને શું કામ નિંદો છો? આજે માણસ વ્યાપારની હરીફાઈ માટે લડે છે તો જૂના જમાનામાં સુંદર સ્ત્રીની હરીફાઇ માટે રાજાઓ પોતાની પ્રજાનો ભોગ લેતા હતા. હું આટલી લડાઇઓમાં જીત્યો છું, એવી પોલી પ્રતિષ્ઠાથી મળતા આત્મસંતોષને માટે રાજાઓ હજારો અને લાખ્ખો મનુષ્યોના ભોગ લેતા હતા."

* * * *

* * * *

"પરંતુ તેથી પરાધીન પ્રજાની આટલી દુર્દશા થતી નહોતી, તે તો રોહિતને સ્વીકારવું જ પડશે."

"તેમાં મારે કશો વાંધો નથી."

"રામરાવ કામટની વાત તો છાપે ચડી એટલે આપણે જાણી, બાકી તો આ દેશમાં આવા અનેક આપઘાત થાય છે; માત્ર આપણે તે જાણતા નથી એટલું જ."

પાંચમો દોસ્ત વળી ચર્ચાના મૂળવિષયને નજીક ખેંચી લાવ્યો.

"ખરૂં છે. મેં કેટલાક વખત પહેલાં એવું વાંચ્યું હતું કે એક નિર્ધન બાઇએ પોતાની કંગાળ અવસ્થા અસહ્ય થઈ પડવાથી પોતાનાં નાનાં નાનાં બાળકોને સ્વહસ્તે જ મારી નાખ્યાં અને પછી પોતે આત્મહત્યા કરવા તૈયાર થઈ, તેટલામાં પોલીસે તેને પકડી." છઠ્ઠાએ કહ્યું.

"એટલે અત્યારે તો દુઃખી માણસને મરવાની પણ પરવાનગી નથી, એટલી પરાધીનતા આવી ગઇ છે." પુંજીલાલે જણાવ્યું.

"માટેજ આપણે પરાધીનતાને જડમૂળથી ઉખેડી નાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તત્પર થવું જોઇએ." મેં કહ્યું.

"પુંજીલાલ અને તેના જેવા વિચારવાળાઓએ નવા જમાનાના વિચારોની સામે થવાને બદલે તેથી તો પરાધીનતાની સામે ઝૂઝવા કમ્મર કસવી જોઇએ." રોહિતે કટાક્ષ કર્યો.

"શું બેકારી વિલાયતમાં નથી? કહે છે કે ત્યાં તો લાખ્ખો માણસો બેકાર છે, તો ત્યાં આવા બનાવો કેમ બનતા નથી?"

બીજા એકે નવો મુદ્દો રજુ કર્યો.

"એનું કારણ ત્યાંના કામદારોની જાગૃતિ" મેં કહ્યું.

"નહિ, નહિ, ગ્રેટબ્રિટનની સ્વતંત્રતા" સાતમાએ સૂર પૂર્યો.

"એમ માનવું એ તો તમારી ભૂલ છે. જો ગ્રેટબ્રિટન સ્વતંત્ર છે એથી તેના બેકારોને ભૂખથી આત્મહત્યા કરવી પડતી નથી એમ કહીએ, તો પછી સ્વતંત્ર ગ્રેટબ્રિટનનાં સંતાનો બેકાર કેમ રહે છે એજ મૂળ મુદ્દાનો પ્રશ્ન છે." મેં કહ્યું: "ગ્રેટબ્રિટન સ્વતંત્ર છે એમ માનવું એ એક જાતની ભ્રમણા છે. હા, હિંદીઓ કરતાં ત્યાંના માણસોને મતાધિકારના વિશેષ હક્ક છે અને તેના કેટલાક નૈસર્ગિક હક્કનો કાયદાથી સ્વીકાર થયેલો છે એ ખરું, પરંતુ થોડાક શ્રીમંતો અને સત્તાવાળાઓને જ માટે ત્યાં સ્વતંત્રતા છે, બાકી તો પ્રજાનો મોટો સમૂહ પરાધીન, નિર્ધન અને સામ્રાજ્યવાદી મૂડીવાદીઓના ભીષણ ચક્રમાં પીસાઈ ભીંસાઇ રહેલો છે; છતાં ત્યાંનો કામદાર વર્ગ વ્યવસ્થિત હોવાથી, બેકારો છેક ભૂખે મરી ન જાય, તે માટે તેમને થોડા ઘણા પૈસા આપવાની તજવીજ સરકારને કરવી-જ પડે છે; કેમકે જો તેવી તજવીજ તે કરે નહિ તો વિલાયતી શ્રમજીવીઓ રામરાવ કામટની માફક પોતાનાં બાળકોને મારી નાખીને મરવા તૈયાર થાય તે પહેલાં તો ભયંકર વિપ્લવની હોળી સળગાવી, તેમને નિર્ધન બનાવી મૂકનાર મૂડીવાદ અને સામ્રાજ્યવાદ બન્નેનો નાશ કરી નાખે એવો તેમને ભારે ભય છે."

"શું ત્યારે તમે એમ કહો છો કે રાજકારણી સ્વતંત્રતાથી આપણી આર્થિક દશા નહિ સુધરે?"

મને ઉદ્દેશીને પુછાયલા એ પ્રશ્નનો ઉત્તર આપતાં મેં કહ્યું: "જરાયે નહિ. રાજકારણી સ્વતંત્રતા અને આર્થિક સ્વતંત્રતા એ બે સાવ જુદી વસ્તુઓ છે. આપણી પરાધીનતાનો લાભ લઇને ગોઠવાયલા આર્થિક તંત્રથી એવી પરિસ્થિતિ ઉભી થઇ છે કે જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી આપણને સંપૂર્ણ આર્થિક રાજકારણી સ્વતંત્રતા મળે નહિ ત્યાં સુધી આપણે આપણી આર્થિક દશા સુધારી શકવાના નથી. છતાં ધારો કે આપણને બન્ને પ્રકારની સ્વતંત્રતા મળે તોપણ તેથી રામરાવ કામટ જેવા માણસોની દશા તો સુધરવાની નહિ જ."

"એમ કેમ ?" પુંજીલાલે પૂછ્યું: "જો એમજ હોય તો આપણે સ્વાધીનતાની લડત માટે આટલા ભોગ આપવા શા સારૂ તૈયાર થવું ?"

"તે મનુષ્યમાત્રનો સ્વાભાવિક હક્ક છે માટે" મેં કહ્યું.

"ત્યારે રામરાવ કામટ જેવાઓની દશા સુધારવા માટે શું કરવું જોઇએ ?" રોહિતે પૂછ્યું.

"તે માટે આપણે વર્તમાન સમાજવ્યવસ્થામાં પલટો કરવો પડશે. ગ્રેટબ્રિટન રાજકારણી તેમજ આર્થિક બન્ને ક્ષેત્રમાં સંપૂર્ણ સ્વતંત્ર છે. એની પાસે અઢળક ધનભંડાર છે, તેની સરેરાશ સંપત્તિ આપણા દેશવાસીઓ કરતાં અતિ ઘણી વિશેષ છે, તેમ છતાં ત્યાં ત્રીસ લાખ માણસ બેકાર રહે અને કરોડો માણસોને માનવપાંજરાં જેવાં મકાનોમાં રહેવું પડે, પાણી ગરમ કરવા માટે જોઇતા ગેસ-પૂરતાયે પૈસા ન હોવાથી લાખ્ખો નિર્ધન માણસોને માટે સ્નાન એ પણ વિલાસની વસ્તુ મનાય તેનું કારણ શું, એનો આપણે કદી વિચાર કર્યો છે ખરો ?"

"એટલે તમારૂં કહેવું એવું છે કે, સ્વતંત્ર હિંદમાં પણ માણસો નિર્ધન રહેશે. તેમને ભૂખમરો વેઠવો પડશે ?" રોહિતે કહ્યું.

"હા." મેં જણાવ્યું. "જે દશા આજે ગ્રેટબ્રિટન કે અમેરિકાની છે તેથી વિશેષ સારી દશા હિંદના ગરીબોની થવાની નથી."

"તેમ ન થાય તે માટે તમે શું ઉપાય વાજબી માનો છો ?"

"વર્તમાન સમાજવ્યવસ્થામાં ક્રાન્તિ."

"એટલે શું એક ક્રાંતિ પછી બીજી ક્રાંતિ કરવી પડશે ?"

"હા, અને તેજ ક્રાંતિ ખરેખર ઉપકારક નીવડશે."

"તમે વિગતો આપીને સમજાવી શકશો ?"

"શું કામ નહિ ?"

"ઠીક ત્યારે સમજાવો."

"મેં કહ્યું: "તે માટે મારે તમને થોડાક સવાલો પૂછવા પડશે."

"ભલે પૂછો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ દેશમાં કેટલી વસતી છે?"

"હમણાં પાંત્રીસ કરોડની."

"ઠીક, તમે એ કહી શકશો ખરા કે, આ દેશમાં જે અનાજ પાકે છે તે પાંત્રીસ કરોડને પહોંચી શકે તેટલું હશે?"

"કેમ નહિ? હિંદમાંથી લાખ્ખો ટન અનાજ દર વર્ષે પરદેશ ચડે છે, તો પાંત્રીસ કરોડને પહોંચી ન શકે તેવું કેમ કહેવાય?"

"તેમ છતાં લોકો ભૂખે મરે છે ખરા ને?"

"હા."

"હવે સાદી વાત કરીએ તો એમ કહી શકાય કે, જ્યાંસુધી દેશના દરેકે દરેક માણસને પૂરતું અનાજ મળી ન રહે, ત્યાંસુધી તે અનાજમાંથી એક દાણો પણ પરદેશ મોકલાવો ન જોઇએ."

"બરાબર, એનું જ નામ ન્યાય."

"ત્યારે અનાજ કેમ જાય છે? શું અત્યારે સત્તાવાળાઓ તે લૂંટી લે છે?"

"ના."

ત્યારે વ્યાપારીઓ નફો મેળવવા માટે તેમ કરે છે એ ખરૂં ને?"

"હા."

"તેમ ન બને એવું કરવું એને જ હું સમાજવ્યવસ્થામાં ક્રાંતિ કરવી એમ કહું છું."

"એ કેમ બને?"

"દેશના ધંધા દેશની માલિકીના બનાવીએ, કરોડોને ભોગે સેંકડો કે હજારોને ખાનગી નફા ખાતા અટકાવીએ; કેમકે એકના લાભ માટે અનેકોનો ભોગ લેવાય તે તો ભયંકર અન્યાય છે, એટલું તો તમે સ્વીકારશો ને?"

"કેમ નહિં?"

"જો એવી વ્યવસ્થા થાય તો જ પેલા રામરાવ જેવા અને પેલી દુર્ભાગી માતા જેવા કરુણ પ્રસંગ બનતા અટકે. એ પ્રસંગ માત્ર કરુણ છે એટલું જ નહિ, પણ જે દેશમાં આવા બનાવ બને તેની જનતાને માટે, તેમજ તે દેશની રાજ્યવ્યવસ્થા જેના હાથમાં હોય તે સત્તાવાળાઓને માટે શરમાવનારૂં છે."

"તમારૂં કહેવું તદ્દન ખરૂં છે; પણ એ દશાને દૂર કેમ કરી શકાય? સરકાર કંઈક મદદ કરે તો થાય ને?"

એક જીર્ણ મનોદશાના યુવકે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એવી આશા રાખવી તે નિર્માલ્યોનું કામ છે, પરંતુ આ દેશ કે જેની ઉપર પરદેશી મૂડીવાદીઓ પોતાના આર્થિક હિત માટે જ રાજ્ય ચલાવે છે એવું વિલાયતના રોધરમીઅરો, બીવર-બ્રૂકો ચર્ચીલો, ઓડવાયરો અને વીલર્સો ખુલ્લેખુલ્લું કહે છે. તેમની પાસેથી એવી આશા રાખવી એ બીજું કંઇ નહિ પણ ઇતિહાસનું અજ્ઞાન જ સૂચવે છે."

"તમારૂં કથન સર્વથા સત્ય છે. અંગ્રેજો આ દેશની ગરીબાઈ ટાળવા જરા જેટલોએ પ્રયત્ન કરે એવું માને તે મૂર્ખો જ હોવા જોઇએ. અમે તો એમ માનતા નથી." એ ચાર જણ બોલી ઉઠયા.

"માટે ભાઇ! રામરાવ કામટના આ કરુણ અવસાનથી જો આપણને જરા જેટલીએ અસર થતી હોય તો આવો, આજે આપણે બધા અહીં પ્રતિજ્ઞા લઇએ કે, અમારા દેશની રાજકીય-આર્થિક પરાધીનતાની જંજીરો તોડવા અમે તન, મન, ધનથી કામ કરીશું."

બધું જ ટોળું ગંભીર બની ગયું, અને અમે બધા એવી પ્રતિજ્ઞા લઇને જ વીખરાયા.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३४–अपकार पर उपकार

(લેખકઃ-રા. કુમુદ સી. નાણાવટી)

મોહન પાંચ કલાકની સતત મજૂરી પછી–કાંકરા ને રેતી પીસતી વેળાએ તેમાંથી નીકળતા ધુંવાને પોતાના શ્વાસોચ્છ્વાસમાં પાંચ પાંચ કલાક લીધા પછી હમણાંજ જરાક દરવાજા બહારને ઓટલે આવ્યો હતો. એના કાન પર અરધું પીવેલું બીડીનું ઠુંઠુ હતું.

એણે આસપાસ નજર ફેંકી, જરાક સુધી ચાલી, એણે પોતાને કોઇ જોઇ જતું તો નથી એ માટે ચોકસાઈ કરી અને એ કાને ભરાવેલા બીડીના ઠુંઠાને એના મેલા કપડા સાથે ઘસી, તેને વળગેલો સીમેંટ એ ઠુંઠા પરથી દૂર કરવાનો સંતોષ ધારણ કરી તેને પેટાવ્યું. મોહન એકીટશે એ ઠુંઠામાંથી નીકળતાં ધૂમાડાનાં ગુંચળાંઓ નીરખી રહ્યો. કોઈ આવી જશે ને પોતે પકડાઇ જશે, એ બીકથી એણે ઉપરાઉપરી દમ મારવા માંડયા. વધારે ને વધારે નીકળતા ધુમાડા પ્રતિ ઉંચે મોઢે તે નિહાળી રહ્યો. એ ધૂમાડાનાં ગુંચળાં વીખેરાઈ ગયાં, તોયે તે કોઈક ગ્રાઢ વિચારતંદ્રામાં હોય તેમ આકાશના આસમાની રંગ પર તેણે એની દ્દષ્ટિ થોભાવીજ રાખી. પછી તે હસી પડયો.

એ હાસ્ય ક્રૂર હતું. એ હાસ્યમાં પોતાની ગરીબી પ્રત્યેનો છૂપો–આર્જવ આર્ત્તનાદ હતો, કે પોતાના ધનકુબેર માલિકની શોષણ-પદ્ધતિ પ્રતિ તિરસ્કાર હતો કે એ શેઠની હાજી હા કરનારા મળતી-આઓની કપટનીતિ પ્રત્યે એ ભયાનક હાસ્ય હતું તે કોણ જાણે.

પણ એ હાસ્ય તુરતજ નાબુદ થયું, મોહન હજી વિચારમાંજ હતો; હાથમાંનું બીડીનું ઠુંઠું ઓલવાઇ ગયું હતું. એટલામાં તો પાછળથી અવાજ આવ્યો:

"આ હરામખોર અહીં કેમ ભટકે છે? એને કાંઇ કામ નથી?"

મોહનની વિચારમાલિકા તૂટી ગઇ. એની આંખો સામે એણે ફેક્ટરીના માલેક રા. બ. કેદારનાથને ઉભેલા જોયા. એની બાજુમાં એ અડીખમ્મ સીમેંટ ચક્કીના મેનેજર મિ० હીરાલાલ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જી......જી......હું જી......હમણાંજ અહીં આવ્યો છું. ઝાઝી વાર થઇ નથી."

"તારી ચક્કી બંધ રાખીને અહીં શા માટે આથડે છે?"

"જી, હું હમણાંજ બીડી પીવા......"

"શું કહ્યું? બીડી પીવા? આ બીડી પીવાનો વખત છે? તારાથી હમણાં બીડી પીવાયજ કેમ?"

બીડી, સીગારેટ કે ચીરૂટ પીવાનો જાણે ધનવાનોએજ ઇજારો રાખ્યો હોય તેમ, પોતાના હાથમાં જ્યારે જુઓ ત્યારે ચીરૂટનો ટોટો હોવા છતાં મોહનની ટેવ પોતાને પસંદ ન હોય તેમ કેદારનાથે કટાણું મોઢું કર્યું.

"આ આદત તમો (કામદારો) રાખો છો તે ઠીક કહેવાય? તમારાં શરીરની હાનિ થઇ રહી છે એનું તમને ભાન છે? આ કુટેવ ક્યાંથી પડી છે?"

ગરીબો પોતાનો થાક ઉતારવા ખાતર ક્વચિત્ કોઇ વસ્તુનો ઉપયોગ કરે તે કુટેવ અને શ્રીમંત તેજ વસ્તુનો વારંવાર ઉપયોગ કરે તે શોખ, એવી વ્યાખ્યાનું સગવડભર્યું માનસ ધરાવતા કેદારનાથ, મોહન આમ બીડી પીએ તે સહેવા તૈયાર ન હતા.

મોહનના પગ જમીન સાથે જકડાઇ ગયા. એની જીભ તાળવે ચોંટી ગઇ, કેદારનાથનો સ્વભાવ એ સારી રીતે જાણતો હતો. તે નીચી નજરે ધીરે ધીરે પોતાની ચક્કી તરફ ચાલવા લાગ્યો.

"ક્યાં જાય છે? ઉભો રહે! આવતી ત્રીસમી તારીખ પછી તારી મને જરૂર નથી. તારા જેવા નાલાયક, રઝળુ કામદારોનો મને ખપ નથી."

મોહન આ ફરમાન સાંભળી ટાઢો હીમ થઇ ગયો; બીડી ન પીવાની ધીરેથી સલાહ આપનાર કેદારનાથ આટલી કડક શિક્ષા કરશે એની એને કલ્પનાજ નહોતી. એણે કેદારનાથની સામે દયાર્દ્ર આંખોએ જોયું.

"શેઠ સાહેબ, બીજી વાર આવી ભૂલ નહિ થાય; આટલો ગુન્હો માફ કરો."

"હું કાંઈ દયાની પરબ બાંધીને બેઠો નથી—બદમાસ કામદારોને નિભાવી લેવા હું જરાય તૈયાર નથી."

મોહન કશું બોલ્યો નહિ. બંનેમાંથી બદમાશી કોણ કરતું હતું એ તો કોણ જાણે? પણ મોહન 'બદમાશ'નો ઇલકાબ લઈ થરથરતે પગે એની ચક્કી ઉપર આવ્યો.

ખડડડડ ખટ, ખરરરર ખટ, ખરગડુમ, ગડુમ, અવાજ સમેત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહને એની ચક્કી ચાલુ કરી કાંકરા, પાણી, સીમેંટ, ધુંવો આદિના મિશ્રણથી ભરચક ભરેલી ચક્કી જોશભેર ફરવા લાગી. એ બધાંયે મિશ્રણમાંથી સીમેંટના રૂપમાં ઝાંખો ભૂરો પાઉડર એક ચાળણીમાંથી એક જગ્યાએ એકઠો થતો હતો. મોહન પોતાની ચક્કી પર ઉભો રહી એ સમપ્રમાણ ભૂકો કેવોક નીકળે છે એ તપાસવા એ ધખધખતા ઝીણા ભૂકામાં હાથ નાખતો હતો.

થોડી વારમાં તો કેદારનાથ પાછા ત્યાં આગળ આવી ચઢ્યા. આખી ફેક્ટરી ફરી ફરીને નિહાળતા એ માલેતુજાર મૂડીવાદી જાણે ત્યાંનો ઉકળાટ સહન કરી શકતા ન હોય, તેમ તેમના હાથમાં એક સુખડનો નાજુક પંખો હતો. પ્રત્યેક કામદારના બદન પરથી નીતરતા પસીનાના રેલાઓ, તથા સીમેંટ દબાવાથી ઉડતી ઝીણી ઝીણી ઝરો શરીર પર ને મોઢાં પર ચોંટી જવાથી કદ્રૂપાં ભાસતાં કામદારોનાં શરીર પ્રતિ તિરસ્કારભરી નજર ફેંકતા, તેઓ મોહનની પાસે આવી ગયા, ને બહુજ સાવચેતીપૂર્વક એમના હાથ બગડે નહિ તેવી રીતે એમણે એ ગરમ ભૂકાની ચપટી ભરી.

"બંધ કર, ચક્કી બંધ કર હરામખોર! મારા માલ પર પાણી ફેરવવા બેઠો છે? આ સીમેંટ શા ખપમાં? તારી કબર ચણવાના ખપમાં આવવાનો છે?"

મોહને ચક્કી બંધ કરી, પોતે ખાત્રીબંધ હતો કે, એનો સીમેંટ સૌથી સરસ દબાયે જતો હતો છતાં એણે એ ધગધગતા લાવાનો બાચકો ભર્યો ને પછી કહ્યું:

"આ સીમેંટ બરાબર છે, શેઠ સાહેબ! આપ બરાબર જુઓ. એટલું બોલતાં તેને ઉધરસ આવી ગઈ.

"ચૂપ કર, એક તો મને નુકસાનમાં ઉતારે છે ને ઉપરથી વળી શાહુકારી કરે છે?" "અરે, હીરાલાલ! આ હરામખોરને કાલથીજ કામ પર આવતો બંધ કરી દેજો; ને મારો માલ બગાડવાના બદલામાં એનો પગાર પણ તેને આપવાનું મોકુફ રાખજો."

મોહનને માથે જેમ વીજળીનો ઝટકો લાગ્યો હોય તેમ તે જમીન પર ગોથું ખાઈ ગયો, એની આંખે અંધારાં આવ્યાં, એ આંધીમાં તેણે કેદારનાથ અને તેની પાછળ હીરાલાલને જતા નિહાળ્યા.

*

* *

બીજા દિવસથી બેકાર બનેલો મોહન બંદર પર મજૂરી કરવા–શોધવા–આથડવા માંડયો; પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. બંદરના કામથી તે અજાણ હતો; રોજના કામથી ટેવાઇ ગએલા બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામદારો રોજી મેળવી શકતા, પણ મોહનનો કોઇ ભાવ પૂછતું ન હતું.

એ એક ગુણી પર બેઠો. બંદરની સામેજ, કોઇ સગર્વ ઉભા રહેલા ઉન્નત મસ્તકધારી માનવીની પેઠે ઉભેલી એ સીમેંટ ફેક્ટરી પર એણે નજર થંભાવી. એની સાથોસાથ એના હૃદયમાં કેટલાંય સ્મરણચિત્રો ઉછળવા લાગ્યાં. કેદારનાથની તુંદમીજાજી તથા એના મૂડીમંડિત ક્રૂર સ્વભાવ પર એને તિરસ્કાર આવ્યો. એના હૃદયના ઉંડાણમાંથી એક આકરો ઉનો નિઃશ્વાસ નીસરી ગયો, ને એની જીભ કાંઇક પટપટારો કરી બંધ થઈ ગઇ.

એજ પળે ડક્કા ઉપર ભયંકર શોરબકોર થઈ ગયો. ચીસાચીસ, દોડાદોડી, ધમાધમી તથા ઉત્કંઠાઃ આ બધાંથી ડક્કા પરનું વાતાવરણ ખળભળી ઉઠ્યું, જોતજોતામાં તો પ્રચંડ માનવસમુદાય ત્યાં એકઠો થઈ ગયો.

મોહન સાવધ થયો, એણે એ માનવોના કોલાહલ પ્રતિ કાન ધર્યો, ને કશુંક જાણવા જેવું બન્યું હોવાનો એને ભણકારો લાગ્યો.

ધીરે પગલે એ ત્યાં ગયો. ડક્કાની પડથાળ પર એ ઉભો રહ્યો. ત્યાં ઉપસ્થિત થએલું માનવટોળું લાંબા હાથ કરી એકબીજાને કાંઇ સમજાવતું હતું, મોહન બધોયે મામલો ક્ષણભરમાં પામી ગયો; એણે પોતાનું મેલું કેડિયું ઉતાર્યું, ધોતિયાંનો કચ્છો મારી એણે સર્વ કોઇની અજાયબી વચ્ચે એ અગાધ જળનિધિમાં ઝંપલાવ્યું, ને તુરતજ એ કાળાં ભમ્મર પાણીમાં ગડપ થઇ ગયો. બધાંયે ધાર્યું કે એ ડૂબી ગયો, કેટલીયે પળો સુધી એણે સપાટી પર દેખાવ ન દીધો એટલે કોલાહલમાં વિશેષ ઉલ્કાપાત મચ્યો, પરંતુ મોહન કેટલાયે વામ દૂર પાણી કાપી સપાટી પર આવ્યો. આનંદ, ઉત્સાહ, કુતૂહલતા વગેરેથી ઉન્માદી બનેલા એ ટોળાએ તાળીઓ પાડી એને વધાવી લીધો અને જોતજોતામાં એ ઘણે દૂર નીકળી ગયો.

એણે જોયું કે, એક મરદ કોઇ અસહાય અબળા તથા એક કિશોર વયની બાલિકાને બચાવવા વ્યર્થ તરફડિયાં માર્યા કરે છે. એણે એકજ ક્ષણમાં વિચાર કરી લીધો, ને ચક્રાવો લઇ તે ત્રણે જણાંની પાછળ આવ્યો. પેલી સ્ત્રી તથા બાળાએ પેલા પુરુષની કમ્મરને મડાગાંઠની માફક ભચડ દીધી હતી.

મોહને રાક્ષસી બળ વડે પોતાના બન્ને હાથોમાં પેલી અબળા તથા કિશોરીનાં એકેકાં કાંડાં પકડ્યાં, ને પગ વડે પેલા પુરુષની પીઠ પર પ્રહાર કર્યો, એટલે એ મડાગાંઠ વછૂટી ગઇ, પેલો પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઘો સરકી ગયો.

"જરાયે બીશો નહિ. મારા શરીરને અડક્યા વગર પગ પછાડયે રાખો. તમને ડૂબવા નહિ દઉં."

ગભરાયેલી, તરફડતી ખારાં પાણીના ઘૂંટડા પેટમાં જવાથી અકળાયેલી, બંને નિરાધાર સ્ત્રીવ્યક્તિઓ મોહનના આવી પહોંચવાથી આનંદમાં આવી ગઇ. પેલો પુરુષ જરૂર પડે તો સહાયમાં રહેવા થોડા હાથ દૂર તરતો હતો.

ડક્કા ઉપરનું વાતાવરણ આનંદની કીકીઆરીઓથી ધણધણી રહ્યું. કેદારનાથ લાંબા હાથ કરી એના નોકરોને પાણીમાં પડવા ફરમાવી રહ્યા હતા. એમના હોશકોશ ઉડી ગયા હતા.

મોહન એ સ્ત્રી તથા કિશોરીને લઇ ઉંધા પડી ગએલા એક હોડકા પાસે આવ્યો, ને જરા શ્વાસ લેવા થોભ્યો. એટલી વારમાં તો બીજું કિનારેથી છૂટેલું હોડકું પણ આવી પહોંચ્યું.

મોહને સાચવીને બન્ને જણીને એ હોડકામાં બેસાડી લીધી. એ હોડકાના નાવિકે એને પણ હોડકામાં ચઢી જવા કહ્યું. પેલો ત્રીજો મનુષ્ય પણ ચઢી ગયો હતો છતાં મોહને કહ્યું:

"આ હોડકું કોનું છે ? કોણે પાઠવ્યું છે ?"

"કેદારનાથ શેઠે."

"અને આ બંને બહેનો કોણ છે ?"

"એક એમનાં ધર્મપત્ની અને બીજી એમની પુત્રી."

"ઠીક, બન્નેને સાચવીને કિનારે લઈ જાઓ; હું એ હોડકામાં નહિ બેસું."

અને આટલું કહી એણે પુનઃ એની કાયા એ અનર્ગળ જલ-સપાટી નીચે સંતાડી દીધી. હોડકું હલેસાંના આધારે કિનારા પ્રતિ સરકવા માંડયું.

×

× ×

કેદારનાથની વર્ષગાંઠ હોવાથી બીજા કાર્યક્રમ ઉપરાંત જલ-સાગર પર થનકતી નૌકામાં આનંદવિહાર કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. એમનાં ધર્મપત્ની દેવયાની ને એમની એકની એક સુકુમાર કન્યા કાન્તા ક્યારનાંયે એ નાનકડી, હલકી ફૂલ જેવી નૌકામાં ગોઠવાઈ ગયાં હતાં. કેદારનાથ આવે એટલે નૌકા રણકતી થાય એમ પ્રબંધ થયો હતો. પરંતુ બહારગામનો કોઈ આડતિયો મોટો ઑર્ડર લઇને આવેલો હોવાથી તેઓ રોકાઈ ગયા હતા, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક માણસ મારફત એક નાવિકને એમનાં ધર્મપત્ની તથા પુત્રીને દરિયામાં સહેલગાહ કરાવી આવવા ફરમાન પાઠવ્યું હતું.

ને પોતાની છાતી પર કસાવતી-નચાવતી એ નૌકા ગણત્રીના ત્રણ મુસાફરો સાથે રણકે ચઢી, આડી અવળી વાંકીચૂંકી થતી એ નૌકા સાગરસપાટીનાં કાળાં ભમ્મર નીર પર થનકવા લાગી. દેવયાની ને કાન્તા આ સહેલગાહથી ખૂબ આનંદમાં આવી ગયાં હતાં.

એટલામાં એ નૌકાએ સાગરસપાટી પરજ એક પ્રચંડ મોજા સાથે ટક્કર લીધી. કુશળ નાવિક દૂરથી આવતા એ વારિપર્વતથી બચવા આડો ફાટયો, પરંતુ ધસમસી આવતી એ લાંબી પાણીની કિનારે એક હલકી ફૂલ જેવી નૌકાને અદ્ધર ઉપાડી, એક પ્રચંડ થપ્પડ મારીને એને ઉંધી વાળી નાખી. ત્રણે જણાં એ સન્નિપાતે ચઢેલાં સલિલ પર ડબકાં ખાવા લાગ્યાં. મોહને એમની વા'ર કરી.

*

* *

કેદારનાથ આ દૃશ્ય જોતા હતા. એની પત્ની ને પુત્રીને જીવન ને મોતની હોડમાં મૂકી બચાવનાર મોહન માટે એને થોડુંક માન ઉદ્ભવ્યું. અપકાર પર ઉપકાર કરનાર આ જવાંમર્દ પ્રત્યે એને કાંઇક રહેમ આવી.

પરંતુ મોહન એ લક્ષ્મીનંદનની કૃપાદૃષ્ટિ મેળવવા માગતો ન હતો. એક વખત જે ધનપતિએ એના કુણા હૃદય પર અપમાનની ઝડીઓ વર્ષાવી વજ્રપ્રહાર કર્યો હતો, એની અમીદૃષ્ટિ મેળવવા મોહન જરાય ખુશી ન હતો.

એ પ્રચંડ બાથોડીમાં ભીડતો, વારિયુદ્ધનો સામનો કરતો કિનારે આવ્યો; એ બહુ થાકી ગયો હતો. ખારાં પાણીના કેટલાય ઘૂંટડા એના પેટમાં ઠલવાયા હતા. એની આંખો રાતીચોળ ફાડુફાડુ થઈ ગઈ હતી. એનાથી બોલાતુંય ન હતું; અને ઘણીયે સારવાર કરતા એના કામદાર બિરાદરોને એણે આખરે દગો દીધો. સાગર-કિનારા પરજ એણે સોડ તાણી-હંમેશને માટે.

અને જ્યારે પ્રચંડ કામદારસમૂહની રડતી આંખો વચ્ચે મોહનનું શબ-સરઘસ નીકળ્યું ત્યારે કેદારનાથ એની પ્રચંડ સીમેન્ટ ફેકટરીની બારીમાંથી તે દૃશ્ય નીરખતા હતા. એના મોઢા પર કઈ જાતની છાયા તરવરતી હતી તેની કોઇને ખબર ન પડી.

(તા. ૯-૮-૧૯૩૩ના "પ્રજામિત્ર કેસરી"ના અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૩૫–ગેરહાજરી

(લેખકઃ–શ્રી. છેલશંકર દ. વ્યાસ)

(૧)

એકજ કલાક અગાઉ પૂર્વમાં પ્રકટેલો સૂર્ય મલબાર હિલ્સ ઉપરના બંગલાઓને શિયાળાની ઠંડી સામે મંદ ઉષ્મા આપતો હતો ને શ્રીમંતો મોડા ઉઠી ચા નાસ્તા ઉપર આળસ માણતા બેઠા હતા; ત્યારે ડન્કન રોડને પાછલે છેડે જબ્બર વિસ્તાર રોકીને ઉભેલી એ શ્રીમંતોની તેલ–મિલના દરવાજા પાસે ત્રણ કંગાલ માણસો ભારે પગલે આવી પહોંચ્યાં. એમનામાં એક ગરીબ મજૂર હતો, બીજી તેની સ્ત્રી હતી અને ત્રીજો એમનો અગિયાર વર્ષનો છોકરો હતો.

તેલ–મિલનાં બારણાં ત્યારે તાજાંજ ઉઘડયાં હતાં અને ગંદાં, વાસ મારતાં, ફાટેલાં કપડાંવાળા મજૂરોની હાર એમાં દખલ થતી હતી.

મિલના દરવાજા પર, યંત્રોમાં માણસોના શરીર પર, રસ્તામાં અને આસપાસ વાતાવરણમાં તેલની ચિકાશ ભરી હતી.

એ ચિકાશને ચાંપતાં ત્રણે આગંતુકો દરવાજે થોભ્યાં.

જ્યારે મિલના મજૂરોની આખી શ્રેણી ધીમે ધીમે અંદર ચાલી ગઈ ત્યારે નવા આવનાર કંગાલ મજૂરે દરવાનને હાથ જોડી કહ્યું:

“બાપુ! આ મારી સ્ત્રી, મારો છોકરો અને હું ઘણા રોજથી કામધંધા વિનાનાં છીએ. અમને અહીં હમાલ તરીકે રાખશો ?”

દરવાને થોડી વાર એમની સામે ટીકીટીકીને જોયા કર્યું અને પછી કરડાકીથી જવાબ આપ્યો:

“જાવ અહીંથી–અહીં કંઇ કામ નથી.”

એટલામાં મિલના યાંત્રિક ઘાણાઓને વીજળીએ ધક્કા મારવા શરૂ કર્યાં, રાક્ષસોની મહાસેના ભીષણ ડાંગો લઇને કોઇના પર પ્રહાર કરતી હોય એવા અવાજો થવા માંડ્યા અને મહાકાય લોખંડી દસ્તા બિયાંના જંગી જથ્થાને નિર્દયપણે પીસવા લાગ્યા.

એકસામટા એક હજાર ઘાણાઓમાં મગફળી, તલ, જવસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરંડી અને એવાં તરેહવાર બિયાંના ચગદાતા સમૂહોનું ગર્ભતેલ દબાઇ દબાઇને ઉપર દેખાવા લાગ્યું.

યંત્રોના ધમપછાડા અને પ્રચંડ અવાજ વચ્ચે પોતાની આજીજી-ઓને ડૂબી જતી જોઈ મા, બાપ અને છોકરો આગળ ચાલ્યાં.

ઘાણાઓની લાંબી કતાર જ્યાં પૂરી થતી ત્યાં છૂટક અને જથ્થાબંધ વેપાર માટે તેલ-મિલના માલિકોએ મોટી વખાર રાખી હતી. બેકાર ત્રિપુટી ખુલ્લા પગનાં તળાંમાં તેલનાં ફીટાંની ચિકાશને એકઠી કરતી કરતી અહીં આવી.

કાળાં, ચીકણાં લાકડાનાં મેલાં બાર અને તે પર લાગી રહેલા જાડા સળીઆથી રક્ષાએલા એ તેલીઆ ભંડારને મુનીમ ખોલી રહ્યો હતો. તેની બાજુમાં પચીસેક હમાલો ઘેરો વળીને ઉભા હતા.

વખાર ઉઘડી કે તુરતજ હમાલો અંદરના ભાગમાં ત્રણસો ફીટની લંબાઇ આવરીને પડેલી તેલની નાની મોટી કોઠીઓની હારમાં ગોઠવાઇ ગયા. એમને આવતા જોઇ હજારો કોઠીઓની આસ-પાસ આંટા મારતી મોટા મોટા ઉંદરોની સેના આમતેમ વીખરાઇને જુદાં જુદાં દરોમાં પેસી ગઇ.

મુનીમે થડા ઉપર બેસી ચોમેર નજર ફેરવી. થડા અને ડબ્બા-ઓ ઉપર રોજ રોજ જામતા ચિક્કટ મેલને આખો દિવસ લૂછી લૂછીને ઉખાડનાર નોકરને તેણે દીઠો નહિ એટલે એણે ચીડાઇને ત્રાડ પાડી:

"છોકરા ! છોકરા ! સાલો સુવ્વર હજુ સુધી કેમ નથી આવ્યો?"

ચહેરા ઉપર પાંચ મિનિટમાં પચીસ વાર કરચલીઓ પાડી, અનેક વાર અવાજ નાખી, તેણે આખરે રસ્તા પર નજર ફેરવી. ત્યાં જથ્થાબંધ માલ લેનારાઓની હાજરી જમા થઇ રહી હતી.

એની વચ્ચે ઉભેલા ત્રણ બેકારો પર તેની દૃષ્ટિ પડી. તુરતજ તેણે હાકલ મારી:

"અલ્યા છોકરા! અહીં આવ."

છોકરો, સ્ત્રી અને પુરુષ ત્રણે તેની આગળ દોડી ગયાં. તેણે પૂછ્યું:

"છોકરા! તારે અહીં કામ કરવા રહેવું છે?"

છોકરાએ મા અને બાપ સામે જોયું. એમણે બન્નેએ જવાબ આપ્યો:

"હા શેઠ ! છોકરાને ને અમને પણ નોકર રાખો તો તમારો પાડ."

"મારે તમારૂં કામ નથી, છોકરાનુંજ કામ છે." મુનીમે કહ્યું.

"બહુ સારૂં સાહેબ ! છોકરો કામ કરશે," બાપે છોકરા સામે ફરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: "બેટા! જા, અંદર જા. શેઠ કહે તે કામ કરવા માંડ."

રોજના આઠ આનાના પગારે મુનીમે છોકરાને રાખી લીધો. ભૂખે ટળવળતાં માબાપને જાણે ઘણે દિવસે મદદ મળી હોય તેમ તેઓ ઉત્સાહભેર પોતાને માટે રોજી શોધવા ઉતાવળે પગલે ઉપડી ગયાં.

એકાર માબાપ તેમના એક સગા એવા કામદારને ઘેર ડુંગરી પર રહેતાં. ત્યાંથી છોકરો દરરોજ પગે ચાલીને તેલ-મિલની વખાર પર જતો અને ટાંટીઆ ઠોકતો રાતે પાછો ઘેર આવતો.

વખારમાં તેલના ડબ્બા, પીપો, થડાની જાળીઓ, વાસણો, તોલાં, ત્રાજવાં એ સર્વ ઉપરથી સારો દિવસ મેલ ને ચિકાશ લૂછી લૂછીને તે સાંજે સાવ થાકી જતો. મુનીમ તેને નાના-મોટા કામને માટે આખો દિવસ ખડે પગે રાખતો. ઘણી વાર તો રાત્રે તે એને ઘરકામ માટે ઘેર લઇ જતો અને ત્યાં રોટીનો ટુકડો અને એંઠો ભાત આપી સવારના ઘરકામ માટે સુવાડી રાખતો. કોઇ કોઇ વાર બપોરના થાકીને છોકરો એકાદ તેલ-કોઠીને અઢેલી ઝોલું ખાતો ત્યારે મુનીમ એને લાત લગાવી બેઠો કરતો અને આ આખા દિવસ-ના વૈતરાને અંતે મેળવેલા આઠ આના છોકરો એકાર માતા-પિતાના હાથમાં મૂકતો.

તેલની મિલ કેવી રીતે ચાલતી હશે, રોજ હજારો ડબ્બા જેટલું તેલ કેમ નીકળતું હશે અને સેંકડો મણ ખોળતું શું થતું હશે, તેનો ખ્યાલ મેળવવા સારૂ મિલનાં યંત્રોને કામ કરતાં જોવાનું તેને ઘણી વાર મન થતું. મુનીમને તે પોતાના માટે મિલમાં નોકરી બાંધવા પણ કહેતો, પણ મુનીમની ઇચ્છા વારંવાર ઘરકામ માટે મફત મળી ગએલા આ અબુધ બાળ-નોકરને છોડવાની નહોતી. એટલે તે તેને આઠ આનાની રોજી પરજ રાખી વખારમાં તેની કનેથી કામ લેતો. છોકરાના પગાર પેટે એ દર મહિને ત્રીસ રૂપિયા ઉધાર-તો, પણ દરરોજ એને આઠ આના આપી, ઉપરના આઠ આના પોતે ખાઇ જતો. બાળકમાં એ સમજવાની શક્તિ નહોતી, એટલે આ નિષ્ઠુર ચૂસણક્રિયા મહિનાઓ સુધી ચાલ્યા કરી.

એક દિવસ મુનીમ એને મિલમાં તેડી ગયો. અહીં એણે જંગી ઘાણાઓ આપમેળે ફરતા જોયા. એનાં રાક્ષસી મોઢાંઓમાં મજૂરો તેલીબિયાંના સુંડલા ભરી ભરીને ઓરતા. એમાંથી નીકળતું તેલ હેઠે ખાડાઓમાં જઇ નળ વાટે જુદા જુદા મોટા હોજમાં એકઠું થતું અને ત્યાં આગળ સેંકડો મજૂરો ડબ્બાઓ અને પીપો ભરતા.

કંગાલ પગારે કામ કરતી આ શ્રમજીવીઓની જમાતને દેખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાને મનમાં ઉલટી ઇચ્છા પ્રકટી કે ઘાણા ઉપર કામ કરવાનું મળે તો કેવું સારૂં ! પણ મુનીમ આગળ હવે વાત કરવાની તેનામાં હિંમત નહોતી. એણે માત્ર મનથીજ નિશ્ચય કર્યો કે મોટો થઇને હું બીજા મજૂરોની જેમ ઘાણાના જડબામાં બીઆં નાખીશ અને હોજમાંથી તેલનાં પીપ ભરીશ.

રોજ રોજ તેલ-મિલમાં બે હજાર કામદારોની કાયા પીસાતી, અનેક વાર અકસ્માતોમાં કોઇ ને કોઈ મજૂર છુંદાઈ જતો, અને એ બધી ચૂસણક્રિયામાંથી જાણે કે નીચોવાઇને કામદારોના લોહી જેવું તેલ નીકળ્યા કરતું, છતાં છોકરાને મુનીમના અહોનિશ શોષક પંજામાંથી છૂટવા માટે ઘાણાઓની આસપાસ પીસાતી જમાતમાં જોડાવા સ્પૃહા થતી. મુનીમ તેની પાસેથી વખારનું અને ઘણી વાર ઘરનું મળી રોજ અઢાર કલાકનું કામ લેતો તેથી છોકરો ત્રાસી ઉઠ્યો હતો.

(૨)

છઠ્ઠે મહિને છોકરાને મુનીમે રોજના બાર આનાનો પગાર કરી આપ્યો. જે દિવસે તેને પગાર વધારે મળ્યો તે દિવસે વખારમાં એણે ઉત્સાહના નશાથી રોજના કરતાં બમણું કામ કર્યું.

વખાર રોજ સાંજે સાત વાગે બંધ થતી અને મુનીમ પોતે તાળાંની ચાવી સાથે લઇ ઘેર જતો; પણ આજે કંઇક બહારનું કામ ફૂટી નીકળતાં તે દારોગાને ચાવી સોંપી છ વાગતાંજ ચાલી ગયો.

છોકરાનું અંગેઅંગ આ વેળાએ થાકથી કથળી ગયું હતું. શરીરમાં એને કળતર થતી હતી. આંખમાં શ્રમનો ભાર અને ઉંઘ ભરાઇ રહ્યાં હતાં.

મુનીમને વહેલો બહાર જતો જોઇ, તે ખૂબ ખુશ થયો અને ઉતાવળે પગલે કોઠીઓની હારમાં જઈ દૂરની એક કોઠીની પાછળ આરામ લેવા ઢળી ગયો.

અંધારૂં થઈ ગયું હતું એટલે વખારની ભીંતો અને લાદીઓનાં અનેક દરોમાંથી કોઇ બિલાડી જેવડા, કોઇ ઘુંશ જેવા તો કોઇ સામાન્ય કદના એમ સેંકડો ઉંદરો બહાર આવવાની તૈયારી કરી રહ્યા હતા. એક જંગી ઉંદર છુપાતો છુપાતો બહાર નીકળી છોકરાના પગને ફૂંકી પાછો દોડી ગયો અને એની ખબર અડધા કલાકમાં એકેએક દર ઉપર પહોંચી ગઈ.

સાત વાગે તમામ હમાલો કામ છોડી ચાલી નીકળ્યા, દારોગાએ છેલ્લી બૂમ મારી:

"અરે હો ! કોઇ અંદર રહી નથી ગયું ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી વખાર શાન્ત હતી. દારોગાને એક પણ અવાજ સંભળાયો નહિ.

અને છોકરો ફરી એક વાર ઉંદરની ફૂંકથી પગ સંકોચી પડખું ફરી ગયો.

દારોગાએ દરવાજા બંધ કરી, ચાવી ખિસ્સામાં મૂકી, મુનીમના ઘર ભણી ચાલવા માંડયું.

બીજા દિવસની સવાર પડી. મજૂરોની હાર મિલના દરવાજામાં પેસવા માંડી. વીજળીની મહાશક્તિએ ઘાણાઓને ધક્કો મારી ચાલતા કર્યા. યંત્રોના ઘર્ષણમાંથી ઘોર ખડખડાટ ઉઠયો. સાડાસાત વાગે મુનીમે વખાર ખોલી. હમાલો અંદર પેઠા. છ મહિના પહેલાં જેમ એણે છોકરા માટે ચોમેર નજર નાખી હતી એમ આજેય તેણે આંખ ફેરવી. છોકરાને કયાંય નહિ જોતાં તે બબડયો:

"એ દરરોજ સાત વાગ્યામાં હાજર થઇ જાય છે, પણ આજે કેમ નહિ જણાયો ?"

તેણે બૂમ મારી:

"છોકરા ! છોકરા !!"

ઘાણાઓમાં પછડાતા દસ્તા અને એ સર્વને ગતિ આપનાર યાંત્રિક ચક્રોના ખડખડાટમાં મુનીમનો સૂર શમી ગયો. ફરી એણે હાકલ નાખી:

"છોકરા ! છોકરા !"

કંઇ જ જવાબ મળ્યો નહિ. ચિડાઇને મુનીમ બરાડી ઉઠયો:

"સાલો સુવ્વર !"

હમાલો સાવરણીઓ લઇને વખાર સાફ કરવા લાગ્યા. ગેરહાજર છોકરા ઉપર મુનીમની ગાળાગાળી ચાલુ રહી.

એટલામાં તેના કાન પર અવાજ અથડાયો. તેણે પાછું વાળી કોઠીઓની કતાર તરફ નજર કરી.

કેટલાક હમાલો એકઠા મળી, "અરર ! અરર !"ના ઉદ્ગાર કાઢી રહ્યા હતા.

"શું છે ?" મુનીમે પડકાર કર્યો.

"સાહેબ ! અહીં કંઇક છે ! માણસના શરીર જેવું છે !"

મુનીમ દોડયો. હમાલોને ખસેડી એણે જોયું, અને તેનાથી ચીસ નંખાઇ ગઇ, "અરરર !"

એક કોઠી પાસે ચાલીની વચ્ચોવચ્ચ છોકરાનું હાડપિંજર, જરાતરા રહી ગએલ માંસ પર ચોંટેલાં કપડાંના ટુકડા સમેત પડયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. એ આખા શરીરને સેંકડો મોટા મોટા ઉંદરોએ ફોલી ખાધું હતું અને રહ્યોસહ્યો ભાગ ખેંચીને ચાલીમાં છોડી દીધો હતો.

હમાલો બોલી ઉઠયા: "ગજબ થયો સાહેબ!"

"પણ એને વખારમાં કોણે પૂરી રાખ્યો હતો? દારોગાએ વખાર બંધ કરી હતી, તે કયાં છે?" મુનીમે પૂછયું.

દારોગાએ આગળ આવી જવાબ આપ્યો:

"સાહેબ! હમ કુછ નહીં પૈછાનતા."

મુનીમે છોકરાનાં માબાપ કયાં રહે છે એ પૂછવાની કદી પણ તસ્દી લીધી નહોતી. એટલે છોકરાના અવશેષની શી વ્યવસ્થા કરવી તેની તેને ચિંતા થઈ.

થોડી વારે તેણે એ વિભાગના પોલીસ ઑફિસરને ટેલીફોન કર્યો.

એક કલાક પછી પંચકયાસ શરૂ થઈ. મુનીમે, દારોગાએ, હમાલોએ કેફિયતો નોંધાવી.

થોડા થોડા બાકી રહેલા માંસના આછા ટુકડાઓથી લાલ, ચીકણું ને ભયંકર ભાસતું એ હાડપિંજર પોલીસ ઑફિસરે ભંગીઆઓ પાસે બહાર કઢાવ્યું. મ્યુનિસિપલ ઢેડાઓ તેને ગાડીમાં નાખી હૉસ્પિટલમાં ઉઠાવી ગયા.

સાંજ સુધી રાહ જોઇ જોઇને છોકરાનાં માબાપ સાડાછ વાગે તેલ–મિલ પર આવ્યાં. છોકરાને એમણે ત્યાં દીઠો નહિ. મુનીમને પૂછપરછ કરતાં કરડાકીભર્યો જવાબ મળ્યો:

"ચાલ્યા જાવ અહીંથી. તમારો છોકરો કયાં છે તેની ખબર રાખવા અમે અહીં બેઠા નથી. સાળો આજે કામ પર પણ આવ્યો નથી!"

ભારે પગલે બેકાર બાપ અને મા પાછાં ફર્યાં.

બંધ થવાની તૈયારી કરતી તેલમિલના યંત્રોનાં ખડખડાટમાં એમનો નિઃશ્વાસ મળી ગયો.

રસ્તે ચાલતાં મા બોલી:

"છોકરો રઝળુ છે, એની મેળે બેચાર દિવસે પાછો ઘેર આવશે."

બાપે ટાપશી પૂરી:

"હા, એવોજ નાલાયક છે; નહિતર આજે કામ પર કેમ ગેરહાજર રહે?"

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬–મૂડીવાદના પંજામાં

(લેખકઃ–શ્રી. બી. ટી. આશર)

(૧)

"હલ્લો, મારે તમારૂંજ કામ હતું. ચાલો, બેસી જાવ મોટર-માં"–શેઠ રામનાથે ચોપાટી પાસે ફરતા એક સુશિક્ષિત જણાતા યુવકને કહ્યું. ડ્રાઈવરને ઉદ્દેશીને તેણે કહ્યું, "તાજમહાલ તરફ–"

સંબોધાયેલા યુવકનું નામ દિનેશ હતું. દિનેશે બી. એ. ની પરીક્ષા ત્રણ માસ પહેલાંજ પસાર કરી હતી અને પછી નોકરીને માટે ફાંફાં મારતો હતો. મધ્યમ વર્ગમાંથી તે ઉતરી આવેલો હોઇ પિતાને હવે વિશેષ તકલીફ ન આપવી એવો તેણે નિશ્ચય કર્યો હતો. નોકરીની શોધમાં તે દરરોજ નીકળતો, પણ દરેક ઠેકાણેથી 'તમારે લાયક જગ્યા નથી' એવા શબ્દો સાંભળી પાછો ફરતો. છેલ્લા ત્રણ દિવસ તો તેણે ફક્ત ચાર આનામાંજ ચલાવ્યા હતા. ભૂખથી તે કંટાળી ગયો હતો; પણ આજના યુવકની પેઠે બહારનો ભપકો રાખવાના નિયમથી તે વંચિત ન હતો.

દિનેશે મોટરમાં જગ્યા લીધી અને થોડા વખતમાં તો મોટર તાજમહાલ પાસે આવી પહોંચી. ફર્સ્ટ ક્લાસમાં જઇ તેણે શેઠ સાથે ઉમદા વાતીઓ ચડાવવા માંડી અને તેનો મનમાં આભાર માનવા લાગ્યો.

"વારૂ મિસ્ટર! તમારૂં નામ શું? હું નામ પૂછવું તો ભૂલીજ ગયો!"

"જી, મારૂં નામ દિનેશ!"

"આ વર્ષે તમો બી. એ. ની પરીક્ષામાં બેઠેલા હતા નહિ કે? મેં તમોને આ વખતે પરીક્ષા હૉલમાં જતા જોયા હતા. તમો પાસ થયા? જો પાસ થયા હો તો મારો તમોને અંગત મંત્રી તરીકે રાખવાનો વિચાર છે."

દિનેશે નોકરી રહેવા ઇચ્છા જણાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતથીજ શેઠ રામનાથ કેળવણી સંસ્થામાં રસ લેતા હતા. તેઓએ કૉલેજની 'ડિબેટિંગ સોસાયટી'માં દિનેશને દરેક વખતે પ્રતિ-પક્ષ પર છટાથી ભાષણો કરીને વિજય મેળવતાં જોયો હતો અને આથીજ તેઓએ તેને વખત મળતાં ચોપાટી પરથી ઉઠાવી લીધો હતો.

તાજમહાલમાંથી તેઓ બહાર પડયા અને મોટરમાં સ્થાન લીધું. 'મંડળની સંસ્થા તરફ' શેઠે ડ્રાઇવરને હુકમ કર્યો. થોડી વારમાં તો મોટર સંસ્થાના મકાન પાસે આવી લાગી. શેઠ અને દિનેશ નીચે ઉતર્યા અને લીફ્ટ મારફત ચોથા માળ પર ગયા. અહીંઆં મૂડીવાદીઓની એક સારીશી સંખ્યા જમા થઈ હતી. સભા ખાનગી હોઇ શેઠે દિનેશને બહારના હૉલમાં બેસાડયો અને પોતે સભાગૃહમાં પ્રવેશ કર્યો.

(૨)

દિનેશ ત્યાં 'ઇવિનીંગ ન્યુસ' વાંચતો બેઠો, પણ તેનું ધ્યાન વાંચવામાં તલ્લીન થતું ન હતું. તે અંદર શી ચર્ચા ચાલે છે તે સાંભળવા આતુર હતો. સભાગૃહમાંથી ભાષણનો ધીમો અવાજ અત્રે સંભળાતો હતો. એક વ્યક્તિ ભાષણ કરતાં બોલીઃ

"મિત્રો, જાપાનીસ માલની ઉગ્ર હરીફાઇને અંગે આપણે આપણો માલ સસ્તો કરી નાખવો જોઇએ. જાપાનીસ માલ પર જકાત નાખવા માટે મત આપવા આપણે ધારાસભામાં ગયેલ આપણા સભ્યોને સૂચના કરી છે, પણ આપણે ભાવ ઘટાડવો જોઇએ તેમાં તો કંઈ શંકાજ નથી. આપણે આ નુકસાની આપણા શિર પર વહોરી શકીએ નહિ. સરસ માર્ગ તો એ છે કે, આપણે ત્યાં કામ કરતા માણસોના પગાર એકદમ કાપી નાખવા. પણ આમાં કામદારો હડતાલ પર જાય તેવો ભય રહે છે અને જો તેમ થાય તો ૧૯૨૮ ની સ્થિતિ આપણને ક્યાં યાદ નથી? આ વખતે કામ-દાર નેતાઓમાં ફાટફૂટ છે એ ખરી વાત છે, પણ હવે તો કામદારો નેતાઓની દરકાર પણ કરતા નથી. તેઓ આપમેળે હડતાલ પાડે તેમ છે. આ હડતાલ અટકાવવા માટે આપણે ઇલાજ લેવા જોઇએ."

ત્યાર બાદ બે ત્રણ સભ્યો પણ ઉપલી મતલબનુંજ બોલ્યા. તેઓમાંના એકે કહ્યું કે 'આપણા સભ્ય મહમદે હમણાં સટ્ટાનું કામ પોતાના હાથમાં લઇને બેકાર તેમજ રોજી મેળવનારા કામદારો-ને મોહમાં નાખ્યા છે તે ખુશી થવા જેવું છે. કામદાર હંમેશ આમાં ઓછામાં ઓછા ચાર આના ભૂખ્યે પેટે રહીને પણ નાખે છે. જો કોઇ વખત તેનો નંબર લાગે તો તેને એકના નવ મળે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કમાણી આપણા શેઠ નસરવાનજીએ ઠામઠામ કાઢેલ દારૂનાં પીઠાંઓમાં આવે છે. જો તે નંબર ગુમાવે છે તો તે કરજ કરે છે, જે આપણા મોતીચંદ શેઠ જબરા વ્યાજે આપે છે. મારવાડીઓ તો તેના દલાલો છે. કરજદાર થતાં અને અન્ન લેવાના પૈસા ન મળતાં તે હડતાલ પર જાય તોપણ વધુ દિવસ તેમ કરી શકે તેમ નથી.

દિનેશ આ બધું સાંભળી દીંગ બની ગયો. તે સ્વગત બોલ્યો: "ઉપરથી ઉજળિયાત જણાતા અને ધર્માદા હૉસ્પિટલો, બોર્ડિંગો અને ધર્મશાળાઓ કાઢનારા ધર્મિષ્ટ કહેવડાવતા આ લોકો અંદરખાને આવા પિશાચ હૃદયના હોય છે ?" તે આમ વિચાર કરતો હતો ત્યાં તેને પરિચિત શેઠ રામનાથનો સ્વર સંભળાવા લાગ્યો અને તેણે ફરીથી કાન માંડયા.

અવાજ આવતો હતો:—

"મિત્રો! આપણે જાણીએ છીએ કે, કામદારોમાં હવે હડતાલ પાડવાની શક્તિ રહી નથી, તોપણ મુસ્કેલીનું નાનું સ્વરૂપ જોઇ હરખાઇ જવાનું નથી—દુશ્મન અને કાંટાને તો ઉગતાંજ મારી નાખવા જોઇએ. તમોને ખબર હશે કે, હમણાંજ કૉલેજમાંથી બહાર પડેલો શંકર કામદારોમાં ચળવળ કરી રહ્યો છે, જો કે આપણે યુનિયનમાં માણસો રોકી તેમાં ફાટફૂટ પડાવી છે; પણ આ શંકરની આસપાસ કામદારો એકત્ર થતા જાય છે. મેં તેને મળવા બોલાવ્યો હતો અને આ કામ છોડી દેવા માટે લાલચ પણ આપી હતી, પણ તે એકનો બે ન થયો અને આપણને ગાળો દેતો દેતો તે ચાલ્યો ગયો. હવે તે બમણા ઉત્સાહથી કામ કરે છે. મેં એને દાવ આવ્યે ઠેકાણે કરવા માણસો રોકયા છે, પણ મારો બેટો એ બહુ ચાલાક છે. હવે મને આ હડતાલ અટકાવવા બીજી સરસ યુક્તિ સૂઝી છે."

"તે શું છે ? તે શું છે ? જલદી કહો" સભામાંથી પોકારો પડયા.

"જે એક બહાર બેઠેલો છે તેનું નામ દિનેશ છે. હાલમાંજ તે બી. એ. પાસ થયો છે. તે એક પ્રખર વક્તા છે. અત્યાર સુધીનું તેનું ચારિત્ર્ય પણ નિર્દોષ છે. મારો વિચાર તેને રોકી લઈ કામદારોમાં આપણે વિષે તેની મારફત વફાદારી ઉત્પન્ન કરાવવાનો છે. કૉલેજમાં તો તે એક આદર્શવાદી તરીકે ભાષણ કરતો હતો, પણ હાલ તેને સંજોગો અનુસાર કામ કરવું પડશે. આપણી સંસ્થા તરફથી આપણે તેને એક નજીવી રકમ આપશું. મહિને ફક્ત ૩૦૦ રૂપીઆ તો તેને ઘણા થઈ પડશે. તે આપણી વતી મજૂર મંડળોમાં જઈ આપણી સખાવતોની બાંગ પુકારશે. 'શેઠ એ પિતા છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રમજીવીઓ એ તેમના પુત્રો છે' એમ તે તેઓને ખોટું ભરમાવવામાં સફળ થશે. આપણે પણ બહારથી તેને સારૂં માન આપશું, પણ અંદરખાને તો તેને આપણો દાસ બનાવી રાખશું."

દિનેશના કર્ણપટ પર આ શબ્દો પડયા કે તુરતજ તે ચોંકી ઉઠયો: "શું અત્યાર સુધીનો મારો સમાજવાદનો અભ્યાસ મારે ઉપલી રકમ માટે મિથ્યા કરવો ? આ રક્તચૂસણિયા વેપારીઓના હાથમાં હથિયાર બનવું ?" તેને કમકમાં આવ્યાં, પણ તુરતજ તેણે સ્વાસ્થ્ય મેળવ્યું.

અંદર લાલ પાણીની રમઝટ પૂરબહારમાં ઉડતી હતી. થોડી વારમાં રામનાથ બહાર આવ્યો અને દિનેશને સાથે લઇ પોતાને ઘેર ગયો. પોતાની પુત્રી સરલાને બોલાવી તેણે દિનેશ માટે ચા મંગાવી. સરલા હજુ સુધી કુંવારી હતી અને ઇન્ટર આર્ટસમાં અભ્યાસ કરતી હતી. સરલાનું રૂપ જોઇ દિનેશને તેની સાથે વાતો કરી સારો દિવસ પસાર કરવા ઇચ્છા થઇ. શેઠે તેના આ હાવભાવ સારી પેઠે જાણી લીધા.

"બહેન સરલા, દિનેશને તો તું ઓળખતીજ હોવી જોઇએ. આજથી તે આપણા મહેમાન બન્યા છે અને હવે તે અત્રેજ પોતાનો મુકામ રાખશે!" રામનાથે દિનેશને પૂછ્યા વિનાજ કહ્યું.

દિનેશને રામનાથનું ભાષણ સાંભળતાં જે તિરસ્કાર છૂટયો હતો તે સરલાને જોતાં નષ્ટ થયો હતો. તેને આ સુંદરી સાથે લગ્ન કરી પોતાના જીવનને અહોભાગ્ય કરવાના કોડ લાગ્યા. તેણે રામનાથની એકેએક શરત સ્વીકારી અને દશેક દિવસના અરસામાં તો સરલા સાથે તેનાં લગ્ન પણ થઇ ગયાં. હવે તે પહેલાંનો દિનેશ ન રહ્યો.

હવે તે મજૂરોમાં શેઠીઆઓની વતી ચળવળ કરવા જતો હતો. રાષ્ટ્રપ્રેમ અને ગરીબ પ્રત્યે પોતાની અનુકંપાના ડોળ નીચે તે શેઠીઆઓનુંજ કામ કરતો. શંકરનો તે બાળમિત્ર હોવાથી એક દિવસ શંકર તેની પાસે આવ્યો અને સુંદરી અને શ્રી પાછળ ગાંડા બની જઇ પોતાનો આદર્શ ન મૂકી દેવા તેને ઘણોએ સમજાવ્યો, પણ તે સઘળું વ્યર્થ નીવડયું. દિનેશ સામેથી શંકરને લાંચ આપી તેને શેઠીઆઓનો કરવા ઇચ્છતો હતો, પણ તેની બાજી ધૂળમાં નીવડી. શંકર તો ખરેખરો મજૂરમિત્ર હતો.

(૩)

લાલબાગના મેદાનમાં માલીકોએ મિલોમાં કરેલ કાપકુપ માટે સાર્વત્રિક હડતાલ ચલાવવાની વિચારણા ચલાવવાને જંગી સભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી હતી. શંકરે ત્યાં હડતાલ વિષે જુસ્સાદાર ભાષણ આપ્યું અને ગગનભેદી તાળીઓના અવાજ વચ્ચે તેના ઠરાવને સર્વાનુમતે ટેકો મળવા લાગ્યો; પણ તુરતજ દિનેશ ભાષણ કરવા ઉભો થયો. તે બોલ્યો:

"ભાઇઓ, હડતાલ ચલાવવાનો ઉપદેશ આપતા આ લોકો પરદેશીઓના દલાલો છે. દેશપ્રેમ જેવી કંઇ પણ વસ્તુ તેઓ સમજતા નથી; તેઓ દેશદ્રોહી છે. જાપાનીસ હરીફાઇને લીધે આપણા માલના ભાવ તદ્દન ગગડી ગયા હોઈ કેટલીક મિલોને બંધ કરવાની માલિકોને ફરજ પડી છે. હું આપ સર્વેને અપીલ કરૂં છું કે, આપણા પગારકાપનો આપણે સ્વેચ્છાએ સ્વીકાર કરવો અને આમ કરી સ્વદેશીને ઉત્તેજન આપવું. વધુમાં આજે આપણે હડતાલ પર જઇએ તો આપણી પાસે ખપ પૂરતું અન્ન પણ નથી. આપણામાંના કેટલાકો બેકાર પણ બન્યા છે. તેઓને નિભાવવા પણ તમોજ ઘરમાં રાખો છો. જો તમો હડતાલ પર જશો તો તમોને નિભાવશે પણ કોણ? હું ઇચ્છું છું કે આપણે પંચ નીમી આપણા કલહનો અંત આણવો અને પગારમાં થતો કાપ થોડો ઓછો કરાવવો."

માલીકોના ભાડુતી માણસોએ 'સાંભળો, સાંભળો' ના પોકારો વચ્ચે તેને વધાવી લીધો. તે આગળ બોલવા જતો હતો પણ ઘણા માણસોએ તેને તેમ કરતાં અટકાવ્યો. કેટલાક કામદારોએ આગળ આવી કહ્યું: "આ માલીકોના હાથમાં હથીઆર બનેલો છે. તે શયતાનનો સાથી છે. તેને અહીંથી દૂર કરો." એકદમ પગારકાપથી ગુસ્સે થયેલ કામદારોનું ટોળું સભામંડપ પર પહોંચી ગયું; પણ ત્યાં તો દિનેશના ભાડુતી અંગરક્ષકોએ લાઠી ચલાવી. કામદારોએ પણ આનો સરસ પ્રત્યુત્તર આપ્યો. મારામારીમાં દિનેશને સખ્ત ઈજા થઈ. તે જમીન પર એકદમ પટકાઈ પડયો!......પોલીસ તુરતાતુરત આવી પહોંચી. તેણે કેટલાક હડતાલની તરફેણ કરનારાઓને ધાંધલ મચાવવાના આરોપસર કેદ કર્યા. જ્યારે આરોપીઓ ઉપર કેસ ચાલતો હતો ત્યારે દિનેશ ઇસ્પિતાલમાં છેલ્લા શ્વાસ લઇ રહ્યો હતો.

(તા. ૨૬-૬-૧૯૩૩ના દૈનિક "હિંદુસ્થાન" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३७–दामोदर पाटीवाळो

(લેખકઃ—શ્રી. રવિશંકર વી. મહેતા)

(૧)

સો દોઢસો ઝુંપડાંઓના એ નાના ગામડા પાસેથી વહેતી નાની રેવતી નદીના કાંઠા પર બળતી ચિતાના ભડકા શમતા જતા હતા. ધારના ભૂખે મરતા શેતકરીઓની શક્તિને રોજ રોજ બાળતી, નિત્યપ્રતિ ઉગતી અને હોલવાઇ જતી કુદરતની ચિતાની છેલ્લી આભા પણ ઓસરતી જતી હતી; અને એ બન્ને ચિતાઓના તાપથી સંતપ્ત બનેલો એક સ્નાયુબદ્ધ આદમી ઠરતી ચિતા સંકોરવા માટે એક જાડું લાકડું હાથમાં લઈ શૂન્ય ચહેરે ઉભો હતો. બીજા પાંચ સાત આદમીઓ થોડે દૂર બેસી તમાકુ અને ચૂનો ચાવતા હતા. સ્મશાનભૂમિની પછવાડે આવેલા એક ગાડામાર્ગ પર મોડી પડેલી ત્રણ ચાર હાડપિંજર ગાયો પસાર થઇ રહી હતી અને જરા દૂર આવેલા એક ઉંચા ખીજડાની ટોચ પર બેઠેલું ગીધ આ બધા પોતાની અક્કલમાં ન ઉતરે એવા તમાશા પર બેવકુફાઇભર્યાં ડોળા ફેરવ્યા કરતું હતું. દૂર બેઠેલાં માણસોમાંથી એક, તમાકુનો ફાકડો મારી બળતું કેટલુંક બાકી રહ્યું છે એ જોવાને ઉભો થતો હતો ત્યાં પેલા ચિતા પાસે ઉભેલા આદમીને તમ્મર આવી; તેનું શરીર લથડયું, પણ તરતજ તેણે પાછું સ્વાસ્થ્ય મેળવ્યું.

"શું થયું?" પેલા ઉભા થનારે પૂછયું.

"કંઇ નહિ" દામોદરે જવાબ આપ્યો.

"ના, એમ નહિ" પેલા પાસે આવેલ જુવાનીઆએ પ્રેમથી તેના શરીર પર હાથ ફેરવ્યો. "દામોદર, બાપા! તું હવે બેસી જા" પેલાએ સમભાવભર્યા અવાજે કહેવા માંડયું, "તું આખા દિવસનો ભૂખ્યો છે. હમણાં તારૂં શરીર લથડયું તે મેં જોયું. ચિતામાં પડી ગયો હોત તો? મરનારની પાછળ આપણાથી કંઈ થોડુંજ મરી જવાશે?"

"હા, હા" કહી બીજા આદમીઓ પણ ઉભા થયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓએ દામોદરને એક બાજુ બેસાડયો.

બાકીનાઓએ માટીના ઘડા ભરી ભરી ચિતાના અંગારા ઠાર્યા. પછી સ્નાન કર્યું. દામોદરને પણ નવરાવ્યો અને પછી ગામ ભણી વળ્યા. મૂંગે મોઢે માર્ગ કાપતા એ આઠ આદમીઓનાં કાળાં શરીરને અંધકાર ગળી જતો હતો. ત્યાં એકે પોતાના અસ્તિત્વની અને વ્યવહારૂપણાની સાબીતી આપી:

"બિચારા દામોદર પર દુઃખના ડુંગર ઢળ્યા. પો'ર વાડી વેચી નાખવી પડી, અને ઓણ બાયડી મરી ગઈ."

"અને બિચારી છ વર્ષની પૂમડા જેવી છોકરીનું કોણ ?" એક બીજાએ આગળ ચલાવ્યું "પરમેશ્વરને ઘેર પણ ન્યાય લાગતો નથી."

"હાં, હાં, એમ કહેશો નહિ." જાણે કોઇ નવી આફત નિવારવાને પ્રયત્ન કરતો હોય એવો દામોદરનો ખળભળેલો અવાજ આવ્યો. "એ તો જેવી દેવની મરજી."

"શું દેવની મરજી !" દામોદરના સાથી પેલા જુવાનીઆ છોકરાનો મક્કમતાભર્યો અવાજ આવ્યો.

"શંકર," દામોદરનો આજીજી છતાં મક્કમતાભર્યો અવાજ આવ્યો, "તું મુંબાઇ જઇને બહુ ડાહ્યો થઇ આવ્યો છે તે જોઇ હું રાજી છું. પણ દેવની મરજી સમજવાનું આપણું શું ગજું ? એની મોટાઇમાં આપણે હાથ ન નાખીએ."

"હો, હો" શંકરનો સહેજ તિરસ્કારપૂર્ણ હસતો અવાજ આવ્યો "એની મોટાઇમાં આપણે હાથ ન નાખીએ અને આપણી ગરીબીમાં તમારો એ દેવ મરજી પડે ત્યારે બેફામ રીતે હાથ નાખે, એમજ ને ? અને, અને," તેનો અવાજ ગાજવા લાગ્યો "આપણી ગરીબાઇની ગટરના કાદવથી કાળા થએલા એના હાથ હવે એ તારી છ વરસની છોકરીનાં આંસુઓથી બેઠો બેઠો ધોયા કરશે."

શંકરના અવાજમાં રહેલી ભયંકર નિશ્ચલતાએ દામોદર અને તેના બધા સાથીઓને મૂંગા બનાવી દીધા. થોડી વારે એક મશ્કરી કરતો અવાજ આવ્યો: "શંકર, કાંઇ તાડી બાડી વધારે પડતી નથી પીધી ને ?"

"હા, હા," શંકરનો મશ્કરી અને તિરસ્કારપૂર્ણ જવાબ આવ્યો, "પીધી છે. તમે આંધળી શ્રદ્ધાનાં અફીણ પીને તમારાં દુઃખ ભૂલવા પ્રયત્ન કરો છો; દુનિયાના હરામખોરોએ ભેગા મળીને લાદેલી તમારી લાચારીને ઇશ્વરની ઓથમાં છુપાવી બેવકૂફ બનો છો. હું મારી નાસ્તિકતાની, અથવા મારા પોતામાં અને દૂર દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠેલા મારા બિરાદરોની ભાવના અને લડતમાં આસ્તિકતાની તાડી પીને મારાં દુઃખોને ભૂલું છું. એક કે બીજા પ્રકારના કેફ વિના આપણામાંનું કોણ જીવે છે ?"

મુંબઈથી ધોળમંગળ કરી પોતાના વતનમાં પાછા ફરેલા આ નવા નાસ્તિક સામે જીભાજોડી કરવામાં કોઇ ફાવે તેમ નહોતું. એટલે સૌ નિરુત્તર બન્યા. શંકરને પણ દામોદરની મનોદશાનો ખ્યાલ આવ્યો અને સૌ ચૂપ બન્યા. ગામનો ઝાંપો આવ્યો. પેલા લોકો કંઇ ધીમીધીમી ટીકા શંકર પર કરવા લાગ્યા, પણ તેમનો અવાજ શિયાળાની આગલી રાતની ટંડીથી રહેંસાવા માંડેલાં શિયાળીઆં-ઓની લાયરીમાં ડૂબી ગયો.

(૨)

શંકર છવીસેક વરસનો જુવાન છોકરો હતો. ગામના પ્રમાણ-માં એનો બાપ પૈસેટકે અને આબરૂમાં ઠીક ઠીક સુખી ગણાતો. પાસેના એક ગામની નિશાળમાં એના બાપે એને ત્રણ ચાર ધોરણ ભણાવ્યો પણ હતો; પણ અઢારેક વર્ષની વયનો થતાં એને ખબર પડી ગઈ કે એના બાપની સારી આબરૂ ગામના નાણાં ધીરનાર બાપુજી ખોટેના હાથમાં રમી રહી હતી. એટલે એક રાતે એની માએ મહામહેનતે ભેગા કરેલા પાંચ રૂપિયા તફડંચી કરી, પાસેના ગામના એક મુંબાઇમાં ઘરઘાટી તરીકે કામ કરનારા પાંડુ નામના પોતાના નિશાળના ગોઠીઆ સાથે મુંબાઇને માર્ગે વહેતાં મૂકયાં હતાં. મુંબાઇ-માં આવતાં વેવલી ગુજરાતણોના ઘાટીનું કામ કરતાં પોતાને નહિ-જ આવડે એવી એને ખાત્રી થઈ ગઇ હતી; પણ તેને સારે નસીબે બે ત્રણ દિવસજ ભટકતાં એક મિલમાં નોકરી મળી ગયેલી. તે પછીથી તો તે છ વર્ષ મુંબાઇમાં રહ્યો હતો અને છ વર્ષમાં બીજાને છ જીંદગીમાં પણ જાણવા ન મળે એવી અનેક વાતો એ શીખી આવ્યો હતો. કામદારોને માટેની રાત્રિશાળામાં એણે મરાઠી અને અંગ્રેજીનો પણ અભ્યાસ કર્યો હતો. "ગીરણી કામગાર યુનીઅન"નો એ એક કદાચ સૌથી વધારે ઉત્સાહી સભ્ય હતો. આજે મીરતની જેલની દિવાલો પાછળ દટાએલા કેટલાએ મજૂર નેતાઓનો એ કૂતરા સમી વફાદારી દાખવતો અનુચર હતો. એમનાં ભાષણો સાંભળતાં એનાં રૂંવાડાં ઉભાં થઇ જતાં અને રાતે પથારીમાં પડયાં પડયાં અથવા દિવસે કારખાનામાં પરસેવો પાડતાં એ ભાષણો એ પોતાના મનમાં વાગોળ્યાજ કરતો. એના શબ્દેશબ્દ એને જીભને ટેરવે રમી રહેતા. વર્ગભાને એના આખા ચૈતન્યને આવરી લીધું હતું. તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતું કે તેનાં બધાં સ્વજન તો મુંબઈમાંજ છે. એનાં માબાપે એના શરીરને જન્મ આપ્યો હતો, એના સરદારોએ એનામાં વર્ગ-ભાન ચેતાવ્યું હતું. મુંબાઈ તેને ખૂબજ ગોઠી ગયું હતું; પણ ત્યાં તો એક દિવસ એના સરદાર બિરાદરે એને પોતાની પાસે બોલાવ્યો, "શંકર!" તેણે વહાલથી તેના ખભા પર હાથ મૂકી કહ્યું "જો, તું અહીંઆં પક્ષને ખૂબજ ખપનો છે; પણ એથી વધારે કામ કરવાને હવે તારે તૈયાર થવું જોઇએ. જો, તું ખેડુતનો દીકરો છે, ગામડાં-ના લોકનો તને અનુભવ છે. માટે જા, આપણા સાહિત્યનો, આપણા વિચારોનો ત્યાં પ્રચાર કર. એ લોકોને વ્યવસ્થિત બનાવ. વર્ગભાન-ની તારી સળગતી મશાલથી એમની મશાલો સળગાવ જા, એ કામ તારે કરવુંજ રહ્યું."

શંકરને પહેલાં તો મુંબાઈ છોડવું ન ગમ્યું, પણ એક માણસ કરતાં પક્ષ મોટો છે અને પક્ષના કરતાં પણ આમવર્ગનું હિત બળ-વાન છે, એ વસ્તુ એ અત્યાર પહેલાં ખૂબજ શીખી ગયો હતો. એટલે છેલ્લા છ માસથી એ પાછો દેશમાં આવ્યો હતો. શરૂઆતમાં પોતાની બાખડા બોલીને લીધે એ જરા અળખામણો થઇ પડયો હતો, પણ દામોદરની સલાહથી જરા શાન્ત પડયા પછી તે લોકપ્રિય બનવા લાગ્યો હતો.

શંકરના સખ્ત વિરોધ છતાં દામોદરે પોતાનું ઘર ગીરો મૂકીને પણ પોતાની સ્ત્રીનું કારજ કર્યું; પણ એ થઈ રહ્યા પછી તરતજ નાણાં ધીરનારના તકાદા એનેમૂંઝવવા લાગ્યા. શંકરની ચિઠ્ઠી લઇને એણે પોતાનું તકદીર અજમાવવા માટે, પોતાની નાની દીકરીને એક ભાઇને ઘેર મહિને ત્રણ રૂપીઆ મોકલવાની શરતે રાખીને, મુંબઇનો માર્ગ લેવો પડયો. દામોદર મુંબઇમાં આવ્યો ત્યારે મિલમાં તેને નોકરી તો મળી ગઇ, પણ શંકરના બિરાદરોનો લાભ એને બહુ ઓછો મળ્યો. તેને રહ્યે છ આઠ માસ ભાગ્યેજ થયા હશે ત્યાં તો એમાંના ઘણાખરાને મીરતનાં તેડાં આવ્યાં.

(૩)

શંકરના મનમાં એવી ઉમેદ હતી કે મુંબઇનું જીવન જેમ પોતા-ને માટે હતું, તેમ દામોદરને માટે પણ એક આત્મવિશ્વાસ કેળવવાની શાળા બની રહેશે; પણ અઢાર વર્ષની વયે ઘર છોડી આવેલા એ તોફાની છોકરા અને પાંત્રીસ વર્ષના દામોદરના માનસમાં જે તફાવત હોય તેનો તેને ખ્યાલ નહોતો. દામોદર મુંબઈમાં માત્ર કમાવા અને પૂરતા પૈસા બચત થાય તો પોતાની જન્મભૂમિમાં પાછા ફરી પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર અને વાડી છોડાવી સુખી જીવન ગાળવાના એકજ ઉદ્દેશથી મુંબઇ આવ્યો હતો. ત્રણ વર્ષના વખત દરમ્યાન દિવસ અને રાતના જ્યારે જ્યારે કામ મળતું, ત્યારે તે ઢોરની માફક તેમાં લાગી જતો. નેતાઓનાં ભાષણો વખત મળ્યે સાંભળવા જતો, પણ નાની ઉંમરના અને લોકમાનસથી અપરિચિત એ નેતાઓનાં ભાષણો દામોદરનાં અજ્ઞાન અને આંધળી શ્રદ્ધાની દિવાલોથી રક્ષાએલા મગજમાં ભાગ્યેજ પ્રવેશ કરી શકતાં. એ દિવાલોના કાંગરા જરૂર ખરવા માંડયા હતા, પણ અંદરનું દીન અને વ્યક્તિવાદી માનસ તો જેમનું તેમજ જળવાઇ રહ્યું હતું. એ ત્રણ હડતાલોમાં તેણે ભાગ લીધેલો, પણ તે બધી નિષ્ફળ ગઇ એટલે નેતાઓનાં વીરતાભર્યાં ભાષણો, છતાં પોતાના વર્ગની સામુદાયિક શક્તિમાં એને શ્રદ્ધા પ્રગટી નહોતી. તે માત્ર એટલુંજ સમજી શકયો હતો કે, આ દુનિયામાં માણસજાત બે ભાગમાં વહેંચાઇ ગઈ છેઃ કામ કરનાર અને કામ કરાવનાર; અને એ બંનેનાં હિતો પરસ્પર વિરોધી છે. આજ કારણથી જ્યારે એક લંબાએલી હડતાલના કારણસર તે થોડા વખતને માટે દેશમાં આવ્યો ત્યારે ખૂબ ઘસાએલા શરીર અને સહેજ ઉપસેલી થેલી સિવાય તેનામાં કાંઇ ખાસ બીજો તફાવત પડેલો શંકરને ન જણાયો.

મહામહેનતે બચાવેલા એકસો રૂપીઆ એણે પોતાના લેણદાર શેઠને ભર્યા; પણ ત્રણ વર્ષ દરમ્યાન તેનું મૂળ દોઢસો રૂપીઆનું કરજ વધીને સવાબસો થઇ ગયું હશે એ ખ્યાલ એને નહોતો. "ઠીક છે, બીજા સો રૂપિયા અને મારા ઘરનો પાછો હું માલિક થઇ જઇશ" તે ઘણી વખત પોતાના મનને કહેતો. બે મહિના તે પોતાના વતનમાં રહ્યો. તે દરમ્યાન હડતાળ તૂટી પડી હતી અને જેટલાને પાછા લેવામાં આવ્યા તેઓ સૌ કામે ચડી ગયા હતા. દામોદર મુંબઇ આવ્યો ત્યારે પોતાની અસલ જગ્યાએ તેને માટે સ્થાન નહોતું.

(૪)

પોતાની સાથે પાછી લાવેલ દશ રૂપીઆની મૂડી પર એણે નોકરીની શોધમાં બે માસ સુધી મુંબઇની શેરીઓ ખુંદી, પણ ૧૯૨૯ ની એ સાલ બહુ કારમી હતી. દામોદરને નોકરીમાં રાખી શકે એવા શેઠીઆઓ પોતે નોકરી વિનાના બની ગયા હતા. શેરીઓમાં રખડવાના થાક કરતાં પણ એનાં ઘર અને એની દીકરીની અને ભવિષ્યમાં પેટ કેમ ભરવું એની ચિંતાથી એનું શરીર વધારે ઘસાવા લાગ્યું હતું; પણ હવે તો તે મુંબઇનો ભોમીઓ હતો. પોતાની ઓળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાણના કોઇ ઘાટીની મદદથી એણે સેન્ડહર્સ્ટ રોડ ઉપર કોઇ એક શેઠને ત્યાં ઘરઘાટીની નોકરી મેળવી લીધી. દોઢેક માસ તો બધું ઠીકઠાક ચાલ્યું, પણ તે દરમ્યાન ચીકાર તબિયતવાળી તેની શેઠાણીને ફાવે એવો ઘાટી દામોદર નજ નીવડયો. એટલે ફરીને તે શેરી પર ફેંકાઈ ગયો. નોકરી દરમ્યાન મળેલી કપડાંની એક જોડી અને પંદરેક રૂપીઆ લઇ તે પાછો નોકરીની શોધમાં ભટકવા લાગ્યો, તે દરમ્યાન નવમી ખેતવાડીના નાકા પર આવેલા હનુમાનના મંદિરમાં "દેવાંચે પદ" ગાનારી ભજન મંડળીમાં તે ભળતો; અને આખા દિવસની હાડમારી અને ચિંતાઓ ભજનની ધૂનના ઘેનમાં ભૂલી જતો. એ મંદિરમાં એકઠા થનારા મિત્રોની સલાહથી તેણે હવે પાટીવાળા તરીકેનું કામ શરૂ કરી દીધું હતું. એથી આઠ આના સુધીની મજૂરી એને પ્રસંગ અનુસાર મળી જતી. રાતના તે ગીરગામ બેક રોડ ઉપર આવેલા રામમંદિરની બહાર ઉભો ઉભો બુવાની કથા સાંભળતો અને દેવદેવીઓનાં વૈભવશાળી જીવનનાં બુવાની કથાએ ઉપજાવેલાં ચિત્રો મનમાં વાગોળતો. જ્યાં ખાલી હોય ત્યાં દુકાનનાં પાટિયાં પર, પોતાની પાટીના છાપરા નીચે સૂઇ રહેતો. તે દરમ્યાન તેનું શરીર ઘસાતું જતું હતું. રખડપટ્ટી વધી હતી, પણ કામ ઓછું થતું જતું હતું અને ગમે તેવી તબિયત હોય તો પણ એક આનાના ઉશળ–ચપાટી પર એને દિવસ ગુજારવો પડતો. દામોદરને સમજાવા માંડયું હતું કે "દેવાચી મરજી" દિવસે દિવસે વધુ કારમી બનતી જતી હતી.

તે દરમ્યાન મુંબાઈમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં. રસ્તા પર સૂનારાઓના જીવ અદ્ધર થઇ ગયા હતા, પણ આવા દિવસોમાં તેમને સંઘરે પણ કોણ? "સંકટ નિવારણ સમતિઓ"ની જગ્યાએ "આબરૂદાર" લોકોથી ચીકાર ભરાઇ ગઈ હતી; દામોદર જેવા સમાજના કચરાને માટે ત્યાં સ્થાન નહોતું. એક રાતે મોડી રાત વીતી ગયા પછી બધું શાન્ત થઇ ગયેલું લાગ્યું. તેને ઉંઘ પૂરી આવી પણ નહિ હોય ત્યાં કોઇ અજાણ્યો આદમી આવ્યો અને કોણ સૂતું છે તે જાણવાનીયે પરવા કર્યા સિવાય તેના પર છરીનો ઘા કર્યો. દામોદરથી ચીસ પડી ગઇ. આસપાસના માળાઓમાં વસતા ગુજરાતી શેઠીઆઓનું રક્ષણ કરવા આપમેળે ઉજાગરો કરતા ઘાટીના અન્ય છોકરાઓએ એ ચીસ સાંભળી બૂમરાણ મચાવી મૂક્યું. ખુની આદમી બાજુની ગલીમાં અદશ્ય થઈ ગયો. જ્યારે ઘાટીઓ નીચે ઉતર્યા ત્યારે દામોદરના ખભામાંથી લોહી વહેતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. તેને થએલો જખમ ગંભીર નહોતો. માળામાં રહેતા એક ડૉક્ટરે તેને પાટો બાંધ્યો. બે દિવસ તે એ અજાણ્યા ઘાટી બિરાદરોનો મહેમાન રહ્યો અને પછી વધારે સલામતીભરી જગ્યા શોધવાને એણે પ્રિન્સેસ સ્ટ્રીટનો આશ્રય લીધો.

(૫)

રમખાણો બંધ પડી ગયાં હતાં, પણ પાટીવાળાઓનું કામ વધ્યું નહોતું. રોજના ચાર આના મેળવવાનું દામોદર માટે મુશ્કેલ થઇ પડયું હતું. પેટની, પોતાની દીકરીની, ઘરની એ બધી ચિંતાઓ તો રોજ ને રોજ વધુ ઉગ્ર બનતી જતી હતી; પણ તેમાં એક વધારે સંગીન ચિંતાનો ઉમેરો થવા પામ્યો હતો. છેલ્લા એકાદ વર્ષના ઉપરાછાપરી બની રહેલા બનાવોથી દેવની દયામયતા, એની શુભ આશયપ્રેરિત મરજી વિષે પાપમય શંકાઓએ તેના ભક્તિપૂર્ણ માનસ પર કારમો ઘસારો આદર્યો હતો. "નહિ નહિ, એક તો આવી દશા ભોગવી રહ્યો છું; તેમાં વળી દેવના આશય વિષે શંકાનો ઉમેરો કરી વધારે પાપના ભાગીદાર શીદ બનવું ?" પણ બે દિવસ પહેલાં મરીન લાઇન્સના પૂલ આગળ એણે એક વૃદ્ધ દક્ષિણીને ઇરાદાપૂર્વક ટ્રેઇન આડે પડી આપઘાત કરતો નજરોનજર જોયો હતો. એ માણસ લાગતો હતો તો બહુ પવિત્ર; ત્યારે એમ કેમ ? પ્રિન્સેસ સ્ટ્રીટની દુકાનોનાં પાટીઆં પર તેની નજીકમાં સૂનારા એક મુસ્લીમે એને હજુ થોડા દિવસ પહેલાંજ એવી ખબર આપી હતી કે ભૂખમરાનું દુઃખ સહન ન કરી શકવાથી એક મુસ્લીમે પોતાની બીબી અને બે બચ્ચાંઓનું ખૂન કરી આપઘાત કર્યો હતો. એ કેમ ? શું દેવ હમણાં બેદરકાર બનતો જતો હતો ? અને જ્યારે છરીની મદદથી રોટી મેળવી લેતો પેલો મુસ્લીમ એને કહેતો કે "યાર, કોઈ પણ રસ્તે રોટી મેળવવામાં ખુદા કદી ખીલાફ થાય નહિ" ત્યારે તેના પર તો તેને તિરસ્કાર આવતો; પણ તે સાથેજ પોતાના થોડા વખત પહેલાંના મજૂરનેતાઓનાં ભાષણોના અસ્પષ્ટ શબ્દો અને અવાજો તેના મગજ પર અથડાતા. શંકરની તંદુરસ્ત અને અદમ્ય નાસ્તિકતા એને યાદ આવતી. એમાં સાચું શું ? એ વિચાર એના નવરા મગજને ઘેરતો. એ માનસિક ચિંતા અને શંકાના સંઘાતે એને ક્ષયની બક્ષીસ આપી હતી.

શ્રાવણ મહિનો આવી ચૂકયો હતો. બે માસ સુધી વરસાદમાં પલળવાને પરિણામે તેનો ક્ષય વીજળીની ઝડપે આગળ વધ્યો હતો. તેને ચોવીસે કલાક વધારે ઓછો તાવ રહેતો. કામ મળતું નહોતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મજો તોય કરવાની તાકાત એનામાં હવે નહોતી. પેલો 'પાપી' મુસ્લીમ ક્યાંકથી પૈસા મેળવી એને એઅેક આના રોજ આપી જતો તેના પર તે જીવતો.

તે સાંજે મહામુશ્કેલીએ પાટી ખંભે ભેરવી તે ઉભો થયો. મરીનલાઇન્સની રેલ્વે લાઇન તરફ એના પગ વળ્યા. આવા દુઃખમય જીવન કરતાં મરી જવું શું ખોટું ? પેલા વૃદ્ધ દક્ષિણીનો માર્ગ લેવાનો એણે નિશ્ચય કરી લીધો હતો, પણ સાંજને વખતે તો ત્યાં સહેલાણીઓની ખૂબ ઠઠ જામી હતી, એટલે અવશ રીતે તે દરિયા-કાંઠે ગયો. સામાજિક અસમાનતાઓ જોઇને જાણે શરમથી લાલ બનેલા મોઢાવાળો સૂર્ય દરિયામાં ઝડપભેર ઝંપાપાત કરતો હતો; પણ મરવાને તૈયાર થએલા દામોદરને તે જોઇને ચાર વર્ષ પહેલાંનો પેલો શ્મશાનનો દેખાવ યાદ આવ્યો. પોતાની ગરીબડી સ્ત્રી અને બાળકી સ્મરણે ચડયાં. સમુદ્રનાં મોજાં પરથી આવતા ભીનાશવાળા પવનની લહેરી એના તાવવાળા શરીરને સારી લાગી. એને લાગ્યું કે આપઘાત કરીને મરવું વ્યાજબી નથી. રેલ્વેના પાટા પાસે આવતાં તેને ફરી વિચાર આવ્યોઃ "ના, ના, આપઘાત કરવો એ તો બરાબર નથી. પાછા સાત અવતાર એવાજ લેવા પડે ને ? અને મારી આશાબાઇનું શું ? કોણ કહે છે કે મરી જવાનો છું ?" ચારે ગમથી ઘેરી રહેલા મોતને જાણે પાછું હડસેલવા પ્રયત્ન કરતો હોય તેમ એ પાછલા શબ્દો એણે મોટેથી ઉચ્ચાર્યા.

રેલ્વેના પાટા ઓળંગી એ પ્રિન્સેસ સ્ટ્રીટમાં પોતાના સૂવાના ઠેકાણા તરફ પાછો ફર્યો. રસ્તામાં વરસાદનું ઝાપટું પડયું અને એ ખૂબ પલળ્યો. દામોદરની પાતળી પડી ગયેલી જીંદગીની રેખાને જાણે એ વરસાદે ધોઇ નાખી. પોતાના સ્થાને એ પાછો ફર્યો ત્યારે તેના મોંમાંથી એક પછી એક લોહીવાળા બડખાની પરંપરા નીકળ્યેજ જતી હતી, એનું શરીર કાંપતું હતું. રાતના દસ વાગ્યા સુધી એ એમનો એમ પડી રહ્યો. તેના શ્વાસોચ્છ્વાસ ઝડપી અને ટુંક થયે જતા હતા. તેનું આખું શરીર ખેંચાતું અને સોવાતું હતું.

દશ વાગ્યે દામોદરની એક ખબર લેનાર આખરે મળ્યો. બાજુના એક માળા આગળ એક મોટર ઉભી રહી અને તેમાંથી એક પાતળો પારસી અને જાડી પારસણ નીચે ઉતર્યાં.

"પેલો માનસ તાં' પડયો છ તે જોયો કે ?" પારસણે દામોદર તરફ આંગળી ચીંધી. "હા, તે આખો દિવસ ત્યાં પડયો પડયો ફુટપાથ પર બડખા ફેંકયા કરે છ, કન્ઝમટીવ લાગે છ, શેરીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું વાતાવરણ જમ્સ઼થી ભરી મેલે છ, મ્યુનિસિપાલિટીએ એને તાંથી રીમુવ કરવો જોઇએ. તમે બધા લોક કૉર્પોરેશનમાં આખો દિવસ ભેગા મળીને વાટેછ શું? તમુને સીટીની હેલ્થની કંઇ દરકાર કાં છ!"

માશુક પાસે મરતબો જાળવી રાખવાને પેલો સદ્‌ગૃહસ્થ દામોદર તરફ ગયો.

"એય બુઢ્ઢા, આંય શાનો પડયો છ? અને આય ન્યુસન્સ કર્યા કરે છ. ચાલ ઉઠ ચાલતો થા હ્યાંથી."

દામોદરે ઉઠવા પ્રયત્ન કર્યો, પણ તેના પ્રાણુજ ઉડી જવાની તૈયારીમાં હતા એટલે એના શરીરથી ન ઉઠાયું.

"અરે, નહિ રે, જવા ડો ને, એ તો બિચારો અત્તારે કાં જસે?" પેલી સ્ત્રીએ પુરુષને પાછો બોલાવી લીધો.

"નહિ, એય લોક સાલા જબરા ન્યુસન્સ છે," પેલો બબડતો બબડતો પાછો ફર્યો.

"ઠીક હોસે," પેલીએ જરા સ્મિત ફરકાવ્યું, અને બન્ને હાથમાં હાથ નાખી માળાનાં પગથીઆં ચડવા લાગ્યાં.

× × × ×

સાડાદશ થયા પણ આજ તો અબ્દુલ જલીલ–પાસેના પાટીઆ પર સૂનાર પેલો "પાપી" મુસ્લીમ–પણ દેખાતો નહોતો. માળાના ત્રીજા માળ પર એક હાર્મોનિયમ ઘોંઘાટ કરી રહ્યુ હતું અને એક મહારાજ તેના સાથમાં ગાંગરી રહ્યા હતા: "**नाहि कल्याण कृतं कश्चित दुर्गति तातं गच्छति**"

સંસ્કૃત ભાષાનું ખૂન કરતા એ શબ્દો દામોદરને કાને અથડાયા. સટ્ટાબજાર, લિબર્ટી બાર અને ફોરાસ રોડ વચ્ચે જેની રાત્રિઓ સદાય પસાર થતી હતી એવા એક સદ્‌ગૃહસ્થની આધ્યાત્મિક ઉન્નતિ અર્થે અને તેની તંદુરસ્ત માદાને પોતાની સમૃદ્ધિનો પાડોશીઓને પરિચય આપવાનો મોકો આપવા માટે સિદ્ધપુરની શેરીઓમાંથી ભૂલા પડેલા કોઇ મા'રાજ આજે શ્રાવણી એકાદશીને દિવસે હરિકથા કરી રહ્યા હતા.

"માટે હે શ્રોતાઓ," મા'રાજે વિવરણ આદર્યું, "જેઓ બીજાનું કલ્યાણ કરે છે, ધર્મધ્યાનમાં વૃત્તિવાળા છે, અને આવા કઠણ કળિકાળમાં તમારી માફક પુણ્યાર્થમાં અને બ્રાહ્મણ અર્ચન-ભોજનમાં કાળ અને દ્રવ્ય ક્ષેપ કરે છે એવાઓને માટે સાક્ષાત દ્વારકાધીશ, ગોપીજનવલ્લભ ભગવાન શ્રીમુખે ઉચ્ચારે છે કે "હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાત! જેઓ કલ્યાણના કરવાવાળા છે તેમના તાત એટલે બાપ, અને બાપ તો શું પણ ઇકોતેર પેઢી પણ જે કહેવાય તે, દુર્ગતિમાં જતા નથી તો પછી તેમનું પોતાનું તો શું જ કહેવાનું? માટે કહ્યું છે કે

नहि कल्याणं......"

શ્રોતાવર્ગના નારીવિભાગમાં એકઠી થએલી લોહાણીઓ, વાણીઅણો અને બ્રાહ્મણીઓમાંની પીઢ સ્ત્રીઓએ પોતાની અર્ધી લાજોમાંથી એકબીજા તરફ જોઈ માથું જરા નમાવી મા'રાજની વિદ્વત્તા પર પસંદગીની મ્હોર મારી.

નીચે દામોદર એ શબ્દો સાંભળી રહ્યો. "કાય દેવા" તે જાણે દેવ તરફ રોષ અનુભવતો હોયને તેમ પોતાના મનમાં બોલવા લાગ્યો: "તું પણ આવો જૂઠું બોલનાર જ નીકળ્યો? મેં આખી જીંદગીમાં કોનું ખરાબ કર્યું છે કે મારી અત્યારે આ દુર્ગતિ થઇ રહી છે? અને મારી દશ વર્ષની આશાબાઈ, ઓહ, તેને કોણ ઉછેરશે? કોણ પરણાવશે? દેવા! તેં મને ઠગ્યો. શંકર કેવો સમજુ છે? નહિ નહિ, દેવા! તું અને આ કથેકરી બુવો બન્ને જૂઠા છો!"

દામોદરને સન્નિપાતની દશા શરૂ થઈ ચૂકી હતી. વાત, કફ અને પિત્ત ત્રણે દોષો ખૂબ કુપિત થઇને, શરીરનાં જીવનતત્ત્વ સામે છેલ્લો મરણીઓ સંગ્રામ ખેલી રહ્યા હતા. ચૈતન્યતત્ત્વ પણ પોતાનું છેલ્લું જોર અજમાવતું હતું.

દામોદર થોડી વાર મૂંગો પડી રહ્યો, અને પછી પાછો સહેજ ઉભો થઈ મોટેથી બોલવા લાગ્યો:

"ના, ના, ના, હવે છેલ્લી ઘડીએ આ અવિશ્વાસ ન હોય, પણ દેવા! તુંયે બહુ નિષ્ઠુર છો!" છેલ્લા શબ્દો જરા મોટેથી બોલીને તે ફસડાઇ પડ્યો.

"અરે ક્યા હો ગયા?" સામેથી અબ્દુલ જલીલનો અવાજ આવ્યો. તેણે આવી દામોદરને સરખો કર્યો.

"અરે બુઢ્ઢા! આ શું થઇ ગયું તને યાર? હું તો તારે માટે જો, આ આજ દશ રૂપિયા લઇ આવ્યો છું! તું દેશમાં જા, તારી બેટીને મળ અને સાજો થઇ આવ, આ મુંબાઇની......હવા જ બહુ ખરાબ છે. તું તારા દેશમાં જઈશ એટલે તરત હોશીઆર થઈ જાઇશ." અબ્દુલ જલીલે કેડે ચડાવેલા કાગળમાં વીંટેલા દશ રૂપિયા બહાર કાઢ્યા.

પણ ત્યાં તો દામોદરને ઉભરો ચઢી આવ્યો. એક આંચકાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે એક લોહીનો બડખો બહાર પડયો. તેના શરીરે શીત વળી ગયાં. અબ્દુલે તેને ફરી સરખો સૂવરાવ્યો. પૈસા કબજાના ખિસ્સામાં નાખ્યા. કાથીની શીંદરી માફક વણાઇ ગએલા પોતાના માથાના વાળમાં આંગળી ઘોંચી તે વિચારમાં પડી ગયો.

"હું, આજ, મામલા કુછ જાસ્તી બીગડ ગયા હે, વલ્લા ઇમાન ! સીતારમીયાં પણ આમ જ ગુજરી ગયો હતો ને ? શું કરવું ?"

ચડસ પીને છાકટા બનેલા એના મગજને એક વિચાર આવ્યો. આને ચડસ પીવરાવું. ઠંડી પણ છે, દમ પણ છે, જરા ઠીક રહેશે. કાલ સવાર સુધી જીવી જાયને તો તો દેશમાં ધકેલી દઉં."

એ વિચારને અમલમાં મૂકવા તે તરત દોડયો. નજીકની ભાંગ-ગાંજાની દુકાનેથી ચડસ અને નવી ચલમ હાથ કર્યાં. પાછો આવ્યો ત્યારે દામોદર પડયો પડયો કંઇક ધીમું ધીમું લવતો હતો. અબ્દુલે ચલમ તૈયાર કરી.

"લે દોસ્ત, જરા !" તેણે દામોદરને પોતાના ગોઠણને ટેકે બેઠો કર્યો.

દામોદરે નકારદર્શક ડોકું ધુણાવ્યું.

"બાબા, ઈ તો દવા છે" અબ્દુલે તેને પટાવવા અને પંપાળવા માંડયો, અને ચલમ તેના મોઢા પાસે ધરી.

દામોદરે એક નિર્બળ દમ ખેંચ્યો, છતાં કંઈક અસર થઇ; એક બીજો દમ ખેંચ્યો અને અબ્દુલના ખોળામાં ઢળી પડયો; પણ ત્રણ ચારેક મિનિટ થઇ ત્યાં બેઠો થયો. જરા ટટ્ટાર બેઠો.

"બસ યે બાત" અબ્દુલ દામોદર સામે આવી ગોઠણભર બેઠો "સો દવા ઓર એક ચડસકી હવા. બસ, હવે તારા બધા ય રોગ ભાગી ગયા સમજ ને !"

અબ્દુલ જલીલ ચડસના નશામાં છાકટો થઇનેજ આવ્યો હતો. એટલે એનો લવારો વચ્ચે જ ગયો.

"જો યાર, બસ તું આવો હોશીઆર થઈ જા. રાતમાં એક બીજો દમ લેજે, એટલે સવાર, અને સવારે તો યાર તને ગ્રાંટરોડ આવીને ગાડીએ બેસાડી દઇશ..." અબ્દુલનું ભાષણ તો અટકયા વિના ચાલતુંજ હતું. દામોદર તેના તરફ ઘૃણા, કરુણા અને કૃતજ્ઞતાયુક્ત ભાવભરી આંખે જોઇ રહ્યો.

"એ તો ઠીક," દામોદરે પૂછયું "પણ તું આ દશ રૂપીઆ કયાંથી લઇ આવ્યો ?"

"અરે યાર, એ વાત તો જાવા દેને ? એ તો પોલીસને ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડશે ત્યારે ને?" અબ્દુલે સહેજ બેફીકરાઇથી જવાબ આપ્યો.

"શા માટે લઇ આવ્યો?" દામોદરે બીજો પ્રશ્ન કર્યો.

"સાચેસાચું કહી દઉં?" પછી તે છોકરો ખડખડાટ હસી પડ્યો. "જો," તેણે પછી જરા ગંભીર થઈ આગળ ચલાવ્યું, "તને આ હાથ પર છરી કોણે મારી છે ખબર છે? મેં."

"હેં?" દામોદરે આશ્ચર્યથી ખેંચાઇ જતાં પૂછ્યું.

"હા," અબ્દુલ નીચું જોઇ ગયો, "એટલે તો આ બધી તારા માટે માથાકૂટ કરૂં છું ને યાર! નહિ તો હું, કોઇના બાપની સાડાબાર કરૂં એવો આદમી છું, યાર!"

"હં" દામોદરને જાણે પોતાના મનનું સમાધાન થતું લાગ્યું.

"અને તેં મને શા માટે માર્યો?" તેણે સવાલ કર્યો.

"જખ મારવા" અબ્દુલે ખસીઆણા પડી જવાબ આપ્યો. "આપણે......નશાબાજ માણસ, આપણને સબ લોક બેવકૂફ બનાવી લે."

"કોણ?" દામોદરે પૂછ્યું.

"યે સબ બડે બડે લોગ હો બેઠે હેં ને? બોલતે થે કે હિન્દુઓં કો મારને મેં સવાબ હે..."

પણ દામોદરનું ધ્યાન એ સાંભળવામાં નહોતું. મા'રાજ ફરીથી ઉપર આરડી રહ્યા હતા:

"नहि कल्याणं........."

દામોદર ચોંકીને ઉભો થઇ ગયો. અબ્દુલે ઉભા થઇ તેને અટકાવ્યો: "શું છે યાર!" તેણે ગભરાતાં ગભરાતાં પ્રશ્ન કર્યો.

દામોદરનો શ્વાસ લેવાતો જતો હતો. તે બોલી શકે તેમ હતું નહિ, અબ્દુલે ઉપર નજર કરી.

"તમારા હિંદુ લોકની વાએઝ ચાલે છે ને?" તેણે પૂછ્યું. અને દામોદરને પાછો બેસાડ્યો.

"જૂઠું, જૂઠું બોલે છે" દામોદરે ઉશ્કેરાટપૂર્વક કહ્યું.

"અરે હા યાર" અબ્દુલે તેના સૂરમાં સૂર ભેળવ્યો, "એ આપણા મા'રાજ મોલવી લોક બધાય જૂઠ જ હાંકે છે; આદમીને બેવકૂફ બનાવે છે. અરે આદમી આદમીને મરાવી નાખે છે, યાર! નહિ તો હું તને છરી શા માટે મારૂં? એ તો બધા ગપ......" આ છોકરાની જીભની મેલટ્રેન પાછી ચાલવા માંડી. ત્યાં દામોદર પાછો ઢગલો થઇ પડ્યો.

અબ્દુલને લાગ્યું કે દામોદરે ત્રણ દિવસ થયાં કાંઇ ખાધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતું, એટલે એ ચડસના નશા પર કંઇ ખાય તો તેનું શરીર જરા હોંશીઆરીમાં આવે.

દામોદરને ફરી સરખો બેસાડી તેણે પૂછ્યું: "તું કાંઇ ખાઇશ? પૈસા છે હો, મુંજાજે માં."

દામોદરે ડોકું ધુણાવ્યું.

"કાંઇ પીશ?"

દામોદર કંઇ જવાબ દે તે પહેલાં પોતે જ બોલી ઉઠ્યો: "હા, હા યાર! થોડુંક દૂધ પી. તારી તબિયત લહેરમાં આવી જાય." અબ્દુલ દામોદરની કથળતી તબિયત જોઇ તેને હિંમતમાં રાખવા પ્રયત્ન કરતો હતો.

"એક બે મિનિટ બરાબર બેસજે, હો!" અબ્દુલ તેનો વાંસો પંપાળતો હતો "હું હમણાં સામે ભૈયાને ત્યાંથી દૂધ લઇ આવું છું."

દૂધ લેવાને તે દોડતે પગે ઉપડ્યો.

દામોદરની અપાર્થિવ તેજભરી આંખો અબ્દુલની દિશામાં ચોંટી રહી. ત્યાં ફરીથી મંજીરાના રણકાર સાથે કથાકારનો અવાજ આવ્યો.

"**नहि कल्याणकृत कश्चित्......**"

દામોદર ઉભો થઈ ગયો. તેનામાં અમાનુષી ઝનુન આવ્યું હતું. માળાના દાદરાની દિશામાં તે જવા લાગ્યો. 'બદમાશો પ્ર...ભુ અને...મા...રાજ...દ...ગા..." લથડતો અને શ્વાસે સોવાતો તે પહેલો દાદરો ચડી ગયો અને ત્યાંજ ફસડાઇ પડ્યો.

"કોણ, કોણ?" બે ત્રણ તીણી અને કર્કશ બૂમો પડી.

"કોણ હે સા...ચોર, મવાલી" ઘાટીઓએ બૂમરાણ મચાવ્યું. ઘણીખરી ખોલીઓનાં બારણાં ભીડાવા માંડ્યાં અને શોરબકોર મચી રહ્યો.

થોડી વારે ચારપાંચ ઘાટીઓ હિંમત કરી નજીક આવ્યા. દામોદરનું શરીર નિશ્ચેતન પડ્યું હતું.

"મવાલી આહે કા," "પીયેલા આહે કા" ઘાટીઓમાં પ્રશ્નમાળા શરૂ થઇ. પાસે આવી એક જણાએ તેને ઉઠવાને પડકાર કર્યો. જવાબ ન મળતાં પાસે આવી બે-ચાર લાતો લગાવી; પણ દામોદર જવાબ આપી શકે તેમ નહોતું.

"સાલો મરી ગયો કે શું? શું, થયું શું?" તે ઘાટીએ કંઇક ખસીઆણા પડી જઇ પોતાના મિત્રોને પૂછ્યું.

ઘાટીઓએ માણસ મરી ગએલો જાણી સલામતીભરી જગ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શોધી કાઢવા મોં ફેરવ્યાં; પણ એટલામાં તો કંઇ ભય જેવું ન હોવાની ખાત્રી થતાં બહાદૂર વાણીઆ-બ્રાહ્મણ ભાડુતો લાકડીઓ લઇ બહાર પડયા હતા.

દામોદરને શોધતો, હાથમાં દૂધનો પડિયો લઇ અબ્દુલ જલીલ ઉપર આવ્યો. તેની પછવાડે બૂમરાણથી આકર્ષાએલાં બીજાં તમાશબીનો પણ ઉપર ચઢી આવ્યાં.

દામોદરને પડેલો જોઇ અબ્દુલ તેની પાસે બેસી ગયો. તેને ઢંઢોળી જોયો; નાક પાસે આંગળી મૂકી જોઇ, અને પછી ઉભો થઇ ગયો. કમ્મરે હાથ મૂકી મુડદા પર દયાભાવે જોઇ રહ્યો.

"બસ, ખલાસ, થઇ ગયો ફેંસલો? તારા મોલવીની પાસે જાતો'તો' ચઢી ગયો આસમાનમાં ને?"

"લે?" નશા અને ગુસ્સાના મિશ્રણથી તે નાટકી રૂવાબમાં આવી ગયો. એણે દૂધનો પડીઓ હાથમાં લીધો. દામોદરના મુડદા પર દૂધની ધાર કરી. "લે, આ આપણી દોસ્તીનો છેલ્લો હક્ક. તારા ખુદાને ત્યાં એ મારે ખાતે જમા કરાવજે. અને કહેજે કે રોજે ક્યામતને દિવસે જ્યારે પહેલવહેલી મારી આંખ ઉઘડે ત્યારે મારે માટે દૂધનો કટોરો તૈયાર રાખે."

પોતાની આસપાસ એકઠાં થએલાં ટોળાંને એણે જોયાં. "હા, હા, હા, હા," તે ખડખડાટ હસી પડયો, "દેખો સાબ, યે તો સબ બદમાશોંકી દુનીઆ હે, ગરીબોંકો જૂતે" વાક્ય અધુરૂં રાખી પાછો ઉતરવા જતો હતો ત્યાં પોલીસ ઇન્સ્પેકટરજ એને ભેટયો.

"એય મિયાં, શું ગડબડ મચાવી છે?" ઇન્સ્પેકટરે દમ માર્યો.

'હું ઠીક વાત કરૂં છું સા'બ" અબ્દુલે ધડકયા વિના જવાબ ફેંકયો "જો આ તમારા હિંદુ લોકના મોલવીની વાએઝ આણે ન સાંભળી હોત તો એ મરત નહિ બિચારો..."

"બસ" ઇન્સ્પેકટરે એને બોલતો અટકાવ્યો.

ઇન્સ્પેકટરે જરૂરી તપાસ કરી લઇ મુડદાને લઇ જવા ગોઠવણ કરી. જીવતાં જેણે હજારો મોટરો રોજ પાસેથી પસાર થતી જોઇ હતી, પણ એકેમાં કદી પગ નહોતો મૂક્યો, તેનું મૃત શરીર આખરે એક બીનધર્મી બિરાદરના સંગાથમાં મોતને માર્ગે મુસાફરી કરવા લાગ્યું. ત્રીજે માળે મહારાજનો અવાજ ગાજી રહ્યો:

"नहि कल्याणं..."

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮–ઉદ્યોગપતિઓના માનવી સંચા

(લેખકઃ–શ્રી. મધ્યમવર્ગી)

પ્રૉફેસર સરજતરાયના પહેલાજ ભાષણે શ્રોતૃવર્ગમાં એટલો રસ જાગ્રત કર્યો હતો, તેમજ એમના જ્ઞાન વિષે એટલો ઉમદા ખ્યાલ તેથી ઉત્પન્ન થયો હતો કે, તેમનું બીજું ભાષણ થવાનું છે, એ જાણીને જનતાને આનંદ થયો. અને "આ વખતે વળી સરજતરાય કંઇક નવીન વિચારો રજુ કરી આપણા જ્ઞાનમાં વધારો કરવા ઉપરાંત, આપણા મનની વલણને બીજી દિશામાં વાળે તેવું દૃષ્ટિબિંદુ દેખાડશે" એમ માનીને પ્રૉ. સરજતરાયના બીજા ભાષણ વખતે શ્રોતાઓની સંખ્યા પારાવાર વધી પડી.

તેમણે પોતાના ભાષણનો આરંભ કરતાંજ કહ્યું: "મારા પહેલા ભાષણમાં દુનિયામાંથી ગરીબાઇ નિવારવાના માર્ગની રૂપરેખા હું તમારી સમક્ષ રજુ કરી ગયો હતો. તેમાં આપણે શ્રીમંત અને નિર્ધન, એ બન્ને વર્ગોની વચ્ચેના મૂળભૂત ભેદો બતાવી, તે વર્ગોની જીવન ગાળવાની રીતોના જુદા જુદા માર્ગો મેં રજુ કર્યા હતા. તેમાં બતાવ્યું હતું કે શ્રીમંત વર્ગ નફો, વ્યાજ અને ભાડાની આવક ઉપર જીવન ગાળે છે; ત્યારે નિર્ધનો માત્ર મજૂરીના બદલામાં મળતા મહેનતાણા ઉપર જીવે છે. અને તે ઉપરથી આપણે જોઇ શક્યા હતા કે, રાષ્ટ્રની સામાન્ય ઉત્પન્ન રાષ્ટ્રીય જીવનમાં યોગ્ય પ્રમાણસર જતાં તેથીજ અટકે છે.

"આ વખતે આપણે એ વિષયમાં વધારે ઉંડા ઉતરીશું અને સામાન્ય મૂડીવાદી સંજોગોમાં દોલતનું સર્જન કેમ થાય છે અને તે પછી એની શું સ્થિતિ થાય છે; તેનો વિચાર કરીશું."

અને પછી પ્રૉફેસરે પોતાના વિષયની ચર્ચા શરૂ કરીઃ

"ઉદાહરણ તરીકે આપણે કાપડ વણતી એક મિલનું દૃષ્ટાંત લો. તેમાં પાંચ હજાર માણસો (બરાબર સત્યને વળગી રહેવું હોય તો કહેવું જોઇએ કે, તેમાં સંખ્યાબંધ સ્ત્રીઓ તેમજ બાળકો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે) કામ કરે છે. અને મહિનાના અંતે યંત્રો અને કાચા માલરૂપી મૂડીના સાધનથી કામ કરીને તેઓ (કામદારો) જે કાપડ તૈયાર કરે છે, તે તૈયાર કાપડને રૂપે ઉત્પન્ન થયેલી નવી દોલત છે.

"આ દોલતના સ્વરૂપને આપણે બરાબર સમજવાની જરૂર છે." પ્રૉફેસરે શ્રોતૃસમુદાય તરફ લાક્ષણિક દૃષ્ટિ ફેંકતાં કહ્યું "એ તૈયાર કાપડની જે કિંમત ઠરાવવામાં આવે છે તેમાં છેક રૂ ઉગાડનારા ખેડૂતોની મહેનતથી માંડીને તેને મિલમાં લાવતા પહેલાં કાલાં ફોલતાં, જીનમાં પીલતાં, સુતર બનાવતાં અને છેવટે કાપડ વણતાં સુધીમાં જેટલા માણસોએ તેમાં મહેનત કરી હોય, તેને વહી લાવવામાં જેટલું ગાડીભાડું ખર્ચાયું હોય, કાચો માલ ખરીદતાં માણસોના પગાર, દલાલી વગેરેનું જે ખર્ચ થયું હોય અને તે દરમિયાન રોકાયલી મૂડીનું જે વ્યાજ તેની પાછળ ચડયું હોય તે તમામ ખર્ચનો તેમાં જેમ સમાવેશ કરવામાં આવે છે, તેમ કાપડ તૈયાર કરનારા કામદારોના પગારની અને જેનાં યંત્રોમાં તે તૈયાર થયાં હોય તેના ઘસારાની, વિમાની વગેરે તમામ ગણતરી કરીને તે ઉપર મિલનો નફો ચડાવવામાં આવે છે. પરંતુ મિલમાં મજૂરી કરીને રૂને કાપડના રૂપમાં ફેરવી નાખનારા કામદારોજ એ તૈયાર માલને નવી કિંમત અંકાવવામાં કારણભૂત બનેલા હોય છે. તેમને લીધેજ નવી દોલત અસ્તિત્વમાં આવે છે. કેમકે મિલવાળાએ તો માત્ર કાચું રૂ, યંત્રો અને તેને ચલાવવા માટે બળતણ, તેલ વગેરે સાધનો પૂરાં પાડયાં હોય છે, પરંતુ તેને કાપડનું સ્વરૂપ આપવા માટે તો કામદારોએ પોતાની શક્તિ ખર્ચી હોય છે છતાં એ રીતે નવી ઉત્પન્ન થયેલી દોલતની વહેંચણી કેમ થાય છે તે જુઓ:

(૧) મિલમાં તૈયાર થયેલ તમામ કાપડ મિલવાળાઓની માલિકીનું મનાય છે.

(૨) મહિનાને અંતે મિલમાં જે નવી દોલત ઉત્પન્ન થઇ તે દોલતનો અમુક ભાગ પેલો માલિક મિલના કામદારોને મહેનતાણા તરીકે આપે છે.

એ મહેનતાણું આપવામાં જે ધોરણે કામ લેવાય છે તે ધોરણ ઉપર તમારે ધ્યાન આપવાનું છે, અને પછી તમે તમારી જાતેજ નક્કી કરી શકશો કે મિલમાલીકો અથવા બીજા ઉદ્યોગપતિઓ હજારો અને લાખો કામદારોને રોજી આપવામાં તેમની ઉપર મહદ્ ઉપકાર કરી નાખતા હોય તેવો આડંબર કરે છે તે કેટલો સાચો છે?"

પ્રૉફેસર સરજતરાયના શ્રોતાઓ મોટે ભાગે મધ્યમ અને કામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાર વર્ગના હતા. એટલે એમને એ મુદ્દો ઘણોજ મહત્ત્વનો લાગ્યો, અને બધા એકધ્યાનથી પ્રૉફેસરની દલીલો સાંભળવા તત્પર બન્યા.

અને પ્રૉફેસરે પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું: "પેલો મિલ-વાળો પોતાનાં યંત્રોનો કાર્યસાધક રીતે બરાબર ઉપયોગ થઈ શકે તે માટે, જેમ તેના સાંધાઓમાં તેલ નંખાવે છે, તેજ રીતે કાપડ તૈયાર કરનારા માનવી સંચાઓ(મૂડીવાદી કામદારોને એજ દૃષ્ટિએ જુએ છે તે ખાસ ધ્યાનમાં રાખવું ઘટે છે)ને પણ તેઓ મિલમાં કાર્યસાધકતા સચવાય તેટલા ઉપયોગી બની શકે, તે નજરે એમને ખોરાક, પોશાક અને મિલ બંધ હોય તે દરમિયાન પડી રહેવા ઓરડીને નામે ઓળખાતું એકાદ ગંધાતું કબૂતરખાનું પૂરું પાડે છે; એટલે કે તેટલી ગણતરીથીજ તેઓ કામદારોનાં મહેનતાણાં નક્કી કરે છે. ઉદ્યોગપતિઓ જેમ બને તેમ સસ્તી મજૂરી ખરીદવા હમેશાં આતુર હોય છે, તેથી તેમને આપવામાં આવતું મહેનતાણું તેના કારખાનાનાં માનવી યંત્રોને જીવતાં રાખવા માટે ઓછામાં ઓછી ગણતરી પ્રમાણે તે ઠરાવે છે." અને પ્રત્યેક કામદારને પ્રૉફેસરની આ મીમાંસા સ્વાનુભવથી સોએ સો ટકા સાચી લાગી.

"હવે આ કામદારોની ગુલામો રાખનારા વેપારીઓના ગુલામો સાથે જરા સરખામણી કરી લઇએ." સરજતરાયે નવોજ મુદ્દો લીધો. તેમણે કહ્યું:

"જ્યારે ગુલામનો માલિક ગુલામ વેચનારા પાસેથી એક ગુલામ ખરીદે છે ત્યારે તે માણસ નહિ પણ મજૂરી ખરીદે છે. કેમકે તેને તો પેલો ગુલામ મજૂરી કરવાની કેટલી શક્તિ ધરાવે છે તેનીજ સાથે માત્ર કામ હોય છે. આ રીતે ખરીદવામાં આવેલો ગુલામ પોતાની મજૂરી-થી જે જે કંઇ ઉત્પન્ન કરે છે તે બધાની માલિકી તેના શેઠની મનાય છે. તેનો શેઠ એ ગુલામના પાલનપોષણનું ખર્ચ તે ગુલામનીજ મજૂરીમાંથી કાઢે છે; એટલુંજ નહિ તે તો વળી બાકી જે વધે છે તેની ઉપર પોતાનો ગુજારો કરે છે. અને ગુલામ અને તેના ધણીની વચ્ચે દોલતની જે રીતે વહેંચણી થાય છે, તેજ રીતની દોલતની વહેંચણી શું આપણા ઉદ્યોગપતિઓ અને મજૂરો વચ્ચે નથી થતી? જરૂર એમજ થાય છે તે મેં તમને પહેલાંજ બતાવ્યું છે."

"ખરૂં છે, ખરૂં છે, હાલના કામદારો અને ગુલામોમાં તેમજ ઉદ્યોગપતિઓ અને ગુલામો રાખનારાઓની વચ્ચે કશોજ ફરક નથી." આખો સભાખંડ એ અવાજોથી ગર્જી ઉઠયો.

"પરંતુ" ધીર ગંભીર નાદે સરજતરાયે કહ્યું: "ગુલામોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિક અને ઔદ્યોગિક ખાતાંના માલીકોની વચ્ચે બીજી સરખામણી કરતાં તમને જણાશે કે હાલના ઉદ્યોગપતિઓ તો પોતાનાં માનવ-યંત્રો માટે ઓછામાં ઓછું ખર્ચ કરે છે. ગુલામના માલીકને તો ત્રણ વખત ફરજિયાત પૈસા કાઢવા પડે છેઃ (૧) ગુલામ ખરીદતી વખતે તેની ઠરાવેલી કિંમત એકસામટી આપી દેવી પડે છે; (૨) ગુલામને મજૂરી કરાવવા માટે જમીન, ખેડ વગેરેનાં હથિયારો અને બળદગાડાં વગેરે સાધન ખરીદવા માટેય પૈસા કાઢવા પડે છે અને (૩) વળી ગુલામના ગુજરાન માટે ચાલુ ખર્ચ કરવું પડે છે. તે માંદો હોય છતાં એને રહેવા ખાવાની સગવડનું ખર્ચ પણ તેનેજ કરવાનું હોય છે, પરંતુ ઉદ્યોગપતિઓને માટે તો ગુલામના માલીક કરતાંયે વિશેષ સગવડ હોય છે. સૌથી પહેલાં તો તેને એની માફક ગુલામ માટે પૈસા કાઢવા પડતા નથી. તેને તો મફત કામદાર મળે છે. અને વળી ઉપરથી 'મેં માણસોને માટે કામ પૂરૂં પાડયું" એવો આડંબરી દંભ તે પોષી શકે છે. અને વળી મફતમાં આવેલા કામદારો આખો મહિનો કામ કરીને તેને માટે જે માલ ઉત્પન્ન કરે છે તેનો પેલા ગુલામના શેઠની માફકજ તે સર્વ હક્ક સ્વાધીન માલીક બની બેસે છે! એ ઉદ્યોગપતિ પણ પેલા કામદારને નીભાવવાનું ખર્ચ કાઢી લીધા પછીનું બાકીનું તમામ ધન પોતાની પાસે રાખે છે. આ રીતે રાષ્ટ્રની નિરંતર ઉત્પન્ન થયે જતી સમૃદ્ધિની વહેંચણી એક તરફ કામદારોનું મહેનતાણું અને બીજી તરફ ભાડું, વ્યાજ અને નફો એ રીતે થયાં જાય છે. હવે તમેજ કહો કે જૂના જમાનાના ગુલામોની પ્રથામાં અને હાલના પગારદાર ગુલામોની રીતની વચ્ચે શું ફેરફાર છે ?"

પ્રોફેસર જવાબ મેળવવા અહીં થોભ્યા અને સભાજનોએ "કશોજ નથી, કશોજ ફેરફાર નથી" એવો પ્રત્યુત્તર વાળ્યો.

"અલબત્ત, ઝીણી વિગતોમાં ઉતરવા જતાં બન્ને જાતની ગુલામીમાં થોડો ઘણો ફેરફાર દેખાશે; પણ એ તો બહુજ નજીવી બાબત છે. મુખ્ય મુદ્દો એ છે કે, બન્ને પ્રકારના મૂડીવાદીઓ પોતાના ગુલામોની મજૂરીમાંથી મળતા નફા ઉપર જીવે છે, અને મજૂરોજ સમૃદ્ધિના ખરેખરા ઉત્પન્ન કરનારા છે તેમ છતાં, ઉદ્યોગપતિનાં માનવયંત્રો માંદાં પડે તો તેમને ભૂખે મરવું પડે છે, એ યંત્રનો હાથપગ કપાઇ જાય તો છેક હમણાં સુધી તો તેને કશો બદલો પણ મળતો ન હતો, અને અત્યારે પણ તેને પૂરેપુરો બદલો તો મળતોજ નથી. વળી હું હમણાં કહી ગયો તે બન્ને પ્રકારની ગુલામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે પણ કશો ફરક છે ? ગુલામનો માલીક માણસનો અને તેના કામ કરવાના સાધનનો એમ બન્નેનો ગુલામ છે; ત્યારે ઉદ્યોગપતિ માત્ર માણસના કામના સાધનનો માલીક છે. એટલે હાલની ગુલામીની રીત પ્રમાણે પેલા માનવયંત્રને નજીવી સ્વતંત્રતા મળે છે, પરંતુ તે તો નામમાત્રનીજ. વાસ્તવિક રીતે જોઇએ તો માણસની ઉપર માલીકી ધરાવવી કે માણસના કામના સાધન ઉપર માલીકી ધરાવવી તે બન્ને એકજ વસ્તુનાં બે જૂજવાં સ્વરૂપ માત્રજ છે. મજૂરી કરવા માટેનાં સાધનો વિના મજૂર નિરાધાર બને છે. એટલે કાં તો તેણે પોતાની મજૂરી એવાં સાધનોના માલીકને વેચવી કે કાં તો તેણે અને તેના કુટુંબે ભૂખે મરવું, એ બેજ માર્ગો તેને માટે હોય છે. એટલે તમે માણસ ઉપર માલીકી રાખો કે તેના કામ કરવાના સાધન ઉપર માલીકી સ્થાપો તે બન્ને સરખુંજ છે. બંનેમાં તે માણસ જે ઉત્પન્ન કરે તેમાંથી તેને જીવવાજોગું આપીને બીજા બધાની ઉપર માલીકી જમાવી બેસવાની સરખીજ સગવડ હોય છે. પણ માણસની ઉપર માલીકી જમાવનારને તો એની માંદગીમાં અથવા કામની મંદી હોય ત્યારે પણ ગુલામને રહેવા, ખાવા અને પહેરવા-ઓઢવાનાં સાધન આપવાં પડે છે, ત્યારે તેના કામનાં સાધન ઉપર માલીકી હક્ક રાખનાર તો એ જવાબદારીમાંથીયે મુક્ત છે. અને વળી તેણે કામના કલાક પણ એટલા બધા ઠરાવ્યા હોય છે, તેમજ તેટલા કલાક કામ નહિ કરી શકે તેટલા મોડા વહેલા આવનાર જનાર માટે દંડ વગેરેની એવી વિધિઓ ગોઠવી હોય છે કે, પેલા જૂના જમાનાના ગુલામ કરતાં નવા જમાનાના માનવયંત્રની પાસેથી તેની મજૂરીનાં સાધન ઉપર માલીકી ધરાવનારનું કામ જરાયે ઓછું થતું નથી. વળી જૂના જમાનાના ગુલામની ભૂલ થતી ત્યારે તેના માલીકને એનું વળતર મળી શકતું નહિ, પણ હાલના ઉદ્યોગપતિઓ તો કામમાં સહેજ ભૂલ થાય તોપણ તેનો બદલો દંડસ્વરૂપે મેળવી લે છે. ઉપરાંત જૂના ગુલામોનાં કરવામાં આવતાં હતાં તેવાં અપમાનો એમનાંય થાય છે, એ વાત તો તમારા સૌના અનુભવનીજ છે ને ?"

"હા, હા. એવીજ શરમાવનારી સ્થિતિ આ કહેવાતા સંસ્કારી યુગમાં પણ ચાલે છે."

એક મધ્યમ વર્ગના જણાતા નવજુવાને મોટેથી પોકાર કર્યો, અને શ્રોતાઓએ તેના સૂરમાં સૂર પુરાવ્યો.

"આટલી હકીકત સાંભળ્યા પછી હવે તમે જરૂર સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકશો કે, રાષ્ટ્રીય ઉત્પન્નની અત્યારે થતી એકપક્ષી વહેંચણીને જોતાં ખાનગી માલીકી હક્ક અને રાષ્ટ્રનાં કાર્યનાં સાધનો ઉપરનો આપખુદ અધિકારજ, આપણા સર્વ સાધનસંપત્તિવાળા દેશના મોટી સંખ્યાના માણસોને ગરીબાઇમાં કચડી મારનાર મુખ્ય કારણ છે. રાષ્ટ્રનો ઉદ્યોગ માત્ર પેલા મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને નફો મળે તે માટે ચાલે છે અને માત્ર તેમના એકલાનાજ સ્વાર્થી લાભ માટે હાલના સમાજની વ્યવસ્થા થયેલી છે. જેઓ અભિમાનથી એવી આડંબરી વાતો કરે છે કે, જો અમારાં ઉદ્યોગનાં સાધનો હોત નહિ તો આટલા બધા કામદારોને રોજી કેમ કરીને મળત? તેઓ જૂઠ્ઠા છે..."

આખો સભામંડપ તે વખતે તાળીઓના ગડગડાટથી ગર્જી ઉઠયો.

"હું આ સ્થાને ઉભો રહીને ફરી ફરીથી કહું છું કે, એમ કહેનારા જુઠ્ઠા છે." સરજતરાયનાં બન્ને નેત્રોમાંથી એ વખતે વીજળી ઝબૂકતી હોય તેવી ચમકદાર રોશનીનાં તેજ નીકળવા લાગ્યાં, અને વાણીનો ધખધખતો પ્રવાહ આગળ વહેવા માંડયો:

"એ લોકો એમ કરીને દુનિયાની આંખમાં ધૂળ નાખી શકવાના નથી. કેમકે આપણે બધા જાણીએ છીએ કે, એમનાં કારખાનાંમાં થતું ઉત્પન્નજ કામદારોને આભારી છે, એટલે તેમનીજ રીતે આપણે એમને એ જવાબ આપી શકીએ કે, કામદારો ન હોત તો તમે કયા નફા અને વ્યાજમાંથી તમારા આ બધા વિલાસ–વૈભવો માણી શકત? હું અહીં ઉભો રહીને તમારી વતીથી એવા આડંબર કરનારા દંભીઓને જણાવું છું કે, તમારાં એવાં પુરાણકાલીન ગપોડાં હવે ચાલશે નહિ. હવે અમે તમારી બધી બાજી સમજી ગયા છીએ, તેથી તમને જણાવીએ છીએ કે, તમારો દંભ તો ખુલ્લો થઇજ ગયો છે, પણ અમે એ વાત પણ સારી રીતે સમજતા થયા છીએ કે, કામદારોને તમો માત્ર પેટપૂરતુંયે આપતા નથી, કેમકે ઉદ્યોગનો તમામ નફો તમે પોતાના ખિસ્સામાં મૂકવા માગો છો, અને રાષ્ટ્રીય દોલતની વહેંચણી રાષ્ટ્રમાં સમભાગે ન થાય તે માટે તમે મક્કમ છો. અર્થાત્ બેકારી અને ભૂખમરાનું ખરૂં કારણ તમારો એકપક્ષી સ્વાર્થજ છે. તમારે જે મહેનતાણું કામદારોને આપવું પડે છે, તે તો માલ તૈયાર કરવાની મજૂરી ખાતે લખીને, માલ ખરીદનારાઓ પાસેથી વસુલ કરી લો છો, એટલે તમે જે બધો નફો ઓહિયાં કરી જાઓ છો તે તો છેકજ અન્યાયી અને જુલ્મી રીત છે. ઉપરાંત દેશની દોલત ઉત્પન્ન કરનારા અમો કામદારોને પ્રતિષ્ઠા, મતાધિકાર કે કામ કરીને જીવવાનો અધિકાર પણ તમેજ મળવા દેતા નથી. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યોગપતિઓ! તમે તો પોતાનો નફો થતો હોય તોજ કામદારને કામ પણ આપો છો, બાકી તેને બેકારીના મહાસાગરમાં ધકેલી દ્યો છો. અરે! એકલા નફા માટેજ નહિ, પણ કામદાર મનુષ્ય તરીકેના પોતાના અધિકાર મેળવવા માટે અને કામદાર કામદારની વચ્ચે બંધુભાવ અને સહકાર સ્થાપવા પ્રયાસ કરે, તેને ય તમે ભયંકર ગુન્હો માની ઘણી વખતે પોતાનાં કારખાનાં એટલાજ કારણસર બંધ કરી, કામદારોને બેકાર બનાવવા ઉપરાંત માણસ માણસ વચ્ચે સહકાર તેમજ બંધુભાવ નહિ જામવા દેવાનાં અધમ તેમજ સંસ્કૃત મનુષ્યને માટે અયોગ્ય એવાં કામ કરો છો."

'ખરૂં છે, ખરૂં છે,' સારોયે શ્રોતૃસમુદાય ગર્જી ઉઠયો.

એ ગર્જનાના પડઘા શમ્યા પછી, સરજતરાયે બોલવા માંડયું: "જો ન્યાય તટસ્થ રહેતો હોય, સમાજની નિર્મળ નજરેજ સુવ્યવસ્થા જોવાતી હોય, તો એજ ગુન્હા માટે એ ઉદ્યોગપતિઓને દેશનિકાલ કરતાંયે વિશેષ સજા થઇ શકે. પરંતુ આજે તો રાષ્ટ્રની દોલત ઉત્પન્ન કરનાર પોતાનીજ ભૂમિમાં પરદેશી જેવો મનાય છે, એટલુંજ નહિ પણ તેની મજૂરીને ખરીદી શકે તેવો માલીક શોધી કાઢવા તે શક્તિમાન બને તોજ માત્ર વ્યવસ્થિત સમાજમાં તેને જીવવા અને રહેવા માટે સ્થાન છે. કેમકે જેમ દૂધ વેચનારો ભેંસને પાળવા પાછળ થતા ખર્ચનો હિસાબ કરીને દૂધ વેચે છે, તેજ રીતે પેલા ઉદ્યોગપતિઓએ કામદારને પોષવા પાછળ અપાતાં નાણાંનો હિસાબ રૂપિયા આના ને પાઈ સીક્કે સમાજ પાસેથી વસુલ કરે છે; (કેમકે તેનો માલ તો સમાજ જ ખરીદે છે ને?) એટલુંજ નહિ પણ વધારામાં પોતાનાજ વૈભવ-વિલાસ માટે સમાજ પાસેથી પુષ્કળ નફો, ભાડું અને વ્યાજ પણ તફડાવે છે! આથીજ મજૂરી ઉપર જીવનારા અસંખ્ય મનુષ્યો કંગાલ દશામાં સડે છે, ત્યારે પક્ષપાતી નફાની વહેંચણી અને એકહથ્થુ માલીકીની અન્યાયી રૂઢિને લીધે, થોડાક માણસો વિલાસ-વૈભવમાં આળોટે છે! આ તો સારાયે સમાજ પાસેથી એ મુઠ્ઠીભર મૂડીવાદીઓ ખંડણી વસુલ કરતા હોય તેવું છે. એ રીત બંધ થાય, થોડાક માણસો સુખ-સગવડ ભોગવી શકે તેટલા માટે એવી ખંડણી આપવાની સમાજ ના પાડે અને રાષ્ટ્રની દોલતની સપ્રમાણ વહેંચણી થાય એજ જરૂરતું છે."

પ્રૉફેસર સરજતરાયનું ભાષણ આમ જ્યારે પૂરૂં થયું ત્યારે શ્રોતૃસમુદાય તેમની ઉપર એટલો ખુશ થઇ ગયો કે તેમને ઉંચકીનેજ સભાખંડમાંથી લઇ ગયા. ("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯–દારુનું પીઠું

(લેખકઃ—શ્રી. જહાંગીર અરદેશર ડૉક્ટર)

દૂધ જેવી ઉજળી ચાંદનીનાં મીઠાં ઝરણાં વહાવતી ચંદ્રિકા દૈત્ય સમ કાળા અંધકારને હંફાવી, ભૂમિ સંગાથે આલિંગન કરી રહેલી હોવાથી, પૃથ્વી આનંદના હિંડોળે ઝોલા ખાતી જણાતી.

સમય રાતના દશ–અગિયાર વાગ્યાનો હતો. એટલે સ્વાભાવિક રીતિએજ, ચંપાશેરીના સાંકડા રસ્તા ઉપર શાંતિનું રાજ્ય ચાલતું હતું. તેમ છતાં જરી જરી વારે જમીન સાથે અથડાતાં પગલાંનો અવાજ અને ભાંગેલી તૂટેલી અસ્વસ્થ ભાષાના હોંકારા એ શાંતિને ભેદવા યત્ન કરતા; કારણ કે મદિરાનો મોહ પીનારાઓને મોડી રાત સુધી, લોહચુંબક સમો ખેંચતો હતો.

ફરીથી જરી શાંતિ ફેલાતાં તુરત "ધનિયા" એવી બૂમ એક ઘરમાંથી સંભળાઈ; વગર શંકાએ તે ઘર ખાદીધારી સ્વયંસેવકનું-જ હતું. લોકસેવાના કાર્યથી પરવારી ઘેર આવી, આરામ માટે તે તૈયારી કરવા જતો હતો ત્યાં બહાર જોતાં દારૂડિયો ધનિયો સામે દેખાયો.

"હજી તારી કુટેવ ના ગઈ?" સ્વયંસેવકનો દુઃખી સ્વર સંભળાયો "રામ–રામ ! દારૂ તમારૂં નખોદ વાળે છે, નખોદ ભાઇ! જરી તો સમજ."

'સાહેબ...સાહેબ...'

"અરે ભાઇ!" ભલા સ્વયંસેવકે ધનિયાને સમજાવવા માંડયું "તારી પત્ની કાલ રડતી હતી. તારાં પોતાનાં બાળકોની પણ તને દયા નથી? અરેરે, તું કેવો છે?"

"ભાઇ! હું બીજા કામે જાઉં છું?" ધનિયો જૂઠું બોલ્યો. સ્વયંસેવકના મધુરા શબ્દો કાળી રાખોડી જેવી વ્યસનલાલસામાં ઢંકાએલ ધનિયાના આત્માને સચેત કરવા મથતા હતા. પરંતુ મદિરાનો મોહ વધારે પ્રબળ હતો, એટલે તે સાફ સાફ જૂઠું બોલી આગળ ભાગ્યો.........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠણ ઠણ ઠણ !!!

સત્યાગ્રહથી ભાંગી પડેલી ધીકતી કમાણી જતાં શોકાતુર બનેલો પારસી કલાલ કામદાર બારણું ખખડવાનો અવાજ સાંભળી નિદ્રામાંથી જાગી ઉઠ્યો. એની નિદ્રા સુખ અને સંતોષની શાંત મધુરી નહોતી, પરંતુ ડૂબવા બેઠેલા ધંધાના વિચારતરંગોના ઘુઘવાતા સાગરમાં લીપટાએલી, આશા નિરાશા વચ્ચેની મોહિની સમી તંદ્રા હતી.

"કોણ?" વળી ઉંડો સ્વર કલાલના મોંમાંથી બહાર પડયો.

"ઉઘાડોને બારણું!" ધનિયા ઢેડાનો ઉતાવળો અવાજ સંભળાયો.

"કેમ?" બારણું ઉઘડતાં પ્રશ્ન પૂછાયો.

"પાશેર રાશી, અચ્છેર તીખો અને નવટાંક મહુડું!"

ધનિયાના ડોળા દુકાન ઉઘડતાં જ ફેલાએલી ઝેરી છતાં મીઠી લાગતી વાસથી ચકચકવા મંડયા.

પારસી કલાલે તે જોયા.

કલાલ પળવાર અટકયો—ખંચાયો, પણ મદ્યપાનથી ધનિયો રંગીલો બન્યો.

"શેઠ, કામ તો બીજું છે!" દારૂએ ધનિયાના મોંમાંથી અમૃતની ધારા છોડવા માંડી.

"ભંગી કામદાર મકના મુરિયાને ત્યાં આજ તહેવાર છે, માટે દારૂ જોઇએ છીએ."

"કેટલો?" કલાલના મોંમાંથી સંતોષમિશ્રિત નિસાસો નીસર્યો.

"ત્રણ બાટલા રાશી, ચાર બાટલા મહુડું ને એકજ દ્રાક્ષનો!"

આ એક લાંબી ટીપ હતી; પંદર રૂપિયામાં પાંચ દશ પેટનું પોષણ કરતા ઢેડાના ઘરની દારૂની ખરીદીની એ વરદી હતી; પણ તે માટે જોઇતા પૈસા કરજે આવવાના હતા. પારસી કલાલ કામદાર એ વાત જાણતો હતો. તેના મનમાં અનેક વિચાર થઇ ગયા; કરજ, વ્યાજ, ચક્રવૃદ્ધિ વ્યાજ, દેવું, નાદારી, ભીખ, દારૂની રમત, કુટુંબનો અંતઃ ઓહ! એ માયાવી શોકમય નાટક!!

ક્ષણભર એ કલાલ ખુરશીમાં પછડાયો. નિર્ધનોના પૈસા ન લૂંટવાનો પોતે કાલેજ દારૂ ન વેચી ઠરાવ કર્યો હતો...પણ હાય! એ ઠરાવ તેણે કેટલી વાર ભાંગ્યો હતો?

ફક્ત તોંતેર વાર અને પાછો ફરીથી એક વાર, એટલે ચુમોતેરમી વાર! રે! નાદાનોનાં લોહી ચૂસવાની એ ક્રિયા હતી!

બેઠો હતો ત્યાંથી ઉઠી, પોતાના હાથેજ, પારસી કલાલે દારૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના બાટલા ધનિયા નજદીક બારણા પાસે મૂક્યા; કારણ ચાકર ત્યારે હાજર નહોતો !

પાછું મનમાં વિચારોનું ઘમસાણ મચ્યું. આંદોલન! સંકલ્પ–ઠરાવ–વચન–પણ...! !

ગઈ મધ્યરાત્રિએ દારૂના પ્રતાપે નાનકડાં ઘરોમાં ચાલતી તકરાર તેના કાનમાં ફરીથી ગુંજવા માંડી.

અને ગુસ્સામાં ને ગુસ્સામાં પેલી બાટલીઓને એની લાત વાગી ગઈ. બાટલીઓ ઢળી પડી, તેમાંથી ઢળી ગયેલા પ્રવાહીની ઝેરી સુગંધ ચોગમ વ્યાપવાની સાથે સાથે તૂટેલા કાચના અગણિત કકડા દીવાની રોશનીમાં ઝળકવા લાગ્યા. કલાલના દિલમાં મંથન જોસથી ચાલતું હતું.

"મા બાપ! તું જા!" કલાલ કામદારે હાથ જોડ્યા "મારે દારૂ વેચવો નથી. મારાં ભાઈબહેનોને મારવાં નથી. આજથી આ પાપી દારૂની દુકાને ખંભાતી તાળું સમજજો." તેણે છેવટે મક્કમ બનીને કહ્યું.

"અને હું પણ હવેથી દારૂને અડકું તો મારા બાપનો બેટો નહિ, માનું દૂધ હરામ!" દિગ્મૂઢ બનેલો ધનિયો બબડી ગયો.

પરિણામે દારૂનાં ખુલ્લાં પીપમાંથી ટીપાં ટપકતાં હતાં. ચોગમ નીરવ શાંતિ ઝરી રહી હતી.

ખરે, કલાલ ઇચ્છે, માને, સમજે તો દારૂનાં પીઠે ખંભાતી તાળું વાગવું એ જરાયે દૂર નથીજ.

પવિત્ર હિંદ! તારે બારણે આમ ક્યારે થશે? એ સમય પણ બહુ દૂર નથી.

ઉર પ્રભાત સમી અજવાળી, ટાળી દે અંધાર!
એક સ્વરે સૌ ગગન ગજવતો, કરીએ જયજયકાર!
અમારી ગુણવંતી ગુજરાત!
નમીએ નમીએ માત! અમારી ગુણવંતી ગુજરાત.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४०–एक शोषक ओछो थयो !

(લેખકઃ–શ્રી. સીતારામ જે. શર્મા)

પોષ મહિનાની ઠંડી શરીરમાંના રક્તને થીજવી નાખતી હતી. એ ટાઢનો સામનો કરવા ગરમ કપડાં ન હોવાથી રંગપુરના કણબી-વાડામાં એક બેઠા છાપરાવાળી માંડવીમાં, ભાંગેલા માટીના ગોળાના કાંઠલા પરની ઠીબમાં તાપણી સળગાવી કેટલાક પટેલીઆ ઠંડાં થઈ ગયેલાં શરીરોમાં ગરમી લાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. દિલ બહેલાવવા તેઓ નાળીએરી હોકલી ગગડાવતા હતા.

"ભાઈ! ગામની કંઈ નવાજૂની સાંભળી ?"

"ના કાકા, અમારે તો દહાડો ને રાત ખળામાં પડી રહેવાનું, એટલે નહિ ઘરના ને નહિ ગામના જેવા છીએ."

"શું બન્યું છે ?"

"લક્ષ્મીદાસ શેઠે કાલે આપઘાત કર્યો."

"હેં એં એં...!"

"શું કહો છો ?"

"શા માટે ?"

"સટ્ટામાં ભારે ખોટ ગઇ તેથી આબરૂ બચાવવા."

"બહુજ ખોટું થયું."

"બિચારા ઘણાજ ભલા માણસ હતા."

"રંગપુરમાં એવા માણસો ઓછા હશે."

"ખરેખર, એમણે આપણી કણબીવાડમાં અનેક માણસોની જતી આબરૂ ટકાવી રાખવામાં મદદ કરી હતી."

"બાપુ ! આ તો હળાહળ કળજુગ છે."

"ખરૂં કાકા ! કળજુગમાં તો ધર્મીને ત્યાં ધાડ ને કસાઇને ઘેર કુશળ હોય છે."

લક્ષ્મીદાસના આપઘાતના સંબંધમાં આટલે સુધી તો આમ સંવાદી વાર્તાલાપ ચાલ્યો.

પરંતુ એ બધી વાતચિતો ધ્યાનથી સાંભળી રહેલા પરસોતમે વાતમાં પુરાઈ ચર્ચાનું વલણ બદલી નાખ્યું. તેણે ગંભીર ભાવે કહ્યું:

"લક્ષ્મીદાસના આપઘાત માટે આપણે શામાટે અફસોસ કરવો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌની દૃષ્ટિ એ જુવાનીઆ તરફ ખેંચાઇ.

"કેમ અલ્યા ?" તાપણી મંડળના વિધિરહિતના પ્રમુખ કરસન કાકાએ ભવાં ચડાવીને, બોખા મોઢામાંથી હોકલીનો ધુમાડો કાઢતાં કહ્યું: "લક્ષ્મીદાસ આપણો ધીરો હતો. તારા દાદાના બારમા વખતે એણેજ તારા બાપને પૈસા ધીરીને તારા કુટુંબની આબરૂ બચાવી હતી."

"તેમાં એણે કંઇ મારા બાપ પર ઉપકાર કર્યો નહોતો. સાનમાં ખેતરો લખાવી લેવા ઉપરાંત તે ખાસ્સું દોકડો વ્યાજ લેતો."

"તે ન લે તો શું મફત આપે ?" બીજે છેડેથી તાડૂકો સંભળાયો.

"ના, એવું મારૂં કહેવુંજ નથી. મારૂં તો એટલુંજ કહેવાનું છે કે લક્ષ્મીદાસનો ધંધોજ ધીરધારનો હતો. એમાં તે થોડે નાણે ઝાઝું વ્યાજ લઇને તાગડધિન્ના કરતો હતો......"

"આ પસલો મુંબઇની મિલમાં મજૂરી કરવા ગયો ત્યારથી એના વિચારજ ઉંધા થઇ ગયા છે," ભગો પટેલ એને અટકાવીને બોલી ઉઠયો.

"શહેરના લોકો બધાજ એવા." કરસન કાકાએ કહેવા માંડ્યું "એમને ન મળે ધર્મનું જ્ઞાન કે વિવેકનું ભાન."

"કાકા, એમાં વિવેકની વાત ક્યાં આવી ?" પરસોતમે વિરોધ ઉઠાવ્યો "આપણે બધા ઉંધા વિચારોને ચીલે ચઢીને તો મરી રહ્યા છીએ. જે માણસ આપણને ઠગે, લૂંટે, છેતરે અને ઘર, ખેતર, રાચરચીલું તેમજ ઢોર જપ્તીમાં લઇ જઇ ખેડૂતોને ભિખારી બનાવી મૂકતાં સહેજ પણ શરમાય નહિ કે સંકોચ ન પામે, તે માણસ એના કુકર્મે આપઘાત કરવાની દશામાં મુકાય, તેને માટે દયા ખાવા જેવું કંઈ નથી, એમ કહેવું એમાં શું ગુન્હો છે ?"

"આપણે શું ભાઇ! સૌ સૌને કર્મનાં ફળ આપનાર ત્રિલોકનો નાથ છે. આપણે તો એના ગુણજ જોવા જોઇએ."

"ખરૂં કહ્યું, અને જો એ પ્રમાણે ગુણ જોવા બેસીએ તો લક્ષ્મીદાસ ખેડૂતોને માટેજ નહિ, રંગપુરને માટેજ નહિ પણ આસપાસનાં ગામડાં માટે ભયંકર શોષક હતો. આપણી અજ્ઞાનતા અને ભોળપણનો લાભ લઇ તે ખરૂંખોટું સમજાવી, પોતાના લહેણામાં આંકડાની કરામત કરતાં હજારો રૂપિયા કમાયો ત્યારે અનેક નિર્ધન અને નિરાધાર કુટુંબને કચડી નાખતાં કે તેમને રસ્તાના ભિખારી બનાવતાં એને તમારા ભલા ભગવાનનોય ભય ન લાગ્યો, કે સહેજ પણ દયા ન આવી. એ પૈસાને જોરે વિશેષ ધન મેળવવા તેણે શહેરનાં બજારોમાં સટ્ટા શરૂ કર્યા. તેમાં તેને માથે દેવાનો ભાર વધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયો, અને તેથી તેણે આપઘાત કર્યો, એમાં નવીનતા શું છે?"

"પણ તેમાં એણે આપણું શું બગાડયું હતું?"

"આપણું તો બધુંજ બગાડયું છે. જે પૈસા એની પાસે ગયા તે બધા એણે આપણી પાસેથી વ્યાજ, દલાલી, કોથળી છોડામણી, સવાઇ, દોઢસવાઇને બહાનેજ શોષી લીધા હતા. એણે ધીરેલા તમામ પૈસાનો સરવાળો કરવામાં આવે, અને તેની પર વાજબી રીતે થતા વ્યાજનો આંકડો તેમાં ઉમેરવામાં આવે, તેજ રકમ એની કહેવાય; તેથી જેટલી વિશેષ રકમ તેની પાસે હોય તે તમામ તેણે આપણી મહેનતમાંથી કરેલી લૂંટ ગણાય. હવે હું તમને એમ પૂછું છું કે, લોકોને લૂંટનારો કોઇક લૂંટારો આપઘાત કરીને મરી જાય, તેને માટે તમે શોક કરશો?"

"એવા માણસ માટે શોક કેમ થાય?"

"કારણ?"

"એ તો જનસમુદાયને હેરાન કરનારો કહેવાય. તેના મરણથી તો એક લૂંટારો ઓછો થાય અને સમાજની હેરાનગતિ તેટલે અંશે ઘટે."

"તો પછી લક્ષ્મીદાસ તો પેલા લૂંટારા કરતાંયે વિશેષ ભયંકર માણસ હતો."

"કેવી રીતે?"

"લૂંટારો તો પોતાને તેમજ પોતાનાં બાળકોને ભૂખે મરતાં બચાવવા અને બીજો કોઇ પણ પ્રામાણિક ધંધો નહિ મળવાથી હતાશ થઈ એ માર્ગે વળે છે. તેને એ દિશામાં મૂકવા માટે લક્ષ્મીદાસ જેવા માણસોજ જવાબદાર છે, છતાં એ વાત જવા દઇએ, પરંતુ લક્ષ્મીદાસ તો પોતાને તેમજ પોતાનાં વંશવારસોને કશીયે મહેનત કરવી ન પડે, તેટલા માટે સંપત્તિનો સંચય કરવા માટે 'શરાફી'નો સાયો ઓઢીને 'ધીરધાર'ને ઉજળે નામે લૂંટ ચલાવે છે. એને મળેલો વારસો એ પણ લૂંટનોજ છે, એ ન ભૂલશો."

"લક્ષ્મીદાસ જેવાને તે લૂંટારા કહેવાતા હશે? અક્કલ વગરનો લાગે છે. તું તો નાને મોઢે મોટી વાતો કરે છે. તું મુંબાઇમાં રહે તેથી અક્કલવાળો થઇ ગયો અને અમે અક્કલ વિનાના છીએ એમ ન સમજતો." કરશન કાકાના કોપની માત્રા વધી ગઇ.

"કાકા! તમારામાં અક્કલ નથી એવું મેં કદી પણ માન્યું નથી. પરંતુ તે માત્ર અવળે રસ્તે વળી રહી છે એમ મને લાગ્યું ત્યારેજ મારે તમારી સમક્ષ ખરી હકીકત મૂકવી પડી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ તે ખરી હકીકત છે કે ઉલટી ?"

"ખરી."

"શી રીતે ? મરેલા માણસને માટે તારા આવા વિચારો તે કેમ સાંખી શકાય ?"

"કાકા ! એ તો માન્યતાનો ભેદ છે. બાકી તો આપણી માફક બીજા અનેક લોકો લક્ષ્મીદાસ જેવાઓને હાથે ચુસાઈ શોષાઇને છેવટે મરી પરવારે છે. તેમને માટે આપણે કદી ચિંતા કરીએ છીએ ખરા ? એમના મરણની પાછળ રહેલા લાંબા કરુણ ઇતિહાસ તરફ ઝાંખીને જોઇએ પણ છીએ ?"

"એ બધાને આપણે કયાં ઓળખવા બેસીએ ?"

"કાકા! એમ કહેવું તે તો જાતને ઠગવા જેવું છે. આપણે જેમને ઓળખીએ છીએ તેવા આપણા સમા શોષિતોનો પણ વિચાર કરતા નથી. કેમકે આપણને તેવાઓને માટે વિચાર નહિ કરવાની ટેવ પાડવામાં આવી છે. ધર્મ, પ્રભુ અને નસીબવાદની ભૂલભૂલામણીમાં આપણને એવા ફસાવવામાં આવ્યા છે કે આપણે તેમાંથી છૂટીજ શકતા નથી. પરંતુ તમે કહો છો તે રીતે તો લક્ષ્મીદાસને એના નસીબે મારી નાખ્યો એમજ કહેવું જોઇએ."

"મારાથી તારી વાત સમજી શકાતી નથી. હું તો એટલું જાણું કે એ માણસે આબરૂ બચાવવા આત્મહત્યા કરી."

"કઈ આબરૂ ? એને વળી આબરૂ શાની ? લૂંટને વ્યવસ્થિત ધંધાનું રૂપ આપવું એને જો આબરૂ કહી શકાતી હોય તો ભલે કહો."

"ત્યારે તું શું કહે છે ?"

"મારો અભિપ્રાય પછતા હો તો હું તો એમ જ કહું કે, લક્ષ્મીદાસના આપઘાતથી આપણા જેવાઓ માટે એક શોષક ઓછો થયો."

'કેવા ક્રૂર વિચાર ?"

"કાકા, તમને એમ લાગે તો ભલે, પણ એમ તો હું તમારે માટે પણ કહી શકું કે કેવા અજ્ઞાનતાજનક વિચાર..."

"હુકુઉઉ, હુકુઉઉ" કરતાં શિયાળવાંના એક પ્રહરના સંજ્ઞાસૂચક પોકારોથી રંગપુરની કણબીવાડનું વાતાવરણ ગર્જી ઉઠયું. તાપણીનો મંદ પડતો જતો અગ્નિ ધીરે ધીરે બુઝાતો ગયો અને પરસોતમની નવી ચર્ચાથી ત્રાસેલા પટેલીઆઓ તેની દયા ખાતા ઉઠયા.

ઘેર જતાં જતાં પરસોતમથી બોલી દેવાયું: "કેટલી નિર્દોષ અજ્ઞાનતા ! કેવા આત્મહત્યારા વિચારો !"

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧-બેકારીનું બલિદાન

(લેખિકાઃ—બચુબ્હેન લોટવાળા)

(૧)

સાંજના ૭ વાગ્યાના સુમારે એક માણસ પરેલ પર આવેલા એક પીઠામાં દાખલ થતો જણાયો. નિરાશાની અને દુઃખની છાયા તેના મુખારવિંદ પર તરવરતી હતી ને ખૂબ ઉશ્કેરાએલી સ્થિતિમાં હોય એમ જણાતું હતું. સંધ્યાની શીતળતા તેને શાંત કરવાને બદલે વધારે અસ્થિર બનાવતી હતી. અત્યારે જાણે તે કોઇનું ખૂન કરવાની તૈયારીમાં હોય એવો જુસ્સો તેનામાં દૃષ્ટિગોચર થતો હતો. પીઠામાં પ્રવેશ કરતાંની સાથે ગુસ્સામાંજ તેણે મદિરાના એક પ્યાલાની માગણી કરી. જાણે જીવનની એક પ્યારી વસ્તુ તેને મળી હોય તેમ તે નોકરના હાથમાંથી પ્યાલો ઝડપથી લઇ ગટગટાવી ગયો. આટલાથીજ તેને સંતોષ ન થયો. પોતાના હૃદયની વ્યથાને સમાવવા તેણે બીજા પ્યાલા માટે હુકમ કર્યો.

પોતાના ક્ષણિક સુખને માટે તે વિષપાન કરવામાં મશ્ગુલ બન્યો. હૈયામાં ભડભડતા અગ્નિને હમેશને માટે હોલવવાની તાકાત મદિરામાં નથી તે જાણવા છતાં, પરિણામની પરવા કર્યા વગર જેમ માણસો તેનો ભોગ બને છે તેમ તેનું પણ થયું. સંતોષ થયો ત્યાં સુધી પી તેણે ઘરનો પંથ લીધો. પીને તે એટલો ચકચૂર બન્યો હતો કે તે ક્યાં ચાલે છે તેનું પણ તેને ભાન ન હતું. તેની આગળ પૃથ્વી ફૂદડી ફરી રહી હતી. લથડીઆં ખાતો ખાતો તે આગળ વધતો હતો. એટલામાં એક મોટરની હડફટમાં આવી ગયો અને મોટર તેના પગ ઉપરથી ચાલી ગઈ. તેને સખત ઇજા થઇ અને તે બેભાન થઇ પડયો એટલે મોટરના માલીકે તેને ઇસ્પિતાલમાં ખસેડવાની મહેરબાની કરી. તેને ઇસ્પિતાલમાં નાખી એક કૂતરૂં કેમ જાણે મોટરની નીચે ન આવી ગયું હોય તેમ તેના તરફ બેપરવાઇભરી દૃષ્ટિ નાખી, ગરીબોના લોહીથી મસ્ત બનેલા તે શેઠે ચાલવા માંડયું. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાકને અંતે તેને ભાન આવ્યું, પણ પોતાની પરવશ બનેલી સ્થિતિનો ખ્યાલ આવતાં તે એક કારમી ચીસ નાખી ફરી બેભાન થઇ ગયો.

(૨)

બીજી બાજુ તેની પત્ની તેની વાટ જોઇ અધીરી બની હતી. કંઈ અનિષ્ટ તો નહિ બન્યું હોય એ વિચારે એ બેબાકળી બની. ગુસ્સામાં ને ગુસ્સામાં રડતાં છોકરાંને એણે બે તમાચા લગાવી દીધા. રસોઇનાં વાસણો જમીન પર અફાળ્યાં અને એના સાથીઓને પૂછવા માટે બહાર નીકળી. એટલામાંજ એના પતિનો કારખાનાનો સાથી અને મિત્ર હાંફળો હાંફળો દોડતો એની પાસે આવ્યો અને કહ્યું: 'સંતોકબેન ! ડાહ્યાભાઇને અકસ્માત થયો છે અને સખત વાગ્યું છે. તેને હૉસ્પિટલમાં લઇ ગયા છે. ચાલો જલદી."

સંતોકના હૃદયને સખ્ત આઘાત થયો અને તે યંત્રવત્ ખીમજી પાછળ ચાલવા લાગી. હૉસ્પિટલમાં આવી પોતાના પતિની હૃદયદ્રાવક સ્થિતિ જોતાં એના હોશકોશ ઉડી ગયા.

(૩)

ત્રીજે દિવસે ડાહ્યાને ભાન આવ્યું, પોતાની પત્નીને પાસે બેઠેલી જોઇ તેને સંતોષ થયો, પણ તરતજ કંઇક યાદ આવતાં પોતાની નિરાધાર સ્થિતિ સૂચવતી એક દૃષ્ટિ તેણે તેના તરફ ફેંકી. આ જોઇ સંતોકને સખત આઘાત થયો, પણ હિંમત રાખી તેણે પોતાના પતિને ખૂબ ધીરજ આપી.

ડાહ્યાના પગનું હાડકું ભાંગી ગયાથી તેનો પગ કાપવો પડયો હતો. પગ ગયા છતાં કયો ઉદાર શેઠીઓ તેને નોકરીએ રાખશે, એમ ઘણી વાર તેને વિચાર આવતો. લાંબા વિચારોને અંતે તેને નિરાશાજ મળતી.

એક દિવસ એ એટલો હતાશ થઇ ગયો કે પોતાના મિત્રને એણે ભગ્ન હૃદયે કહ્યું: "ખીમજી ! હવે મારૂં શું થશે ? મને કંઈ રસ્તો બતાવ, નહિ તો હું પાગલ બની જઇશ. ભૂખમરાનાં ભયાનક ચિત્રોથી મારા મગજનું સમતોલપણું હું જરૂર ગુમાવી દઇશ."

"ડાહ્યા ! આમ હિંમત હારવાથી શું થશે ? તેંજ હાથે કરીને તારી પડતીને નોતરી છે, તો તેના પરિણામ માટે તારે તૈયાર રહેવુંજ જોઇએ." ખીમજીએ પોતાની ફિલસૂફી ચલાવવા માંડી.

ડાહ્યો જાણે કંઈ સમજ્યોજ ન હોય તેમ ફાટી આંખે તેના તરફ મીટ માંડી રહ્યો.

"કેમ, આમ ગાંડાની માફક મારી સામે શું જોઇ રહ્યો છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળાહળ ઝેર પી શું તેમાંથી સહીસલામત ઉગરવાની તેં આશા રાખી હતી? મદિરાએ કોને દગો દીધો નથી? તારા જેવા હજારો નિર્દોષનાં જીવન એણે પાયમાલ કર્યાં છે, એ જાણવા છતાં તું કેમ એનો ભોગ બન્યો તે હું સમજી શકતો નથી." ખીમજીએ પોતાની ફિલસૂફી પર પ્રકાશ પાડયો.

હવેજ ડાહ્યાને ખીમજીની વાતની સમજ પડી, તે કંઇક ઉશ્કેરાયલી સ્થિતિમાં બોલી ઉઠયો: "ખીમજી! દારૂ એ મારી આ સ્થિતિ માટે કેટલેક અંશે કારણભૂત ભલે હોય, પણ ખરૂં કારણ તો આપણા માલીકની મારા પ્રત્યેની નિષ્ઠુર વર્તણુક છે. થોડા દિવસ વધુ આપવાની મારી હાર્દિક આજીજી છતાં તેમણે મને આજે ને આજે નોકરીમાંથી બરતરફ કર્યો એ શું મને જેવો તેવો ઘા લાગ્યો હશે?" ડાહ્યાની આંખો અશ્રુપૂર્ણ થઇ ગઇ.

"પણ ભાઇ! પડતી આપત્તિને દૂર કરવાના રસ્તા શોધવાને બદલે તેં મદિરાનું સેવન કરી તારે માથે પાપ વહોરી લીધું અને તેનુંજ ફળ તું ભોગવી રહ્યો છે." ખીમજીએ ઠંડે કલેજે તેને ચાબખા માર્યા.

"આવા સંજોગોમાં મારા જેવા હતાશ બનેલા માણસો બીજું શું કરે? બેકારીની અસહ્ય કલ્પનાએ મારા દિલમાં જે આગ લગાડી મૂકી હતી તેને હોલવવાને દારૂ સિવાય શાંતિનું બીજું ક્ષણિક સાધન મારી પાસે કયું હતું? તું જાણે છે કે હું કદી દારૂ પીતો ન હતો, પણ પોતાનાં વહાલસોયાં બાળકોનું દુઃખદ ભવિષ્ય કયા માનવીને મરણીઓ નથી બનાવતું? મારી આ સ્થિતિ માટે જોખમદાર હું નથી, પણ પેલો સ્વાર્થાંધ અને આપણા જેવા ગરીબોને હડધૂત કરનાર આપણો શેઠજ છે. મારા જેવા સીધે રસ્તે ચાલનારને ખાડમાં ગબડાવનાર એ અક્ષમ્ય ગુનેગારને શું શિક્ષા ન થવી જોઇએ? હાય! પણ આખો સમાજ અન્યાયી છે ત્યાં મારા જેવા નિર્દોષનેજ ખમવાનું હોય ને?" ડાહ્યાએ એક ઉંડો નિઃશ્વાસ નાખ્યો.

"ભાઇ ડાહ્યા! તે ગમે તેમ હો, પણ તેં મદિરાપાન કરવાની ગંભીર ભૂલ તો કરીને? તારા જેવા કેટલાએ એ ભૂલનો..."

"બસ, હું હવે વધારે સાંભળવા નથી માગતો. મારા જેવો ગરીબ માણસ દુઃખનો માર્યો મનની શાંતિ અર્થે કોઇક વાર દારૂ પીએ તો એને આવા ચાબખા મારી સમાજમાંથી બાતલ કરાવવાના પ્રયાસ કરવામાં આવે છે; પણ ખીમજી! પૈસાદારો તો પોતાના લહેરી આત્માને આનંદમાં ડોલતા રાખવાને આપણા છોકરાઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂધને ભોગે દારૂનું વ્યસન કરી રહ્યા છે તેનો તેં કોઇ દિવસ વિચાર કર્યો છે? એવા વ્યસનીનાં તો પોતાના પૈસાના અંગે દંભી સમાજમાં આદરમાન થાય છે. દારૂનિષેધની વાતો કરનારા, ઉઘાડે બારણે પોતાનો શ્રમ ઉતારવા માટે દારૂ પીનારા શ્રમજીવીઓનેજ ઉપદેશ આપી રહ્યા છે, પણ આખો દિવસ પગ પર પગ ચઢાવી બેસી રહેનાર શ્રીમંતો ખાનગીમાં હમેશ દારૂમાં ચકચૂર બની સમાજની અને દેશની પાયમાલીને નોતરી રહ્યા છે, એમ તેમણે કોઇ દિવસ ખુલ્લે દિલે કહ્યું છે? જ્યાંસુધી આપણે ભોગે એ લોકો ચમન ઉડાવે છે તે અટકશે નહિ અને હાલની અન્યાયી સમાજરચનામાં પૂળો નહિ મુકાય ત્યાંસુધી મોજમજાહ માટે નહિ પણ મૂડીવાદની ઘાણીમાં પીસાયાથી અનુભવવાં પડતાં કષ્ટો ભૂલવા માટે આપણા જેવા અનેક શ્રમજીવીઓ એ પીણામાં આનંદ માણશે."

ડાહ્યાએ પોતાના મનનો ઉકળાટ બહાર કાઢ્યો.

"તારી વાત મને ખરી લાગે છે. મેં આજસુધી આ રીતે તેનો વિચારજ કર્યો નહોતો. ડાહ્યા! મારી એ અજ્ઞાનતાનાં પડળ તેં આજે ખોલ્યાં," ખીમજીએ ગંભીર ભાવે કહ્યું: "ડાહ્યા! તારી વાત પરથી આજે હું સમજી શકયો છું કે સમાજનાં નીતિનાં બંધનો ફક્ત ગરીબોને માટે છે, એ વાત મારી સમજશક્તિની બહાર હતી. આપણે કારખાનાના સાંકડા કુંડાળામાંજ ફરજિયાત ગોંધાઇ રહેવાનું, એટલે બહારની દુનિયાનું આપણને શું ભાન હોય? તારી માફક ભાગ્યેજ કોઇએ પ્રતિકૂળ સંજોગો છતાં આવી બાબતો પર વિચાર કર્યો હશે. તેં મારી ભૂલ સુધારી તેને માટે હું તારો આભારી છું." ખીમજી ઉપકારની દૃષ્ટિએ તેના પ્રત્યે જોઈ રહ્યો.

"ખીમજી! દારૂ એ તંદુરસ્તીનો નાશ કરનારી વસ્તુ છે, માટે આપણા ભાઇઓને તેનાથી દૂર રહેવાને સમજાવવા જોઇએ. એજ વસ્તુથી આપણી શક્તિ હણાઈ ગઇ છે. એ શક્તિનું જતન કરી આપણે મૂડીવાદની સંસ્થાને તોડી નાખવાના મોરચા માંડવા જોઇએ." ડાહ્યાએ શાંતિથી એને સમજ પાડી.

"હું બરાબર સમજ્યો કે, દારૂ એ જો ખરાબ હોય તો તે ગરીબ યા તવંગર, તંદુરસ્ત અને નબળા બધાને માટે છે, તેની બદીથી બધાને નુકસાન થાય છે, તેથી દરેકે એ વસ્તુનો ત્યાગ કરવો જોઇએ." ખીમજીએ ખુલ્લા દિલે કબૂલ કર્યું.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४२-कसाइनो आपघात

(લેખકઃ-શ્રી. જયંત કોઠારી)

તે કસાઈ હતો.

પોતે, પત્ની અને એક નાનું બાળક : આટલોજ એનો સંસાર હતો. લોકો તેને અસ્પૃશ્ય માનતા, ને તેના તરફ આંગળી ચીંધી કહેતા 'પેલો જાય ગાય-વાછરડાં કાપનારો કસાઇ !'

લોકોના આવા ઉદ્‌ગાર સાંભળી તેને ખોટું લાગતું, શરમ આવતી; પરંતુ તે નિરૂપાય હતો.

ત્રણ જીવને ભૂખે મારવા કરતાં પોતાના એકજ હૃદયને મારવું તે વધારે પસંદ કરતો. ઘણી વાર લોકોની નિંદાથી કંટાળી પોતાની દુષ્ટ નોકરી છોડી દેવાનો નિશ્ચય કરતો, પરંતુ પત્ની અને બાળક યાદ આવતાં તેનો નિશ્ચય પીગળી જતો.

લોકો તેને સમાજથી અળગો ગણતા, કારણ કે ધર્મમાં પવિત્ર માનેલી ગાયનો તે વધ કરતો.

તેની પ્રિય પત્ની અને નાનકડું બાળક એજ તેનો સમાજ, એજ તેનું ગામ અને એજ તેનું જગત.

એ ગોમાંસ નહોતો ખાતો. કોઈ પણ પ્રકારનું માંસ નહોતો ખાતો. તે શાકાહારી હતો.

કસાઇ કહી તેના તરફ ઉપહાસથી જોતા સમાજના કેટલાક માણસો માંસભક્ષક હતા. તે બકરીનું માંસ ખાતા અને ઘણી વાર સમુદ્રનાં માછલાંઓનું પણ ભક્ષણ કરતા.

સમાજના આ 'માણસો' કસાઇએ કાપેલી ગાયોના માંસનું ભક્ષણ કરનારા યુરોપિયન માણસો સાથે ભોજન કરતાં લેશ પણ અચકાતા નહિ; પરંતુ તેમની સાથે રહેવામાં અને તેમને અડકવામાં આનંદ માનતા.

પણ કેવળ પેટનો ખાડો પૂરવા માટે કસાઇનું કામ કરી નિત્ય જીવનમાં તદ્દન સાદુ અને નિરૂપદ્રવી જીવન ગાળનાર કસાઇને એજ સમાજના માણસો અસ્પૃશ્ય લેખતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કસાઈ હતો, છતાં પણ મનુષ્યત્વને એ વિસર્યો નહોતો. કસાઇનું હત્યારૂં કામ કરતી વખતે તેનું હૃદય અકથ્ય વેદના અનુભવતું ને ઉગામેલો છરો હાથમાંજ થંભી જતો. તેનો હાથ થરથર કંપવા માંડતો ને હૃદયમાંથી સંવેદનાના પડઘા ઉઠતા, આંખોમાંથી આંસુ સરી પડતાં.

ગાય અને તેનાં લાડકાં વાછરડાંઓને છૂટાં પાડતાં પોતાનું હૃદય આંધળું બનાવી દેતો, ભાવનાઓને કચડી નાખતો, તેની નજર આગળ પોતાની પ્રેમાળ પત્ની અને નાનકડું નિર્દોષ બાળક ખડાં થતાં, ને ઇશ્વર પણ પોતાનાં આવાં ઘોર કૃત્યનો બદલો ઘોર રીતે આપશે, એ વિચારે તેનું હૃદય કંપી ઉઠતું, છતાં પણ પોતાનું કર્તવ્ય બજાવ્યા સિવાય તેને છૂટકો નહોતો.

ઘણી વખત ગામમાંથી ઢોરો ભેગાં કરી તેને કસાઇખાને લઇ જવાં પડતાં. મૂંગાં જનાવરો પણ એને જોતાં સમજતાં કે તેમનું એક એક પગલું મૃત્યુના માર્ગ પર પડી રહ્યું છે. એ મૂંગાં નિર્દોષ જાનવરોને કસાઇખાને દોરી જતાં તેનો આત્મા કપાઇ જતો, અને તેના આખા શરીરે રેબઝેબ પરસેવો છૂટતો.

લોકો કહેતા "એના શરીરે આટલો બધો પરસેવો થયો છે, પણ એના નિર્દય હૃદયને પરસેવો થયો છે ખરો!" ને બીજો કોઇ માણસ બોલી ઉઠતો "એને હૃદય હોય તોજને!"

અને એમનું કહેવું ખરૂં હતું, કસાઇને હૃદય હોય એ કદી સંભવે ખરૂં?

આવા અને આવાજ પ્રકારના બીજા હૃદયવિદારક વાદવિવાદ તેને રોજ સાંભળવા પડતા. આવા વાદવિવાદ અને લોકોના તિરસ્કારમાંથી છૂટવા માટે બીજી નોકરી શોધવાના પ્રયત્નો તે હંમેશ કરતો.

આખરે એને બીજી નોકરી મળી, પોતે પોતાના ઘાતકી ધંધામાંથી છૂટો થઇ બીજી નોકરી મેળવી શક્યો છે, એ શુભ સમાચાર પોતાની પત્નીને આપવાના ઉત્સાહથી તેનાં પગલાં ઝુંપડી તરફ વળતાં હતાં.

સાંજના છ–સાડાછનો સમય હતો, આથમતા સૂર્યનાં છેલ્લાં કિરણો તેની ઝુંપડીને આનંદમાં આણવાનો યત્ન કરતાં ચમકી રહ્યાં હતાં. ઝુંપડીના બારણામાંજ કસાઈની કાળી છતાંય રમ્ય ગૃહદેવી તેનું સ્વાગત કરવાને ઉભી હતી. તેની કેડમાંનો નાનો બાળક તેને આવતો જોઇ આનંદથી હાથપગ હલાવવા લાગ્યો.

કસાઇની પત્ની રોજ ઇશ્વરને પ્રાર્થતી 'એમને કોઇ બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરી તું અપાવ.' આજે એની એ પ્રાર્થના ફળી હતી.

ઘેર આવતાંની સાથેજ પોતાને બીજે નોકરી મળ્યાના શુભ સમાચાર પોતાની પત્નીને કહ્યા. તેની પત્નીને આનંદ થયો, તેને પોતાને પણ આનંદ થયો, અને પોતાનાં માતપિતાને આનંદમાં જોઇ પેલા નાના બાળકને પણ આનંદ થયો; એક ક્ષણ આખી ઝુંપડીમાં આનંદતું વાતાવરણ છવાઇ રહ્યું.

પરંતુ સૂર્ય આથમી ગયો અને ઝુંપડી પર પડતાં તેનાં કિરણ પણ અંધકારમાં ભળી ગયાં. ફરીથી ઝુંપડી પર ઉદાસીનતાની છાયા ફરી વળી. દૂર દૂરના સમુદ્ર તરફથી એક લહરી આવી, ઝુંપડીની આજુબાજુનાં ઝાડ અને તાડનાં પાન ફફડી ઉઠયાં, અને ચોમર અંધકારતું વાતાવરણ જામી ગયું.

કસાઈ નાહવા બેઠો ને પોતાના કઠોર શરીર પર પડેલા નિર્દોષ જાનવરોનાં લોહીના ડાઘ ખૂબ ખૂબ ઘસી ઘસીને ધોવા લાગ્યો.

તે મનમાં વિચારતો હતો: "હવે હું સાચું જીવન જીવીશ. કસાઇ કહીને મારા તરફ કોઈ આંગળી નહિ ચીંધે. લોકો હવે મને નહિ તિરસ્કારે!"

રોજ નાહતો તેના કરતાં આજે તે વધારે વખત સુધી નાહ્યો, જાણે આજ સુધી કરેલાં પાપ ધોતો ના હોય! આજ સુધી કરેલાં પાપની માફી માગતો હોય તેમ તેણે લાંબા વખત સુધી પ્રાર્થના કરી.

એમનો એ દિવસ ખૂબ આનંદમાં પસાર થયો તેનું કારણ એ હતું કે તે કલ્યાણજી શેઠને ત્યાં નોકરી રહ્યો હતો. કલ્યાણજી શેઠ અનાજ દળવાની ઘંટીના માલિક હતા, અને બધી આવક એક ગોરક્ષણ સંસ્થાને અર્પણ કરતા.

આજ સુધી ગાયો કાપીને જે ભયંકર પાપ પોતે કર્યું હતું તે પાપ ધોઇ નાખવાને ઈશ્વરે આવી સારી તક આપી છે એમ તે માનતો. જે ઘાતકી હાથે આજ સુધી ગાયોનાં ગળાં ઉપર છરો ચલાવ્યો હતો તેજ હાથે ગાયોને બચાવવાના કામમાં મદદ થઈ શકશે, એ વિચારે તેનો આનંદ દ્વિગુણિત થયો.

* * * *

પરંતુ ભવિષ્ય હંમેશાં વર્તમાનમાં પલટાઇને ભૂતમાં સરી પડે છે. એની બાબતમાં પણ એવુંજ બન્યું.

ચક્કીમાં કામ કરતા કામદારોને અકસ્માતો અજાણ્યા નજ હોય! એક દિવસ તે પણ અકસ્માતમાં ઝડપાઈ ગયો અને અકસ્માત પછી કામદારોને નોકરી પરથી ફારેગ કરવામાં આવે છે તેમ તેને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરી પરથી ફારેગ કરવામાં આવ્યો હતો.

જે નોકરી મળવાથી એને આનંદ થયો તે નોકરી ગઈ. જે નોકરી મળવાથી તેને કસાઇનું ભીષણ કામ કરવાનું મૂકી દઇ સામાન્ય મજૂરનું જીવન જીવવા માંડ્યું હતું તે નોકરી છૂટી જવાથી તેને ઘણુંજ દુઃખ થયું.

એ નોકરી છૂટીને તેને જો બીજી ગમે તેવી નોકરી મળી હોત તો તેને જરાય દુઃખ ન થાત. પરંતુ અકસ્માતમાં તેણે પોતાનો જમણો હાથ ગુમાવ્યો હતો. થોડા દિવસમાં હૉસ્પિટલની સારવારથી ઘા સારો થઈ ગયો હતો, પરંતુ ગયેલો હાથ મળવો અશક્ય હતો.

કલ્યાણજી શેઠ પોતાને પાછો નોકરી પર રાખી લેશે, એવી તેને આશા હતી. પરંતુ એની એ આશા નિષ્ફળ નીવડી.

કલ્યાણજી શેઠને તેણે ખૂબ ખૂબ વિનવ્યો, પરંતુ પરિણામ નિરાશાજનકજ આવ્યું. શેઠે ચોખ્ખું સંભળાવી દીધું:

"હાથ તૂટેલો માણસ મારે શા કામનો ? ને તારો હાથ તેં તારીજ બેદરકારીથી ગુમાવ્યો તેમાં હું શું કરૂં ? તેને માટે તુંજ જવાબદાર છે."

ગરીબ બિચારો કસાઇ વિનતિ સિવાય બીજું શું કરી શકે ? તેણે ઓછે પગારે પણ નોકરી કરવાની ઇચ્છા બતાવી, પરંતુ શેઠે તે તરફ કશું ધ્યાન ન આપ્યું.

કલ્યાણજી શેઠ માણસ હતો, પણ કસાઇ કાંઇ ગાય અથવા બળદ નહોતો જેથી એ ઉદાર ગોપાલક ધર્માત્માનું (?) હૃદય દ્રવીભૂત થાય !

ભાવિની ભયંકરતા તેને બીવડાવી રહી હતી; ભૂખમરો ડોળા ફાડી ઘૂરકી રહ્યો હતો.

કસાઇના ભોળા મને વિચાર્યું કે, જે દુષ્ટ હાથથી મેં નિર્દોષ ગાય-વાછરડાંના પ્રાણ લીધા એજ હાથ કાપી નાખીને ઈશ્વરે મને મારા પાપનો બદલો આપ્યો છે.

પરંતુ તેની સદ્વિવેકબુદ્ધિ તેને કહેતી: "ઈશ્વર પણ જાણતો હોવો જોઇએ કે આવું ઘોર કૃત્ય અન્ય નોકરીના અભાવેજ કર્યું છે. પશુ કરતાં માણસ શ્રેષ્ઠ નથી શું ?"

આમ વિચાર કરતો તે ઘેર ગયો.

* * * *

તે ઘર તરફ આવતો હતો તે વખતે ગાય-વાછરડાંઓનું ટોળું તેની વિરુદ્ધ બાજુથી જતું હતું. એ ટોળાંમાંની પ્રત્યેક ગાય, પ્રત્યેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાછરડું ને પ્રત્યેક બળદ દૂધ દેવા, જીવવા અને કામ કરવા નાલાયક હતાં. તે દરેકના શરીર પર કસાઇનો ગોળ સિક્કો મારેલો હતો.

એક માણસે તેને કહ્યું: 'કલ્યાણજી શેઠે આ જનાવરોને કસાઇ-ને ત્યાંથી છોડાવ્યાં.'

એક ક્ષણ તેના મનમાં વિચાર ડોકાયો: "હું માણસ ન જન્મતાં ગાય કે બળદ જન્મ્યો હોત તો આ પશુઓની માફક હું પણ છૂટી જાત અથવા અમે ત્રણેય કસાઇના છરાના ભોગ થઇ આ જીવનથી છૂટાં થઇ ગયાં હોત!"

'કસાઇના છરાના ભોગથી આ જીવનથી છૂટાં થઇ ગયાં હોત' એ વાક્ય તેણે જોરથી ઉચ્ચાર્યું અને પોતાના કપાયેલા જમણા હાથ તરફ જોયું. તેણે એક ઉનો નિઃશ્વાસ મૂક્યો. તેણે પોતાના ડાબા હાથ તરફ જોયું અને તેના મુખ પર રાક્ષસી હાસ્ય તરી ઉઠ્યું. એ હાસ્યમાં જમણા હાથનું કામ ડાબા હાથે શક્ય થશે એવો ધ્વનિ હતો.

તે પોતાની ઝુંપડી પાસે આવ્યો. તેની પત્ની બારણામાં જ ઉભી હતી. ઝુંપડીમાં અને ઝુંપડીની આજુબાજુ ઉદાસીનતાનું વાતા-વરણ છવાઇ ગયું હતું.

'મને ભૂખ લાગી છે' એમ નાનો છોકરો રડતાં રડતાં કહેતો હતો.

પોતાના પિતાની ભયંકર મુખમુદ્રા જોઇને તેના કાળજામાં કંપારી છૂટી.

'કસાઇના છરાના ભોગ થઇ આ જીવનથી મુક્ત થઇ ગયા હોત' એ વાક્ય તેણે ભયંકર રીતે ઉચ્ચાર્યું અને ભીષણ અટ્ટહાસ્યથી વાતાવરણને કંપાવી મૂક્યું.

એના એ ભયાનક અટ્ટહાસ્યથી આજુબાજુનાં ઝાડનાં પાંદડાંઓ કંપી ઉઠ્યાં. માળામાં લપાયેલાં પક્ષીઓ ઉડી ગયાં અને ખીલેલાં પુષ્પો ગળી પડયાં.

એકદમ તે ઝુંપડીમાં પેઠો. તેના ડાબા હાથમાં છરો ચમકી ઉઠ્યો. એક ભયંકર ચીસ વાતાવરણને ભેદતી દિશાઓમાં ઢોળાઇ પડી. છોકરો રડતો બંધ થઇ ગયો. સ્ત્રીનું કરુણ રુદન દિશાઓને હલમલાવી નાખવા લાગ્યું. એક ક્ષણ જ એ રુદન લંબાયું. બીજી જ પળે છરાના ચમકારમાં કાળનાં તાંડવ આવી ઉભાં ને રુદન બંધ થઇ ગયું. એક જબરજસ્ત ધબાકો થયો.

આ ધબાકો થયો કે તરત જ કેટલાય લોકો ઝુંપડીમાં ધસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા. એમાં કલ્યાણજી શેઠ પણ હતો. તે કસાઇને પકડવા માટે સિપાઇઓને કહી રહ્યો હતો.

પોતાની ઝુંપડીમાં આટલા બધા લોકો ભરાયેલા જોઇને તે દિવાનાની માફક 'કસાઈના છરાના ભોગ થઈ આ જીવનથી મુક્ત થઇ ગયા હોત' એમ બરાડા પાડી ઉઠ્યો. કલ્યાણજી શેઠ તરફ જોઇને તે મોટે મોટેથી બોલવા લાગ્યો: 'નીચ, નરાધમ! આજે હું તારા હાથમાં નહિજ આવું. તું ગોરક્ષક સંસ્થા ચલાવે છે. ગમે તેવો તોય હું તો કસાઇજ છું. મનુષ્યોને જીવતાં મારવા કરતાં ગાયવાછરડાંના પ્રાણ લેવા એ વધુ ઘાતકી નથી જ. પશુઓના કસાઈ થવું એ માનવોના કસાઈ થવા કરતાં હજાર દરજ્જે સારૂં છે. ગરીબોનાં લોહી ચૂસી તેમનાં લોહી વડે ભવ્ય ઈમારતો બાંધી તેમાં રહેવું એના જેવું ક્રૂર કામ જગતમાં એક પણ નથી. રોગથી પીડિત અને જીવવાને નાલાયક એવાં હજારો જનાવરો પોષીને કીર્તિ કમાવી અને સશક્ત કામ કરી શકે તેવાં માણસોને મારવાં, એ આજકાલના મદાંધ મૂડીવાદીઓનો જીવનક્રમ થઇ પડયો છે. કેવળ કીર્તિને માટે નિરૂપયોગી વસ્તુઓ પાછળ કરોડોના ધુમાડા આજે મૂડીપતિઓ કરી રહ્યા છે, પરંતુ લાયક માણસોને કામના બદલામાં પણ તેઓ પૈસા આપતાં કચવાય છે. ગોરક્ષણ સંસ્થાઓ કાઢવાનો મનુષ્યને શો અધિકાર છે? મનુષ્યજાતિનું રક્ષણ જેઓથી થઇ શકતું નથી તેઓ બીજાનું રક્ષણ શી રીતે કરી શકે? પશુરક્ષણ સંસ્થાઓ કાઢો છો, તેના કરતાં મનુષ્યરક્ષણ સંસ્થાઓ કાઢો અને......"

તે આગળ હજુ બોલેજ રાખત. પરંતુ કલ્યાણજી શેઠે તેને પકડવા માટે પોલિસને કહ્યું, અને પોલિસ તેને પકડે તે પહેલાં જ 'કસાઇના છરાના ભોગ થઈ આ જીવનથી મુક્ત થઈ ગયા હોત!' આ શબ્દો સાથે તેણે તે તીક્ષ્ણ છરો પોતાની છાતીમાં હુલાવી દીધો.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४३–दगलबाजीनी इमारत

(લેખિકાઃ—શ્રી. બચુબેન લોટવાળા)

(૧)

રવિવારનો દિવસ હતો, વાતાવરણ કંઇક શાંત હતું. રજા હોવા છતાંએ મુરારજી શેઠને કંઇક અગત્યનું કામ હોવાથી તૈયાર થઇ બેઠા હતા અને કોઈના આવવાની વાટ જોતા હતા. બેઠા બેઠા કોઇ મહાન પ્રશ્નો ઉકેલવામાં ગુંથાએલા હોય એમ તેમની મુખમુદ્રા ઉપરથી જણાતું હતું. કંઇક વિચારને અંતે તે એકદમ બોલી ઉઠયાઃ "સાલો હજી કેમ આવ્યો નહિ?" આ શબ્દો તેમનો રોફ અને ગુમાનીપણું પૂરવાર કરવાને પૂરતા હતા.

મુરારજી શેઠ સૂર્ય મિલના માલીક હતા, એટલુંજ નહિ પણ મિલમાલેકોની મંડળીના પ્રમુખ હતા. તેથી તો એમનામાં બહુ ઘમંડ આવી ગયું હતું. પોતાની જાહોજલાલીના નશામાં તેમને ગરીબોનાં દુઃખનું અને તેમને નડતી અગવડોનું જરાએ ભાન ન હતું. બોલાવવા મોકલેલા જૉબરને આવતાં મોડું થયું એટલે લાલ પીળા થએલા શેઠ એકદમ ઉઠયા અને ઉપરના શબ્દો તેમના મુખમાંથી સરી પડયા; પણ તેટલામાંજ જોબર આવી પહોંચ્યો.

"કેમ મગન, રસ્તામાં ઉંઘી ગયો હતો? હું કયારનો ખોટી થાઉં છું ને!" શેઠ ચીડાઇને બોલી ઉઠયા.

"શેઠ, ચાલીને આવવાનું એટલે વાર તો લાગે ને? મોટર હોત તો પાંચ મિનિટમાં હાજર થાત" મગને જરા હિંમત કરીને કહ્યું.

શેઠને પોતાનું કામ કઢાવી લેવું હતું એટલે ગુસ્સે ન થતાં એકદમ મુદ્દાની વાત પર આવ્યા. તેમણે કહ્યુંઃ "મગન! તારા હિતની એક વાત કહેવા મેં તને બોલાવ્યો છે. તારૂં દળદ્દર ફીટાડવું હોય તો મારી શરત કબૂલ કર. મારૂં કામ પાર પાડીશ તો તને જીંદગી સુધીનું મહેનતાણું બાંધી આપીશ અને થોડી જમીન પણ આપીશ તે જુદી. બોલ, તારો શું વિચાર છે?" શેઠ અધીરાઇથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના મોઢા સામું જોઇ રહ્યા.

મગન એક ક્ષણભર વિચારમાં પડયો; પણ જીંદગીની આ અણમોલ તક ગુમાવવાનું તેને ઠીક ન લાગ્યું. એની ગરીબાઇએ તેને ચળાવ્યો, અને આખરે શેઠ જે કહે તે કરવાનું તેણે કબૂલ કર્યું.

"જો મગન ! હાલની મંદીને લીધે આપણા કાપડનો ઉપાડ બહુ ઓછો થઇ ગયો છે. આપણી પાસે એટલું બધું કાપડ એકઠું થઇ ગયું છે કે મિલો બંધ કર્યા વગર ચાલે એમ નથી; પણ તેમ કરવામાં મારી પ્રતિષ્ટા જાય તેમ છે. એટલે એકજ રસ્તો છે કે, તું તારા સાથીઓને સમજાવીને કે ઉશ્કેરીને પણ હડતાલ પડાવ. તમારા સંઘમાં તારી ઠીક લાગવગ છે એટલે તને બહુ મુસ્કેલી નહિ નડે. જો આમ નહિ થાય અને મારે મિલ બંધ કરવાનો વારો આવશે તો તારો રોટલોએ બંધ થશે એનો બરાબર વિચાર કરીને જવાબ આપજે." કદાચ પોતાના સાથીઓને દગો દેતાં તેને ક્ષોભ થાય એટલા માટે શેઠે તેના સ્વાર્થની વાત આગળ મૂકી.

શેઠ એમાં ફાવ્યાએ ખરા. મગનને પોતાના સ્વાર્થ આગળ બીજું બધું તુચ્છ લાગ્યું. આખરે તો એ જોબરજને! લક્ષ્મીની લાલચને એ ઠોકરે ન મારી શકયો. "શેઠ, તમારી શર્ત મને કબૂલ છે" એટલું બોલી તે ત્યાંથી ચાલી ગયો.

પોતાની પ્રતિષ્ઠાને ખાતર કામદારોને ઉંધે રસ્તે દોરનાર, પોતાના ખજાનાના પૈસા ઓછા થઇ જવાની બીકે હજારો કામદારોની રોટી લૂંટી લેનાર, આ સ્વાર્થી કીડાને એક કામદારને ખરીદી લેતાં વાર ન લાગી. તે તો પોતાની બાજીમાં ફાવવાથી પૂરઆનંદમાં આવી ગયો.

(૨)

પ્રવીણ, શેઠનો એકનો એક લાડકવાયો પુત્ર હતો. પ્રવીણને કંઇ થાય તો શેઠ અરધા અરધા થઇ જતા. પરંતુ તે સામ્યવાદ તરફ ઢળી ગયો હતો તેની શેઠને બહુ ચિંતા થતી હતી. મજૂરોનાં લોહી ચૂસનારથી કોઈ મજૂરોનો પક્ષપાત કરે એ કેમ કરીને સહન થાય! એ પ્રવીણે મગન સાથેની પિતાની વાતચીત બીજા ખંડમાંથી છાની રીતે સાંભળી અને શેઠની બાજી ઉંધી વાળવાનો તેણે સંકલ્પ કર્યો. તરતજ મજૂરસંઘના મંત્રીને મળીને તેણે બધી પરિસ્થિતિ એને સમજાવી અને તેણે તેમજ મંત્રીએ મળીને શેઠની બાજી ઉંધી વાળવાની તમામ યોજના ઘડી નાખી. હડતાળની વિરુદ્ધ કામદારોના મત કેળવવાનો તેમણે નિશ્ચય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરોની અંદર કામ કરવામાં પ્રવીણને કંઇક અનેરો આનંદ લાગતો હતો. અઘટિત અને અન્યાયી સમાજવ્યવસ્થાના ભોગ થયેલા કામદારો માટે કામ કરતાં તેને જીંદગીનું સાર્થક થતું લાગ્યું. એશઆરામનો જરા પણ વિચાર કર્યા વિના મોડી રાત સુધી તે કામ કર્યા કરતો. થોડા દિવસ સુધી તો તેના પિતાને આ વાતની ખબર ન પડી, પણ એક દિવસ જોબરે આવી તેમને વસ્તુસ્થિતિથી વાકેફ કર્યા.

શેઠે એકદમ પ્રવીણને બોલાવી ખૂબ ઠપકો આપ્યો અને છેવટે તેને વારસામાંથી બાતલ કરવાનીએ ધમકી આપી દીધી. પ્રવીણ એ બધું સાંભળી રહ્યો. આમ છતાં પ્રવીણ પોતાના આદર્શમાં દૃઢ રહ્યો. ગરીબોનાં લોહી ચૂસી એકઠો કરેલો પૈસો તેને હરામ હતો, એટલે શ્રીમંત પિતાની ધમકીની એના પર જરાએ અસર ન થઇ. ઉલટું બીજા દિવસથી એણે બેવડા જોમથી કામ કરવા માંડયું અને વધારે વખત તે કામદારોની સાથે ગાળવા લાગ્યો.

કામદારો આગળ સ્વાર્થી માલેકની બાજી ઉઘાડી પાડી તેની જાળમાં ફસી ન પડવાનો તેમને ઉપદેશ આપવા માંડયો. જ્યારે જથ્થાબંધ માલ કાઢયો હોય પણ તેની માગણી ન હોય તો અંદર-નાં માણસોને ઉશ્કેરીને પ્રપંચી માલેતુજાર શેઠીઆઓ હડતાળ પડાવે છે, અને મજૂરોનો પગાર ઓછો કરવો હોય ત્યારે મિલો બંધ થએલી જાહેર કરે છે. આવી રીતે કામદારોના ભોગે તેઓ પોતાની તીજોરીઓ ભરે છે, એ બીના પ્રવીણે તેમના મન પર બરાબર ઠસાવી હતી. રોજના પ્રચારકાર્યને અંતે તે કામદારોમાં વર્ગીય ભાન જાગ્રત કરવામાં સફળ થયો. તેમના શું હકો છે તે તેમને સમજાવવા-થી તેમને ટુકડો નાખનારની દયા પર નહિ જીવતાં તેમણે પોતાના હક્ક પર ત્રાપ મારનારની શાન ઠેકાણે લાવવાનો સંકલ્પ કર્યો.

શેઠના અને મુકાદમના સતત પ્રયાસ પછી પણ જ્યારે હડ-તાળ પડવાનાં ચિહ્નો ન જણાયાં ત્યારે શેઠનો મિજાજ હાથથી ગયો, પણ જ્યાં પોતાનું ઘરજ સળગ્યું હોય ત્યાં બીજાને દઝાડવા જવાથી શું ફાયદો ? એમ વિચારી તેને શાંત થવું પડયું. શેઠે એક છેલ્લો પાસો નાખવાનો નિરધાર કર્યો.

તેણે પ્રવીણને બોલાવ્યો અને પોતાની પાસે બેસવા કહ્યું, પણ પ્રવીણ તો જાણે પિતાને પડકાર આપવા આવ્યો હોય તેવા દમામ-માંજ સામે ઉભો રહ્યો.

"પ્રવીણ" મુરારજીએ મમતાનો દેખાવ કરીને કહ્યું: "તને પોતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નું ઘર સળગાવતાં જરાએ વિચાર નથી થતો ? શું મેં તને શિક્ષણ આપ્યું તે મારા પગ પરજ કુહાડો મારવા ? એક પુત્ર તરીકેનું ઋણ અદા કરવાને શું તું બંધાએલો નથી ?" પ્રવીણને તેની ફરજનું ભાન કરાવવા માંડ્યું.

"મને મારી ફરજનું ભાન કરાવતાં પહેલાં તમે તમારો પોતાનોજ વિચાર કરો. કામદારો પ્રત્યે તમારી કોઈ પણ જાતની ફરજ છે કે નહિ ? તમો આટલું બધું કમાઓ છો તે કોને આભારી છે તે શું તમે સમજતા નથી ? સમજો છો તો ખરા, પણ સ્વાર્થનાં પડળ તમારી આંખ પર ફરી વળવાથી તમે તમારું કર્તવ્યપાલન કરી શકતા નથી." પ્રવીણે સીધો જવાબ આપી દીધો.

"પ્રવીણ, દીકરા ! હું આ બધું કમાઉં છું તે કોને માટે ? છેવટે તો બધું તનેજ મળશે ને ? મારો એકનો એક તું ! તારી તરફના વહાલ માટેજ હું આ બધું કરૂં છું ને ?" શેઠે લાગણીવશ થવા માંડ્યું.

"જો તમારૂં વહાલ ગરીબોનાં ગળાં રેંસી મને સુખી કરવામાં સમાતું હોય તો એ વહાલની મને પરવા નથી. એ વહાલ નથી પણ સ્વાર્થના પાયા પર રચાયેલી મારા જેવાને ભોળવવાને ઉભી કરેલી ઢગબાજીની ઇમારત છે." પ્રવીણે પિતાનો દંભ ખુલ્લો પાડ્યો.

"પ્રવીણ બેટા ! તારા પર તો મારા સુખનો આધાર છે. તને મારે માટે લેશ પણ લાગણી નથી ? શું તું મને મારી જીંદગીનાં છેલ્લાં વરસોમાં શાંતિ આપવાને બદલે આમ દુઃખી કરીશ ? તને કોઈએ ભોળવ્યો છે, તું જરૂર રસ્તો ભૂલ્યો છે; ભાઇ ! મારે ખાતર તારા આ સમાજવાદના ગાંડા વિચારોને તિલાંજલિ આપ અને તારા વૃદ્ધ પિતાને શાંતિની અંજલિ આપ." શેઠે ગળગળા થઈને કહ્યું.

"હું તમને કેવી રીતે શાંતિ આપું ? તમારા કાવાદાવા બંધ કરો તોજ તમને આપોઆપ શાંતિ મળશે. હા, મને તમારે માટે લાગણી હતી, પણ તે દિવસના તમારા મુકાદમ સાથેના દાવપેચ પછી મારી એ કોમળ લાગણીને મેં દફનાવી દીધી છે, અને જે સમાજરચના એવા કાવાદાવા કરવાની તમને ફરજ પાડે છે તેમાંજ ક્રાંતિ કરવાનું મેં પણ લીધું છે. એટલે હવે કોમળ અને સ્વાર્થી લાગણીના પાશમાં હું તણાઈ જઈશ, એમ આપ માનતા હો તો તમે ભૂલ કરો છો. મારે એક વ્યક્તિના સુખ પછવાડે નથી જોવાનું, પણ જનસમૂહના હિત માટે કામ કરવાનું છે. તમારે એ રીતે સુખી થવું છે ? ગરીબોને સીતમની ચક્કીમાં પીસી તેમને જીવતા નરકમાં રહેવાની ફરજ પાડી તમને સુખમાં રહેવાની આશા છે ? અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોને દુઃખી કરી તમને સુખી થવાનો શો અધિકાર છે ? કામદારોનાં છોકરાંઓને અરધાં ભૂખે રાખી તેમને રઝળતાં કરતાં તમને જરાએ વિચાર આવે છે ? જરૂરિયાતને અંગે પગાર વધારવાની આજીજી કરતાં કામદારોને ઠોકરે મારી, મારી પાસેથી લાગણીની આશા રાખો છો ?" પ્રવીણે બને તેટલા ચાબખા માર્યા.

"બસ, બહુ થયું, હવે હું વધુ સાંભળવા નથી માગતો. તને ફાવે તેમ કર." શેઠે નિરાશ થઇને કહ્યું.

"હા, મેં મારા ભવિષ્યનો રસ્તો નક્કી કરી રાખ્યો છે. આજથી હું તમારા ઘરમાં એક ક્ષણ પણ રહેવા નથી માગતો. મૂડીવાદ સામે કામદારો પાસે બળતણ તૈયાર કરાવી મૂક્યું છે; ફક્ત ચીનગારી મૂકવાનીજ બાકી છે. કામદારોમાંજ નહિ પણ ઉગતા જુવાનિયાઓમાં અને ખાસ કરીને પૈસાદારના છોકરાઓમાં પણ એ જ્યોતિ સળગાવી તેમાં આ ક્રૂર અને અન્યાયી સમાજરચનાને સળગાવી દેવાનું કામ હું ઉપાડી લઇશ. તમારા વિચારોમાં પરિવર્તન થાય તોજ મને બોલાવજો, નહિ તો તમારી સાથેના મારા સંબંધનો આજથી અંત આવ્યો સમજજો." એટલું બોલી પ્રવીણ જુસ્સામાં ત્યાંથી નીકળી ગયો.

મુરારજી શેઠ ફાટી આંખે તેને જોઇ રહ્યા.

(તા-૨૪-૩-૧૯૩૩ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४४–कारावासना करोळीआ

(લેખકઃ–શ્રી. જિતેંદ્ર મહેતા)

રૂમાનીઆના કેદખાનામાંથી છૂટા થયા પછી કાટારૂએ સૌથી પહેલી આજ વાત કહીઃ "કમનસીબ કેદીને જકડી રાખતી લોખંડની સાંકળોનો તમને ખ્યાલ છે? અરે, શું તેનું વજન! શું એનો ભીષણ અવાજ! બરફ જેવી ઠંડી એ સાંકળોનો સાથ બંદીવાનના જીર્ણ શરીરને થથરાવી મૂકે છે! એ પચીસ શેર બરફવાળું લોઢું શરીર પર લાદવામાં આવે, એની વરમાળા ચોવીસે કલાક કેદીના ગળામાં રહે એવાં નસીબ કોનાં હોય? એક ડગલું ચાલવું હોય તો પણ આ વજન તમને થકવી નાખે છે–એ જળોની જેમ ચોંટેલો પોલાદી રાક્ષસ તમારૂં લોહી પી જાય છે, જરા છૂટ લ્યો તો તમારા શરીરને ઉઝરડા કરી મૂકે છે! તમારામાં જોરનો છાંટો રહ્યો હોય તો તે પણ આ બંધનને લઇને નીકળી જાય છે. સૂઈ રહેતાં પણ તેના વજનનો સંતાપ સતાવ્યા કરે છે, અને જરા હિલચાલ કરો તો તે કરડવા દોડે છે.

અંધારી કોટડીમાં પુરાએલા બંદીવાનને તેના આ સાથીની સુરત જોવાની તક મળતી નથી, પણ જ્યારે કેદીને જેલર પાસે ખડો કરવામાં આવે છે ત્યારે આ જાન લેતા દોસ્તના દિદાર દેખાય છે."

કાટારૂએ ફરી જણાવ્યું: "હવે તો એ લોઢાનાં બરફ જેવાં બંધનોમાંથી હું મુક્ત થયો, પરંતુ હજુ તે મારી યાદમાં જીવંત છે."

આટલું કહીને તેણે રૂમાનીઆના કારવાસની દિશા તરફ આંગળી ચીંધી, અને તેની નજર સમક્ષ એક કારમું ચિત્ર ખડું થયું! તે એ કે તેણે છોડેલી સાંકળ ફરી પાછી બીજા કોઇને ભેટી રહી હશે–તેની મુક્તિનો આનંદ આ દૃશ્ય કલ્પતાં ફરી વિષાદમાં પલટાઈ ગયો.

કાટારૂ એક ભડવીર આદમી હતો, પણ ઉપલી વાત યાદ આવતાં તે એક નાના છોકરાની જેમ રડી પડયો.........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ આવા તો અનેક કિસ્સા છે કે જે સાંભળતાં આપણાં રૂવાડાં ઉભાં થઇ જાય ! જે જુલ્મોની યાદ આપણને કલ્પનામાં પણ થથરાવી મૂકે ! બીજા બંદીવાનોની કહાણી પણ સાંભળો !......"

કાટારૂની કથની સાંભળીને એક બિરાદર સ્પીરીડોન બોલી ઉઠ્યો: "તારી સાંકળો આકરી ઘણી, પણ તેના કરતાંયે વધુ ખરાબ શિક્ષાની તને ખબર છે ?-તે પિંજર છે—આ પિંજર ઘડીઆળની પેટી જેવું છે. બંદીવાનને તેમાં ધકેલી દેવામાં આવે છે, અને ત્યાં કેદી ઉભોજ રહી શકે તેટલી જગ્યા છે; ઘડીઆળના લોલક જેટલી યે છૂટ કેદીને મળી શકતી નથી; ઘડીઆળનું લોલક તો હાલ્યા ચાલ્યા કરે છે પરંતુ કેદીને તો પિંજરામાં એમ ને એમજ ખડા રહેવું પડે છે.

"દુર્ગંધ ફેલાવતા કૉફીનના મડદાને જોવું વધારે સારૂં; પરંતુ આમ પ્રાણ હોવા છતાં, જીંદગીની ગરમી હોવા છતાં મડદાના કરતાં યે ખરાબ હાલતમાં પિંજરામાં ઉભા રહી સડવાનું કોને ગમે ?"

"આ પિંજરમાં કેદીને દસ દિવસ સુધી રાખવામાં આવે છે. ખોરાક બદલ મકાઈની ચામડા જેવી રોટી અને થોડું પાણી કેદીને આ જીવતી ઘોરનો અનુભવ લેવડાવવા માટે, જીવતો રાખવા માટે આપવામાં આવે છે—વચમાં કોઇક વાર ભૂખમરાનો સ્વાદ પણ કેદીને ચખાડવામાં આવે છે.

"ત્રણ દિન સુધી તો આ પિંજરામાં પુરાતો મનુષ્યજાનવર જેમ તેમ વખત વીતાવે છે, પરંતુ તેટલા વખત પછી તેના પગ ઉપર સોજા થવા માંડે છે, ધીરે ધીરે આ સોજા પગથી ચડીને આખા શરીરે પહોંચવા લાગી જાય છે. એ સોજા પછી બંદીવાનને તેની સાંકળ કરડવા માંડે છે, ચામડીને ખાવા દોડે છે. દિવસનું અવસાન થાય અને પછી કેદી થાકીને પડી જવા જેવો થઈ જાય, તેનું માથું પડદાની જેમ નીચું ઢળી પડે...અને એ સ્થિતિમાં જો તે બાપડો જેલરથી દેખાઇ જાય, પકડાઇ જાય તો ખલાસ ! તેના બાર વાગી જાય છે. એ કેદીને બીજા વધુ દશ દિવસ પિંજરમાં ગાળવાનું ફરમાન બહાર પડે છે."

સ્પીરીડોન પોતાના અનુભવની આ વાત કહેતો હતો. આ હકીકત કાંઈ બનાવી કાઢવામાં આવી નથી, પણ આજના સુધરેલા જમાનામાં આ કિસ્સાઓ બને છે.

જોન નામના એક શખ્સે તેના મિત્રને મળેલ સજાની કહાણી સંભળાવવી શરૂ કરી:

"ઘેરલાની સજા શું એ તમે જાણો છો ? ઘેરલા એટલે ખડક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં ખોદી કાઢેલું એક બાકું ! એ બાકામાં તમને પૂરવામાં આવ્યા હોય અને તમે જરાક ઉભા થવા જાવ તો તમારૂં માથું ટીચાઇ જાય છે. મારા દોસ્ત પર આવી સજા ફરમાવામાં આવી હતી. એ બાકામાં બંદીવાન બરોબર પેસી જાય છે કે નહિ તે માટે જેલના અફસરો ખાસ કાળજી લે છે. અને એક પ્રાણીને લોઢાની કોશથી અંદર બાકામાં ધકેલી દેવામાં આવે તેવીજ હાલત કેદીની થાય છે. એ બાકામાં એક કેદી પેઠો એટલે તે સાવ પુરાઈ જાય છે એટલું તે નાનું હોય છે.

"આ બાકામાં કેદીને ગુન્હા પ્રમાણે ત્રણથી બાર માસ સુધી-ની પુરાવાની સજા મળે છે. અહીં રોટીના ટુકડા ગમે ત્યારે ફેંકી દેવામાં આવે છે અને પાણીનું ખાબોચિયું કરી જાય છે. એમાંથી વાસ મારતું પાણી કેદીને પીવું પડે છે."

જોનના પોતા પરજ આ બધી વીતી હતી તેથી આ શબ્દો તેના દિલમાંથી નીકળતા હતા.

તેણે આગળ ચલાવ્યું: "જ્યારે હું આ સજામાંથી મુક્ત થઈ બહાર આવ્યો અને મારી સુરતને પહેલીજ વાર આરસીમાં નિહાળી ત્યારે કંપારી છૂટી ગઈ! આ તે મારી પોતાની પ્રતિમા હતી કે કોઇ બુઢ્ઢા ખખ આદમીની ?"

ઉપર જણાવેલ પિંજરની સજા તેમજ બાકાની કેદ જીવલેણ ક્ષયરોગનાં દાન આપે છે. રૂમાનીઆના રાજદ્વારી કેદીઓને સાન-માં લાવવા માટે આવી સજાઓ શોધી કાઢવામાં આવે છે.

"ગા લાટા નામની રૂમાનીઆની જેલમાં "ટાઈફસ એકઝેન્થે-મેટીકસ" નામના ઝેરી રોગનાં જંતુઓને બરોબર જીવાડવામાં આવે છે. અહીંના ખૂણેખૂણામાં, પથ્થરે પથ્થરમાં આ રોગનાં અસંખ્ય જંતુઓ પોતાના શિકાર માટે તલસી રહેલાં હોય છે. જેના ભોગ લાગ્યા તેને અહીં પુરાવાની સજા મળે છે. કેદીમાં થોડું ઘણું લોહી રહ્યું હોય તેને ચૂસી ચૂસીને, પી પીને, આ દર્દનાં જંતુઓ જાડાં બને છે, તૃપ્ત થાય છે, માનવરક્તની તે મિજબાની ઉડાવે છે. સીમીઓન નામના આદમીને આ કારાગૃહમાં રૂંધી નાખવામાં આવ્યો હતો. એ અંદર નંખાયો કે તરતજ તેના શરીર પર આ જંતુઓએ હલ્લો કર્યો, અને તે બધાં તેના શરીરને સર કરવા માંડયાં. લાંબા વર્તમાનપત્રનાં પાનાં પર જેમ કાળા અક્ષરો પડવા માંડે અને પાનું તેનાથી ચીકાર થઈ જાય, તેવી જ રીતે આ જંતુઓ સીમીઓનની ચામડી પર અક્ષર પાડવા લાગ્યાં ! કેટલાયે દિવસ સુધી આ સીમી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓન બેશુદ્ધ પડી રહ્યો! સવારથી તે રાત સુધી આ કમનસીબ કેદી સન્નિપાતમાં કાંઇકિ ને કાંઇક બબડયાજ કરતો!

જ્યારે ડૉક્ટરોએ તેને તપાસ્યો ત્યારે તેઓએ મોં બગાડી જવાબ આપ્યો કે "એને કાંઇ થયું નથી, માત્ર પેટનો એ વલોપાત છે" અને ડૉક્ટરે તેને રેચની દવા આપી!

જે કેદીએ સીમીઓન સાથેજ કેદ ભોગવી હતી તે આ બધી હકીકત અનુતાપથી જણાવતો હતો. તેણે બોલવાનું જારી રાખ્યું:

"અમારામાંથી એક જણાએ વૉર્ડરને જણાવ્યું કે સીમીઓનને સ્નાન કરાવવા માટે તજવીજ થાય એમ છે કે નહિ?"

'આ વાત સાંભળી વૉર્ડરનો પિત્તો ઉછળી પડયો: "નાહવા-ધોવાની ભલામણ કરનારા તમે કોણ? આવું પૂછતાં શરમાતા નથી? અહીં તો આ એક હજાર ને એક કેદીઓ આવી ગયા, વર્ષો સુધી તેઓને પૂરી રાખવામાં આવેલા છે, અને નાહવા માટે એક પાણીનું ટીપું પણ તેઓ પાછળ વેડફવામાં આવ્યું નથી, તો પછી સીમીઓન શું કાંઇ નવાઇનો કેદી છે?"

"સીમીઓનનું શરીર આસપાસની અમારી કોટડીમાં દુર્ગંધ ફેલાવી રહ્યું હતું, તેમાં જાલીમ સડો શરૂ થઈ ગયો હતો, તેનું માંસ અનેક પ્રકારના ગંદા કીડાથી ખદબદતું હતું!......પણ એક દિવસ એવો આવ્યો કે એ શરીરના ખોળીઆમાંથી પ્રાણ ઉડી ગયો! સીમીઓન ગુજરી ગયો!

"સીમીઓનને ઝેરી રોગ લાગુ પડયો છે, એવી ખબર જેલરને પડી ચુકી હતી તેથી તેના મૃત દેહને દફનાવવાનું અમારે કેદીઓના શિરે આવી પડયું! જેલર સાહેબ કે વૉર્ડર સાહેબ જો તેની તરફ નિગાહ નાખે તોપણ તેઓની આંખને જંતુઓ જોવા માંડે તો? એ દફનક્રિયા પછી મારા સિવાયના બધાને એ ચેપ ચોંટી ગયો! મને ખૂબ દારૂ પાવામાં આવ્યો હતો, જેથી હું દફનાવવામાં આંચકો ખાઉં નહિ. પણ આ દારૂએ મને તે ચેપમાંથી ઉગાર્યો!

"વાસીલી, ફીડોર, વાસની–બધાને સન્નેપાત લાગી ગયો હતો. પણ જેલના સત્તાવાળાઓને તે સાથે શું નિસ્બત હોય! એ કારા-વાસના કરોળીઆ તો તેઓની જાળ પાથરી કોઇ શિકારની તલાસમાં બેસી રહ્યા હતા.

"ત્રણ દિન સુધી આ મનુષ્યોનો બકવાદ ચાલુ રહ્યો! આખરે તેઓ પણ માટી ભેગા થઇ ગયા!...

"છેવટે આ રોગચાળાની બધી ખબર પડી ગઇ. રૂમાનીઆની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી જેલોનો વડો કૉન્સ્ટેનટીન સેરનાટનો ગેલેટા કારાવાસમાં તાર આવ્યો. તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે, ગેલેટા જેલના કોઇ પણ કેદીને તેની જમીનને સાફ કરવા ના મોકલવો. રખેને તેની જગ્યા ચેપી બની જાય તો !

"અમે કેદીઓ પણ હવે તો કંટાળી ગયા હતા. એટલે અમોએ અપવાસ આદર્યાં. ૮૦ જણા એકસાથે અપવાસ કરવા લાગ્યા ! આની અસર થઈ ! અમને જેલના મેદાનમાં હરવા ફરવાની છૂટ મળી ! સરકારી છાપાં વાંચવા માટે અમને મળવા લાગ્યાં !

" પછી પહેલી મેનો દિન આવી લાગ્યો. આ શુભ દિન કયા શ્રમજીવીના દિલમાં નવી ચેતના નથી લાવતો ! અંધારી દિવાલોમાં રૂંધાઇ રહેલા બંદીવાનોની આંખ જંજીરોમાં જકડાયા છતાં આ દિને ઝળહળતી હતી ! કેદીઓના દિદાર આજે તો પલટાઇ ગયા હતા ! આ શો જાદુ ! વૉર્ડર અને જેલર બધાજ આ જોમ જોઇ ઝંખવાણા પડી ગયા !

"આવી યાદગીરી પરજ બંદીવાનો પોતાના જીવને શરીર સાથે માંડ માંડ સાચવી રાખતા હતા, એ યાદમાં ભાવિના ભણકારા સંભળાતા હતા .....

" પહેલી મેના દિવસનું અવસાન થતું હતું. ફરી પાછા બધા કેદીઓ તેમના નસીબને શરણ થયા, અને અંધારી દિવાલો ભણી મીટ માંડી રહ્યા !"*

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

* સૂચિત.

ક઼. ૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫—પાંચ રૂપિયાનો ચોર

(લેખકઃ—શ્રી. ઇશ્વરલાલ જોશી)

(૧)

એક શહેરની ઘીચ ગલીમાં એક નાનીશી ગલી હતી. તેમાંયે એક અંધારી ખૂણ હતી. તેના એક ગંદા ખાંચામાં જ્યાં અજવાળાં જેવી કોઇ વસ્તુ નહોતી તેનુંયે ભોંયતળિયું એટલે મોતને ભેટવાનું સ્થાન. ભેજ તો એટલો કે થોડો સમય ઉભાં રહેતાં શરદી લાગુ થઇ જાય. ખરે બપોરે પણ સામેથી આવતું માણસ ન દેખાય એવી નાની કોટડીમાં કેશવ પોતાના કુટુંબ સાથે રહેતો હતો. તેને એક સ્ત્રી, દશેક વર્ષની એક છોકરી અને ત્રણ વર્ષનો છોકરો છે. સૂવાની પીડા હતી. બધાં સાથે સૂતાં હતાં.

કેશવ નોકરીએ હતો. એકાએક નોકરીપરથી રજા મળતાં તે બેકાર થઇ પડ્યો; પછી છૂટક મજૂરીએ જતો. જે કંઇ કમાતો તેનો મોટો ભાગ તાડીમાં વાપરતો. બે ચાર આના ઘેર લાવતો, સ્ત્રી કરકસરથી નિભાવતી.

મંદીના જુવાળમાં કેશવને મજૂરી મળતી પણ બંધ થઈ. તાડીનું વ્યસન વધતું ચાલ્યું. આવક બંધ, ખરચ ચાલુ રહ્યો. એક દિવસ મજૂરી મળતી તો ૬-૮ દિવસ નહિ. મકાનભાડા માટે ભૈયાના જુલ્મનો ભોગ કેશવ અનેક વાર થઇ પડ્યો હતો, બે ત્રણ વાર ભૈયાએ તેની ખોલી ઉપર તાળાં પણ વાસ્યાં હતાં; પરંતુ આડોશીપાડોશી, સગાંવહાલાં વચ્ચે પડવાથી તાળાં ઉઘડ્યાં હતાં. હવે તો બધાં કેશવની ગરીબાઇથી કંટાળ્યાં હતાં.

આજ ત્રણ ત્રણ દિવસથી કેશવને મજૂરી મળી નહોતી. ઘેર જાય તો તેની સ્ત્રી પૈસા માગે, એ ભયે તે ઘેરજ ગયો નહિ. પેટને કંઇ વાયદો થાય! કેશવની વહુને ત્રણ દિવસથી કડાકા હતા. બન્ને બાળકોની પણ કરુણ દશા હતી. કાશી આજુબાજુના ઉંચા ઘરમાં એંઠવાડ કરતી, એંઠુંજુઠું લાવતી, જરા જરા વહેંચી લઈ દેહને નિભાવતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશીની બા દળણાં દળતી. લાકડાં, છાણાં વીણી માંડ માંડ પેટનું પોષણ કરતાં આજ ત્રણ દિવસથી ત્રણેનો દિવસ વાંકો બેઠો હતો. જેમ કેશવને મજૂરી નહોતી મળતી, તેમ કાશીને વાસણ માંજવાની નોકરી હતી તે પણ ૮ દિવસથી છૂટી ગઇ હતી. કાશીની બાને કોઇ છાણ લેવા દેતું નહોતું. કદાચ છાણ મેળવતી તો કોઇ તેને પોતાની જગ્યામાં છાણાં થાપવા દેતું નહિ. આમ આફતો ચારે બાજુથી સાથે આવી ચઢી હતી.

(૨)

કેશવનું વ્યસન વધ્યું. તેના મવાલી દોસ્તો તેના નિશાનો લાભ લઇ તેનાં ગજવાં હલકાં કરતા. તે કેટલીક વાર રાત્રે વેશ્યાને ત્યાં કે પીઠામાં પડી રહેતો; પણ લાગલગાટ ત્રણ દિવસથી ઘેર નહિ આવ્યો હોવાથી તેની સ્ત્રીને ઘણી ચિંતા થતી હતી. ઘરમાં અનાજનો એક પણ દાણો રહ્યો નહોતો. નાનાં બચ્ચાંઓનું રોટલી માટેનું કરુણ રુદન જોનારની આંખમાં અશ્રુ લાવે એવું હતું, પતિની તો વરસાદ માફક રાહ જોતી બેઠી હતી. ક્યારે આવે અને બાળકો રોટલા ભેગાં થાય.

પૈસા વગર શું મોં લઇ ઘેર જવું, એ કેશવની મૂંઝવણ હતી. મજૂરીના સર્વ પ્રયાસ નિષ્ફળ ગયા. શ્રીમંતોને ત્યાં ધક્કા ખાધા, ભૈયાનાં અપમાનો સહ્યાં, તિરસ્કાર સહ્યા, સ્વાભિમાનને ઉંચું મૂકી કાકલુદીઓ કરવા છતાં કોઇ ઉદારાત્મા ગણાતો શ્રીમંત, ગરીબ બેકાર કેશવને મદદ કરનાર નીવડયો નહિ. કેશવને ક્રોધ વ્યાપ્યો; પણ શું કરે ? ભૂખનું દુઃખ, નીતિ, અનીતિ, પાપપુણ્યની મર્યાદા પૂલને તોડી નાખતું હતું. રોટીનો પ્રશ્ન એવો છે કે રોટી મળે તોજ શાંતિ વળે.

ભૂખમરા અને બેકારીનો ભોગ થયેલો કેશવ શ્રીમંતોને ત્યાં રેલાતી લક્ષ્મી જોઇ અંજાઇ ગયો હતો. તેનાં બચ્ચાંને ટુકડો રોટલો મળતો નથી, ત્યારે શ્રીમંતોનાં બચ્ચાં માટે જાતજાતનાં પકવાન્ન-ફ્રૂટ હાજર રહે છે. નસીબ પર થીગડું મારવા જોઇએ, પણ પેટને કાંઈ થીગડું મરાય છે ?

છેવટ કેશવ ફૂટપાયરી ઉપર ભીખ માગવા બેઠો. જે ને તે એનું અપમાન કરવા લાગ્યા. 'ભીખ માગતાં શરમ નથી આવતી ? મજૂરીએ જા' આવો ઉપદેશ આપનારા તેને ઘણા મળતા; પણ કોઈ એને મજૂરી આપનાર ન મળ્યો. ભીખના હલકા હલકા ધંધામાં પણ તેને આખા દિવસમાં કંઇ ન મળ્યું. જેમ જેમ વખત ગયો, તેમ તેમ તેની ભૂખ વધવા લાગી. આંખે અંધારાં આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે શું કરવું ? મારી આ સ્થિતિ તો મારાં બાળબચ્ચાંની શી સ્થિતિ હશે ? એ યાદ આવતાં તેને કંપારી છૂટી.

(૩)

એક મુસ્લીમ જુવાને એની મજાક કરતાં પૂછ્યું: "ક્યું દોસ્ત ! ક્યા વિચારમેં હય ?' દુષ્ટ તેવી સૃષ્ટિને નિહાળનાર આ મિયાંભાઈએ પોતાના જેવો કેશવને ધારી લીધો. તે એક અઠંગ ચોર હતો. જેલની મહેમાની પણ તેણે અનેક વાર ચાખી હતી. કેશવે સત્ય હકીકત તેને જણાવી. 'કિસ્મત કિસ્મત ક્યા કરતા હય, ચલ મેરી સાથ. તેરી ભૂખ મીટા દુંગા' કહી તેણે રાત્રે ચોરી કરવામાં મદદ કરવા કેશવને કહ્યું. કેશવનો આત્મા ડંખ્યો. મરવું સારૂં પણ ચોરી ન થાય. મુસ્લીમ મિત્રે જણાવ્યું કે પાપ, પુણ્ય, નીતિ, અનીતિ જેવી કોઈ વસ્તુજ નથી. રોટી મળે તે માર્ગે જવામાં કાંઈ વાંધો નહિ. સુખી માણસો માટે પાપપુણ્ય, નીતિ–અનીતિ અનામત રાખવી. ભૂખને લીધે જીવનો નાશ થાય એના કરતાં ચોરી કરીને જીવ બચાવવાનું ઠીક લાગ્યું. તે સંમત થયો.

રાત્રે મુસ્લીમ મિત્ર એક શ્રીમંતના બંગલામાં કેશવને લઇ ગયો. એક બારીમાંથી અંદર જોયું. બધાં ઘસઘસાટ ઉંઘતાં હતાં. સહેલાઇથી કામ થાય તેવો સંજોગ હતો. બીજી નજીકની જગ્યાએથી ગટરની પાઇપ ઉપર ચઢી બીજા માળે સાવચેતીથી કામ કરવાનું હતું. તે કામ મુસ્લીમ મિત્રે માથે લઈ નીચેના કામ માટે કેશવને મોકલ્યો.

કેશવ દુખાતે દિલે ગયો. તેણે જીંદગીમાં કદી ચોરી કરી નહોતી. આ પાપ કેમ થાય તેજ ભણકાર તેના દિલમાં ગુંજી રહ્યા હતા. ભૂખ્યો માણસ ગમે તે પાપ માટે પ્રેરાય છે. કેશવે કબાટ તોડ્યું. નોટોનો ચોડો અને ઘરેણાં જોયાં, મારે આ બધાને શું કરવું છે ? મારાં બૈરાંછોકરાંના જાન બચાવવા પૂરતા રૂા. પાંચ બસ. નોટોના બંડલમાંથી રૂા. પાંચની એક નોટ લીધી. મારા કુટુંબને દશ પંદર દિવસ રોટલો મળશે. પછી તો કંઇ કામકાજ મળી રહેશે એમ તેણે ધાર્યું. કળ તોડી હોવાથી કબાટ બંધ થાય એમ નહોતું. કોઇ બીજો ચોર આ બધું ચોરી જશે તો ? આ શ્રીમંત કુટુંબની પણ મારા જેવી હાલત થશે. છેવટ સૂતેલી શેઠાણીને ઉઠાડી બધું ઠેકાણે મૂકવાનું કહેવા મનસુબો કર્યો. 'પણ કદાચ મને પકડી લે તો' એ વિચારે તે થંભ્યો. ના, ના, મેં ક્યાં બધી ચોરી કરી છે ? મેં તો માત્ર રોટી ખાતર હજારોની મતામાંથી ફક્ત પાંચજ રૂપીઆ લીધા છે. ખરી વાત કહેતાં તે મને છોડી દેશે, શ્રીમંતોનાં દિલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાર હોય છે. પાંચ રૂપિયા માટે હેરાન નહિ કરે. પુરુષ કરતાં સ્ત્રીનું હૃદય કોમળ હોય છે. એમ ધારી તેણે શેઠાણીને ઉઠાડવું પસંદ કર્યું.

"બહેન ! ઓ બહેન !' માત્ર શેઠાણી સાંભળે તેવા ધીમા સાદે તેણે બૂમ મારી. બહેનનો પગ જરાક હલાવ્યો. શેઠાણી ચમકીને ગભરાઈ ઉઠી. કેશવે કહ્યું:

'બહેન ! ગભરાશો નહિ. હું ચોર કે ખૂની નથી. હું એક ગરીબ છું. મારાં બાળબચ્ચાં રોટલા વિના ટળવળે છે. તે માટે તમારા કબાટમાંથી માત્ર રૂ. પાંચ લીધા છે. બીજું કિંમતી ઝવેરાત વગેરે બીજું કોઇ ન લઇ જાય તે માટે તમે તેને ઠેકાણે મૂકો, મેં કળ તોડી હોવાથી કબાટ બંધ થતું નથી."

આવો લાગણીવાળો ચોર જોઇ શેઠાણી આશ્ચર્યચકિત થઇ. કેશવને ચોર તરીકે શેઠાણીએ જાણ્યો છતાં તેનાં ભોળાં વાક્યોથી શેઠાણીને ભય ઉપજ્યો નહિ, નહિ તો શેઠાણી એબાકળી બની તરતજ ચીસ પાડી મૂકત. કેશવનો નિર્દોષ ચહેરો શેઠાણીને પોતાના ભાઇ જેવો લાગ્યો. સત્ય કહેવાની હિંમત, ગુન્હાની કબુલાત અને બાકીની મિલ્કત સાચવવાની સલાહથી શેઠાણીના મન ઉપર કેશવ માટે સારી છાપ પડી. હજારો રૂપીઆની મતામાંથી માત્ર રૂા. પાંચ ખપપૂરતા સ્ત્રીબાળકના પ્રાણ બચાવવા કેશવે લીધા તેથી શેઠાણીના મનમાં તેને માટે વિશેષ માન ઉપજ્યું.

"ભાઇ ! થોડા બીજા આપું ? હવે ચોરી ન કરતો. જરૂર પડે તો મારી પાસેથી ૫-૧૦ રૂ. લઇ જજે. ચોરી તે પાપ છે."

(૪)

આગલા આશ્વાસનના વાક્યે કેશવને સંતોષ થયો. "ચોરી ન કરતો, ચોરી પાપ છે" આ વાક્યોએ તેના હૃદયને વીંધી નાખ્યું. વધુની તેને હાલ જરૂર નહોતી. શેઠાણી સાથે તેણે પણ મદદ કરી. બીજુ ખાનું ઉઘાડી તેમાં રોકડ દાગીના મૂકવા લાગતાં ખડખડાટ થવાથી બાજુના રૂમમાં સૂતેલા શેઠ જાગી ઉઠ્યા. માસિક માંદગીને લઈ શેઠાણી ઇલાયદા રૂમમાં સૂતી હતી. પરપુરુષને મધ્યરાત્રિએ પોતાની પત્નીના ખંડમાં જોતાં-સાથે પોતાની સ્ત્રીને પણ દાગીના-રોકડાની કાઢઘાલ કરતાં જોઇને-શેઠ રાતાપીળા થઇ ગયા. તરત સમજી ગયા કે આ કારસ્તાન છે. મારી સ્ત્રી પેલા બદમાસને ઘરેણાં-રોકડ કાઢી આપે છે, એમ માની તરત બન્ને ઉપર ધસી જઇ બબ્બે ચચ્ચાર થપ્પડ મુક્કા લગાવ્યા અને બૂમરાણ મચાવી દીધું. "ચોર ! ચોર !"ની બૂમથી ભૈયા ઘાટી વગેરે બધા ધસી આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવને પકડયો. થાંભલા સાથે મજબૂત બાંધી ચાબખાના મારથી ફટકાવવા માંડયો. શેઠાણી બિચારી કહેવા ગઈ કે "એને ન મારો, એ ચોર નથી" પરંતુ તેનું કોણ સાંભળે ? શેઠ તો ખીજવાઇને બોલ્યા: "બેસ બેસ કમજાત! પરપુરુષને ઘરમાં ઘાલે છે અને પાછી તેને ન મારશો એમ કહેવાની હિંમત કરે છે ? ફટકાવો એ બદમાસને" કરી ભૈયાને કેશવને ખૂબ મારવાનો પરવાનો આપ્યો. ચાબખો તૂટી ગયો. કેશવના શરીરમાંથી લોહીની છોળો ઉડવા માંડી એટલો બે-સીતમ માર કેશવને પાંચ રૂા. લેવા માટે પડયો. શેઠાણી બિચારી આ દશ્ય જોઇ થરથરી ગઇ હતી. તેની આંખમાંથી ચોધાર આંસુ વહ્યે જતાં હતાં.

શેઠાણી કબાટમાંથી તેના યાર કેશવને આપવા દાગીના કાઢતી હતી, એ શેઠે જાતે જોયું હોવાથી તરત પોલીસ બોલાવી ફરિયાદ નોંધાવી. પોલીસે તરત કેશવને ઘરપ્રવેશ, ચોરી અને બદદયાનતના ગુનાસર કબજે કર્યો. કેશવને ખૂબ લાગ્યું. મારા ખાતર શેઠાણી ઉપર ખોટું આળ ચઢાવ્યું. તેના હૃદયને આઘાત થયો. તેનો સાગ-રીદ "ચોર ચોર!" ની બૂમ સાંભળી તરતજ પલાયન થઈ ગયો હતો.

કેશવને પડેલ બેસીતમ મારની નોંધ પોલીસે સ્ટેટમેન્ટમાં નોંધી નહિ. કેસને મજબૂત કરવા પાંચસોની નોટ અને એક હજાર રૂા. ના દાગીના કેશવના અંગ ઉપરથી મળ્યાની ખોટી નોંધ પોલીસે સ્ટેટમેન્ટમાં લીધી. ગરીબ બિચારો કેશવ ! ખરૂં કહે તોપણ તેને સાંભળવાની કોને દરકાર હતી ?

મેજિસ્ટ્રેટ સમક્ષ કેશવે કહ્યું કે રૂા. પાંચજ લીધા હતા. મારાં બાલબચ્ચાંના જીવ બચાવવા ખાતર મને તે લેવાની ફરજ પડી હતી. આજકાલ ન્યાય શ્રીમંતોની તરફજ ઢળે છે, તેમ આ કેસમાં પણ બન્યું. મેજીસ્ટ્રેટે લખ્યું કે માત્ર રૂા. પાંચ ખાતર આવું ભયાનક સાહસ કોઇ પણ કરે નહિ. માટે પોલીસે જે સ્ટેટમેંટ રજુ કર્યું છે તે ખરૂં છે. તેને ૬ માસની સખ્ત કેદની સજા થઇ. શેઠ ખુશી થયા. શેઠાણીને ઘણું દુઃખ થયું. શેઠ, વારંવાર બસો પાંચસોની સખાવત કરતાં તેથી શેઠાણી શેઠને સખાવતી સદ્‌ગુણસંપન્ન ઉદાર માનતા; પરંતુ કેશવના બનાવથી શેઠનું મન શેઠાણી ઉપરથી ઉઠી ગયું હતું. ખરા ખોટાનો નિર્ણય કરવાની તસ્દી લીધા વિના નિર્દોષને ફસાવવામાંજ શું શ્રીમંતોની શક્તિ પરિપૂર્ણ થતી હશે ? શેઠ છેવટ સમજ્યા કે શેઠાણી નિર્દોષ છે. કેશવ પણ માત્ર રૂા. પાંચ લેવા આવ્યો હતો. એમ શેઠ પોતાના મનને મનાવતા, પણ પાછો એક વિચાર આવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે મેં નજરે જોયું તે શું ખોટું ? જો કેશવને રૂ. પાંચજ જોઇતા હોત તો મારી પાસે સવારે આવવું હતું. આટલી મોટી સખાવતો હું કરૂં છું તો શું હું એને રૂ. પાંચ ન આપત ? મધરાત્રે યુવાન શેઠાણીના રૂમમાં દાખલ થવા યુવાન કેશવ પ્રેરાયો તેમાં નક્કી નીચ હેતુ હોવોજ જોઇએ. પણ ચોર હોય તો બધું લઇને નાસી જાય; વાતચીત કરે, શેઠાણી રૂ. ઘરેણાં કાઢે એ બધું શું ? શેઠાણી ઝવેરાત લઇ યુવાન કેશવ સાથે નાસી જવાની તૈયારી તો નહિ કરતી હોય ? ના ના, શેઠાણી એવી તો નથી. પણ ભર્તૃહરિની પિંગળા જેવી રાણી બદચાલની નીકળી તો બીજીની શી વાત ? સ્ત્રીજાતનો તે વળી ભરોસો શો ? ગમે તે હોય પણ હવે શેઠાણી વિશ્વાસ મૂકવા લાયક માણસ નથી એમ શેઠે ગાંઠ વાળી. કાયમ માટે શેઠે સૂવાનો રૂમ બદલ્યો. કિંમતી ફરનીચર શેઠના દિવાનખાનામાં ખસેડાયું. શેઠાણીની સ્થિતિ કેદી જેવી થઇ પડી. નોકરો તેની ચાલચલગત તપાસનારા ઇન્સ્પેકટરો થઇ ગયા. જ્યાં વહેમ ત્યાં વિનાશ નક્કી છે.

(૫)

કેશવ જેલમાંથી છૂટીને આવ્યો છે. પણ જેને માટે તે ચોરી કરવા તૈયાર થયો તેઓ જીવનને સલામ કરી ચાલી ગયાં છે.

વખત જતાં શેઠાણી પણ આ વાતને વિસરી ગયાં.

(તા. ૨૪–૯–૧૯૩૩ ના "પ્રજામિત્ર કેસરી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬—દુદો ભગત

(લેખકઃ—શ્રી. ગજાનન ભટ્ટ)

દુદા ભગતના ફળીમાં એક મજાની લીમડી હતી. કેળના સ્થંભ જેવું તેનું સુંદર સીધું થડ, આંબા જેવી તેની ગોળમટોળ ઘટા અને લીલો કાંચન જેવો તેનો રંગ. દુદો ભગત તેને પાણી પાય અને તેમનાં વહુ સવારમાં તેનાં ખરેલાં પાન વાળીઝૂડી સ્વચ્છ રાખે. કોઇને ઝાડની ડાંખળી સરખી પણ તોડવા ન દે. તેમને મન એ લીમડી તો એકની એક દિકરી કરતાં પણ વધારે વહાલી હતી. તેમને કાંઇ સંતાન ન હતું, એટલે તેમનો કુદરતી પ્રેમ આ લીમડી ઉપરજ ઢળ્યો હતો.

એક વખત ગામના પાનાચંદ શેઠે જાવે વેપાર કરવા માટે જવા વિચાર કર્યો. દુદા ભગત ઉપર એમને બહુજ વિશ્વાસ હતો, એટલે તેમને સાથે આવવા આગ્રહ કર્યો. શેઠે ભગતની સ્ત્રીને સમજાવ્યું કે 'બાર મહિનામાં તો વેપાર કરી પાછા ફરીશું. અને કમાણી એટલી બધી થશે કે દુદા ભગતને પછી ઘડપણમાં કામકાજ કરવાની જરૂર નહિ રહે. વળી રસ્તામાં મોટાંમોટાં તીર્થ થશે એ જુદું. તમારે માટે અહીં ખાવાપીવા ને પૈસાટકાની ગોઠવણ હું બરોબર કરતો જઇશ, એટલે તમને કાંઈ હરકત નહિ આવે.'

દુદા ભગતે શેઠની સાથે જાવે જવાનું નક્કી કર્યું. થોડા દિવસમાં ચાળીસ પચાસ માણસનો કાફલો જાવા તરફ ઉપડયો. આખું ગામ વળાવવા ગયું. સૌએ જાતજાતની ભલામણો કરી. દુદા ભગતે પણ પોતાની સ્ત્રીને લીમડી બરાબર સાચવવાની ભલામણ કરી. લીમડી ઉપર છેલ્લી મીઠી નજર ઢાલવી ભગતે દરિયાનો રસ્તો લીધો.

વહાણના સઢમાં પવન ભરાયો અને સરેરાટ કરતું વહાણ પાણી વિંધતું આગળ ચાલ્યું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ એમ દિવસો જવા લાગ્યા. નીચે પાણી અને ઉંચે આભ સિવાય કાંઈ દેખાતું નથી. વેપારના વિચારમાં સૌ આનંદમાં રહે છે. ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંદરમા દિવસની અંધારી મધરાતે વહાણ એક ખરાબામાં ભરાઈ ગયું. શું થયું છે તે વાત રાતના અંધારામાં તો બરાબર સમજાઇ નહિ, પણ સવાર થતાં સૌએ જોયું તો બે ઉંચા કરાડ પર્વતોની વચ્ચે આવેલી દરિયાની એક ગાળીમાં વહાણ પેસી ગયું હતું. પવન સાવ પડી ગયો હતો અને વહાણ એવું તો સજ્જડ ભરાઇ ગયું હતું કે ખલાસીઓના ઘણા ઘણા પ્રયત્ન છતાં તે ત્યાંથી નીકળી શક્યું નહિ. બધા મુસાફરો બહુજ ચિંતામાં પડયા. જાવે જઇને ધન કમાવાના વિચાર તો બધા ઉડી ગયા અને પર્વતની ગાળીમાં ભૂખમરો અને મોત નજરે દેખાવા લાગ્યાં. પોતે કેવે ઠેકાણે આવી ચડયા છે ને એ ઉંચા પર્વતો ઉપર તથા તેમની પાછળ શું છે તેની પણ કોઇને ખબર ન હતી. તેમની સાથે કાફલામાં એક ઘરડો ખલાસી હતો. તેણે જાવાની ઘણી મુસાફરીઓ કરી હતી. તેને પૂછી જોતાં તે બોલ્યો કે મારા દાદા એક વખત વાત કરતા હતા તે જગ્યા મને તો આ લાગે છે. તેમનું વહાણ પણ કોઇ આવીજ ગાળીમાં ભરાઇ ગયું હતું. તેમણે કરેલું ગાળીનું વર્ણન જેમ જેમ યાદ કરૂં છું, તેમ તેમ મને એમજ લાગે છે કે આ ગાળી તે એજ હોવી જોઇએ.'

'તો એમણે ગાળીમાંથી વહાણ કેવી રીતે બહાર કાઢ્યું હતું?' પાનાચંદ શેઠે અધીરા થઇને પૂછ્યું.

'તે કામ બહુજ કઠણ છે. હું નથી ધારતો કે આપણામાંથી તે કોઈ કરી શકે.' ખલાસીએ જવાબ દીધો.

'પણ કહો તો ખરા, જો વહાણ બચતું હોય તો અમે ગમે તે કરવા તૈયાર છીએ.' બધા મુસાફરો એકીસાથે બોલી ઉઠયા.

'તો સાંભળો. આ પર્વતની ટોચ ઉપર એક મંદિર છે અને તેમાં એક મોટું નગારૂં છે. આપણામાંથી કોઇએ પર્વત પર જઇને જોરથી એ નગારૂં વગાડવું. એટલે પર્વત ઉપર રહેતાં ગરુડ પક્ષીનાં ટોળાં જોસથી ઉડશે, અને તેથી આ ગાળીમાં એટલો બધો પવન ફુંકાશે કે તેને જોરે વહાણ ગાળીમાંથી બહાર નીકળી જશે. જેવું વહાણ ગાળીમાંથી બહાર નીકળે કે તરત ભરદરિયા ઉપર વેગથી હંકારી મૂકવું જોઇએ; નહિતર ગરુડનાં ટોળાં તેના ઉપર તૂટી પડી તેના સઢ ફાડી નાખશે અને તેને ડૂબાડી દેશે. બોલો, હવે ઉપર જઇ નગારૂં વગાડવા કોણ તૈયાર છે?' ઘરડા ખલાસીએ વાત કરી.

કોઈ કાંઈ બોલ્યું નહિ. પર્વત ઉપર જઇ નગારૂં વગાડવાનો તો કોઇને વાંધો ન હતો, પણ પવન ભરાઇ વહાણ ચાલ્યું જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પોતાનું પર્વત ઉપર શું થાય, તે જ વિચાર સૌને મૂંઝવતો હતો. પાનાચંદ શેઠે ઘણા જણને પર્વત ઉપર જવા સમજાવ્યા, તેમના કુટુંબને પુષ્કળ પૈસા આપવા વચન આપ્યું, પણ કોઇજ તૈયાર ન થયું. પેલો ઘરડો ખલાસી ઉપર જવા તૈયાર હતો, પણ તે જો જાય તો પછી જાવાનો રસ્તો કોણ બતાવે તે મુસ્કેલી હતી. છેવટે પાનાચંદ શેઠે દુદા ભગતને બોલાવીને કહ્યું: 'દુદા ભગત! કોઇ તૈયાર થતું નથી. આમ ને આમ અહીં બેસી રહીશું તો થોડા દિવસ પછી ખોરાક વિના બધા મરી જઇશું. તમે ઘરડા થયા છો; સંસારમાં આસક્તિ જેવું તમને બહુ નથી; ઘેર વસ્તારી પણ નથી કે તમારા વગર બધાં દુ:ખી થાય. ફક્ત તમારી સ્ત્રીના ભરણપોષણની ચિંતા છે; પણ એ કામ તો હું માથે લઉં છું. જો તમે ઉપર જઇને નગારૂં વગાડો અને અમે બચીએ તો તમને આટલા બધા જીવ ઉગાર્યાનું પુણ્ય થશે. તમે ત્યાં મંદિરમાં રહીને ભક્તિ કરશો ને થોડા દિવસ ફળફૂલથી નિભાવી લેશો ત્યાં તો હું તમારે માટે બીજું વહાણ મોકલીશ; પણ તમે અમારે બધાને ખાતર આટલું તો જરૂર કરો.' શેઠે ગળગળા થઇને કહ્યું.

દુદા ભગતે જોયું કે જો હું ઉપર જવાનું માથે નહિ લઉં તોપણ સૌની સાથે અહીં રહી મરવાનું તો છે જ; ને જો ઉપર જઇશ તો આટલાની જીંદગી બચાવ્યાનું પુણ્ય છે. આવા ઉજ્જડ પર્વત ઉપર જીવી શકાશે તેવી તો તેમને આશા જ ન હતી; તેમ, શેઠે બીજું વહાણ મોકલવાનું તથા પોતાની સ્ત્રીનું ભરણપોષણ કરવાનું વચન આપ્યું તે પર પણ તેમને શ્રદ્ધા ન હતી. છતાં આટલાં માણસ ઉગારવાને વિચારે તેમણે હા પાડી, અને બીજે દિવસે સવારમાં વહેલા દુદો ભગત પર્વત ઉપર ચડી ગયા. નીચે ખલાસીઓ લંગર ઉઠાવી, સઢ ચડાવી નગારૂં વાગ્યાની રાહ જોઈ રહ્યા.

થોડી વાર થઇ ત્યાં તો નગારાનો 'ધેં...ધેં...ધેં...ધેં...ધેં' એવો ભેરી અવાજ સંભળાયો. તેના પડછંદા પર્વતની ગાળીઓમાં ગાજ્યા અને ગરુડનાં ટોળેટોળાં જબરી મોટી પાંખો વીંઝતાં પર્વતની બખોલો અને ખીણોમાંથી ઉડયાં. ઘડીભર તો આખું આકાશ ગરુડોની પ્રચંડ પાંખોથી છવાઇ ગયું. સમુદ્રની ગાળીમાં પવનના ઝપાટા લાગવા માંડયા અને શાંત જળ ઉપર મોટાં મોજાં નાચવા લાગ્યાં. વહાણ હાલકડોલક થવા લાગ્યું. સઢ ફૂલ્યા અને એક આંચકે દુદા ભગતની જે બોલાવતું વહાણ પર્વતની ગાળીમાંથી નીકળી ગયું ને ભરદરિયા ઉપર સૂસવાટા કરતું ચાલતું થયું. માત્ર રહ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્વત ઉપર એકલા દુદા ભગત.

પવન અનુકૂળ હોવાથી શેઠ તો થોડા દિવસમાં જાવે પહોંચી ગયા અને વેપાર તથા પૈસા કમાવાની જંજાળમાં એવા તો મશગુલ થઈ ગયા કે દુદા ભગત માટે વહાણ મોકલવાનું વિસરી ગયા. અને પછી જ્યારે મોડું મોડું યાદ આવ્યું ત્યારે 'ઉજ્જડ પર્વત ઉપર જંગલી જનાવરે અથવા ગરુડોએ દુદાને ફાડી ખાધો હશે. કોઈ ત્યાં જનાર મળતું નથી; અને જનાર જો ભરાઇ જાય તો વળી એકને બદલે બે સપડાય એવું છે. ભગતની સ્ત્રીને પૈસા આપી ખુશી કરીશું. રસ્તામાં માંદા પડી મરી ગયા એમ કહીશું.' આવા આવા સ્વાર્થી વિચાર કરી શેઠે ભગતની મદદે વહાણ મોકલવાનું માંડી વાળ્યું.

ધાર્યા કરતાં વેપાર જલદી પૂરો કરી સોનું, રેશમ અને મસાલાથી વહાણ ભરી, શેઠ જાવાથી ઘેર આવી પહોંચ્યા. ગામલોકો સામા ગયા, શેઠનું સામૈયું કર્યું, બધે આનંદઆનંદ થઈ રહ્યો. માત્ર દુદા ભગતના મરણના સમાચારથી તેમની સ્ત્રીને ખૂબ ક્લેશ થયો. શેઠે તેને થોડાક પૈસા તથા ભગતના મરણની ખોટી હકીકત કહેવડાવી. ભગતનાજ બલિદાનથી પોતે સૌ બચ્યા તે વાત સ્વાર્થી વાણિયો ગળી ગયો.

આ બાજુ દુદો ભગત પર્વત ઉપર મંદિરને જ પોતાનું ઘર કરી રહેવા લાગ્યા. આખો દિવસ માળા ફેરવે અને પહાડના જંગલમાંથી ફળફૂલ વીણી લાવી પોતાનું ગુજરાન ચલાવે. દૂર ક્ષિતિજરેખા ઉપર જ્યાં સમુદ્રનાં મોજાં આકાશને મળી જતાં જણાતાં હતાં ત્યાં, શેઠ વહાણ મોકલશે તેવી આશાએ રોજ લાંબી નજર નાખી સવારસાંજ વાટ જુએ. આમ કરતાં કરતાં દિવસ, પખવાડિયાં અને મહિના પસાર થવા લાગ્યા પણ શેઠનું વહાણ આવ્યું નહિ. ભગતની આશા નિરાશામાં ફેરવાવા લાગી. આજુબાજુ પર્વતો, દૂરદૂર સમુદ્રનાં ઘેરાં પાણી, ઝાડોથી ભરેલી પર્વતની ગાળીઓ અને તેમાં ગાજતી ગરુડની પાંખો સિવાય દુદા ભગતને બીજું કાંઇ દેખાતું નહિ. ઘણી વાર કોઇ શાંત રાત્રે ભગતને પર્વતની નીચેની ગાળીમાંથી સંગીતના સૂર અથવા માણસનો કાંઈક કોલાહલ થતો હોય તેવા ભણકારા વાગતા; પણ એ તો પોતાના વિચારોના જ ભણકારા હશે એમ માની તેમણે તે દિશામાં આગળ તપાસ કરેલી નહિ; અને તપાસ કરવી હોય તોપણ પર્વતની ધારો એવી તો સીધી હતી અને જંગલ એટલું તો ઘાડું હતું કે ત્યાં જવું બહુ જ કઠણ હતું.

દરિયા ઉપર લાંબી નજર માંડી માંડી, થાકીપાકી દુદો ભગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાશ થઇ મંદિરના ઓટલા ઉપર સૂઇ ગયા હતા. ત્યાં તેમને કાને મંદિરમાંથી ઝાંઝરનો રૂમઝૂમ કરતો અવાજ આવ્યો. આવા એકાંત સ્થળમાં કોઇ અપ્સરાઓ આવી હશે માટે હાલ્યાચાલ્યા વિના પડયા રહેવું કે જેથી તેમને બરાબર જોવાય, એમ વિચારી ભગત આંખો મીંચી સૂઇ રહ્યા. ધીમેધીમે ઝાંઝરનો અવાજ વધારે પાસે ને પાસે સંભળાવા લાગ્યો, અને થોડી વારે બે સુંદર કન્યાઓ મહાદેવની પ્રદક્ષિણા ફરવા બહાર આવી. પણ ત્યાં કોઇને સૂતેલું જોઇ ચમકી ઉભી રહી.

બંનેએ થોડીક વાર તો દુદા ભગત તરફ આંગળી કરી કાંઇક ધીમેથી વાત કરી, અને પછી એક દુદા ભગત પાસે આવી એમના પગનો અંગુઠો હલાવી 'દાદા, દાદા, તમે અહીં ક્યાંથી ?' એમ બોલાવવા લાગી. આ સાંભળીને દુદા ભગતના અચંબાનો તો પાર જ ન રહ્યો. તે એકદમ બેઠા થઈ ગયા. આ અજાણ્યા સ્થળમાં આવી ખૂબસુરત બાળા પોતાને દાદા કહે, એ વાત તેમને સ્વપ્ના જેવી લાગી અને ગાંડાની માફક તેની સામે જોઈ રહ્યા.

'કાં દાદા, તમે મને ન ઓળખી ?' પેલી બાળા બોલી.

'ના રે બેન! આપ કોણ છો ?' ભગતે પૂછ્યું.

કન્યા બોલી: 'કેમ ? તમેજ મને મોટી કરી છે, મને હમેશાં પાણી પાઓ છો, મારૂં પાન સરખું પણ કોઇને ચૂંટવા દેતા નથી, ને મને ઓળખતા નથી ?'

દુદા ભગતને આ વાતમાં કાંઇ સમજણ પડી નહિ એટલે બાળાને પૂરી ઓળખાણ આપવા વિનંતિ કરી અને પોતે ત્યાં કેવી રીતે આવી ચડયા તે વાત કહી સંભળાવી.

કન્યાએ સમજણ પાડી કે 'અહીં અમારી વૃક્ષની જુદી દુનિયાજ છે. જે જે ઝાડ માનવીલોકમાં છે તે તે ઝાડ માણસરૂપે અહીં રહે છે. તમારા ફળીમાં જે લીમડી છે તેજ હું. તમારા પાડોશીને ત્યાં જે લીંબોઇ છે તે આ મારી બેનપણી. તમારે ત્યાં દરબારગઢમાં મોટો પીપળો છે તે અહીં અમારા રાજા છે. જેટલાં તમારાં ગામ તેટલાંજ અહીં અમારાં ગામ છે, અને તેમાં જેટલાં ઝાડ છે તેટલાં અમે અહીં માણસો છીએ. તમે જો ત્યાં ઝાડને કાપો તો અમને અહીં જખમ થાય, તમે જો ત્યાં ઝાડની ડાળીઓ કાપો તો અહીં અમારા હાથપગ ભાંગી જાય. તમે જો ત્યાં વૃક્ષોને પાણી ન પાઓ તો અહીં અમારી તરશ નજ છીપે, અને અમે દુઃખી થઇએ. અને જો તમે ઝાડને મૂળમાંથી કાપી નાખો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારૂં અહીં મોત થાય. તમે મને ત્યાં કેવી સારી રીતે રાખો છો! મને કોઈ દિવસ અહીં દુઃખ થતુંજ નથી.'

દુદ્દો ભગત તો આ વાત સાંભળીને ચકિતજ થઇ ગયા. પોતાની વહાલી લીમડી અહીં આમ સાચી દીકરી તરીકે મળી ગઈ તેથી એમને તો હર્ષનાં આંસુ આવી ગયાં. તે તેને માથે હાથ ફેરવવા લાગ્યા ને ઘણા વિયોગ પછી બાપદીકરી મળ્યાં હોય એમ તેમનું હેત ને વાતો ઉભરાતાં ચાલ્યાં. પછી પેલી કન્યા નીચે ખીણમાં જઇ ભગત માટે ખાવાનું લઇ આવી અને આ પ્રમાણે બંને રોજ કલાકોના કલાક મંદિરમાં મળવા લાગ્યાં. કોઇ કોઇ દહાડો ઘર યાદ આવે ત્યારે ભગત દિલગીર થતા, પણ આ કન્યા ત્યાંના ખબર આપી તેમને અશ્વાસન આપતી અને કહેતી કે, કોઇ વાર તક મળી જશે તો તમને હું ત્યાં પહોંચાડયા વિના નહિ રહું; નહિ-તર પણ તમને અહીં શું દુઃખ છે? મારી સાથે રહો છો ને આનંદ કરો છો. અને ત્યાં ગયા પછી ફરી પાછા અહીં નહિ અવાય.' આવું આશ્વાસન સાંભળી તે મન વાળતા ને બધી વાતે સુખી હતા તેથી ધીમેધીમે ઘર વિસારે પડવા લાગ્યું.

એવામાં એક દિવસ બાળા ભગતને મળવા આવી. તે દિવસે તેની ટચલી આંગળી ઉપર પાટો બાંધેલો હતો અને મોઢા ઉપર ઉદાસી હતી.

'કેમ બહેન! આ હાથે શું વાગ્યું છે? આજે કેમ ચહેરો ઉદાસ છે?' ભગતે પૂછ્યું.

'એ તો કાંઇ નહિ. આજ સહેજ મારી બાએ દાતણ કરવા માટે મારી નાની ડાંખળી કાપી, તેથી મને અહીં જખમ થયો છે, પણ મારે તમને એક ખાસ કામ સોંપવાનું છે.' તે બોલી.

'તું મને હવે જલદી ઘેર મોકલી દે. તેમને કોઇને ખબર નથી કે ડાળી કાપવાથી અહીં તને કેટલું દુઃખ થશે. ભગવાન ન કરે ને કોઇ તને કાપી નાખે તો બેટા! અહીં તને શું થાય? માટે મને હવે ઘેર મોકલવાનો ઝટ રસ્તો કર. આ જોઇને મારો જીવ તો અદ્ધર થઇ ગયો છે.' ભગતે ઉતાવળ કરી.

'હું પણ તમને ઘેર મોકલવા માટેજ અહીં આવી છું. વાત એમ છે કે તમારા રાજા બહુજ માંદા છે. તે મરી જશે અને તેમના અગ્નિસંસ્કારમાં પીપળાનાં લાકડાં જોઇશે. તે માટે ત્યાંના લોકો દરબારગઢનો પીપળો કાપવા વિચાર કરે છે, અને જો તેઓ એ પીપળો પાડી નાખે તો અહીં અમારા રાજાનું મૃત્યુ થાય. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકીકતથી અમારે ત્યાં બધે ઉચાટ ફેલાઇ રહ્યો છે ને સૌ વિચાર કરે છે કે શું કરવાથી રાજા બચે. મને લાગે છે કે તમે ત્યાં જાઓ અને ગમે તેમ કરી સૌને સમજાવી એ પીપળો પાડતા અટકાવો; જો તમે આટલું કરો તો અમારા રાજાની જીંદગી બચે. મેં મારા રાજાને આ ઉપાય બતાવ્યો છે. તેઓ બહુજ ખુશ થયા છે ને અમારા મંત્રબળથી તમને કાલે સવારે ત્યાં પહોંચાડવા વિચાર કરે છે. તમારાથી જુદા પડવું તો મને નથી ગમતું, પણ અમારા રાજા ખાતર એટલું દુઃખ સહન કરવા હું તૈયાર છું.' કન્યાએ બધી વાત માંડીને કરી અને ભગતે હા પાડી.

અહીં દુદા ભગતની સ્ત્રી વૈધવ્યમાં દુઃખના દહાડા કાઢે છે. પાનાચંદ શેઠે જે થોડા ઘણા પૈસા આપ્યા હતા તે તો ભગતની ઉત્તરક્રિયામાં ખર્ચાઇ ગયા હતા, એટલે ભગતનાં વહુ આડોશી-પાડોશીનાં વૈતરાં કરી બે પૈસા કમાઇ પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. એક દિવસ સવારે વહેલાં ઉઠી ભગતનાં સ્ત્રી જુએ તો ફળીમાં લીમડી નીચે ખાટલામાં કોઇને સૂતેલું જોયું. પાસે જઇને જુએ ત્યાં તો તેણે ભગતને ઘસઘસાટ ઉંઘતા જોયા! પ્રથમ તો તેને બીક લાગી, પણ પછી હિંમત લાવી સાદ પાડ્યો ત્યાં તો ભગત બેઠા થયા; તેમણે પોતાની સ્ત્રીને બધી વાત પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવી અને આશ્વાસન આપ્યું.

થોડા વખતમાં તો ભગત આવ્યાના સમાચાર આખા ગામમાં ફેલાઇ ગયા, અને સૌ ભગતને મળવા આવ્યા. પાનાચંદ શેઠ પણ આવ્યા અને ભગતને બહુ જ સારૂં મનાવ્યું. ભગતે પણ જાણે કાંઇજ ન બન્યું હોય એમ તેમની સાથે વાત કરી અને રાજાની તબિયતના સમાચાર પૂછ્યા. રાજાની બિમારીની વાત સાંભળી ભગત દરબારમાં ગયા અને જે જે કાંઇ બન્યું હતું તથા પોતે જોયું હતું તે બધી વાત પ્રધાનને કરી. એમાં જો કાંઇ શંકા જેવું લાગે તો પાનાચંદ શેઠને પૂછવા કહ્યું, અને ગમે તેમ થાય પણ પીપળો ન કાપવા વિનંતિ કરી.

એ ત્રણ દિવસમાં તો ગામના રાજાએ દેહ છોડ્યો, પણ દુદા ભગતની વાત ઉપરથી પીપળાને અણીશુદ્ધ રાખવામાં આવ્યો. આખા ગામમાં દુદા ભગતના બલિદાનની અને તેમણે જોએલી વૃક્ષયોનિની વાતો ચાલી રહી.

(આસો-૧૯૮૪ ના "કુમાર" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭–दरिद्रताना खप्परमां

(અનુવાદકઃ–શ્રી. વિનયકાન્ત કાંતિલાલ મહેતા.)

વરસાદનાં આછાં અધુરાં ફોરાં ટપકતાં હતાં, ગેબી અવાજો કરતી મોટરો લોકોને કાદવથી ભીંજાવી દઈ એક પછી એક દોડી જતી હતી. ઘોડાગાડીઓ અને સાયકલની ઘંટડીઓના મધુર પણ ગરીબોનાં હૃદય વીંધનાર અવાજો કર્ણપટે પડતા હતા. છત્રીઓની લાંબી વાંકી ચૂકી હારમાળા ચાલી જતી હતી. ત્યાં એક ગરીબ અંધ દુઃખપૂર્ણ ધ્રૂજતા અવાજે ગાઇ રહ્યો હતો. પ્રભુના ગાનતાનમાં એને વિષાદની વચ્ચે અનેરો આનંદ પ્રાપ્ત થતો હતો; પણ પૈસાના પૂજારીઓને તેનું ગાયન એટલે ઇશ્વરનું ગાયન સાંભળવાનો સમય ક્યાંથી હોય ? લક્ષ્મીના રટણમાં અહર્નિષ મચ્યા રહેતા તુચ્છ માનવો તેના અનુપમ દિવ્ય ગાનમાંથી આનંદની લહાણુ ન લૂંટી શક્યા.

ત્યાં કોટપાટલૂનમાં સજ્જ થઇ કોઇ એક અર્ધમિશ્રિત, અર્ધ-દગ્ધ જેવા મહાશય જતા હતા. પેલો બિચારો ઇશ્વરના અંશ જેવો અંધ તેમના રસ્તામાં આવ્યો.

"ગદ્ધા ! દેખે છે કે નહિ? રસ્તામાં આમ આથડયા કરે છે ?" સાહેબ મહાશય તાડૂક્યા. તેમના પાવરનો પારો ૧૦૮ ડીગ્રી સુધી ચઢી ગયો.

"સાહેબ ! હું અંધ છું." અક્ષરે અક્ષરે નીતરતી દીનતાથી તે આર્દ્ર સ્વરે બોલ્યો. તેનો રવ ભલભલા વજ્ર જેવા મનવાળાને પણ પીગળાવે તેવો વિષાદપૂર્ણ અને દીન હતો.

"લવારો બંધ કર ! ડફોળ !" હજુ ભાઈ સાહેબનો મિજાજ ઠેકાણે ન આવ્યો. તે બે વધુ સરસ્વતીના શબ્દોથી નવાજી ચાલ્યા ગયા. તે યુવાન હતો છતાં તેના મુખ ઉપર નિષ્ઠુરતાની કરચલીઓ નજરે આવતી હતી. તે મહાશય આજકાલના લક્ષ્મીપુત્રોની જેમ ઉદ્ધતાઇ ને ધૃષ્ટતાની પરિસીમાએ પહોંચ્યા હતા. મનમાં કંઇક બબડતા બબડતા તે સજ્જન (?) એક વક્ર દષ્ટિપાત નાખી ચાલ્યા ગયા.

*　　*　　*　　*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનું એક દૃશ્ય તો મેં અવલોક્યું. એટલામાં મારી નજર સામે આવેલા એક ગંદા ઓટલા ઉપર પડી. સામે એક વાસવગરનું મકાન હતું. તેના ઓટલા ઉપર દરિદ્રતાનો સાક્ષાત્કાર કરાવતી, દરિદ્રતાની અને દીનતાની પ્રતિમાસમી એક બાળત્રિપુટી મેં જોઈ.

એક આઠ નવ વર્ષનો બાળક ભગ્નહૃદયે સામી દિવાલ ઉપર મીટ માંડી અનિમેષ નેત્રે બેસી રહ્યો હતો. તેની આંખો સહેજ ભૂરાશ પડતી હતી અને તેના કાળા, દરિદ્રના કાળચક્રમાં કચડાતા વાળ વીખરાયલા હતા. પ્રભુ જાણે, તેના મનમાં કેવાંય ભાવિ ભયંકર સ્વપ્નાંઓ તે જોતો હશે.

તેનાં ફાટેલાં કપડાં અને કૃશ ગાત્રો ભીષણ દરિદ્રતાની પ્રતીતિ કરાવતાં હતાં. તેનાં ફાટેલાં તૂટેલાં કપડાંમાં પવન પેસી જઇ, સર્વ વસ્ત્રો હલાવી મૂકતો. તેની સમીપમાં બે નિર્દોષ નિરાધાર બાલિકાઓ નિદ્રાદેવીના ઉત્સંગમાં વિરમતી દેખાતી હતી. બંને બાલ્યવયનીજ હતી. વળી તે પણ દારિદ્ર્યદેવીને અતિ પ્રિય એવા તેમના પ્રત્યેક અંગમાંથી દરિદ્રતા નીતરતી હતી.

બાળકની મુખાકૃતિ ઉપર શોક અને ચિંતાની આછી છાયા તરવરી રહી હતી. તેના વદનકમળમાં નિર્દોષતાને સ્થાન હતું; તેની ઉંમર ઉમંગે ખેલવાની હતી, પણ તેને અકાળે જીવનનો ભાર અને દીનતા પ્રાપ્ત થવા પામ્યાં હતાં. તેનાં ફિક્કાં દુઃખાવરોધિત નયનોમાંથી અસહ્ય વેદના અને દુઃખનાં ઝરણો ઝરતાં હતાં.

“ આ કોણ છે ? ” બાળાઓ તરફ દૃષ્ટિ ફેંકતાં મેં તેને સહેજ અચકાતાં પ્રશ્ન કર્યો.

“ મારી બહેનની બેનપણી.” વિસ્મયથી મારા તરફ તાકી તાકીને જોતો, તે ભગ્નહૃદયે બોલ્યો.

“ તારી બહેન ક્યાં છે ? ”

તેનો નાજુક રક્તરહિત હસ્ત સહેજ હાલ્યો, તેણે એક નિર્બળ અંગુલિ તેની બહેન પ્રતિ કરી, મારા સંશયનું નિવારણ કર્યું. મેં તે દુઃખિત બાળત્રિપુટીને ઓળખી.

“ તમે ક્યાં રહો છો ? ”

“અહીં...જ...બા...પુ ! ”

“ પણ...તમારૂં ઘર ક્યાં ? ” મેં સહેજ જિજ્ઞાસાથી પૂછ્યું.

“ આજ અમારૂં ઘર. અમારે ગરીબને ઘર કેવું ? આમ ને આમ અમારા દહાડા પૂરા કરીએ છીએ. ”

“ તમારાં માબાપ ક્યાં છે ? ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમારાં માબાપ અમને મૂકીને ચાલ્યાં ગયાં." બાળકનો નિર્માલ્ય અવાજ ગળગળો થઇ ગયો. તેની આંખોમાં અશ્રુબિંદુઓ ઉત્પન્ન થતાં મેં નિહાળ્યાં. આવો પ્રશ્ન પૂછવા બદલ મને પસ્તાવો થવા લાગ્યો. થોડી વારમાં તે આંસુની અસ્ખલિત ધારાઓ વહાવવા લાગ્યો. તેનાં ડૂસકાં મારા હૃદયને વિદારી નાખતાં હતાં.

"જો, છાનો રહી જા. તારે ખાવું છે ને?" તેને આશ્વાસન આપતાં આપતાં હું બોલ્યો.

ડૂસકાં ખાતો, મનની વ્યથા મહામહેનતે દબાવતો તે બોલ્યો: "અમે ભીખ માગીને અમારું ગુજરાન ચલાવતાં; પણ મારી બહેન માંદી પડતાં મારાથી તે પણ નથી થઇ શકતું...બા...પુ! આ મારો પાંચમો ઉપવાસ છે."

"તારે શું ખાવું છે?"

અનુત્તર એ એનો ઉત્તર હતો. ગરીબાઇના ભીષણ ચક્રમાં ફસાયલો બાળક કશુંય ન બોલ્યો.

"લે, આ રૂપિયામાંથી ખાજે."

તેની આશિષભરી આંખો મારા તરફ ઢળી. તે મારા માટે આશિષ, દુઆ કે ઉપકારના શબ્દો પણ બોલી શક્યો નહિ. ક્રૂર મૂડીવાદીઓએ તેની જીવનશક્તિ–વાચાશક્તિ પણ હરી લીધી હતી. તે રૂપિયા સામું નિહાળી રહ્યો. તેણે છૂટકારાનો અને 'હાશ'નો એક ઉષ્ણ નિઃશ્વાસ મૂક્યો. બાળકે થોડીક વાર મારા તરફ અનિમેષ નયને જોયું. પછી મારા ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લઇ તેણે પોતાની નિર્બળ બહેનને જગાડી.

"બહેન, બહેન! જો, આ રૂપિયો! આજ આપણાં નસીબ ખીલ્યાં...હવે તારો તાવ...હું કાઢી મૂકવાનો, હો બહેન!"

તેની તાવ, ભૂખ અને દુઃખથી પીડિત અર્ધમૃત જેવી બહેને થોડીક વાર આંખો ટગમગાવી. પેલો છોકરો ડૉક્ટરને બોલાવવા પૂરપાટ દોડ્યો. આ દૃશ્ય જોતાં મારું હૃદય ભરાઇ આવ્યું. મારી આંખોમાંથી પણ બે અશ્રુબિંદુઓ સરી પડયાં.

હું પણ મારા ઓળખીતા ડૉક્ટરને બોલાવવા દોડ્યો. થોડી વાર બાદ હું ડૉક્ટરને તેડી તેજ સ્થળે આવ્યો; પણ આવીને જોયું તો ત્યાં ન હતી બાલિકાઓ કે ન હતો પેલો બાળક.

લક્ષ્મીદેવીનો ઉપાસક, પેલો ડૉક્ટર પોતાની પૈસા મેળવવાની સ્કીમ તૂટી પડતાં બોલ્યો "તમે તો આવાજ (દરદીઓ) લાવ્યા કરજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટરનું આવું નિષ્ઠુર અને જડવાદી કથન સાંભળી મને દુઃખ થયું.

"ડૉક્ટર સાહેબ! મને આવું બનશે એની શી ખબર? દુનિયામાં બધું અનિશ્ચિતજ છે ને? આપણી જિંદગી શું અગમ્ય અને અનિશ્ચિત નથી?"

"હવે રહેવા દો તમારી ફિલસૂફી. એમાં હું પણ શું કરૂં?"

"તમને તમારી વિઝીટ ફી મળશે, બોલો સાહેબ! પછી કાંઈ?"

મનુષ્યનું બલિદાન લેતા નિર્દય ડૉક્ટર એક નિષ્ઠુર અને રાક્ષસી હાસ્ય કરતા, ખિસ્સામાં રૂપિયા ગોઠવતા ચાલ્યા ગયા. તેના નિર્દય વર્તને પુનિત વાતાવરણને અપવિત્ર બનાવ્યું.

ડૉક્ટરના ગયા બાદ હું આગળ ચાલ્યો.

પેલા સૂતા મકાનવાળાનો કોઇ સગો ત્યાં આવી ચઢયો હશે; તેણે પેલી બાલિકાઓને ત્યાંથી કાઢી મૂકી. પેલા છોકરાની બહેન નિર્દય મૂડીવાદીની ધમકીને અંતિમ અશ્રથી અપનાવી, આ વિશ્વ પરહરી, પ્રભુના દિવ્ય ધામે સંચરી. તેની બહેનપણી આંસુનો અસ્ખલિત પ્રવાહ વહેવરાવી રહી હતી; જ્યારે પેલા નિર્દોષ, સુકોમળ બાળક ઉપર એક નિર્દય મૂડીવાદીની ઉન્મત્ત મોટર ફરી વળી હતી.

આધુનિક ક્રૂર મૂડીવાદીઓના નિર્દય હસ્તે કેટલાય શ્રમજીવીઓના પ્રાણ લેવાય છે. તેમના હૃદયમાંથી દયા ક્યારનીય નાસી ગઇ છે. તેમના સ્વાર્થી કાળચક્રમાં આવી પડતાં કેટલાંય ભલાં, ભોળાં, ભદ્રિક માણસો કપાઇ જાય છે.

પણ, ઓ નિષ્ઠુર મૂડીવાદીઓ! તમારો સૂર્ય હવે અસ્ત થયો છે. હવે મૂડીવાદનો યુગ નથી.

તમારૂં આવું નીચ વર્તન આજના યુવાનો નહિ સાંખે—કદી નહિ સાંખે. હવે તમારા નાશની નોબત વાગી રહી છે. મૂડીવાદનો મૃત્યુઘંટ તમે સાંભળ્યો છે? કોઈ મૂડીવાદીઓને જાગ્રત કરશો?!!

ભારતવર્ષના નવયુવાનો! તમારા હાથમાં હવે એકજ શસ્ત્ર છે અને તે એજ કે મૂડીવાદીઓની સામે પ્રચંડ બળવો જગાવો.

આજથીજ બળવો જગાવવાની પ્રતિજ્ઞા લ્યો; પછી જુઓ મૂડીવાદ કેટલો વખત નભે છે?

પ્રયત્ન કરો, પછી જુઓ ફતેહમંદ થાવ છો કે નહિ? શ્રમજીવીઓનું સત્ય જરૂર આગળ આવશે. સત્યમેવ જયતે!

("લલિત" ના એક દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४८–स्वर्गने रस्ते

(૧)

(લેખકઃ–શ્રી. મકરકેતુ)

ચૈત્ર મહિનાનો અંગારઝરતો બપોર એ ગામ ઉપર શયતાનના પંજાની પેઠે જામ્યો હતો. દાવાનળ જેવા ધૂમ તડકામાં આખું ગામ જંપી ગયું હતું. બાર વાગ્યા સુધી ખેતરમાં પ્રચંડ મજૂરી કરીને ખેડુત પણ સાંતી છોડી થાક વણસાડવા બપોરના બે કલાકનો આરામ લેવા ઝુંપડીમાં પડયો હતો. વેપારીઓ ખુલ્લાં શરીર રાખી દુકાનોમાં ગાદી તકીઆ ઉપર 'કાગાનિંદર' લઈ રહ્યા હતા. ગમાણમાં ગાય બળદો પણ છેલ્લામાં છેલ્લો ઘાસનો કોળીઓ વાગોળી મીંચેલી આંખે નીચાં મોં ઢાળી પડયાં હતાં. વાતાવરણમાં અગ્નિની સાથે શિથિલતા પ્રસરી રહી હતી. ચંડમહસ સૂર્યના તાપની માત્ર ઢીલા કરનારી અસર વૃક્ષો, પંખીઓ અને સર્વ સૃષ્ટિ ઉપર પથરાઇ હતી.

માત્ર એકજ ઘરમાં આજે અશાંતિ અને તરવરાટ આવી વસ્યાં હતાં. શ્રી. પંચનાથ બક્ષીને ઘેર જાણે કે આખા ગામની પ્રવૃત્તિ અને ગતિ એકઠી થઇ હતી. ઘરની ધણીઆણીથી માંડીને નાનામાં નાના બટુકને તેઓ ધમકાવતા હતાઃ–

"મૂર્ખાઓ ! ઉઠો, ઉઠો; આજે ઉંઘી જવાનો સમય નથી. દુષ્ટ લોકો ! તમને ખબર છે કે આજ સાંજના ગુરુ મહારાજ પધારવાના છે? બધી તૈયારી કરવી છે–પૂજાની સામગ્રી, ચંદન, અક્ષત, બીલીપત્ર, તોરણો, પુષ્પ, ધૂપ, દીપ, પંચામૃત, શ્રીફલ, કુંકુમ..."

શ્રીમાન પંચનાથ બક્ષી આ પ્રલંબ લીસ્ટને આગળ ચલાવવા જતા હતા. એવામાં ધણીઆણીએ રોકડું પરખાવ્યુંઃ

"તમને તો વડકાં નાખવાનીજ ટેવ પડી છે. ચોરને કાંધ મારે એવે ટાણે તો જરાક જંપ વળવા દો. ચાર વાગે કરશું બધી તૈયારી. ગુરુમહારાજ તો છ વાગે આવવાના છે ને ?"

"અરે, તારી જીભ કેમ નથી કપાઈ જતી !" ગુરુમહારાજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનન્ય અને અજોડ એવા ભક્તરાજ પંચનાથે પાંચવડી જીભ ચલાવી "ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય—આજે આપણે આંગણે ભગવાન પધારે છે ને તમે સૌ દુષ્ટો લંબી ખેંચીને પડયાં છો ? કયે ભવ આ અસાર સંસારમાંથી છૂટશો ? સમજો સમજો, મૂર્ખ જંતુઓ !"

" પણ એવડી શી ઉતાવળ આવી છે ? તમને એકલાનેજ ગુરુમહારાજ ઉપર ભક્તિ હશે કાં ? અમનેય કાંઇ ઓછું હેત નથી; પણ બધી ચીજો બજારેથી લાવવી પડે, કોણ—સાંગોભાઈ લાવશે ? તમે જઇને લઇ આવો." પંચનાથનાં પત્નીએ ગુરુભક્તિનું પ્રદર્શન કર્યું.

" તે આ સુખલો અત્યારે નાખોરાં ઘસડે છે એને બજારે મોકલી આપીએ." નિશાળેથી આવીને ખાવા ઉપર ત્રાપડ દીધા પછી ઉંઘ ખેંચતા ચિ. સુખવંત ઉપર નજર માંડીને પંચનાથે કહ્યું.

અને સુખવંત વધારે જોશથી નસ્ખોરાં ગજાવવા માંડયો.

'અરરરર ! ના—ના—ના !" ધણિયાણી આજીજી કરવા લાગ્યાં, "આ કાળે બપોરે બહાર મોકલીએ તો કપાણુ લાગે ને ? શું ઘરમાં તાવ ઘાલવો છે ? ગુરુ મહારાજને ભગવાન કરોડ વરસના કરે; પણ કાળે બપોરે મારા સુખલાને શેકવા તો નહિજ મોકલું."

શ્રીમાન પંચનાથની આંખો લાલ બનવા લાગી.

"ગધ્ધી ! લવારો કરે છે તે શરમાતી નથી ? ગુરુ ભગવાનનું કામ કરતાં શું તડકો લાગવાનો હતો ? એ તો ભગવાનના હાથ છત્તરરૂપે આપણા છોકરા ઉપર રહેશે." એમ કહીને સુખવંતને ઢંઢોળવા પંચનાથ ચાલ્યા.

"હં, હં ! બે ઘડી છોકરાને આરામ તો લેવા દો, એણે તમારૂં શું બગાડયું છે ?"

સુખવંતની મા આડી ફરવા ગઈ, પણ પંચનાથની લાલ આંખો જોઇને થંભીજ ગઇ.

જરાક પાંપણ ઉંચી કરીને સુખવંતે બાપનું રુદ્ર સ્વરૂપ જોઇ લીધું અને પડખું ફરી ઉંઘનો ડોળ કરવા માંડયો.

પંચનાથ છોકરાની પાસે ગયા અને નિતંબ ઉપર લાત લગાવી તાડુકયા:

"હરામી ! બપોરે ઉંઘી જવાનું સૂઝે છે ? વિદ્યા બળી જશે, વિદ્યા ! બેઠો થા ઝટ. બજારે જવું છે, સાંભળતો નથી ?"

સુખવંત ઝબાક કરતો પગ પર થઇ ગયો.

"શું છે બાપુજી ! શું છે બાપુજી ? ગુરુમહારાજ માટે પૂજાની સામગ્રી લાવવી છે ? લ્યો, આ ચાલ્યો." એમ કહી તે લીસ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારવા લાગ્યો.

ઘરના બીજા ખૂણામાં બે છોકરીઓ ઉંઘતી હતી, તેમને પણ પંચનાથે ઢંઢોળીને બેઠી કરી અને તોરણ ગુંથવાનું કામ સોંપ્યું.

સુખવંત પૈસા લઇ બજારે ચાલ્યો. મનમાં ગુરુ મહારાજને હોળીની વાણી ચોપડાવતો ગયો.

દુકાનવાળાઓ નીરાંતે ઝોકાં ખાતા હતા. એક વેપારીને સુખવંતે બૂમ મારીઃ

"કચરાભાઇ ! ઉઠો ઉઠો, માલ જોઇએ છે."

"એલા, આવે કટાણે બહાર નીકળ્યો ? જરાક તો જંપ વાળવો હતો !" કચરાભાઇએ ઝોકાં ખાતાંજ જવાબ દીધો.

"પણ અમારે ઘેર ગુરુ મહારાજ પધારે છે, તે સાજસામગ્રી જોઇએ છે."

"એલા સુખલા !" કચરાબાપાએ આંખો ફાડી કહ્યું " તારા ગુરુમા'રાજે તો ગામ માથે લીધું લાગે છે. અટાણે ખરે બપોરે એને કાંધ મારવો છે શું ? તમે એની લપ ક્યારે છોડશો ? એ મહારાજ તો હવે ગજબ કરે છે."

સુખવંત આ પરબતફાળો સાંભળીને મનમાં જરા રાજી તો થયો, પણ એને માતપિતાએ ગુરુમહિમાનો પાઠ ભણાવ્યો હતો તે યાદ આવ્યો અને મનમાંજ બબડયોઃ

" ગુરુજીની નિંદા સુણે જન કોઇ,
તેના કાન સીસે ભરે જમ સોઇ ! "

ગુરુની નિંદા સાંભળનારના કાનમાં યમપુરીના ભયંકર યમલોકો ધગધગતું સીસું રેડે છે, એવી ખાતરી તેને પંચનાથે આપી હતી એટલે કાનમાં આંગળાં નાખી સુખવંત બોલ્યોઃ

"તે કચરાબાપા! તમારે અમારા ભગવાનને ગાળો ન દેવી. હું મારા બાપાને કહી દઇશ."

"હવે બેશ માળા વ્હેંતિયા," કચરા બાપા જરા વાયડા હતા એટલે આગળ ચલાવ્યું "સાલો પેલો લંગોટ મહારાજ ગામની બાઇડિયું મૂકતો નથી ને આ બધા એના ચેલકા થઇ બેઠા છે!"

કાનમાં આંગળી હોવા છતાં સુખવંતે આ સાંભળ્યું. કચરા બાપાના શબ્દો તેના કોમળ દિલમાં જાણે કે છપાઇ ગયા.

સુખવંતરાય ચૌદ વર્ષનો ચબરાક છોકરો હતો, તેણે એકથી વધારે વખત ગુરુ મહારાજના ભયંકર ગોટાળાની વાતો સાંભળી હતી. વારંવાર તેને રમવાનું છોડી ગુરુશ્રીના ચરણમાં સેવા અર્થે ખડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવું પડતું એટલે તેના બાલીશ હૃદયમાં ગુરુ પ્રત્યે તિરસ્કાર અને અણગમાનું બીજ તો રોપાયું હતું. ઉપરાંત તે અનેક શિષ્યાઓને ગુરુના આશ્રમમાં અને એ આશ્રમ માંહેના પાછળના ઓરડામાં ગુરુ સમીપ એકલી જતી જોતો અને પાછળથી બારણાં બંધ થતાં દેખતો ત્યારે ઘણી વાર ગંભીર વિચારમાં પડી જતો. તેનું નાનું મગજ આ મોટી ગુંચ ઉકેલી શકતું નહિ, છતાં આ તમામ લીલામાં કંઈક ઉંડો ભેદ છે એવું ભૂત તેના મગજને ઘડીભર છોડતું નહિ. એટલે આજે ગુરુ મહારાજની લગીરે વકીલાત કર્યા વિના તે ચૂપ-ચાપ ચીજ વસ્તુઓ લઇને ઘેર ચાલ્યો આવ્યો.

સાંજના પાંચ વાગે બક્ષી પંચનાથના આંગણામાં ગુરુ મહા-રાજના ચેલાઓની મેદની મળી. ૧૫-૨૦ બ્રાહ્મણો, ૮-૧૦ વાણિયા, ૫-૭ કડીઆ કુંભાર અને એ સૌની ઘરવાળીઓ, એમ સૌ સ્ત્રીપુ-રુષો એકઠાં મળીને શ્રીગુરુદેવની પધરામણી માટે સોતકંઠ રાહ જોતાં હતાં એવામાં એક માણસે આવી ખબર આપ્યા કે 'પ્રભુજી'ની ગાડી નજદીક આવી પહોંચી છે. તુરતજ શિષ્યાઓ ઉંચી નીચી થવા લાગી. એમની છાતીમાં હર્ષનો પવન ભરાયો અને ગુરુભક્તિની ચાવી દબાતાંની સાથેજ મધુર સૂર નીકળ્યો:

"હું તો ઉંચી ચડું ને નીચી ઉતરૂં, મારા પ્રભુજીના રથ કેટલેક દૂર,
પધારો સદ્‌ગુરુ આંગણે......"
"મેં તો વાળી ઉજાળ્યું મારૂં આંગણું, રોપાવ્યા રે કંઈ મંડપ સોય,
પધારો રે સદ્‌ગુરુ આંગણે......"

જાણે કે ગુરુજીને મંડપમાં પધરાવી તેમની સાથે પ્રેમલગ્નના ફેરા ફરવા હોય; જાણે કે શ્રીસદ્‌ગુરુને કાનુડો ભગવાન બનાવી પોતાને ગોપી બનવાની તીવ્ર લાલસા સળગતી હોય, તેમ ઘેલી શિષ્યાઓના સૂર ઉંચા ને ઉંચા ચઢવા લાગ્યા. આ લ્હેકદાર ગીતમાં ગુરુજીને "મારા નાથ, પ્રાણપતિ, હૈયાના હાર" એવાં સંબોધનો થતાં હતાં તે સાંભળી એકજ સુખવંતને અનેક તર્કવિતર્કો થતા હતા. તેણે નાટક કંપનીઓમાં આ શબ્દો સ્ત્રીઓના વહાલા પતિઓને સંબોધાતા સાંભળ્યા હતા. પતિવ્રતા સ્ત્રીઓની કથાઓ પણ તેણે વાંચી હતી. એટલે તેના કોમળ મનમાં એક ગુંચ ગુંચવાતી હતી કે આ બધી શિષ્યાઓને ધણી હોવા છતાં તેઓ ગુરુ મહારાજને શામાટે ધણી જેવી ઉપમા આપે છે? શું આ એક જાતનો માનસિક વ્યભિચાર નથી? પણ બીજીજ પળે તેના દિલમાં માતપિતાએ રેડેલી ગુરુ-ભક્તિ તમામ વિવેચન અને શંકાને સંહારતી હતી. શિષ્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્યાઓના અપૂર્વ ઉત્સાહ વચ્ચે એક સુખવંતરાયજ વિચારમગ્ન બનીને ઉભો હતો.

ગુરુદેવની ચાર ઘોડાની ગાડી બક્ષી પંચનાથના દરવાજા આગળ ઉભી રહી. સૌથી પહેલી સ્ત્રીઓ પ્રભુજીને વધાવવા દોડી. પ્રભુ ઉપર ચોખા અને ફૂલનાં છાંટણાં કરી ઓવારણાં લીધાં, જાણે કે જન્મો-જન્મનાં હેત ઉભરાઇ નીકળ્યાં હોય તેમ આંગળીઓના ટાચકા ટચાક ટચાક ફૂટયા. 'વાહ મારા નાથ, વાહ મારા પ્રભુ, અધમો-દ્ધારણ, દીન દયાળ!' એવાં એવાં ઉપનામોથી સંબોધતી શ્રદ્ધાવંત શિષ્યાઓ ખોળા પાથરીને નમન કરવા લાગી. એ પછી આવ્યું પુરુષવર્ગનું ધાડું. એણે બારણામાંજ લાકડીની જેમ પછડાઇને પ્રણામ કર્યાં. શિષ્યાઓ ઉપર સ્મિતહાસ્યનું મોહનાસ્ત્ર ફેંકતા પ્રભુજી નીચે ઉતર્યા. એમની પાછળ શિષ્યાઓ ગોઠવાઇ ગઇ. બે પડએ શ્રદ્ધામાં ડૂબકીઓ ખાતા શિષ્યોની હાર બંધાઈ ગઇ, અને વચ્ચે મધરાસીના લાલ પટા ઉપર હાથીની જેમ હીંડતા ગુરુ મહારાજ, પંચનાથના ઓરડા તરફ ચાલ્યા. ધક્કામુક્કી કરતી ચેલકીઓ પાછળથી રાગડા તાણીને ગુરુને રીઝવવા લાગી:—

"સખી આજનો દિવસ રળિયામણો,
પધાર્યા રે મારા ગુરુજી ભગવાન કે ઉઘડયાં સ્વર્ગનાં બારણાં.
સખી ગાંડી ઘેલી હું તો સંચરૂં,
મારા પ્રભુજીના કંઇ પ્રેમની માંહી કે મારા નાથજીએ નીવા કરી..."

ઓરડામાં ચંદન ધૂપ દીપ વગેરે સામગ્રીથી શ્રીસદ્‌ગુરુની પૂજા કરી સૌ બેઠા. ગુરુજીએ અભેદવાદ અને **आत्मवत् सर्वभूतेषु** એ વિષયો ઉપર પ્રવચન આપ્યું. તે સાંભળી પ્રસાદ લઈ પુરુષવર્ગ વિદાય થયો; શિષ્યાઓ તન–મન–ધન અર્પવા સારૂ ત્યાંજ રહી. આ પૂજન તો પુરુષોએ કર્યું. સ્ત્રીઓ પોતાના વારા માટે આકળી થતી હતી. પંચનાથ તેમના વતી વિનંતિ કરતા હતા એટલે એલાહેદા ઓરડામાં દીવા પ્રકટાવી શિષ્યાઓએ પ્રભુજીને ત્યાં પધરાવ્યા. એક જણીએ પંચનાથને કહ્યું:

"તમે બહાર જાવ. પ્રભુ માટે દૂધ લઈ આવો. કૃપાનાથની એવી ઇચ્છા થઇ છે."

ભોળો પંચનાથ દોડીને બહાર દૂધની શોધમાં ગયો.

સ્ત્રીઓમાંથી આઠેક જણીજ હાજર રહી હતી. બીજી ઘેર રસોઇ વગેરેની તૈયારી કરવા પોતપોતાને ઘરઆંગણે ચાલી ગઈ હતી. પ્રભુજી આગળ આઠે જણી ઓરડામાં દાખલ થઇ, નવોઢા સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિના મિલન માટે શણગાર સજે તેમ તેમણે દેહને શણગાર્યાં હતા. તેમને જોઇ પ્રભુજી હસ્યા.

"કેમ રાધા ! આજે સવારમાં તમે બચુને કેમ વઢતાં હતાં ?" એક પચીસેક વર્ષની સ્ત્રી સામે હસતાં હસતાં ગુરુજી ઓચર્યાં.

ગુરુદેવને ટેવ એવી હતી કે સ્ત્રીઓને એકાંતમાં મળતા ત્યારે તેમને 'પ્રેમલક્ષણા' 'રાધા', 'રતિ', 'લક્ષ્મીદેવી', 'સત્યભામા' 'નવધા ભક્તિ' વગેરે ખાસ નામોથી બોલાવતા. અમુક સુંદરીઓને આ નામો જ આપી રાખ્યાં હતાં. બીજું, ગુરુજીની બે ત્રણ અથંગ શિષ્યાઓ આખો દિવસ ઘેર ઘેર ભટકતી અને બાતમી મેળવી ગુરુજીને આપતી. તે પરથી ગુરુજી શિષ્યાઓને અને શિષ્યોને ઘરનો ઇતિહાસ કહી આપી છક્ક કરતા, અને પોતાની ઘટઘટવ્યાપી દૈવી શક્તિનો પરચો બતાવતા. મૂર્ખ શિષ્યો આમાં પ્રભુત્વ માનતા. એના પ્રતાપે ઘણીક શિષ્યાઓ ભોળવાતી અને ગુરુની જાળમાં ફસાતી.

રાધાની અજાયબીનો પાર રહ્યો નહિ. ખરેખર, ગુરુમહારાજ પ્રભુજીજ છે ! નહિતર રાધાના ઘરની સવારની વાત એમને ક્યાંથી માલૂમ હોય ?

"પ્રભુ ! આજે તો ચતુર્ભુજ દર્શનની પ્યાસ છે. દાસીઓને પાવન કરો." એક આડત કરનારી શિષ્યાએ જાળ પાથરવા માંડી.

"આજે તો રાધાની સાથેજ રાસ ખેલશું." પ્રભુએ પણ હુંકાર્યે રાખ્યું.

"નહિ નાથ ! નહિ નાથ; સૌ ગોપીઓને રાસ ખેલાવો અને પછી ચતુર્ભુજ દર્શન આપો." પેલી આડત હાંકનારીએ પ્રભુનો માર્ગ સરળ કરવા માંડયો.

એમ કહીને એ શિષ્યા પ્રભુના ચરણ આગળ ઝૂકી પડી. ચાખડીઓ ઉપર આંખ અને માથું ઢાળી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા લાગી. તેના વાંસા ઉપરથી વસ્ત્ર સરકી ગયું. છેડો નીકળી ગયો. એ પ્રેમ-ભક્તિમાં ગરકાવ થયેલી શિષ્યાના વાંસા ઉપર પ્રભુજી મંદ મંદ સુંવાળો હાથ ફેરવવા લાગ્યા.

અને પછી......?

* * *

સુખવંત એજ ઓરડાની બહાર છાનોમાનો આવીને ઉભો હતો. ઝીણી તરડમાંથી તે 'પ્રભુજી'ની તમામ લીલા નીરખતો હતો. એણે રાધા અને પ્રેમલક્ષણાને અપાએલાં ચતુર્ભુજ દર્શન જોયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોર અવસ્થામાંથી યૌવનમાં પગલાં પાડતા આ છોકરાની આંખો સળગી ઊઠી:

"આ ગુરુ! આ પ્રભુજી! આ નાલાયક માણસ દેવ?"

પંચનાથ દૂધ લઈ આવ્યા એજ ક્ષણે શિષ્યાઓને દર્શન આપી, તેમની સેવા શુશ્રૂષા પામી ગુરુ મહારાજ ઓરડા બહાર નીકળ્યા.

પંચનાથની ધણીઆણી ચતુર્ભુજ દર્શન આજે પહેલીજ વાર પામી હતી. એણે દૂધ ઊનું કરી પ્રભુને ચરણે ધર્યું. પ્રભુજી તે ગટગટાવી ગયા.

'કૃપાનાથ, પ્રભો! બે દિવસ સ્થિર થવા કૃપા કરશો?" પંચનાથે ગળગળા થઇ આજીજી કરી.

ગુરુદેવની દૃષ્ટિ આઠ શિષ્યાઓના સમૂહ ઉપર મંડાઇ રહી, એ ચેલકીઓએ પણ વિનવણી કરવા માંડી. પરિણામે ગુરુજી પ્રસન્ન થયા, અને બે દિવસ પંચનાથને ઘેરજ રહી જવા ઠરાવ કર્યો. ગામ બહાર પોતાના આશ્રમમાં માણસ મારફત ખબર કહાવી દીધા.

(૨)

વસંતપંચમીનો ખુશનૂમા દિવસ ગુરુ મહારાજના આનંદમઠ ઉપર ઝલકદાર પ્રકાશ પાથરતો હતો. એ દિવસે આજથી ચાલીસ વર્ષ પહેલાં જન્મ ધરીને ગુરુદેવે પહેલી વાર આ રીબાતી ધરતી ઉપરથી પાપનો ભાર ઉતારી નાખ્યો હતો, એવો ધન્ય દિવસ ઉજવવા માટે દશબાર શિષ્યો અને પંદરેક શિષ્યાઓ સવારના આઠ વાગ્યામાં આનંદમઠમાં એકઠાં મળ્યાં હતાં. પંચનાથ અગ્રેસર હતા. સુખવંતરાય તમાશો જોવા સાથે આવ્યો હતો.

ગુરુદેવનો આનંદમઠ કોઈ મહારાજાના ભવ્ય મહેલ જેવો હતો. મધ્યભાગમાં ધોળો 'શેતર' જેવો એક વિશાળ હૉલ હતો. તે માંહે સોનાની સાંકળે રૂપેરી હિંડોળો લટકતો હતો. અને તે પર દેવકીનંદન કૃષ્ણ પરમાત્મા જેવા ગુરુદેવ બિરાજ્યા હતા.

શિયાળો ઉતર્યા પછી ગુલાબી વસંતનાં મંડાણ થયાં હતાં. ઠંડી ઉડી ગઈ હતી અને ખુશનૂમા પવનલહરીઓ વૃક્ષોને આનંદે નચાવતી હતી. મધ્યસ્થ હૉલ ચોમેર ખુલ્લાં બારણાંવાળો હતો અને એને ફરતી નાજુક ફૂલવાડી મઘમઘી રહી હતી. તે માંહેથી સોંસરી નીકળી, ગુરુદેવની શિખાને ફરકાવતી તે પવનલહરીઓ હૉલમાંથી પસાર થતી હતી. સુંદરીઓના સૌંદર્યને જાણે કે ચોપાસ વેરી નાખવું હોય તેમ એ મંદ ખુશનૂમા પવન શિષ્યાઓનાં વસ્ત્રોના છેડાને ફફડાવતો હતો. આછાં વસ્ત્રોમાંથી ઉભરાઇ નીકળતું સૌંદર્ય ગુરુદેવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીધ જેવી આંખોને ચમકાવતું. શિષ્ય-શિષ્યાઓ ઉપર સ્મિત વરસાવતા પ્રભુજી અભેદવાદ અને ગુરુમહિમાનું વર્ણન કરતા હતા:

"જગતમાં સર્વ ભૂતોને વિષે આત્મવત્ જોતાં મુમુક્ષોએ શીખવું. મારા-તારાનો ભેદ છોડી, સર્વ કર્તવ્યો શ્રીસદ્‌ગુરુને ચરણે સમર્પવાં. મુમુક્ષુજને ગુરુનું અહોનિશ ધ્યાન ધરવું. શાસ્ત્રો ફરમાવે છે કે **'आचार्य देवो भव'** ગુરુપૂજન કરવા થકી મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્ઞાન, શકિત અને સફળતા શ્રીસદ્‌ગુરુના પ્રતાપથીજ મળે છે, તેમ મહાભારત અને પુરાણો કહે છે. ગુરુ બ્રહ્મસ્વરૂપ છે, ગુરુ વિષ્ણુસ્વરૂપ છે, **गुरुर्ब्रह्मा, गुरुर्विष्णु, गुरुर्देवो महेश्वरः** એ વચનોનું સદા રટણ કરવું. સ્ત્રીઓથી વારંવાર ગુરુદર્શને ન અવાય, સ્ત્રીઓથી ગુરુના ચરણનો સ્પર્શ ન થઈ શકે; માટે એમણે ગુરુની પ્રતિમાની પૂજા કરવી અને ગુરુનું માનસિક ધ્યાન ધરવું. એથી સાયુજ્ય મુકિત પ્રાપ્ત થાય છે. ભક્તિ નવ પ્રકારની છે. તેમાં પ્રેમલક્ષણા ભક્તિને ઉત્તમ કહી છે. શ્રીકૃષ્ણને ગોપીઓએ એજ ભાવે ભજ્યા હતા. પુરુષો પણ પ્રેમલક્ષણાભક્તિથી ભજી શકે છે. ચિત્તની ઉચ્છૃંખલ વૃત્તિઓને દબાવી શ્રીસદ્‌ગુરુ ઉપર મનને સ્થિર કરવું......" વગેરે વગેરે.

અર્ધા કલાકને અંતે પ્રવચન પૂરૂં થયું, તુરતજ ગુરુદેવની આંખ શિષ્યાઓના સમૂહમાં એક સ્ત્રી ઉપર મંડાઇ, બંનેની આંખો મળી, પછી નજરેનજર છૂટી પડી ગઇ-જાણે કે કંઈ પ્રેરણા થઈ હોય તેમ તે સ્ત્રી આગળ આવી.

"પ્રભુ! આ 'અનન્યભક્તિ' પારણીઆનો હઠ લઇ બેઠી છે." એક છોકરી સામે આંગળી ચીંધી તેણે કહ્યું.

તુરતજ એ છોકરીએ કહ્યું: "પારણીઉં ગાયા વિના નહિ જાઉં."

નવ વર્ષની એ ચબરાક છોકરીએ હઠ લીધી. શિષ્યો છક થયા. ખરેખર, ગુરુદેવ પ્રભુનુંજ સ્વરૂપ છે, નહિતર અણસમજુ છોકરીને આવી મહાન ઇચ્છા કેમ પ્રકટે! શિષ્યોની શ્રદ્ધામાં ઉમેરો થયો.

શિષ્યોના નીતરતા ભક્તિરસ વચ્ચે શિષ્યાઓએ પારણીઉં ગાવા માંડયું. 'રાધા'એ હીરની દોરી હાથમાં લીધી અને ગુરુદેવનો હીંડોળો મંદ મંદ ચાલવા લાગ્યો:

'પારણીએ ઝુલોજી નંદજીના લાલ!
ઝુલોજી ઝુલોજી ઝુ......લોજી,
પારણીએ ઝુલોજી નંદજીના લાલ—"

આ ગીતની સાથે તમામ શિષ્યાઓ હાથનાં નખરાંથી હીંડોળો ઝુલાવવાનું એકિટંગ કરવા લાગી. આઘી જાય, પાછી હઠે, આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે, ઠમકો કરે—એ રીતે નૃત્ય અને નખરાં કરતી, ભક્તિરસમાં ભીંજાતી શિષ્યાઓ ઓર હલકથી ગાવા લાગી.

પ્રભુજીની આંખ એકેએક સુંદરીના નાજુક હાથપગ અને મરોડદાર શરીરરેખાઓને નજરમાં ભરી લેતી હતી. આ નૃત્યમાં અને સૌંદર્યદર્શનમાં નફ્ટ પવન, શિષ્યાઓનાં વસ્ત્રોના છેડા ઉંચા કરી કરીને અજબ સમૃદ્ધિ ઉમેરતો હતો. ગુરુજીની આંખ ચમકારા કરતી હતી, શિષ્યો પણ ડોલતા પ્રભુજીની અમીનજરનું પાન કરતા હતા.

ફક્ત હાસ્ય નહોતું એક સુખવંતના મોં ઉપર. એના કાન પર કચરાભાભાના શબ્દો ફરી ફરીને અથડાતા હતા કે

"એ હરામ લંગોટાએ ગામની સ્ત્રીઓને ભ્રષ્ટ કરી છે, ભ્રષ્ટ કરી છે."

અને એની માનસદૃષ્ટિ આગળ મહિનાઓ પહેલાંનું ચતુર્ભુજ દર્શન અને અભ્યંગ સ્નાન તરવરીને આજના પારણિયા સાથ તમામ પ્રસંગોની પરંપરા સાંકળતું હતું. સુખવંત સર્જન અને વિવેચનની ક્ષણો અનુભવતો હતો. એનું નાનું મગજ ઝડપભેર ગુરુજીની જીવન-લીલાના ગુણાકાર ભાગાકાર ગણી રહ્યું હતું.

(૩)

પાંચ વર્ષો ખાસ નોંધવાલાયક બનાવ વિના વહી ગયાં. ગુરુદેવની કીર્તી દિગંતમાં પ્રસરી. એમના નામની 'માનતાઓ' થવા લાગી. ઘણી વાંઝણીઓને આ ગુરુદેવના વચને સંતાનો અવતર્યાં. માત્ર તેમને ગુરુદેવના ચરણની સેવા માટે કોઈ કોઇ વાર મઠમાં જવું પડતું, અને ગુરુદેવ પાસેથી ચિત્રવિચિત્ર ગુટિકાઓ આરોગવા મળતી. દરેક વંધ્યા સ્ત્રીને ગુરુદેવનું કડક ફરમાન હતું કે શ્રી સદ્દગુરુની રહસ્યમય કૃપાની વાત કદી પણ ખુલ્લી કરવી નહિ; નહિતર સોંપડેલું સંતાન થોડા સમયમાંજ કરમાઇ જશે.

દરેક પ્રસંગે સુખવંતરાય ગુરુદેવના મઠમાં જતો, ઉત્સવમાં ભાગ લેતો. કિશોર અવસ્થાનું કુતૂહલ તેના સ્વભાવમાંથી ચાલ્યું ગયું હતું. શક્તિ અને વેગની તેના દેહમાં છોળો ઉછળતી હતી. હૃદયમાં કોઈ અજ્ઞાત કારણે આઠે પહોર જ્વાળા સળગ્યા કરતી. ધરતી તોડીને પાતાળમાં પેસી જવાની કે આકાશ ફાડી પેલે પાર પહોંચવાની તેને ઝંખના થતી; પણ આ તમામ તનમનાટ ઉપર એક ગૂઢ વિચારનો ભયાનક ઓળો પથરાઇ રહ્યો હતો. જીવન કઈ દિશામાં વહે છે, કયા નિશ્ચયો થાય છે, કયા ધ્યેય પાછળ તે દોડે છે, તેનું પૂરૂં ભાન નહોતું; છતાં કોઇ એક નિશાન તરફ તે અજાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અચૂક રીતે ધસારાબંધ ધપતો જતો હતો.

ભરઉનાળાનો દિવસ હતો. ઉકળાટનો કાંઇ પાર નહોતો. ઝાડવાં માથાં નમાવી પાંડુરોગી પુરુષની જેમ શિથિલ બની ઊભાં હતાં. ગમગીની ઉત્પન્ન કરનારી શાંતિ છવાઇ ગઇ હતી. ક્વચિત્ અવાજ થતો તો તે અવાજ કોઇ છૂટાછવાયા કાગડાનો કર્કશ ધ્વનિ હતો.

ગુરુદેવ ઉપર બે નોકરો પંખા ઢોળતા હતા. જ્યારે આખું ગામ જંપી ગયું હતું ત્યારે ગુરુદેવના મોં પર અસ્થિરતા તરવરી રહી હતી.

થોડી વારે ત્રણ શિષ્યાઓ આવી.

"પ્રભુ! ચોક્કસ કરી લીધું છે. આપની ઇચ્છા પાર પડશે. આજે પાંચ વાગે સૌ કૃષ્ણઘાટ ઉપર ભેગાં થશું. મારા નાથ! દાસીઓ મોક્ષ માટે તલસી રહી છે." એક શિષ્યાએ હાથ જોડી કહ્યું.

"પુરુષવર્ગમાંથી કોણ આવશે?" ગુરુદેવે આંખો તીણી કરીને પૂછ્યું.

"કૃપાનિધાન! એક તો સુખવંત છે. એની ભક્તિનો કોઈ પાર નથી. બીજા ચારેક માણસો છે, એમને પણ આપની દૈવી લીલાનાં દર્શન કરી પાવન થવું છે."

"રાધા અને પ્રેમલક્ષણા પણ છે ને?"

"જી હા, પ્રભુ!"

"સુખવંત રહસ્ય જાણે છે?"

"એ તો બિચારો ગમાર છે. એને ગુરુદેવ ઉપર અનન્ય ભક્તિ છે. એ પણ કૃતાર્થ થવા ઇચ્છે છે."

"સારૂં, પાંચ વાગે કૃષ્ણઘાટ ઉપર."

ધૂમ તડાકામાં તપતી ત્રણે શિષ્યાઓ મઠની બહાર ચાલી ગઇ, એમણે ગામનો રસ્તો પકડયો.

ગામ બહાર ગુરુદેવના મઠથી એકાદ માઇલ દૂર એક ડુંગરાઉ નદી વહેતી હતી. તેના કિનારે ઝાડવાં ઝૂકી રહ્યાં હતાં. પવનમાં નાચતી ડાળીઓ નદીના પટને સ્પર્શી સ્પર્શીને નાસી જતી. ક્ષીણ બનતા પ્રવાહમાં ક્યાંઇક ક્યાંઇક ઊંડા ધરા ભર્યા હતા. એવા એક ધરાનું નામ કૃષ્ણઘાટ હતું. કૃષ્ણઘાટને જાણે કે રાધાજીના રમણે નંદનવન જેવો બનાવી રાખ્યો ન હોય, એવું કુદરતી સૌંદર્ય ત્યાં ફાલી રહ્યું હતું. ધરાનાં કાળાં ભમ્મર નીર ઉપર જળકુકડીઓ તરતી અને માછલી પકડવા વારંવાર ડૂબકી મારી જતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ વાગ્યા પહેલાંજ અહીં સુખવંત આવીને ઉભો હતો. તેના દિલમાં કંઈક ઉચાટ હતો. ધરામાં હાથપગ ધોઇ તે કાંઠાના વડલાની છાયા નીચે બેઠો.

સાડાપાંચ વાગે ગુરુદેવની પાલખી ધરા પર આવી પહોંચી, સાથે પંદરેક શિષ્યાઓનું મંડળ હતું. પુરુષવર્ગમાં એ શિષ્યાઓના ચાર પાંચ સંબંધીજનો હતા. એમણેજ ગુરુદેવની પાલખીને કાંધે લગાવી અહીં સુધી ઉંચકી હતી, એ જોઇને સુખવંતરાય મનમાં હસ્યો.

પાલખીમાંથી ગુરુદેવ બહાર આવતાંજ સુખવંતે સૌથી પહેલાં દંડવત્ પ્રણામ કર્યાં. તેનો વાંસો થાબડી ગુરુદેવ અમૃતવાણી બોલ્યાઃ

"વત્સ! તારી આ ભક્તિ અનુપમ છે. સદ્‌ગુરુની પ્રતિમાનું આઠે પહોર ધ્યાન કરજે. મુક્તિનાં દ્વાર તારા માટે ખુલ્લાં છે."

સુખવંત ફીકું હસ્યોઃ "જેવી પ્રભુની આજ્ઞા."

ક્ષિતિજ તરફ નમતા આફતાબનાં કિરણો કૃષ્ણઘાટનાં પાણીની લહરિઓ સાથે સંતાકુકડી રમવા લાગ્યાં. તેની ઝળકતી રોશની સાથે સ્મિત હાસ્યનો પ્રકાશ મિલાવી ગુરુદેવ બોલ્યાઃ—

"સરિતા સાગરને મળવા કેવી તનમનાટ કરી રહી છે! સાગરમાં મળી જવું એજ તેના જીવનની મુક્તિ છે. પામર માનવો તેમાં શું સમજે? સાયુજ્ય મુક્તિનો ને સરિતાનો બોધ લેવાની શક્તિ બહુ ઓછામાં હોય છે. શ્રીસદ્‌ગુરુ જ્ઞાનનો મહાસાગર છે. તેમની સાથે એકાકાર થવું એ મોક્ષ..."

"પ્રભુ, કૃપાનિધાન! અમને એ મોક્ષ અર્પો," શિષ્યો તેમજ શિષ્યાઓએ આજીજી કરી.

ચાખડીઓ ઉતારી શ્રીગુરુદેવ ધરામાં પડયા. એમના પ્રચંડ માંસલ બાહુઓ આગળ પાણી ખસવા માંડયું. છાતીબૂડ પાણીમાં તેઓ ઉભા રહ્યા. શિષ્યાઓએ પણ ઝુકાવ્યું. 'એકસરી' સાડીઓ પહેરી સુંદરીઓ પાણીમાં પડી. પ્રભુજી આ બાજુથી તે બાજુ પાણીમાં ઘૂમવા લાગ્યા. માછલીઓ જેમ આટાના ગોળાની આસપાસ ધસારો કરે, તેમ શિષ્યાઓ ગુરુદેવને ઘેરીને ઉભી. કોઇ ડૂબકીડોળ રમવા લાગી. કોઇ વળી પાણીને તળિયે બેસી દેવનાં ચરણો ચૂમવા માંડી. કેડ સમાં નીરમાં ઘણી તો ઉભી રહી. તેમના સદ્‌ભાગ્યે પોતાની બહેનપણીઓની હરીફાઇમાં શ્રીગુરુદેવનો ચરણસ્પર્શ નહિ નિર્માયો હોય! પ્રભુ એ આશાભગ્ન શિષ્યાઓ તરફ ચાલ્યા, સઘળી તેમની પાછળ ચાલી. સુંદરીઓનાં વસ્ત્રો ભીનાં થઇને કોમળ દેહની સાથે ચોંટી ગયાં. ક્ષિતિજ ઉપર નમતો સૂર્ય શ્રીગુરુદેવની અભેદલીલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર સોનેરી હાસ્ય વરસાવી રહ્યો. કિનારે ઉભેલા પુરુષો સહર્ષ નયને સદ્‌ગુરુની જળક્રીડા નીરખી રહ્યા. સુખવંતરાય વિચારમૂઢ ઉભો હતો.

છાતી સમા નીરમાં શિષ્યાઓ સૌંદર્ય ફરકાવતી ખડી રહી. ગુરુદેવ એમના ઘેરાને વટાવી ઉંડા નીરમાં ઉતર્યા, અને ત્યાં જળની સપાટી ઉપર ચતા સૂઈ હાથપગનું હલનચલન થંભાવી, કંઈ પણ આયાસ વિના તરવા લાગ્યા.

"ઓ અદ્‌ભુત અદ્‌ભુત ! ચમત્કાર ! ચમત્કાર ! ! વાહ પ્રભુ ! કેવી લીલા ! હાથપગ હલાવ્યા વિના તરે છે ! ! !" શિષ્યાઓએ તારીફ પોકારી.

પુરુષોએ પણ તેમાં સાદ પુરાવ્યો.

એટલામાં રાધા ઉંડા પાણીમાં જવા લાગી. ગળાબૂડ પાણીમાં પહોંચી. કિનારેથી પુરુષોએ બૂમ મારી, "ઓ ગઇ, બૂડી ! બૂડી ! !"

સ્ત્રીઓએ ચીસાચીસ કરવા માંડી.

એક ડગલું બે ડગલાં રાધા આગળ ગઇ અને બીજીજ પળે તેના ઉપર કૃષ્ણઘાટનું અમિત જળ ફરી વળ્યું.

"હાય હાય !" સ્ત્રીપુરુષોએ ચીસ નાખી...અને તુરતજ પુરુષો પાણીમાં ખાબક્યા.

ગુરુદેવે તરતાં તરતાંજ આદેશ ફરમાવ્યો, "ત્યાંજ રહેજો, રાધા અમર છે."

તુરતજ બે માથોડાં પાણીમાં રાધા ગુરુદેવની નજદીક બહાર આવી, ગળકાં ખાવા લાગી. ગુરુદેવે તેના તરફ હાથ લંબાવી તેને સ્પર્શ્યા વિનાજ નિરાવેશ વાણીમાં કહ્યું:

"સાયુજ્ય મુક્તિની પ્યાસી રાધા ! આ જળ તને કશી નડતર નહિ કરી શકે."

આ શબ્દો પુરા થયા ન થયા એટલામાં તો રાધા પાણીની સપાટી ઉપર જળકુકડીની જેમ તરવા લાગી અને "વાહ પ્રભુ ! વાહ નાથ !"ના પોકારો કરવા લાગી.

"ચમત્કાર ! ચમત્કાર ! !" શિષ્ય-શિષ્યાઓનાં જૂથે ગગનભેદી ગર્જના કરી. નદીની ભેખડોમાંથી પડછંદા ઉઠ્યા, "ચમત્કાર, ચમત્કાર ! !"

અને રાધા સાથે ગુરુદેવનાં નયન મળતાંજ હાસ્ય ફરક્યું. એકબીજા સામે સૂચક નજરે જોઇ, લુચ્ચું હાસ્ય કરી રાધા અને ગુરુદેવ પાણી કાપતાં કાંઠે આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્યો આ ચમત્કારી ઈશ્વરાવતારી ગુરુદેવને પગે બાઝી પડયા. સુખવંત જરા દૂર શૂન્ય ચિત્તે ઉભો રહ્યો. હર્ષના અતિરેકમાં ગુરુદેવની તેના ઉપર નજર નહોતી.

(૪)

આષાઢ મહિનામાં મેઘ વરસવા લાગ્યો ત્યારે શ્રીગુરુદેવની જન્મતિથિનો ઉત્સવ આવ્યો. પ્રતિવર્ષ અષાઢની પૂર્ણિમા પર આ ઉત્સવ ઉજવાતો અને એ પ્રસંગે જુદા જુદા પ્રાંતોમાંથી હજારો શિષ્ય–શિષ્યાઓનાં જૂથ આનંદમઠમાં ઉભરાઇ રહેતાં.

'સચરાચર સદ્‌ગુરુ'ની આ પચાસમી જયન્તિ હતી. પાંચેક હજાર શિષ્યશિષ્યાઓ ગુરુપૂજન માટે એકઠાં મળ્યાં હતાં, રજત સિંહાસન ઉપર સ્થૂળ દેહ અને સૂક્ષ્મ આંખોવાળા ગુરુદેવ ગંભીર મુખમુદ્રા ધારણ કરી બિરાજ્યા હતા. આ પચાસમી જયન્તિનું ગુરુપૂજન 'શ્રદ્ધાળુ' શિષ્ય સુખવંતના હાથે થવાનું હતું.

જીંદગીનું સાર્થક કરવા સુખવંત સફેદ રેશમનું અંબર પહેરી શરીર પર શુભ્ર રેશમી બંડી લગાવી આવ્યો હતો. તે પર ખુલ્લાં બટનનો રેશમી ઝભ્ભો તેણે પહેર્યો હતો. પહેલવાન જેવા જુવાન જોધ દીકરાને આટલો ભક્તિવંત જોઇ વૃદ્ધ પિતા પંચનાથજી એક ખૂણે બેઠા બેઠા મલકાતા હતા.

ગુરુદેવની સ્તુતિ શરૂ થઇ, ધૂપદીપ બળવા લાગ્યા. બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર શરૂ કર્યા. ગુરુ મહારાજના વિજયનો ધ્વનિ છડીદારો પોકારવા લાગ્યા. દૂરના ખૂણામાં બેઠેલી પટ્ટશિષ્યાઓની છાતી આ ભવ્યતા નીરખી વહેંત વહેંત ઉછળવા લાગી.

સુખવંત ઉભો થયો. પાંચ હજાર શિષ્યોને ઉદ્દેશીને તેણે કહ્યું:

"ગુરુબંધુઓ! આજે શ્રીસદ્‌ગુરુની યોગ્ય પૂજા કરી હું મારૂં જીવન સાર્થક કરૂં છું. સમાજના શિરોમણિ સમા આપણા ગુરુદેવને આજે તેમની અજોડ લાયકાત મુજબ ભક્તિભાવે સેવા ધરતાં મને ખરેખર અખૂટ આનંદની લાગણી પ્રકટે છે. અને એકત્રિત થયેલી બહેનોને પણ આપણા ઈશ્વરાવતાર ગુરુજીએ સ્ત્રીસમાજમાં ફેલાવેલા ભક્તિરસજ્ઞાન અને અભેદભાવ માટે જે ઉપકારબુદ્ધિ જન્મતી હશે..."

અહીં સુખવંતનો અવાજ કંપવા લાગ્યો. તેના શરીરમાં ધ્રૂજારી આવવા માંડી. તેનો અવાજ તૂટયો, ખોખરો બન્યો, તેણે ઝટપટ ઉમેર્યું:—

"આખા હિંદુસમાજના પ્રતિનિધિ તરીકે હું શ્રીગુરુદેવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજાનો આરંભ કરૂં છું."

એટલું બોલી સુખવંત સ્વસ્થ થયો ને સિંહાસન ભણી ચાલ્યો. તેની તમામ ધ્રૂજારી જતી રહી. શિષ્યો મનમાં બબડયા:

"ઓહો! ગુરુનો પ્રતાપ છે કંઇ? આ છોકરાના ચોરાશી ભવના ફેરા ટળી જશે."

સુખવંત સિંહાસનની છેક નજદીક પહોંચ્યો. રત્નજડિત થાળી માંહેની વાટકીઓમાંથી તેણે ઘોળેલું ચંદન લીધું. ગુરુજીએ અર્ચનનો સ્વીકાર કરવા મુખ નીચું નમાવ્યું. ચંદન ચોપડીને ચોખા લેવા સુખવંત હેઠો વળ્યો. તેનો એક હાથ ખિસ્સામાં ગયો. બીજીજ પળે એ હાથ ઉંચો થયો. શિષ્યોએ કંઇક ચળકાટ જોયો. એ શું હતું તેની ખબર કોઇને ન પડી, ગુરુદેવે માથું જરા વધારે નીચું કર્યું.

આ બધું એકજ સેકંડમાં બની ગયું. બીજી સેકંડ પૂરી થતાં પહેલાં તો સુખવંતના બંને હાથ ગુરુના કપાળ અને મોં ઉપર અજાયબ ત્વરાથી ચોંટયા. શું થાય છે તેનું કોઇને ભાન રહે તે પહેલાં તો ગુરુદેવે કારમી ચીસ નાખી. એ ચીસમાં જાણે કે ગુરુ-દેવના મૃત્યુનો ઘંટ ગાજી ઉઠયો.

"શું થયું? શું થયું?" પાંચ હજાર શિષ્યોએ બૂમ મારી.

સુખવંત શિષ્યો સામે ફર્યો. શિષ્યોની નજર ગુરુના મોં ઉપર પડી. ગુરુદેવનું આખું નાક અને ઉપલો હોઠ અદશ્ય થયાં હતાં. સુખવંતના હાથ લોહીથી ખરડાયલા હતા. ગુરુદેવનું નાક-હોઠ વિનાનું લોહીલોહાણ મોં લાલ રંગથી ભયાનક લાગતું હતું અને ગુરુદેવ કારમી ચીસો નાખતા હતા.

શિષ્યો આભા બની ગયા. સૌ બાઘા મંડળ જેમ એકબીજા સામું અને પછી ગુરુદેવ સામું જોવા લાગ્યા.

જાણે કે મૂર્ચ્છામાંથી અચાનક જાગી ઉઠયા હોય તેમ પચીસ પટ્ટશિષ્યો ઝબાક કરતા ઉભા થઇ ગયા, એમણે રાડ નાખી.

'દુષ્ટ શયતાન! હરામી! ગુરુદેવ ઉપર આવો ભયંકર અત્યાચાર!'

પચીસેય જણા સુખવંત ઉપર કાળની જેમ ધસ્યા.

ગુરુદેવના કારમા બરાડા વધારે જોરથી સંભળાવા લાગ્યા.

વીજળીના વેગે સુખવંત કૂદ્યો.

"ખબરદાર! અંધ, પામર જંતુઓ! ત્યાંજ ઉભા રહેજો."

સુખવંતનો હાથ ઝભ્ભાના ખિસ્સામાં ગયો અને તુરતજ બહાર નીકળ્યો. એ હાથમાં કાળઝાળ રિવોલ્વર ચમકી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહાસન નજીકના બારણાનો ઓથ લઇ તે ઉભો.

"ખબરદાર! જો એક ડગલું પણ આગળ વધ્યા તો."

તેનો હાથ રિવોલ્વર સમેત ઉંચો થયો. લબલબી ઉપર તેની આંગળી મંડાઈ ગઈ.

પાંચ હજાર માણસોની મેદનીને એક જ રિવોલ્વરથી હાંકતો અને ડારતો; ઘોડો દબાવી ગોળી છોડવાની ધ્રુજારી આપતો તે બુલંદ અવાજે બોલ્યોઃ—

"પામર માણસો! તમારી મા–બહેનોનાં શિયળ છીનવી લેનાર અને ઉપરથી તમારા પૈસા લૂંટનાર આ હરામખોરને તમે હજુ નથી ઓળખી શક્યા. જીંદગીભરની તેની શયતાનિયતનો આજે મેં બરાબર બદલો આપ્યો છે. એ કુત્તાને તો ગોળીથી ઠાર કરવો જોઇએ. પણ તેનાં પાપોનાં પ્રદર્શન જેવું નાકહોઠ વિનાનું કદરૂપું મોં લઇ તે દુનિયામાં ફરે અને જગત આખું તેની ભયંકર લીલા જાણે એટલા માટેજ મેં તેની આ હાલત કરી છે."

પાછે પગલે સુખવંત બારણામાં ગયો, ત્યાંથી બહાર નીકળ્યો. નામર્દ અંધ શ્રદ્ધાળુ શિષ્યો થીજી ગયા, સાક્ષાત્ મરણદૂત જેવા પહેલવાન યુવકની પાસે જવાની તેમની તાકાત નહોતી.

ગભરામણની મૂર્છામાંથી શિષ્યો જાગ્યા ત્યારે સિંહાસન ઉપરથી નીચે ગબડી પડેલા ગુરુદેવના કાનફોડ બરાડા વાતાવરણને ભરી રહ્યા હતા.

(તા. ૨૪-૯-'૩૩ ના "પ્રજામિત્ર કેસરી" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧–આઇસક્રીમ

(લેખકઃ-શ્રી. સીતારામ શર્મા)

ઉષ્ણતામાપક શીશીનો પારો ૧૦૫ ડીગ્રી ઉપરથી હમણાંજ એ અંશ નીચે ઉતર્યો હતો. સાંજના પાંચ વાગવા છતાં વાતાવરણ જરાયે ઠંડુ પડયું નહોતું. મુંબઇનાં શ્રીમંત માનવીઓ વીજળીના પંખા વડે આરામ શોધતાં ગરમીને ગાળો દઈ રહ્યાં હતાં, તે વખતે વિપિન વિલ્સન કૉલેજની પાછળની ભપકાદાર હોટલમાં ગરમીના મારણ અર્થે આઇસક્રીમ પર હાથ ચલાવી રહ્યો હતો.

ઉતાવળે ઉતાવળે એ ચાર ચમચા પેટમાં ઉતારીને તે હાથમાં ચમચો રમાડતો બેઠો, અને એના માથામાં વિચારનાં વમળોની હારમાળા ચાલી:

"આ આઇસક્રીમના પૈસા કોણ ચૂકવશે?"

"અલબત્ત હુંજ."

"પણ તે માટે તારી પાસે પૈસા કયાંથી આવ્યા?"

"કેમ વળી, બાપાજીએ મોકલ્યા."

"પણ બાપાજીની પાસે એ પૈસા કયાંથી આવ્યા?"

"અમારાં ખેતરો ખેડતા ખેડૂતો પાસેથી."

આઇસક્રીમની ઘટ્ટતા ધીરે ધીરે ઓગળી પ્રવાહી રૂપ લેતી હતી; પણ વિપિનનું તે તરફ ધ્યાન નહોતું. તેની વિચારપરંપરા ચાલ્યાજ કરતી હતી.

"પરંતુ બાપાજી એ પૈસા પેદા કરવા માટે કંઇ મહેનત કરે છે?"

"ના, એમને વારસામાં ખેતરો, કારખાનાના શેર્સ અને દાગીના તેમજ રોકડ રકમ મળી છે. તેમાંથી એમને ખેડૂતો અને કામદારોની કાળી મજૂરીમાંથી નિયમિત નાણાં મળ્યેજ જાય છે."

"ત્યારે તો આ આઇસક્રીમના પૈસા મારા પિતા પાસેથી નહિ, પણ એ ખેડુતો અને કામદારો પાસેથી મળે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને હું તેના બદલામાં એમને શું આપું છું?"

"કશુંજ નહિ."

"ત્યારે હું કોઈ પણ જાતનો બદલો આપ્યા વિના એમની કાળી મજૂરી પર આ એશઆરામ ભોગવી રહ્યો છું? કંઇ પણ મહેનત ન કરવા છતાં આ ગરમી મારાથી સહન થઈ શકતી નથી, તો જેઓ મારા આઇસક્રીમના પૈસા આપવા માટે આથી પણ અધિક તાપમાં, બળતા બપોરે, સળગતા વાતાવરણમાં, ખેતરોમાં અને કારખાનાના ગુંગળાવી નાખનારા વાતાવરણમાં કામ કરી રહ્યા હશે, તેમને શું નહિ થતું હોય?"

વિપિને ચમચો ટેબલ પર પટક્યો. તેને પોતાની જાત પર તિરસ્કાર આવ્યો, એણે હોટેલવાળા ઇરાનીને આપવા પૈસા કાઢ્યા. એ પૈસા જોતાંજ તે કંપ્યો. એ ચાંદીના સિક્કા નહોતા, વિપિનને મન એ દૂરના ગામડાના ખેતરમાં મજૂરી કરતા ખેડૂતોના અને શહેરના કારખાનામાં યંત્રો સાથે આથડતા કામદારોના રક્તથી તરબોળ અસ્પૃશ્ય વસ્તુ હતી.

* * *

વિપિનને તે રાતે ઉંઘ ન આવી. આખી રાત તેણે વિચારમંથનમાં ગાળી.

"તને કોઇ પણ જાતના બદલા વિના આ પૈસા વાપરવાનો શું અધિકાર છે?" એજ પ્રશ્ન તે પોતાને પૂછતો હતો. એની બુદ્ધિ પ્રત્યેક વખતે પ્રત્યુત્તર આપતી: "કશોજ નહિ, કશોજ નહિ."

બીજાના રક્તનાં નાણાંથી એ મુંબાઇમાં રહે, વૈભવવિલાસ માણે, કૉલેજનું શિક્ષણ લે, અને એના એ બધા જીવનના ઉલ્લાસ માટે નાણાં પૂરાં પાડનારનાં બાળકોને પેટ પૂરતું ખાવાનું કે શરીર ઢાંકવા કપડાં પણ ન મળે એથી વિશેષ અન્યાય બીજો કયો હોઇ શકે?

એ વિચારો એને હજારો વિંછીઓના ડંખ જેવા લાગ્યા.

સવારે ઉઠ્યો ત્યારે એણે છેવટનો નિર્ણય કરી નાખ્યો હતો. એને હોસ્ટેલમાં રહેવું ધખધખતા અંગારા પર બેસવા જેવું લાગ્યું.

તેણે એ હોસ્ટેલનો ત્યાગ કર્યો, કૉલેજને છેલ્લા રામરામ કીધા અને સિનિયર બી. એ. નો એ વિદ્યાર્થી પોતાના શ્રમ સિવાય બીજાની મહેનતનાં નાણાંથી નહિ જીવવાનો નિરધાર કરીને મુંબાઇના રાજમાર્ગ પર નીકળી પડ્યો.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિપિન કોઇ પણ જાતના નિશ્ચય વિના પરેલ તરફ ઘસડાઇ રહ્યો હતો, તેને એલ્ફિન્સ્ટન બ્રિજ આગળ એક જૂનો મિત્ર અકસ્માત્ મળી ગયો. કામદારોના સંઘમાંજ એ કામ કરે છે એવું જાણ્યું એટલે વિપિનને આનંદ થયો. તેણે એને પોતાના મનોભાવ જણાવ્યા. આગલી રાતની ઘટનાનું અને પોતાની મહેનત વિનાના પૈસા નહિ ખર્ચવાના નિશ્ચયનું સ્મરણ કરાવ્યું, ત્યારે તે મિત્ર એના બન્ને ખભા પકડી મમતાથી તે હચમચાવી નાખતાં બોલી ઉઠ્યો:

"વિપિન! ત્યારે તો આઇસક્રીમની એક રકાબીએ તને સમાજવાદી બનાવ્યો?"

"બેશક, એ બરાબર છે."

"ચાલો, એક બિરાદર વધ્યો."

રંગીલ! તું મને અહીંજ મળી ગયો તે ઠીક થયું, નહિ તો જે લત્તામાં મેં અગાઉ કદી પગ પણ મૂક્યો નહોતો, ત્યાં હું આથડી આથડીને થાક્યો હોત."

"બિરાદર! હવે તારો એ તમામ થાક ઉતરી જશે."

*

* *

શ્રીમંત માતાપિતાના એકના એક પુત્રે રંગીલની મદદથી શ્રમજીવીઓના જીવનમાં પહેલવહેલું ડોકીઉં કર્યું ત્યારેજ એની આંખ બરાબર ઉઘડી.

પૈસાના જોર પર ઉજ્જવળતાનો સ્વાંગ સજી સમાજમાં માન પામતા, આળસુ માણસો જેમનાં આર્થિક શોષણ પર તાગડધિન્ના કરે, તેઓ કેવા અત્યાચારોને ઉત્તેજન આપે છે તેમના ખર્ચાળ વૈભવ, વિલાસો, તેમના બંગલાઓનો ઝળહળાટ, એમની ભવ્ય મોટરોનો ઠઠેરો, એમના મોંઘા પોશાક અને કિંમતી આભૂષણોની પાછળ કેવી ભીષણ કંગાલિયત, ગુલામી, શોષણનીતિ, અન્યાય, અનાચાર, અત્યાચાર અને અનર્થપરંપરાઓ રહેલી છે તે એણે નજરોનજર જોયું, ત્યારે પોતે જે વર્ગમાં જન્મ્યો હતો તે વર્ગના મુઠ્ઠીભર માણસો લાંખ્ખો નહિ પણ કરોડો મનુષ્યોના જીવનસત્ત્વને ચૂસતા એજ વર્ગના હિતનો નિરંતર સામનો કરી રહ્યા છે તે વાત સમજી શક્યો.

રંગીલ દ્વારા એણે કામદાર સંઘના સંચાલકો સાથે સ્નેહ બાંધ્યો, ત્યારથી દરરોજ એ કામદારોની ચાલીઓમાં રખડતો; પણ પહેલી વખત તેણે ચીંચપોકલીની એક અંધારી ચાલમાં પગ મૂક્યો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામદાર જીવન કોને કહે છે તે એણે સગી આંખે જોયું અને એનું સર્વાંગ કંપી ઉઠ્યું.

છેક્જ અંધારી ચાલ, ચારે દિશાઓદ્વારા ગટરમાંથી નીકળતી બદબો, નિરાશા, ભય, શોક, નિરુત્સાહ, સંતાપ અને વેદનાના કાજળ સમા વાતાવરણમાં ડૂબેલા એ મકાનની પહેલીજ ઓરડીમાં એક સ્ત્રી ચીંથરાંમાં વીંટાઇને વેદનાના ઉંકારા કરી રહી હતી. એની પડખે એનું દશ દિવસનું છઠ્ઠું બાળક હતું. જો બે દિવસમાં કામ પર ન જાય તો એની નોકરી જવાની ધમકી એને મળી ચૂકી હતી તે માટે એનો બેકાર ધણી તેને છેલ્લી ચેતવણી આપી હમણાંજ દુઃખને દફે કરવા દારૂની દુકાન તરફ ઉપડી ગયો હતો.

તેઓ પાંચ છ બંધ ઓરડીઓ પસાર કરીને આગળ ગયા ત્યાં એક ઓરડીમાં રડારોળ મચી રહી હતી. કુટુંબનો મુખ્ય માણસ તે સવારે મિલના યંત્રમાં છુંદાઇને મરી ગયો હતો, તેને જોઇને બધાં હમણાંજ જ્યુરી હાઉસમાંથી પાછાં આવ્યાં હતાં.

બીજી ચાલમાં એક અંધારિયા, ગંધાતા કાતરિયામાં એક બુઢ્ઢો કામદાર મરણનાં છેલ્લાં ડચકાં લેતો હતો. તેણે સારૂંયે જીવન કારખાનામાં મજૂરી કરીને ગાળ્યું હતું અને છેલ્લા છ મહિનાની બેકારી એનું જીવન સાવ ચૂસી રહી હતી.

આવા અનુભવ વિપિન માટે દરરોજના થઇ પડ્યા હતા. દિવસના બાકીના ભાગમાં તો કામદારોના જીવનને સુધારવાના માર્ગો સૂચવનાર સાહિત્ય વાંચતો અને કામદાર ચળવળના નેતાઓનાં ભાષણો સાંભળવામાં ગાળતો.

*

* *

વિપિને એકાએક કૉલેજ છોડી તેથી એના શ્રીમંત જાગીરદાર પિતા તેની પર છેડાયા હતા, અને તે જો વેળાસર સમજી જઇને એ નાશકારક માર્ગથી પાછો ન વળે તો એને તેના વારસાહક્કમાંથી બાતલ કરવાની ધમકી એણે આપી દીધી હતી.

પરંતુ વિપિને જવાબમાં પોતાનો છેલ્લો નિર્ણય સંભળાવી દઇ, ખેડુતો અને કામદારોનાં રક્તથી છંટાયલાં નાણાંની પોતાને જરૂર નથી એવું લખી નાખ્યું હતું.

વિપિનને નવા જીવનમાં આનંદ પડતો હતો, એની ગર્ભશ્રીમંત મનોદશાના અવસાનમાંથી તેને એ નવું જીવન સાંપડ્યું હતું અને તે એ નવજીવનને છોડવા તૈયાર નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કામ કરે તેનેજ ફાળે એની મહેનતનું તમામ ફળ જવું જોઇએ, બેઠાખાઉઓને પારકી મહેનત પર તાગડધિન્ના કરવાનો કશોજ અધિકાર ન હોવો જોઇએ, એ સિદ્ધાંત એના રક્તમાં મિશ્રિત બની ગયો હતો.

*

* *

"વિપિન ! તારે તારાંજ ગામડાંમાં જઇ ખેડૂતોને જાગ્રત કરવા જોઇએ. એ ખેડૂતોમાં પણ જાગૃતિ નહિ આવે ત્યાં સુધી આ દેશના કરોડો માનવોની ગુલામીની શૃંખલાઓ તૂટવાની નથી."

વિપિનના ગામ તરફ દુષ્કાળ પડયો હતો, અને તેની ચર્ચા-પ્રસંગે એના કામદાર મિત્રો એને એ પ્રમાણે સલાહ આપી રહ્યા હતા.

એ સલાહમાં સમાયલું સત્ય વિપિન સમજી ગયો, અને બીજીજ ગાડીમાં તે પોતાના પિતાનાં ખેતરો ખેડતા ખેડૂતોના ગામ તરફ ઉપડી ગયો.

શહેરના કામદારો કરતાં ગામડાંના ખેડૂતોની દશા વિશેષ ખરાબ હોય છે.

જુદાં જુદાં ખેતરોમાં કામ કરવાને લીધે એમનામાં વર્ગીય-ભાનનો છાંટો પણ નહોતો, વ્યક્તિવાદથી એ સૌ પછડાયા હતા. શરાફ, જમીનદાર, ન્યાતનો ગોર, મંદિરનો બાવો, મહાભારતની કથા કરનાર માણભટ, એને જળોની માફક વળગી તેનાં ધન અને બુદ્ધિને ચૂસી રહ્યા હતા. એમને ભગવાન, નશીબ અને પુનર્જન્મના પાપી ચક્કરમાં એ લોકોએ એવા ફસાવ્યા હતા કે તેમનામાં સમૂહ-ભાન અને સ્વહિત સારૂ જાગૃતિ ઉત્પન્ન કરવી એ મુશ્કેલ હતું.

છતાં વિપિનને મુશ્કેલીઓનો સામનો કરવાની તાલીમ મળી હતી, એટલે તેણે ખંતથી પોતાનું કામ ચાલુ રાખ્યું અને દુષ્કાળની આફતના ઓળાઓ જેમની પર શિકારી પશુઓની માફક ઘુરકી રહ્યા હતા, તે ખેડુતોને તેણે પોતાના જાગીરદાર પિતાની ચૂસણનીતિની રીતો સમજાવી, ઉલટી સમાજવ્યવસ્થા પરિવર્તન કરવા તૈયાર કરવા માંડયા.

*

* *

રાત્રિના અંધકારના અવસાનમાંથી ઉગતાં ઉષાનાં અજવાળાંની માફક એમનાં અજ્ઞાનનાં અંધકારનાં પડ ધીરે ધીરે સરી પડતાં ગયાં, તેમ તેમ જ્ઞાનનાં આછાં ઝાંખાં અજવાળાંનો ઉદય થતો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી જમીનના માલીકો અને શરાફોમાં ખળભળાટ શરૂ થયો.

તેમણે તલાટી, કારકુન, મુખી અને ફોજદારની સમક્ષ એ ભયંકર હિલચાલમાંથી ઉભા થનારા ભયની આજીજીઓ શરૂ કરી, એમની મદદની માગણી કરી.

દમન જાગૃતિની માતા છે.

ખેડુતો પર દબાણ શરૂ થયું, વિપિનના પંજામાંથી છૂટી જવા માટે એમને ધમકીઓ અપાવા લાગી, તેમ તેમ પ્રત્યાઘાતરૂપે ખેડુતોમાં આત્મભાન અને સામુદાયિક ભાવના ઉગવા લાગી.

"આ ચળવળને ઉગતીજ દામવી જોઇએ."

"આ બીજું કંઇ નહિ પણ ક્રાંતિનાજ રસ્તા છે."

"સત્તાવાળાઓએ સખ્ત હાથે કામ લેવું જોઇએ."

"અમેજ મહેસુલ અને આયપત વેરો ભરનારા છીએ તેથી અમારા હિતના સંરક્ષણ માટે જો વેળાસર પગલાં નહિ લેવાય, તો સરકારને જ તેથી નુકસાન થશે."

શરાફોએ અને જમીનદારોએ એ રીતે ચળવળ શરૂ કરી.

વિપિનના પિતાએ તેમાં સરદારી લીધી. પિતા અને પુત્ર અકસ્માત્ સામસામે થઈ ગયા.

*

* *

વિપિન પર ખેડુતોને ઉશ્કેરવાનો આરોપ મુકાયો.

મુકદ્દમો ચાલ્યો. એના પર તહોમતનામું ફરમાવવામાં આવ્યું.

વિપિનના પિતાએજ પોતાના ખેડુતોમાં અસંતોષ ઉત્પન્ન કરવાની ચળવળ કરવાની સાબીતી આપનાર જુબાની આપી.

વિપિને એકરારનામામાં વર્તમાન સમાજવ્યવસ્થા પર તહોમતનામું રજુ કર્યું.

એના પિતાએ તેને ફરીથી એક વખત એ 'નાશકારક માર્ગ'થી પાછા વળવા સમજાવ્યો.

વિપિને પિતાને તેમનોજ માર્ગ કેવો નાશકારક છે, એ સમજાવ્યું. પોતાના માર્ગને એણે જગતને નાશમાંથી બચાવી લેનારો સાબીત કરી બતાવ્યો.

વિપિનને બે વર્ષની સખ્ત મજૂરીની સજા ઠોકાઈ.

*

* *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈશાખનો મધ્યાહ્ન સળગી રહ્યો હતો, જેલરની ઑફિસમાંની દિવાલે લટકતા ઉષ્ણતામાપક યંત્રનો પારો ૧૦૮ ડીગ્રી પર પહોંચ્યો હતો.

તુરંગના ચક્કીખાતામાં વિપિન ૪૦ શેર જાર દળવાની વરદી પૂરી કરવાના હુકમનું પાલન કરતો, ભારે પથ્થરની ઘંટી ફેરવી રહ્યો હતો.

એનું શરીર પરસેવાથી રેબઝેબ બની ગયું હતું. ઉડતો આટો પરસેવા સાથે ભળી તેના શરીર પર લેપ લગાવી રહ્યો હતો.

સળગતા વાતાવરણમાં એનું રોમેરોમ ચચણી રહ્યું હતું.

સમયના અંતરને વટાવી એની કલ્પના જૂના ઇતિહાસની ઝાંખી કરતું હતું.

પેલી આઇસક્રીમની રકાબી એની આંખ આગળ તરવરી રહી.

મનમાં ને મનમાં એ બોલી ઉઠ્યોઃ "પારકી મજૂરીની લૂંટના એ આઇસક્રીમ કરતાં આ જાતમજૂરીમાંથી ટપકતાં પરસેવાનાં બિંદુઓ જગતના કચડાયલા વર્ગને વિશેષ ઉપયોગી બનવાનાં છે. આ પ્રસ્વેદનાં બિંદુઓના વારિથી પોષાતી જાગૃતિની વેલ એક સમયે જગતના શોષિત વર્ગને કાયમની ઠંડક આપશે."

એ વિચારે તેનામાં નવું બળ આવ્યું, તેનાથી ત્યારે આપોઆપ હસી જવાયું. એ હાસ્યમાં ગર્ભશ્રીમંતાઇનો આત્મસંતોષ નહોતો, તેમાં હતો જાગ્રત ક્ષુધાર્તોના અસંતોષનો ઉકળતો લાવા.

(તા. ૧૭-૧-૧૯૩૩ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦–બ્રાહ્મણતનયાની વહારે*

(લેખક:–શ્રી. રણછોડજી રતનસિંહ મહીડા)

"નાથ! માનો. આ અધર્મી વિચાર છોડી દ્યો. પ્રજાની વહુબેટી તે તો રાજાનાં છોરૂ ગણાય, અને વળી બ્રાહ્મણની દીકરી એ તો તુળસીનો ક્યારો કહેવાય, નાથ!"

"તારા જેવી ભગતાણીઓની સલાહ માનવા હું નથી માગતો. તું તારે ટીલાં ટપકાં કર્યાં કર."

"પણ નાથ! મને આપણી પાયમાલીના ભણકારા વાગે છે, અને એથી વધુ ફિકર તમારા આત્માની અધોગતિની છે. મારૂં કહ્યું આપ માનો અને ગરીબ બ્રાહ્મણ ઉપર થતો જુલમ અટકાવી તેની દીકરીને પોતાની પુત્રી સમજી એની ખુશી પડે ત્યાં પરણાવવા દ્યો."

"મારા રાજ્યની કોઇ પણ વસ્તુને મારી મરજી મુજબ ભોગવવાનો મને સંપૂર્ણ હક્ક છે."

"અરે મારા નાથ! આ વસ્તુ નથી. પ્રજાનાં છોરૂ તે તો આપણાં બેટાબેટી ગણાય."

"ખબરદાર! આજ પછી હવે આ બાબતમાં તારી આવી પંડિતાઇ મારી પાસે લાવી છે તો. તું બહુ ભગતડી હો તો જા, જંગલમાં જઇને એક ઝુંપડું બાંધી ત્યાં તારી ભક્તિ કર્યા કરજે. અને હું એ સુંદર હંસલીથી મારો રણવાસ શોભાવીશ. મારી એ ઇચ્છા મજબૂત છે. જે કોઇ તેની આડે આવશે તે આ અરજણની કામઠીનો ભોગ થશે."

"પંચમહાલના એ ડુંગરી પ્રદેશમાં આવેલા કુમકુમ થાંભલાનો ભીલ ઠાકોર અરજણ પોતાના ગામના એક બ્રાહ્મણની દિકરીના સૌંદર્ય પર મૂઢ બની તેની સાથે બળાત્કારે લગ્ન કરવા તલપાપડ થઇ રહ્યો હતો અને પોતાની એ પિચાશી મુરાદ બર લાવવા બિચારા ગરીબ બ્રાહ્મણ ઉપર અનેક પ્રકારના જુલમ ગુજારી રહ્યો હતો.

* (વિક્રમ સંવત્ ૧૦૮–૧૦ ની ઐતિહાસિક ઘટના આધારે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ અરજણની સ્ત્રી સાધ્વી અને પવિત્ર બાઇ હતી. તે પોતાના પતિને આ અનાચારના પંથેથી પાછો વાળવા ઉપર પ્રમાણે આજીજી કરી રહી હતી; પરંતુ અરજણ કોઇ રીતે સમજ્યો નહિ ત્યારે એવા અધર્મી પતિનું પડખું છોડી ભીલરાણી જંગલમાં એક ઝુંપડી બાંધી ત્યાં પોતાનું પવિત્ર જીવન ગાળવા લાગી. અરજણનો બ્રાહ્મણ ઉપરનો ત્રાસ દિવસે દિવસે વધતો ગયો. બ્રાહ્મણ બિચારો કાયર કાયર થઇ ગયો. તેણે પોતાની પુત્રીના બચાવ માટે અનેક ઉપાયો શોધી જોયા, પણ એકે કામ આવે તેમ જણાયું નહિ, તેમજ કોઇએ તેને આશરો પણ આપ્યો નહિ. આખરે બ્રાહ્મણની ધીરજ ખૂટી રહી. ભીલ રાજા અરજણનો ત્રાસ વધતોજ જતો હતો, અને આવતા કારતક માસની સુદી બારશને દિવસે જો લગ્ન નહિ કરે તો તેને જીવતો બાળી મૂકી તેની છોકરીને બળાત્કારે ઉપાડી જવામાં આવશે, એવી ખબર બ્રાહ્મણને મળી. આથી બ્રાહ્મણની ઉંઘ-ભૂખ મરી ગઇ. તેને ખાવું ભાવે નહિ તેમ ઉંઘ પણ આંવે નહિ. આમ છ છ મહિના દુઃખમાં વીત્યા. બ્રાહ્મણ સુકાતો ચાલ્યો. તેનું આ દુઃખ તેની દિકરીએ કળી લીધું; અને પૂછવા લાગી: "પિતાજી! આજે છ છ મહિનાથી તમો ધરાઇને અન્ન ખાતા નથી, એટલુંજ નહિ પણ રાતમાંએ વારંવાર ઝબકી ઉઠો છો. એવી શી ચિંતા તમારે માથે આવી પડી છે?"

બ્રાહ્મણ—"બેટા! કાંઇ નહિ. હોય, એ તો વહેવાર છે તે પાંચ દહાડા ચિંતા પણ હોય."

પુત્રી—"ના બાપુ! ખરી વાત કહો. મેં બહુ દહાડા જોયા કર્યું. આજે તો ખરો ખુલાસો ન કરો તો તમને મારા સોગન છે."

બ્રાહ્મણ—"બેટા! બીજું કાંઇ નહિ પણ આ ગોઝારા અરજણની દાનત બગડી છે."

પુત્રી—"શું મારા ઉપર?"

બ્રાહ્મણ—"હા બાપ."

પુત્રી—"તે એ શું કરી નાખશે?"

બ્રાહ્મણ—"શું શું? મને બાંધીને લઇ જશે અને તમને..."

પુત્રી—"મને? શું મને પણ લઇ જશે?"

બ્રાહ્મણ—"જરૂર"

પુત્રી—"પિતા! ફિકર નહિ. દેવાધિદેવ આપણી વા'ર કરશે."

બ્રાહ્મણ—"અરે બેટા! દેવાધિદેવને વા'ર કરવી હોત તો ક્યારની કરત. હવે તો એકજ દિવસ વચમાં છે."

"આજે દશમ થઇ, કાલે અગીઆરશ ને પરમ દિવસે તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલોનાં ટોળાં આપણા ઘરને ઘેરી લેશે."

પુત્રી—"બાપુ ! કાંઈ ફિકર નહિ; થાવ તૈયાર."

બ્રાહ્મણ—"ક્યાં જઈશું બેટા ? આપણને કોણ ઉગારશે ? "

પુત્રી—"અરે કોણ શું ? દુઃખિયાંનો બેલી ભોળો નાથ ઉગારશે. "

બ્રાહ્મણ—"કોણ ગુર્જરેશ્વર મહાદેવ ? "

પુત્રી—"હા બાપુ ! "

બ્રાહ્મણ—"અરે ભોળી છોકરી ! ગુર્જરેશ્વર પણ અત્યારે ઉંઘી ગયો હશે; નહિ તો બ્રાહ્મણની આ દશા ન હોય."

પુત્રી—"બાપુ ! દેવનું અપમાન ન કરો; અને બાંધો તલવાર. જો એ ભોળો શંભુ આપણી વા'ર કાલ બપોર સુધીમાં ન કરે તો આપણે કમળપૂજા કરી બન્ને બ્રહ્મદેહ તેને અર્પણ કરી પરલોકમાં તેના ચરણ સમક્ષ હાજર થઈશું."

*

* *

"વિદ્યારામ !"

"જી બાપુ ! "

"આપણે બહુ મજલ કાપી નાખી; પણ ક્યાંએ ગામ જણાતું નથી. હવે તો સવારો પણ અકળાયા હશે, અને ઘોડાં પણ ભૂખ્યાં થયાં છે. આ વનરાજીમાંજ આપણે મુકામ કરીએ, અને દાળ ખાખરા બનાવી રોટલા જમીને સાંજના પ્રયાણ કરીશું."

વિદ્યારામ—"ભલે બાપુ ! આપની મરજી."

ટુકટોડાના મહારાજ બળકંદદેવના નાના ભાઈ દળકંદદેવ પર્યટનાર્થે પોતાના મિત્ર વિદ્યારામ તથા થોડાએક સરદારોની ટુકડી લઈ ગુજરાત તરફ નીકળી આવેલા તે આ પંચમહાલની ઝાડીઓમાંથી પસાર થતા હતા. કોઈ ગામ આવે તો મુકામ કરવાની ઇચ્છા હતી, પણ એ ભીલાડ પ્રદેશમાં કંઇ ગામનાં ઠેકાણાં ન હોવાથી ઉપર પ્રમાણે વનરાજીમાંજ મુકામ કર્યો. થોડી વારમાં તો ખાસદારોએ લાકડાં લાવી દેવતા સળગાવી રસોઇ તૈયાર કરી નાખી; પરંતુ મહારાજ દળકંદદેવ શંકરનાં દર્શન કર્યા સિવાય ભોજન લેતા ન હતા. સરદારો આજુબાજુ શિવાલયની શોધ કરી વળ્યા; પણ ક્યાંય શિવાલય જડયું નહિ. સૌ નિરાશ થઇ પાછા આવ્યા. ભૂખ તો લાકડાં કરડે તેવી સૌને લાગેલી, પણ મહારાજનું વ્રત ભંગાય કેમ ? છેવટે દળકંદદેવ પોતે ઘોડે ચઢીને આજુબાજુ શિવાલયની શોધમાં નીકળી પડયા. એવામાં દૂર એક જૂના ખંડિયેર જેવું મકાન દેખાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જઇને જોયું તો તે ખરેખર શિવાલયજ હતું. દળકંદદેવ ઘોડેથી નીચે ઉતરી મંદિરમાં પેસવા જાય છે તેવાંજ અંદર એક વૃદ્ધ બ્રાહ્મણ તથા એક જુવાન બ્રાહ્મણતનયાને હાથમાં તલવારો લઇ શિવલિંગ ઉપર માથાં ધરી પોતપોતાનાં ગળાં કાપી મહાદેવની કમળપૂજાની છેલ્લી આહુતિ આપવાની તૈયારીમાં દીઠાં.

"સબુર" કહી એકદમ છલંગ મારી બન્નેના સમશેરના ઘા કરવા ઉંચા થએલા હાથ દળકંદદેવજીએ એકદમ પકડી લીધા.

"છોડો ભાઇ! અમને મરવા દ્યો. અમારે માટે આ સિવાય બીજો રસ્તોજ નથી. અમને અભાગીઆંને મરતાં અટકાવી તમે ઉલટા પાપમાં પડશો. માટે તમે તમારે રસ્તે ચાલ્યા જાવ, અને અમારા દુર્ભાગી જીવનનો અંત આણી પ્રભુના દરબારમાં હાજર થતાં અમને તમે રોકો મા."

દળકંદદેવ—"અરે વૃદ્ધ પુરુષ! હું ક્ષત્રિયના દેખતાં એક અબળાની આત્મહત્યા થાય તે પહેલાં મારા પ્રાણ દેહથી છૂટી જવા જોઇએ. તમે નિર્ભય છો. તમારૂં ગમે તેવું સંકટ ફેડવાને મારૂં વચન છે."

બ્રાહ્મણ—"મહારાજ! દુઃખીઓ માટે આટલી લાગણી ધરાવો છો તેથી પ્રભુ તમારૂં કલ્યાણ કરશે; પરંતુ અમારી બાબત એવી ગંભીર છે કે તેમાં કોઇથી વા'ર થઇ શકે તેમ છેજ નહિ. માટે આપ અત્રેથી આપને પંથે પધારો ને સુખાળવા થાવ."

દળકંદદેવ—"હું આ શંકરની પિંડી પર હાથ મૂકી પ્રતિજ્ઞા કરૂં છું કે જ્યાં સુધી તમારૂં દુઃખ ફેડું નહિ ત્યાં સુધી અન્નપાણી હરામ છે."

બ્રાહ્મણકન્યા—"મહારાજ! આપે તો ગજબ કર્યો અને અમો બે ભેગી એક આપની પણ જરૂર હત્યા થશે. અરે! હું કેવી ગોઝારી કે મારે માટે કોણ જાણે કેટલાંએ મનુષ્યોના વધ થવા સરજાયા હશે!"

દળકંદદેવ—"બેટા! ફિકર ન કર. સૌની લાજ ભોળો શંભુ રાખશે. તને શું દુઃખ છે તે મને ચોખ્ખેચોખ્ખું સમજાવ."

બ્રાહ્મણ—"મહારાજ! આ જંગલની પાસેજ કુમકુમથાંભલા ગામ છે. હું ત્યાંનો બ્રાહ્મણ છું. મારી આ એકની એક દીકરી છે. તેનું અમારા ગામના ભીલ ઠાકોરે માગું કર્યું છે. કાલે બપોર સુધી રાહ જોઈ તે બળાત્કારે એને ઉંચકી જશે. હવે આપ અમારૂં સંકટ સમજ્યા હશો; માટે અમને મરવા દ્યો મહારાજ! એ ભીલ બહુ જબરો છે. આજુબાજુનાં લાખો ભીલડાંઓ એની મદદે આવશે, અને લાખો કામઠીમાંથી આપની સામે તીર છૂટશે. અંતે આપણું કાંઇ વળશે નહિ ને બધી બાજી બગડી જશે. આજે રાતના અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુપચૂપ નાસી આવ્યાં છીએ. અત્યારે તો ત્યાં અમારી શોધાશોધ થતી હશે. અને જો વધારે વાર થશે તો એ જમદૂત સમા ભીલો અહીં સુધી આવી પહોંચ્યા સમજજો. અને અમારૂં બધું ધૂળ મળી જશે. માટે મહારાજ ! આપ હઠ છોડી દ્યો. હું ફરીથી કહું છું કે અમારો બચાવ કોઈથી થઇ શકે તેમ છેજ નહિ.”

દળકંદદેવ—“અરે બ્રાહ્મણ ! શુદ્ધ રાજપૂતને વાચા અને વચન એકજ હોય છે. બધી ફીકર જવા દ્યો, અને હું કહું તેમ કરો. જુઓ, જાણે કે કાંઇ બન્યુંજ નથી એમ સમજાવી તમારે અરજણને કહેવું કે, હું ખુશીથી મારી દીકરી તમને પરણાવીશ. અને તમારે લગ્નની ધામધૂમ કરવા માંડવી. મારા કેટલાક સરદારો તથા મારો એક બ્રાહ્મણ-મિત્ર વિદ્યારામ મારી સાથેજ છે. અમે લગ્નના મહેમાન તરીકે તમારે ત્યાં આવશું. તમારા એ વાસનાભૂખ્યા અરજણ ભીલને અમારે કમરે લટકતી ઉજળી કન્યાઓ સાથે પરણાવી કેસરીઓ લાડો બનાવી સંધ્યાસમયે ગામની ભાગોળે તેની ચોરીચિતા ખડકશું. જાવ, મહારાજ ! જરાએ ગભરાશો નહિ. ધર્મની વારે દીનોનાથ જરૂર આવશે. ”

બ્રાહ્મણ—“પણ બાપુ......આપ......”

દળકંદદેવ—“અરે ભલા બ્રાહ્મણ ! હું રાજપૂતનો દિકરો તને વચન આપું છું કે તારૂં દુઃખ ફેડાય નહિ ત્યાં સુધી મારે અન્ન-પાણી હરામ છે.”

*

* *

કુમકુમથાંભલાના ભીલ ઠાકોરના દરબારમાં દારૂની છાકમછોળ ઉડી રહી છે. હજારો ભીલો ડોઘલાં ભરી ભરીને દારૂ પીએ છે. પીતા પીતા પડે છે, ને પાછા ઉઠીને પીએ છે. અરજણ તો લગ્નની લા'ણ લેવા તાતો ઉનો થઇ રહ્યો છે. એને તો સાંજ પડતાં જેટલી પળો જાય તેટલી એક એક વરસની લાગે છે. 'ક્યારે સાંજ પડે ને લગ્નનો સમય થાય કે એ બ્રાહ્મણકન્યાનો હાથેવાળો મેળવી મારો રણવાસ શોભાવી દઉં' આજ ઉર્મિઓએ એને અધીરો બનાવી દીધો હતો. પરંતુ દિન ગણતાં માસ પણ વહ્યા જાય તો એવી ઘડીઓને જતાં શી વાર ! સાંજ પડી. અરજણ વરલાડો થઇ ઘોડે ચડયો અને અનેક ભીલો દારૂથી ચકચૂર બનેલાં ડોલાં ને લથડિયાં ખાતા વરરાજા-ના સાંબેલા થઈ સાથે ચાલ્યા. વરઘોડામાં પણ દારૂનાં ડોઘલાં સાથેજ લીધાં. રંગનાં કૂંડાં તો સાથેજ હોય ને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બાજુ દળકંદદેવજીના સવાર પણ કન્યાને માંડવે આવી પહોંચ્યા હતા. સંધ્યાસમય થાય ને અરજણ માંડવે આવી પહોંચે તે પહેલાં તો એ બ્રાહ્મણપુત્રીને પોતાના મિત્ર સાથી વિદ્યારામ સાથે પરણાવી અમુક સરદારોની સાથે પોતાના મુકામે જંગલમાં ક્યારનીએ મોકલાવી દીધી હતી.

વરલાડો અરજણ તોરણે આવ્યો. કહેવાતી સાસુએ પોંખણાં કર્યાં, અને એનું તથા એના સાજનનું સ્વાગત ભીલવાઇ રીતે દારૂથીજ થવા માંડયું. સૌ પીધેલા તો હતાજ ને વળી વધારે. **'अधिकस्य अधिकं फलम्'** સમજી દળકંદદેવની બતાવેલી યુક્તિ પ્રમાણે ઉપરાછાપરી ભીલોને દારૂ પાવા માંડયો, અને એક પછી એક ભીલો લથડિયાં ને ગોટીલાં ખાતા થવા માંડયા. અરજણ પણ દારૂના ઘેને ચઢયો ને જીભ નન્‌ન્ તત્‌ત્ થવા માંડી. દળકંદદેવજીએ જાણ્યું કે હવે રંગ જામ્યો છે. પોતાના સરદારોને આજ્ઞા કરી કે 'હં, મારા બાપ તૂટી પડો, એ બ્રાહ્મણીભૂખ્યા ભીલડા ઉપર એક પણ ચોટલી-સોતો જવા દેવો નથી. આજ આ બ્રાહ્મણને આંગણે ખરી હોળી ખેલો મારા બાપ !"

"હર, હર, હર, મહાદેવ" કરતા રાજપત સરદારો તૂટી પડયા. ઝબ્બક, ઝબ્બક, ઝબ્બક, તલવારો ઝબકી અને ભીલોનાં ડોકાં દારૂનાં ડોઘલાં ભેગાં ડોઘલાં બની ગબડવા લાગ્યાં. અરજણ ચમકયો. એનો દારૂનો કેફ ઉતરી ગયો. પીધેલ હોવાથી શિથિલ થઇ ગયો હતો, છતાં તલવાર ખેંચી રાજપૂતો સામે એ પણ તૂટી પડયો. એને ઘૂમતો જોઇ કેટલાક ભીલો પણ નન્‌ન્ તત્‌ત્ કરતા હવામાં કામઠાં વીંઝવા લાગ્યા. આજુબાજુથી રાજપૂતોએ જેમ ભલો ખેડુત બાજરો લણે તેમ ભીલોનાં ડોકાં લણવા માંડયાં, અને એક ઝીણું કણુસલું પણ રહેવા દીધું નહિ. કેટલાક રાજપૂતો પણ મરાયા, પણ બ્રાહ્મણતનયાના બચાવ આગળ એને કાંઇ પણ ન લેખવતા ઠાકોર દળકંદદેવ અરજણનું માથું પોતાના ભાલાની ટોચે ભેરવી વિજયના નાદ કરતા મુકામે આવ્યા. ખરી રાજપૂતવટ બતાવી અપ્સરાઓને વરેલા રાજપૂત આત્માઓના દેહને અંત્યેષ્ટી સંસ્કાર કરી સૌ નાહ્યા ધોયા ને અરજણના માથા સાથેનો ભાલો તંબુમાં ખડો કરી થાક્યા પાક્યા સૌ નિદ્રાને ખોળે પડયા છે.

*

* *

કારતક સુદ ૧૩ નો સૂર્ય પોતાનાં કોમળ કિરણો વડે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાદૂરોનો થાક ઉતારવા એમને પંપાળવા લાગ્યો. એટલામાં તો પેલો વૃદ્ધ બ્રાહ્મણ પાછો દોડતો આવ્યો અને ગભરાએલો બોલ્યો: "અરે બાપુ! ગજબ થયો."

દળકંદદેવ—"છે શું?"

બ્રાહ્મણ—"અરે બાપુ! ભીલરાણી ...."

દળકંદદેવ—"હાં, શું તે લડવા આવે છે?"

બ્રાહ્મણ—"ના બાપુ! સતી........."

દળકંદદેવ—"અરે ભૂદેવ! સરખી વાત કરો. શું ભીલરાણી? શું સતી? કંઇક સમજણ તો પાડો."

બ્રાહ્મણ—"બાપુ! ભીલરાણીને સત્ ચઢયું છે ને હજારો ભીલડીઓ 'જે અંબે, જે અંબે'ના પોકાર કરતી આપના તરફ ધસી આવે છે. એ સતી આપને શાપ દેશે. ભૂંડી થઈ બાપુ! ભૂંડી થઇ. આપને સતીનો શાપ લાગશે. અરે ભગવાન! તેં આ છોકરીને મારે ત્યાં અવતાર શું કામ આપ્યો?"

દળકંદદેવ—"ભૂદેવ! ગભરાવ ના." ખરેખર, ભીલરાણી સતીજ છે?"

બ્રાહ્મણ—"હા બાપુ! આગળ અરજણની નનામી છે. પાછળ એ ધોળાં વસ્ત્રધારી મહાદેવી ચંડી સમી ક્રોધની ઝાળો નાખતી આવે છે."

દળકંદદેવ—"ફિકર નહિ. ચાલો, સતીનાં સામે પગલે વધામણાં કરીએ."

દળકંદદેવ—(હાથમાં અરજણનું માથું લઈ સામા જઈ સતીને ખોળે અરજણનું માથું અર્પણ કરી નમન કરતા) "હે મહાદેવિ! આપના પતિનો વધ કરવામાં જો મેં કાંઇ પણ અન્યાય કે અધર્મ કર્યો હોય તો આપ મને શાપ આપો. પરંતુ એક બ્રાહ્મણતનયાનું શિયળ બલ્કે સ્ત્રીજાતિનું શિયળ સાચવવા એક ક્ષત્રિય તરીકે મારી ફરજ માત્ર અદા કરી હોય તો મારે માથે હાથ મૂકો."

ભીલરાણી—"બેટા! તારૂં કલ્યાણ થાઓ. એક નિર્દોષ બ્રાહ્મણતનયાના સૌંદર્ય પર મોહાંધ થયેલા મારા પતિનો સંહાર એજ તારી ક્ષત્રિય તરીકે ફરજ હતી, જે તેં બરાબર અદા કરી છે. મારો આશીર્વાદ છે, તું આ પ્રદેશની રાજ્યધુરા ધારણ કર. દેવી જગદંબા તારા પર અમીના છાંટા નાખે છે."

("ક્ષત્રિય" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧–जय स्वतंत्रता

(લેખકઃ–શ્રી. 'રાષ્ટ્રપ્રેમી')

(૧)

રાજમહેલની અટારિએ દુર્ભિક્ષ લોકોએ પડઘો પાડયો.

'દયા કરો, દયા કરો! દુષ્કાળનો દાનવ અમને ખાવા ધાય છે. દિવસોથી અમારાં બચ્ચાંઓ ભૂખે મરે છે. અમારી પાસે ખાવાને અન્ન, પીવાને પાણી, પહેરવાને વસ્ત્રો નથી. જ્યાં લગી અમારામાં હાડ ચામ અને રુધિર હતાં, અરે છેલ્લામાં છેલ્લું લોહીનું ટીપું હતું ત્યાં લગી અમે તમારૂં રક્ષણ કર્યું છે; તમારા ઉભરાઇ જતા ધનભંડારો, તમારા છલોછલ ભર્યા અન્નભંડારો અમારા વડે છે, સિંહાસન પર બેઠે બેઠે તમે તે અમારામાંથી પ્રાપ્ત કર્યું છે. તમારા એશઆરામ અને વૈભવો અમારા પ્રસ્વેદના ભોગે કાયમ છે. ને એનાં ઝરણાંઓ આજે દુષ્કાળરૂપી દૈત્યના સંહારથી નાશ પામે છે; તેને ટકાવવા રાજેંદ્ર! તમારા અન્ન–ધનના ભંડારો ખુલ્લા મૂકો, દયા કરો.........'

અવાજ બુલંદ હતો. આસ્માન ફાડી નાખે તેવો હતો, છતાં તેમાં કાળમીંઢને ગાળી નાખે તેવી કરુણતા હતી. રાજમહેલમાં ગંભીરતા છવાઇ ગઇ હતી. દિવાલોના પથ્થરે પથ્થર રડતી સુરતના દેખાતા હતા. વૃક્ષો માનવીનાં આ અસહ્ય દુઃખ સાંભળી ખેદથી કરમાઇ જતાં હતાં. માનવીએ માનવીનાં હૃદય રડતાં હતાં.

કોલાહલ સાંભળી "નરપતિ" નામધારી, લાખો જનસમૂહ પર એકહથ્થુ સત્તા ધરાવનારો દાવો રાખનાર એક માનવી ગોખમાં આવ્યો. તેની આંખોમાં ખૂન અને હૃદયમાં શૂન્યતા છવાઇ હતી. તે દેખાવે ક્રૂર જણાતો હતો, તેણે ગુસ્સાથી જણાવ્યું:

" હરામખોરો! શો કોલાહલ માંડયો છે? ભૂખ એ તમારા કર્મનું ફળ છે તે તમે ભોગવો. અમને આપો છો તે કોઈ તમારા બાપ પછવાડે દાન આપતા હશો ખરૂં ને? શું મોઢું લઇ અમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે આવ્યા છો? કાંઇ થાપણ મારી પાસે રાખી ગયા છો? જેમ જેમ મારા નોકરો તમને ત્રાસ આપતા નથી, તેમ તેમ તમે ફાટી ગયા છો. જાઓ, વિખેરાઇ જાઓ, નહિ તો બંદુકોનો ઉપયોગ થશે. વારૂ, તમારામાં મોવડી કોણ છે? (કામદાર પ્રત્યે) કામદાર! આજના આ ટોળાના આગેવાન હોય તેને પકડીને યોગ્ય શાસને પહોંચાડજો."

નરપતિના આ તિરસ્કારજનક શબ્દો પેલું ટોળું સાંભળી રહ્યું ત્યાં ફરી કરડાકીભર્યો અવાજ આવ્યો:

"બદમાસો! વીખેરાઈ જાઓ છો કે નહિ?"

ટોળું ત્યાંજ ખડું રહ્યું. એકે ડગલું ખસ્યું નહિ. ફરી ત્રીજી વાર તેવોજ અવાજ આવ્યો. ટોળાનો નાયક "નવજીવન" નામનો અંત્યજ કુમાર હતો. રાજાનાં પ્રજા પ્રત્યે તિરસ્કારરૂપી બાણોથી તેનું લોખંડી હૈયું ભેદાઇ ગયું. તેનાથી રહેવાયું નહિ, તેની મૂછના વાળ ધ્રજતા હતા. તેણે રાજા પ્રત્યે કહ્યું:

"નહિ રાજા! નહિ. અમે તારી પાસે જરાયે દયાદાન લેવા ઇચ્છતા નથી. તારા રાજમહેલ અને ભંડારો પર જે હક તું તારો ધરાવે છે તેનાથી વધારે સારો હક્ક અમે ધરાવીએ છીએ. આ હક્ક મેળવ્યા વિના જરી પણ ડગવાના નથી."

નવજીવન વધુ શબ્દો બોલે એ પહેલાં એ રાક્ષસી રાજાના હુકમથી બંદુકની ગોળીઓ છૂટી, કંઈ ઘવાયા અને કેટલાકો ભાગી છૂટયા, જ્યારે નવજીવન પોતાની જગ્યાથી જરાયે ખસ્યો નહિ. તેને ઘાયલ સ્થિતિમાં ગિરફતાર કરવામાં આવ્યો.

(૨)

સાગરદ્વીપ પ્રદેશ સમુદ્રને કિનારે આવેલો હતો, ત્યાંનો રજપૂત વંશનો રાજા નિષ્ક્રીયસિંહ રાજ્યગાદી ભોગવતો હતો. કોઈ જાતના કરવેરા નાખવામાં ન આવે ને માત્ર જમીનની ઉપજ પર આધાર રાખે તોપણ તેની ઉપજ વર્ષ દહાડે વીસલાખ રૂપિયા જેવડી સહેજે થાય તેમ હતી. પરંતુ દ્રવ્યલોભી રાજા જુલમગાર કરો અને રાક્ષસી જકાતનીતિથી એક કરોડ રૂપિયાની ઉપજ લેવા લાગ્યો હતો.

તેની લોભવૃત્તિએ બીજી રીતે પણ પ્રજાનો મરો કર્યો હતો; કેમકે નોકરોના જોઇએ તે કરતાં પગાર બહુ ઓછી રકમના હતા. અને તેથી પોતાના ઉદરનિર્વાહ માટે તેમણે રૂશ્વત માટે પ્રજાને પીડવા માંડી હતી. અમલદારોની આવી મનોવૃત્તિનો ગેરલાભ લઇ મૂડીવાદીઓએ પણ રંક પ્રજાને પીડવામાં બાકી નહોતું રાખ્યું.

આ અસહ્ય દુઃખોનાં બ્યાનો રાજવીના કાને પ્રજાજનોએ

ફ. ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના આગેવાનો દ્વારા, વર્તમાનપત્રો દ્વારા, પહોંચાડયા હતા; પરંતુ હૃદયહીન રાજા પર તેની કશી પણ અસર નહોતી થઇ. રાજાની આવી નિષ્ક્રીયતાનો લાભ અમલદાર નામના જુલમગાર વર્ગે પૂરેપુરો લીધો, તેમણે પ્રજાને મારી શકાય તેટલી મારી, તેમનામાં જેટલું સત્ત્વ હતું એટલું હર્યું. પ્રજાની મોંઘામાં મોંઘી વસ્તુઓ એ અમલદારરૂપી દાનવોને ઘેર પહોંચી; જ્યારે શ્રમજીવીના હાથમાં રહી એક કાચલી અને લાકડી.

આ દુઃખદ સ્થિતિમાં કાંઇ કચાશ હોય એમ જાણી ઇશ્વિરે દુષ્કાળ મોકલ્યો હતો. પ્રજા પાસે રહ્યાં સહ્યાં ધાનનાં સાધનો ખવાઇ ગયાં. જ્યાં ત્યાં 'અન્ન! અન્ન!'નો આર્તનાદ શરૂ થયો. આ દુઃખદ સ્થિતિ સામે વધુ વખત ટકી શકવાની પ્રજામાં ધીરજ રહી નહિ. ઠેકાણે ઠેકાણે તેમણે પોતાના નાયકો(આગેવાનો)ના કાને ધા નાખી. પ્રજાસેવકોના આત્મા કકળી ઉઠયા. તેમનું એક મોટું મંડળ અંત્યજ-કુમાર નવજીવનની આગેવાની હેઠળ રાજમહેલ આગળ આવી પહોંચ્યું હતું.

આ પ્રજા પાસે અંત્યજ માટે જુદું સ્થાન નહોતું. એકસામટી આવી પડેલી આફતે દરેકને ડાહ્યા કર્યા હતા. બ્રાહ્મણ ને અંત્યજ એકબીજાને સહોદર માફક ચાહતા. અદ્વૈતભાવે સંપની આણ ફેરવી હતી. જ્યારે રાષ્ટ્રનાં ભાગ્ય મંદ હોય છે ત્યારેજ પ્રજા વચ્ચે દ્વૈત-ભાવની લાગણીઓ જામે છે, અને રાજારૂપી શિકારી દરેકને છૂટા પાડી પોતાનો સ્વાર્થ સાધી જાય છે. પરંતુ પ્રજામાં જ્યાં લગી અદ્વૈતભાવની લાગણી જ્વલંત હોય છે ત્યાં લગી એક નાનામાં નાની પ્રજા મોટા સમ્રાટને પણ નમાવી શકે છે!

જ્યારે અમેરિકામાં અદ્વૈતભાવની લાગણી પ્રગટી ત્યારે અમે-રિકાની પ્રજા સ્વતંત્ર છે, સુખી છે; જ્યારે ફ્રાન્સની પ્રજાની છૂટી છૂટી પડી ગયેલી કડીઓ અદ્વૈતભાવે એક સાંકળમાં ગુંથાઇ ગઇ ત્યારેજ ફ્રાંસ આજે રિપબ્લીક છે. અદ્વૈતવાદી રશિયનોએ અણનમ ઝાર જેવા રાજવંશને પૃથ્વીમાંથી નાબુદ કર્યો; અને આયર્લેન્ડ, ઇટાલી, ચીસ્ટઝર્લેંડ તથા સ્પેનની પ્રજામાં પણ જ્યારે દ્વૈતભાવનો નાશ થયો ત્યારેજ તેઓ જુલ્મોમાંથી મુક્ત થવા પામ્યા હતા.

સાગરદ્વીપની પ્રજામાં પણ અદ્વૈતભાવની લાગણી પ્રગટી નીકળી હતી. હિંદુ કે મુસલમાન કે અંત્યજ જેવો સ્પર્શ્યાસ્પર્શ્યનો ભેદભાવ નહોતો. કોમી ભેદભાવ રાખ્યા વિના સૌ કોઇ એકબીજાને ચાહતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

આજે નવજીવનને ફાંસી આપવાનો દિવસ મુકરર થયો હતો. જમાના થયાં જેમનાં હૃદયો કઠણ થયાં છે તેવા ફાંસીગરો શસ્ત્રબદ્ધ થઇ મોટો જંગ જીત્યા હોય તેમ નિયત સ્થળે ખડા હતા. ફાંસીનું દૃશ્ય જોવા દૂર દૂરથી માનવીસમુદાયો એકઠા થવા લાગ્યા. જમાદાર સલાબતખાન ફાંસીનું હુકમનામું સંભળાવી રહ્યો હતો. નિયત સમયે નવજીવનને લાવવામાં આવ્યો, એક વીરનરને શોભે તેવી રીતે નવજીવન ઉભો રહ્યો, જમાદારે તેના તરફ તિરસ્કારભરી નજર ફેંકી કહ્યું:

"ઢેડા! અબ ઘડી તને જહન્નમમાં પહોંચાડવામાં આવશે. બોલ, જીવતદાન સિવાય તને કાંઈ ઇચ્છા છે?"

નવજીવને કહ્યું: "જે લોકો પ્રજાના દુશ્મનો છે, નર્યા રાક્ષસો છે, તેની પાસે મારે કાંઇ માગવાનું હોય નહિ."

"ઉફ્" જમાદારનો પિત્તો ઉછળ્યો; ક્રોધમાં તેણે નવજીવનને બે ધોલ ખેંચી કાઢી: "સુવર, બેઈમાન, રાજદ્રોહી, હજી મિંયાની ટંગડી ઉંચી ને ઉંચી: લેતો જા." (ફાંસીગરો પ્રત્યે) "જાઓ ચઢાવો એને ફાંસીને માંચડે."

સલામ કરી ફાંસીગરો નવજીવનને ખેંચી લઇ ગયા. એટલામાં બાજુના ટોળામાં ભયંકર કોલાહલ સંભળાવા લાગ્યો. દસવીસ લાઠીધારીઓ ફાંસીના માંચડા આગળ આવી પહોંચ્યા. આખો માંચડો તેમણે વીખેરી નાખ્યો અને રાજદૂતો સાથે મારામારી ચાલુ કરી દીધી.

આ તકનો લાભ લઇ નવજીવન લોકોના ટોળામાં ઘૂસી ગયો. થોડે છેટે તેના માટે ખાસ ઘોડો બાંધી રાખવામાં આવ્યો હતો, તેના પર ચઢી નાસી છૂટયો. સાત રૂપિયા પગાર ખાનાર સિપાઇઓમાં જીગર નહોતું કે રાજ્ય ખાતર તેઓ મરવા તૈયાર થાય.

"કેદી નાસી છૂટયો" "કેદી નાસી છૂટયો" એવો પોકાર થતાં રાજદૂતો લડતા અટકી કેદી પછવાડે થોડેક સુધી દોડયા; પરંતુ તેમનું દોડવું નિરર્થક હતું. કેમકે પવનવેગી અશ્વ જરા વારમાં તો ક્યાંય પહોંચી ગયો.

જમાદાર સલાબત્‌ખાન ડાચું વકાસી દાઢીના વાળ પસવારતો દિગ્મૂઢ બની ગયો.

(૪)

રાજમહેલમાં રાજા સાહેબ ગમગીનીમાં બેઠા હતા, કામદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટરાય તેમને રીઝવવાની અનેક વાતો કરી રહ્યો હતો, તોપણ ભયગ્રસ્ત થયેલું તેમનું વદન પ્રફુલ્લિત નહોતું થતું. ગઈ કાલ તેમને સમાચાર મળ્યા હતા કે "સરહદ પર રૈયતે બળવો જગાડયો છે, કેટલાક સરહદી અમલદારોને તેમણે કાપી નાખ્યા છે." આ સમાચાર આવ્યા પછી તરતજ બીજો અશ્વારોહી સવાર સમાચાર લાવ્યો કે અમે તિજોરી લાવતા હતા ત્યાં બળવાખોરોએ અમને આંતર્યા, તેમણે તિજોરી લૂંટી લીધી અને સાથેના આઠ સિપાઈઓને પણ જખમી કર્યા છે." આથી એ સ્થળે લશ્કરી ટુકડી મોકલવા રાજા સાહેબે સેનાપતિ મૂષકરાયને જણાવતાં તેમણે પોતાનાં માણસોને તૈયાર થવા હુકમ આપ્યો, ત્યાં તો ત્રણસોપીસ્તાળીશ રાજીનામાં તેના પગ આગળ આવી પડયાં; સેનાપતિ મુંઝાયો; તેણે રાજા સાહેબને જણાવ્યું કે "આપણી લશ્કરી ટુકડી કામ આવે તેમ નથી." આ ચોમેર ઘેરાતી ચિંતામાં તેઓ ભયગ્રસ્ત થયા હતા. શું કરવું તેની સૂઝ નહોતી પડતી.

એટલામાં લોહીલુહાણ થયેલો એક ઘોડે સવાર કુર્નિશ બજાવી ઉભો રહ્યો. તેણે પેટાકામદારના હાથનો પત્ર પહોંચાડયો. તેમાં લખ્યું હતું કે "સીતાપુરા, રામનગર, દિગ્વિજયપુર, ત્રણ તાલુકા બળવાખોરોએ લૂંટયા છે. ત્યાંના અમલદારો જીવ બચાવવા કિલ્લામાં ભરાઇ બેઠા છે, રક્ષણ માટે લશ્કરી ટુકડી ચોવીસ કલાકમાં નહિ પહોંચે તો આપણને તેમના મૃત્યુના સમાચાર સાંભળવા પડશે. લક્ષ્મણગઢનો અનાજનો જથ્થો બળવાખોરોએ કબજે કરી લીધો છે. સુખરાવની ઘાસની ગંજીઓને તેમણે સળગાવી દીધી છે."

કાગળ વંચાઈ રહ્યો ત્યારે સવારે વધારામાં જણાવ્યું કે "સાહેબ! એ બળવાખોરો આપણી રાજધાનીથી ફક્ત ત્રણ માઈલ દૂર મેં મૂક્યા છે; માટે શહેરના દરવાજા બંધ કરવાનું ફરમાન તાત્કાલિક થયા વિના ઉશ્કેરાયલા લોકોને પહોંચી વળાશે નહિ."

રાજાએ ઉંચા ગોખ પર ચઢી જોયું તો ઉત્તરદિશાથી માનવીઓનો મહાસમુદાય વહેતી નદીના પ્રવાહભેર ચાલ્યો આવતો હતો. રેતીના ગોટે ગોટ ઉડી આસમાનને વળગતા હતા, તેને (રાજાને) લાગ્યું કે તેનો કોઇ રીતે બચાવ નથી. ઉત્તર તરફનો બંધ કરેલો દરવાજો ખોલી, લશ્કરી ટુકડી ને તેનો સરદાર સફેદ વાવટા સાથે પ્રજાસમુદાય સાથે ભળી જવા ચાલ્યો જતો હતો. રાજધાનીનો પ્રજાસમુદાય રાજમહેલને ઘેરી વળ્યો હતો, હવે તેને કોઇ પણ બચાવી શકે તેમ નહોતું. એટલે તેણે રાજશાહી વસ્ત્રાલંકારો જમીન પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેંકી દીધા અને એક નોકર જેવાં લૂગડાં પહેરી ટોળાં વચ્ચેથી નીકળી ગયો.

(૫)

પ્રજાકીય લશ્કરે પાટનગરનો કબજો મેળવ્યો, રાજમહેલને ખૂણે ખાંચરે તપાસ કરી, પણ રાજાનો પત્તો ન મળ્યો. તેમણે બંદરે બંદરે પ્રજાકીય સૈનિકો ગોઠવી દીધા. જુલમગાર અમલદારોને તેમણે કેદ કર્યા. પોતાની સ્વતંત્રતા અને નિષ્ક્રીયસિંહને પદભ્રષ્ટ કર્યાનું જાહેર કર્યું.

સાંજે પાટનગરના ચોગાનમાં દરબાર ભરાયો. પ્રમુખપદેથી અંત્યજકુમાર નવજીવને ભાષણ કર્યું.

"વહાલા બિરાદરો ! આજે આપણો સ્વતંત્રતાનો પહેલો દિવસ છે, જેથી આપણને અનેરો આનંદ થવો જોઇએ. રાજા નિષ્ક્રીયસિંહ પોતાનાં પાપ-કર્મોનો બદલો ભોગવવા નાસી છૂટયો છે."

પૌર્વાત્ય પ્રજાઓ હમેશાં રાજ્યપૂજક છે. ધર્મશાસ્ત્રોએ પણ રાજાઓમાં ઈશ્વરનો અંશ છે એમ જણાવ્યું છે.

જ્યાંલગી રાજાઓમાં પ્રભુત્વ હતું, ત્યાંસુધી આપણે તેમનું પ્રભુત્વ નિભાવતા આવ્યા છીએ; પરંતુ જ્યારે રાજા રાક્ષસ થાય ત્યારે રૈયતને તેવા રાજાનો નાશ કરવાને ઈશ્વરદત્ત અધિકાર છે.

નિષ્ક્રીયસિંહના રાજ્ય અમલમાં પ્રજા જે રીતે બેહાલ થતી તેનું વર્ણન કરી શકું તેવી મારી જીભમાં તાકાત નથી, પરંતુ જુલ્મ હમેશાં ટકી શકતો નથી અને રૈયતપક્ષ બનતા સુધી ક્રોધે ભરાય નહિ અને ભરાય તો ક્રોધ ઉત્પન્ન કરનારનો નાશ કરે. સાગરદ્વીપની રૈયતને માટે તેમજ થયું છે.

હવે રૈયતપક્ષને મારી વિનંતિ છે કે, તેમણે સાગરદ્વીપની વ્યવસ્થા બંધારણસર ચલાવવા રાજકારોબારી કમિટિ નીમવી અને એક તેનો પ્રમુખ નીમવો, જે કમિટિ હવે પછીની વ્યવસ્થા ઘડે.

મળેલા સમુદાયની વતી ભદ્રપ્રસાદે જણાવ્યું કે ભાઈ નવજીવનનો આ પ્રયાસમાં મોટો ફાળો છે. વળી તે પ્રજાપ્રેમી છે, રાજ્યવ્યવસ્થા ચલાવવાની તેમનામાં પૂરતી શક્તિ છે એટલે કારોબારી કમિટિનું પ્રમુખસ્થાન તો ભાઇ નવજીવનને મળવું ઉચિત છે.

સભામાં વિવાદ ચાલતાં પ્રમુખસ્થાન શ્રી. નવજીવનને મળ્યું. સાત હિંદુ, ત્રણ મુસલમાન અને બે અંત્યજ મળી બાર, કમિટિના સભ્યો ચુંટાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬)

નવજીવને પ્રમુખપદે આવતાંજ રાજ્યની તમામ દોલત પ્રજાની માલેકીની ઠરાવી. રાજા સાહેબની અંગત જાગીર તેણે કરેલા અપરાધો બદલ જપ્ત કરી, પ્રજાકીય જાગીરમાં ભેળવી દીધી. દુષ્ટ અમલદારોની દોલત અને જાગીરો જપ્ત થઇ. કેદ થયેલા અમલદારોમાંથી ઘણા દુષ્ટ હતા તેવાઓને ફાંસીની શિક્ષા કરવામાં આવી. કુલ બાવન અમલદારોને હદપાર કરવામાં આવ્યા. બાકીના બસો અગિયારને જન્મટીપની શિક્ષા કરવામાં આવી. રાજા નિષ્ક્રીયસિંહ જો સાગરદ્વીપમાં આવે તો યોગ્ય શિક્ષાએ પહોંચાડવાનું કાયમી વૉરંટ કહાડવામાં આવ્યું.

ધનવાન મૂડીવાદીઓની તમામ મિલ્કત જપ્ત કરી તેમાંથી ઉદ્યોગની ખીલવણીનાં અન્ય ક્ષેત્રો ખુલ્લાં મૂકવામાં આવ્યાં. આવા આવા અનેક સુધારા થયા. અન્યાય કે અધર્મ એ શબ્દ સાગરદ્વીપની ડીક્ષનેરીમાં રહ્યો નહિ. જ્યાં ત્યાં એકજ વાક્ય સંભળાતું રહ્યું:

"જય સ્વતંત્રતા"

પ્રભુ અન્ય દેશોમાં પણ નવજીવન જેવા વીર યુવાનો તથા સાગરદ્વીપ જેવી મર્દ પ્રજા ઉત્પન્ન કરો.

(તા. ૫-૮-૧૯૩૩ ના "વતન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૨—પાવાવાળો

(લેખક:—શ્રી. રમણલાલ પી. સોની)

(૧)

કાળીઓ પાવો વગાડતો ઝાડ તળે બેઠો છે, ને ઢોર ભણી નજર રાખી રહ્યો છે. એનો બાપ હરસંગ લાકડાં કાપવા ગયો છે. સમી સાંજ થઇ ને હરસંગ જંગલમાંથી લાકડાંનો ભારો માથે લઇ આવ્યો. કાળીઓ પાવો વગાડતો બંધ કરી સામો દોડયો ને ભારો ઉતરાવ્યો. હાશ કરી હરસંગ બેઠો. માથેથી ફાળિયું ઉતારી તેણે ઓશિકું કર્યું ને આડો થયો. કાળીઆએ ફરી પાવો છેડયો. સૂરના ઘેનમાં હરસંગ થોડી વાર પડી રહ્યો. પછી ઉઠયો. "ચાલ કાળા! હવે ઘેર જઇએ." આ વખતે ભારો કાળીઆને માથે ચડાવ્યો ને બાપ દીકરો ઘેર ગયા.

બપોરના રોટલા પડયા હતા તે ખાઈ ધરાંત કરી, ને રાત પડતાં ભોંયે ટાટ પાથરી સૂઇ ગયા.

પહોર વીત્યો ને કાળીઆની આંખ ઉઘડી ગઇ. એટલામાં તેણે ઘુવડ બોલતું સાંભળ્યું ને જરા કંપ્યો. કોઇ દહાડો નહિં અને આ મુંઝારો શો? એમ કરીને સૂઇ ગયો. ફરી પાછો પહોર વીત્યે તે જાગી ઉઠયો. આ વખતે તેણે હરસંગને કણતો સાંભળ્યો. તરત તેને પેલું ઘુવડ યાદ આવ્યું અને તે ભયની આશંકાથી કંપી ઉઠયો, છલંગ મારી તે હરસંગ પાસે જઈ પડયો ને પૂછ્યું:" બાપા! કેમ કણો છો?" કાળીઆએ હરસંગનું શરીર તપાસ્યું. જાણે ધખતી શગડી! તેનાથી એકદમ ચીસ પડાઇ ગઇ "ઓય બાપ!"

હરસંગે આંખ ઉઘાડી. કાળીઆને માથે હાથ મેલ્યો ને ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું: "બેટા! ઘુવડ બોલ્યું તેં સાંભળ્યું?"

કાળિયાના મગજમાં ફરી શંકા જાગ્રત થઈ. તે કાઢી નાખવાનો પ્રયત્ન કરતો તે બોલ્યો: "એ તો બોલે. આપણે નથી બોલતા?"

"તું કદી જૂઠું બોલ્યો છે કાળીઆ?" હરસંગના મોં પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત ઇરાદાપૂર્વક ફેરવવાનું કાંઇ સ્પષ્ટ ચિહ્ન દેખાતું નહોતું.

"ના, પણ બાપુ ! આવું આવું આજે ક્યાંથી માંડયું છે ? જરા ઓઢીને સૂઇ રહો તો ઠીક. તાવ તો ઉતરી જશે." એમ કહી પોતાનો કામળો હરસંગને ઓઢાડયો, હરસંગે તેને દૂર કરતાં કહ્યું: "દીકરા ! એક ભારથી ભારે મરૂં છું, ને બીજો આ કયાં ઓઢાડે છે ? બાપ ! લઇ લે તો" કાળીઆએ ભારે હૃદયે સાથરો લઇ લીધો.

"કયો ભાર બાપુ ? તમે આજે કંઇ કેવુંક બોલો છો તે મને તો કશું સમજાતું નથી." કાળીઓ બોલ્યો.

"સાંભળ બેટા ! બરાબર હું તારા જેવડો હતો. મોટા બાપુ આમ માંદા પડયા હતા. લાકડાં કાપવા ગયેલા ને ત્યાંથી તાવ આવેલો. મને પણ તેમજ થયું છે."

"હેં બાપુ !" કાળીઓ ચમકી ઉઠયો.

"એમ ગભરા નહિ. મેં ય ત્યારે રાત્રે ઘુવડ સાંભળેલું, પણ મોટા બાપુએ પૂછ્યું ત્યારે મેં એમને કાંઈ દુઃખ ન થાય માટે ના પાડી. પછી તો એ મરી ગયા. મરતે મરતે એમણે મને તું વગાડે છે એ પાવો આપ્યો. તું એ પાવો ક્યાંથી લાવ્યો કાળીઆ ?"

"બાપુ ! બરાબર આઠમા દહાડા પર આપણી ગોમતી ગાય શેઢે દોડતી જતી હતી. તેને પકડવા ગયેલો ત્યારે એના વાછડાએ ખૂબ કુદાકૂદ કદી મેલી. ઝીલ્યો ન રહે ને સીસકાર્યો ય ન રહે. મને ચઢી રીસ ને મેં એને મારવા કાજે ઠુંઠું ખોળવા માંડયું. ત્યાં આ પાવો ઉભો દાટેલો હતો તે ઠુંઠું સમજીને મેં ઉપાડી લીધો ને મારવા જતો હતો ત્યાં જોયું કે એ તો પાવો છે, એટલે રહેવા દીધું. અને બાપા ! બન્યું એવું કે થોડી વારે જાઉં છું તો ગોમતી ને વાછડું બેય મોઢાગર હાલ્યાં જતાં હતાં. તે દહાડાથી પાવો વગાડું છું" કાળીએ બનેલી વાત કહી.

ઘડી શ્વાસ ખાઈ હરસંગ બોલ્યો: "કાળીઆ ! મોટા બાપુએ મારી પાસે ત્યાં એ ઉભો દટાવેલો ને કહેલું કે જે એ પાવો રાખશે એ સાચાબોલો થશે, પણ એનું સર્વનાશ થશે !"

"ત્યારે બાપુ ! આટલા દહાડા તમે મને કાંઇ કહ્યું કેમ નહિ ?"

"મોટા બાપુની આણ હતી કે મરવા કાળે બોલજે, નહિ તો અનરથ થશે; બેટા ! તું મોટો ઘરબાર થાય ને ભગવાનને છેતરે એ મોટા બાપુને નહોતું ગમતું."

"બાપુ ! બાપુ" કાળીઓ ઘુંટણીએ પડીને બોલ્યો.

"ઠીક તો બેટા ! મોટા બાપુએ કહેલું મેં તને કહ્યું તે સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જજે. અંત લગી સાચું બોલજે. ગમે તેવો સમો આવે પણ સંચાની મજૂરીએ જજે નહિ. જ્યાં છોકરાંને મજૂરી કરવાની લાલચ હોય ત્યાં કામે રહેતો નહિ. બેટા! પાવાને લજવતો નહિ. શામળો તારી રક્ષા કરશે."

પરોઢ થવા આવ્યું હતું. એક પંખી ચીં ચીં કરતું ઝુંપડીમાં આવ્યું. એક અર્ધી ભાંગેલી છાપરામાં બહાર આવેલી જૂની વળી પર બેઠું: થોડી વાર ચીં ચીં કરી પાછું ઉડી ગયું.

એક કિરણ ઝુંપડીમાં પ્રવેશ્યું ને હરસંગે દેહ તજ્યો. જરા પણ ભડક્યા વિના કાળીઓ બોલ્યોઃ "જય શામળીઆ."

પોતે આણેલાં લાકડાંની ચિતા પર હરસંગ પોઢ્યો.

(૨)

હરસગંના મૃત્યુને હવે આઠ વર્ષ વીતી ગયાં છે. કાળીઓ પચીસ વર્ષની વય વટાવી ગયો છે. બે બાળક તેની ઝુંપડીમાં રમતાં થયાં છે. વરસાદ ન થવાથી આખા દેશમાં દુકાળ પડ્યો છે. દાણોપાણી મળવાં મુશ્કેલ થઈ ગયાં છે. મહુડાં પડે તેમ માણસો ટપોટપ મરતાં જાય છે. સરકારે તેવામાં જંગલનો કાયદો કર્યો. એટલે લાકડાં કાપી જવાની કાળિયાને બંધી થઇ. ચોમાસું વાવેતર માટે રાખેલું બી ખાઈ જવું પડયું. પાક તો કશો થાય તેવું ન હતું. કાળીઆને વળી પોતાનો કૂવો ન હતો, એટલે ચોમાસું પાક ઉપરજ બધો આધાર રહેતો; તે તો વરસાદ નહિ આવવાથી કથળી ગયો. ને આવતો પાક થવાની જે આશા હતી તે બી ખવાઇ જવાથી ધોવાઈ ગઈ. બટકું ખાઈ ખાઇ જેમ તેમ થોડા દહાડા ખેંચી કાઢયા.

સૌની આ સ્થિતિ હતી. આજુબાજુના નેસડાના લોકો ભેગા થયા. કાળીઓ તેમાં હાજર હતો. એક જણે ભારે થઈ કહ્યું: "રાજા તેવી પ્રજા. રાજા વાણિયો થયો છે, રૈયત મરો કે સડો એની એને દરકાર નથી, સાન કે સુબુધ નથી. રાજ બધું સપૈડાંથી ચાલે છે. રામરાજ્ય તે કેવું હોય? એક આદમી ભૂખ્યું નો...મરે... ભૂખ્યુ" તેણે દાંત પીસી કહ્યું "અને આ તો સારા દિ હોય ત્યારે ય ભૂખે રહી મરવું પડે છે તો આવા દુકાળમાં તો શું કહ્યું જાય? માટે બાપા! મારો મત તો એવો બેસે છે કે મારફાડ ને લૂંટાલૂંટ."

આ કંઇ જાહેરખબર કાઢીને બોલાવેલી સભા ન હતી. હિતસંબંધે સૌને ભેગા કર્યા હતા. એટલે દુઃખ ગાવાનો સૌને સરખો હક્ક હતો. અને, દોષનો ટોપલો કોઈના માથા પર ઓઢાડી દઇ વરાળ કાઢવાથી દુઃખિયાંનું જરા હૈયું હલકું થાય છે એ કોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી જાણતું ?

સરકાર અને શાહુકારોને ખૂબ ગાળો દેવાઇ. કોઇ કહે એ વરૂ જેવા છે; ફાડી ખાય છે. કોઇ કહે ઉંદર જેવો છે–ફૂંકીને ફોલી ખાય છે ને ઉગતો છોડ મૂળમાંથી કાપે છે. કોઇ કહે–ભૂત પલિત જેવા છેઃ લોહી પી જાય છે ને હાડકાં પણ રહેવા દેતા નથી... માટે એમને તો લૂંટવા એજ ખરૂં.

એક જણ કહેઃ " એ શાહુકારો ઘરમાં બધું ભરી રાખે છે. જોઇએ થોડું ને રાખે બધું. પણ એમને આજે ખબર પાડી દઇએ કે પૂછડી છોડી સાપનું મોં પકડવામાં કેવી મઝા છે ! આપણે અહીં ભૂખે મરી જઇએ છીએ એની એમને ક્યાં તમા છે ! અને મૂખાંઓ પણ ઠીક છે કે આવા દુકાળમાં પણ ગલુડિયાં પરણાવ્યા વગર રહેવાના નથી, તો આપણે પણ આવો લાગ કેમ ચૂકીએ ? કેમ કાળાભાઈ ! બોલતા નથી ?"

કાળીઓ બધું મૂંગો મૂંગો સાંભળી રહ્યો હતો. હવે તે બોલ્યોઃ "બાપુ, તમને નહિ ગમે, પણ સાચું લાગે તે પૂછો છો તો કહું છું કે મને તો આ લૂંટફાટ કરવાની વાત ગળે ઉતરતી નથી......."

કાળીઓ પૂરૂં બોલી રહે તે પહેલાં તો બધા ઉકળી પડયાઃ "ત્યારે શું મરી જઇએ ? ખાવા ધાન તો છે નહિ. એ દહાડાથી છાલ ચાવીએ છીએ."

કાળીએ એમને બધાને શાન્ત કરી કહ્યું: " જેણે જેવાં કર્યાં તેવાં ભોગવશે. સજા કરનારો ભગવાન છે. આપણે કોઇનું વેર લેનાર કોણ ? (તમે બાજરો વાવશો ને કમોદ ઉગશે ?) માટે ભાઈ! તમને ગમે તો ભલે, પણ હું તો ના કહું છું. હું તો મારે શહેરમાં જઇશ ને મહેનતમજૂરી કરી રોટલો મેળવીશ."

સૌ શાંત થઈ ગયા. છેવટ એક બુઢ્ઢો બોલ્યોઃ "બાપ ! તું તો સાધુ આદમી છે. તારો બાપ પણ એવો હતો. તું તો તરણું ચાવી રહે. અમથી તારી હારે એકાદશા નહિ થાય. હું તો આટલાં બધાં છોકરાંને નજર આગળ ટળવળતાં દેખું છું ને મારો જીવ તો ખૂબ ચચરે છેઃ તરવારોની અણીએ એનો હિસાબ થશે. વાણીયોય હિસાબ કરે છે તારે કલમ રાખે છેજ ના ! "

કાળીઆનું આ લોકમાં સારૂં માન હતું. એક જણ કહેઃ "કાળાભાઇ ! તમે તમારે અહીંઆં રહો. તમે અમારી સંગાથે નો આવતા. અમે લાવીશું ને તમને આટો દેતા જશું."

પણ કાળીઆએ તો એવું હરામનું અન્ન ખાવા ના પાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તો કહે મહેનત–મજૂરી કરીને રોટલો કયાં નથી મળતો કે લૂંટનો માલ દેખતી આંખે ખાવો ?

(૩)

કાળીઓ શહેરમાં ગયો. ઘેર ઘેર આંટાફેરા માર્યા ને મજૂરી આપવા કરગર્યો, પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ. એક જણે કહ્યું કે મિલમાં જાઓ; ત્યાં કંઈ નોકરી મળશે. કાળીઓ કહેઃ " અરેરે, છેવટે મિલમાં જવું પડશે. બાપુ તો મરતે મરતે કહી ગયા છે કે મિલમાં સત્ સચવાતું નથી, અને એ મિલમાં મારે જવું ?" બાયડીછોકરાં લઇને કાળીઓ શહેર બહાર એક ઝાડ તળે બેઠો. એને કાંઈ સૂઝતું નથી. એનો જીવ ગભરાય છે. સૂકાં ઢેબરાં કાઢી છોકરાંને આપ્યાં, અને એની સ્ત્રી રૂપીને આજ ત્રીજા દિવસનો કડાકો થયો. એવામાં પાસેથી એક શેઠિયાની ગાડી ટનનન કરતી પસાર થઇ. છોકરાં રોટલો ખાતાં ખાતાં તે જોવા રસ્તા પર જઇ ઉભાં. ગાડીમાં એક માણસ સુંદર કપડાં પહેરીને દમામભેર ગર્વથી આમતેમ જોતો બેઠો હતો. છોકરાં તેને જોઈ રહ્યાં. ગાડી ગઈ. ગાડી દેખાઇ ત્યાં સુધી છોકરાંની નજર તેની પાછળ હતી. ગાડી ગઈ એટલે તે રોટલો ખાવા લાગ્યાં, પણ આ વખતે રોટલો તેમને ગળે ઉતર્યો નહિ. એમણે બાપને ફરિયાદ કરીઃ " બાપુ બાપુ ! આ તો ગળે બાઝે છે."

રૂપીની આંખમાં પાણી ભરાયાં. "ત્રણ દિનો ટાઢો રોટલો કેમ ગળે ઉતરે " એમ કહી તેણે છોકરાંને ગોદમાં ખેંચ્યાં. કાળીઓ ઘડીભર વિચારમાં પડી ગયો; પણ પહેલાં ખવાતો હતો ને એટલામાં શું થઇ ગયું ? નક્કી પેલા શેઠીઆની નજર લાગી. અરરર ! આ ધોળે દિ લૂંટારા અમારાં છોકરાંના હાથમાં ત્રણ દિવસનો સૂકો રોટલો પણ નહિ રહેવા દે !

તે વ્યાકુળ થઇ ગયો; દૂર અંતરિક્ષમાં નજર ફેંકી બબડયોઃ "જેવી તારી મરજી !"

(૪)

એટલામાં એક માણસે આવી તેને પૂછ્યુંઃ " કેમ, મજૂરીએ રહેવું છે ?" કાળીઓ ને રૂપી આનંદથી એકદમ બોલી ઉઠયાંઃ "હા, હા, ભાઇશાબ."

"તમને બહુ સારો પગાર મળશે. ચાળીસ પચાસ રૂપિયા મળશે. ખાશો પીશો અને લહેર કરશો અને છોકરાં કામ કરશે તો દશ દશ બીજા; પણ તમારે જરા અહીંથી થોડે દૂર જવું પડશે. ગાડીભાડું મળશે. છો કબૂલ ?" પેલા માણસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યાં મજૂરી શી કરવાની ?" કાળીઆએ પૂછ્યું.

"બસ, કેવળ ખેતી કરવાની. ત્યાં તો બડા બડા સાહેબોની વાડીઓ છે."

"પણ ત્યાં છોકરાં શું કામ કરી શકવાનાં હતાં ? એ સાચું નથી લાગતું!" રૂપી જરા વિચાર કરીને બોલી.

"અરે ત્યાં તો છોકરાંને સાહેબોનાં છોકરાંની સાથે રમવાનું. કેમ એ કામ નહિ ? મોટા લોક તો એને કામ કહે છે. કેમ, તમે કબૂલ છો ને ? તો લ્યો આમાં અંગૂઠો પાડી આપો; ડાબા હાથનો હોં." આમ કહી પેલા માણસે કાગળ ધર્યો.

કાળિયો વિચારમાં પડયો. તેણે અગાઉ કદી અંગૂઠો આપ્યો ન હતો. તેને તો એ નવાઇ લાગતાં તે બોલ્યો: "ના, ભાઈ ના, મારે તો અંગૂઠો નથી કાપી આપવો. એ સાહેબ લોકો ને એમનાં બચ્ચાં ને તમે સૌ ઘણું જીવો. મારે ખૂબ રૂપિયા નથી કમાવા."

પેલો માણસ ચમકયો: "અરે ! તું કેવો કમઅક્કલ છે ? હાથ આવેલો પારસમણિ ખુએ છે ? તારા લાભની વાત કરૂં છું તોય તું સમજતો નથી ? આ તો સરકારે ઉદારતાથી કામ ઉઘાડયાં છે; નહિ તો આવા દુકાળમાં કોણ તને બે રૂપિયાય દેવાનું છે ? જીવતા રહેવું હોય ને આ છોકરાં જીવાડવાં હોય તો અંગૂઠો છાપી આપ."

કાળિયો પીગળ્યો. તેણે રૂપી અને છોકરાં સામું જોયું. તેમનાં દયામણાં મોં જોઇ તેને દયા આવી. ડાબો હાથ જોયો, ડાબા હાથનો અંગુઠો જોયો, સામે શાહીચૂસપેટી ખુલ્લી પડી હતી ને પેલો માણસ કાગળ હાથમાં ધરી રહ્યો હતો. અચાનક એને બાપુ સાંભર્યા, પાવો સાંભળ્યો. કોઇ કહેતું સંભળાયું: "પાવાને વફાદાર રહેજે. સત્ ન છોડજે. જ્યાં છોકરાને કામે લગાડવાની વાત હોય ત્યાં સમજજે કે દાળમાં કાળું છે."

કોઇ નવા બળથી બોલતો હોય તેમ કાળિયો આવેશથી બોલી ઉઠયો: "ના, બાપ ! ના; મારાથી અંગુઠો નો અપાય. કોણ જાણે તમે કાગળમાં શુંય લખેલું હશે ?"

પેલો માણસ ચોંકયો. પણ ખામોશ ધરી બોલ્યો: "અરે ! તમને એટલો વિશ્વાસ નથી ? તો તમારી વાત તમે જાણો. મારે શું ? ભૂખે મરશો તો તમે મરશો. મારે કયાં નાહવું નીચોવવું છે ? હું તો ખરૂં કહું છું કે સરકારના રાજ્યમાં લખ્યા નીચે અંગુઠા આપવાની તો આબરૂ ગણાય છે. એટલા વાસ્તે તો આટલી બધી કોરટો સરકારે ઉઘાડી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એવું બધું હું ના સમજું. મારાથી તો અંગુઠો નહિ કાપી અપાય." કાળીઆએ છેલ્લો જવાબ દઈ દીધો.

"આજે એક નથી આપતા તો કાલે દશ આંગળાં કાપી આપવાં પડશે. ઠીક છે, જુઓ ત્યારે." કહી પેલો માણસ ત્રાંસી નજર નાખતો ચાલ્યો ગયો.

મ્યુનિસિપાલિટી તરફથી તળાવ ખોદવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. કાળીઓ ત્યાં મજૂરીએ રહી ગયો, થોડા દિવસ તો એકલાએ કામ કર્યું; પણ પછી રૂપીને પણ કામ પર ચઢવું પડયું. તે વિના શહેરનો બોજો ઉપડવો ભારે હતો અને ત્રણ આનાના રોજમાં ચાર જણનું પેટ ભરવાનું અશક્ય હતું.

કાળીઓ ને રૂપી મજૂરી કરવા જતાં ત્યારે છોકરાં એકલાં પડતાં. આમ માતપિતાના સંસ્કારની છાયાથી તે દૂર પડયાં, એટલે તેમણે બીજા મજૂરોનાં છોકરાંની સોબત કરવા માંડી, ને તેમની સાથે શહેરમાં રખડવા લાગ્યાં. એમાંથી તેમને બીડીનું વ્યસન લાગ્યું. રસ્તામાંથી ખોખાં વીણી ફૂંકવામાં તેમને મઝા આવવા લાગી. કાળીઆને ને રૂપીને તેની કશી ખબર ન હતી. પછી તો છોકરાં બીડી લાવવા માટે પૈસા ચોરતાં શીખ્યાં, કાળીઓ મરી મથીને પાઈ-પૈસો બચાવતો તે છોકરાં ચોરી જઈ ફૂંકી નાખતાં.

છ મહિના આમ જતા રહ્યા. એવામાં રૂપી તાવમાં પટકાઈ. ઘરગથ્થુ દવા કરવા માટે મૂળાં જોઈએ તે અહીં શહેરમાં ક્યાંથી મળે? કોઈએ કહ્યું કે જા દાક્તર પાસે. કાળીઓ જઈને દાક્તરને બોલાવી લાવ્યો. દાક્તરે નળીથી જોઈ પોતાની દવા લીધેથી તાવ ઝટ ઉતરી જશે એમ કહ્યું. કાળીઓ ઉપકારભરી નજરે નમી રહ્યો. દાક્તરે પછી ફીના પાંચ રૂપીઆ માગ્યા. ત્યારે કાળીઓ ચમક્યો. તે તો બિચારો એમ સમજતો હતો કે દાક્તર કેવો દયાળુ છે કે પોતે તકલીફ લઈ દરદીને જોવા આવે છે ને પાછા દવા પણ મફત આપવાનું કહે છે! રૂપીઆ પાંચ ક્યાંથી લાવવા? તપાસ કરતાં હવે તેને ખબર પડી કે તેણે જે બચાવ્યું હતું તે તો વહી ગયું હતું ને ઘરમાં તો ફૂટી બદામે રહી નથી. છોકરાં રખડતાં ફરતાં હતાં ને ખાવાટાણે ઘેર આવતાં હતાં. દાક્તરને તેણે ખૂબ કાકલુદી કરી, પણ તે તો કહેઃ "ગમે તેમ કર, પણ રૂપીઆ પાંચ પુરા ધરી દે. એક પાઈ પણ ઓછી નહિ ચાલે. જાણે છે સરકારે અમને ફી ઠરાવી આપેલી છે, એટલે તારૂં કે કોઈનું કાંઇ ચાલવાનું નથી. એ તો સરકારી કાયદો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળીઓ મનમાં બોલ્યો: "સૌને સરકાર કાયદા કરી મદદ આપે છે; અમારા સામું કેમ કોઇ જોતું નથી ?"

રૂપીનાં કલાઇનાં ઘરેણાં વેચી દાક્તરને રૂપીઆ આપ્યા ને દવા માગી. ત્યારે દાક્તરે કહ્યું: "દવા લેવી હશે તો દવાના રૂપીઆ પાંચ બીજા આપવા પડશે. દરદીને બચાવવો હોય તો રૂપીઆ લઇને આવજે."

કાળીઓ માથે હાથ દઈ બેસી ગયો. રૂપીની સારવારમાં રહેવા-થી તે કામ પર જઇ શકતો નહોતો, એટલે કમાણી રહી ન હતી. છોકરાં આડે રસ્તે ચઢી ગયાં હતાં, અને મૂઠી ચણા લાવવા જેટલા પૈસા પાસે નથી તો દવાના પૈસા તો લાવે ક્યાંથી ?

દુકાળીઆઓને રહેવા સરકારે ઉતારા મફત આપ્યા હતા. તેનું ભાડું લેવાનો હુકમ થયો. સિપાઇ અને એક કારકુન ભાડું ઉઘરાવવા આવ્યા. કાળીઆની પાસે તો કંઇ ન હતું. કારકુને હુકમ કર્યો ને સિપાઇએ કાળીઆને બહાર ખેંચી કાઢ્યો. કાળીઓ ફફડતી રૂપીને લઈ રસ્તામાં ઝાડ તળે બેઠો. કાળીઆના ખોળામાં સૂતેલી રૂપી 'ઓ ભગવાન, લાજ રાખજે' એમ પોકારે છે. કાળીઓ રૂપીના મોં સામું જોઇ રહ્યો છે. એની આંખેથી શ્રાવણભાદરવો વહે છે. આંસુ રૂપીના મોં પર પડી ત્યાંથી ધરતી પર પડે છે.

કોઇકે કહ્યું: "સરકારમાં અરજી કર ને દાદ માગ." કાળીઓ કહે "પણ અહીં તો અરજી લખવાનાએ પૈસા બેસે છે અને, પૈસા હોત તો તો ઝુંપડી જ શું કામ છોડત ?"

થોડી વાર થઇ એટલામાં ત્યાં થઇને એક પોલીસવાળો જતો હતો તેણે કાળીઆને ધમકાવ્યો: "કેમ અલ્યા રસ્તો રોકી પડયો છે? આ કંઇ તારૂં ઘર નથી. હમણાં ફરિયાદ થશે તો બેય મરી જશો." બિચારા કાળીઆને શી ખબર કે આ સુધરેલા જમાનામાં રસ્તા પર બેસવાના ને હવા ખાવાના પણ પૈસા પડે છે ?

કાળીઓ ને રૂપી શહેર બહાર દૂર એક ઉકરડા પર રહ્યાં. રૂપીનું શરીર તો અંગારા જેવું ધગતું હતું, સવારનું કશું ખાવા મળ્યું નથી ને દવા કશી થઇ નથી. સાંજ પડી, સૂરજ આથમ્યો, ને રૂપીએ દેહ છોડયો. કાળીઆથી ચીસ પડાઇ ગઇ: "ઓ મારા દેવ!"

બીજું વેચવા જેવું તો કંઇ રહ્યું ન હતું, એટલે એક ધોતિયું વેચી કાળીઓ રૂપીને બાળવા લાકડાં લઇ આવ્યો. સ્મશાનમાં જઇ જાતે ચિતા ખડકી. રૂપીનો મૃત દેહ હજી ભસ્મ પણ નથી થઈ રહ્યો ત્યાં તો એક સિપાઇ આવ્યો ને તેણે કાળિયા પાસે સ્મશાનવેરો માગ્યો. કાળીઓ રોઈ પડયો. સિપાઈના પગ પકડી તે બોલ્યો: "હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હું રહ્યો છું તે લઇ જા." સિપાઇ કહે "સરકારના કાયદાને માન આપવું પડશે. એમ બહાનાં કાઢે નથી ચાલવાનું." સિપાઇ કાળીઆને પકડી લઇ ચાલ્યો. કાળીઆએ ખૂબ આજીજી કરી કહ્યું: "ભાઇ! મડદું બળી તો રહેવા દે. હજી તો હું નહાયો પણ નથી." સિપાઇએ ડોળા કાઢી કહ્યું: "નહાજે હવે જેલમાં. બહુ ટલપચ કરીશ તો હમણાં આગ બૂઝવી નાખીશ. કાયદો તોડવો છે ને પૈસા ભરવા નઇ, ચાલ થા આગળ."

કાળીઓ હરિનું નામ લેતો આગળ ચાલ્યો. સિપાઇએ તેને કચેરીમાં લઇ જઈ બેસાડયો. મ્યુનિસિપાલિટીએ કાળીઆ પર ફરિયાદ કરી–કાળીઆએ કોર્ટને કહ્યું: "બાપજી! આ જેવો અહીં ઉભો છું તેવો છું, પછી પૈસો તે હું ક્યાંથી કાઢી દઉં! મને કંઇ સરકાર જેવો ઇલમ નથી આવડતો કે વાતવાતમાં પૈસા કાઢી આપું; પછી આપને ગમે તે હુકમ કરો." દુઃખથી ત્રાસી ગયેલો કાળીઓ બેદરકારીથી બોલ્યો.

કોર્ટે હુકમ કર્યો કે "કાળીઆએ પૈસા ગમે ત્યાંથી ભરવા જોઇએ ને પાછો ફાવે એમ બોલી આખી કોર્ટનું અપમાન કર્યું છે. તે કહે છે મારી પાસે ખાવા જેટલું પણ નથી. એ ખરૂં હોય તોપણ કાયદાને એવી વાતો સાથે કંઈ સંબંધ નથી. એણે વગર રજાએ મડદું બાળ્યું છે, અને એ જીવે છે એટલે એણે કાયદેસર કર ભરવોજ જોઇએ."

કાળીઆનો દશ રૂપિયા દંડ થયો. કાળીઓ તે સાંભળી ખડખડાટ હસી પડયો: "અરે સાહેબ! પૈસા નથી ભર્યા એને આ ગુન્હો કહો છો અને એની સજા પાછી પૈસા ભરવાની! ભલે સાહેબ, ત્યારે તો આ દશ રૂપીઆનો પણ કેસ ચલાવો, અને છેવટે કોઇ ઇલમથી મને રૂપું બનાવી રૂપીઆ પાડી લેજો."

કોર્ટે તેને બે મહિનાની જેલ આપી. "અરેરે! મારાં છોકરાંનું શું થશે?" કહી નિઃશ્વાસ નાખતો જેલની ભીંતો પાછળ એ અદૃશ્ય થયો.

(૫)

બે મહિને એ છૂટયો ત્યારે એનું શરીર તવાઈ ગયું હતું. એણે એનાં છોકરાંની તપાસ કરી. મોટો છોકરો શહેર છોડી દૂરના દેશમાં જતો રહ્યો હતો અને નાનાને મોટર અકસ્માત નડયો હતો, તેથી દવાખાનામાં પડયો હતો. તેની ખોપરી ફાટી ગઇ હતી, હાથ ભાંગી ગયો હતો ને આંખો અદ્ધર ચડી ગઈ હતી. તેનાથી બોલાતું તો હતુંજ નહિ, કાળીઓ તો તેની આ દશા જોઇ આભો જ થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. બીજે દિવસ છોકરો મરી ગયો.

જેલમાંથી છૂટતાં મળેલા થોડા પૈસા છોકરાની દહનક્રિયા કરવામાં ખરચાઇ ગયા. શ્મશાનમાંથી બારોબાર કાળીઓ ઘેર જવા નાઠો.

(૬)

ઘેર જઇ જુએ તો છાપરૂં બેસી ગયું હતું ને રોડાં વળીઓનો ઢગલો થયો હતો. એનું શરીર કંપી ઉઠયું. પડેલા છાપરાના એક ખૂણામાં એ પડયો. રોડાં ને વળીઓના કકડા એના આખા શરીરમાં છરા પેઠે ભોંકાતા હતા, પણ એની એણે દરકાર ન કરી. કમરેથી એણે પાવો કાઢયો. ફેરવી ફેરવીને જોયો. એક ફૂંક મારી, પણ હવે તેનામાં બળ રહ્યું ન હતું. એનો આનંદ બધો મરી ગયો હતો. પાવો હાથમાં પકડી એણે હાથનો આંકડો છાતી પર ભીડયો.

આકાશમાં વાદળાંએ દોડી આવી સૂરજને ઢાંકી દીધો. એક ભમરો ગું ગું કરતો ખંડેર પર ઉડી રહ્યો હતો.

બીજે દિવસે લોકોએ કાળીઆને ખૂણામાં પડેલો જોયો. એના હાથ ભીડાએલા હતા અને એ હાથમાં પાવો બંધાએલો હતો; જાણે જીંદગીનો થાક ઉતરતો હોય એવો એ અચેતન પડયો હતો.

કાળીઓ અને એનો પાવો બેઉ સાથે આ જગતમાંથી અદશ્ય થયા.

(જાન્યુઆરી—૧૯૩૩ ના "નવચેતન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५३–कुलवधू

(લેખકઃ–શ્રી. મગનલાલ બાપુજી બ્રહ્મભટ્ટ)

(૧)

એણે સુખ તો સ્વપ્ને પણ જોયું ન હતું. ફૂલ જેવી કોમળ કાયા હોવા છતાં ઉત્તર ગુજરાતના સખત તડકામાં, ગૌરી દોઢ બે ગાઉ આવેલા દૂર જંગલમાં લાકડાંના ભારા અને છાણાં લેવા જતી.

પ્રભુની લીલા પણ અપાર છે. એ જગન્નિયંતાની રચના જોઇ જગત ઉપરનાં મનુષ્યો કોઇ કોઇ વખતે આશ્ચર્યમાં ડૂબી જાય છે.

ગૌરી સુરતની એક ગરીબ બ્રાહ્મણ વિધવાની લાડમાં ઉછરેલી એકની એક પુત્રી હતી. યોગ્ય ઉંમરની થવાથી ગૌરીની વિધવા માતાને ચિંતા થવા લાગી અને ગૌરીનું લગ્ન જલદી થઇ જાય એમ તે ઇચ્છવા લાગી.

ઉત્તર ગુજરાતનો એક ગામડાનો બ્રાહ્મણ યુવક, લગ્નની ઇચ્છાથી કન્યા શોધવા માટે ફરતો ફરતો સુરત આવી પહોંચ્યો. ત્યાં તેણે ગૌરીની વાત સાંભળી એટલે તે ગૌરીની વૃદ્ધ માતાને મળ્યો અને પોતે અમુક ગામનો રહીશ છે અને તમારી નાતનોજ છું, આમ ઓળખ આપી. ગૌરીનું લગ્ન પોતાની સાથે કરવા તેણે ગૌરીની વૃદ્ધ માતાને કહ્યું અને પોતે આટલા રૂપિયા પણ આપશે એમ જણાવ્યું. વળી મારા ગામમાં સો વીઘાં જમીન અને એક કૂવો છે. હું બહુજ પૈસાદાર છું વગેરે, વગેરે કહી તેણે ગૌરીની વૃદ્ધ માતાને લાલચો આપવા માંડી.

ગૌરીની માતાને આટલુંજ જોઇતું હતું. તેને તો ગૌરી ઉંમરલાયક થયેલી હોવાથી જો લગ્ન થઈ જાય તો એક ઉપાધિ ઓછી થાય, એમ હોવાથી તેણે ગૌરીનું લગ્ન કરવાનું નક્કી કર્યું.

બિચારી ગૌરી પોતાનું લગ્ન ઉત્તર ગુજરાતના કોઈ બ્રાહ્મણ સાથે થશે તે જાણતી પણ નહોતી. આપણામાં કહેવત છે કે "દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય" તે અનુસાર ગૌરીની બાબતમાં પણ બન્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સારો દિવસ જોઇ ગૌરીનું લગ્ન ઉત્તર ગુજરાતના આ બ્રાહ્મણ જોડે કરી નાખવામાં આવ્યું. કરાર પ્રમાણે બ્રાહ્મણ યુવકે ગૌરીના બદલે રૂપિયા તેની વૃદ્ધ માતાને આપ્યા, અને પોતાની અપ્સરા જેવી સુંદર વહુને લઈ આ બ્રાહ્મણ ખેડૂત પોતાને ગામ જવા નીકળ્યો.

(૨)

ગૌરી સાસરે આવી. પોતાને સાસરે આવી તેણે જોયું તો પોતાની માતાને જે લાલચો બતાવવામાં આવી હતી, તે બધી ખોટી હતી. ઘરમાં જડ અને અવિવેકી સાસુ હતી, અંધ સસરો હતો અને પતિ પણ અભણ ખેડૂત હતો. ઘર પણ ખેડૂતના જેવુંજ હતું. ન મળે માળ કે મેડી.

આવાં માણસોમાં અને આવા ઘરમાં સુરતની સુંદરીને રહેવાનું હતું. ગૌરી આર્ય મહિલા હતી. તેનું લગ્ન શાસ્ત્રોક્ત વિધિપૂર્વક થયું હતું એટલે તે હવે લાચાર હતી. હવે તો તેણે પોતાના સંસારને સુધારવા કમર કસી.

તડકો જેણે જોયો નથી, અને જે માતાને ત્યાં લાડમાં ઉછરી છે તે સુરતની ગૌરી હવે સુરતની સુંદરી નહિ રહેતાં ગામડાની ગોરી બની હતી.

પતિ હળ લઈ ખેતરે ગયો હોય ત્યારે ખરે બપોરે માથે ભાત લઈ ગૌરી ખેતરે જતી. ત્યાં બળદો માટે ઘાસ તાણતી, અને પતિને ખવરાવી વાસણો લઇ પાછી ઘેર આવતી. ઘેર આવ્યા પછી પણ ઘરકામમાં આખો દિવસ નીકળી જતો.

ગૌરીની સાસુ તો હવે પગ પર પગ ચઢાવી હાથમાં છીંકણીની ડાબલી લઇ આખો દિવસ બેસી રહેતી, અને પોતાના આંધળા પતિ સાથે ગામગપાટા હાંકતી.

સુકુમાર બિચારી ગૌરી કોઇ પણ દિવસે કામ નહિ કરેલું હોવાથી કોઇ કોઇ વખતે થાકી પણ જતી; છતાં નિર્દય સાસુને ગૌરીની જરા પણ દયા આવતી નહિ.

પતિ તરફના સુખની પણ આશા નહોતી. આખા દિવસનો થાકેલો પતિ અતિ શ્રમથી રાત્રે વાળુ કરી નિરાંતે ઘોરતો. યુવાન ગોરી બિચારી નસીબને દોષ દેતી એ આંસુ સારતી.

આ યુગલ જોઇ ગામનાં તમામ માણસો કહેતાં કે " આ કાગડાની કોટે દહીંથરૂં શું ? " બિચારીનો ભવ બગડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

સમય સમયનું કામ કર્યે જાય છે. એકાદ વર્ષ પછી ગૌરીને ચઢતો દિવસ થયો. પુરા દિવસોએ ગૌરીનું દુઃખ દૂર કરવા પ્રભુએ તેના ઉપર દયા કરી તેને પુત્ર આપ્યો.

હવે ગૌરીને કંઈક શાન્તિ થઈ. પોતાના બાળક પુત્રને જોઈ ગૌરી રાચવા લાગી, અને આખા દિવસના શ્રમને તે ભૂલી જતી.

ગૌરીનો પુત્ર પણ તેની માતા જેટલોજ સુંદર હતો. પાડોશી લોકો છોકરાને જોતાં અને કહેતાં કે "આ રાંકને ત્યાં રતન શાં!"

ગૌરીનો પતિ પુષ્કળ દેવામાં દટાયેલો હતો. જમીનનું જે અનાજ આવતું તે લેણદારો લઈ જતા, અને કરજમાંથી પાઇ પણ ઓછી કરતા નહિ.

ગૌરી ભણેલી હતી એટલે તે હિસાબ સારી રીતે કરી જાણતી. પોતાના પતિને દેવામાંથી તેણે ધીમે ધીમે મુક્ત કર્યો, અને લેણદારો-ને જે અનાજ દેવા પેટે અપાતું તેનો હિસાબ ગૌરી કરતી. એટલે થોડા સમયમાંજ ગૌરીનો પતિ દેવાદાર મટી ગયો.

ગૌરીના પતિએ દેવામાં ઘર પણ લખી આપ્યું હતું. ગૌરી આ વાતથી અજાણ હતી. થોડા દિવસો પછી ગૌરીના પતિને ઘર-માલિક તરફથી ઘર ખાલી કરવાની નોટીસ મળી.

એટલે ગામથી દોઢ બે ગાઉ દૂર જંગલમાં જ્યાં પોતાની જમીન અને કૂવો હતો, ત્યાં જઇ ગૌરીના પતિએ રહેવાનો વિચાર કર્યો. બિચારી ગૌરી શું કરી શકે? તેને તો તેનો પતિ કહે તેમ કરવાનું રહ્યું!

થોડા દિવસોમાં કૂવા ઉપર એક છાપરૂં તૈયાર કર્યું, અને પોતાના ઘરનો તમામ સરસામાન લઈ જઇ ગૌરીનો પતિ પોતાના કુટુંબ સાથે જંગલમાં જઇ વસ્યો.

દિવસે દિવસે ગૌરીનો પુત્ર મોટો થવા લાગ્યો. ગૌરીને હવે આ બાળકના અભ્યાસની ફિકર પેઠી. નાની વયનું કુમળું બાળક દોઢ બે ગાઉ દૂર ગામમાં નિશાળે એકલું શી રીતે જઇ શકશે? અને તેના અભ્યાસનું શું થશે? આવી ફિકર ગૌરીને થવા લાગી.

પણ હિંમત નહિ હારતાં ઘરકામ સાથે ગૌરી પોતાના પુત્રની શિક્ષક બની અને તેને અક્ષરજ્ઞાન આપવા લાગી.

ગૌરીના આ કાર્યમાં તેના અંધ સસરો પણ આ બાળકપુત્રને થોડું થોડું વ્યાવહારિક જ્ઞાન આપવાની મદદ કરવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

વખત જતાં ગૌરીને બીજું સંતાન થયું. રૂપ રૂપના અંબાર-સમી આ બાળકીને જોઇ ગૌરી મનમાં બહુ રાજી થતી.

ગૌરી જંગલના પોતાના ઝુંપડામાં સુખી હતી, પણ પ્રભુ બધાના એકસરખા દિવસો ક્યાં જવા દે છે ? ગૌરી કેમ જાણે દુઃખ ભોગવવાજ ન સરજાઇ હોય !

સમયને જતાં કંઇ વાર લાગે છે ? જોતજોતામાં તો ગૌરીની પુત્રી પાંચ વરસની થઈ.

આજે ગૌરીનો પતિ કામથી જરા વહેલો પરવારી રહ્યો હતો. ગૌરી રસોઈ કરતી હતી. શિયાળો હોવાથી ઠંડી સખત પડતી હતી એટલે ગૌરીની પાસે તેનો પતિ બેઠો.

" કેમ ગૌરી ! આપણી કીકીનો વિવાહ કરીશું કે ? "

" હેં ! તમે એ શું બોલ્યા ? હજી કીકી બાળક છે. તેના વિવાહની અત્યારથી વાત શી ? "

" ગાંડી ! તું સમજતી નથી. આપણે અહીં જંગલમાં પડી રહ્યાં છીએ તે તને ખબર છે ? ગામમાં ઘર હોય તો કેવું સારૂં ? અહીં તને કેટલી બધી મુશીબતો પડે છે."

" તે ?"

" તે એમ કે કીકીનો વિવાહ કરી રૂપિયા લાવી ગામમાં ઘર લઇએ. બીજું શું !"

" એમ ? ત્યારે તો એમ કહોને કે કીકીને તમારે વેચવી છે ? અને તેના પૈસા લઇ તમારે સુખ ભોગવવું છે ! "

" ના, એવું તો કંઈ નહિં. પણ જંગલમાં ક્યાં સુધી પડી રહીશું ?" ગૌરીનો પતિ જરા નરમ બન્યો.

" જીવતાં સુધી હું તો અહીં જંગલમાં પડી રહીશ; પણ આવું નીચ કામ થવા દઇશ નહિ."

આમ વાતચીત કરી બંને જણ છૂટાં પડયાં.

(૫)

ઉનાળાના દિવસો હતા એટલે ખાસ કંઇ કામ નહિ હોવાથી એક દિવસે ગૌરીનો પતિ તેની પુત્રીનો વિવાહ નક્કી કરવા બહારગામ ગયો.

થોડા દિવસો પછી ગૌરીનો પતિ કીકીનો વિવાહ એક જગ્યાએ નક્કી કરી આવ્યો, અને થોડા રૂપીઆ પણ લાવ્યો.

આ બાબતથી ગૌરી અજ્ઞાત હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસે ગૌરીનો પતિ તેના અંધ પિતા પાસે બેસી ફોફીનો વિવાહ નક્કી કર્યો તેની વાત કરતો હતો. ગૌરી નજીકમાંજ કંઇક ઘરકામ કરતી હતી. તેના કાને અચાનક આ શબ્દો પડયા. તે ચોંકી અને તેણે પોતાના પતિને એકાંતમાં બોલાવી પૂછ્યું કે, શું તમે ફોફીનો વિવાહ નક્કી કરી આવ્યા ?

“ હા. ” આટલોજ પ્રત્યુત્તર આપી ગૌરીનો પતિ બહાર ચાલ્યો ગયો.

ગૌરીએ એ દિવસે ખાધું નહિ. અને પોતાનાં એ બાળકોને ખોળામાં બેસાડી ચોધાર આંસુએ રડવા લાગી. બાળકો પોતાની માતાને રડતી જોઈ તેમની કાલી કાલી ભાષામાં માતાને રડવાનું કારણ પૂછવા લાગ્યાં.

તે દિવસે પોતાનાં એ બાળકોને ગૌરીએ ખૂબ ખૂબ ચુંબન કર્યાં, અને ખૂબ રમાડયાં; કેમ જાણે હવે તે ફરી પોતાનાં બાળકોને મળવાનીજ ન હોય !

સંધ્યાનાં આછાં અંધારાં પૃથ્વી ઉપર પથરાવા લાગ્યાં, અને સર્વત્ર રાત્રિનું સામ્રાજ્ય છવાયું. ગૌરીએ પોતાની સાસુ અને સસરાને ભોજન કરાવ્યું. બાળકોને પણ ખવરાવી ઉંઘાડી દીધાં. પતિને પણ જમાડયો.

“ ગૌરી ! હું જરી કામ છે તે ગામમાં જાઉં છું. ” ગૌરીના પતિએ કહ્યું.

“ સારૂં. ”

જંગલમાં બધે અંધારૂં છવાઇ ગયું. ગૌરી પોતાનાં ઉંઘતાં એ બાળકો તરફ એક છેલ્લી નજર નાખી રડતે હૃદયે બહાર નીકળી, અને પ્રભુના સ્મરણ સાથે તેણે કૂવામાં ઝંપલાવ્યું.

થઇ રહ્યું. ગૌરીનો પ્રાણપંખેરૂં ઉડી ગયો, ફક્ત તેનું શબજ રહ્યું.

મોડી રાતે અંધારે રવડતો રખડતો ગૌરીનો પતિ પોતાને ઝુંપડે આવ્યો. ત્યાં તેણે ગૌરીની પથારી ખાલી જોઇ, એટલે તેણે ધાર્યું કે જંગલ જવા ગઇ હશે. આમ વિચારી તે પથારીમાં પડયો અને ઘોરવા લાગ્યો.

વહાણું વાયું. એટલે ગૌરીની સાસુ કૂવા ઉપર ગઇ. ત્યાં તેની નજર કૂવામાં પડી. એટલે તેણે એકદમ ચીસ પાડી.

ત્યાં તો ગૌરીનો પતિ આવી પહોંચ્યો, અને જોયું તો ગૌરી કૂવામાં પડી મૃત્યુ પામેલી દીઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પાપીને હવે પોતાની ભૂલ સમજાઇ અને પસ્તાવો કરવા લાગ્યો. પણ હવે શું ?"

"ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયા તો શું ?"

જોતજોતામાં તો આ ખબર વાયુવેગે જંગલમાંથી ગામમાં આવી; એટલે ગામનાં ઘણાં માણસો ત્યાં ગયાં.

ગૌરીના શબને કૂવામાંથી કાઢી ત્યાં જંગલમાં જ તેને અગ્નિદાહ દીધો.

બિચારાં બાળકો 'બા, બા' કરતાં રડવા લાગ્યાં. આ વખતનું દૃશ્ય પથ્થરહૃદયના મનુષ્યને પણ પીગળાવે તેવું હતું.

થોડા દિવસોમાં ગૌરીના આત્મઘાતથી તેનો અંધ સસરો પણ મૃત્યુ પામ્યો.

ગામના લોકોએ શેરીએ શેરીએ અને મહોલ્લે મહોલ્લે વાતો કરવા માંડી કે "ધન્ય છે આવી કુલવધૂને" કે જેણે જંગલમાં રહી અંધ સસરાની અને સાસુની સેવા કરી. ધિક્કાર હજો હજારો આવા પાપી નરાત્માઓને કે જેઓ આવી સેંકડો સ્ત્રીઓના ભક્ષક બનતા હશે.

આમ ગામલોકો થોડા દિવસ ચર્ચા કરી રહી ગયા; પણ આ પાપનો બદલો આપનાર જગન્નિયંતા પ્રભુ હજુ બાકી હતો. તેણે આ નરપિશાચને માથે દુઃખ દેવામાં બાકી રાખ્યું નહિ.

ગૌરીનાં પગલાં આ પિશાચના ઘરમાંથી ગયા પછી તેનાં ખેતરો અને કૂવો તેના લેણદારોએ પડાવી લીધો, અને કૂવા ઉપર બાંધેલું ઝૂંપડું પણ લઈ લીધું.

આવી બૂરી હાલતમાં આ નરપિશાચ ઘર બહાર નીકળ્યો. અત્યારે હાલ પણ તે પોતાના પાપી કર્મનો બદલો ભોગવતો ગામે-ગામ ભીખ માગતો ફરે છે.

તેની વૃદ્ધ માતા, અને તેનાં બાળકોની શું દશા થઈ તે ખબર નથી.*

("આરામ"ના એક ખાસ અંકમાંથી)

* એક સત્ય ઘટનાના આધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪–સુનંદા

(લેખક:–શ્રી. ચંદ્રશંકર મ. ભટ્ટ)

(૧)

દધિમુખ પર્વતના શિખર ઉપર એક જૈન મંદિર હતું, ને એ મંદિરની પાસે સંન્યાસિનીઓનો એક મઠ હતો. પ્રેમાનંદા નામની એક વૃદ્ધ સંન્યાસિની એ મઠની મુખ્ય અધિકારિણી હતી. પ્રેમાનંદા છેક બાળપણથીજ સંન્યાસિની બની હતી ને તેથી સંસારનાં સુખ-દુઃખથી લગભગ અપરિચિત હતી. આવી જાતનાં માણસો કંઇક અંશે સખ્ત હોય છે, ને તેઓ સાંસારિક સુખદુઃખની લાગણીઓની પરવા કર્યા વિના ધર્મકર્મની મર્યાદાઓ સખ્તાઇથી પાળે છે–પળાવે છે. પ્રેમાનંદા પણ એવીજ રીતે વર્તતી હતી.

પ્રેમાનંદા પાસે સુનંદા નામની એક જુવાન સંન્યાસિની હતી, જે એને આશ્રમનાં સઘળાં નાનાં મોટાં કામોમાં મદદ કરતી હતી.

સુનંદા અત્યંત સ્વરૂપવાન હતી. એ અરણ્યમાં દીપતી ચંદ્રિકા સમી, વનમાં ખીલેલા પુષ્પ સમી અને સાગરના કોઇ દૂરના ખૂણાને શોભાવતા અમૂલ્ય રત્ન સમી દીપતી હતી.

એક નાની છતાં સ્વચ્છ ને સુંદર ઓરડીમાં એ રહેતી હતી. ઓરડીમાં એક બાજુએ તેણે મહાવીરનાં માતા દેવાનંદાની એક છબી લટકાવી હતી. એ છબી એજ એને મન એનું સર્વસ્વ હતું. છેક બાળપણથી માંડીને આજ સુધી એ છબી એજ એને મન એનાં માતાપિતા ને સ્નેહીવર્ગ સમાન હતી. પ્રત્યેક પ્રાતઃકાળે ઉઠતાંજ તે એ છબીને પ્રણામ કરતી અને દરેક કામે જતાં તે એને પૂછીને જતી હતી! આનંદ ને શોકના દરેક પ્રસંગે સુનંદા એ છબીની પાસે પોતાનું હૃદય ઠાલવતી હતી, ને દરેક રાત્રે સૂતા પહેલાં તે જે વસ્તુનાં દર્શન કરતી તે પેલીજ છબી હતી. એને મન એ છબી નહોતી, પણ જાણે જીવતી જાગતી દેવાનંદાની ખરી પ્રતિમાજ હતી!

એક સમયે પ્રાતઃકાળ થતાં સુનંદા જાગી ઉઠી. તેને ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયથી પ્રાતઃકાળના સુરમ્ય દૃશ્યસમયે બહાર નીકળી બહારનું દૃશ્ય જોવાની ઇચ્છા થતી હતી. આજે તે જાગી ઉઠી એટલે દેવાનંદાને પ્રણામ કરીને પ્રાતઃકાળનું સુરમ્ય દૃશ્ય જોવા પોતાની ઓરડીમાંથી બહાર નીકળી.

બહાર નીકળી સુનંદાએ હર્ષપૂર્વક એ સુરમ્ય દૃશ્ય જોવા માંડયું. એણે જોયું કે ઉષાનું મનોહર તેજ ચોમેર પથરાયું છે, ને એ મનોહર તેજમાં દાધમુખ પર્વતની તળેટીમાં આવેલ અમૃતપુરી નગરી આખી દીપી રહી છે. તેણે જોયું કે નગરનાં કોઇ કોઈ ઘરોમાંથી ધૂમાડો નીકળી રહ્યો છે અને નગરની શેરીઓમાં માનવીઓ ફરવા લાગ્યાં છે.

આ દૃશ્યે સુનંદાના હૃદયમાં અવનવી લાગણીઓ પેદા કરી. જો કે આ પહેલાં તેણે ઘણી વાર એ નગર તરફ જોયું હતું, છતાં કોઇ વાર તેના મનમાં આવી લાગણીઓ પેદા થઇ નહોતી.

સુનંદા છેક બાળપણથી એ મઠમાં આવી હતી. તેને કૌટુંબિક સુખદુઃખની લાગણીઓનો અનુભવ નહોતો. તેણે તો આજ સુધી માત્ર સંન્યાસિનીઓની મર્યાદાઓનું કડક રીતે પાલન જ કર્યું હતું. આજે એકાએક તેના મનમાં કૌટુંબિક જીવન જીવવાનો મોહ ઉત્પન્ન થયો.

વિચાર આવીને પસાર થઇ ગયો, ને તરતજ સુનંદા ચોંકી. એણે વિચાર કર્યો કે "અરે! હું તો સંન્યાસિની છું. મારે વળી કૌટુંબિક જીવનનો મોહ શા? ને સંસારમાં મારૂં છે કોણ? મારે ક્યાં જવું? કોની પાસે જવું?" આવા આવા કેટલાય વિચારો તેના મનમાં આવવા લાગ્યા.

તે ચમકી. તેને લાગ્યું કે આ સ્થળે હવે ઉભા રહેવું એ ઠીક નથી. આ વિચારો વધવા પામે તે પહેલાં મારે અહીંથી ખસી જવું જોઇએ, ને એવા વિચાર કરીને શત્રુઓને જોતાં માણસો જેમ રક્ષણાર્થે કિલ્લામાં પેસી જાય છે તેમ, સુનંદા ત્યાંથી ખસીને પોતાની ઓરડીમાં દેવાનંદાની છાયા નીચે જઈ પહોંચી.

દેવાનંદા પાસે પહોંચી, પોતાના બંને હાથ જોડી નીચી નમીને તે બોલી: "માતા દેવાનંદા! મને બચાવો. કૌટુંબિક જીવનનો મારા હૃદયમાં ઉત્પન્ન થએલો મારો મોહ ટાળો."

સુનંદાને લાગ્યું: જાણે માતા દેવાનંદાએ તેના તરફ પ્રેમભાવે જોઇનેજ સ્મિત કર્યું!

તેણે ચમકીને ફરીથી છબી તરફ જોયું, પણ એ વખતે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને પુનઃ છબી જ માત્ર જણાઈ.

પછી સુનંદા ત્યાંથી ખસીને પોતાનાં દૈનિક કામકાજમાં રોકાઇ.

(૨)

જેમ કસ્તૂરીમૃગ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં એની સાથીદાર કસ્તૂરીની સુવાસ જાય છે, તેમ સુનંદા જ્યાં જ્યાં જવા લાગી ત્યાં ત્યાં પેલો વિચાર તેની સાથેજ જવા લાગ્યો! પાણી ઉપર પથરાએલી શેવાળને દૂર ખસેડી નાખવા છતાં તે જેમ પુનઃ આવીને છવાઈ જાય છે, તેમ સુનંદાએ પેલા વિચારને દૂર ખસેડવા કેટલીય વાર પ્રયત્ન કરી જોયો, પણ જેમ જેમ તે એને દૂર ખસેડવા મથતી હતી તેમ તેમ તે એની પાસે ને પાસેજ આવતો હતો ને તેના મગજમાં સર્વત્ર પ્રસરી જતો હતો!

આખો દિવસ સુનંદાએ પોતાનાં સર્વ કામો યંત્રવત્ પૂરાં કર્યાં, ને એ બધો સમય તેની ઇચ્છા ન હોવા છતાંય પેલા જ વિચારે તેના મગજને ઘેર્યું હતું.

રાત પડતાં તે પોતાની ઓરડીમાં ગઇ ને નિરાંતે ઉંઘવા મથવા લાગી; પણ જેમ જેમ તે ઉંઘવાનો પ્રયત્ન કરવા લાગી, તેમ તેમ તેની ઉંઘ ઉડી જવા લાગી! ઘણા સમય સુધી સુનંદાએ ઉંઘવાને પથારીમાં તરફડીઆં માર્યાં, પણ તેને ઉંઘ ન આવી તે નજ આવી.

છેવટે એ પથારીમાંથી ઉઠી. આખર કૌટુંબિક જીવનના મોહના વિચારનો વિજય થયો હતો, ને બિચારી સુનંદા હારી હતી.

સુનંદાએ પેલા નગરમાં જઈ કૌટુંબિક જીવનનો અનુભવ લેવાનો પાકો નિશ્ચય કર્યો.

તેણે મઠનો બધો હિસાબ પોતે બરાબર લખ્યો છે કે નહિ તે તપાસી લીધું, ને બરાબર લખાયો છે તેની ખાત્રી કરી. પછી તેણે પોતાની પાસે રહેતો કુંચીઓનો ઝૂમખો હાથમાં લીધો ને હિસાબની ચોપડી સાથે એ ઝૂમખાને દેવાનંદાની છબી સન્મુખ મૂકીને તે બોલી: "માતા દેવાનંદા! મારા બાળપણથીજ હું આપની સન્મુખ રહી સુખ પામી છું. આજે અચાનક સંસારજીવનના મોહે મારા ઉપર વિજય મેળવ્યો છે, ને તેથી હું આપની વિદાય માગું છું. આપ કદાચ મારા ઉપર નારાજ થશો, પણ હું શું કરૂં? સંસારજીવનના મોહને હું જીતી શકતી નથી. ને તેથી આ વસ્તુઓ આપને સોંપી હું જાઉં છું. હું જ્યાં હોઉં ત્યાં આપ આપના આશીર્વાદ મારા ઉપર વરસાવજો ને મારૂં સદા રક્ષણ કરજો."

છબીને પ્રણામ કરી સુનંદા બહાર નીકળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

પોતાની ઓરડીમાંથી નીકળીને સુનંદાએ પર્વત ઉપરથી નીચે ઉતરવા માંડયું.

રસ્તો સારો હોવા છતાં ઘણો વાંકોચુંકો હતો ને તેથી આખો રસ્તો વટાવી જ્યારે સુનંદા નીચે તળેટીમાં જઇ પહોંચી ત્યારે એ ખૂબ થાકી ગઇ હતી. આજ સુધી તેણે મઠની બહાર પગ જ નહોતો મૂકયો, એટલે આજે એકદમ આટલું બધું ચાલવાથી તેને ખૂબ થાક લાગ્યો હતો.

દધિમુખ પર્વતની સુરમ્ય તળેટીમાં એક મનોહર સરોવર આવેલું હતું તેમાં ખીલી રહેલાં સુંદર કમળો જાણે ઉગતા સૂર્યને પોતાનાં માથાં નમાવી નમાવીને આવકાર આપતાં હતાં, ને તેમના ઉપર થઇને વહેતો મંદ મીઠો પવન પાણીમાં સુંદર લહેરો ઉપજાવી રહ્યો હતો.

પર્વત ઉપરથી નીચે ઉતરી પેલા નગર તરફ જવાનો માર્ગ એ સરોવરની પાસે થઇને જતો હતો.

સુનંદા ઘડીક એ મનોહર સરોવરના સુરમ્ય દૃશ્ય તરફ જોઈ રહી.

સરોવર પાસેજ એક મોટા પીપળાની નીચે એક વિશાળ ચોતરો આવેલો હતો. થાકેલી સુનંદા ધીમે પગલે એ ચોતરા તરફ વળી ને ત્યાં વિસામો લેવા બેઠી.

સુનંદાના મગજમાં એ સમયે અનેક પ્રશ્નો ઉદ્ભવતા હતા. નગર તરફ એ જોઈ રહી હતી ને વિચારતી હતી: "હું મઠમાંથી નીકળીને અહીં આવી પહોંચી, પણ હવે હું કયાં જાઉં? કોને ત્યાં જાઉં?"

સુનંદા ઉંડા વિચારમાં ઉતરી પડી. કયાં જવું ને શું કરવું? તે તેને ન સમજાયું.

તેણે વિચાર કર્યો: "હું મઠમાં પાછી જાઉં?" પણ તરતજ પાછો તેને બીજો વિચાર આવ્યો: "પણ કોઇ મને પૂછશે કે 'કયાં ગઈ હતી?' તો હું શું કહીશ? ત્યાં બધાં મારી શોધ કરતાં હશે!"

આવા આવા ઘણા વિચારો સુનંદાના મગજમાં ઉદ્ભવવા લાગ્યા, ને એ ઉંડા વિચારમાં પડી જઇ, લમણે હાથ ટેકાવીને, ચોતરા ઉપર બેસી રહી.

એકાએક દૂરથી કોઇ ઘોડાનાં પગલાં સંભળાવા લાગ્યાં, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારમાં પડી ગએલી સુનંદાએ તો એ પગલાં સાંભળ્યાં જ નહિ.

થોડીજ વારમાં એક ઘોડેસ્વાર ચોતરા પાસે આવી પહોંચ્યો, પાસે આવતાં જ ઘોડો સુનંદાને ચોતરા ઉપર બેઠેલી જોઇને સહેજ ચમકી ઉઠ્યો, ને આથી તેના ઉપર બેઠેલા સ્વારનું ધ્યાન પણ સુનંદા તરફ ખેંચાયું.

સ્વારે મનમાં વિચાર કર્યો: "અત્યારે અહીં આ કોણ બેઠું હશે ? કોઇ સ્ત્રી જેવું લાગે છે; પણ અત્યારના પહોરમાં આવા નિર્જન સ્થળમાં એ કેમ બેઠી હશે ?"

આવો વિચાર કરી એ તરતજ ઘોડા નીચે ઉતર્યો અને ચોતરા પાસે આવ્યો.

સ્વારે છેક પાસે જઇને જોયું તો તેને એક સ્વરૂપવાન સ્ત્રી નીચી નજરે ઉંડા વિચારમાં પડી ગએલી જણાઇ. સ્વારને નવાઇ લાગી કે પોતે તેની છેક નજીક જઈ પહોંચ્યો છે, છતાં એ સ્ત્રીનું તેના તરફ ધ્યાન ખેંચાયું નથી !

આખરે સ્વારે હળવેથી કહ્યું: "કોણ છો ? અહીં નિર્જન પ્રદેશ-માં અત્યારમાં ક્યાંથી આવી પડયાં છો ?"

હવે સુનંદાનું ધ્યાન એ સ્વાર તરફ ખેંચાયું. તે એકદમ ચમકી ઉઠી, ને એ ગભરાયેલી હરિણીની પેઠે ચકિત આંખે પેલા સ્વાર તરફ જોઈ રહી.

પેલા સ્વારની ખાતરી થઇ કે આ બીજું કોઇ નથી, પણ સાચેસાચ કોઈ સ્ત્રી જ છે. એ જુવાન સ્વરૂપવાન સ્ત્રી તરફ એ સ્વારનું હૃદય સહેજે આકર્ષાયું.

(૪)

સ્વારે સુનંદાને પૂછ્યું: "તમે કોણ છો ? ને ક્યાંથી આવો છો ?"

પણ સુનંદાએ એ પ્રશ્નોના કાંઇ જ જવાબ ન દીધા.

સ્વારે ફરીથી તેને પૂછ્યું: "અહીં તમારી સાથે બીજું કોઈ નથી ? તમે એકલાં જ છો ?"

સુનંદા કાંઇ જવાબ તો ન દઇ શકી, પણ તેણે જવાબમાં માત્ર ડોકું હલાવ્યું.

સ્વારે કહ્યું: "તો તમે મારી સાથે આવશો ? મારૂં ઘર છેક પાસે જ છે. ત્યાં મારાં માતાપિતા તમારો સારો સત્કાર કરશે."

સુનંદા એ વખતે પણ કાંઇ જ બોલી નહિ, પણ છતાં સ્વારને લાગ્યું કે તે પોતાની સાથે પોતાને ઘેર આવશે.

સ્વારે તરતજ પોતાનો ઘોડો ચોતરા નજીક આણ્યો, ને તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુનંદાને એના પર બેસવા જણાવ્યું.

સુનંદાને શું કરવું તે એકદમ ન સમજાયું.

સ્વારના કહેવામાં એટલો બધો ભાવ જણાતો હતો કે તેને તે નાં ન કહી શકી. એ યંત્રવત્ ઉઠીને ઘોડા ઉપર બેઠી.

સ્વારે ઘોડાની લગામ પકડી તેને પોતાના ઘર તરફ દોરવા માંડયો.

થોડીજ વારમાં તેઓ એક મનોહર બગીચા પાસે જઇ પહોંચ્યાં. બગીચામાં એક ભવ્ય મહેલ હતો.

સ્વાર કે જેનું નામ જયંત હતું તેનોજ આ ભવ્ય મહેલ હતો. આજે ઘણાં વર્ષો પછી તે પરદેશમાં વેપાર ખેડીને પાછો આવ્યો હતો, ને પોતાનાં વૃદ્ધ માતાપિતાને મળવા એ અધીરો થઇ રહ્યા હતો.

જયંત બગીચામાં થઇને મહેલના મુખ્ય દ્વાર પાસે જઇ પહોંચ્યો.

પણ જયંતને એક વાતની નવાઈ લાગી કે વર્ષો પહેલાં જે મનોહર બગીચાને છોડીને તે બહાર નીકળ્યો હતો તે બગીચો આજે ઉજ્જડ જેવો જણાતો હતો, મહેલનાં બધાં બારીબારણાં પણ બંધ હતાં.

જયંતના મનમાં જાતજાતની શંકાઓ થવા લાગી. તેને થયું: "મારાં માતાપિતા કયાંય બીજે રહેવા ગયાં હશે કે શું? બધું ઉજ્જડ જેવું કેમ જણાય છે?"

આવા વિચારો કરતાં તેણે બારણાની સાંકળ ખખડાવી.

જયંત પોતાનાં માતાપિતાને મળવા અત્યંત અધીરો થઈ રહ્યો હતો તેથી તેને એક પળ જુગ જેવી લાગતી હતી, તેણે ફરીથી સાંકળ ખખડાવી ને એ વખતે તેને લાગ્યું કે અંદરથી કોઇ ધીમે પગલે બારણું ઉઘાડવા આવે છે.

બારણું ઉઘડયું ને જયંતે જોયું કે પોતાનો એક જૂનો વૃદ્ધ સેવક લાખો બહાર આવ્યો છે.

લાખાએ જયંત તરફ જોયું, ને એની નવાઇનો ને એના આનંદનો પાર ન રહ્યો.

"અહો ભાઇ! તમે અત્યારમાં કયાંથી? વાહ! વાહ! ઘણે દિવસે આવ્યા!"

"હા, મારાં માતાપિતા સુખી છે ને? તેઓ કયાં છે? બધાં બારીબારણાં બંધ કેમ રાખ્યાં છે?"

"ભાઇ......"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખાનું ગળું રૂંધાઇ ગયું. તે આગળ ન બોલી શક્યો.

"કેમ ? શું કહે છે ? કહે ને!"

"આપ અંદર પધારો. પછી હું બધી વાત કહું છું."

જયંતે સુનંદા તરફ જોઇ તેને નીચે ઉતરવા કહ્યું, ને પછી બન્ને જણ મહેલમાં ગયાં.

જયંતે શંકા રાખી હતી તેવુંજ બન્યું. જેમ તેમ કરતાં લાખાએ વૃદ્ધ માતાપિતાના મરણની વાત કહી.

માતાપિતાને મળવા અધીરા બનેલા જયંતને માથે કારી ઘા વાગ્યો.

પણ પછી એ પુનઃ સ્વસ્થ બની ગયો.

લાખાએ આગળ જણાવ્યું કે "આપનાં માતાપિતાના મરણ બાદ બધા નોકરોની જરૂર ન જણાતાં તેઓને રજા આપી છે, ને આપની બધી માલમિલ્કત મેં સાચવી રાખી છે."

જયંત સાંભળી રહ્યો.

થોડી વાર પછી તેણે કહ્યું: "લાખા! આ બાઈ આપણાં મહેમાન છે. તું એમને માટે નાહવા ધોવાની સગવડ કર, ને પછી રસોઈની ગોઠવણ કરી આપ."

લાખો તરતજ સુનંદાને નાહવા ધોવાની સગવડ કરવા ચાલ્યો ગયો.

જયંતે કહ્યું: "આ મારૂંજ ઘર છે, દુર્ભાગ્યે મારાં માતાપિતા આ વખતે નથી; નહિ તો તેઓ તમારો સત્કાર કરત. પણ હવે તમે આ ઘર તમારૂંજ સમજજો ને જરાય સંકોચાશો નહિ." પછી જયંતે પોતાની માતાની પેટીમાંથી કેટલાંક વસ્ત્રો કાઢીને લાખાને આપ્યાં, ને જણાવ્યું કે "એમાંથી મહેમાનને જે ગમે તે તેમને આપજો."

સુનંદા નાહવા તૈયાર થઇ એટલે જયંતે ઉભા થતાં થતાં કહ્યું: "હવે તમે થોડી વાર નાહી ધોઇને આ બંગલામાં ને બગીચામાં ફરજો. ત્યાં સુધી મારૂં કેટલુંક અગત્યનું કામ પરવારી લઉં છું."

સુનંદા નાહવા ગઈ ને જયંત પોતાની મિલ્કત વગેરેની તપાસ કરવા ગયો.

(૫)

પ્રેમ બે પ્રકારે ઉદ્‌ભવે છે. એક પ્રકાર એવો છે કે જેમાં માણસ પ્રથમ દૃષ્ટિએજ પ્રેમમાં પડે છે. આ પ્રકારનો પ્રેમ એકાદ વાવાઝોડાની પેઠે એકાએક તોફાન જગાવી મૂકે છે; પણ બીજા પ્રકારનો પ્રેમ તો મંદ મંદ વહેતા શાંત, શીતળ ને સુગંધિત વાયુની પેઠે ધીમે ધીમે ઉદ્‌ભવે છે અને વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા પ્રકારના પ્રેમના જુસ્સાઓ ઘણા હોય છે, પણ તે ઘણીવાર અસ્થાયી નીવડે છે ને પરિણામે તે ઘટી જાય છે; પરંતુ બીજા પ્રકારનો પ્રેમ તો ધીમે ધીમે ગાઢો થતો જાય છે ને તેનું પરિણામ ઘણું ઉત્તમ આવે છે.

જયંત અને સુનંદા વચ્ચે ધીમે ધીમે બીજા પ્રકારનો પ્રેમ ઉદ્‌ભવ્યો.

થોડા દિવસ બાદ તેઓએ પરસ્પર પોતાની લાગણીઓ વ્યક્ત કરી ને લગ્ન કર્યાં.

બન્નેનું કૌટુમ્બિક જીવન શાન્ત ને સુખી હતું. કોઇક ઉસ્તાદ સંગીતશાસ્ત્રીને હાથે વાગતા ને સાંભળનારને મુગ્ધ કરતા તંબુરાના મધુર નાદમાં જેમ જુદા જુદા સ્વરો ભળીને તેનો એક સુમધુર નાદ નીકળે છે, તેવી રીતે જયંત ને સુનંદાનું જીવન એક રાગવાળું બની અવર્ણનીય બન્યું હતું.

તેઓનું સુંદર સુખી જીવન ચાર મનોહર બાળકોના કિલકિલાટથી વધારે સુખીઉં થયું.

ઘણાં વર્ષો આ રીતે વીતી ગયાં.

(૬)

એક સુરમ્ય પ્રાતઃકાળે સુનંદા એકાએક ઉંઘમાંથી જાગી ઉઠી.

મહેલની અગાશીમાં આવી તેણે પ્રાતઃકાળનું સુરમ્ય દૃશ્ય નીરખવા માંડ્યું.

એકાએક તેની નજર શાંત ને ભવ્ય જણાતા દધિમુખ પર્વત ઉપર પડી, ને એ એકદમ ચમકી ઉઠી. જાણે એકાદ સ્વપ્નમાંથી એ જાગી હોય તેમ એને પૂર્વનું પોતાનું સંન્યાસિની તરીકેનું જીવન સાંભર્યું. એ પવિત્ર જીવનની યાદ આવતાં તેના મગજમાં એકાએક પૂર્વજીવનની મહત્તાના વિચારોનું જબરૂં તોફાન મચી રહ્યું.

એ ઘડીક સ્તબ્ધ બનીને પર્વત તરફ જોઇ રહી.

એને થયું: "અહો! મારી કૌટુંબિક જીવનની આકાંક્ષા પૂરી થઈ છે. માતા દેવાનંદા હવે જાણે મને પોતાની પાસે બોલાવે છે! મારૂં અહીંનું કામ પૂરૂં થયું છે, હવે મારે માતા દેવાનંદાની પાસે જઇ પહોંચવું જોઇએ."

ને તે આખો દિવસ સુનંદાએ માતા દેવાનંદનો અવાજ જાણે સાંભળ્યા કર્યો!

બીજે દિવસે પ્રાતઃકાળમાં ઘણી વહેલી સુનંદા જાગી ઉઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયંત અને બાળકો હજી ઘસઘસાટ ઉંઘતાં હતાં.

સુનંદાએ પોતાનાં કિંમતી આભૂષણો ઉતારીને યથાસ્થાને સાચવીને મૂકી દીધાં, ને પછી પોતાનું સંન્યાસિની તરીકેનું સાચવી રાખેલું વસ્ત્ર બદલી લીધું.

પોતાના પતિને બધી વસ્તુસ્થિતિ સમજાય તે માટે સુનંદાએ એક પત્ર લખ્યો:

"વહાલા જયંત,

ઘણા દિવસો સુધી આપણે સાથે રહી આનંદપૂર્વક કૌટુંબિક જીવન જીવ્યાં છીએ. હવે હું જ્યાંથી આવી છું ત્યાં પાછી જાઉં છું. હવે આપ બાળકોને સાચવજો ને મને સંભારજો.

જો મને આપ ખરેખર ચાહતા હો તો મારી શોધ કરવાનું છોડી દેજો. હું જાઉં છું. લિ૦ આપની

"સુનંદા"

વસ્ત્ર બદલી સુનંદા હળવેથી ઉંઘતા જયંત સમીપ ગઈ ને તેને પ્રણામ કરી ધીમેથી બોલી: "નાથ! હું જાઉં છું. આજ સુધી મેં પૂર્ણ પ્રેમભાવે આપની સેવા કરી છે. હવે માતા દેવાનંદા મને બોલાવે છે. હવે હું જાઉં છું. મને સંભારજો ને બાળકોને સાચવજો."

પછી એણે હળવેથી દરેક બાળકને એક એક મીઠી ચૂમી લીધી. ને એ બહાર નીકળી પર્વત તરફ ચાલી.

એજ એ સમય હતો, જ્યારે એક દિવસ તે નીચે નગરમાં આવવા નીકળી હતી. બરાબર એજ સમયે તે આજે પર્વત તરફ જવા નીકળી પડી.

કૌટુંબિક જીવન તજી દેતાં એના હૃદયમાં ઘણી લાગણીઓ ઉદ્દ્ભવી, પણ આખર માતા દેવાનંદાનો સાદ વધુ ને વધુ બળવાન બનતો ગયો, ને સુનંદા કઠણ હૈયું કરી ચાલી નીકળી.

નવાઇની વાત એ હતી કે ઘણા દિવસો સાથી હોવા છતાં જયંતને ખબર નહોતી પડી કે 'સુનંદા કોણ છે—ક્યાંથી આવી છે? તેણે એક બે વાર આ બાબત સુનંદાને પૂછ્યું હતું, પણ તેણે એ વાત ઉડાવી દીધી હતી. સુનંદાને વાત કહેતાં દુઃખ થાય છે, એમ જાણી પછી જયંતે એ સંબંધી કદી પૂછ્યુંજ નહોતું.

સુનંદાના જવા પછી જયંત ને બાળકો જાગી ઉઠ્યાં ને વાત જાણીને દિલગીર થઇ ગયાં.

જયંત ખરેખર સુનંદાને ચાહતો હોઇ તેણે તેની ઇચ્છાને માન આપી તેની તપાસ કરવાની પ્રબળ ઇચ્છાને દાબી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭)

સુનંદા પર્વત ઉપર ચઢીને મઠ પાસે આવી પહોંચી. તેણે મઠના દ્વાર પર હાથ મૂકયો ત્યાં તો એ ખુલી ગયું.

સુનંદાને નવાઇ લાગી કે "અહો! અત્યારમાં દ્વાર ખુલ્લું છે! મને તો લાગતું હતું કે મારે બૂમો પાડીને કોઇને અંદરથી બોલાવવું પડશે! ને તેથી બધાં મને પૂછશે કે 'કયાં ગઇ હતી?' ખરેખર, જાણે માતા દેવાનંદાએજ મને સહાય કરી છે!"

ને એવો વિચાર કરતાં કરતાં હર્ષપૂર્વક સુનંદા મઠમાં દાખલ થઇ ને પોતાની ઓરડીમાં ગઈ.

ઓરડીમાં જતાંજ એણે જોયું કે ઓરડી સાવ ચોખ્ખી છે, છતાં પોતે વર્ષો પહેલાં જે વસ્તુઓ માતા દેવાનંદાની સન્મુખ જ્યાં મૂકી હતી તે બધી વસ્તુઓ જ્યાંની ત્યાં, જેમની તેમ પડી છે!

સુનંદાના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એ દેવાનંદાની છબી પાસે ગઈ, ને તેને પ્રણામ કરી બોલીઃ "માતા! હું આવી પહોંચી છું. આટલા દિવસ આપનાથી દૂર જવા માટે મને માફ કરશો."

સુનંદા બોલી રહી એટલે તરતજ એકાએક એ આખી ઓરડી કોઇ દિવ્ય ને ઉજ્જ્વળ પ્રકાશથી ઝળહળી ઉઠી.

સુનંદાને લાગ્યું કે જાણે એ કોમળ હસ્ત તેના ખભા પર મુકાયા છે! ને તેણે ગંભીર ને મીઠો સ્વર સાંભળ્યો કેઃ "બેટા! તું આવી? અત્યાર સુધી મેં તારી વતી તારાં બધાં કામ કર્યાં છે. હવે તું તારી જવાબદારી પુનઃ સ્વીકારી લે, ને મને રાહત આપ."

સુનંદાની આંખો આભારની લાગણીથી આંસુ વડે ભરાઇ ગઇ. ઘડીક એ સ્તબ્ધ બની ગઈ. ઘડીક તેને આસપાસની સર્વ વસ્તુઓ જાણે અદૃશ્ય થયેલી જણાઇ.

થોડી વાર પછી સુનંદા બોલીઃ "ઓહો! માતા દેવાનંદા! આપે મારા વતી ખૂબ શ્રમ ઉઠાવ્યો છે. હું આપની સદાની ઋણી છું."

સુનંદા છેલ્લું વાકય બોલી રહી કે તરતજ તેની ઓરડીનું બારણું કોઇએ ખખડાવ્યું. સુનંદાએ પોતાનાં આંસુ લૂછી નાખ્યાં ને પછી બારણું ઉઘાડયું.

મઠની એક સેવિકા અંદર આવી ને સુનંદાને કહ્યુંઃ "આપને માતા પ્રેમાનંદા બોલાવે છે.'

તરતજ સુનંદા પ્રેમાનંદા પાસે જઇ પહોંચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાનંદાએ કહ્યું: "બેટા! હવે પર્યુષણને થોડા જ દિવસ બાકી છે. આપણે આજથી એની સમાપ્તિ માટેની બધી તૈયારી કરવા માંડીએ. તને કાલે જોઇ હતી ત્યારે જ આ વાત હું કહેવાની હતી, પણ તે વખત ભૂલી ગઇ એટલે હવે અત્યારમાં કહું છું."

સુનંદા મનમાં બોલી: "ઓહો! માતા પ્રેમાનંદાએ ગઇ કાલે મને જોઇ હતી? કેવી નવાઇ! જરૂર, માતા દેવાનંદાના પ્રભાવનો જ આ પ્રતાપ છે. તેઓ જ આટલા દિવસ મારા સ્વરૂપે મારૂં બધું કામ કરતાં હોવાં જોઇએ!"

(૮)

પર્યુષણનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. મંદિરમાં સૌ ભેગાં મળ્યાં હતાં, ને પોતે આણેલી જુદી જુદી કિંમતી ભેટો ભોગ ધરતાં હતાં.

મહની સંન્યાસિનીઓએ પણ જુદી જુદી ભેટો આણી હતી.

પણ ગરીબ સુનંદા પાસે ભેટ લાવવા જેવી વસ્તુ નહોતી, એટલે એ બિચારી કાંઈ લાવી શકી નહોતી.

ઉદાસ થઇને એ એક તરફ ઉભી રહી હતી, ને વિચાર કરતી હતી: "અરેરે! મારી પાસે તો ભેટ ધરવા જેવી કાંઈ વસ્તુ નથી! હું શાની ભેટ ધરૂં?"

ને એવો વિચાર આવતાં એને ઓછું આવી ગયું. એની આંખો આંસુથી ભરાઇ ગઇ.

પણ સુનંદાએ જ્યારે પુનઃ સ્વસ્થ થઇને સામે નજર કરી ત્યારે એની આંખો ચમકી ઉઠી. એણે જોયું કે મૂર્તિની સમક્ષ જયંત પોતાની આસપાસ પોતાનાં બાળકોને રાખીને પ્રણામ કરતો ઉભો છે! એકદમ સુનંદા પ્રણામ કરી નમ્રભાવે બોલી: "પ્રભો! મારા રંકનાં આ અણમૂલાં રત્નો હું આપને ભેટ ધરૂં છું. મારી ગરીબની આ ભેટ સ્વીકારજો."

ને તેજ પળે જયંત ને ચારેય બાળકોની દરેકની ડોકમાં એક એક દિવ્ય પુષ્પહાર દેખાયા.

સુનંદાનું હૃદય હર્ષથી ભરાઇ આવ્યું, એ પુનઃ બોલી: "ઓહો! હું ખરેખર ધન્ય બની છું. પ્રભુએ મારી નજીવી ભેટ સ્વીકારી મને ઉપકૃત કરી છે!"

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫–सोरठी शूरवीर

(લેખકઃ–શ્રી. ધીરસિંહ વ્હેરાભાઇ ગોહિલ)

(૧)

"આજે સતી સ્ત્રીનાં સ્વપ્નાં થયાં છે, વીર રાજપૂતાણીઓનાં વીરત્વ ઓસરી ગયાં છે." સમોડા ગામના ઝાંપામાં આવેલી વાવમાં બેઠાં ઉડકતી સરખી સાહેલીઓ વાર્તાલાપ કરતી હતી. વાર્તાના પ્રસંગમાં એક સાહેલીએ ઉપલા શબ્દો કહ્યા.

"તું ભૂલે છે બ્હેન! હજી પણ કોઇ સ્થળે એવી વીર નારી તો નીકળવાની જ કે જે પોતાના પતિની પાછળ જરૂર સતી થાય. ઠઠમોરી શાખાના રાજપૂતની પુત્રી અમજીએ કિંચિત્ આવેશપૂર્ણ શબ્દોમાં કહ્યું.

"ના ના, એ જમાનો ગયો. સામે પગલે મરનાર અને પરોપકારે પ્રાણ અર્પણ કરનાર રાજપૂતો લુપ્ત થયા તે સાથે પતિ સાથે સહગમન કરનાર રાજપૂતાણીઓ સદાને માટે ચાલી ગઇ." બીજી સખીએ સૂરમાં સૂર પૂર્યો.

"અરે જુઓને, આપણાં નાઘેર પ્રદેશમાં વાઘેરોનો થોડો ત્રાસ છે! વળી હાડી મકરાણી વગેરેનાં ધાડાં ધોળે દિવસે લૂંટી જાય છે અને ગામનાં ગામ ભંગાય છે, છતાં પોતાના પરાક્રમનો પરિચય કરાવીને રાજપૂતી દીપાવનાર કોઇ કુળદીપકનાં દર્શન થાય છે?" ત્રીજી સાહેલીએ લૂંટારાઓના ત્રાસનું ઉદાહરણ આપ્યું.

"ક્યાંથી હોય, જ્યાં રાજપૂતાણી જ સત્વહીન થઇ ગઇ છે! પોતાનાં પુત્રપુત્રીઓને રાજત્વને શોભતું શિક્ષણ આપવા અસમર્થ છે, જ્યાં પોતાનામાંજ સતીત્વની ભાવના સર્વથા લુપ્ત થઇ છે તેવે સમયે શૂરવીર પુત્ર અને સતી પુત્રીઓ ક્યાંથી થાય!" ચોથી સખીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

"બ્હેનો! તમે આટલાં બધાં નિરાશ કેમ થઈ ગયાં છો? હજી તમને રાજપૂત સ્ત્રીઓનો પૂરો પરિચય હોય તેમ જણાતું નથી. સર્વત્ર તો નહિ પણ કોઈ કોઇ સ્થળે શૂરવીર રાજપૂત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતી ધર્મને સ્વીકારવાવાળી રાજપૂતાણી તો મળીજ આવે. હજી પૃથ્વી નક્ષત્રિય થઈ નથી તેવી મારી દૃઢ માન્યતા છે." રાજપૂત બાલા અમજીએ પોતાના મતને વળગી રહી રાજપૂતીનું સમર્થન કર્યું.

"એ બધી તારી શેખી છોડી દે. જો ને, આ તરફના રાજપૂતો પોતે પોતાને ભૂલી ગયા છે. ખેતીના ધંધામાં મશગુલ રહીને સ્વ અને પર રક્ષણના ધર્મને છોડી દીધો છે. સિંહ હતા પણ શિયાળ જેવા થઇ ગયા છે; એટલે જ પોતાના ગામના રક્ષણના સ્વધર્મને તિલાંજલિ આપી બેઠા છે અને પૂર્વજનો પ્રભાવ તેનામાં રહ્યો નથી." સાહેલીઓએ અમજીને સંવાદમાં મહાત કરવા અને પોતાનું કહેવું સત્ય છે તે સ્વીકારાવવા સામી દલીલ કરી.

"તમે બધીયુય એક થઇને મને હરાવવાનો પ્રયાસ કરો છો, પણ વાદ કરવામાં તમારી સાથે હું હારી જાઉં તેમ નથી. સામનો કરવો તે અમારો રાજપૂતોનો ધર્મ છે. શસ્ત્રયુદ્ધમાં નહિ તો વાગ્યુદ્ધમાં આજે તમને હરાવીશ. હું એકલી છું અને તમે ઘણી છો; વળી રાજપૂત રીતરિવાજને જાણતાં નથી તેથી જ આવી રીતે બોલો છો." અમજીએ ટકોર કરી.

"અમે ક્યાં તમારા રાજપૂતથી અજાણ્યાં છીએ, આપણા સમોડા ગામમાં મોરી રાજપૂતો છે તે અમે જાણીએ છીએ. આપણા ગામમાં જો કે હજી સુધી કોઇ લૂંટારા આવ્યા નથી, તેથી કેટલી શૂરવીરતા છે તે તો જાણી શક્યાં નથી, પણ અહીંની કન્યાઓમાંથી કોઈ પતિ પાછળ સતી થઇ હોય તેવો એક પણ દાખલો હજી સુધી બન્યો હોય તેવું અમારા જાણવામાં નથી." એક સાહેલીએ અમજીના કુટુંબનો જ દાખલો આપ્યો.

"કોઇને એવો પ્રસંગ નહિ મળ્યો હોય, ઘણા શૂરવીરો અને સતીઓ પ્રસંગને અભાવે પોતાની શક્તિનો પરિચય કરાવ્યા વિના રહી જાય છે તે પ્રમાણે કદાચ ગુપ્ત રહી શક્યાં હોય તો શી રીતે ના કહી શકાય?" અમજીએ પ્રતિવાદ કરતાં કહ્યું.

"હવે ચાલો ઘેર જઇએ. અહીં આપણને ઘણો સમય થઈ ગયો છે. અમજીને એવો પ્રસંગ આવશે ત્યારે જરૂર સતી થાશે અને તેની રાજપૂતી દીપાવશે." એક સખી વ્યંગમાં કહી માથે બેડું મૂકી ચાલતી થઈ.

"હા, હા. એમ જ છે, ચાલો હવે ઘેર જઇએ." બીજી સખીઓ પણ એકબીજી સાથે તાળી લઇને અમજી સામે અર્થસૂચક દૃષ્ટિ ફેંકી માથે બેઢાં લઇ ચાલતી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

"આપણે ઘણાં ગામો ઉપર છાપો માર્યો અને લૂંટયાં; પણ જેવો જોઇએ તેવો માલ હાથ લાગ્યો નથી. એવું કોઇ માલદાર ગામ હોય તેના ઉપર તરાપ મારીએ તો મનમાન્યો માલ હાથ લાગે." વાઘેરના આગેવાને પોતાના જોડીદારને વાત કરી.

"અત્યારે પૈસાની છાકમછોળ કિંદરવા ગામમાં છે. આ એકજ ગામમાંથી પચાસ હજારનો માલ સહેજે પ્રાપ્ત કરી શકાય તેમ છે; પણ તે ગામ ઉપર જવામાં જોખમ છે." જોડીદારે માલદાર ગામ બતાવી જોખમને આગળ લાવતાં કહ્યું.

"કિંદરવું ભાંગવું અને છોકરાંની રમત કરવી તે બરાબર છે. તેમાં વળી જોખમ શાનું? આપણાં સાહસિક માણસોને કદી જોખમમાં ઉતરવું પડયું છે? જ્યાં જ્યાં આપણે ગયા છીએ ત્યાં ત્યાં ફતેહજ મળી છે, તો કિંદરવા ગામ ઉપર જતાં જોખમ હોય તેવું હું માનતો નથી." વાઘેરના આગેવાને આંખો સતેજ કરી મૂછ ઉપર હાથ ફેરવતાં કહ્યું.

"તમે માનો છો તેમ કિંદરવું ભાંગવું સહેલું નથી. ત્યાં રાજપૂતોની વસતી છે અને તે પોતાના પ્રાણને ભોગે પણ ગામનું રક્ષણ કરે તેવા છે તે ભૂલવું જોઇતું નથી. આપણે કિંદરવામાંથી સહીસલામત લૂંટ કરીને પાછા આવીએ તે અસંભવિત લાગે છે. અત્યારે આપણી પાસે ચારથી પાંચ માણસો છે તે શું કરી શકવાના હતા? માટે જ્યાંસુધી આપણી પાસે પૂરતા પ્રમાણમાં માણસો ન થાય ત્યાં સુધી કિંદરવા ઉપર જવું વાજબી નથી." જોડીદારે શંકાને આગળ લાવી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

"આપણે થોડા માણસોથી જવું છે ક્યાં? માણસોનો સમૂહ એકઠો કરીને જઇએ તો કિંદરવાના શા ભાર છે કે આપણી સામે ફૂટ સાંધે! ચપટી વગાડે તેટલી વારમાં લૂંટી લઇએ. ભલેને તે ગામ રાજપૂત વસ્તીવાળું હોય તેથી શું? મેં તો નિશ્ચય કર્યો છે કે ધોળે દિવસે ચઢતે પહોરે જ કિંદરવા ઉપર જવું." આગેવાને પોતાનો દૃઢ નિશ્ચય જણાવ્યો.

"મારૂં મન કબૂલ થાતું નથી." જોડીદારે ટુંકો જવાબ આપ્યો.

"પ...ણે દૂર કોણ આવે છે?" વાઘેરના આગેવાને ટેકરી ઉપરથી લાંબી દૃષ્ટિ કરીને આંગળી ચીંધી.

"આપણો જ માણસ હોય તેમ જણાય છે" જોડીદારે હાથનો નેજો કરી ઝીણી દૃષ્ટિએ ઘડીભર જોઇને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિર પ્રદેશના ઘાડા જંગલમાંથી પસાર થતો એક સ્વાર મારતે ઘોડે આવતો હતો. જે ટેકરી ઉપર વાઘેરનો આગેવાન અને તેનો જોડીદાર ઉભા હતા તે તરફ આવતો હોવાથી વાઘેરના આગેવાને સાશંક દૃષ્ટિથી તેના તરફ જોયું હતું અને પોતાના જોડીદારને પ્રશ્ન કર્યો હતો.

"આપણો સીદી તો નહિ ને ?" આગેવાને ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

"હા એજ છે, જુઓ કાળો ફેંટો તેના માથા ઉપર જણાય છે. તેને ક્યાં મોકલ્યો હતો ?" જોડીદારે સીદી હોવાની ખાત્રી આપતાં સામો પ્રશ્ન કર્યો.

"મારા માશીઆઈ ભાઈ પાસે મોકલ્યો હતો. તેની પાસે ચાળીસ માણસો છે તે લઇ આવવા સંદેશો લઇ સીદી ગયો છે, બે દિવસમાં આવવાનું કહ્યું છે, ઘણું કરીને સારા સમાચાર લઇને આવ્યો હશે." આગેવાને ખુલાસો કર્યો.

આટલી વાતચીત થાય છે તેટલામાં ઘોડેસ્વાર નજીક આવ્યો અને સ્પષ્ટ ઓળખાયો: "કામ ફતેહ થયું જણાય છે" તેવા ઉદ્દગાર આગેવાનના મુખમાંથી સરી પડયા.

ઘોડેસ્વારે ટેકરી ઉપર ઉભેલા બંને જણાને જોયા એટલે તેમને શુભ સમાચાર આપવા ઇન્તેજાર થયો. ટેકરી ઉપર ઉભેલા પણ સમાચાર જાણવા તલપાપડ થઇ રહ્યા હતા. ઉતાવળે સમાચાર આપવા ઘોડેસ્વારે ફતેહસૂચક પોતાના હાથમાં પછેડી લઇને ઉંચી કરીને હવામાં વીંઝી. આ જોઇ ટેકરી પરના બંને વાઘેરોએ આનંદમાં આવી સામેથી તેવીજ રીતે સંદેશો ઝીલ્યો.

ટેકરી ઉપરથી બંને જણ ઉતાવળે પગલે નીચે ઉતર્યા અને ઘોડેસ્વારની પાસે આવતાં જ "સીદી ફતેહ કરી આવ્યો ?" તેવો ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

"હા, આજથી ચોથે દિવસે ચાળીસ માણસો સાથે આવશે." ઘોડેસ્વાર સીદીએ ઉતાવળે જવાબ આપ્યો.

"અરે રંગ રાખ્યો ને ! ભારે કામ કર્યું !" આમ કહી વાઘેર આગેવાન પોતાના જોડીદાર તરફ ફરીને બોલ્યો કે "કેમ માધુ ! હવે તો કિંદરવું ભાંગવું તે છોકરાંની રમત ખરી કે નહિ ? ચાળીસ ઇવડા ઇ અને દસ આપણે !"

(૩)

"હવે જલદી કરો ગોર બાપા ! મુહૂર્તનો સમય થઇ ગયો છે." ઠઠ કિંદરવામાં પરમાર શાખાના રજપૂત અરિસિંહનાં લગ્ન થતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. માંડવાનું મુહૂર્ત હોવાથી માણેકસ્થંભ રોપવા માટે અરિસિંહની માએ ગોરને ઉતાવળ કરવા કહ્યું.

એક તરફ મંગળગીતો ગવાતાં હતાં. બીજી તરફ ઢોલ-ત્રાંસાં અને શરણાઇઓના સુમધુર સ્વર નીકળતા હતા અને તેથી આનંદનું વાતાવરણ ફેલાતું હતું. દરેક માણસના મુખ ઉપર ઉલ્લાસ ઉભરાઇ આવતો હતો અને બધા આનંદમાં ડોલતા હતા.

ગોર માણેકસ્થંભ રોપવાની તૈયારી કરવા લાગ્યા. પ્રથમ પૂજા કરાવીને જેવા રોપવા જાય છે કે તુરત જ સામેના વૃક્ષ ઉપર કાગડી બોલી તેથી ગોર ચમક્યા. તેના મુખ ઉપરનો આનંદ ઓસરી ગયો અને ઉંડો નિઃશ્વાસ નાખ્યો.

"કેમ ગોર બાપા! કાગડી સામે કેમ જોઈ રહ્યા છો? આમ ઝાંખા કેમ પડયા? એ તો પક્ષી છે તે બોલે તેમાં આપણને શું હરકત છે?" દઠ અરિસિંહની માતાએ પ્રશ્ન કર્યો.

"જુઓ, હું તમને ખાનગીમાં વાત કહું છું. હું કાગરસ ભણ્યો છું, તેથી કાગડી બોલે તે સમજું છું. કાગડી કહે છે કે પરણનાર ઉપર અત્યારે જ જોખમ છે. હમણાં અહીં આનંદને બદલે શોક છવાશે. કંકુને બદલે તે લોહીથી રંગાશે. માટે અરિસિંહને કબજે રાખો. ક્યાંઇ બહાર નીકળવા દેશો નહિ." ગોરે કાગડીની ભાષા ઉપરથી ભવિષ્ય ભાખ્યું.

"અરે રામરામ ભજો ગોર મહારાજ! આવો વહેમ તમને ક્યાંથી આવ્યો! આપણા ગામમાં કાંઇ ભય જેવું છેજ નહિ. તેમાં વળી આવા આનંદના વખતમાં ભય શો? મારો અરિસિંહ કોઈની સાથે કજીઓ-કંકાસ કરે તેવો નથી અને આવે વખતે તો કરેજ શાનો? વળી તેની ઉંમર કજીઓ કરે તેવી ક્યાં છે? પૂરાં પંદર વરસ તો હજી હવે થાય છે તે શું બીજાની સાથે તકરાર કરે? આપણા ગામમાં કોઇની સાથે દુશ્મનદાવો નથી. વળી અત્યારે માંડવા મુહૂર્ત છે તેથી અહીંજ છે અને બહાર જવાનો નથી, માટે એ વહેમને છોડી દ્યો અને મુહૂર્ત સાચવી લ્યો." અરિસિંહની માતાએ વહેમ નિર્મૂળ કરવા કહ્યું.

અત્યારે ગોરનું ચિત્ત સ્થિર નહોતું. ઘડીએ ઘડીએ તેના કાન ચમકતા હતા અને વિચારવમળમાં અટવાતા હતા કે હમણાંજ આ લગ્નમાં વિઘ્ન પડશે, આનંદને બદલે શોક છવાશે, લગ્નનાં ઢોલ વાગે છે તેને બદલે બુંગીઓ વાગશે, શરણાઇના મધુર રાગને બદલે સિંધુડો નીકળશે. આવા તર્કવિતર્ક સાથે માણેકસ્થંભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોપવાની ક્રિયા તે કરાવતા હતા.

પંદર વરસનો છતાં પચીસ વરસનો યુવાન લાગતો, મજબૂત બાંધાનો અને દેખાવડો અરિસિંહ હાથમાં તરવાર લઇ અહીંથી તહીં આંટા મારતો હતો. એક તરફ ગામના માણસો એક પછી એક આવીને ફળિયામાં પાથરેલી મોદળુંગણ ઉપર આવીને બેસતા હતા. અરિસિંહના નજીકના સગા ઘેર ઘેર જઇને સ્ત્રીપુરુષોને મંડપ-રોપણના ઉત્સવમાં ભાગ લેવા આમંત્રતા હતા. આ વખતે ગામમાં રાડ પડી કે લૂંટારા આવ્યા.

ગોરનું ભવિષ્ય ખરૂં પડયું. અરિસિંહની માતાને ફાળ પડી અને શું કરવું તે વિચારમાં દિગ્મૂઢ બની ગઇ. ગોર પણ વિચારમાં પડયા, પણ આ વખતે અરિસિંહ કોઈ કારણવશાત્ સામેની કોઢમાં ગયો છે તેમ જોઇને ગોરે દોટ મૂકીને કોઢનું બારણું બંધ કરી ઉપરથી સાંકળ દીધી.

"ગોર બાપા ! કેમ મને અંદર પૂરો છો ? શું મારો કાંઇ ગુનો છે ?" અરિસિંહે ગોરની વિચિત્રતા જોઈ પ્રશ્ન કર્યો.

"હા, આજ તને અંદર પૂરી રાખવાનો વિધિ છે. માટે થોડી વાર અંદર રહે." ગોરે જવાબ આપ્યો.

"પણ આપણી પછવાડે હોકીફીઓ શેનો થાય છે ? જુઓ, કોઈ કહે છે કે ગામને પાદર વાઘેરો આવ્યા છે. તેઓ ગામમાં આવીને લૂંટ ચલાવશે; માટે મને બહાર કાઢો." અરિસિંહે નમ્રતાથી કહ્યું.

"હા ભાઇ ! ગામ ભાંગવા વાઘેરો આવ્યા છે તેમાં આજે તારા માટે ઘાત છે. કાગડી બોલી તેણે સારા શુકન આપ્યા નથી તેથીજ તને કોઢમાં પૂર્યો છે." ગોરે કોઢમાં પૂરવાનું કારણ કહ્યું.

"અરે ગોરબાપા ! તમે આ શું કરી બેઠા ! ગામમાં આવીને લૂંટારા માલ લૂંટી જાય અને રાજપૂતનો દીકરો ઘરમાં પુરાઇ રહે કે સંતાઈ રહે તો જનેતા લાજે. તમે અમારા કુળગોર ! આવી રીતે કરવું તમને શોભે ? મને બહાર કાઢો. એ લૂંટારાના લોહીથી આ મારી તલવારને તૃપ્ત કરવા દ્યો." અરિસિંહે ક્રોધ કરીને કહ્યું.

"નહિ બને બાપ ! એ નહિ બને. જે થવું હશે તે થશે, પણ તને વાઘેરો સામે જવા નહિ દઉં." આમ કહી ગોર ત્યાંથી દૂર ખસી ગયો.

અરિસિંહ નિરૂપાય બન્યો છતાં હિંમત હાર્યો નહિ. તેણે છલંગ મારી ખપેડો પકડયો, પછી તેણે પગ ભરાવી તરવારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીંછીથી નળિયાં અરાંપરાં કર્યાં. પછી ખપેડો ફાડી ખોરડા ઉપર આવી નીચે ઉતર્યો અને લૂંટારા તરફ દોડયો.

અરિસિંહ ગામના ઝાંપા તરફ જતો હતો તેવામાં તેનો મિત્ર કરણજી સામો મળ્યો. તે બોલ્યો કે "અરિસિંહ! આમ બહાવરા જેવો કયાં દોડયો જાય છે?"

"કરણજી! શું જુએ છે? ગામ લૂંટવા વાઘેરો આવ્યા છે અને આપણે રાજપૂત હોઇ નીરાંતે બેસી રહીએ તે આપણને છાજે નહિ. માટે મારી સાથે ચાલ, આપણે બંને થઇને વાઘેરોને હાથ બતાવીએ."

કરણજી પણ તેની સાથે થયો. ગોરને સમાચાર મળ્યા કે અરિસિંહ ખપેડો તોડી બહાર નીકળ્યો છે અને લૂંટારા સામે જાય છે, તે સાંભળી ગોર પણ હથિયાર લઇને પાછળ ગયો. ગામના ઝાંપામાંજ લૂંટારાનો ભેટો થયો. લૂંટારા ઝાંપામાં ગરતા હતા તેવામાંજ ઝાંપા વચ્ચે ઉઘાડી સમશેરે અરિસિંહ ઉભો રહ્યો.

"અરે છોકરા! અમારો રસ્તો છોડી દે. લડવું એ તારૂં કામ નથી, કોઇ મોટેરાને મોકલ અને તું હીમખીમ તારે ઘેર પાછો જા. અમે તને વચન આપીએ છીએ કે તારૂં ઘર નહિ લૂંટીએ." વાઘેરના આગેવાને અરિસિંહને સમજાવવાનો પ્રયાસ કર્યો.

"આ ગામમાં જેટલાં ઘર છે તે બધાં મારાં જ છે. હું જીવતો હોઇશ ત્યાં સુધી એક પણ ઘર ઉપર તમારો હાથ પડવાનો નથી." અરિસિંહે જવાબમાં કહ્યું.

"તું લીલે લગ્ને છે, હજી તારે સંસારનો લહાવો લેવાનો છે. અમો પચાસ છઇએ. તમો ત્રણ છો તેમાં કયાંઈ ગોત્યા હાથ આવશો નહિ; માટે રસ્તો છોડી દ્યો." વાઘેરના આગેવાને હાકલો કરતા રોફથી કહ્યું.

"અમો રાજપૂતોને તો સંસારનો ખરો લહાવો તમારા જેવા દુષ્ટોને દમન કરવા અગર ક્ષત્રિયધર્મનું પાલન કરતા મરવામાં જ છે. માટે તમારી એવી દમદમાટીથી કાંઇ વળવાનું નથી. જો તમને જીવનની આશા હોય તો પાછા ચાલ્યા જાઓ." અરિસિંહે મક્કમતાથી કહ્યું.

"તું બાળક છે, અમો ઘણા છીએ. તમે થોડા છો માટે તું પહેલો ઘા કરી લે, નહિ તો હૈયામાં હામ રહી જશે." લૂંટારાએ છેલ્લો નિર્ણય કહ્યો.

"હું બાળક ખરો પણ રાજપૂતનો. તમે મારે ગામ આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો, તેથી મારા મહેમાન કહેવાઓ. મહેમાનનો સત્કાર કરવો જોઇએ. માટે તમે જ પહેલો ઘા કરો. મારાથી તમારા ઉપર પહેલો ઘા થાય નહિ." અરિસિંહે સૌરાષ્ટ્રીય સન્માનનું સ્મરણ કરાવ્યું.

"પહેલો ઘા પરમેશ્વરનો" આમ કહી લૂંટારાના આગેવાને તરવારનો ઘા કર્યો તે ચપળતાથી અરિસિંહે ચુકાવ્યો અને પછી પોતે પ્રહાર કરવા લાગ્યો. પોતાની પાસે રહી કરણજી અને ગોર પણ પ્રહાર કરવા લાગ્યા.

"એક મરણીઓ સોને ભારે પડે" તે કહેવત પ્રમાણે અરિસિંહ મરણીઓ થઇને લડતો હતો અને આગળ ને આગળ વધતો હતો. અરિસિંહ વાઘેરોના વચમાં ઘેરાઇ ગયો. ગોર અને કરણજી પાછળ રહી ગયા. તેવામાં એક વાઘેરે અરિસિંહની પાછળ રહીને તરવારના એક જ ઘાથી માથું ઉડાવી દીધું.

માથું પડયા પછી તો અરિસિંહનું ધડ બમણા જોરથી લડવા લાગ્યું. હવે લૂંટારાને ખાત્રી થઈ કે આ શૂરવીર આપણા બધાનો નાશ કરશે. આમ માનીને પાછા હઠવા લાગ્યા. અરિસિંહ એકજ ઝટકે વાઘેરને યમસદન પહોંચાડતો હતો. માથા વિનાનું ધડ ભયંકર રીતે લડતું હતું. લૂંટારાઓનો ઘાણ નીકળવા લાગ્યો અને તેઓ પાછા હઠવા લાગ્યા. આવી રીતે લડતા લડતા સારસવા, મોબતપરા અને કિંદરવા, આ ત્રણ ગામનો ત્રભેટો ભેગો થતો હતો તે સ્થળે સીમાડે પહોંચ્યા. અહીં અરિસિંહનું ધડ પડયું. કરણજી અને ગોર સખત ઘાયલ થયા. વાઘેરો પોતાના અરધ માણસો મરાવીને નિરાશ થઇ ચાલ્યા ગયા.

(૪)

સમોડા ગામમાં આજે આનંદ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. મોરી શાખાની રાજપૂતકન્યા અમજીનાં લગ્ન કિંદરવાના અરિસિંહ સાથે થવાનાં હોવાથી લગ્નની ધામધૂમ ઉજવવા બધા મોરીઓ દોડધામ કરતા હતા. બે-ચાર દિવસમાં જાન આવવાની હોવાથી તેના સત્કારની તૈયારી કરવામાં કોઇને ઘડીની નવરાશ નહોતી.

અમજી પણ વસ્ત્રાભૂષણથી સજ્જ થઇ આનંદને હિંડોળે હિંચકતી હતી. તેના હૃદયમાં કંઇ કંઇ કોડ ઉદ્‌ભવતા અને અનેક મનોરથોના કિલ્લા રચતા હતા. હૃદયમાં ઉલ્લાસ સમાતો નહોતો.

સરખે સરખી સાહેલીઓ મળીને પાણી ભરવા નીસરી તેની સાથે અમજી પણ પગમાં કાંબી કડલાં ઠમકાવતી માથે ચળકતી હેલ લઇને બધીની સાથે પાણી ભરવા ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેલીઓ મર્મ અને મીઠી મશ્કરી કરતી હતી અને અમજીને પજવવાનો પ્રયાસ કરતી હતી; પણ અમજી તો સ્મિત હાસ્યથી બધાનો જવાબ વાળતી હતી. આવી રીતે આનંદ કરતું સાહેલીવૃંદ ગામને ઝાંપે આવેલી વાવમાં પાણી ભરવા ઉતર્યું.

બે વટેમાર્ગુ સમોડા આવ્યા અને પાણી પીવાના મસથી વાવના મતવાલા પાસે આવ્યા. તેઓ વાતો કરતા હતા કે "કિંદરવામાં વાઘેરો લૂંટવા આવ્યા હતા તેને લીધેલે લગ્ને અરિસિંહે સામે થઇને હઠાવ્યા અને પોતે મરાયો.

એક પનીહારી પાણી ભરવા વાવમાં ઉતરતી હતી તેણે આ વાત સાંભળી અને પૂછીને ખાત્રી કરી તો જણાયું કે અમજીને પરણવા આવનાર અરિસિંહ જ મરાયો. આ વખતે સાહેલીઓની સાથે માથે પાણીનું બેડું લઇને અમજીને હર્ષભેર જતી પનીહારીએ કહ્યું કે "અમજી! તારો ધણી વાઘેરો સામે લડતાં મરાયો. આ વટેમાર્ગુ ખબર લાવ્યા છે."

અમજીને એકાએક માથે વીજળી પડી હોય કે આભ ખરેડયો હોય તેવો આંચકો લાગ્યો અને વાવની માળમાં હાથ પછાડયા. બેડું માથેથી ફેંકી દીધું અને પોતાને સતી થવું છે તેવું જાહેર કર્યું.

સાહેલીઓ પણ આ દેખાવથી શોકમગ્ન થઇ અને કહેવા લાગી કે "હજી તારાં લગ્ન થયાં નથી. લગ્ન થયા પછીજ પતિ ગણાય; માટે સતી થવાની જરૂર નથી. આવી કંચન જેવી કાયા અગ્નિમાં વિનાકારણ બાળવી તે નરી મૂર્ખતાજ છે."

"બહેનો! તમે તે દિવસે કહેતાં હતાં કે હાલમાં કોઇ રાજપૂતાણી સતી થાય તેવી નથી; માટે હવે જુઓ કે રાજપૂતાણી કેટલા ઉત્સાહથી પોતાનું શરીર અગ્નિજવાળામાં ભસ્મ કરે છે!" અમજીએ પૂર્વની વાતનું સ્મરણ કરાવતાં કહ્યું. "પણ અરિસિંહ સાથે હજી તું શાસ્ત્રવિધિથી જોડાઈ નથી. જ્યાં સુધી ચાર મંગળ વર્ત્યાં ન હોય ત્યાં સુધી પતિ ગણાય નહિ અને તેવા પતિ પાછળ સતી થવાની જરૂર નહિ." સાહેલીઓએ સમજાવવાનો પ્રયાસ કર્યો.

"ભલેને મંગળફેરા વર્ત્યાં ન હોઇએ, પણ હૃદય તો સમર્પિત થયું છે ના! હૃદયથી માની લીધેલો તેજ ખરો પતિ છે અને તેના પાછળ સતી થવું તેજ ખરૂં સતીત્વ છે." અમજીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

"પણ હજી ખરા ખબર તો આવ્યા નથી. ઉડતી વાત સંભળાય છે તેમાં તને આ રીતે સતી થવાનું ક્યાંથી સૂઝ્યું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેલીઓએ બીજી વાત આગળ કરી.

"ભલેને ખોટી ખબર હોય, પણ મારા પતિના મરણના સમાચાર સાંભળતાંજ મને સત્ ચઢયું છે; માટે અગ્નિપ્રવેશ કર્યેજ છૂટકો છે." અમજીએ પોતાનો નિશ્ચય જણાવ્યો.

ગામના બધા માણસો એકઠા થયા. બધાનાં હૃદયો બળી ગયાં. કિંદરવાથી પણ સાચા સમાચાર લઇને એક માણસ આવ્યો તેથી બધાને અરિસિંહના મરાયાની ખાત્રી થઇ.

અમજીએ 'જય અંબે'નો પોકાર કર્યો. માથાની વેણી છૂટી મૂકી અને ચિતા ખડકવા તાકીદ કરી. આ વખતના અમજીના તેજ-પ્રભાવથી બધાં અંજાઇ ગયાં અને મૂંગેમોઢેજ ચિતા તૈયાર કરી. અગ્નિ પ્રજવલિત થતાં અમજીએ જયઅંબે કહેતાં તેમાં પ્રવેશ કર્યો.

*

* *

જે સ્થળે અમજીએ હાથના થાપા માર્યા હતા તે વાવમાં હજી નિશાનીઓ છે; કદાચ તેના સ્મરણને માટે પાછળથી પણ બનાવેલ હોય.

અરિસિંહનું માથું કિંદરવા ગામના ઝાંપામાં જે સ્થળે પડયું તે સ્થળે રણચગો છે અને ત્રણ ગામને ત્રભેટે ધડ પડયું ત્યાં ખાંભી છે.

અરિસિંહના ભાઇના વંશજ પૈકી જગમાલભાઇ વૃદ્ધ ઉંમરના છે અને અજાભાઇ યુવાન છે.

કિંદરવા જુનાગઢ તાબે વેરાવળ પાસે આવેલું છે.

("શારદા" માસિકના એક અંકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬–ભૂરિયાનું રુદન

(લેખકઃ–શ્રી. સીતારામ શર્મા)

લૂંટાયલા મુસાફર જેવી સામાનવિહોણી ઓરડી લાગતી હતી. વર્તમાન સમાજવ્યવસ્થાની જેમ એક ખૂણામાં થોડીક ચોપડીઓ, છત્રી, ચંપલ અને એક જીર્ણ ટ્રંક વીખરાઇને પડયાં હતાં. ઓરડીની વચ્ચે એક સાદડી પર ચંપક અને તેની પત્ની સુમિત્રા બેઠાં હતાં. પ્રલયકાળના આખરે પૃથ્વી નિઃશ્વાસ નાખે તેવા નિઃશ્વાસ બન્નેનાં બળતાં હૈયાંની પ્રતીતિ પુરાવતા હતા.

એમની વચ્ચે સ્વજનસમો ભૂરિયો બેઠો હતો. માનવીની લાગણીઓ સમજવા છતાં ભાષાના સાધનના અભાવનું દુઃખ પહેલવહેલું આજેજ થયું હોય, તેમ તેની આંખોમાં વેદના ઉભરાતી હતી. ચંપક અને સુમિત્રા તેની સ્વચ્છ અને સુંવાળી પીઠ પર મમતાથી હાથ ફેરવતાં હતાં: 'ક' વર્ગનો કેદી ત્રિમાસિક મુલાકાતે આવેલા પોતાના બાળકને શિરે હાથ ફેરવે તેટલી મમતાથી.

"ભૂરિયાને નહિજ લઈ જઈ શકાય?" સુમિત્રાએ ચંપકને પંદરમી વખત એ પ્રશ્ન પૂછ્યો. એ સામાન્ય શબ્દોની પાછળ સકળ વિશ્વનાં સામટાં દર્દોની વેદના હતી.

"સુમિત્રા" પોતાની નિરાધારીને ઢાંકવાનો સહેજ પણ મિથ્યાડંબર કર્યા વિના ચંપકે કહ્યું: "આપણુંજ ઠેકાણું નથી, ત્યાં ભૂરિયાનો બોજો શી રીતે ઉંચકી શકાશે?"

"બિચારો મારો ભૂરિયો..." સુમિત્રાની આંખમાંથી આંસુ ખરવા માંડયાં.

સુમિત્રાની ભાષા સમજતો હોય તેમ ભૂરિયો મમતાથી તેની સામે જોઈ રહ્યો.

"ચાલીના માલીકે પણ શરત કરી છે તે તું કયાં નથી જાણતી?" ચંપકે આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના હૃદયની વ્યથાને બરાબર સમજતો હોય તેવી દૃષ્ટિએ ભૂરિયાએ તેની તરફ જોયું.

પોતાના ભાવીને વાંચી શકતો હોય તેમ તેનું મોઢું દયામણું થઇ ગયું.

*

* *

ચંપક અને સુમિત્રા સમાજના મધ્યમ વર્ગનાં હતાં. એ વર્ગને જેવાં વીતકોનો અનુભવ થાય તેવાં વીતકો તેમણે અનુભવ્યાં હતાં.

સામાન્ય વર્ગના છોકરાઓને કચડી નાખનારી આર્થિક પ્રતિકૂળતાઓને લીધે વિદ્યોપાર્જનની મહેચ્છાઓને ઉગતીજ ડહામી દેવી પડે છે, તેમ ચંપકને ય જેમ તેમ કરીને મેટ્રીક સુધી પહોંચ્યા પછી અભ્યાસ છોડી નોકરીની શોધમાં પડવું પડયું હતું.

હિંદુ માતા-પિતાની મમતા પુત્રને માટે વહુ શોધી લાવવા સુધી જઇ શકે છે, એટલે ચંપકના પિતાએ તે મેટ્રીકમાં હતો તે વર્ષેજ તેને પરણાવી દીધો હતો.

વિકાસપંથે વિચરતા વિશ્વના પ્રાગતિક દેશોમાં આશાભર્યાં યુવક-યુવતીઓ વિજ્ઞાનના કે શારીરિક વિકાસના અખતરાઓ કરે છે; પણ હિંદુ યુવક-યુવતીઓને પરણ્યા પછી દાંપત્ય પ્રેમના અખતરા અજમાવવવાના હોય છે.

એ અખતરામાં ચંપક અને સુમિત્રા ઠીક ઠીક સફળ થયાં હતાં.

અને અનેક લાગવગો અજમાવ્યા પછી મહામહેનતે ચંપક પચાસ રૂપિયાની નોકરી મેળવી શકયો હતો.

એમાંથી થોડું ઘણું બચાવી તે માતાપિતાને મદદગાર બનતો.

ચંપક અને સુમિત્રા એ જીવનમાંય સંતોષ અનુભવતાં.

રવિવારની એક સંધ્યાએ ફરીને આવતાં રસ્તામાં એક શ્વાનબાલ રડતું ચીસો નાખતું તેમણે જોયું.

સુમિત્રાને દયા આવી. તેણે તે કુરકુરિયાને ઉંચકી લઇ ઘેર આણ્યું.

થોડુંક દૂધ લાવીને તેણે એને પાયું, ગરમ પાણી કરીને નવડાવ્યું; ત્યારથી તે એનું સાથી બન્યું.

પોતાનું બાળક હોય તેમ તેમણે એ કુરકુરિયાને રાખવા માંડયું. એના પોષણખર્ચ પૂરતી કરકસર તેમણે વેઠી લીધી.

સુમિત્રાએ થોડા દિવસ પછી એનું નામ પાડયું. ત્યારથી તે ભૂરિયા તરીકે ઓળખાવા લાગ્યું.

*

* *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસે સાંજે ચંપક ઘેર આવ્યો ત્યારે તેનું મોઢું પડી ગયું હતું. સુમિત્રાએ હમેશની મમતાથી તેનો સત્કાર કર્યો, તેના જવાબમાં ચંપક હસ્યો, પણ એ હાસ્યમાં જીવંતપણાની તાઝગી નહોતી. વેદનાની ચીસ જેવું એનું હાસ્ય ફિક્કું હતું.

સુમિત્રાએ એ વેદનાનું સ્મરણ તુરતજ ન કરાવ્યું, છતાં તે રાતના વાળુની મિઠાશ મારી ગઇ.

ભૂરિયાની સાથે તે રાત્રે કોઇએ રમત કરી નહિ. ગમગીનીનું વાતાવરણ ઘરમાં જામી ગયું. પોતાનાં પાલકોની લાગણી સમજી જનાર વફાદાર ભૂરિયો પણ એક ખૂણામાં જઇને લપાઇ બેઠો.

છેવટે સ્વજનના મૃત્યુની ખબર આપતો હોય તેવી શાંત ગંભીરતાથી ચંપકે કહ્યું:

"સુમિત્રા! આજે મને નોટીસ મળી."

ખંડેરમાં પડઘો પડે તેમ એ શબ્દો ગમગીનીભર્યા વાતાવરણમાં ગર્જી ઉઠયા.

"તેમાં આટલા બધા ગમગીન શા માટે બની જાઓ છો ?" સુમિત્રાએ પતિને આશ્વાસન આપવાનો પ્રયાસ શરૂ કર્યો " ગમે ત્યાં બીજી નોકરી મળી રહેશે."

"તું ધારે છે એટલી નોકરીઓ સસ્તી નથી પડી. સુમિત્રા! આજકાલ તો નોકરીઓ સ્વર્ગ જેટલી દુર્લભ થઇ પડી છે."

ચંપકનું વદન મ્લાન બની ગયું હતું. એની આંખો નિસ્તેજ થઇ ગઇ હતી.

"હવે શું થશે ?" તેના હૃદયમાં એ પ્રશ્ન વારંવાર પોકાર કરતો અને વણઉત્તર શમી જતો.

વર્તમાન હિંદના યુવકોની પરાવલંબી દશાનો ચંપક અત્યારે મૂર્તિમંત નમુનો બની ગયો હતો. એમનું ભણતર જ્ઞાનપ્રાપ્તિ માટે નહિ પણ નોકરીની લક્ષ્યસિદ્ધિ માટે હોય છે. નોકરી એમનામાંથી સાહસ, શૌર્ય, હિંમત, ધીરજ બધું ચૂસી લે છે. કેમકે વર્તમાન સમાજવ્યવસ્થામાં તેમને તે માટે કશીયે તક મળતી નથી. રાષ્ટ્રની રાજકીય પરાધીનતાએ તેમના વિકાસના માર્ગમાં અનંત આડખીલીઓ સર્જી રાખી છે. મૂડીવાદી માલીકો કેવળ દ્રવ્યશોષણ તરફજ દૃષ્ટિ રાખીને, દરરોજ હજારો ચંપકોને નિરાશાની ગર્તામાં ધકેલી દે છે.

"હજુ આખો મહિનો બાકી છે. આજે તો હજી ૩૧મી છે ને ?"

"હા, મારા જેવા અનેક જણાઓને કામ અને બેકારી વચ્ચે ઝોલાં ખવરાવતી આજે આખર તારીખ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે શું ? હજી તો આપણા હાથમાં ત્રીસ દિવસ છે."

"એ ત્રીસ દિવસ તો જોતજોતામાં ચાલી જશે." ચંપકે નિઃશ્વાસ મૂકીને કહ્યું "મારા જેવા અનેક બેકારો નોકરીઓ શોધતા શેરીઓમાં રખડે છે. તેમાં આપણો પત્તો ક્યાંથી ખાશે ?"

અને એમજ થયું.

ચંપકે નોટિસના મહિના દરમિયાન નોકરી માટે અનેક ઠેકાણે અરજીઓ કરી, પણ કોઈ પણ ઠેકાણે પત્તો ખાધો નહિ.

નોટિસના દિવસોમાં નોકરી કરવી એ જીવંત નરકની યાતના જેવું હોય છે. ફાંસીની સજા પામેલા કેદીના જેવી મનોદશા તેની થઇ જાય છે. આવતા મહિનાની પહેલી તારીખની સ્મૃતિ જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં તેને નિરંતર રહ્યા કરે છે.

"એ દિવસે હું નોકરી વિહોણો બેકાર બનીશ" એ વિચાર ધગધગતા અંગારાઓની માફક તેના હૈયાને અને મગજને દઝાડે છે.

આખો મહિનો ચંપકે એ વેદના અનુભવી.

તે મહિનાના ત્રીસ દિવસમાં તેણે ત્રણસો વખત પોતાના શ્રીમંત શેઠના નામ પર ગાળો વરસાવી.

"મધ્યમ વર્ગના માણસોનું રકત ચૂસતા મૂડીવાદનો નાશ કર્યા વિના જગતમાં શાંતિ સ્થપાવાની નથી." એવી ચર્ચા અનેક મિત્રો સાથે તેણે ગુસ્સાભરી ભાષામાં કરી.

પરંતુ તેનો એ ગુસ્સો નિર્વીર્યનો હતો. મૂડીવાદના નાશ માટે જે શક્તિ જોઇએ તેવી શક્તિ તે વાદના શોષણના સાધન બનેલા તમામ માનવોના સુવ્યવસ્થિત સંગઠનથી થઈ શકે, તેનું ભાન ચંપકને નહોતું. એનો ગુસ્સો માત્ર સંજોગાધીન હતો.

*

* *

બીજો મહિનો પણ પૂરો થયો.

ચંપક હજુ પણ બેકાર હતો.

તેણે કરકસર માટે સસ્તા ભાડાની ચાલીમાં રહેવા જવાના વિચારથી, મકાનમાલીકને આગલે મહિનેજ નોટિસ આપી દીધી હતી.

જે ચાલીમાં તે રહેવા જવાનો હતો, તેવી ચાલ તરફ ઝાંખીને જોવામાં પણ મધ્યમ વર્ગના શિક્ષિતો શરમ માને છે.

ઓરડીમાંનો ઘણોખરો સામાન ખાલી થઈ ગયો, તે વખતે ચંપક અને સુમિત્રા ઓરડીની વચ્ચે એક સાદડી પર બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ સુધી મમત્વથી પાળેલા ભૂરિયાનું શું કરવું તેનો તેઓ વિચાર કરી રહ્યાં હતાં.

ચંપકે ભૂરિયાને લઈ જવાની અશક્તિ બતાવી, અને સુમિત્રાની આંખમાંથી આંસુ ખરવા માંડયાં.

"ત્યારે એનું શું કરીશું ?" તેણે દયામણા ભાવે પૂછ્યું.

"જેમ તે રસ્તામાંથી મળ્યો હતો, તેમ તેને રસ્તા વચ્ચે મૂકી દીધા સિવાય બીજું શું થાય ?"

સુમિત્રાએ મમતાથી ભૂરિંયાને ઉંચક્યો. સમાજનો ભોગ બનેલી વિધવા પોતાના ગુપ્ત બાળકને ગુંગળાવી નાખતાં, તેને છેલ્લું ચુંબન લે, તેટલી મમતાથી તેણે ભૂરિયાને હૈયાસરસો દાબીને ચુંબન કર્યાં.

પત્નીની એ મમતા અને પોતાની નિરાધારીના ખ્યાલથી ચંપક-ની આંખમાંથી પણ આંસુ ટપકવા લાગ્યાં.

એટલામાં મજૂર આવ્યો, તેને શિર બાકીનો સામાન ચડાવી-ને સુમિત્રાએ ભૂરિયા તરફ છેલ્લી વખત જોયું.

ભૂરિયાની આંખોમાંથી પણ અશ્રુ વહી રહ્યાં હતાં.

અશ્રુભરી આંખે ચંપક અને સુમિત્રા દેશવટો પામેલા માણસની માફક નીકળ્યાં.

એકલા અટુલા ભૂરિયાએ કારમા સ્વરે રુદન કરવા માંડયું. એના એ રુદનમાં ત્રિલોકને ડોલાવનારી કરુણા હતી.

પરંતુ વર્તમાન વિશ્વને એવાં કારમાં રુદનો સાંભળવાની ક્યાં ફુરસદ છે ?

ભૂરિંયાના એ રુદનથી સુમિત્રાના કોમળ હૃદય પર ભયંકર આઘાત થયો. તે બારણા વચ્ચેજ પડી ગઇ.

ચંપક તેને સચેત કરવાના પ્રયાસ કરવા લાગ્યો, ત્યારે ભૂરિયો સુમિત્રાના મસ્તકને પોતાની જીભથી પંપાળી રહ્યો હતો.

(તા. ૨૧-૧-૧૯૩૪ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭–पगारकाप

(લેખકઃ–શ્રી. ભદ્રકુમાર યાજ્ઞિક)

(૧)

"શિવનંદન! જુઓ, વધુ વખત હવે મારાથી આ ખોટ ચલાવી શકાય તેમ નથી. દિવસો એક પછી એક કેટલા ખરાબ આવતા જાય છે એ તમે ક્યાં નથી જાણતા? આપણી પેઢીના માણસોમાં અને ખર્ચમાં ઘટાડો કરવો પડશે અને આ વર્ષથીજ આ બધી કાપકુપ અમલમાં મૂકવાનો મેં વિચાર કર્યો છે." ગોપીલાલ શેઠે વ્યાપારી અનુભવથી મેળવેલી ખંધાઈ અને ઉમ્મરને અનુરૂપ ડાવકાઇથી ઉપરના શબ્દો ઉચ્ચાર્યા ત્યારે શિવનંદનને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે એ બધા શબ્દોની પાછળ કંઇક હેતુ સમાયો હશે.

ધંધાની મંદી અને વાર્ષિક ખોટથી કંટાળીને શેઠ આવું તો ઘણીએ વાર બોલતા, એમ કહોને કે શેઠને બીજી અનેક ટેવો સાથે એવું બોલવાની ટેવજ પડી પઇ હતી. શિવનંદન શેઠના આ સ્વભાવથી અનેક વર્ષોની નોકરીને પરિણામે પરિચિત થઇ ગયેલો હતો. એટલે આજના ગોપીશેઠના એ શબ્દો હંમેશની માફકજ શિવનંદને સાંભળી લીધા.

"એટલે" ગોપીશેઠે ચહેરા પર કડક ભાવ લાવીને આગળ ચલાવ્યું "તમારા પગારમાં પચીસ રૂપિયાનો ઘટાડો કરવો પડે છે." શિવનંદનને રૂપિયા સોનો પગાર મળતો હતો, તેમાંથી પાંચ નહિ, દસ નહિ અને પચીસ રૂપિયાનો ઘટાડો! છ માસ પહેલાંજ મુંબાઇવાસી પ્રિયતમા સાથે સુખી જીવન ગુજારવાના કોડથી પરણેલી ચંદાને તેણે મુંબાઈમાં બોલાવી હતી, અને લગ્ન માટે કરેલા દેવામાં દર માસે પગારના ત્રીજા ભાગ જેટલી રકમ આપતાં બચતી રકમમાંથી પરાણે પરાણે ઘરનો નિર્વાહ ચલાવતા શિવનંદનને આફતોની પજો નજર સામે તરવરતી દેખાઇ.

"...પણ હું કેટલી વફાદારીથી..."

શિવનંદનને બોલતોજ અટકાવીને શેઠે "હમણાં તો ચલાવો,

ફૂ. ૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી જોઇશું" કહીને બીજા કામમાં મન પરોવવાને ડોળ કર્યો. શેઠના તીખા સ્વભાવ અને દુરાગ્રહની હદે પહોંચે એટલી મક્કમતાથી શિવનંદન પૂરતી રીતે વાકેફગાર હોવાથી કંઇ પણ ન બોલતાં ત્યાંથી ચાલ્યા જવાનું તેને વાજબી લાગ્યું !

ઝવેરીબજારના નાકા પર ગોપી શેઠની સોના-ચાંદીની પેઢી ઘણાં વર્ષોથી જામેલી હતી. ચાર ચાર વર્ષોની મહેનત પછી ચાલીસના પગારમાંથી સો સુધી પહોંચતાં અને પરિશ્રમ, પ્રમાણિકતા અને વફાદારીની લાગણીની શેઠને ખાત્રી આપતાં શિવનંદને એના નાના જગતમાં પણ ખૂબ કષ્ટ વેઠયાં હતાં, એણે એટલી રાતો નોકરી જાળવવા માટે ઉંઘ વિના ગુજારી હશે, ને કેટકેટલી ટંકો "ચા" ના કપો પર ગુજારી હશે, એની ગણનાજ થઈ શકે એમ ન હતું. આ બધા પરિશ્રમને અંતે મહામહેનતે મળતા પગારમાંથી પચીસ રૂપિયા જેટલી રકમનો ઘટાડો એ શિવનંદન માટે અસહ્ય અને અણધારી આફત સમાન હતો; પણ કઠણ સંજોગો, નોકરીધંધાની હાડમારી અને દાદર પરના એક કાતરિયામાં કોડભર્યા હૈયે "સુખી જીવન" ગુજારવા આવેલી ચંદાને યાદ કરતાં "પગારમાં ઘટાડો" મંજૂર રાખ્યા વિના શિવનંદન માટે બીજો ઉપાયજ ન હતો.

રોજ સાંજે સાતેક વાગે પેઢીનું કામ આટોપી શિવનંદન દાદર જતી ટ્રામ પકડી સીધો ઘેર પહોંચતો, સ્વભાવે રસુજી અને સરળ દિલના શિવનંદનને કદીય દરિયા પર લટાર મારવા જવાનું મન ન થતું, અને નોકરી અને ચંદાના આવ્યા પછી તેની સુખસગવડ સિવાય એની વિચારસૃષ્ટિમાં બીજા કશાયને માટે સ્થાન ન હતું; પણ આજે એનું મન ચગડોળે ચડયું, દાદરની ટ્રામ પકડવાને બદલે પાલવા તરફ જવાનું એને દિલ થયું. પગારકાપની અણધારી આફતે એના નાજુક દિલને ખૂબ વલોવી દીધું. આવતા મહિનાના પગારમાંથી એક નાનું ગ્રામોફોન ખરીદવાનો ચંદાનો આગ્રહ એને યાદ આવ્યો ! ઉપરાંત બન્નેની સામાન્ય જરૂરીઆતોની અનેક સામગ્રીઓની અછત પાર પાડવાની તેની આશાઓ પણ પડી ભાંગવા જેવો ભાસ થયો !

"શું કરવું ?" એની એને આજે જરાય ગમ પડતી ન હતી. "ચંદાને આ પગારકાપની વાત કહીને દુઃખી કરવી કે કેમ ?" એ પણ એ નક્કી ન કરી શકયો ! ઘરખર્ચમાં ઘટાડો કયાં અને કેમ કરવો ? તે પણ એને ન સૂઝયું. આ બધી ઘડમથલમાંથી કંઇક માર્ગ કાઢવામાં એનું મન કંઇ પણ ચોક્કસ વિચારણા વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂબજ મુંઝાવા લાગ્યું !

હંમેશના કરતાં લગભગ બે કલાક જેટલા મોડા વખતે શિવનંદન ઘેર પહોંચ્યો, "સીરામજીની ચાલી"ના ત્રીજા માળની અઢાર રૂપિયાની કોટડીમાં ગઈ કાલે શિવનંદનને જે આનંદ અને તાઝગી જણાતી તે કોણ જાણે આજે ગમગીની અને નિરાશાના રૂપમાં ફેરવાઇ હોય એવું લાગ્યું ! આશાભરી આંખોએ 'આ આવે, પેલા આવે' એમ રાહ જોઇને ચિંતાતુર ચહેરે રાહ જોતી ચંદાને શિવનંદનના સ્વભાવમાં અને વર્તનમાં આજે પહેલીજ વાર કંઇક વિચિત્રતા નજરે પડી ! "શેઠનું કામ હતું" એ ટુંકા શબ્દોમાંજ ચંદાની ચિંતા, આતુરતા અને શંકા-આશંકાઓનો જવાબ પતાવી એક શબ્દ પણ બોલ્યા વિના વાળુ કરીને સૂઇ ગયો, રાત્રે એને હંમેશની માફક ઘસઘસાટ ઉંઘ ન આવી, રાતભર પથારીમાં આળોટયા કર્યું અને બીજે દિવસે પાછી કંઇક હિંમત, આશા અને વેદના સાથે "સોના ચાંદી"ની ગોપીશેઠની પેઢીમાં નિયમિત જવાનો અને ઘેર આવવાનો જીવનક્રમ શરૂ કર્યો. પહેલાંની માફક તન તોડીને હવે શિવનંદન કામ કરી શકયો નહિ, ઘરાકો સાથે વાત કરવામાં અને "શેઠ"નાં હિત જાળવવામાં એને રસ ન રહ્યો. "પ્રમાણિકતા" અને "વફાદારી"ના શબ્દો કોઇ ઉચ્ચારે તે સાંભળતાં તેને એક પ્રકારની ઝણઝણાટી આવવા લાગી. પગારઘટાડા પછી શિવનંદનના મનમાં પણ ખૂબજ પલટો થવા પામ્યો હતો, એને જાણે કોઈ કહી ગયું હોય કે "પ્રમાણિકતા અને વફાદારી એ શબ્દો પણ મૂડીવાદી હિતોની ચોકીદારી કરવા માટે યોજાયેલી ભોળવનારી શબ્દજાળ છે." ધીમે ધીમે આ વાત એનેજ મળતી હોય એવાં અનેક પ્રમાણો પણ મળવા લાગ્યાં ! અને બેહદ પ્રમાણિકતા અને વફાદારીને અંતે ગોપીશેઠે પગારકાપની કાતિલ કટારીનો કરેલો ઉપયોગ સદાય તેની નજર સામેજ હતો. લક્ષ્મીથી ભરપૂર જગતમાં તે સદાય ફરતો હતો. એની આજુબાજુ વૈભવ અને વિલાસ માટે નાણાંની છોળો ઉડતી એ જોઇ શકતો હતો, એ છતાંય તે બધું એને માટે અસ્પૃશ્ય છે એવી એને વારંવાર પ્રતીતિ થયા કરતી. ગોપીશેઠ મગજમાં આવે ત્યારે પેઢી પર પધારતા, ગાદી-તકીએ બેસી તડાકા મારતા, અને મરજીમાં આવે ત્યારે મોટરમાં બેસીને બંગલે જતા ! ગોપીશેઠની આ સ્થિતિ સાથે કોઇ વાર શિવનંદન પોતાની સ્થિતિ સરખાવતો ત્યારે એની એ સ્થિતિ શા માટે ? એ એનાથી કળી શકાતું નહિ.

*   *   *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગારકાપથી પડેલા ખાડાને પૂરવા માટે ખૂબ ખૂબ વિચાર કરીને શિવનંદને એક નવો માર્ગ શોધી કાઢયો ! એથી એને આનંદ થયો, સુખી જીવનની પળો પાસે આવવાનો એને આભાસ થયો; "ગોપીશેઠ જેટલો કે એથી પણ વધારે ધનવાન પોતે પણ થઇ શકે એવો એ માર્ગ છે" એમ એના દુઃખી હૃદયે પણ ખાત્રી આપી અને એ બધી વિચારણાને અંતે અમેરિકન ફીચરના વધતા ઘટતા ભાવો પર આધાર રાખતા "આંકફરક"નું એને આકર્ષણ થયું, પાંચ છ રૂપિયાની નજીવી મૂડીથી શરૂ થઇ શકે એવા વેપારની શિવનંદને શરૂઆત કરી. "સત્તો" "પંચો" "મીંડી" અને એમ કરતાં મહિનાની આખરે શિવનંદનને પચીસ ત્રીસનો લાભ જણાયો. "આ ધંધો કંઇ ખોટો નહિ, કોઇક વાર ધનવાન થઇશ ખરો" આવી ધારણા ઉપર એ, પાંચ રૂપીઆથી વધુ રકમ "આંખ ફરક"માં ખેલવાનું એ સાહસ કરતો. પૈસા મેળવવાના અનેક માર્ગોમાં નિષ્ફળતા દેખાયા પછી હાથ લાગેલા આ નવા માર્ગના ચેપમાં છએક માસમાં તો તે ખૂબ સપડાઇ ગયો હતો.

એક સાંજે શિવનંદનને એના એક મિત્રે ખૂબ ગંભીરતાથી "સત્તા" પર સો રૂપીઆ મૂકવાની સલાહ આપી, શિવનંદને એ સલાહ માનીને ઝુકાવ્યું, બીજી સવારે નવસોની રકમ તેના હાથમાં આવી. એ ચાર દિવસોમાં અવળા આંક આવતાં નવસોની મૂળ રકમ ઉપરાંત એના એ માસના પગારના ૭૫ રૂપિયા પણ ગયા. કાલને માટે ઘરખર્ચની પાઇ પણ ન હતી, ખૂબ ઘડમથલને અંતે એને કાંઇ માર્ગ ન સૂઝયો.

"શિવનંદન, આજે ચૂકયો તો ભવ ચૂકયો સમજજે. કાલે "મીંડી"નું મહારાજે કહ્યું છે !"

"પણ આજે તો નાણાંજ નથી એનું શું ? મહારાજે કહેવા પ્રમાણે કરવાથી ચારજ દિવસ પહેલાં નવસો મળેલા અને મહારાજનું કહેવું ખરૂંજ પડશે ! શા માટે ન અજમાવું ?"

શિવનંદન ખૂબ વિચાર કરીને નવેક વાગ્યે ઘેર પહોંચ્યો. ઘરમાં પૈસા હતાજ નહિ, ચંદાના લગ્ન વખતે ઘડાવેલા દાગીના એકજ રાતને માટે મારવાડીને ત્યાં મૂકવામાં કંઈ ખોટું નથી. એમ કરીને કંઇ નહિ તો ત્રણસો જેટલી રકમ મળશે, અને કાલનો 'આંક' આવશે એટલે ચંદાને બમણા દાગીના આપી શકાય એવી સ્થિતિ થશે. આ ઉપરાંત પોતે એટલી રકમમાંથી તો ગોપી શેઠની દુકાન જેવીજ દુકાન નાના પાયા પર શરૂ કરી શકે એમ પણ એણે ઘડીભર કલ્પના કરી, આખરે મારા એક મિત્રની પત્નીને એ દિવસ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નપ્રસંગે પહેરવા તારા દાગીના જોઇએ છે, એમ કહીને ચંદાના બધાજ દાગીના શિવનંદને લીધા અને નજીકનાજ મારવાડીની દુકાને રૂપિયા પાંચસોની કિંમતના એ દાગીના મૂકીને ત્રણસો રોકડા લીધા.

બીજા દિવસની સવાર શિવનંદન માટે ભયંકર નીવડી, ધાર્યા કરતાં તદ્દન અવળું પરિણામ! પણ હવે શિવનંદન હિંમત હારે એમ ન હતું. પહેલાંના જેટલો એ પ્રમાણિક કે નીતિમાન રહ્યો ન હતો. ગમે તે ભોગે, 'પૈસાદાર' થવાની એને ધૂન લાગી હતી. એટલે હવે એ ગમે તેવું ભયંકર પગલું ભરતાં વિચાર કરે તેમ ન હતો. પેઢીની તીજોરી પર આજે એની નજર ગઈ, ખૂબ વિચાર કરતાં એ પગલું ભરવું એને સલામત ન જણાયું. પૈસા મળે એવી શકય જગાઓ પર એણે આંખ ફેરવી જોઇ, પેઢીનું કામ કરતાં કરતાં આખો દિવસ એના મનમાં એકજ પ્રકારની ઘડમથલ થયા કરતી.

* * *

એક સવારે 'શિવનંદનચા ઘર કુઠે' એમ પૂછતો એક પીળી પાઘડીવાળો સિપાઈ બોલતો સાંભળતાં હાંફળી ફાંફળી બનીને ચંદા ઘરની બહાર નીકળી અને પોતેજ શિવનંદનના ઘરમાં છે એ પ્રકારની ખાત્રી આપતા ચહેરાથી તેણે પોલીસ સામે જોયું. પોલીસે તરતજ ચંદાને 'ચોકીપે ચલો' 'શિવનંદન તુમારા કઉન હઈ' વગેરે પ્રકારના અનેક સવાલો પૂછ્યા. પોલીસની હાજરી અને શિવનંદન સંબંધીની આ તપાસનું મૂળ શું હોઇ શકે? તે ચંદા કંઇક કલ્પી શકી. આજુબાજુના પાડોશીઓ ટપોટપ ચંદાની આસપાસ ફરી વળ્યાં અને પૂછપરછ કરતા પાડોશીઓને એક સામાન્ય વાત કરતો હોય તે ઢબે પોલીસે કહ્યું: "શિવનંદન નામના કોઇ આદમીકા લાશ ચનીરોડ કા દરિયામેંસે મીલી હય" એ શબ્દો સાંભળતાં ચંદાના હોશકોશ ઉડી ગયા! એ ચાર ભલા પાડોશીઓની સાથે રોકકળ કરતી ચંદા પોલીસચોકી પર ગઈ, અને ખાત્રી કરી લીધી કે 'દરિયામાંથી મળેલી લાશ શિવનંદનની હતી.' બપોરે લાશ પર જુરીની તપાસ થઈ. આપઘાત, ખૂન કે અકસ્માત? એ કંઇ જુરીને સમજાયું નહિ. લાશનો કબજો ચંદાને સોંપાયો. પોલીસની તપાસમાં કંઈ વધુ ખબર મળી નહિ. શિવનંદનના મરણનું કારણ ચંદાને પણ ન જડયું! ગોપીશેઠને એક નોકર ઓછો થયાનો આછો આનંદ થયો! આ આપઘાત માટે જવાબદાર કોણ? શિવનંદન! આંકફરક! કે ગોપીશેઠ? (તા. ૧૯-૧-૧૯૩૪ ના દૈનિક "હિંદુસ્થાન" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૮–મંગાનું પહેરણ

(લેખક:--શ્રી. સહદેવ.)

(૧)

એક તૂટી ફૂટી ઝુંપડીમાં ચુલા પાસે એક સ્ત્રી અને બે બાળકો બેઠાં હતાં. ઝુંપડીનું એક બાજુનું છાજ ઉખડી ગયું હતું, તેમાંથી વારંવાર પ્રલયના શીત વાયુ વાતા હોય એવા ઠંડીના ચમકાર ઝુંપડીમાં ધસી આવતા હતા, અને અચાનક ભય આવી પડતાં માણસ પોતાના અંગને સંકોચી દે તેમ તે બન્ને છોકરાં તે ચમકારાથી વારંવાર બેવડ વળી જતાં હતાં. આજ પાંચ દિવસથી જાણે દુનિયા સામે જેહાદ પોકારી હોય તેમ ઠંડી ચારે બાજુએ ગાંડી બની ઘૂમી રહી હતી અને પોતે એકલી જાણે બસ ન હોય તેમ સાથે હીમ અને વંટોળિયાને પણ લેતી આવી હતી. એના દિગ્વિજયની અસર સામેના ચૂલામાં પણ સ્પષ્ટ થતી હતી. તેમાં બળી રહેલા અંગારા જાણે વારંવાર ટાઢથી ધ્રૂજતા હોય તેમ ઝાંખા બની કજળી જતા હતા. એ કજળી જતા અંગારા તરફ વારંવાર નિઃશ્વાસ નાખતી પેલી સ્ત્રી પાસેજ પડેલ પોતાના દરિદ્ર ઈંધણભંડારમાંથી બબ્બે ચચ્ચાર સળીઓ ચૂલામાં નાખતી હતી, અને ક્ષણમાં તો તે એક ભડકો કરી ઘાસ બળતું હોય તેમ બળી કજળી જતી, તેના પુરા અંગાર પણ પડી શકતા ન હતા. પણ હવે તે સળીઓ પણ થઇ રહેવા આવી હતી.

સ્ત્રીની ઉંમર સત્તાવીસ અઠ્ઠાવીસથી માંડ વધુ હોય. તેણે પહેરેલા લૂગડામાં સાત આઠ થીગડાં તો તે તરફ જોતાં સહેજે નજરે પડતાં હતાં, તેમ તેમાં બીજી નાની મોટી બારીઓ પણ ઓછી ન હતી. તેમાંથી ઠંડો પવન ચામડીને અડતાં તે વારેવારે ધ્રૂજતી, પણ અસાધારણ મનોબળ વાપરી એ ધ્રૂજારી પોતાના અંગમાંજ તે દૂબાવી દેતી. તેનું મુખ ગોરૂં ન હતું તેમ ભરેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન હતું, છતાં આકર્ષક ન હતું એમ નહિ. કપાળ જરાક નીચું હતું, પણ તેનો બદલો આંખ વાળી આપતી હતી–તે એવી વિશાળ અને આકર્ષક હતી. તે આકર્ષકતા તેમાં છુપાઇ રહેલ વિષાદને લીધે હતી, તેના યૌવનને લીધે હતી કે આંખ પોતેજ એટલી રૂપાળી હતી તે નક્કી કરવું મુશ્કેલ હતું, પણ તે તરફ જોવાનું મન થાય એવી તે આંખ હતી. તેણે લૂગડું ઓઢયું હતું, ચોળી પણ પહેરી હતી, પણ એ બન્ને વસ્તુ પોતપોતાના નામને સાર્થ કરતી હતી કે કેમ, એ એક પ્રશ્ન હતો.

× × × ×

× × × ×

બે છોકરાંમાંથી એક દસેક વર્ષનું હતું, બીજું આઠ નવનું હશે. બન્નેની પીઠ પર પહેરણ હતાં, પણ પીઠ તેથી ઢંકાઈ શકતી ન હતી. આ ચીંથરાથી તેમની ટાઢ વધતી હતી કે ઘટતી તેનો નિર્ણય કરવો એ એક વિષમ સમસ્યા ઉકેલવા જેવું હતું. ચુલામાં કજળી જતા અંગારા તરફ હતાશ નજર નાખતો નાનો છોકરો બોલ્યો:

"મા ! ટાઢ વાગે છે."

"મને પણ લાગે છે–" બીજો બોલ્યો.

"કંઈ નહિ ભાઇ ! હવે તો સૂરજ ઉગશે એટલે એ ઉડી જશે."

"પણ સૂરજ ઉગે ત્યારે ને ? બહુ ટાઢ વાગે છે મા !" મોટા છોકરાએ કહ્યું.

હતાશાની દુઃખદ રેખાઓ સ્ત્રીના મુખ ઉપર વધુ સ્પષ્ટ થઇ. બંને છોકરાંઓનાં માથાં પોતાની છાતી સરસાં દબાવી, તેમને પોતાના શરીરની ગરમીથી હુંફ આપવાનો પ્રયત્ન કરતી બંનેને પોતાની બાથમાં લઇ તે બેઠી.

"મા ! મંગાના જેવું પહેરણ મને આણી આપ." મોટો બોલ્યો.

"મને પણ મા !" મોટાનું વાક્ય પૂરૂં ન થાય ત્યાં નાનાનું આવ્યું.

"બજારમાં જવાની છું ને ભાઇ, ત્યારે લઇ આવીશ, હો."

"પણ મંગાને તેં આણી આપ્યું ને મને નહિ ?"

"જો ભાઈ! એમ અદેખાઈ થાય ? મંગો ત્રણ વાગ્યાનો કામ પર જાય. આપણે તો અહીં ચુલા પાસે પણ બેઠાં છીએ ને માથે વળી છાપરૂં છે. તેને તો ખુલ્લામાં કામ કરવાનું ને પહેરવાનું કંઇ નહિ ! એકલા એ પહેરણે તે કાંઇ ટાઢ ઉડે ?"

"પણ મા ! મંગાને તેં આણી આપ્યું ને મને નહિ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાએ જીદ કરી.

"બાપા–છનીઆ! જો એમ અદેખો મા થા. ભાઈ મંગો ત્રણ વાગ્યાનો ઉઠીને કામ કરવા જાય, રાતે નવ વાગે ઘેર આવે તે તો તમો સમજો! તે છે તો આટલાં બટકાં પણ ભાગે આવે છે!" તેણે નિઃશ્વાસ નાખ્યો.

એટલામાં ટાઢથી ધ્રૂજતો તેરેક વર્ષનો એક છોકરો ઝુંપડીમાં દાખલ થયો. તેની આંખ લાલ બની ગઇ હતી. તેનું આખું શરીર ફફડતું હતું. પેલી સ્ત્રી એ દશ્ય જોતાં ધ્રૂજી ઉઠી. તેના મોઢામાંથી નીકળી ગયું:

"મંગા, ભાઇ..." તેની છાતીમાં ડૂમો ભરાઇ આવ્યો.

"કંઈ નહિ, મા! એ તો સહેજ તાવ આવ્યો છે, જરા વારમાં ઉતરી જશે, તું ફિકર ન કર..."

*

* *

'કેમ, તું તો મોટી શેઠાણી થઈ ગઇ દેવલી! અરે! વાહ, હજુ તો સુખવાસીની જેમ ચૂલે તાપવા બેઠી છે!" બારણામાંથી આવતા આ શબ્દો, જાણે સહસા કોઇ ઝેરી સાપનો ડંખ લાગ્યો હોય તેમ આઘાત પામી પેલી સ્ત્રી ચમકી, તાવથી ફફડતા તે છોકરાને તેમ ને તેમ રહેવા દઈ તે ઉભી થઈ ગઇ.

"મોહનભાઈ! આ છોકરાં ટાઢે ઠરી જતાં હતાં તે તેમને જરાક દેવતા પાડી આપતી હતી. તમે જાવ, હું હમણાં આવી." તેણે બારણામાં ઉભેલી વ્યક્તિને સંબોધી કહ્યું. પણ એટલામાં સમજી જાય એવો એ મોહનભાઇ ન હતો. પોતાની જીભમાં પૂરતું ઝેર નથી એથી જાણે અકળાતો હોય તેમ તે બોલ્યોઃ

"મોટી તાલેવનની દીકરી તે હજુ દસ દસ વાગ્યા સુધી તો ઘર બહાર પગ ન માંડે! બાપાના પૈસા કંઇ હરામના નથી આવ્યા. તારે કામ ન કરવું હોય તો ખાવટીના રૂપિયા ધરી દે. તારા જેવી તો મને સત્તરસો નોકરડી મળશે."

"ભાઈ! એમ આકળા શું થાવ છો? હજુ અંધારૂં તો પૂરૂં મટયું નથી. એટલામાં દસ..."

"ચૂપ રહે. નાને મોઢે મોટી વાત કરતાં શીખી? પેલાં છાણ-પાણી કોણ તારો માટી કાઢવાનો? ચાલ આવે છે કે નહિ?" મોહન વાંકો વળી માથું ન ભટકાય તેની સંભાળ રાખી અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠો. મંગાને તાવ સડસડાટ ચઢ્યે જતો હતો. તેણે લોથપોથ થઈ જમીન પર ક્યારનું પડતું મૂક્યું હતું. તેનું આખું અંગ એવું તો કંપતું હતું કે જાણે ઝુંપડાંની એકેએક વસ્તુમાં એ કંપ પેસી ગયો હોય તેમ લાગતું હતું. પેલાં બન્ને છોકરાં પણ ચૂપ થઇ કોકડું વળી ગયાં હતાં, આંસુભરી આંખે દેવી બોલીઃ–

"મોહનભાઈ! મારા મંગાને ટાઢ ચડી છે તેને સુવાડી તમારી પાછળજ આવું છું."

પથ્થર પણ પીગળે એવી અસહાયતા, એવી આર્દ્રતા તેના અવાજમાં હતી; પણ મોહને તો તે જન્મ્યો તે દિવસનોજ એવી નબળાઇને વશ નહિ થવાનો સંકલ્પ કર્યો હતો. તે જરા કટાક્ષ કરતાં બોલ્યોઃ

"ઓહો! છોકરાં તે તનેજ છે કે! આવડો ગધેડા જેવડો થયો ને તેને આવી આળપંપાળ!"

મોહને બે ડગલાં આગળ ભર્યાં. આંખનાં ભવાં ચઢાવી તે બોલ્યોઃ

"ચાલ, આવે છે કે નહિ મારી સાથે?"

અસહાય દેવીએ એક પણ શબ્દ બોલ્યા વિના, મંગા તરફ એક હતાશ દૃષ્ટિ નાખી બારણા તરફ ડગલું ભર્યું. મંગાના દાંત કકડી રહ્યા હતા, હોઠ ફફડી રહ્યા હતા, અંગ બેવડ વળી જતું હતું.

(૨)

"એ પહેરણ મારૂં" પેલા બે છોકરામાંથી મોટો બોલતો હતો. "તારું શાનું ભગલા, મારૂં." નાના છનીઆએ તે ઉપર પોતાનો હક્ક નોંધવ્યો, બન્ને બાળકો મંગાના પહેરણ માટે લડી રહ્યાં હતાં. મંગાને ચઢેલો તાવ ઉતર્યો નહિ. ત્રણ ચાર દિવસમાં તો તેની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ હતી. તેને કોઇ કોઈ વખત હવે પૂરૂં ભાન પણ રહેતું ન હતું. બહાર ભગલાને ને છનીઆને લડતા સાંભળી તેણે પોતાના કાન જરા સતેજ કર્યા. તેણે નિઃશ્વાસ નાખ્યો. દુઃખનો અસહ્ય બોજોજ આજ સુધી તે માથે ઉપાડતો આવ્યો હતો. તેના દૂધીઆ દાંત હજુ માત્ર ગઇ કાલે જ પડ્યા હતા; પણ તેટલામાં તેના મુખ પર વૃદ્ધ માણસની ચિંતાની કરચલીઓ પડી હતી. એ બધી વ્યથા કરતાં મૃત્યુની વેદના વધુ ભયંકર ન હોય; પણ માણસ વર્તમાનને બને ત્યાં સુધી વળગી રહેવા મથે છે. પછી તે વર્તમાન એક ભીષણ વેદનારૂપ કેમ ન હો–એટલે આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બે છોકરાંઓને લડતાં સાંભળી મંગાનું મુખ ભયથી પડી ગયું. તેને લાગ્યું કે પોતે મરી રહ્યો છે અને તેની જાણે છનીઆને ને ભગલાને ખાત્રી હોય એમ તે બંને અત્યારથી જ તેના તે પહેરણ ઉપર પોતાનો હક્ક સ્થાપિત કરી રહ્યા છે. તેને આ અસહ્ય થઈ પડયું. તે અદેખો હતો એમ તો હતુંજ નહિ. મહેનત-મજૂરી કરી જે જે કંઇ તે લાવતો તે બધું ઘરમાંજ તે આપી દેતો; પણ આજ તેને મરવું ન હતું, આ જીવન-ગમે તેટલું એ કઠોર હોય તોપણ તેને છોડવું ન હતું. બિચારી દેવીનું શું થાય? તેર વર્ષનો એ છોકરો સામાન્ય રીતે એ ઉંમરે ન સમજાય એવી અનેક વસ્તુ દુઃખથી સમજતો થઇ ગયો હતો. મોહન આટલી ખરાબ રીતે દેવી સાથે કેમ વર્તતો હતો તે તે જાણતો હતો. દેવીની ગરીબાઇ, અસહાયતા, પરવશતા ભયંકર હતી; છતાં મોહનનાં નાનાં મોટાં અનેક પ્રલોભનો નિષ્ફળ જતાં તેનું અભિમાન ફુંફાડા મારી ઉઠયું હતું. સતીના અવતાર જેવી પોતાની આ દુઃખી માને આમ નિરાધાર મૂકી જવા આજ તે તૈયાર ન હતો, પણ છનીઓ ને ભગલો હજુ લડતા અટકતા ન હતા. મંગો અકળાયો. પહેરણને લીધે આ છોકરાઓ જાણે પોતાનો ભાઇ ક્યારે મરે તેની રાહ જોઇ રહ્યા હોય એમ લાગ્યું. થરડાતી જીભે તેણે બૂમ પાડી:

"એ ભગલા, છનીઆ, એ પહેરણ મારૂં છે-મારૂં છે, મને આપો. હું હજુ કંઇ મર્યો નથી-મરવાનો નથી..."

બન્ને છોકરાં આ સાંભળતાં ચૂપ થઈ ગયાં. મંગાને આટલું બોલતાં શ્વાસ ભરાઇ આવ્યો. તેનો તાવ વધ્યે જ જતો હતો. તે લવારે ચડયો. લવારામાં માત્ર "મારૂં પહેરણ"-"મા, મારૂં પહેરણ" આટલાજ શબ્દો આવતા.

સાંજે જ્યારે દેવી મજૂરી કરી ઘેર આવી ત્યારે મંગો બેભાન હાલતમાં તાવમાં લવારો કરી રહ્યો હતો; તેની આંખ જોતાં દેવીની છાતી ચીરાવા લાગી. પોતાનો કુમળો કલાર જેવો છોકરો પોતાની નજર સામે આમ ચીમળાઈ રહ્યો છે, અને પોતે કંઈજ કરી નથી શકતી એ વિચારે તેના ઉરમાંથી એક ઉંડો નિસાસો નીકળી ગયો. મંગાએ પોતાની શૂન્ય દૃષ્ટિ તેની પર માંડી. તાવના ઘેનમાં તે બોલ્યોઃ "મા, મારૂં પહેરણ!" "મા! મારૂં પહેરણ!" દેવીને લાગ્યું કે તેને પહેરણ પહેરવું છે, એટલે તેણે બૂમ પાડી, "છનીઆ, મંગાનું પહેરણ લાવ તો." પણ છનીઆએ કંઇ જવાબ ન આપ્યો. દેવીએ ઝુંપડામાં ચારે બાજુએ નજર નાખી; પણ પહેરણ ક્યાંય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાયું નહિ. તેણે ફરી બૂમ પાડી. બન્ને છોકરા બહાર એક રોટલાના ટુકડા માટે લડી રહ્યા હતા. તે તેમની પાસે ગઈ. બન્નેને સંબોધી તેણે પૂછયું: "મંગાનું પહેરણ ક્યાં ?"

છનીઓ બૂમ પાડી ઉઠયો, "ભગલાએ સંતાડી દીધું."

ભગલો બોલી પડયો, "નહિ મા, છનીઆએ તે સંતાડયું."

દેવી અકળાઈ, તેણે બન્નેને માર્યા, ધમકાવ્યા, પણ પહેરણનો પત્તો ન લાગ્યો.

(૩)

રાત પડી. મંગાનો લવારો વધતોજ ગયો. તેની આંખ વધુ ને વધુ ફાટેલી શૂન્ય જેવી બનતી ગઈ. "મા પહેરણ, મા પહેરણ" નો કારમો અવાજ ઝુંપડાની તીવ્ર શાંતિને જાણે કંપાવી રહ્યો. દેવી-એ ભયથી મોં ઢાંકી દીધું. પોતાના દીકરાને મરતો જોવાની તેનામાં હિંમત ન હતી, પણ આ "મા પહેરણ"ના અવાજે તેનું હૈયું જાણે બંધ પડી જવા મંડયું. અનેક કુશંકાઓ તેને ગભરાવવા લાગી. તેણે સાંભળેલું કે આવી વાસનાસોતો કોઇ માણસ મરે તો તેનો જીવ અવગતે જાય. હાય! મંગાને બિચારાને અહીં યે સુખ નહિ ને ત્યાં પણ નહિ! નિરાશાથી માથું પટકતી તે આંસુ સારવા લાગી. અપાર વહાલથી તેણે મંગાને માથે હાથ ફેરવી જો બને તો પહેરણમાંથી તેનો જીવ કાઢી નખાવવા મહેનત કરી. મંગાએ આંખ ઉઘાડી. દેવીના સ્નેહપૂર્ણ મુખ તરફ પોતાની બેબાકળી આંખ તેણે માંડી. એક અકથ્ય વેદનાસહ તે બોલ્યો: "મા, પહેરણ!"

દેવીની હૃદયવ્યથાને હવે કોઇ પણ પ્રકારની સીમા રહી નહિ. લગભગ દસ વાગવા આવ્યા હતા. એકદમ તે ઉઠી. તેની ઝુંપડીથી દસેક મિનિટના અંતરે બજાર હતું. યાકુબ દરજી જોડે તેને થોડુંક ઓળખાણ હતું. આજ જો તે ઉધાર આપે–તેના દુ:ખથી તેનું હૃદય પીગળે તો મંગાની બેચેની કંઇક ઓછી થાય એમ તેને લાગ્યું. તે યાકુબની દુકાન તરફ જવા નીકળી.

રસ્તો વીજન હતો. વદ આઠમની અંધારી રાત જાણે રસ્તામાં ઉભી રહી આ દુ:ખી સ્ત્રીની મૂંગી હૃદયવ્યથા તરફ જોઇ રહી હતી. પોતાના પગમાં બને તેટલી શક્તિ ભેગી કરી દેવી ઝપાટાભેર યાકુબની દુકાન પાસે આવી પહોંચી. બજારમાં લગભગ બધી દુકાનો બંધ થઇ ગઇ હતી. યાકુબ પણ છેલ્લું પાટીઉં ચડાવી જવાની તૈયારી કરતો હતો. એવામાં દેવીના "યાકુબભાઇ" શબ્દે તે ચમક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવીને જોતાં તેનાં નેત્રો હસી ઉઠયાં, તે બોલ્યોઃ "કેમ દેવિ! રાતના કંઈ કામ પડયું?"

"ભાઈ! મારો મંગો આજ મરણપથારીએ છે. તેને પહેરણની રઢ લાગી છે. જો તેને નહિ આપું તો તેનો જીવ અવગતે જાય. તમે આપો, ભાઇ! ને ચાર દહાડા તમારે ત્યાં મજૂરી કરી વાળી દઈશ."

"એમ?" યાકુબે ચારે બાજુએ નજર નાખી. રસ્તો બધો શૂન્ય વીજન હતો. સામેની દુકાનો પણ બધી બંધ થઇ ગઈ હતી. તેણે આગળ ચલાવ્યું:

"દેવિ! મને પૈસાની કંઇ અધીરાઇ નથી. તું તને ગમે તે પહેરણ પસંદ કર."

દેવીના હતાશ ઉરમાં કંઈક આશાનો સંચાર થયો. તે દુકાન પર ચઢી.

"પહેરણ બધાં પેલા ઓરડામાં છે. તને ગમે તે લે." એમ કહી તે ઓરડા તરફ જતાં પહેલાં જાણે કોઇ ચોર સૂતી દુકાન જોઈ અંદર પેસે નહિ એમ સૂચવતાં તેણે દુકાનનું પાટિયું બંધ કર્યું. દેવીની છાતી સહેજ ધડકી, પણ પોતાના એવા ડરપોક સ્વભાવ ઉપર તે ચીડાઇ. યાકુબ બિચારો પહેરણ આપતો હતો તેનો આવો અવિશ્વાસ કરાય!

પહેરણ બતાવતાં બતાવતાં યાકુબે દેવીનો હાથ પકડયો. દેવી ધ્રુજી ઉઠીઃ "ભાઇ! મારો દીકરો મરણપથારી..."

"ચાલ ગાંડી, તે તો કાલે સાજો થઈ જશે."

"ભાઇ, ભાઇ......"

હતાશ રજનીએ નારીહૃદયની યુગ યુગની હૃદય-વ્યથા જેવી એક કારમી ચીસ સાંભળી. તારાઓએ વેદનાથી ક્ષણભર પોતાની આંખ મીંચી દીધી.

(૪)

દેવી જ્યારે મૂર્ચ્છામાંથી જાગી ત્યારે તેને સમજ ન પડી કે પોતે ક્યાં છે. એટલામાં પોતાના માથા ઉપર કોઇનો હાથ ફરતો જોતાં તે ચમકી. તેણે આંખ ઉઘાડી. ભયભીત બની સામે તે યાકુબને જોઈ રહી. તેનો આખો પ્રાણ એ જોતાં ધ્રૂજી ઉઠયો. મંગાને માટે પોતે પહેરણ લેવા આવી હતી તે અને ત્યાર પછીની બધી ઘટના તેના ઉરમાં આઘાતપરંપરાસહ ખડી થઇ. બેબાકળી જેવી તે બારણા તરફ દોડી. યાકુબે તેને બૂમ પાડી, "અરે! આ પહેરણ તો લેતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જા." પણ કંઇ પણ જોવાની કે કંઈ સાંભળવાની દેવીમાં શક્તિજ ન હોય તેમ તેનું બધું ધ્યાન માત્ર બારણા ઉપરજ હતું. યાકુબે તેને પકડી પાડી. "ગાંડી થઇ ગઈ! મંગાને આ પહેરણ આપજે!" યાકુબના આ બોલ સાંભળતાં હજાર વિચાર તેના મનમાં આવી ગયા. યાકુબના હાથમાંથી પહેરણ લઈ જોરથી તેણે તેને જમીન પર પટક્યું. પણ એટલામાં દૂર જાણે મંગાના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હોય એવો તેને ભાસ થયો. "હાય! મારો મંગો વાસનાસોતો જશે! ઓ પ્રભુ!" યાકુબના આંગણામાં માથું પછાડી મરી જઈ પોતાની બધી વેદનાનો અંત લાવવાનો તેને વિચાર આવ્યો. પણ મંગો! આજે તેની પથારી પાસે કોણ હશે? એક ઉંડા નિઃશ્વાસ સાથે તેણે તે પહેરણ લીધું અને એક પણ શબ્દ બોલ્યા વિના હતાશ, ભગ્ન-ઉર, લથડતે પગલે તે પોતાની ઝુંપડી તરફ ચાલી નીકળી. પણ તેના હાથમાંનું પહેરણ અસંખ્ય ઝેરી નાગોના ડંખતી જેમ તેના આત્માને જાણે વ્યથાની એક ભયંકર જ્વાળામાં બાળી રહ્યું હતું. તે પાપનો ભાર તેને અસહ્ય લાગ્યો. ઘૃણાપૂર્વક તેણે તેને ફેંકી દીધું, તે આગળ ચાલી. પણ તેનું હૃદય રડી ઉઠ્યું-હાય! મંગાનો પેલો ભવ બગડે તેનું શું? ભલે પોતે રૌરવ નરકમાં સડે, પણ મંગો તો બચવોજ જોઇએ. તેનું માતૃહૃદય એક અસહાય આર્ત્ત-નાદ કરી ઉઠ્યું. લથડતા પગલે તે પાછી ફરી. પહેરણ ઉપાડી લીધું. પાપના એ જીવંત પ્રતીક જેવા પહેરણને માતૃહૃદયે પોતાની કંપતી આંગળીઓ વચ્ચે દાબ્યું. અનેક ઉંડા નિઃશ્વાસોને તેણે દાબી દીધા. એ વેદના કોણ વર્ણવશે? તેના ઉરમાં ચડતી એ લાગણીના આત્મમંથનની આંધીને કોણ ચીતરી શકશે?

ઝુંપડીની નજીક આવતાં ભયથી દેવીના પગ કંપવા લાગ્યા. મંગો જરા સ્વસ્થ, જરા શાન્ત બની સૂતો હતો. તેનું પહેરણ તેની પથારી પાસે પડ્યું હતું. દેવીનાં પગલાં સાંભળતાં તેણે આંખ ઉઘાડી.

"મા!"

દેવીનું હૃદય કંપી ઉઠ્યું.

જાણે સ્વસ્થ બની બોલતો હોય તેમ મંગો બોલ્યોઃ "મા! ક્યાં ગઇ હતી તું?"

દેવી મૂંગી રહી.

મંગાએ તેનો હાથ પોતાના બળી રહેલા હાથમાં લીધો. તે પર વહાલથી પોતાની આંગળી ફેરવતો ફેરવતો તે બોલ્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મા, હું જાણું છું તું ક્યાં ગઈ હતી. મા–મા!"

દેવીનું હૃદય ધ્રૂજી ઉઠ્યું. તેનું મોં પડી ગયું. તેને એ અસહ્ય થઈ પડયું. તેની આંખ આંસુથી છલકાઈ રહી હતી, રૂંધાતે સ્વરે તે બોલી: "ભાઈ મારા..."

"ના, મા! મારાથી કંઇ છુપું નથી. હું બધું જાણું છું, બધું જાણું છું..." આખું જગત દેવીને ચક્કર ભમ્મર ફરતું લાગ્યું. પવનના એક ઝપાટાથી ટગુમગુ થઈ રહેતો તેનો નિસ્તેજ દીવો બુઝાઈ ગયો. મંગાનો અવાજ અંધારામાં આવ્યો:

"મા! મારા બન્ને ભાઇને એકેક પહેરણ આપજે–હો...મા! તારા ખોળામાં મને સુવાડ. હાશ! હવે કેવી નીરાંત થઇ–મા! મા!..."

અને નિઃસ્તબ્ધ રજનીનું ઉર બહાર ધબકતું હતું.*

*શ્રી. સહદેવના ટુંક સમયમાં પ્રસિધ્ધ થનાર "ગાતા આસોપાલવ" નામના નવલિકાસંગ્રહમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૯–બદલો

(લેખક:–શ્રી. નરેંદ્ર માલવી)

"ધના, ભાઇ! આ ઠીક નથી થતું. આજ કેટલા દિવસ થયાં મેં ફરિયાદ કરી છે તેની તેની ખબર છે ને? આ રાજ્યમાં તો ચોરી ઉપર શિરજોરી. સરકાર માબાપ તો બહુજ દયાળુ છે ત્યારે તેમના રાજ્યમાં આવું અંધેર કેમ?" મગનનું કકળતું હૈયું બોલી ઉઠ્યું.

"ભાઈ! આમ જીવ બાળે શું થવાતું? નકામું લોહીનું પાણી શા માટે કરે છે? પરમાત્મા સૌ સારાં વાનાં કરશે. હવે તો તારી ઉંમર થઇ. ભજન કરી જે મળે તેમાં આનંદ માની બાકી રહેલા દહાડા પ્રભુભક્તિમાં કાઢ. આપણે જાણીએ છીએ કે અત્યારના વખતમાં આપણું કોઈ નથી તો પછી ફરિયાદ ને બરિયાદ. મગન! એ બધી લપ છોડી દે. મારા બાપ! ખાલી શું કામ દુઃખી થાય છે?" હાથમાંની માળાના મણકા ફેરવતાં ધનાએ મગનને શિખામણ આપી.

"તારૂં કહેવું બધું સાચું, પણ ભાઇ! આવો હડહડતો અન્યાય કયાં સુધી વેઠાય? એક તો આપણને કામના બદલામાં પૂરતું મળતું ના હોય, ત્યાં ઉપરથી આવું જોવા મળે ત્યારે દિલ કકળે નહિ તો શું કરે? થોડા દિવસ પછી મોટા સાહેબ અહીં તપાસવા આવવાના છે ત્યારે હું તેમની સામે ફરિયાદ ના કરૂં એટલા માટેજ આ બધી પેરવાઇઓ મારા વિરુદ્ધ થઇ રહી છે." મગને વધુ ખુલાસો કરતાં જણાવ્યું.

"તારી વિરુદ્ધ વળી, કયાં કાવત્રાં રચાયાં? મગન! આવું શંકાશીલ હૃદય કયાં સુધી રાખીશ?" આશ્વાસન દેતાં ધનાએ કહ્યું.

*

* *

આમ હમેશાં બન્નેનાં સુખદુઃખની કથાઓ મંડાતી, કોઇ વખત ધનો પોતાનું હૈયું ઠાલવતો ત્યારે કયારેક મગન પોતાનાં વીતકો કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવતો. બન્ને નાનપણના ગોઠિયા હતા. ગરીબ ઘેર જન્મ થયેલ હોવાથી બન્ને સ્વભાવે ગરીબ અને મળતાવડા હતા. નાનપણમાં પોળોમાં ઉરાડેલી ધૂળો, ઘરડાંઓની કરેલી પજવણીઓ વગેરે યાદ લાવી કોઈક વાર બાળપણને સંભારી ઘડીભર આનંદ માનતા તો કોઈ વાર, સાથે મહાન યુદ્ધમાં ગયેલા હોવાથી, ત્યાં પડેલાં પારાવાર કષ્ટો તેમજ દુઃખો યાદ કરી આંસુડાંનો દરિયો વહાવતા. ઉભયમાંથી કોઇને બીજાં ભાંડું નહિ હોવાથી એકમેકના ઉપર તેઓ અગાધ પ્રેમ રાખતા.

મહાન લડાઇ પછી બંને નોકરીધંધા માટે છૂટા પડયા. ધનાને ઘરની ખેતીવાડી હોઇ તે સંભાળવા પોતે ગામ ભેગો થયો. નસીબને પાને પડેલો મગન પોતાનું ભાગ્ય અજમાવવા આગળ ને આગળ ધસ્યે ગયો, એને પોતાનું એકલાનુંજ પેટ લાગેલું નહોતું. હિંદુ સમાજના સનાતન ધર્મને અનુસરી કાળથી ચાલી આવતી રૂઢિ અનુસાર વહાલસોયા દીકરાના દીકરાને ખોળે બેસાડી લાડ લડાવવાનાં સમણાં સેવતાં તેનાં ઘેલાં માબાપે તેનું પણ બાળપણમાંજ આપણા સમાજને બલિ ચઢાવ્યું હતું. સિપાઇગીરીમાંથી બાતલ થયા બાદ મગને બીજી નોકરી માટે ઘણાંયે ફાંફાં માર્યાં, પરંતુ કાંઇ ઠેકાણું પડયું નહિ. આમ ને આમ ખાલી લગભગ પાંચ વર્ષ વીતવા આવ્યાં. જે કાંઇ બચાવેલું હતું તે પણ આ ગાળા દરમ્યાન પૂરૂં કર્યું. બેકાર બનેલો મગન હવે જીંદગીથી કંટાળ્યો. ન કરવાનું કરી બેસવા તેણે ઘણી વાર હામ ભીડી પરંતુ કોણ જાણે શાથી તે હમેશ ટકી જતો.

આમથી તેમ નોકરી માટે રખડતો મગન પાછો ઘરભેગો થવા તૈયાર થયો. ગામમાં પણ કાંઈ બાકી રહ્યું નહોતું. બાપદાદા એક નાનકડું મકાન મૂકી ગયા હતા, તે પણ કમનસીબે ગરીબાઇના ખપ્પરમાં મારવાડીને ત્યાં ગીરો મુકાઇ ગયું હતું. છતાં પણ હિંમત ધરી તે પાછો ગામ ભેગો થયો. ધનો અને મગન જૂના મિત્રો લાંબા સમય પછી પાછા એક થયા. મગનને આવો ચીંથરેહાલ જોઈ ધનાને ઘડીભર દયા છૂટી. તેણે મગનને કોઇ પણ રીતે મદદ કરવા નિશ્ચય કર્યો. પરિણામે તેમ કરી લાગવગ લગાડી મગનને એણે સ્ટેશન ઉપર સિગ્નલની કેબીનમાં ભૈયાની માસિક રૂપિયા પંદરની નોકરી અપાવી. સાથે રહેવા માટે નાનુંશું ઝુંપડું પણ મળ્યું. પ્રભુનો ઉપકાર માનતો મગન હવે ત્યાંજ રહેવા લાગ્યો. થોડા દિવસ બાદ પોતાની સ્ત્રીને, છોકરાંને અને બકરીને પણ ત્યાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેડાવી લીધાં. બકરી તેને પ્રાણસમ વહાલી હતી.

સ્ટેશન ગામથી લગભગ ૪ માઇલ દૂર આવેલ હોવાથી મગન રોજ ગામમાં જઇ શકતો ન હતો, તથાપિ ધનાએ તો પોતાનો નિત્યક્રમ બનાવી જ દીધો હતો. સવારસાંજ, બન્ને વખત તેના સ્ટેશન ઉપર હંમેશના ધક્કા રહેતા. ગાડીઓને સ્ટેશન બહાર કાઢી પોતાના કામથી નિવૃત્ત થયેલો મગન પણ બન્ને વખત કેબીનમાંથી નીચે ઉતરી પોતાના મિત્રનું સ્વાગત કરતો. હુંડા પહોરને લઇને બંને ત્યાંથી થોડે દૂર જઇ પાટા ઉપર જ બેસતા, અને જીવનના કડવા મીઠા ઘુંટડા-સંસ્મરણો-યાદ લાવી એકમેકને હૂંફ આપતા.

ઉપરોક્ત નિયમને આજ કેટલાં વર્ષોનાં વહાણાં વીત્યાં તે કહેવું જરા મુશ્કેલ છે. આજ બંનેએ યુવાની વટાવી વૃદ્ધાવસ્થામાં પગ માંડયા છે, બંનેના માથાના મોવાળા પણ સફેદ થતા જાય છે.

આ ગાળા દરમિયાન મગને કમનસીબે પોતાનાં બૈરીછોકરાં પણ ગુમાવ્યાં. રહી તેની એકની એક બકરી. એકલવાયા અને સૌથી તરછોડાયેલા મગનને હવે તે વધારે વહાલી લાગતી. કેબીનમાં જતો ત્યાં પણ તેને સાથે લઇ જતો. આજ તેને પોતાની ઓરડી ખાવા ધાય છે. અંદર જવા તેના પગ હવે ઉપડતા નથી. તેને નિહાળતાંજ આંખોમાં શ્રાવણ ભાદરવો શરૂ થાય છે. આને જ લઇ ઘણી વખત એમ પણ બનતું કે દિવસોના દિવસો સુધી મગન એકલો અને અટુલો કેબીનમાંજ રડી રડીને સમય વીતાવતો.

આજ આટલા દિવસો બાદ મગનને પાછો સાંસારિક વાતો કરતાં સાંભળી ધનાના આશ્ચર્યનો પાર રહ્યો નાહ. તેણે અથથી ઇાત સુધી સંભળાવવા મગનને વિનંતિ કરી-અને તેણે પોતાની કથની શરૂ કરી.

*

* *

આજ અમુક સમય થયાં મગન અને સ્ટેશન માસ્તર વચ્ચે વૈમનસ્ય જાગ્યું હતું. માસ્તર સ્વભાવે નીચ અને કાફર હોવાથી તેને ભોળા બિચારા મગન સાથે જરા પણ ગોઠતું નહિ. તેણે એને કાઢવા ઘણાંયે કાવત્રાં રચ્યાં. ઘણાએ કાવાદાવા ગોઠવ્યા, ઘણીએ યુક્તિઓના પેચો લડાવ્યા; પરંતુ મગનની વફાદારી અને એકધારી નિયમિત થતી નોકરીને અંગે અત્યાર સુધી જરા પણ આંચ આવી નહિ.

એક દિવસ સંધ્યાનો સમય હતો; ભગવાન સૂર્યનારાયણ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકથી કંટાળી પરલોકગમન કરવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યાં એકાએક પોતાની માળાના મણકા ફેરવતાં મગનનું દિલ એક કારમી ચીસે પ્રભુભક્તિથી વિમુખ થયું. ચીસ તેની બકરીની હતી. મગન સફાળો ઉઠી નીચે ઉતર્યો. ઉતરતાંની સાથે તેણે જે દૃશ્ય નિહાળ્યું તેનાથી તે વધુ ગંભીર બન્યો અને ચીઢાયો. તેણે જોયું કે, તેની બકરીને સ્ટેશનનો એક મજૂર બેસીતમ માર મારી રહ્યો હતો. નિહાળતાંની સાથે જ તેના મુખમાંથી ગુસ્સાના આવેશમાં બિચારા મજૂર માટે કહેવાતી સરસ્વતી (?) છૂટી. મજૂર હવે બકરીને છોડી તેના તરફ વળ્યો. બકરી માટે મગને તકરાર પોતાને માથે વહોરી લીધી. બિચારાએ આગળ પાછળનો જરા પણ વિચાર કર્યો નહિ. પરિણામે તેને માસ્તરની સામે ઉભો કરવામાં આવ્યો. ત્યાં પણ તેણે તેની તેજ ઉદ્ધતાઇ વાપરી. આખરે રોષે ભરાયેલા માસ્તરે ગરમીના તોરમાં એક થપ્પડ તેને મારી અને વાત વધુ ચઢી. પરિણામ ભયંકર આવ્યું. આની જરા પણ આશા ન રાખતાં મગને, આ જોતાંની સાથે જ સમય વિચાર્યો અને અંત લાવવાનું વડા આધકારીને સોંપી ફરિયાદ કરવાનો પાકો નિશ્ચય આદર્યો.

તેના આ નિર્ણયના સમાચાર ખબર નહિ કેવી રીતે, પણ કોઈ પ્રકારે માસ્તરને કાને ગયા અને મગન ફરિયાદ કરે તે પહેલાં-જ તેનો ફેંસલો કરી નાખવો એવો એણે પાકો વિચાર કર્યો. તેથી વળી પાછાં તેના જીવનમાં એક વાર કાવત્રાં રચાવાનું શરૂ થયું. સાચું જુઠું કરી તેની વિરુદ્ધનાં લખાણો તેણે વડા આધકારીને મોકલી પોતાના મનોરથો, પોતાના પક્ષમાં લેવાનાં ચણવા શરૂ કર્યા.

આપણી વાર્તાની શરૂઆત ત્યાર પછીથી થાય છે તે સહેજે કલ્પી શકાશે.

પ્રાતઃકાળનો સમય હતો. લગભગ ચારનો સમય હશે. કડકડતી ઠંડીના દિવસો હોવાથી, સૌ કોઇ પોતપોતાના ગોદડાની સોડોમાં ભરાઇ, ઘરને ખૂણે તે જીવલેવ ઠંડી સાથે યુદ્ધ કરી રહ્યા હતા. ગામનાં અમુક જ મકાનોમાં સળગતા દીવાઓ તે મકાનનાં રહેવાસીઓની ઓળખ આપ્યા સિવાય રહેતા નહિ; એટલે તે પ્રત્યક્ષ કરી આપતાં કે યા તો મકાનમાં રહેનાર વિદ્યાર્થી હશે કે પછી કોઇ સનાતની, પોતાનાં સવારનાં નિત્યકર્મ કરનાર બ્રાહ્મણ કે વૈષ્ણવનું મકાન હશે.

સ્ટેશન ઉપર રહેતા માસ્તરની પણ કોઇ દિવસ નહિ ને આજે એવી સ્થિતિ હતી. એક નાના મજૂરથી માંડીને તે છેક માસ્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી અત્યારે દરેક પુરુષ મુંઝાયેલા અને ગભરાયેલા જોવામાં આવતા હતા. સૌ કોઈ પોતાનાં નિત્યકર્મ આજે જલદીથી આટોપવામાં મશગુલ થતાં પ્રત્યક્ષ થતાં. મગન પણ આજ રોજ કરતાં પોતાની કેબીન ભેગો થઇ સઘળું સાફસુફ કરતો જોવામાં આવતો હતો.

લગભગ આઠનો સમય હશે. રોજની આવતી ગાડીમાંના એક બીજા વર્ગના ડબ્બામાંથી આધેડ વયના, સંપૂર્ણ આંગ્લ ફેશનનાં કપડાંમાં સુસજ્જિત થયેલા પુરુષે ઉતરી પ્લેટફોર્મ ઉપર દેખાવ દીધો. તેના ચહેરા ઉપરથી તે એક એંગ્લો ઇંડિયન જેવો દેખાતો હતો. સ્ટાફે આવી તેનું યોગ્ય સન્માન કર્યું. માસ્તરે સૌથી આગળ આવી આવનાર નવા ગૃહસ્થના ગળામાં એક ફૂલમાળા નાખી તેને નીચા વળી નમન કર્યું. ધીમે ધીમે ત્યાંથી તેઓ ઑફિસમાં ગયા અને લગભગ કલાક દરમિયાન આવનાર ગૃહસ્થને લઇ માસ્તર સ્ટેશન તપાસવા નીકળ્યા. આવનાર બીજું કોઈ નહિ પણ ઉપર જણાવ્યા પ્રમાણે વડો અધિકારી જ હતો.

આખરે મગનની કેબીનનો પણ વારો આવ્યો. મગન ત્યાંજ હતો. આવનાર મોંઘેરા મહેમાનની મહેમાની કરવા તે તો બિચારો કયારનોયે ઉભે પગે તઈયાર હતો. અધિકારીને જોતાંજ તેણે ચાલી આવતા નિયમાનુસાર સલામ ભરી. બધી વાત પૂરી થયે સાહેબ નીકળવા રવાના થયા કે તરતજ મગને પોતાની ફરિયાદો શરૂ કરી—એટલે જરા પણ સાહેબને જવાનો વખત ન આપતાં પોતાનાં વીતકો તેણે શરૂ કર્યાં.

સાહેબના કાન પહેલેથીજ ભંભેરાયલા તો હતાજ તેમાં એની ફરિયાદથી માસ્તરે વળી પાછું મરચુંમીઠું ભભરાવી તેમાં વધારો કર્યો. એકપક્ષી અધિકારી વધુ એકતરફી બન્યો. તેણે મગનને જરા પણ દાદ ન દીધી. ગરીબ હૃદય આથી વધારે બળી ઉઠયું. ધીરજ અને સહનશીલતાને પણ કુદરતી હદ હોય છે. માસ્તરે અને સાહેબે તેનો પણ માઝો છોડયો હતો. ઝળી ઉઠેલો મગન આથી વધુ છંછેડાયો. મુંઝાયલો મગન આથી વધુ મરણિયો બન્યો અને આવેશઘેલા એ ગરીબે ઘણાંયે ન બોલવાનાં વચનો અને કટુ વાણીના પ્રહારો તે બંનેના ઉપર કર્યા. આવો એક પંદર રૂપઈડીનો નોકર એમને એમ કહી જાય તે સાહેબ માટે અશક્ય હતું. તેણે ગુસ્સામાં આવી હાથમાંની સોટી વગર વિચાર્યે મગનને બે પાંચ ચોઢી દીધી. બળિયા આગળ મગન આખરે લાચાર બન્યો. નમતું આપવામાંજ માલ છે માની તેણે મૌન ધારણ કર્યું અને મિજાજના ફુંફાડા મારતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબ તેમજ માસ્તર કેબિનનાં પગથિયાં ઉતરવા મંડી પડયા.

સાંજ પડયે દૂર દૂર શાંતિમાં કોઇના પગરવ સાથે ભજનનો ઝીણો સાદ સ્ટેશન ઉપર સંભળાતાં મગન સફાળો બેઠો થયો અને થોડી વારે તેણે ધના ભગતને, હાથમાંની માળાના મણકા ફેરવતા ભજનની ધૂન લલકારતા પોતાની તરફ આવતા નિહાળ્યા. મગન પણ કામકાજથી પરવારી સવારમાં થઇ ગયેલ કૃત્યનો કેવી રીતે બદલો આપવો તેનો વિચાર કરતો હતો. તે પણ ત્યાંથી ઉઠી નીચે આવ્યો; અને વળી પાછા જીવનમાં એક વાર તે બે સાથીઓ ભેગા મળ્યા. શરૂઆતથી માંડીને તે છેક અંત સુધીની સઘળી બીના મગને ધનાને કહી અને છેવટે એ પણ પરખાવી દીધું કે પોતે આ બન્નેની ફરિયાદ કરવા સૌથી વડા અમલદાર પાસે ત્યાંથી થોડે દૂર આવેલા શહેરમાં જવાનો હતો. ધનાએ તેને ઘણો વાર્યો, પરંતુ તે એકનો બે ન થયો. અને એક દિવસ માટે કેબીન, પોતાની જગ્યાના જૂના ભૈયાની સ્ત્રીને સોંપી તેણે પગપાળો રસ્તો માપવો શરૂ કર્યો. ચોવીસ કલાકમાં પાછા ફરવાનું તેનું વચન હતું. આજની બધી ગાડીઓ તેણે સ્ટેશન બહાર કાઢી આપી હતી. બીજા દિવસની જતી આવતી ફક્ત ચાર ગાડીઓ પેલી અબળાને સંભાળવાની હતી. મરી ગયેલ પતિના સહવાસે તે આ કામ શીખી હતી, એટલે તેને માટે આ મુશ્કેલ નહોતું.

*

* *

અત્યારે લગભગ ૬ નો શુમાર હશે. ત્રીજી સાંજ હતી છતાં પણ અત્યાર સુધી મગનનું કાંઇ પણ ઠેકાણું નહોતું. રોજના બે વખત આવનાર ધનાએ ગઇ કાલથી આજ સુધીમાં કેટલીએ વાર તેની ખબર કઢાવી હતી. પરંતુ હજુ કંઇ જ પત્તો નહિ લાગવાથી આખરે થાકીને તેઓ પણ અત્યારે સ્ટેશન ઉપર આવ્યા હતા. લાલિત્યવાન કોમળાંગી લલના પણ હવે સિગ્નલના કામકાજથી કંટાળી. તેના હાથમાંથી ધીમી ધીમી લોહીની છોળો ઉછળવા લાગી. હવે તેને માટે એક પણ સિગ્નલનો હાથો ફેરવાવો મુશ્કેલ થઈ પડયો. આવતી ગાડીઓ કેમ પસાર કરવી તેજ વિચાર તેણીને મૂંઝવી રહ્યો હતો. દૂર દૂર ઝાંઝવાના નીરની માફક ફેંકાય તેટલે દૂર દૃષ્ટિ ફેંકી બિચારી ભોળી અબળા મગનની રાહ જોતી, પરંતુ તેનો પત્તો ન લાગતાં વળી પાછી એક વાર નિરાશ બની પોતાની બેઠકમાં તે પડતું નાખતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનો પણ અત્યારે અકળાયલો સ્પષ્ટ તરી આવતો હતો. તેણે તેને શોધવા જવા નિશ્ચય કર્યો અને જ્યાં એને અમલમાં મૂકવા જાય છે ત્યાં તો પાછળથી બકરીના "એં એં"નો અવાજ આવ્યો, માલીક-વિહોણી બકરીની તેને દયા આવી. કદાચ પોતાના માલીકને શોધવા તેણી પણ મદદરૂપ નીવડે એમ તેની આશા હતી. બંને ખોયેલા મિત્રની શોધમાં આગળ ને આગળ ચાલ્યાં. રસ્તે ઘાડ જંગલ હતું. કોઇ પણ મનુષ્યનો ત્યાં પગરવ ન હતો. પોતાના પ્રિય મિત્રને બૂમ પાડતો ધનો આગળ ને આગળ વધ્યે ગયો. ચારે બાજુ હવે તો અંધકારે પોતાનું સામ્રાજ્ય ફેલાવી દીધું હતું. એકમેકને જોવું જ્યાં અશક્ય હોય ત્યાં આવા ઘાડ જંગલમાં રસ્તો ક્યાંથી શોધવો ? છતાં પણ બંને ધીમે ધીમે ધપ્યે ગયાં. એટલામાં દૂર કોઈ એક ઝાડીની પાર કંઇક ઠોકાવાનો અવાજ તેને કર્ણગોચર થયો. ધનાને કંઇ આશાઓ બંધાઇ. તેણે ત્યાં પોતાનો મગન જરૂર હશે એમ માની દિશા બદલી અને તે બાજુ કૂચ શરૂ કરી. જેમ નજીક આવતા ગયા, તેમ તેણે મગનને વધુ જોરથી બૂમો પાડવી શરૂ કરી. પરંતુ તે બૂમો સામેથી આવતા ઠોકવાના અવાજમાં હરઘડીએ લીન થઇ જતી અને ધનો પગલે પગલે નિરાશ બનતો. છતાં પણ હિંમત ન છોડતાં આખરે તે ત્યાં પહોંચ્યો અને પાર વગરના આશ્ચર્યની વચ્ચે તેણે એક રેલવેના નાનકડા ફાનસના અજવાળામાં કોઇ એક મનુષ્યને તેણે પાટા ઉપર કંઈ ઠોકતો જોયો. એકાએક એન્જીનની સીસોટી સંભળાઇ. ધનો આથી ગભરાયો. કારણ કે ગાડીને આવવાનો સમય થઇ ગયો હતો અને ત્યાં આવવામાં ફક્ત સાત જ મિનિટ બાકી હતી. તે દોડયો અને પાછળથી જઇ ઠોકનાર માણસનો હાથ પકડયો. બન્નેની ચાર આંખો થઇ. એકાએક ધનાથી ગભરાતા સ્વરે બોલી ઉઠાયું:-

"કોણ ? મગન ?"

"હેં ! કોણ ધનો ? ભાઈ ! તું અહીં ક્યાંથી ?"

ધનાએ ઉતાવળમાં ચારે બાજુ જોયું તો મગને પાટાના સાંધાની જગ્યાઓ ઉપરથી બોલ્ટસ (ખીલાઓ) ઉખેડી નાખ્યા હતા. ધનો બધું સમજ્યો કે ના સમજ્યો ત્યાં તો મગને શરૂ કર્યું:-

"ભાઈ ! મોટા સાહેબ પાસે પણ મારી દાદ કોઇએ ન સાંભળી. ઉલટો મને માર મારી બહાર કાઢી મૂકવામાં આવ્યો. મેં વેર લેવાનો પાકો નિશ્ચય કર્યો અને તે નિશ્ચય અત્યારે અમલમાં મૂકી રહ્યો છું."

"પણ ભાઇ ! આ વચ્ચેનો પાટો ક્યાં ?" ધનાએ ગાભરા બની પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જી, પેલો પડયો." કહી મગને એક બાજુ ઝાડીમાં આંગળી ચીંધી.

ત્યાં તો દૂર દૂરથી આવતી ગાડીનો પ્રકાશ તેમની નજરે પડતાં ધનો શું કરવું તેની વિમાસણમાં પડયો. હવે બધું જ અશક્ય હતું. કારણ, ગાડી મોડામાં મોડી ત્રણ મિનિટમાં ત્યાં આવી જવાની. તેના મગજમાં એક વિચાર આવ્યો. આવતાંની સાથે જ તે દોડયો અને થોડે દૂર જઇ બે હાથ પહોળા કરી પાટા વચ્ચે ઉભો રહ્યો. ગાડી પોતાના બનતા વેગે દોડી આવતી હતી. એકદમ થોભાવે તોપણ થોભે એમ નહોતું. પ્રકાશમાં ધનાને નિહાળતાં જ ડ્રાઇવરે બ્રેક મારવી શરૂ કરી, પરંતુ ગાડીને ઉભા રહેતાં વાર લાગી અને પળવારમાં તો ધનાના ટુકડે ટુકડા ઉરાડી ગાડી સહેજ આગળ જઈ ઉભી રહી. ધનાના રક્તની છોળો ઉડી અને તેનાં છાંટણાં મગન ઉપર પણ છંટાયાં. તે તો બધું જોઈ આભો જ બન્યો, શબવત્ બનીને ત્યાં જ તે ઉભો રહ્યો; પરંતુ તેનો હૃદયપલટો થતાં વાર ના લાગી. એક માણસના મોતે ગાડીને ઉભી રાખી હજારોના જાન બચાવ્યા, એ વિચાર આવતાંજ મગનને હૈયે શું થયું એ કહેવું અત્યારે અશક્ય છે.

ગાડી થોભતાં જ સૌ નીચે ઉતરી તપાસવા લાગ્યા. મહામહેનતે ધનાના ઉડેલ ટુકડા એકઠા કરી એક સ્થળે મૂક્યા. સૌ કો તેની સામે દયાની નજર ફેંકતાં હતાં. તેવામાં એકાએક પાછળથી અવાજ આવ્યો કે "ખરો ગુન્હેગાર તો હું છું!"

અને પાછળ નજર ફેરવતાં બધાએ જોયું કે મગનને પકડી તે નાસી ન જાય માટે લોકોએ તેના ઉપર પૂરો જાપ્તો રાખ્યો હતો.

થોડી વારે સઘળું શાંત પડયું. પરંતુ અંધકારના એ શાંતિના વાતાવરણને કોઈ એક બકરીના બેં બેં અવાજો ભેદી રહ્યા હતા; જાણે માલીક વિનાની બકરી રડી રહી હતી.

અને થોડા દિવસો બાદ ખબર આવી છે કે ગાડી ઉથલાવી નાખવાનું કાવત્રું રચવા બદલ મગનને સાડાસાત વર્ષની સખ્ત કારાગૃહની સજા ફરમાવવામાં આવી છે.

* * *

મોટેરાંઓનું કહેવું ખોટું નથી કે 'પેટનો બળ્યો ગામ બાળે.' પરંતુ કોઇ કહેશો કે એવાંઓને પેટ બાળવાનું મુખ્ય કારણ શું?

(તા. ૧-૮-૧૯૩૩ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૦–अडग योगी

(લેખક:–શ્રી. જયંત ચિમનલાલ કોઠારી)

દૃશ્ય પહેલું

પાત્રો

અંબા : કાશીનરેશની કન્યા

ભીષ્મ : હસ્તિનાપુરનરેશનો પુત્ર દેવવ્રત

સ્થળ:—કાશીરાજના પ્રમોદવનમાં

સમય:—સંધ્યા.

(કાશીનરેશની કન્યકા અંબા એક વૃક્ષ નીચે શાખા પકડી ઉભી છે.)

અંબા—આ સમયે મને એ યાદ આવે છે: ઘનઘટા નીચેની શીતળતા, ગંગાનો આહ્‌લાદક કિનારો, પલ્લવિત ને પ્રફુલ્લેલી દેવી પ્રકૃતિના વસન્તોત્સવમાં મને એ સૌમ્ય મુખ સાંભરે છે. આ કુંજ-વનની એકાન્તમાં મારી આંખોમાં એ સુંદર મુખ ઉગ્યું હતું. એમનાં વિસ્તૃત નીલ નેત્ર સરવરમાં સ્નેહનું શતદલ ઉઘડયું હતું. અમીટ આંખે ને અતૃપ્ત આત્માએ એ મારી આંખોમાં ઉંડું જોઇ રહ્યા હતા. એ મનોહર શાન્ત મૂર્તિ, એ હાસ્યરેખાંકિત સૌમ્ય મુખ-મંડળ, એ શાર્દૂલશી ચાલ, એ ગંભીર સ્વર : એ બધુંય એમને ભારતના ભાવિ સમ્રાટ્ હોવાનું સૂચવતાં હતાં. આવા બધા ગુણોનું કેન્દ્ર તો કોઇ રાજકુટુંબમાં જ હોઈ શકે, ચંદ્રદેવ તો આભને લલાટે જ ચમકે ને ?

(એક સખી દોડતી આવે છે)

અંબા—કેમ અહીં આવી ?

સખી—હસ્તીનાપુરના યુવરાજ તમને મળવા ઇચ્છે છે. એ... ....આવ્યા.........

(દૂરથી ભીષ્મ આવતા દેખાય છે. એના પ્રત્યેક ડગમાં પૃથ્વીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમધમાવવાની શક્તિ છે. એની આંખમાં બ્રહ્મચર્યની બ્રહ્મજ્યોત ઝગે છે. ભવ્ય લલાટમાં નિશ્ચલતાનું તેજ ચમકે છે.

(સખી ચાલી જાય છે.)

(અંબા ગૌરવભરી આંખે ભીષ્મને જોઇ રહે છે. એના પ્રત્યેક ડગમાં અંબા આતુરતાનાં દર્શન કરે છે. એક પળ એને જોયા પછી અંબા દૂર દૂરની વૃક્ષઘટામાં નજર નાખે છે.

ગંભીર પગલે ભીષ્મ અંબા તરફ આવે છે. અંબાથી થોડે દૂર એક ઝાડ નીચે ભીષ્મ થોડીક પળો અંબાને અવલોકતો ઉભે છે.)

ભીષ્મ—એ તો આ રહી! સુવર્ણની પ્રતિમાશી અંબાને એક પળ આંખો ભરી ભરીને નિહાળી લઉં; નીલરંગી નિર્મળ વ્યોમમાં ઉજ્જવલ ઉષા ઉભી હોય, એવી એ દેખાય છે! પરંતુ મારે એને, એના પ્રેમને ભૂલી જવો જોઇએ.

(ભીષ્મ આકાશ તરફ જુએ છે. સંધ્યાના સુવર્ણ રંગે આકાશ રંગાયેલ છે.)

આકાશમાં વસતા ઓ અમરો! મારા હૃદયમાં બલ પ્રેરો. સંદેહ અને વ્યાકુળતાથી વ્યથિત ચિત્તવૃત્તિને શાન્ત કરો! મારી કસોટીનો સમય પાસે આવ્યો છે. મારાં પ્રલોભનોને દૂર કરો, અહંકારને હણી નાખો; ને મને મારી કસોટીમાંથી તપ્ત સુવર્ણની જેમ શુદ્ધ રહી પસાર થવા આત્મબળ આપો.

(વૃક્ષ નીચેથી ભીષ્મ ધીમે પગલે અંબા તરફ જાય છે. ધીમા સ્વરેથી)

દેવિ! આજે હું તમારી પાસે આવ્યો છું.

(દૂર દૂરની વૃક્ષઘટાઓમાંથી અંબા નિજ દૃષ્ટિને ખસેડી ભીષ્મનાં તેજસ્વી નેત્રોમાં રોપે છે.)

અંબા—(સસ્મિત) આવો, દેવવ્રત! આ સ્થળે હું તમારું જ સ્મરણ કરતી ઉભી છું. તમારી જ માર્ગપ્રતીક્ષા કરું છું. પ્રિય દેવવ્રત, પધારો......

ભીષ્મ—દેવિ! આજે તમારો ભિક્ષુક તમારી પાસે આવ્યો છે.

અંબા—દેવ! તમે મારી પાસેથી કયી ભિક્ષાની આશા રાખો છો? હું તમને શાની ભિક્ષા આપું? મારી પાસે હવે શું રહ્યું છે? મારી પાસે જે હતું તે બધુંય મેં તમારાં ચરણોમાં સમર્પ્યું છે. હવે મારી પાસે આપવાનું કશું જ નથી. જે દિવસે મેં તમારું સુંદર સૌમ્ય વદન જોયું, તેજ દિવસે મેં મારું સર્વસ્વ તમને આપી દીધું છે. તમારાં ચરણોમાં મારું રૂપછલકાતું યૌવન–મારૂં હૃદય.........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષ્મ—(કાંઇક અણગમો દર્શાવતાં) દેવિ...........

અંબા—(ભીષ્મને આગળ બોલતો અટકાવી) દેવ! મેં બધુંય તમને સમર્પ્યું છે. તે દિવસથી જગતને મેં વિસારી દીધું છે. કેવળ તમારૂંજ સ્મરણ કરી રહી છું. ઉનાળાના યુગ જેવા લાંબા દિવસો મેં તમારા સ્મરણમાં વીતાવ્યા છે, ને કેટલીય લાંબી રાત્રિઓના અંધકારને આંખોનાં આંસુઓથી ભીંજવ્યા છે.

ભીષ્મ—(દુઃખિત, કંપિત સ્વરે) પણ દેવિ! હવે એ બધું વિસરી જાઓ.

અંબા—(પ્રેમભીના અવાજે) જે પળે મેં તમારી મૂર્તિ નિહાળી તે જ પળે હું બધું વિસરી ગઇ છું.

ભીષ્મ—(આશ્ચર્યથી) ના ના, દેવિ! તમે આ શું કહો છો?

અંબા—કેમ, દેવવ્રત ?

ભીષ્મ—દેવિ! પ્રેમની પાછલી વાતોને હવે ભૂલી જાઓ, અને દેવિ...દેવિ, મને ક્ષમા કરો...

અંબા—પ્રાણેશ...તમે આ શું કહો છો ?

ભીષ્મ—દેવિ! એક વખતના એ પ્રેમસંન્યાસી દેવવ્રતને ભૂલી જાઓ. એક વખતના તમારા પ્રેમ ઉપાસક દેવવ્રતને સ્મૃતિમાંથી કાઢી નાખો! દેવવ્રત મરી ગયો છે. આજે તમારી પાસે દેવવ્રત નથી ઉભો, ભીષ્મ ઉભો છે. સ્વાર્થત્યાગ એનો ધર્મ બન્યો છે. સંન્યાસ એનું વ્રત બન્યું છે. વાસનામય પ્રેમ ભસ્મીભૂત થઇ આજે સાચો પ્રેમ એનું હૃદય ઓળખી શક્યું છે. એનો પ્રેમ ઉદાર છે, આકાશ જેવો વિશાળ છે, સ્ફટિક જેવો સ્વચ્છ છે, પૃથ્વી જેવો સહનશીલ છે, બાલસૂર્ય જેવો પ્રકાશવાન છે, માતાના સ્નેહ જેવો નિઃસ્વાર્થ છે, નિર્મળ છે. એ જૂના દેવવ્રતને ભૂલી જાઓ. આજે દેવવ્રત નવા અવતારે આવ્યો છે. ને એ પ્રેમનો ભિક્ષુક નથી, કૃપાનો ભિક્ષુક છે.

(ભીષ્મનો પ્રત્યેક શબ્દ અંબાની આશા પર વજ્રના ઘા કરે છે.)

અંબા—તો તમે અહીં શા માટે આવ્યા છો ?

ભીષ્મ—તમારી વિદાય લેવા, બહેન!

(અંબાને વીજળીનો આંચકો વાગે છે. વિસ્ફારિત નયને તે ભીષ્મને જોઇ રહે છે.)

અંબા—(થોડીક પળો પછી) વિદાય લેવા ?

ભીષ્મ—હા, વિદાય લેવા, સદાની. આજથી હું તમારા પ્રેમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મય વદનને નહિ જોઉં, તમારી જીહ્વામાંથી ઝરતી અમૃતવાણી આજ પછી હું નહિ સાંભળી શકું.

અંબા—(દુ:ખી સ્વરે) દેવવ્રત! આજે આવાં વચનો કેમ કહો છો? તમને શું થયું છે?

ભીષ્મ—પ્રાત:કાળનાં સોનેરી કિરણોથી રસેલો એક મેઘ-મહાલય આકાશમાં લીન થઇ ગયો છે; એક ઝંકાર શબ્દિત થતાં પહેલાંજ શમી ગયો છે, તમારાં ચરણો તળે સોનાનું એક સ્વપ્ન વાખરાઇને પડયું છે.

અંબા—પ્રિયતમ.........

(અંબાની આંખમાં આંસુ આવી જાય છે. ભીષ્મ નિર્દોષ-જ રહે છે.)

ભીષ્મ—તમારી અને મારી વચ્ચે એક અગ્નિનો સમુદ્ર ગર્જી રહ્યો છે.

અંબા—પરંતુ આ બધાનું કાંઈ કારણ?

ભીષ્મ—બ્હેન! મેં આજીવન બ્રહ્મચર્ય ધારણ કર્યું છે.

અંબા—પણ આવું આકરૂં વ્રત શા માટે?

ભીષ્મ—પિતાના સુખ માટે મેં મારા સુખમાં આગ લગાડી બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે. આજન્મ મને લગ્ન કરવાનો અધિકાર નથી.

(આંખના કાંઠાઓ વચ્ચે બાંધી રાખેલાં આંસુઓ જમીન પર તૂટી પડે છે. અંબાની આંખમાં આછો તિરસ્કારભાવ ઉગે છે)

અંબા—નિષ્ઠુર! અસત્યવાદી! સાચી વાત જ શા માટે નથી કહેતા? કહી દો કે હવે હું તને નથી ચાહતો.

ભીષ્મ—કોણે કહ્યું તમને નથી ચાહતો? હું તમને ચાહું છું, પ્રાણથી પણ અધિક ચાહું છું. પણ કર્તવ્યથી વધુ હું તમને ચાહી શકું તેમ નથી. હવે મને વિદાય આપો.

અંબા—દેવવ્રત!

(અંબા ચોધાર આંસુએ રડી પડે છે.)

ભીષ્મ—(વ્યવસ્થિત સ્વરે)

દેવિ! તમારાં નેત્રોનાં નીરમાં મારૂં કર્તવ્ય મા ધોઇ નાખો. મારી જીવનશાંતિ, ભૂમંડળનાં મીઠાં સંસ્મરણો, આ લોક ને પરલોક બધું તમારાં આંસુઓમાં વહી જવા દો; પરંતુ મારી પ્રતિજ્ઞાને મા ઘસડી જતાં! તમારાં આંસુઓના ઉચ્છ્વાસપૂર્ણ સાગરમાં ભલે બધું ડૂબી જાય, પરંતુ મારૂં કર્તવ્ય ગિરિરાજશા ઉન્નત મસ્તકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડગ ઉભું રહેશે. બહેન, જાઉં છું.

અંબા—(રડતાં રડતાં) દેવવ્રત ! ના, તમે ના જશો.

ભીષ્મ—(સ્વગત) દેવવ્રત ! તારા હૃદય પરથી અંકુશ મા ગુમાવ ! હૃદયને દૃઢ કર ! (પ્રકટ) બહેન ! જાઉં છું.

અંબા—પ્રિયતમ, દેવવ્રત ! ન જાઓ. તમારી આ અંબાને એકલી ન પાડો !

(ભીષ્મની આંખો પર અંધારઘેરો પડે છે. દિશાઓ તેને અસ્પષ્ટ દેખાય છે.)

ભીષ્મ—(સ્વગત) આંખે અંધારપડદા ઢળે છે, માર્ગ બરાબર દેખાતો નથી. પ્રભુ ! કર્તવ્યનો દીપક પ્રકટાવી મને માર્ગે દોર! (પ્રકટ) દેવિ, બહેન ! જાઉં છું.

અંબા—મારા હૃદયનાથ !...

(દેવવ્રતને ભેટવા આગળ વધે છે. એક પળ ભીષ્મની અડગતા ડગતી હોય તેમ ભાસે છે. બીજી જ પળે ભીષ્મ દૂર ખસી જાય છે.)

ભીષ્મ—નહિ, હું તો આ ચાલ્યો.

(હાથ પસારી આગળ વધેલી અંબા પૃથ્વી પર પટકાય છે, મૂર્ચ્છિત થાય છે.)

*

* *

દૃશ્ય બીજું

પાત્રો: અંબા, સુનંદા ને પાછળથી ભીષ્મ.

સ્થળ: હસ્તિનાપુરના રાજમહાલયમાં ભીષ્મનું નિવાસસ્થાન.

સમય: ચાંદની રાત.

અંબા—સુનંદા ! મને કંપારી છૂટે છે.

સુનંદા—મનોદુર્ગને મજબૂત કરો, રાજકુમારી !

અંબા—યુવરાજને હું શું કહું ?

સુનંદા—જે તને યોગ્ય લાગે તે. અબળાનો રક્ષણદુર્ગ સંયમ છે. પરંતુ અબળા જ્યારે અબળા મટી સબળા બને છે ત્યારે કુમારી ! તેનો ધર્મ બદલાઇ જાય છે.

અંબા—પરંતુ સુનંદા ! લજ્જા તો છે આર્યાઓનો ચિરંતન ધર્મ.

સુનંદા—ખોટી લજ્જા હવે ક્યાંસુધી બાકી રાખી છે ? તેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શલ્ય પાસે પત્નીભાવે યાચના કરી અને નરહત્યાનું મહાપાતક પણ વહોરી લીધું હતું. હવે પાછાં ડગ કાં ભરવાં? હવે તો આક્રમણ કર્યે જ છૂટકો. છેલ્લું જીવનયુદ્ધ ખેલી લે ને પ્રાણાન્તે પણ કાર્યસિદ્ધિને વરઃ કાં તો કાર્યસિદ્ધિ કાં તો મૃત્યુ. એ વિના હવે અન્ય આરો નથી.

(સહચરી સુનંદાના બોલવે નિરાશાતિમિરમાં અટવાતી અંબાને આશાદીપક લાધે છે. એક પળ એ આશાનું ઓજસ અંબાના વદનમંડળે ઝબકી ઉઠે છે. બીજી જ પળે કો શંકા એના આશાદીપકનું તેજ ઝાંખું બનાવી મૂકે છે.)

અંબા—(શંકાયુક્ત સ્વરે) તેં કહ્યું એ તો ખરૂં સુનંદા! પણ દેવવ્રત તો બ્રહ્મચારી છે, અડગ યોગી છે.

સુનંદા—(હસીને) અંબા! તું ગાંડી તો નથી થઈ ના? સંસારનાં પ્રલોભનોમાં બ્રહ્મચર્યનાં સાચાં પાલન શકય હોય કદિ યે? ને કોઇ બ્રહ્મચારી એવાં અડગ વ્રત પાળતો હોવાનું કહે એ તો બ્રહ્મચર્ય નહિ, પણ બ્રહ્મચર્યનો આભાસમાત્ર.

(ભીષ્મ આવતો દેખાય છે.)

લે, કુમાર તો આ આવ્યા. હું જાઉં છું. પ્રયત્ન કરવામાં કચાશ મા રાખતી.

(સુનંદા ચાલી જાય છે. એક પળ અંબા વિચાર કરે છે. બીજીજ પળે એના યૌવનરંગી મુખ પર નિશ્ચયનું દ્રઢતાભર્યું તેજ ચમકી ઉઠે છે.)

અંબા—(સ્વગત) સુનંદાએ સાચું કહ્યું, સંસારમાં વળી બ્રહ્મચર્ય શાં? ને મારા જેવી નારીનું રૂપયૌવન ભીષ્મને ચરણે ન નમાવે તો નારીજન્મ વૃથા કહેવાય.

(ભીષ્મ આવે છે, પણ અંબાને પોતાના આવાસમાં જોઇ પાછો ફરવા જાય છે.)

અંબા—કુમાર! પાછા કાં ફર્યા? થોભો. રાત્રિના આગમને સૂર્ય નાસે એમ મને દેખી કાં નાસતા ફરો? હું નાગણ છું કે ખૂની છું? મને દેખીને દૂર દૂર શે ભાગો છો? પ્રિયતમ! ઘન વાદળોથી ઘેરાયલો સૂર્ય ઝાંખો દેખાય એમ તમારૂં તેજસ્વી વદન શાં વિષાદ વાદળોથી ઘેરાઈ શ્યામ પડી ગયું છે?

(આર્જવભર્યા અવાજે)

દેવવ્રત! મેં એવો તમારો શો અપરાધ કર્યો છે કે તમે મને તિરસ્કારો છો? હા, અપરાધ મારાથી એક થયો છે; તમને ચાહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતો અનન્ય અપરાધ થયો હોય એવું મારા સ્મરણમાં તો નથી.

ભીષ્મ—દેવિ! તમારૂં બધું કહેવું મને માન્ય છે. પરંતુ ક્ષમા કરો. દેવિ! હું બ્રહ્મચારી છું.

અંબા—(કૃત્રિમ અવાજે) તદ્દન અસત્ય, દેવવ્રત! તમે સુકુમાર છો, જ્ઞાની છો, વીર છો; પણ બ્રહ્મચારી તો નથી જ. જૂઠું બોલી મને કાં છેતરો!

ભીષ્મ—(દૃઢ ને ગંભીર સ્વરે) દેવિ! મેં સાચે જ બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું છે.

અંબા—તમારી બ્રહ્મચર્યની વાતો વિસરી જાઓ, દેવવ્રત! દરેક યુગમાં કેટલાય ઋષિ, મહર્ષિ ને બ્રહ્મર્ષિઓએ પોતાની અમિત તપપ્રભા નારીઓને ચરણે ધરી છે—ધરવી પડે છે, તમે તો ઋષિ નથી. કામજિત ને મૃત્યુંજય તો છે એક કૈલાસેશ્વર! ને એ મહેશ્વર છે, પરમેશ્વર છે. ને પ્રિય! તમે તો ઇશ્વર નથી. આજસુધી મનુવંશના કોઇ પણ માનવે નથી કરી બતાવ્યું એ તમે શી રીતે કરી બતાવશો? દેવવ્રત! જગતના પ્રત્યેક માનવમાં જેની અનેરી અસ્તિત્વ-જ્યોત ઝગી રહી છે એવા અજેય અનંગને તમે જીત્યો છે? ને ભવિષ્યમાં જીતી પણ શકશો ખરા?

(ભીષ્મના તેજસ્વી મુખ પર વ્યથાઅભ્રો છવાઇ રહે છે)

ભીષ્મ—(વ્યથિત વાણીએ) દેવિ! મેં હજી કામને નથી જીત્યો. પરંતુ જો કામને હું જીતી શકું તો તમને નાના બાળકની જેમ મારી છાતી સાથે નિર્ભયતાથી ચાંપત. પરંતુ હા, બાળકોને જેમાંથી આત્માનાં પોષણ મળે છે, એ સ્ત્રીઓનાં વક્ષઃસ્થળ યુવકનાં તૃષાતુર નેત્રોમાં તીવ્ર વિષનાં વર્ષણ કરે છે. જે જીવનનાં અમૃતથી બાળકને પ્રાણદાન કરે છે તે પ્રાણનાથ કરે છે. જે સ્ત્રીમાં માતૃભાવ પ્રકટ કરે છે, તેજ કામનો દુર્જેય ગઢ છે. જે સૌન્દર્યનું દેવમંદિર છે, ભક્તિનું પ્રાર્થનામંદિર છે; એ જ લાલસાનું ઘર છે, આત્મનાશનું સ્થાન છે. ના, દેવિ! ના. હું હજી કામને જીતી શકયો નથી, ને તેથી જ તમારાથી દૂર નાસતો ફરૂં છું. હિંસક પશુને જોઇ કોઇ દૂર નાસે, એમ હું સ્ત્રીઓને જોઇ દૂર નાસું છું, ને તેથી જ જેના તરફ 'માતા, માતા' કહી દોડી જવું જોઇએ એવી સ્ત્રીઓથી દૂર રહેવા પ્રયત્ન કરૂં છું.

(ભીષ્મ ચાલવા માંડે છે.)

અંબા—કયાં જાઓ છો, પ્રાણેશ? મને દુઃખના દાવાનળમાં પ્રજળતી મા મૂકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અંબા ભીષ્મ પાસે જઇ ઘુંટણીએ પડે છે. તેની આંખો-માંથી આંસુ નિતારે છે.)

ભીષ્મ—આંસુ મા સારો દેવિ! વજ્રનો પ્રવાહ સહવાની મારા હૃદયમાં શકિત છે. બીજાં અનેક દુઃખોને હસતે મુખે હું સહન કરી શકું, પણ સ્ત્રીઓનાં આંસુ હું નથી જોઇ શકતો. અબળાઓનાં આંસુઓમાં મારૂ ધૈર્ય ધોવાઇ જાય છે. અંબા...

(ભીષ્મનું ચિત્ત ચંચળ બની જાય છે.)

(સ્વગત) આજે આ શું? ચિત્તવૃત્તિ અસ્થિર કેમ? આજે એ અજેય કંદર્પનો પાશવી પાશ મારે તોડી નાખવો જોઇએ...

(પ્રકટ) બહેન! આજના શુભ મુહૂર્તે તમારી મૂર્તિને મારા હૃદયસિંહાસન પર માતૃપદે સ્થાપું છું. વાસના આજે મને નહિ સ્પર્શી શકે, પુષ્પધન્વાના પુષ્પશરપ્રહારો આજે નિષ્ફળ નીવડશે; આસક્તિની અનલશિખાઓ આજે શમી જશે, વિષના વેલાઓ આજે વિલાઇ જશે.

અંબા—(શરના સુસવાટે હરિણી ચમકે એમ ચમકીને) શું કહો છો દેવવ્રત? તમે નિષ્ઠુર છો, પાષાણહૃદયી છો? ના, હું એ નથી માની શકતી.

(ચારે તરફ ઉન્માદિનીની જેમ ફાટી આંખે જોઇ)

મને ચક્કર આવે છે. હું પડી, પ્રિયતમ! મને પકડી લ્યો.

(પૃથ્વી પર ઢળી પડતી અંબાને ભીષ્મ પકડી લ્યે છે)

ભીષ્મ—આ શું? તમે કાંઇ હવે બાળક નથી; કાશીરાજનાં કન્યા છો. તમને આવું અધમ આચરણ યોગ્ય લાગે છે? માતા! પાછાં ફરો. આજે મેં તમને જનનીપદે સ્થાપ્યાં છે. આજથી તમે મારી માતા છો! માતાપુત્રના એ પવિત્ર સંબંધને આવાં હીન ઉચ્ચારણોથી કલુષિત મા કરો. માતાપુત્રનો સંબંધ જગતના બધા પવિત્ર સંબંધો કરતાં પણ વધુ પવિત્ર છે.

અંબા—અસત્ય વદો છો, દેવવ્રત! હું તમારી માતા નથી; તમારી માતાનું કોઇ પણ કર્તવ્ય મેં બજાવ્યું નથી. ઉચ્ચારમાં-કહેવામાત્રમાં એવી શું અલૌકિક શક્તિ છે, કે જે પોતાના પ્રભાવથી સત્યને અસત્ય ઠરાવી શકે છે?

ભીષ્મ—દેવિ! એક શબ્દના ઉચ્ચારણમાંની પવિત્રતા તમારા પાપપંકિલ હૃદયમાં શી રીતે આવી શકે? માતાની મહદ્ મહત્તા તમે કયાંથી જાણો? એક 'માતા' શબ્દમાં જે અર્થ ભર્યા છે તે અર્થ જગતના કોઇ પણ શબ્દકોશમાં શોધ્યા પણ નહિ જડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માતા' શબ્દના ઉચ્ચારણમાં જે પારલૌકિક મધુપ ભરી છે, તે ઇંદ્રના ભંડારમાંય નહિ સાંપડે. મૃત્યુશૈય્યા પર જીવનના છેલ્લા શ્વાસ લેતો રોગી જ્યારે 'મા' શબ્દ ઉચ્ચારી પોતાની જીવનલીલા સંકેલી લે છે ત્યારે તેની અર્ધી યાતનાઓ એ શબ્દના ઉચ્ચારણમાત્રના કુંડમાં ડૂબી જાય છે. માતાના નામથી પશુઓ પણ વશ થઇ જાય છે, સંસારની ભીષણ જ્વાળાઓમાં સળગતું હૃદય માતાના નામની સુધાથી શીતળતા અનુભવે છે. માતાના પુનિત નામોચ્ચારણથી પૃથ્વીનાં પાપ પણ ધોવાઇ જાય છે. સ્વયં જગદીશ્વરી પોતે જગતની માતા છે તેથી ધન્ય માને છે. માતા! તમે તમારા કામિની ભાવો પર વિજય મેળવો, ને સાચાં દેવી બનો. માતા! તમારા આ દુર્લભ સ્વેચ્છાચાર પર અંકુશ મૂકો. જગત પર શાંતિની અમૃતધારા વર્ષાવો ને પછી તમે જોશો કે આખું જગત તમારી છાતી પર બાળકની માફક નિર્ભયતાથી રમી રહ્યું છે.

અંબા—(નિરાશાના આવેગમાં) ના, મારે આ બધું નથી સાંભળવું. (સ્વગત) આજે તો દેવવ્રત સાથે વિહાર કરવો જ છે; પછી ભલે તેથી નરકપ્રાપ્તિ થાય. હવે છેલ્લી બાજી રમી લઉં.

(પ્રકટ) આકાશને આંગણે રમતા ઓ ચંદ્રદેવ! તમે અંધાર-અંચળો ઓઢી લ્યો. નક્ષત્રો, તમે બુઝાઈ જાઓ, ને વિશાલ પૃથ્વી! તારા કાન બહેરા બનાવી દે!

ભીષ્મ—તમે આ શું બોલી રહ્યાં છો?

(અંબા દીપકની જ્યોત વધારે છે)

અંબા—(વિકારભરી આંખે) દેવવ્રત! મને નિહાળી નિહાળીને જુઓ, જુઓ!

ભીષ્મ—(નિર્વિકાર રીતે અંબા તરફ જોઇ) હું તમને જોઉં છું.

અંબા—(આંખોમાંથી વિષ વર્ષાવતાં) તમે શું જુઓ છો?

ભીષ્મ—હું તો તમને નથી જોઇ શકતો! કોઇ ઉન્માદિની સુંદર સ્ત્રી ઉભી હોય, એમ મને દેખાય છે. એના ગોરા ગાલ પર મદનમદિરાની લાલી સ્પષ્ટ રીતે દેખાય છે. એની આંખોમાં નરક-કુંડની આગની જ્વાળાઓ સળગી રહી છે. એના હોઠ પર હજારો વિષધરનાં કારમાં વિષ આવી બેઠાં છે. ને લાલસાથી એમાં શિથિલતા આવી છે. વાંકી ગરદન પર નાગિણીના બચ્ચાની માફક અલક-લટો વેરાઈ પડી છે. કોઇ કાલભુજંગિની માનવીરૂપમાં ઉભી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ મને પ્રતીત થાય છે. પ્રલોભન માનવીરૂપે જાણે ખડું છે, સર્વનાશે જાણે દેહ ધર્યો છે.

અંબા—(કામવિવશ બની) આવો, હૃદયદેવ ! આ દુ:ખમય સંસારમાં આવું સુખ ભોગવવાની પળો બહુ થોડી જ આવે છે. આવો, ચુંબન માટે આતુરતા દાખવતા ઓષ્ઠ પર તમારા ઓષ્ઠનું અમૃત વરસાવો. યૌવનથી છલકાતી આ રૂપવેલને તમારા ભુજપાશમાં કચડી નાખો.

(ભીષ્મનો હાથ પકડી તેની છાતી પર માથું મૂકવા જાય છે.)

ભીષ્મ—(પોતાનો હાથ છોડાવી અંબાને દૂર હડસેલી) અંબા ! તમારાં આ બધાં પ્રલોભનો નિષ્ફળ છે. ભીષ્મની પ્રતિજ્ઞા એક જ છે, ને તે કદી નહિ તૂટે. આ કાંઈ ભીરુ પુરુષનો ક્ષણજીવી અંગીકાર નથી, યાચનાની સકામ તપશ્ચર્યા નથી; આ તો છે અડગ યોગી ભીષ્મની અડગ પ્રતિજ્ઞા, ત્યાગીના શપથ ! ગ્રહો પોતાની કક્ષામાંથી ચ્યુત થાય, સમુદ્ર મર્યાદા ત્યાગે, તોપણ ભીષ્મની અડગ પ્રતિજ્ઞા કદી નહિ તૂટે. પાર્થિવ પ્રલોભનોથી ભરેલી આ પૃથ્વીની પીઠ પર ભીષ્મની પ્રતિજ્ઞા ધ્રુવશી અડગ રહેશે.*

("વીસમી સદી"ના સં. ૧૯૮૯ ના દીપોત્સવી અંકમાંથી)

* બંગાળી પરથી: મૂળલેખક:-દ્વિજેન્દ્ર રૉય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૧–નવા યુગનો સંન્યાસી

(શ્રી. પ્રભાતકુમાર મુખોપાધ્યાયના બંગાળી પરથી
અનુવાદકઃ–શ્રી. રમણલાલ પી. સોની)

(૧)

બાંકીપુરની કૉલેજમાં હું ભણતો હતો ત્યારે હિંદુ ધર્મ તરફ મારૂં ઘણું વલણ હતું; માથા પર લાંબી એવી ચોટલી ફરકતી. રોજ સવારે વહેલો ઉઠી નદીએ સ્નાન કરવા જતો. ×મચ્છી ખાતો પણ માંસ નહોતો ખાતો. અમારા બોર્ડિંગના રસોડામાં અઠવાડિયે એક વખત માંસ પકવવામાં આવતું. તે દિવસે મારે માટે દૂધની અલગ વ્યવસ્થા થતી.

બાંકીપુરમાં એક શિવાલય છે–હું રોજ ઘણું ખરૂં ત્યાં ફરવા જતો. વખતે કોઇ સાધુ–મહાત્માનાં દર્શન થઈ જાય. "સાધુ"નાં દર્શન કંઇ દુર્લભ નહોતાં, પણ સાધુ–મહાત્માનાં દર્શન તો કદી થતાં નહિ. મોટા ભાગના સાધુ અભણ, શાસ્ત્રનું જ્ઞાન તો મુદ્દલે મળેજ નહિ–કેવળ થોડાંક વાક્યો ને દૃષ્ટાંતો ગોખી રાખેલાં. હા, ગાંજો પીવામાં એકદમ પાવરધા. તોપણ હું તેમની આગળ જઈ રહેતો, ધર્મ અને તત્ત્વજ્ઞાન સંબંધી પ્રશ્નો પણ પૂછતો. તુલસીદાસ કહી ગયા છેઃ

" સબસે બેસિયો, સબસે રસીઓ; સબસે મીલીઓ ભાઈ;
કયા જાને કયા ભેખમેં, નારાયણ મીલ જાઈ."

હું ત્યારે બી. એ. ના વર્ગમાં ભણતો હતો. પરીક્ષાને માત્ર ચાર પાંચ દિવસ બાકી છે. એક જણે આવી ખબર આપી કે નદી-કાંઠે એક ખરેખરા સાધુ મહાત્મા આવી પહોંચ્યા છે. એ સાંભળ-

---

× બંગાળાની આ વાર્તા છે ત્યાં ઉંચ ગણાતા હિંદુઓ પણ માંસ-મચ્છીનો છૂટથી ઉપયોગ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાંજ હું પુસ્તકપોથાં બંધ કરી નીકળી પડયો. એકલો નદીકિનારા તરફ ચાલ્યો.

તે વખતે બપોરના ત્રણ વાગ્યા હતા. નદીકિનારે, નાહવાના ઘાટથી થોડે આઘે, એક ઘાસની બાંધેલી ઝુંપડી હતી. ત્યાં સાધુ બાવાએ આશ્રમ જમાવ્યો હતો. હું ઉઘાડે પગે ત્યાં જઈ ઉભો. જોયું તો ત્રણ ચાર હિંદુસ્થાની માણસો સાધુબાવાની પાસે બેઠા છે. સાધુ બાવા હિંદીમાં તેમની સાથે વાર્તાલાપ કરી રહ્યા છે.

હું એક પડીઆમાં કંઈક મિષ્ટાન્ન લઇ ગયો હતો. એ મિષ્ટાન્ન અને એક પાવલી સાધુબાવાના પગ આગળ મૂકી તેમને પ્રણામ કર્યા. જોયું તો બીજા ઘણા ભકતોની એવી ભેટો ત્યાં પડેલી હતી. સાધુબાવા કેટલાક હિંદુસ્થાનીઓની સાથે તુલસીદાસજીની રામાયણ વિષે વાર્તાલાપ કરવા લાગ્યા. તેમણે કહ્યું: "જુઓ, હું બંગાળી છું–અમારે બંગાળીમાં પણ રામાયણ છે; તોપણ તુલસીદાસે તેમના ગ્રંથમાં ભક્તિરસનો જે ફુવારો છોડયો છે, એવો અમારા રામાયણ-માં નથી."–આમ કહી તેઓ તુલસીદાસજીના રામાયણમાંથી કંઇ કંઇ ચોપાઇઓ બોલી જવા લાગ્યા.

આ પ્રસંગ જોઈ મારા મનમાં જરા ખટકો લાગ્યો. આ વાર્તાલાપમાં ખુશામદ જેવું તો નથી લાગતું ?–ઘરાકને ખુશી કરવા જેવું ? કામ કાઢી લેવા જેવું ? અમારા ગામમાં એક વિધવા હતી. કાગળ લખાવવાની જરૂર પડે ત્યારે મારી પાસે આવી કહેતી– "વાહ ભાઇ! તારા અક્ષર તો જાણે મોતીના દાણા !–જરા આટલો કાગળ લખી દે તો બાપુ !"

હિંદુસ્થાનીઓ પ્રણામ કરી ચાલ્યા ગયા. ત્યારે સાધુબાવાએ ભેટ ધરાએલા પૈસા ભેગા કરી ગણી જોયા. પાવલી, બેઆની ને પૈસા ઘણા હતા. ગણતાં બાબાજીનું મોં પ્રસન્ન થઈ ઉઠયું.

હું મનમાં વિચાર કરવા લાગ્યો કે આ પણ એક ઠગસાધુ છે. મારો વખત ને પૈસો નકામાં ગયાં, પરંતુ બીજીજ ક્ષણે સાધુબાબા જે શબ્દો બોલ્યા, તે પરથી મારો એ ભાવ તરતજ ઉડી ગયો; અને મન ભક્તિભાવથી ભરાઇ ગયું.

સાધુબાવા બોલ્યા: "આ પ્રણામીમાં લગભગ એક રૂપિયો આવ્યો છે. આ પૈસામાંથી ભૂખ્યાંને અન્ન આપવામાં આવશે. આમાંથી સોળ માણસોને એક ટંક ખાવાનું મળશે."

હું ઘણા સાધુઓની સાથે ફર્યો છું, પણ કોઇ સાધુના મોંએથી આવી ભૂખ્યાની ભૂખ ભાગવાની, તેમના તરફ સહાનુભૂતિની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળી નહોતી.

મેં પૂછ્યું: "આપને પ્રણામીમાં જે મળે છે, તે તમામ શું આવી રીતે સન્માર્ગે ખર્ચાય છે?"

"હાસ્તો. તમામ! એક કોડી પણ હું તો રાખતોજ નથી."

"તો પછી આપનું પોષણ કેવી રીતે થાય છે?"

મેં તથા બીજા ભક્તોએ આપેલા પડીઆ બતાવી તેમણે કહ્યું: "આ જુઓ, હવે મને ભૂખે મરવાની બીક શી રહી?"

મેં કહ્યું: "આપ સંન્યાસી મહાત્મા છો; અનેક ઠેકાણે પહાડ જંગલમાં ફરવું પડે—ત્યાં કોઇ ભક્ત તરફથી કંઇ ભેટ આવી શકે નહિ, એવું તો બહુ વખત બને. તે વખતે શું કરો છો?"

સાધુબાવાએ કહ્યું: "તમારી ભૂલ થાય છે. આ કંઇ ભક્તોની મોકલેલી ભેટ નથી. ભગવાનની મોકલેલી ભેટ છે. મારૂં કામ હું કર્યે જાઉં છું. એ ભગવાનનું કામ ભગવાન કરે છે."

મને લાગ્યું કે સાધુબાવા ભક્તિપાત્ર તો છેજ. થોડી વાર પછી તેમણે પૂછ્યું: "તમારૂં નામ શું છે?"

"રાજીવલોચન ઘોષલ."

મારો બીજો પણ પરિચય તેમણે પૂછી લીધો. મેં બધી ઓળખાણ આપી. પછી તેમણે કહ્યું: "તમારી પરીક્ષાને હવે માત્ર પાંચજ દિવસ બાકી છે,—અને તમે આમ અભ્યાસ છોડી ફરતા ફરો છો?"

મેં કહ્યું—"પૈસા કમાવનારી વિદ્યા પર મને મન નથી, સાધુ-મહાત્માઓના સમાગમથી મને બહુ આનંદ થાય છે."

સાધુ મહાત્મા થોડી વાર ચૂપ રહી બોલ્યા: "જુઓ, માર્ગ તો ઘણા છે. જેણે જે માર્ગ ગ્રહણ કર્યો છે તેને માટે તેજ માર્ગ પકડીને ચાલવું એ ધર્મ છે. એક માર્ગ પર ઉભા રહી બીજા માર્ગ તરફ લોભી નજર રાખવાથી, બીજા માર્ગ પર તો તમારાથી જવાશે નહિ, પણ જે માર્ગ પર છો તે માર્ગ પર પણ આગળ વધાશે નહિ. ભલે ગમે તે માર્ગ પર હો, આમતેમ ડાફોડાં મારવાં નહિ, સામાજ નજર રાખવી. એટલા માટે તો ઘોડાની આંખે ડાબડા બાંધી રાખે છે; ઘોડો માત્ર આગળનો રસ્તો જોઈ શકે છે, એટલે આગળજ દોડયો જાય છે."

અત્યારે હોત તો હું આ દલીલનું પોલ પકડી શકત, પણ તે વખતે તો એ સાંભળી મુગ્ધ થઇ ગયો. મને લાગ્યું: અહો! આટલે દહાડે હવે આ એક ખરેખરા સાધુનું દર્શન કરવા પામ્યો છું. તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેથી ધર્મોપદેશ સાંભળવાની મારી પ્રબળ આકાંક્ષા જોઇ તેમણે કહ્યું: "પહેલાં શરૂ કરેલું કામ પૂરૂં કરો. પરીક્ષા થઇ જવા દો, પછી મારી પાસે આવજો."

મેં કહ્યું: "આપની આજ્ઞા માથે ચડાવું છું. પરંતુ એ દરમિયાન એકાદ વખત તો આપનાં ચરણકમળનાં દર્શન કરવા આવવાની આજ્ઞા કરો."

"તમારી પરીક્ષા કયારે છે?"

"આ સોમવારેજ."

"ઠીક, સોમવારે સવારે ફરી મારી પાસે આવી જજો. મારાં 'ચરણકમળ'નાં દર્શન કરવા માટે નહિ,—તમારી પરીક્ષા સંબંધમાં તમને કંઇક અગત્યની વાત કરીશ."

થોડી વાર વાતચીત કર્યા પછી, હું ઉઠવાનો વિચાર કરૂં છું, ત્યાં સાધુબાવા બોલ્યાઃ "સાધુસેવા કરવાની તમને બહુ આકાંક્ષા છે તો એક કામ કરો."

હું મને ભાગ્યશાળી સમજી બોલ્યો: "જી, આજ્ઞા."

સાધુબાવાએ કહ્યું: "પેલું કમંડલુ રહ્યું, નદીએથી પાણી ભરી લાવો."

મેં કમંડલું ભરી લાવી મૂક્યું. સાધુબાવા આડું જોઈ બેધ્યાનપણે બોલ્યા "થેંક યુ"—ઉપકાર.

સાધુ સંન્યાસીના મુખથી થેંક યુ" (ઉપકાર) શબ્દ આ પહેલીજ વાર સાંભળ્યો. તેમને પ્રણામ કરી વિસ્મય અને આનંદથી ભરપૂર ચિત્તે બોર્ડિંગમાં પાછો આવ્યો.

(૨)

મુકામ પર આવી અભ્યાસમાં મન પરોવ્યું, આ પાંચ દિવસ તનતોડ સતત મહેનત કરી, પરીક્ષાના દિવસે સવારે સાધુબાવાનાં દર્શન કરવા ગયો.

મારી પરીક્ષા સંબંધમાં સાધુબાવા શું અગત્યની વાત કહેશે એ વિષે મારા મનમાં બહુ કુતૂહલ જાગ્યું હતું. બોર્ડિંગમાં સૌને મેં સાધુબાવાની વાત કરી હતી. કોઇ કોઇ મજાકમાં કહેતા હતા: "તને કંઇ સવાલબવાલ કહી દેશે. એમને તો ભૂતભવિષ્ય તમામ ખબર હોય." પણ એક વાત કહેવાની રહી ગઇ. એમ સાંભળ્યું છે કે આ સાધુબાવા અંગ્રેજી સરસ જાણે છે,-કહે છે કે તે એમ. એ. પાસ થયેલા છે! સુધાંશુ બાબુ નામે મારો એક સહાધ્યાયી છે તે એમ. એ. પાસની વાત સાંભળી મજાક કરી કહે-"એમ. એ. પાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે હાથી પાસ."—ત્યારથી હું ખીજાએલો હોવાથી સુધાંશુ બાબુ સાથે મન દઈને વાત કરતો નહિ.

નદીએ જઈ પહેલાં તો સ્નાન કર્યું. પછી ભીનું વસ્ત્ર હાથમાં લઈ, સાધુબાવાની ઝુંપડી તરફ ચાલ્યો.

સૂર્યોદય થવાની તૈયારી હતી. જઈને જોયું તો ઝુંપડી આગળ કુંડમાં અગ્નિ સળગી રહ્યો છે, અને સામેજ સાધુબાવા ધ્યાનસ્થ બેઠેલા છે.

થોડી વાર બેસી રહ્યા પછી સાધુબાવાએ આંખો ઉઘાડી. મેં પ્રણામ કર્યાં.

તેઓ બોલ્યા: "આજે તારી પરીક્ષા છે ?"

"જી હા."

"તને આજે કંઈક કહેવાનું મેં કહ્યું હતું. તે બહુ સામાન્ય બાબત છે, તોપણ બહુ અગત્યની તો છે. જુઓ, આર્યધર્મમાં પુરાણકાળથી ફૂલ ચડાવી દેવતાની પૂજા કરવાની વિધિ કહેલી છે, તેનું કારણ જાણો છો ?"

મેં કહ્યું: "ફૂલમાં સુગંધ રહેલી છે, તેથી દેવતાને પ્રસન્ન કરવા ફૂલ ચડાવી પૂજા કરવામાં આવે છે."

સાધુબાવા બોલ્યા: "ખોટું, દેવતા નિર્વિકાર છે. ફૂલની સુગંધથી તેઓ શી રીતે પ્રસન્ન થાય ? નહિ, ફૂલ દેવતાની પ્રસન્નતા કાજે નથી—પૂજારીની પ્રસન્નતા કાજે છે. ફૂલની સુગંધથી પૂજા કરનારનું મન આનંદથી ભરાઇ જાય એટલા માટે એ છે. આનંદ-પૂર્ણ મનથી કોઇ પણ કામ કરવાથી તે જેવું સફળ થાય છે, તેવું બીજા કશાથી થતું નથી. તું બોર્ડિંગમાં પાછા જતી વેળા ખુશબો-દાર અત્તરની એક શીશી ખરીદતો જજે. જો દેશી મળે તો વિલાયતી ખરીદતો નહિ. કારણ કે દેશી હુન્નરઉદ્યોગને ઉત્તેજન આપવું એ આપણ સૌનો ધર્મ છે. એ અત્તર રૂમાલમાં, કપડાંમાં, માથામાં જરાજરા નાખી પરીક્ષા આપવા જજે. મન સારૂં હશે તો લખાશે પણ સારૂં."

વળી બે ચાર આડીઅવળી વાતો થયા પછી પૂછ્યું: "શેક્સ-પિયરનાં કયાં કયાં નાટક તમારે ચાલે છે ?"

મેં કહ્યું:—"હેમ્લેટ, સીઝર અને ટેમ્પેસ્ટ"

સાધુબાવાએ કહ્યું–"ઓહ હેમ્લેટ ! એના જેવું પુસ્તક મેં બીજી કોઈપણ ભાષામાં વાંચ્યું નથી." આમ કહી તેમાંની કેટલીક લીટીઓ તેઓ મુખપાઠરૂપે બોલી ગયા.

ફ઼ે. ૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુબાવા એમ. એ. પાસ થયેલા છે એમાં હવે મને લેશમાત્ર શંકા રહી નહિ.

બોર્ડિંગમાં પાછો આવ્યો ત્યારે સૌએ મને પૂછ્યું-" કેમ રે, બાવાજીએ શું કહ્યું ?"

મેં બધી વાત કરી. એ સાંભળી એક બે જણ કહે: "ગમે તેમ પણ એ એમ. એ. પાસ થએલો હોય કે ના હોય, પણ ઢોંગી નથી." કોઇ કોઈ કહે, "એના પર ભક્તિભાવ જાગે છે. પરીક્ષા થઇ ગયા પછી એક દિવસ દર્શન કરવા જવું પડશે."

હું મનમાંને મનમાં અત્યંત ગર્વ અનુભવવા લાગ્યો. મેં વિચાર કરી રાખ્યો કે પરીક્ષા થઇ જાય, પછી આ બધાઓને લઇ જઇ બતાવી આપું કે સાધુબાવા કેવા અસાધારણ મહાત્મા છે. અંગ્રેજી સાહિત્યની વાત કાઢી; સૌને, ખાસ કરીને સુધાંશુને દેખાડી દઉં કે સાધુબાવા કેવા વિલક્ષણ વિદ્વાન છે.

પરીક્ષાઓ થઈ ગઇ. તેજ દિવસે કેટલાક વિદ્યાર્થીઓને લઈ સાધુબાવાનાં દર્શન કરવા નીકળ્યો. ગર્વથી મારી છાતી ફાટફાટ થતી હતી. આ સાધુબાવા જાણે ખાસ મારીજ સંપત્તિ છે. બધા આવીને એ જોશે અને વિસ્મયથી મૂઢ થઈ જશે!

ગેરૂવા રંગનાં કપડાં પહેરી, માથે ટાલ રાખી, આખે ડીલે રાખ ચોળી ફરનારા બધાજ કંઇ 'હંબગ' (તૂત) નથી,-તે હવે સૌ જોશે.

મેદાનમાં થઇને નદીતીરે જવાતું હતું, વિજયી વીરની છટાથી દમામભેર હું આગળ ને આગળ ચાલવા લાગ્યો.

ઝુંપડીમાં જઈ જોયું તો અંદર કોઇ નથી, પણ તેની આજુ-બાજુ લોકો ટોળે મળ્યા છે. સાધુબાવા ક્યાં છે એમ પૂછતાં ટોળામાંના એક જણે કહ્યું: "સાધુબાવા! આ હમણાંજ સાધુબાવાને પોલીસ આવીને બાંધી લઇ ગઈ. કલકત્તાની બંગાળ બેંકમાં ખોટો ચેક વટાવી વીસ હજાર રૂપિયા લઇ તે છટકી ગયો હતો. વૉરંટ નીકળી ગયું હતું. આ હમણાંજ ડિટેકટીવ પોલીસ આવી એને પકડીને લઈ ગઈ."

વજ્રથી ધવાયા જેમ હું ઉભોજ રહી ગયો. સુધાંશુ મારા સામું જોઈ ફરી ફરી હસવા લાગ્યો.

હાથમાં બંદૂક હોત તો મેં તેને ત્યાંજ ઠાર કરી દીધો હોત.

(તા. ૩-૨-૧૯૩૪ ના "ઉલ્લાસ"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६२–मजदूर

(લેખક:-શ્રી. આઝાદ)

(૧)

મોતનું એક નામ બીજું છે, જંગે કંગાલિયત;
જોવા ગર તસ્વીર ચાહે, જોઇ લે મજદૂર છે.

મુંબઇના એક દૈનિક પત્રના કોઈ પાછલા અંકમાં એક હૃદય-ભેદક સમાચાર છપાયા હતા—

"વરલીની એક ગલીમાં આવેલી મજદૂરોની જૂની ચાલીમાં ગઇ કાલે એક કમકમાટીભર્યો બનાવ બન્યો હતો. એક મજદૂર પોતાની કોટડીમાં ઘણીજ દિલ કંપાવનારી હાલતમાં મરણ પામેલો મળ્યો. તપાસ કરતાં તેણે આપઘાત કર્યો હોવાનું પોલીસને જણાય છે. વધુ વિગત માટે પોલીસ શોધ કરી રહી છે."

આ થોડી લીટીઓના સમાચારની ઉપર કોઇ 'સર'ના માનપત્રના મેળાવડાનો ખુશાલીભર્યો અહેવાલ અડધા કૉલમમાં છપાયો હતો. તેની છબી પણ હતી. એકદર જગતે ત્યાં આંખ ઉઘાડીને પણ ન જોયું, પણ એ ઘટના વિષે થોડું કહું.

*

* *

એક સાંકડી કોટડી જેના દ્વાર પર આફતાબનાં કિરણો પળભર રમીને પ્રભાતમાંજ ઓઝલ થઇ જાય છે, જેના દ્વાર પર આવતાંજ હવાની લહેરો બેશુદ્ધ બનીને ફરી જાય છે, તે ગલીમાંથી મહોલ્લાની ગટર નીકળે છે. ત્યાં કીચડ અને દુર્ગંધ હતાં; મચ્છર અને કીડાઓ હતા. કોટડીની જરીપુરાણી દિવાલો ઉધઇથી ભરેલી હતી, જેમાં ઉંદરોનાં દર હતાં. વરસાદના દિવસોમાં ગલીમાં ગંદુ પાણી ભરાઇ જતું. કદી કદી દિવાલ પર બે ચાર સર્પો પણ દેખાતા, એવી કોટડી-માં એક કંગાલ મજદૂરનું કુટુંબ રહેતું હતું ત્યારે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા ત્યારે-પ્રાતઃકાળમાં કામે જતાં પહેલાં ઉંદરોનાં દરોમાં કપડાંના ડૂચા ભરી ઘસઘસાટ ઉંઘતાં બાળકોને મૂકી તે કામ પર જતો. એક, બે, ત્રણ, ચાર, પાંચ, બાળકો, અને તેની સ્ત્રી સઘળાં નાગાં, ભૂખ્યાં, પીળાં, સદાનાં રોગી હતાં.

જમીન પર ફાટેલ સાદડી બિછાવેલી હતી. સાદડી પર બીસ્તર અને બીસ્તર પર ભોલો-મુનિયા અને તેનાં બાળકો પડયાં હતાં. બીજા ખૂણામાં ચૂલો અને માટીનાં વાસણો હતાં. બાજુ પર કેટલાંક ફાટયાં તૂટયાં વસ્ત્રો લટકી રહ્યાં હતાં. પેટીમાં ગીલીટનાં ઘરેણાંઓ, બાળકોની તાવીજ અને ભોલાની રામાયણ હતી. સામે દિવાલ પર હનુમાનજીનું ભયોત્પાદક ચિત્ર હતું, જેને બાળકો સવારે ઉઠીને પ્રણામ કરતા હતા.

*

* *

એકદમ અંધકારભરી સવારમાં "સ્વરાજ્ય" મિલનું ભુંગળું કાળનિનાદની પેઠે વાતાવરણને કંપાવી દેતું હતું...તે સમયે ભોલો ચોંકીને ઉઠતો અને કપડાં પહેરીને મિલની તરફ દોડતો દોડતો ચાલી નીકળતો......

પ્રાતઃકાળના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી ભોલો મશિનો પર ચોંટી રહેતો હતો. વચમાં બે કલાકની રજા મળતી હતી, જેમાં મિલના કંપાઉંડમાંની ચણા-મમરાની દુકાનમાંથી કંઇક લઇને તે ખાઇ લેતો અને તેનીજ દુકાનમાં સૂઈ રહેતો હતો. સમય થતાં વળી તેજ મશિનોના ગડગડાટ, તેમના અવયવોનું ચાલવું, તરફડવું, વલખાવું અને પોતાના અચેતન અવયવોને મજદૂરો તરફ લાવવું. મજદૂરોનું રક્ત પરસેવો બનીને નીકળતું અને મશિનો પર ટપકતું હતું અને મશિનો સ્વભાવાનુસાર ક્રૂર અવાજ કરતાં ચાલતાં હતાં.

સાંજે મિલથી સઘળા મજદૂર બહાર નીકળતા હતાઃ થાકથી ચૂર, પગો લથડતાં નિર્વાક, નિઃશબ્દ, માથેથી પગ સુધી ધૂમાડાના કાળા રંગે રંગાયલા અને તારકોલમાં લથબથ થએલા. તેમાંથી કેટલાક ગાળો બકતા અને બાકી સઘળા હસવાનો પ્રયત્ન કરતા હતા; તેમનું હાસ્ય કંગાલિયતનું વિકટ હાસ્ય સમાન જણાતું.

*

* *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોલાની ગલીની સામે સડક ધોવા માટે ફૂટપાથ પર મેલા પાણીથી ઘેરાતો એક નળ હતો. તેમાં નીચે બેસીને રોજ સાંજે તે નાહતો હતો. તેનાં બાળકો પોતાના મેલા અને સૂકા હાથ તેના શરીર પર રાખીને પોતાના મંદ અવાજમાં દાદા કહેતાં હતાં. ત્યારે ભોલાને ભાન થતું હતું કે તેની આંખોમાંથી ગરમ આંસુનાં બિંદુઓ નીકળીને નળના મેલા પાણીમાં મળી રહ્યાં છે. નાહીને તે પોતાની કોટડીમાં જતો ન હતો, કેમકે તે જાણતો હતો કે તે સમયે મુનિયા રસોઇ કરી રહી હશે–ધૂમાડાનું સામ્રાજ્ય ચારે તરફ કોટડીમાં ફરી વળ્યું હશે....

દર શનિવારે ભોલાને દશ આના રોજદારીના હિસાબે ત્રણ રૂપિયા બાર આના મળી જતા હતા. ભોલો રૂપિયાને ઠોકી, વગાડીને જોતો અને રૂમાલમાં બાંધી ગજવામાં રાખતો. કુટુંબના માટે તે ઉત્સવદિન ગણાતો. ભોલા બાળકો માટે જલેબી અને મુનિયા માટે સડેલ આંબાઓમાંથી ચૂંટીને અડધા સડેલ આંબા ખરીદતો હતો. હનુમાનજીના ચિત્રને ધૂપ આપવા માટે અગરબત્તીઓ પણ તે ભૂલતો ન હતો.

તે દિવસે ભોલાની ઉદાસીનતા દૂર થઇ જતી હતી. તે દિવસે તે તાડીનું જામ પણ પી લેતો હતો. આવી રીતે ભોલો કદી કદી આનંદમાં પણ આવી શકતો હતો.

(૨)

અન્નનો પ્રત્યેક દાણો રક્તના બિન્દુ બદલ,
લોહી ખર્ચી જીંદગી જીવી રહ્યો મજદૂર છે.

ઉક્ત દુર્ઘટનાના એક દિવસ પહેલાંની વાત છે. વરસાદના દિવસો હતા, અને દુનિયાએ અંધકારનો બૂરખો ઓઢયો હતો. મિલનું ભુંગળું વાગતાંજ ભોલો ઉઠયો, અને ધીમેથી દીવો પેટાવીને મુનિયા પાસે ગયો. તે ચાદર ઓઢી જમીન પર પડી હતી. મુખ પર પ્રકાશ પડતાંજ મુનિયાએ કષ્ટપૂર્વક શ્વાસ ખેંચ્યો અને કરુણ નેત્રોથી ભોલા તરફ જોયું. છ માસથી મુનિયા માંદગીની શૈયા પર પડી હતી. હવે તે રોગશૈયા મૃત્યુશૈયામાં ફેરવાઇ ગઇ હતી. ભોલાએ ધીમેથી તેના કપાળે હાથ મૂકયો અને તે ચોંકયો. તેના દિલમાંથી આહ નીકળી ગઈ. માથું તાવની ઉષ્ણતાથી ધગધગી રહ્યું હતું. ભોલાએ ધર્માદા હૉસ્પિટલની દવા મુનિયાને પીવાડી પોતાના મોટા પુત્રને જગાડી સીધો મિલ તરફ દોડયો. આવી દશામાં ભૂમિ તેના પગ હેઠળથી સરી જતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિયા છ માસથી માંદી હતી. એક દિવસ રસોઇ રાંધતાં રાંધતાં ખાંસીની સાથે તેના મોઢામાંથી લોહી પડ્યું.

ત્યારથી તેને તાવ રહેવા લાગ્યો હતો. લોહી પણ બરાબર આવતું હતું, ભોલો તેને વિક્ટોરિયા કરી ડૉક્ટર પાસે લઈ ગયો હતો. ડૉક્ટરે પરીક્ષા કરીને ભોલાને કહ્યું હતું કે તે સ્ત્રીને ક્ષયરોગ થઇ ગયો છે. રોગ હજી અસાધ્ય નહોતો. તેને માટે પહાડની હવા, સફાઇ...પ્રકાશ...દૂધ અને ફળ... જોઇએ, એવી ડૉક્ટરે સલાહ આપી.

તેના હાથમાં પાંચ રૂપિયા રાખી પોતાની સ્ત્રીને લઇને ચૂપ-ચાપ તેજ ભયાનક કાળકોટડીમાં ચાલ્યો આવ્યો હતો. ત્યારથી એજ રાત્રિએ ઉંઘમાં તે બબડતો હતો–"દૂધ અને ફળ...પ્રકાશ, હવા... ડૉક્ટરની એવી તેવી..." મુનિયા થુંકમાં લોહીની ઉલટી કરતી, ખરેજ તેનાં સ્વપ્નાં બહુજ ભયંકર અને બિહામણાં રહેતાં હતાં. કદી કદી તે જોતો હતો કે મુનિયાનું કાળજું તેના મુખમાંથી નીકળી પડતું, તેમાં કીડાઓ લાંબા લાંબા અને તે સરીને બાળકોના કાનમાં ઘૂસી રહ્યા છે...ત્યારે તે ગભરાઈ જતો. કડકડતી ઠંડીમાં પણ તે પરસેવાથી રેબઝેબ થતો જતો હતો. હૃદયના ધબકારાના અવાજને તે સાફ સાંભળી શકતો હતો.

મુનિયાની પાસે માટીનું એક પ્યાલું રાખેલું હતું: તેમાં તે થૂંકતી હતી. બાળકો સવારસાંજ તે પ્યાલું બદલી દેતા હતા, માખો રક્તમિશ્રિત થૂંક પર બેસતી હતી, પછી પોતાની પાંખોમાં તેને ભરીને બાળકોનાં મુખ પર બેસતી હતી.

મુનિયાને દવા પીવડાવી તે પોતાને કામે ચાલ્યો ગયો. બેટા 'છજ્જુ'એ ઉઠીને સગડી સળગાવી અને દૂધ ગરમ કરીને પોતાની માતાની પાસે લઈ આવ્યો. પછી છજ્જુ લોટ લેવા ચાલ્યો ગયો. મુનિયાએ કષ્ટપૂર્વક પડખું ફેરવ્યું: તેની સ્વપ્નશીલ આંખો અતીત-ની સ્મૃતિથી શિથિલ થવા લાગી. એક વાર તે પણ યુવાન હતી, તેના અંગઅંગથી લાવણ્ય ટપકતું હતું. એનો ભોલો ? આહ ! કેવો સ્વરૂપવાન જુવાન હતો ! ખેતરમાં બેસી ખીલતી ઉપાસમયે જ્યારે તે બંસરી વગાડતો ત્યારે મુનિયાના હૃદયની દશા કંઇક જુદીજ થઇ જતી હતી. પછી એક દિવસે શૂન્ય ખેતરમાં તેની બાંય કેવી રીતે પકડી લીધી હતી: અહીં તહીં નવલ હરિયાળી ઉપર આસમાન અને દિવસની રોશની અને ખેતરોના વચમાં ખેડૂતનું પ્રેમદર્શન... મુનિયાને તે દિવસ ખૂબ યાદ છે.

પણ લગ્ન થતાંજ તેની ગૃહસ્થીમાં જાણે આકરી દશા બેઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકીસાથે ત્રણ વર્ષ વરસાદ વરસ્યો નહિ. ભોલાએ લાખો પ્રયત્ન કર્યા; પણ જમીનદારે તેને તક ન આપી. વાત આ હતી કે જમીનદાર મુનિયા પર રીઝી ગયો હતો: એક બે વાર છેડ પણ કરી હતી. જાણ થતાંજ ભોલો લાઠી લઇ જમીનદાર પર તૂટી પડયો હતો. એક બાજુ ખેતરનું મહેસુલ હતું અને બીજી બાજુ સ્ત્રીનું સતીત્વ...ભોલો આ માટે તૈયાર ન થયો. વાણીઆ પાસેથી વ્યાજે રકમ લઇને મહેસુલ આપી દેશું, પણ વાણીઆનાં વ્યાજ એ નાગકુમારીનું આલિંગન છે.

મુનિયાની આંખો આંસુઓથી ભીંજાઈ ગઇ, તેને તે દિવસ યાદ આવ્યો: તે દિવસ જ્યારે વાણીઆએ પોલીસની સહાયતાથી તેને જમીનથી કાઢી મુકાવ્યો હતો. જમીનદાર તેમને ઝુંપડીથી કઢાવી રહ્યો હતો, ભોલાની આકૃતિ પાષાણ સમાન કઠોર થઇ ગઈ હતી. ખેતરમાં જુવાર ફૂલી રહી હતી. મુનિયા પોતાનાં બંને બાળકોને ખોળામાં લઇ પોતાના સરસામાનને જોતી રડતી હતી. પતિના જીવતાં તેનું સૌભાગ્ય લૂંટાઇ રહ્યું હતું. તે પછી...

તેનું જીવન એ અંધારી દુર્ગંધમય કોટડીમાં સદાને માટે કેદ થઇ ગયું.

વરસાદ—સર્પ-વિંછી, મચ્છર અને માંકડ...મુનિયાનો અંતરાત્મા કકળી ઉઠતો. પહેલાં તેનો પતિ દુનિયાને માટે અન્ન ઉત્પન્ન કરતો હતો. તે ખેડુત હતો, હવે તે કાપડની મિલમાં કામ કરતો હતો. તે મજદૂર હતો, છતાંએ તે સઘળાં એક મુઠ્ઠી અન્નને માટે કાં તલસતા હતા ? એક વાર કપડાંને માટે કાં મોહતાજ હતા ? મુનિયા આ રહસ્યને ન સમજી શકી.

મુનિયાને થયું કે તે સામેના હનુમાનજીના ચિત્રને તોડીને ચુલામાં ફેંકી દે. હનુમાનજીએ કેટલી અગરબત્તી સુંઘી હતી, છતાંયે આ ભૂખ અને આ માંદગી ! સંતાપનું જોર વધતું જતું હતું.

(૩)

તે દિવસે જ્યારે ભોલો મિલથી પાછો ફર્યો તો તેના પગ એક મણ જેટલા ભારી થઇ ગયા હતા. આંખો આગળજ દરેક ચીજ ઉંડી ઉંડી જણાતી હતી અને એવું જણાતું હતું કે તે કોઇ આગના ઝરણમાં તરી રહ્યો છે.

એક માસ પહેલાં 'સ્વરાજ' મિલે ૨૫ ટકા પગારમાં કાપ મૂકવાની નોટિસ આપી હતી. આજ નોટિસનો કાળ પૂરો થવાથી મજદૂરોએ હડતાલની ધમકી આપી, જેના જવાબમાં અનિશ્ચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણસર મિલ બંધ કરવાનું જાહેર કરી દેવામાં આવ્યું હતું. ભોલો પગાર મુઠ્ઠીઓમાં દાબી જાણે પરલોક તરફ જઇ રહ્યો હતો. ત્રણ રૂપિયા બાર આના ! આ પરલોકનું ભાડું હતું.

મુનિયાની બિમારી, બાળકોની ભૂખ અને પોતાની દુર્દશા આ સર્વ કાંઇ તે ભૂલી ગયો. અને તેના માગનારાઓ ?...હતો ફક્ત એકજ. હવે તેની સામે રહમાન કાબુલીની મૂર્તિ કાળ સમાન ઘૂમી રહી હતી, મુનિયાના ઇલાજ માટે ભોલાએ ત્રણ માસ પહેલાં પચાસ રૂપીઆ ઉધાર લીધા હતા. એક રૂપીએ એક આનાના વ્યાજે અને એ રકમ દર અઠવાડીએ આપવા છતાં એ મૂળ રકમ હતી એટલીજ હતી. ત્રણ માસનો વાયદો કેટલાક દિવસ પહેલાં સમાપ્ત થઇ ચૂક્યો હતો; બીજી કોશીશો કરવા છતાંએ કાબૂલીનો અસંતોષ વધતોજ જતો હતો.

ભોલો ચોરની પેઠે આગળ પાછળ જોતાં ચાલતો હતો. મનમાં ને મનમાં તેના ન મળવાની પ્રાર્થના કરતો હતો.

તેની ગલીના નાકા પર કાબુલી યમદૂત સમાન પોતાનો કાળદંડ લઇ ઉભો હતો. ભોલો ભયથી કંપી ઉઠ્યો અને માર ખાધેલા કૂતરાની પેઠે કાબુલી પાસે ઉભો રહી ગયો.

કાબુલીના મુખ પર જંગલી ઘાસ સમાન ચારે તરફ વાળ ઉગી આવ્યા હતા. દાંત પીળા અને તેજ હતા. તેણે પોતાના દંડાને વજન આપતાં કહ્યું: “ રૂપી નીકાલો ભાઇ રૂપી......અમ ઝીયાદા બાત નઈ મંગતા...અડતાલીસ રૂપીઆ દો આના...!”

ભોલાએ કરગરતાં કહ્યું “આગા સાબ ! હમણાં સુધી તો કોઇ બંદોબસ્ત નથી થયો. ઘરવાળીના રોગના કારણે કોઈ મિત્રના ઘરે પણ જઇ શક્યો નથી. એક અઠવાડીઉં હજી થોભો, આજનાજ દિવસે કોઇ ને કોઇ બંદોબસ્ત થઈ જશે ! ”

કાબુલીએ પોતાના મોટા મોટા પંજા ફેલાવી કહ્યું: “રૂપી... રૂપી...અમ ઘરવાલી કો નઇ જાનતા...જબ વોહ અચ્છા થા તબ સાલા રૂપી...નઈ માંગા...”

ભોલાના શીતળ ખૂનમાં કંઇક ઉષ્ણતા દોડી ગઈ. તેની આંખો સમક્ષ તે દશ્ય ખડું થયું, જ્યારે તે લાકડી લઇ જમીનદાર પર તૂટી પડયો હતો. પળભરમાંજ તે પોતાની પરિસ્થિતિને સમજી ગયો. કરગરી વિનંતિ કરીને ખાનને તેણે એ દિવસ માટે શાંત કર્યો. ખાન ગયો ગાળો ભાંડતો, લાઠીથી જમીન માપતો. બીજી તરફ ચાલ્યો ગયો ભોલો. કંઇક વાર સુધી એક મૂર્તિ પેઠે ત્યાંજ ઉભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો. પછી એક લાંબો શ્વાસ ખેંચી એક પાર્કની તરફ ચાલ્યો ગયો: એક સૂમસામ ખૂણામાં તે ઘાસ પર પડ્યો. તેની ચારે તરફ માણસોની કેવી અવરજવર હતી: રંગરેલ હતી. દોલતમંદોનાં બાળકો પોતાની આયાઓ સાથે કિલ્લોલ કરી રહ્યાં હતાં. આકાશમાં તારલાઓ ખીલ્યા હતા, પૃથ્વી પર ઝાડો અને પક્ષી મગ્ન હતાં. સઘળા ખુશીમાં હતા, એકના સિવાય અને તે અભાગી એક મજદૂર હતો. પોતાનું આખું જીવન તેને આંસુઓમાં તરતું દેખાયું. એક આહ અને એક આંસુ ! આ હતી તેના જીવનની વિસાત. બીજાં બાળકો કેટલાં પ્રસન્ન હતાં ! તેમનાં શરીર મખમલ સમાન કોમળ હતાં, પરંતુ ભોલાનાં બાળકોએ શું ગુન્હો કર્યો હતો ? જો ભૂખેજ મરવું હતું તો જન્મ્યાં શા માટે ?

તે પોતાને ધિક્કારવા લાગ્યો: તેણે બાળકોને કાં જન્માવ્યાં ? સંસારનું કયું સુખ તેમના માટે હતું ? જન્મવા પછી તે કૂતરાંઓની સાથે ગટરમાં રમવા લાગ્યાં, મોટાં થયાં, પછી તેઓ શું કરશે ? ભીખ, ચોરી અથવા લૂંટફાટ, આ સિવાય તે શું કરશે ?

માંદા થયા પછી તે રીબાઇ રીબાઇને મરશે. આમ કાં થાય છે ? ભોળો સંસાર, સમાજ અને ઇશ્વર સઘળાને પડ્યો પડ્યો ધિક્કારવા લાગ્યો. ખુદાને તેણે લાખ ગાળો દીધી. એક નિઃસહાય શક્તિહીન વૃદ્ધની જેમ તે સઘળાને ધિક્કારવા લાગ્યો.

કાલ સવાર થશે. સુનિયા ફરી લોહી થુંકશે; બાળકો, ભૂખ ભૂખ કરી ચીચિયારીઓ પાડશે; કાબુલી રૂપી...રૂપી...માટે બૂમ પાડશે; મિલ બંધ થશે અને તેના પર મૃત્યુની શૂન્યતા ફરી વળશે. ચોતરફ તેને મૃત્યુ દેખાયું. અને તેની આસપાસ ઘણા ખાડા હતા, જેમાં સંસારના સઘળા વૈભવ સમાઇ રહ્યા હતા.

મૃત્યુ, બિમારી, ભૂખ, બેકારી સિવાય તેને કાંઇ છૂટકો નહોતો.

(૪)

રાત્રિએ જ્યારે ભોલો ઘેર આવ્યો તો તેના હાથમાં મિઠાઇનું એક મોટું બંડલ હતું. તેના પગ લથડી રહ્યા હતા. આંખો ઢંકાઇ રહી હતી અને મુખમાંથી દારૂની દુર્ગંધ નીકળીને ધૂમાડા અને ગટરની આવતી દુર્ગંધને વધુ કષ્ટકર બનાવી રહી હતી.

જીવનમાં તેણે પહેલી વાર સૌથી વધારે દારૂ પીધો હતો. કેટલી બાટલી ! બહુજ દિવસો પછી તે આટલી બધી મિઠાઇ લાવ્યો હતો—એક શેર. અને તે પણ એક રૂપીઆના શેરવાળી. તેના પહેરણના ગજવામાં એક શીશી હતી જેને તેણે બહુજ સાવધાનીથી છુપાવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂખથી બાળકો ટળવળી રહ્યાં હતાં અને સૂવા તૈયાર થઇ ગયાં હતાં. મિઠાઇનું બંડલ જોતાંજ તે વ્યાકુળતાપૂર્વક તેના પર તૂટી પડયાં. ભોલાએ તેમને ચમીને શાંત પાડીને અટકાવ્યા, અને મુનિયાના શિર પર ઝૂકી ગયો. તે તેને અનીમેષ નેત્રે જોઇ રહી હતી. થોડી વાર સુધી બન્ને ધીમે ધીમે કોણ જાણે શું કહેતાં રહ્યાં; બાળકોએ માત્ર એટલું જોયું કે ભોલાની આંખોમાંથી આંસુનાં બિંદુ નીકળીને તેમની માતાની અશ્રુભરી પડખો પર પડયાં. કેટલી વ્યથા, કેટલી યાતના, કેટલી વ્યાકુળતા છુપાયેલી હતી તે ચાર બિંદુ આંસુઓમાં...આંસુ વિદ્રોહની ભાષા છે, રક્ત વિદ્રોહની શાહી છે, થુંક વિદ્રોહની લેખિની છે, આંસુ, ખૂન અને થૂંક તે અંધારી કોટડીમાં સમાજના અત્યાચારની વિરુદ્ધ ષડયંત્ર રચી રહ્યાં હતાં.

બીજે દિવસે કોટડીમાંથી એવી તીવ્ર દુર્ગંધ નીકળવા લાગી કે પાડોશીઓનાં મગજ ફરી ગયાં. નળમાં રોજ મરેલા ઉંદરો સડબડતા તેની વાસ સહન કરવાની એમને ટેવ પડી ગઇ હતી; પણ ભોલાની કોટડીથી જે દુર્ગંધ નીકળતી હતી તેમાં કોઇ જુદીજ વાસ હતી. આખી ગલીની હવા જાણે ઝેરી થઇ ગઇ હોય, અને તે દુર્ગંધ વધતીજ જતી હતી...તેથી પાડોશીઓએ કોટડીનું દ્વાર તોડી નાખ્યું. અંદર પાંચે બાળકો એકબીજાને ભેટીને પડયાં હતાં, મુનિયા અને ભોલાના હોઠ બીડેલા હતા. અને તેના પર મૃત્યુનું હાસ્ય ફરકી રહ્યું હતું. દરેક વસ્તુ કાળી અને ઉદાસ જણાતી હતી. તરત પોલીસને ખબર આપવામાં આવી, પોલીસવાળાઓએ નાક બંધ કરીને કોટડીને એક પળ જોઈ.

મિઠાઇના બંડલના કાગળ અને શીશીને જોઈ માથું હલાવ્યું: પાડોશીઓને બે ચાર વાતો પૂછી અને પાછા ચાલ્યા ગયા. અડધા કલાક પછી બે ભંગીઓ મુડદાં ઉપાડવાની ગાડી લઈ આવી પહોંચ્યા અને સાતે લાશોને તેના પર નાખી દીધી.

ઉંચાં-ઉંચાં મકાનો અને બંધ માર્ગોથી પસાર થતો સમીર ગણગણતો હતો.

કૈં નથી-કૈં નથી.

ખરેજ.

મોતનું એક નામ બીજું છે જંગે કંગાલિયત;
જોવા ગર તસ્વીર ચાહે જોઈ લે મજદૂર છે.

(તા. ૧૧-૨-૧૯૩૪ના અઠવાડીક "પ્રજામિત્ર કેસરી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६३-कामना

(અનુવાદકઃ-નારાયણ પુ. સુખડીઆ. મુ. વીસનગર)

કાશી નગરીની પાસે પૂર્વોત્તર દિશામાં આવેલું સીતાકુંડ નામનું મોટું પ્રસિદ્ધ સ્થાન છે. પંચકોશની યાત્રા કરવાવાળાઓના માર્ગમાં આવતું હોવાથી તે ઉત્તરોત્તર અધિક પ્રસિદ્ધિ પામતું જાય છે. તે વર્ગાકાર વિશાળ કુંડનો પરિધ આશરે પચાસ ગાઉ હશે. તેની આસપાસના તટો પર વિશાલકાય વટવૃક્ષો પોતાની દીર્ઘ ભુજાઓ વિસ્તારીને બળતા તાપથી તપેલા મુસાફરોનું હમેશાં સહર્ષ સ્વાગત કરે છે. અને તેની બખોલમાં માળા કરી રહેલાં પક્ષીઓ પોતાના મધુર કલરવથી શાંત પથિકોને આનંદ આપે છે. સીતાકુંડનું જળ પણ મિષ્ટ અને મધુર છે. આ દિવ્ય સ્થળની સર્વ વસ્તુઓની રચના અને આંખોને આનંદ આપે તેવી દૃશ્યાવલી જોઇને સહસા મોંમાંથી શબ્દો નીકળી પડે છે કે "ખરેખર, આ સ્વર્ગની ઉપમાને યોગ્ય સ્થાન છે."

ત્યાંથી થોડે આગળ જતાંજ, જ્યારે વિરાગશિરોમણિ ભગવાન શંકરનું દિવ્ય તેમજ ભવ્ય મંદિર દૃષ્ટિગોચર થાય છે, ત્યારે હૃદય હર્ષાનંદથી ઉભરાઈ જાય છે, આનંદ સાગરમાં ઓતપ્રોત બની જાય છે. આ પરમ દર્શનીય દેવ-મંદિરનું ગગનચુંબી ઉચ્ચ શિખર જોઈ એમ લાગે છે કે જાણે સ્વર્ગલોકમાં પ્રવેશ કરવા માટે અવિશ્રાંત પરિશ્રમ કરી રહ્યું હોયની ! મંદિરનો મંડપ એક માઇલથી ઓછો નહિ હોય. તેના સુદૃઢ પ્રાચીર પ્રાચીન કાળની શિલ્પનિપુણતાની ગુણ-ગરિમાને આજ પણ અભિમાનથી પ્રકટ કરી રહ્યા છે. પરંતુ દેશનાં બીજાં મંદિરો કરતાં આ મંદિર બાંધવામાં એક નવીનતા છે. સાત વખત પરિક્રમા કર્યા પછી પ્રતિમા પાસે જઇ શકાય છે, અને પ્રત્યેક પરિક્રમા થઈ રહ્યા પછી અધિક અંધકારપૂર્ણ અને સંકીર્ણ સ્થાપનાની તરફ આગળ વધાય છે. મંદિરના પૂજારી બાબા મધુકદાસ અને કાળા પહાડ જેવા તેમના બે અંગરક્ષકોના સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રિના સમયે ત્યાં કોઇ રહેતું નથી. યાત્રાળુઓના વિશ્રામ માટે બનાવેલી વિશાળ ધર્મશાળા ઉંચી દિવાલો નગ્નકાય દરિદ્ર ગામડિયાની માફક પોતાનાં અંગ-પ્રત્યંગ પથિકોને બતાવી અશ્રુપાત કરી રહ્યા હોય એમ જણાય છે. લોકોની માન્યતા છે, કે આ સીતાકુંડનું જળપાન કરવાથી અને ભગવાન શંકરનું દર્શન કરવાથી મનોવાંચ્છિત ફળ પ્રાપ્ત થાય છે-માનવજીવનની સમસ્ત કામનાઓ પૂરી થઇ જાય છે. આમાં કેટલું સત્ય છે તે સમજાય તેમ નથી. પરંતુ આ લોકવાયકાથી આકર્ષાઇને દૂર દૂરથી લોકો સીતાકુંડનું જળપાન અને શંકરનું દર્શન કરવા આવે છે. ઘણા લાંબા વખતથી લોકો કહે છે કે, સુવર્ણપુરી લંકા નગરીથી પાછા ફરતાં જ્યારે સીતાજીને તૃષા લાગી, ત્યારે શ્રીરામચંદ્રજીએ આ સ્થાન પર પોતાનું વિમાન ઉતાર્યું હતું અને સીતાજીને આ કુંડનું જળપાન કરાવી, શંકરનાં દર્શન કરાવ્યાં હતાં ત્યારથી આ કુંડનું નામ સીતાકુંડ પડયું અને તેની મહત્તા વધી ગઇ.

ગમે તેમ હો, અહીં યાત્રાળુઓની એક ધારી ભીડ રહ્યા કરે છે, પરંતુ સંધ્યા થતાંજ બાબા મલુકદાસ અને તેમના અનુચર બે જણ સર્વ યાત્રાળુઓને લાકડીઓ મારી તેમને કાઢી મૂકે છે; જાણે કે યાત્રાળુઓનો જીવજ ન હોય! જાણે તેમના જીવનનું મૂલ્યજ ન હોય! છતાં જો દયા દર્શાવવામાં આવે તો તે માત્ર સ્ત્રીઓ ઉપરજ અને તે પણ એવું કહીને કે ક્યાંક ગુંડાબદમાશ આ અબળાઓને લઇને નાસી ન જાય, તેમના સતીત્વનું અપહરણ ન કરી લે!

*

* *

"મારી એક વાત માનશે બહેન?" સરલાએ ઘણા આગ્રહપૂર્વક પોતાની સખી કમલાને પૂછ્યું.

"શા માટે નહિ બહેન! શું આજે તારી વાત નહિ માનું? એ શું બનવા સંભવ છે?" કમલાએ હસીને સરલાનું મસ્તક હલાવતાં કહ્યું.

"હું ડરીને એટલા માટે પૂછું છું કે બહેન! તમારા જેવી શિક્ષિત સ્ત્રીઓના વિચારજ વિચિત્ર છે. દેવી-દેવતાઓને તમે લોક માનતાંજ નથી, તેમનામાં શ્રદ્ધાભક્તિ રાખતાં નથી. તેમનો વિશ્વાસ પણ કરતાં નથી તેથી મને ભય છે કે, મારી વાત સાંભળી કદાચ તું હસીને ઉડાવી દે."

"એવી વાત શા માટે કરે છે બહેન સરલા!" કમળાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું અમે ભણેલી ગણેલી સ્ત્રીઓ નાસ્તિક બનીએ છીએ, કે જેથી તું અમને આવું દૂષણ લગાડે છે ? શું તું જોતી નથી કે નિત્ય સવારમાં વહેલી ઉઠી સ્નાન કરી હું મારા પતિદેવની આરતી ઉતારૂં છું, તેમના કપાળમાં ચંદન લગાવું છું અને જ્યારે તે ઘર બહાર જવા નીકળે ત્યારે પ્રેમપૂર્વક તેમના ગળામાં ફૂલોની માળા આરોપું છું. આથી જો મને દેવતાઓમાં વિશ્વાસ ન હોત, તેમના પ્રતિ મારા હૃદયમાં જો શ્રદ્ધા ન હોત તો આ પ્રમાણે થોડીજ પતિદેવની પૂજા કરી શકત ? સ્ત્રીઓને માટે પતિ એજ ગુરુ છે. પતિજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે; જે કાંઈ છે તે સર્વ પતિજ છે. જે સ્ત્રી પોતાની સેવાઓ વડે પોતાના પતિને પ્રસન્ન કરી શકે છે, તેને કોઈ પણ કાલ્પનિક દેવી–દેવતાઓની આરાધના કરવાની જરૂર પડતીજ નથી."

"એટલા માટે તો હું પહેલીથીજ કહું છું કે, ભણેલી ગણેલી સ્ત્રીઓ તો રોફ કરી જાય છે, તે દેવી–દેવતાઓને માનતીજ નથી" ઉદાસ બની સરલાએ કહ્યું.

"આ પ્રકારની કલ્પના કરીશ નહિ. હું પણ ભગવતી પાર્વતી અને લક્ષ્મીજીની પૂજા કરૂં છું, અને તેમની પાસે આશીર્વાદ માગું છું કે જે પ્રકારે તેઓ પોતપોતાના પતિદેવોના શ્રીચરણોમાં લીન રહે છે, તે પ્રકારે મારૂં પણ ચિત્ત હમેશાં મારા પતિદેવનાં ચરણોમાં લીન રહે અને હું મારી નિષ્કપટ સેવાથી મારા દેવતાને ઘણા પ્રસન્ન કરી શકું. તેમની પ્રસન્નતા વડે મારૂં મંગલ છે, મારૂં સૌભાગ્ય છે, તેજ મારા સૌભાગ્ય-સિંદૂર છે." કમળાએ હસતાં કહ્યું.

"ઠીક ત્યારે જવા દો બહેન ! હું તમારી સ્પર્ધા નથી કરતી. હું મારા બળતા હૃદયની વરાળ સંભળાવવા આવી હતી, પરંતુ તમે તો મારી સાથે તર્કવાદમાં પડ્યાં. તમારી માફક હું કાંઇ થોડીજ ભણેલી છું, કે જેથી તર્ક કરી શકું !

"વારૂ, ત્યારે તમારી વાત કહો, હવે હું તર્ક કરીશ નહિ. જે કહેશો તે ધ્યાનથી સાંભળીશ !" કમળાએ કહ્યું.

"જુઓ બહેન ! અમે બંને જણાનાં લગ્ન થયાં દશ વર્ષ વહી ગયાં છે. પરંતુ અત્યાર સુધી એક પણ સંતાન થયું નથી. અને અમારી પાછળથી જે સ્ત્રીઓ પરણી છે, તે અમારાથી ઉંમરમાં પણ ઘણી નાની હોવા છતાં બબ્બે છોકરાંઓની માતા બની ચૂકી છે. શું તમને મા કહેવરાવાની ઇચ્છા નથી ? મારૂં તો હૃદય ફાટું ફાટું થઇ જાય છે. બહેન ! ઇચ્છા એવી થાય છે કે કોઈ મને કાલી–તોતડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષામાં "મા" કહીને બોલાવે અને હું આકુળવ્યાકુળ બનીને દોડીને ધૂળમાં રગદોળાયલા પુત્રને લઈ ખોળામાં બેસાડું, અને પ્યારથી તેના મોંનું ચુંબન કરૂં." સરલાએ કહ્યું.

"બસ આટલાજ માટે રાતદિવસ ઉદાસ રહે છે. આ તો ઘણીજ સહેલી વાત છે. બહેન ! એક વાર હૃદયને શાંત કર અને સમજી લે કે, ભારતનાં સર્વ સંતાનો તારાં પોતાનાંજ છે. તું તેમની માતા છે. અસંખ્ય અસહાય બાળકો હડધૂત થતાં ભટકી રહ્યાં છે તેમને તું તારાં સંતાન સમજી લે, અને તેમનું પાલનપોષણ કર. તે તને આકુળ કંઠે "મા, મા" કહેશે અને તારી ઇચ્છા પૂરી કરશે. હવે બાકી રહી વાત પ્રસવવેદના સહન કરવાની; તે કોઇ સખીને પૂછી લે. બસ, પત્યું. સંતાન તો ઇશ્વિરની બક્ષીસ છે, તે જેને યોગ્ય અને લાયક સમજે છે તેને સંતાન આપે છે, બીજાને નહિ."

"હું તો પહેલાંથીજ કહેતી હતી કે તું મારી વાત ઉડાવી દેશે. પોતાના અને પારકાના સંતાનમાં ઘણોજ તફાવત છે. બહેન ! પોતાના પુત્રના પિંડદાનથી મનુષ્યને સ્વર્ગ મળે છે. તે વૃદ્ધાવસ્થામાં સેવાચાકરી કરે છે, પરંતુ પારકાં સંતાનો પાસેથી આવી આશા રાખી શકાતી નથી. મેં એવું સાંભળ્યું છે કે, જે સ્ત્રીઓ સીતાકુંડમાં સ્નાન કરીને ભગવાન શ્રીશંકરનું દર્શન કરે છે, તેની કામના તે શશિશેખર અવશ્ય પૂર્ણ કરે છે. ચાલો બહેન ! એક વખત હું પણ મારા ભાગ્યની પરીક્ષા કરૂં. કદાચ તેથી હું ગર્ભવતી થાઉં. લોકો તેમને શિવ (મંગળકારી) કહે છે. શું તે અમારૂં મંગળ નહિ કરે ? બહેન ! પુત્ર મેળવવાની ઇચ્છા કોને ન થાય ? કયી સ્ત્રી 'મા' કહેવડાવવા માટે ઇચ્છાતુર બનતી નથી ? અસ્પષ્ટ વાણી-'મા' શબ્દ સાંભળવા માટે કોના કર્ણ આકુળવ્યાકુળ બનતા નથી બહેન !" સરલાએ પૂછ્યું.

"બહેન ! તારી વાત તો ઠીક છે. પરંતુ હૃદયની સંકીર્ણતાને દૂર કરવાથી જણાય છે કે, દેશનાં સર્વ અસહાય સંતાનો આપણાં પોતાનાંજ છે. પુત્રના પિંડદાન કરવાથી કદી સ્વર્ગનું દ્વાર ખુલ્લું થતું નથી. સ્વર્ગ અથવા નરક તો આ વસુંધરાતલ પરજ છે. પોતાનાં કર્મો અનુસારજ મનુષ્યને સુખદુઃખની પ્રાપ્તિ થાય છે. જે સુખી છે તે સ્વર્ગમાં છે અને જે દુઃખી છે તે નરકમાં છે. સ્વર્ગ અને નરકનો ઢોંગ તો ઢોંગીઓએ જનસમાજને ઠગવા માટે ઉભો કરેલો છે. એ લોકોએ સંસારમાં ભેદ-ભાવ ઉત્પન્ન કરવા માટે પોતાની અને પારકાની ઉંચી દિવાલો ઉભી કરેલી છે; કિંતુ નીતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારોનું કહેવું છે કે—

अयं निजः परो वेत्ति गणनालघुचेतसाम् ।
उदारचरितानान्तु वसुधैव कुटुम्बकम् ॥

માનીએ તો સર્વ કોઈ આપણું છે, ન માનીએ તો કોઈજ નથી. પરંતુ બહેન ! તારા હૃદયને શાંત કરવા માટે મારા પતિને પૂછીશ. જો તે રજા આપશે તો આપણે જઈશું, અને કદાચ રજા ના આપે તો હું લાચાર છું. પતિદેવની રજા સિવાય હું ક્યાંય જઈ શકતી નથી. મારા માટે તો તે પરમેશ્વર છે." કમળાએ કહ્યું.

*

* *

"આજે હું તમારી સાથે બોલીશ નહિ, મને નાહક સતાવશો નહિ. મારૂં હૃદય બળી રહ્યું છે અને તમને હસવું-મશ્કરી સૂઝે છે." કમળાએ પોતાના ખભા ઉપર મૂકેલા હાથ દૂર હટાવતાં તેના પતિ કેશવને કહ્યું.

"શું, કેમ શું થયું છે પ્રિયતમે? આજે વળી આ નવો વેશ શાનો ભજવવા માંડયો છે ? આખા દિવસની પરિશ્રાન્તિ બાદ મધુર ધ્વનિ, તમારો વિણાવિનિન્દિત સ્વર સાંભળવા આવ્યો હતો પ્રાણેશ્વરી ! પરંતુ અહીં તો ફડકાર મળે છે. અપરાધ સંભળાવ્યા સિવાય દંડાજ્ઞા સંભળાવવી એ ક્યાંનું ન્યાયવિધાન છે પ્રિયે !" કેશવે ઉત્સુકતાપૂર્વક પૂછયું.

"મને હવે તમારી વાતો ગમતી નથી. પ્રિયે, પ્રિયતમે, પ્રાણેશ્વરી, અને કોણ જાણે શું સાંભળતાં સાંભળતાં મારા કાનના પડદા તૂટી ગયા. શું આ સિવાય બીજું સાંભળવાની મને ઇચ્છા નહિ હોય ?"

"હશે; પરંતુ મને શી ખબર ? હું તારા હૃદયમાં પેસી નીકળ્યો નથી કે હૃદયની બધી વાતો જાણી શકું ? તુંજ કહેને, મને શું સંભળાવવા ઇચ્છે છે ?"

"બતાવું, હું શું સંભળાવવા ઇચ્છું છું ? શું તે માટે આપ પ્રબંધ કરી શકશો ?" સલજ્જ ભાવે મસ્ત ઝુકાવી કમલાએ પૂછયું.

"અવશ્ય, પ્રિયે ! હું તારા હૃદયની ઇચ્છા ન પૂરી કરૂં એ બનેજ કેમ ? તું તો મારી હૃદયેશ્વરી છે. તારી કામના એ મારી કામના છે. તારી ઇચ્છા એ મારીજ ઇચ્છા છે. તે પૂર્ણ કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આનંદની પ્રાપ્તિ થશે."

કમળા તો ચકિત બની ગઇ. ઇચ્છા હોવા છતાં પણ જીભ ઉપડી શકી નહિ. તે ગભરાટમાં પડી ગઈ કે શું બોલવું ? જે વિષય પર પતિ સાથે વાર્તાલાપ કરવા માટે તેણીએ કેટલોક વખત સુધી વિચાર કર્યો હતો, કેટલી વાતો વિચારી હતી, એ સર્વ જાણે પળ-માત્રમાં ક્યાંય લુપ્ત થઇ ગઇ. ઘણા વખત સુધી વિચારતાં વિચારતાં પછી હળવે રહીને તેણીએ કહ્યું— "મારી ઇચ્છા છે કે મારી ગોદ..."

"હાં, હાં, બોલીનાખ-કે તારી ગોદમાં એક પુત્ર હોત તો... અને બીજું શું ?"

"બસ, રહેવા દો, તમને તો મશ્કરી સૂઝે છે અને મારા તો..."

"એમ કેમ કહેતી નથી કે મને પુત્રને રમાડવાનો શોખ થયો છે ? સીધી વાત કેમ કરતી નથી, અને મારાથી અસહકાર કરવા ઇચ્છે છે ?"

અસહકારનું નામ સાંભળતાંજ કમળાનું હૃદય કંપી ઉઠયું. તે કેશવપ્રસાદના પગ પકડીને રોવા લાગી અને ડૂસકાં ભરતી કહેવા લાગી: 'નાથ ! પ્રિયે, પ્રિયતમે, સાંભળવા બાદ સ્ત્રીઓની ઇચ્છા 'મા' શબ્દ સાંભળવાની થાય છે. હું પણ તેજ સ્ત્રીજાતિમાં ઉત્પન્ન થઇ છું. તેથી મારી ઇચ્છા એવી થઇ તો શું ખોટું થયું, પરંતુ પ્રિય હૃદયધન ! તમે તો અસહકારની વાત સંભળાવી મારા જેવી નિર-પરાધિનીને વ્યર્થ દંડ આપી રહ્યા છો."

"સાચી વાત છે, પ્રિયતમે"-કેશવે હસતાં હસતાં કહ્યું 'આજે-જ હું બે-ચાર બકરીઓ લાવું છું, જે રાત દિવસ 'મા મા,' શબ્દ સંભળાવી તારા મનની મુરાદ પૂરી કરશે. બસ એજ ને, એ છે કે છે કાંઇ બીજું ?"

"રહેવા દો, મને મશ્કરી ગમતી નથી. તમે હમેશાં મારી આ પ્રમાણે હાંસી કરો છો. હું તમારી સાથે નહિ બોલું. જો બકરીઓના શબ્દોથી લોકોની ઇચ્છા પૂરી થતી હોત તો લોકો સંતાનની ઇચ્છા શા માટે કરત ?"

"તો છેવટે તારે શું જોઇએ છે, પ્રિયે ! તે કેમ સાફ કહેતી નથી ?"

"એક વખત સીતાકુંડમાં સ્નાન કરવાની રજા આપો. લોકો કહે છે કે ત્યાં સ્નાન કરી ભગવાન શંકરનાં દર્શન કરવાથી મનો-કામના પૂર્ણ થઈ જાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પરંતુ ત્યાંનો પૂજારી ઘણોજ લુચ્ચો છે, વ્યભિચારી છે, સુંદર સ્ત્રીઓ પર તેની ખરાબ નજર રહે છે, આ જાણવા છતાં તને જવાની રજા આપું ?"

"તો તમે અમારી સાથે ચાલો, સરલા પણ આવશે. હું કહીશ તે પણ પોતાના પતિને સાથે લઇ લે."

*

* *

"અહીંનો એવો નિયમ છે કે ફક્ત એકજ વ્યક્તિ એક વખત અંદર જઇને ભગવાન શંકરનાં દર્શન કરે. સાથે હું એકલોજ જાઉં છું; કારણ રસ્તો ઘણો વિકટ છે." લાંબી દાઢી હલાવતાં હલાવતાં મહંત મલુકદાસે કહ્યું.

"પરંતુ સનાતન ધર્મના નિયમાનુસાર પતિપત્નીને સાથે લઇનેજ બન્નેજણે સાથેજ પુણ્ય કર્મ કરવાં જોઇએ બાવાજી! આપ એ સત્ય સનાતન ધર્મના આદેશને માનતા નથી કે શું ?" વિનયપૂર્વક કમળાએ કહ્યું.

"સનાતન-બનાતન ધર્મમાં હું કાંઇ જાણતો નથી સુન્દરી ! અહીં તો મારો આદેશજ ધર્મ-કર્મ છે. તેજ સર્વને માનવો પડે છે. મારો આદેશ માનવાથીજ સ્ત્રીઓને પુત્ર અને પુરુષોને ધનનો લાભ થાય છે."

"કદાચ કોઇ વિધવા દર્શન કરે તો તેને પુત્ર કેવી રીતે મળે બાવાજી ?"

"તેને તો આ લોકમાં આનંદ અને પરલોકમાં મોક્ષ મળે છે સુન્દરી ! વિધાન તો સર્વના માટે જુદું જુદું છે."

"હું તો મારા પતિની સાથેજ ભગવાન શંકરની પૂજા કરવા ચાહું છું બાવાજી ! એના માટે કોઇ વિધાન હોય તો બતાવો."

"એ વાત તો અસંભવ છે સુંદરી ! તમને એકલાંનેજ દર્શન કરવાનો લાભ મળશે. તમારા પતિને પછી દર્શન થશે. એકસાથે બે જણ જઇ શકતાં નથી સુન્દરી !"

એ વખતે બધાંય પાછાં આવ્યાં. કેશવ તો મલુકદાસની મનોવૃત્તિને જાણતોજ હતો. ઉતારા પર આવી તેણે કમળાને કહ્યું.

"જો પ્રિયે ! તે ઘણોજ વ્યભિચારી છે. કાલે હું તેની પોલ ઉઘાડી પાડીશ; પરંતુ તે માટે તારે એક કામ કરવું પડશે. હું સ્ત્રી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેશ લઇશ, અને તારે પુરુષનો પોષાક પહેરવો. સરલાને પણ તે પ્રમાણે શીખવી દે. તે પછીજ આ ખેલ જોવામાં મઝા આવશે."

"નહિ નાથ! એ તો મારાથી બની શકશે નહિ. મારી પોતાની આંખો સામે હું તમને સ્ત્રીવેશમાં જોવા ઈચ્છતી નથી. એમ તો તમારા સિવાય સંસારના પુરુષમાત્રજ મારી દૃષ્ટિમાં સ્ત્રી સમાન છે. તમે તેમ બનશો નહિ. હે નાથ! મને ઘણી લજ્જા આવશે."

"લજ્જાની આમાં કોઇ વાત નથી પ્રિયે! આ પંડયા પૂજારીઓની અને મહંતોની પાપલીલા તો જુઓ. અને ધર્મના ઓઠાનીચે છુપાયેલા આ બદમાસોને તો નિહાળો! એ કેટલા વ્યભિચારી અને પાપાચારી હોય છે, એ વાતની તમને કાલે ખબર પડી જશે."

*

* *

બીજે દિવસે કેશવ અને સરલાના પતિ મહાદેવે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું અને કમળા તથા સરલાએ પુરુષનો વેશ પહેર્યો. રૂપપરિવર્તનમાં એ લોકોએ એવી હોશિયારી બતાવી કે કોઇ ઓળખી પણ શકે નહિ.

કેશવને સુરૂપવતી યુવતીના વેમાં સુસજ્જિત બનેલ જોઇ મલુકદાસનું હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું. વસ્તુતઃ કામી પુરુષોનું આત્મજ્ઞાન નષ્ટ થઈ જાય છે. તે પોતાની જવાબદારી અને હિતાહિતનું જ્ઞાન ભૂલી જાય છે. એટલાજ માટે નીતિ કારે કહ્યું છે કે **कामातुराणां न भयं न लज्जा।** આજ કારણથી આટલા પ્રસિદ્ધ શિવમંદિરના પૂજારી અને પ્રચૂર દેવોત્તર સંપત્તિના એકમાત્ર અધિકારી મલુકદાસની બુદ્ધિ વિકૃત બની ગઇ હતી. નૈતિક પતન થવાથી મનુષ્ય આત્મજ્ઞાન-વિહીન બની જાય છે અને પોતાની કુત્સિત કામના પૂરી કરવા માટે તે નાના પ્રકારની કપટજાળપૂર્ણ વાતો કર્યા કરે છે. મલુકદાસ આ વિષયમાં બહુજ પાવરધો બની ગયો હતો. તેણે સ્ત્રીરૂપધારી કેશવ પર પોતાની કપટ-જાળ વિસ્તારી, જે જાળ માટે કેશવ તો પહેલેથીજ તૈયાર હતો. કેશવને જોતાંજ મહંત મલુકદાસે પૂછ્યું—"આજે તો શંકરના દર્શન માટે તૈયાર થઇ બની ઠનીને આવી છે સુંદરી?"

"હા બાવાજી! આપની આજ્ઞા મને માન્ય છે."

"ત્યારે તો ઠીક છે, ચાલો પહેલાં તમને દર્શન કરાવી લાવું."

મલુકદાસની પાછળ કેશવ મંદિરમાં ગયો. પરંતુ કેટલેક દૂર જવા પછી મલુકદાસનું હૃદય કુત્સિત કામના પૂરી કરવા માટે તલ પાપડ થવા લાગ્યું. પ્રથમ પરિક્રમા પૂર્ણ થવા પહેલાં પાછળથી આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધીને તેણે કહ્યું:—"સુન્દરી ! હવે અંધારું વધતું જાય છે, એટલા માટે મારો હાથ પકડો, નહિ તો પડી જશો."

"પડીશ નહિ બાવાજી ! આપ નિશ્ચિંત બની આગળ ચાલો. હું ભીંતનો આશરો લઈ આગળ વધીશ" સ્ત્રીવેશધારી કેશવે કહ્યું.

મલુકદાસે વ્યગ્ર બનીને પાછળથી હાથ આગળ લંબાવ્યો અને કેશવના કૃત્રિમ વક્ષસ્થળ પર મૂકી દીધો. કેશવ વીજળીની માફક ચોંકી ઉઠ્યો અને મલુકદાસની લાંબી દાઢી પકડીને બહારની બાજુ ઘસડવા લાગ્યો, એટલુંજ નહિ પણ ઘાંટા પાડી બોલવા લાગ્યો કે "આ મહંતે મારી છાતી મસળી નાખી છે." બહારનું દૃશ્ય તો વળી કાંઇ બીજુંજ હતું. પોતાના પતિનો અવાજ સાંભળી કમળા અંદર જવા ઇચ્છતી હતી અને મલુકદાસના અનુચર તેને રોકી રહ્યા હતા. એટલામાંજ મલુકદાસની દાઢી પકડીને કેશવ તેને બહાર ઘસડી લાવ્યો, અને ત્યાં તો મોટી માનવમેદની એકત્ર થઇ ગઈ. લજ્જાવશ બનેલા મહંત મલુકદાસે પોતાનું શીર નમાવ્યું. તેની કુત્સિત મનોવૃત્તિનો વૃત્તાંત સાંભળી સર્વ લોકો તેને ધિક્કારવા લાગ્યા.

બીજા દિવસે મલુકદાસ અને એના અનુચરો ક્યાંય જતા રહ્યા. શોધવા છતાં પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ. પાછળથી એવી ખબર મળી આવી હતી કે તે પાપાચારીએ કેટલીય ભલી ભોળી વિધવા સ્ત્રીઓના પ્રતિ આ પ્રકારે હેવાન મનોવૃત્તિ પ્રકટ કરી હતી.

("મહિલા ભૂષણ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪—સાદડીવાળો

(લેખકઃ—શ્રી. શંકરજતી મોહનજતી ગોસાંઇ.)

માથે ધોમ તાપ તપતો હતો. પવનમાં ગરમ લૂ વિંઝાતી હતી. માથે છાંયો ઢાળવા ઝાડ સરખું ય નહોતું. આવા તાપમાં, ને આવે ઠેકાણે તે સાદડીઓ ગુંથતો હતો.

ધર્મશાળાના આગલા ભાગમાંય એને જગ્યા નહોતી મળી, કારણ કે તે વણકર હતો. કેટલાય ભટકતા ભિખારીઓ, કેટલાય નવરાઓ અને આળસુઓ હિંદુત્વનો હક્ક ભોગવતા, ગાંજાની ચલમો ફૂંકતા ને પાનાં ટીચતા આખી ધર્મશાળા રોકીને પડયા હોય ત્યાં બિચારા વણકરને કોણ પેસવા દે! ને એને ત્યાં પેસવાનો અધિકાર નહોતો; કારણ કે એ વણકર હતો, દલિત હતો, ને તેથી અસ્પૃશ્ય મનાતો. હિંદુધર્મમાં માનતો છતાંય અસ્પૃશ્ય લેખાતો. એ વર્ષોજૂની ગુલામી મનોદશાને ફગાવી દઈ મુક્ત થવા જેટલો સંસ્કૃત નહોતો, અને હોય પણ કયાંથી? માબાપ કાળી વેઠ ને મજૂરી કરી જેમ તેમ દિવસ કાઢતાં હોય ત્યાં બાળકોને શિક્ષણ શી રીતે આપી શકે? બાળક કાંઈ કામે લાગે, બાપદાદાનો રોજગાર શીખે, તો માબાપને મદદગાર થાય, અને પોતાનું ગુજરાન કરવા પૂરતો કમાયઃ એવું ભૂખમરાની ભઠ્ઠીમાં જલતાં અને કાળી મજૂરીમાં પીસાતાં માબાપ માને તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી જ.

ધર્મશાળાથી થોડે દૂર બેઠો બેઠો માથે સૂરજનાં બળતાં કિરણો ઝીલતો, તે સાદડી ગુંથતો હતો. પાસે જ સાક્ષાત્ દારિદ્યની દલિત મૂર્તિ જેવી, લૂગડાના લીરામાં વિંટાયેલ તેની કૃશ પત્ની પણ એના કામમાં મદદ કરતી બેઠી હતી. તેના ખોળામાં અન્નના અને ધાવણના અભાવથી મરવાના વાંકે જીવતું એક બાળક સૂતું હતું. બીજાં બે બાળકો સળગતા તાપમાં ઉઘાડાં સૂતાં હતાં.

અચાનક નાનું બાળક ઉંઘમાંથી જાગી ઉઠયું. ધનીના હાથમાંની સાદડી નીચે પડી ગઈ, ને સફાળા જાગી ઉઠેલ બાળકને તેણે પડતું બચાવી લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બા! ભૂ...!' બાળકે પોતાની બોબડી ભાષામાં ને હાથના હલનચલનથી પાણી માગ્યું.

'ભૂ પીવું છે?' ધનીએ બાળકને માથે વાત્સલ્યથી હાથ ફેરવ્યો. 'પેલા ડબલામાંથી જરા પાણી લાવોને, મંગાને પાવું છે!' ને ફરીથી ધની મંગાના માથે વહાલથી હાથ ફેરવી રહી.

કેસલો-બધા એને કેશવને બદલે કેસલો કહેતા-કામમાં એક-તાર થઈ ગયો હતો, એટલે ધનીનું કહેવું તેણે ન સાંભળ્યું.

કેસલો પાણી આપે છે, એવી આશામાં ધની તરસ્યા વ્યાકુળ બાળકને, અને બાળક માતાને પરસ્પર જોઇ રહ્યાં.

'હડે, હડે!' ધનીની નજર ડચકારા બોલાવતા કૂતરા તરફ ગઇ. કૂતરો ડબલામાંનું પાણી પી રહ્યો હતો. 'તમે હાંભળતાય નથી! આ કૂતરૂં પાંણી પી ગીયું. હડે, હડે!' એમ કહીને ધની, મંગાને સંભાળથી ઉંચકી લઈ કૂતરાને હાંકવા લાગી.

કૂતરૂં બીધું, ને દોડયું. દોડતાં કૂતરાના પગની ઠોકર ડબલાને વાગી, અને રહ્યુંસહ્યું કુતરાનું પીધેલું પાણી પણ જમીન પર ઢોળાઇ ગયું.

કેસલો ચમક્યો, ને એ પણ કૂતરાને હાંકવા મંડયો.

તરસ્યા બાળકે ફરીથી ક્ષીણ અવાજે કહ્યું:

'બા! ભૂ!'

'તમે ય ખરા છો તો! ઢાંકીને પાંણી નોં મૂકીએ? હવે આ મંગળીઆને કૈંથી લાવી પાંણી પાઇશું?' જરા ગુસ્સે થઇ ધનીએ કેસલાને કહ્યું.

'ભૂલ થઇ તો ખરી!' કેસલાને પસ્તાવો થયો હોય એવો એનો અવાજ હતો. 'જાને ધર્મશાળામાં કોઇયે ય પાંણી પાશે!'

"એ તો છેસ્તો! પણ આ હમણાં હુકે ગળે* તરફડે છે ને! પાંણી તો કોઇ આપે ત્યારે ખરૂં!" ધની મંગાને કેડમાં ઘાલી ધર્મશાળા તરફ ગઈ.

ધર્મશાળાની ઓસરીમાં જઇ ધની ઓશિયાળું મોં કરી ઉભી. અંદર પેસાય તેમ નહોતું, ને ભૂલેચૂકે પેસી જાય તો ધર્મને રસાતળ જતો બચાવવા સનાતન આર્ય ધર્માભિમાનીઓ તૂટી પડે એ પણ ચોક્કસ હતું.

એટલામાં સારા અથવા ખરાબ સંજોગે એક બાઇ ઓસરીમાં આવી. દયામણે મોઢે ને આર્જવભર્યા સ્વરે ધનીએ એ બાઇને વિનવી.

'બા! આ છોરૂં તરસ્યું થયું સે! કારનુંય તરફડે સે. થોડું

* સૂકે ગળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી નો પાવ ?'

ધનીની કેડમાંનો મંગો ઓસરીમાં આવેલ બાઇ તરફ આશાભરી અને દયામણી આંખે જોઇ રહ્યો.

'જા જા હવે અહીંથી. તને પાણી પાવાને કાંઇ નવરાં નથી એઠાં ને કૂવાનું પાણી ગાઉ આઘેથી લાવતાં જોર પડે છે, જોર! આવ્યાં 'છોરા'ને લઇ પાણી પાવા!'

'બા! ગરીબ પર જરા તો દયા રાખો! આ વેળાએ હું આને લઇને કે જઉં?' ધનીએ મંગા તરફ જોયું, ને તેની આંખમાંથી બે મોટાં આંસુ સરી પડયાં.

'જહન્નમમાં જા, મને શું પૂછે છે?'

'ક્યાં જાઉં?' પેલીએ તોરમાં કડાકો કર્યો. નમ્રતાથી વાત કરનાર સાથે ઉદ્ધતાઈથી અને તોરથી વાત કરવી, એ આ યુગનું ખાસ લક્ષણ થઇ પડયું છે. ગરીબ, અનાથ અને અજ્ઞાન તરફ સહાનુભૂતિ બતાવવી, એ ભૂતકાળની વાત જેવુંજ બની ગયું છે.

'બા! ભૂ!' ધનીની કેડમાં મંગો તરફડવા લાગ્યો. 'બા! ભૂ!...બા! ભૂ...!'

'બા! આ બિચારા છોરૂનીય તમને દયા નથી આવતી! થોડું પાણી પાવ બા! ભગવાન તમારૂં પેટ ઠારશે!' જેમ કોઇ કચડે તેમ વધુ નમ્ર બની કચડાતા જવું, એ લક્ષણ બીજા દલિતોની જેમ ધનીમાં પણ જાગતું બેઠું હતું.

'ચાલ, નીકળ અહીંથી હરામજાદી! તને પાણી પાવા કાંઈ તારા બાપના નોકર નથી. જાને સ્ટેશનના નળે! ત્યાં જતાં તો ટાંટિયા તૂટતા હશે, કેમ! આવાં આખાં હાડકાં રાખ્યે કેમ જન્મારો નીકળશે?' જાણે ધનીના આખા જન્મારાની પડી હોય એમ તેણે ઉભરો કાઢયો, ને અંદર પેસી ગઈ.

કચડતાને કચડવું, અને વધુ કચડાતાને ચૂસી ચૂસીને ચેતનહીણું ખોખું બનાવી દેવું, એ સમાજનાં કેટલાંક માણસોનો સ્વભાવ બની ગયો હોય છે.

ધની નિરાશ થઇ ગઇ. મંગાના મોઢા સામે જોતાં તેનું વત્સલ હૈયું ભરાઈ આવ્યું, ને ઉભરો આંસુ વાટે બહાર પડયો.

'તમારૂં ભલું થજો!' ધનીએ કહ્યું, ને બળતા બપોરે તરફડતા બાળક પર ફાટલા લૂગડાનો પાલવ ઢાળી, સ્ટેશન તરફ ચાલી.

* * *

ઘણાઓ જન્મથી જ અન્ય ઉપર અધિકાર ચલાવી કામ લેવા માટે જન્મેલા પોતાને માને છે, ને કેટલાક પોતાનું આખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયખું અન્યના માટે દળી નાખવાને પોતે જન્મ ધાર્યો છે, એમ માને છે. આ કેવળ માન્યતાઓ છે; અને આ માન્યતાઓ કેટલે અંશે ખરી અથવા ખોટી છે એ ચર્ચાસ્પદ વિષય છે. સંજોગો માણસને ઘડે છે કે માણસ પોતાની કાર્યશક્તિ અને બુદ્ધિપ્રભાવે સંજોગો સર્જે છે, એ વિષય પણ તેટલી જ ઉંડી વિચારણા અને ચર્ચા માગી લે છે.

કેસલો ગરીબ જન્મ્યો હતો, અને આજ સુધી એની આંખે સત્તાવીસ દીપાવલિઓના ઝગઝગાટ જોયા હતા. ધનીને એ પરણ્યો ત્યારે માંડ આઠેક વર્ષનો હશે. આજે તો, પરણી ત્યારે ત્રણેક વર્ષની ધનીએ, કેસલાને ત્રણ બાળકો આપ્યાં હતાં.

જેને ત્યાં ખાવાનાં ફાંફાં હોય છે ત્યાં, છોકરાંની ફોજ હોય છે. એક તો ગરીબ હોવાથી અશિક્ષિત, અશિક્ષિત એટલે સંસ્કારહીન અને સંસ્કારહીન એટલે વધુ કામી; આવી કારણપરંપરા કેટલાકો દર્શાવે છે. ખરાં કારણો ગમે તે હોય પરંતુ આવું વધારે પ્રમાણમાં નજરે પડે છે. એ અનેકોના અનુભવની વાત હશે.

* * *

કેસલાએ પોતાનાં બૈરીછોકરાં ભૂખે ન મરે એટલા માટે પોતાના પંડની જરાય દરકાર નહોતી કરી. હદ ઉપરાંત કામ કરી કંઇ ગ્રીષ્મના ગરમ ને બળતા વાયરા વેઠી તેણે પોતાની જાતને ઘસી નાખી હતી. બે ટંક જ્યાં માંડ માંડ ખાવાનું દેખતાં હોય, ત્યાં પૌષ્ટિક ખોરાકનાં તો સ્વપ્નાંય ક્યાંથી આવે ?

જે ગામમાં કેસલો કામ કરતો હતો તે ગામમાં વારંવાર ધાડ પડવાથી ગામલોક વીખરાઇને જુદે જુદે સ્થળે રહેવા ચાલ્યા ગયા. બધા ગયા પછી કેસલાનેય ગામ છોડયા વિના આરો નહોતો. તે પણ ધની અને ત્રણ બાળકો સાથે ગામ બહાર નીકળી પડયો.

એના ગામથી કેટલાય માઇલ દૂર કેટલાક દિવસ પછી તે પહોંચ્યો. બાળકો ભૂખતરસથી ટળવળતાં, ને તેમના કુમળા પગ તળવાઇ જતા. ધની નાના મંગાને કેડમાં ઉપાડી ચાલતી હતી. ટ્રેનમાં મુસાફરી કરવા જેટલા પૈસા પણ કેસલા પાસે નહિ. અનેક ઠેકાણે વાસો કરતાં, હાડમારીઓ વેઠતાં આખરે તે એક દેશી રાજ્યની સરહદના, રેલવે સ્ટેશનથી ગાઉ એક દૂરના ગામમાં જઇ પહોંચ્યાં.

ગામમાં જતાંજ કેસલાને ખબર પડી કે બીજા રાજ્યમાંથી આવનારને સુબેદારની રજા વગર ગામમાં રહેવા દેવામાં નથી આવતાં. ત્રણ બાળકો અને બૈરીને ધર્મશાળા આગળ મૂકી કેસલો સુબેદારની રજા લેવા ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેસલો બહુ કરગર્યો. સુબેદારને છેટે રહીને પગે લાગ્યો. આખરે સુબેદારે ચાર પાંચ દિવસ સુધી ધર્મશાળાથી થોડે દૂર રહેવાની પરવાનગી આપી, અને પરવાનગી આપવાના બદલામાં ત્રણ સુંદર સાદડીઓની માગણી કરી. કેસલો જો સાદડીઓ વડે સુબેદાર સાહેબનું મન જીતી લે તો ગામમાં સ્થાયી રહેવાની તેને પરવાનગી મળનાર હતી.

સ્વાર્થ વિના માણસો અન્ય તરફ ઉદારતા બતાવવાની વૃત્તિ ધીમે ધીમે વિસરતાં જાય છે. સુબેદાર જેવો પૈસાપાત્ર માણસ પણ સાધારણ માનવતા ન દાખવી શક્યો, ને તેણે કેસલાને પરવાનગી આપવાના બદલામાં વેઠે પકડયો; જો કે પરવાનગી આપવી એ તેની ફરજ હતી. કેસલા જેવો વણકર ત્રણ સારી સાદડી ગુંથીને વેચે તો ત્રેવીસ દિવસની નિરાંત થાય; પણ પોતાના સ્વાર્થ આડે કોઇનેય વિચાર કરવાની જરૂર કેમ જણાતી નથી, એ એક કોયડો છે.

સુબેદાર સાહેબને ખુશ કરવા કેસલાના હાથ ઝપાટાબંધ કામ કરતા હતા. આજે ત્રણ વાગ્યા પહેલાં સુબેદાર સાહેબને ત્રણ સુંદર સાદડી આપવાની હતી. તે આશાથી એના હાથ ઝડપથી ચીપોને બાંધતા જતા હતા. યંત્રવત્ કેસલો ચીપોના ઢગલામાંથી એક ચીપ ઉપાડતો, યંત્રવત્ તેને ગોઠવતો, ને દોરીથી ગાંઠ પાડી બીજી ચીપ લેતો.

* * *

'હમ હૈ ઇશ્કકે બંદે...' હાર્મોનિયમવાળી એક યુવાન ભિખારણે ધર્મશાળા આગળ આવી સૂર છેડયા, ને કેટલાક આળસુ માણસો તેની આજુબાજુ ટોળે મળ્યા.

'હમ હૈ ઇશ્ક કે...' ગાનારી વાઘરણ યુવતીએ એક તીરછી નજર નાખી.

'વાહ ! વાહ !' બે–ચાર ઇશ્કીઓ પોકારી ઉઠયા.

એક જણે ગજવામાંથી એક આની કાઢી તેના તરફ ફેંકી. ભિખારણે તેના તરફ જોયું, આની ફેંકનારે આંખ મીચકાવી.

'કયોં બે ! તૈયાર હો ગયા !' સુબેદારના માણસે કેસલાની એકાગ્રતામાં ભંગ પાડયો.

'હમણાં થઇ હમજો ને ! થોડીજ વાર છે !' તેણે હાથની ગતિ વધારી. સફદરમિયાં પેલી ભિખારણ ગાતી હતી ત્યાં ગયા.

'ઓહો ! તું હો ને કયા ! સુબેદાર સા'બકે વ્હાં ઉસ દિન રાતકો કયોં નહિ આઇ ?' આંખોમાં વીજળી ચમકાવી મીયાંએ પૂછયું.

ભિખારણે અર્થસૂચક આંખનો અણસારો કર્યો, ને મોંમાં પાણી છૂટયું હોય તેમ મીયાંએ સીસકારો બોલાવ્યો.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્યોં એ ! હો ગયા !' સફદર પાછો આવ્યો. કેસલાએ સાદડીઓ તૈયાર કરી મૂકી હતી, તે તેની પાસે દૂર રહીને મૂકી.

'અચ્છા ! કલ ફઝરમેં સુબેદાર સા'બકો મિલ જાના, ઔર ફીર ગાંવમેં કામ કરના...' સફદરમિયાં રૂઆબથી હાથમાંની સોટી હલાવતા ચાલવા માંડયા.

કેસલાએ ભૂખ્યાં બૈરી–છોકરાં જોયાં, ને તેના હૈયામાં ભડકા ઉઠયા. તેણે ધાર્યું હતું કે, સુબેદાર સાહેબ પાસેથી આજે ખાવાનું તો મળશેજ, ને બીજું તો...

'સા'બ !' કેસલો સફદર પાછળ દોડયો. સફદર ઝાંપા આગળ પેલી યુવાન ભિખારણ સામે આંખો મીચકાવતો ઉભો હતો.

'ક્યોં ?' સફદરે રંગમાં ભંગ પડવાથી ગુસ્સે થઈ પૂછયું.

'સા'બ ! બાયડી–છોકરાં કાલનાં ભૂખ્યાં છે. થોડું ખાવાનું આપો, નહિ તો એકાદ આનાના પૈસા આપો તો ચણામમરા...'

'ચલ, હટ ! પૈસેબૈસે નહિ મિલેંગે ! જા, ગાંવમેં ભિખ માંગને !' સફદરે આંખો તતડાવી.

'સા'બ...!'

'જા યહાંસે. નહિ તો દેખા હૈ ડંડા !' સફદરનો મિજાજ ગયો.

"સા'બ ! હવે કૈં જઉં ! તૈણ તો વાગ્યા ! ને...' કેસલો પગે પડવા આગળ વધ્યો.

ને તે સાથેજ સફદરનો જાડો ડંડો કેસલાના માથા પર પડયો.

કેસલો બેભાન થઈ પડી ગયો–માથામાંથી લોહી વહેવા લાગ્યું.

"સાલા બેવકૂફ"–ને ઉપરથી કેસલાને એક લાત પડી.

* * *

"ચલ મેરી માશુક !" કહી સફદરે ગજવામાંથી અડધો કાઢી પેલી ભિખારણને આપ્યો. ધીમે રહીને ભિખારણના ખભા ઉપરથી સફદરે હાથ નીચે સરકાવ્યો...ને...

* * *

સાંજે કેસલાના શબ આગળ ધની હૈયાફાટ રડતી હતી.

પંચક્યાસ કરવામાં આવ્યો.

"અસહ્ય તાપથી મૃત્યુ નીપજ્યું છે" પંચે ઠરાવ્યું.

–ને ધની ફાટી આંખે જતા પંચ પરમેશ્વર તરફ જોઈ રહી.

(ફેબ્રુઆરી–૧૯૩૪ ના "નવયુગ" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૫–સ્ટેશન માસ્તર

(લેખકઃ–શ્રી. નાગરદાસ પંડયા)

(૧)

ઉછળતા સમુદ્રના ચડતા અને ઉતરતા તરંગોની માફક સાંધાવાળાના હાથમાંની બત્તી ઉંચી અને નીચી થઇ રહી હતી અને નવોઢા સુંદરીનાં પગલાંના ધીમા ઝણકારથી ગાડી સ્ટેશનના યાર્ડમાં દાખલ થતી હતી. રાતના આઠ થયા હશે.

"ખાખરીઆ રોડ ત્રણ મિનિટ, ખાખરીઆ રોડ ત્રણ મિનિટ" એવા બુલંદ અવાજે સૂવાની શરૂઆત કરનારાઓને અશાંત કર્યા. સ્ટેશન આવે ત્યારે વગર કામે બારીઓ ખોલવાની ટેવ સામાન્ય છે, તેમ થતાં ખોલનારાઓને સ્ટેશનમાં કાંઈ આકર્ષક લાગ્યું. ભાડુતી સ્વાંગમાં સજ્જ થયેલા માસ્તર અને એક બે સાંધાવાળા સિવાય બહાર નિર્જનતા લાગતી હતી.

આ નિર્જનતામાં બે ચાર પેસેંજરો ઉતરવાથી શો ફેર પડે ? છતાં તે નિર્જનતામાં વૈવિધ્ય પૂરવા માટેજ હોય તેમ ત્રણ ચાર ખેડુતો અને એક ગુજરાતી વેપારી ગાડીમાંથી ઉતર્યા અને ડોર તરફથી સીધા જવા લાગ્યા. ગુજરાતી પાઘડી, આ વેપારી ગુજરાતી હશે અને હાથમાંની ચામડાની બેગ ઉપરથી તે ચાલુ જમાનાની ઢબ પ્રમાણે મુસાફરી કરનારો હશે એમ કહી શકાતું હતું.

ખેડુતો ઉતર્યા તે તો પાધરા દરવાજા આગળ જઇને ઉઘડે એટલે પસાર થવાની રાહ જોવા લાગ્યા, પણ આપણો વેપારી માસ્તર સાહેબની ઑફિસ તરફ જઇને અંદર દાખલ થયો.

અંદર પણ ટિકિટ બારી આગળ એકજ જણ હતો. તેને ઝાઝા ઉતારૂઓને પતાવવાના ન હતા, પણ ઉથલાવવાની નોંધ બૂકો ઘણી હતી. તેમાં જાણે ડૂબી ગયેલ હોય તેવા આ ભાઇને આગંતુકે પૂછ્યું.

"માસ્તર સાહેબ, અહીંથી ચંદનપુર કેટલું ?"

ઉત્તર ન મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદ મિનિટ રાહ જોઇને બીજી વાર પ્રશ્ન કરવાની તેણે જરૂર જોઇ:

"સાહેબ, અહીંથી અત્યારે ચંદનપુર જવાની સગવડ મળશે ?"

નોંધપોથીમાંથી ઉંચું માથું કરી ટિકિટ માસ્તરે પૂછનાર તરફ જોઈ લીધું અને તેને જવાબ આપવા જેટલી સભ્યતાની આવશ્યકતા લાગતાં કહ્યું:

"અજાણ્યો માણસ અત્યારે જઇ શકે નહિ. અહીંથી પાંચ છ ગાઉ હશે. બપોરે ઘણાં માણસો ગયાં."

"અકસ્માતથી હું મોડો પડયો. તો પછી મારે આજની રાત અહીંજ ગાળવી પડશે." વેપારી બોલ્યો.

દરમિયાન ગાડી પોતાનો ત્રણ મિનિટનો કાર્યક્રમ પતાવી પોતાને માર્ગે પડી, અને તેને છેલ્લી સલામ કરવા ગએલા સ્ટેશન માસ્તર સાહેબ પાછા ફર્યા.

"સાહેબ, હું આપને આજે તસ્દી આપવા આવ્યો છું. આજની રાત મારે અહીં ગાળવી પડશે." અંદર આવતાંવેંત આપણા વેપારીએ સ્ટેશન માસ્તરને જણાવવા માંડયું.

"મારી ટિકિટ સેકન્ડ ક્લાસની છે, પણ આ સ્ટેશને વેઈટિંગ રૂમ નથી તો આપ થોડી તસ્દી લઇ......"

આ ઉતારૂનો દેખાવ, તેનો રૂવાબ, વાતચીત અને 'સેકન્ડ' ક્લાસની ટિકિટની બીના ધ્યાનમાં લેતાં માસ્તર સાહેબ તેની સાથે કેમ વર્તવું તે સમજી શક્યા હતા. તેઓ બોલ્યા: "અરે તેમાં તસ્દી શાની ? આપના જેવાના દર્શનનો લાભ અમને કોઇકજ વાર ભાગ્યે મળે. ખુશીથી રહો, હું બધી સગવડ કરી આપીશ."

"ચંદનપુરના મહારાજાને ત્યાં કુંવરીનાં લગ્ન છે ને! તે ઉપર થોડું ઝવેરાત દેખાડવા જાઉં છું. રાજ્ય સાથે જૂનો સંબંધ અને મેં આગળથી લખી જણાવ્યું હતું પણ આવતાં રસ્તામાં મારે ચોવીસ કલાકનો ફેર પડી ગયો. આગળ એક વાર હું આવેલો પણ ત્યારે તો જંકશનથી મોટરમાં ગયેલો."

"બરાબર, બપોરે તો બહુએ મીજમાનો ગયા. રાજ્ય તરફથી વાહનો પૂરતાં આવ્યાં હતાં. ખેર, હવે આપ કાલે સવારના જઈ શકો."

"મારો સરસામાન સાહેબ, આપની કસ્ટડી (સંભાળ)માં લઈ લો તો નિરાંતે સવારના હું સંભાળી લઇશ."

"હા ભલે, પણ આપને જોખમે હો ! બરાબર લોકઅપ (તાળા-બંધ) કરી આપો. અમારે તો આવું ઘણીએ વાર આપના જેવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે સાચવવું પડે છે. સ્ટેશન સાળું દૂર અને જંગલમાં છે, એટલે જરા મનમાં શંકા રહે છે."

"અરે સાહેબ! શંકા તે વળી કેવી? રેલ્વેની કસ્ટડી એટલે ગોદરેજની તિજોરી. અહીંથી ખાખરીઆ ગામ કેટલું હશે?"

"જી, ત્રણેક ગાઉ હશે. એ તો અમસ્થું ખાખરીઆ સ્ટેશન નામ માત્ર છે. બાકી અમને તો કાળા પાણીની ટીપ છે. આપ હવે સ્વસ્થ થાઓ. ચાલો મારી સાથે જમવાને."

"નહિજી, માફ કરો. હું હમણાંજ જંકશને જમીને આવું છું; આપનો ઉપકાર."

"તો પછી અમે તો રેલ્વેના માણસો વધારે વિવેક ન જાણીએ. ચ્હા તો જરૂર લ્યો."

"આટલો વિવેક શું કમ છે? ભલે ચ્હા લઇશ." નિરાંતે ખુરશી લેતાં વેપારી બોલ્યો. માસ્તર સાહેબે સાંધાવાળાને બે કપ તૈયાર કરી લાવવા દોડાવ્યો, પોતે પરવારવામાં પડયા. કાગળીઆં થોડાં ફેરવીને ઘર તરફ વળવા તેઓ તૈયાર થયા.

"આપને માટે અમારા કવાર્ટર્સ સામે મેદાનમાં ખાટલો નાખીએ તો વાંધો છે? ઉનાળો છે અને અજવાળી રાત. વળી અહીંની હવા એટલે મહાબલેશ્વરની મઝા આવશે. અમારે બેઠાં બેઠાં વા ખાવાની ભારે સગવડ છે."

"સાહેબ! શું વાત કરો છો," ઝવેરીએ કહ્યું "આપને બી. બી. એન્ડ સી. આઈ. દૂઝે એને વા ખાવાની વાત કેવી? મેં તો કોઇ રેલ્વેનો માણસ પૈસે ટકે દુઃખી નથી જોયો."

"પણ શેઠ! હવે તો જમાનો કેવો છે એ તો આપેય જાણતા હશો. આવકથી બમણા ખરચ એટલે હાથ દોરડું તૂટે ને તૂટે. લો ત્યારે સ્વસ્થ થઇને આવજો. હું પથારી કરાવી રાખું છું અને માણસ-ને તેડવા મોકલું છું."

માસ્તર સાહેબ સિધાવ્યા એટલે ચા આવી. ઝવેરીએ બે કપ-માંથી એકને ન્યાય આપવાને ટિકિટ માસ્તરને નોતર્યા. ટિકિટ માસ્તરે વાતચીતમાં આજનો નવીન મીજમાન નામે પ્રમોદલાલ, મુંબઇનો એક નામચીન ઝવેરી હતો, ચંદનપુર રાજ્યના મીજમાન તરીકે ઝવે-રાત લઇને જતો હતો વગેરે જાણી લીધું. પોતાનો સરસામાન ઠીક-ઠાક કરી સ્ટેશનનીજ તિજોરીમાં મુકાવી પ્રમોદલાલ પણ ટિકિટ માસ્તરની સાથે કવાર્ટર્સ તરફ જવા નીકળ્યો.

આંજુબાજુ આવેલી ઝાડીની વચમાં ઉભેલાં કવાર્ટર્સનાં મકાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલમાં વસનારા કોઇ પ્રાચીન ઋષિઓના નવી ઢબથી રચેલા જાણે આશ્રમો ન હોય તેવાં દેખાતાં હતાં. આસપાસની વાડો ઠીક કરી, પાસે ઉગી નીકળેલા ખડને પણ ઠીક કપાવીને આ એકાંત સ્થાનને પણ જેટલું બને તેટલું આકર્ષક બનાવવાનો યત્ન કરેલો દેખાતો હતો. આકાશમાં અર્ધચંદ્ર પોતાની મુસાફરી નિઃશબ્દપણે કરી રહ્યો હતો અને કુદરતને અર્ધું સૌંદર્ય આપીને રાત્રિના અને તેમાં પણ આવા એકાંતની ભીષણતા ઓછી કરતો હતો.

અત્યારે માસ્તરોના ક્વાર્ટર્સ આગળ રોજના નિયમ પ્રમાણે બેઠક ગોઠવાઇ હતી. માસ્તર સાહેબ મુખ્ય સ્થાને બેઠેલાજ હતા. તેની આગળની એક ખુરશીને પ્રમોદલાલ ઝવેરીએ શોભાવી. ટિકિટ માસ્તર જમવા માટે પોતાના મકાનમાં ગયા. પછી અનેક જાતનાં ગપ્પાંસપ્પાંથી માસ્તર સાહેબ અને ઝવેરી સમયની નિર્દય કતલ કરવા લાગ્યા.

(૨)

"ભીમા! જરા ખુરશી બહાર લાવ જોઉં, ઘડી બેસીએ" કંઇ કામને બહાને ઑફિસમાં આવેલા સ્ટેશન માસ્તરે એક નોકરને કહ્યું. કામ તો કોઈ દિવસ ખૂટયુંજ નહિ. આ તે સાળી કંઇ નોકરી છે?"

માણસ ખુરશી પરસાળમાં લાવ્યો. માસ્તર બેઠા. "પેલા જીવાને બોલાવ તો" તેમણે હુકમ છોડયો.

ભીમો જીવાને બોલાવી લાવ્યો. આવેલા જીવાને માસ્તરે કહ્યું: "અલ્યા આજે સવારે શું જમાવી હતી? બિચારી કોલણને રોજ ટીપે છે તે તારા મનમાં શું સમજે છે?"

"ભાઈશાબ, પણ આપડા ભાઈડાના કામકાજમાં ડાઇ થાય. પછી મારજ માગે નાં?" જીવે જવાબ આપ્યો.

"અલ્યા ગપું હાંકસ કે? સાબ! ઇ તો ભાઈ જરા વધારે બાટલી ચડાવીને આવેલા એટલે એ બિચારી વારવા જતી'તી."

"એ ઠીક ધંધો." માસ્તરે કહ્યું "આવો બેસો તો ખરા."

બેઉ સાંધાવાળાઓ પણ સાહેબ આગળ નિરાંતે આડાઅવળા બેઠા.

"આ ધંધા કરતાં તો વેપારી લોકોનો ધંધો હજાર વાતે સારો. ઘડીમાં લાખો કમાયા; પછી બેઠાં બેઠાં ખાવાનું. આજે પેલો ઝવેરી આવ્યો છે તે દેખ્યોને ભીમા? સાથે દશ બાર હજારનું ઝવેરાત છે."

"હજાર એટલે કેટલા થાતા હશે સાબ?" જીવાએ સવાલ કર્યો.

"દશ વાર સો એટલે એક હજાર. આટલું નથી સમજતો! તું તો ભારે ભાઈ" માસ્તરે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પાટી પર ધૂળ નાખી હોય ત્યારે ના?" ભીમો બોલ્યો.

"આપણે ક્યાં ભણીને મોટા સાબ થઇ જાવું સે, ગમે ત્યાં રોટલો જડે એટલે બસ."

"મહિને તેરનો પગાર તેમાં અર્ધો તો પીઠાવાળો લઇ જતો હશે. તું તો ભારે સંતોષી હો." માસ્તર સાહેબે ઉમેર્યું.

"સંતોષ ન રાખીએ તો શું કરીએ. ઘણીએ બાપની જમીન હતી. રાંડને વાણીએ દેવામાં ડૂલાવી પાડી. બહેં હતા તેના બે પાંચ વરસમાં આઠહેં કાઢ્યા. આપણે શું હમજીએ?" જીવે બળાપો કર્યો.

"અને દારૂના ઘેનમાં પાટા ઉપર ક્યારેક ગાડી નીચે આવી જવાનો છો. ચોક્કસ જીંદગી પૂરી પણ એમજ થવાની" માસ્તરે ભવિષ્ય ભાખ્યું.

"ભગવાને એમ ધાર્યું હશે તો એમ. અત્યારે તો બીજો રસ્તો નથી."

"ભીમા! વાત પેટમાં રે'શે કે નહિ? તો કહું" માસ્તર જરા નીચા વળી ધીમેથી બોલવા લાગ્યા. તેમની વાંકી થતી ભમરમાંથી કંઇ અજબ કુટીલતા વરસી રહી હતી. "પણ આ જીવલાનો ભરોંસો નહિ. દારૂના કેફમાં ખાનગી વાત કરી હોય તે ગમે ત્યાં ભખી નાખે."

બંને માણસો ખાનગી વાત સાંભળવા આતુર થયા, વધારે પાસે આવ્યા.

"એમ તો સા'બ! અમે એવા જનાવર નથી કે પેટમાં ન રાખી હકીએ. તમારી પે'લાં માસ્તર સા'બ હતા તેમના ઘરમાં ઘણુંએ હાલતું, પણ બહાર અક્ષરે નોં જાય" જીવલે ખાતરી આપી. "જુઓ, ફરી ફરી વાર વખત આવતો નથી, અને મોટા હજારોના અમલદારો હોય તેને યે જ્યાં સુધી આડાઅવળો હાથ મારવાનો લાગ ન મળે ત્યાં સુધી પૈસાદાર થવાતું નથી. સૌ દુનિયામાં આમજ કરતું આવ્યું છે. આપણે લોકો કાળી મહેનતે રળીએ તે બધું વેપારીઓ લઇ જાય. એટલે આપણા ખરા લૂંટારા તો એનેજ સમજવા. મને તો દોઢા બમણા ભાવ માંડીને પૈસા માગવા આવે છે ત્યારે કાચાજ કરડી ખાઉં એમ થઇ જાય છે."

"સા'બ! જુઓ તો ખરા, મારી પાહે આ ગામનો દાણાવાળો ફક્ત વીસ રૂપિયા માગતો'તો તેમાંથી કોણ જાણે ક્યારે પસાહ કર્યા, ને હવે હુકમનામું કરાવવા ઉભો થયો સે" ભીમે ફરિયાદ કરી.

"તેમાં જેમ મોટા વેપારી તેમ મોટું છોડ. વધારે લોકોનાં ગળાં કરવાના. આ ઝવેરી આવ્યો છે તે શું બધું ન્યાયથી કમાયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે ? કંઇક રાજાઓને અને ધનવાનોને સુવાડયા હશે. એવાને તો ઠાર કર્યા હોય તોય પાપ નાં લાગે." માસ્તર સાહેબે જણાવ્યું.

"ઇ તો આપે રસ્તો પડવા દીધો હોત તો માર્ગમાં ઇના કાકા ક્યાંઇ વધેરી નાખત ને બધું ઉઠાવી જાત" ભીમે કહ્યું.

"અને તમારી બેઉની હિંમત હોય તો અહીંથીએ એટમજી શેનો જીવતો જાય ? હું ખરેખરૂં કહું છું કે ફરી ફરી આવો વખત નહિ આવે." માસ્તરે કહ્યું. તેમની આંખો બંનેના હૃદયમાં પેસી અંદરનું મંથન તપાસવા યત્ન કરતી હોય તેમ મંડાઇ રહી હતી.

બંનેએ એકબીજા સામે જોયું.

"એની કરણી ગમે એવી હોય, પણ આપણે કયા ભવ કાજે ભાતું બાંધવું ? આ ભવ તો બગડયો સે, ને આવતો શા હાટુ બગાડવો ?" જીવલે પોતાના હૃદયનો ભાવ વ્યક્ત કર્યો.

"બરાબર, આ તો ધર્માત્મા ! તમારા કર્મમાં તો આ મજૂરીજ હોય. જ્યાં હિંમત નહિ ત્યાં લક્ષ્મી કેવી ? છાણાંના જીવડા છાણમાં ખદબદેઃ બાકી મારો તો વિચાર થયો'તો કે તમે હિંમત કરો તો ખાસ્સા બબ્બે હજાર તમને આપવા."

ઘડી વાર સૌ ચૂપ રહ્યું. ચૂપકીનો ભંગ કરતો ભીમો ધીમેથી બોલવા લાગ્યોઃ "સા'બ! મને તો આ હાડમારીમાંથી ક્યારે છૂટું ઇમ ચે દિનું થીયા કરે સે પણ કર્મ કે કોડિયામાં પેહું ને મન કે માળિયે બેહુ. આપની વાત મને તો ગળે ઉતરે છે."

'પણ આપણા જીવાભાઇનું પાપ આડું આવે છે તો! આપણે પણ એક વેપારી--ખરી રીતે સુધરેલી રીતનો લૂંટારો હાથ આવ્યો છે એને ઠેકાણે પાડવો છે, એને લૂંટતાં બંધ કરવો છે, અને એ પણ તમારાં ભૂખે મરતાં બૈરાં છોકરાંના સુખને ખાતર—એટલા સારૂ તો લોકો બધુંય કરે. સમજ્યા જીવાભાઈ! તમારી બાપીકી જમીન છોડાવવી હોય, ફરીથી સ્વતંત્ર ખેડુતનું જીવન ગાળવું હોય તો આ ઘેરબેઠાં રસ્તો મળે છે." બોલનારે જીવલા ઉપર પોતાની નજર બહુજ દૃઢતાથી ઠોકી રાખી હતી. જીવલાની નજર આગળ બાપનું ગામ, બાપીકી જમીન, સ્વતંત્ર ખેતી વગેરે તરવા લાગ્યું. વર્તમાન સ્થિતિ, પોતાની સાંધાવાળાની નોકરી, બૈરીની દુર્દશા, પોતાનું વ્યસન, તેનાથી ઉત્પન્ન થતી અવદશા વગેરેને તે મનથી તપાસવા લાગ્યો. જે કૃત્યથી પોતે જઇ શકે તેમ લાગતું હતું તેની ભીષણતા તેને ઓછી થતી લાગી. પ્રમાણિકતાની મૂળેજ જર્જરિત થયેલી દિવાલને ભોંય ભેગી થતાં વાર લાગી નહિ. 'પણ ઝવેરી તો આપને ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂવાના છે ને ?' જીવલે પ્રશ્ન કર્યો.

પોતાની વાણીનો અને લક્ષ્મીની લાલચનો વિજય થયેલો જાણી માસ્તર સાહેબનો દમ નીચે બેઠો. તેઓ બોલ્યા: " એ બધી તમને સમજણ આપવાની મારે છે. ક્વાર્ટર્સની સામે લીમડાની નીચે એનો ખાટલો નાખીશું. જીવા ! તારા જેવા મલ્લ માટે તો એક મિનિટનું કામ છે. ગળચીજ દાબી દેવી, હથીઆર ન વાપરવું; કારણ તેની નિશાનીઓ રહે છે અને ઘણી વાર પરિણામેય ભયંકર થાય છે. પછી સામેજ નેરામાં દફનાવી દેવો. સવાર પડતાં પહેલાં ખાટલો ગાદલું વગેરે લઇ લેવું એટલે કોઇને પૂછવાપણું ન રહે. બાકી તમારે માથે કંઇ નહિ. કાલે બપોરના તમને તમારો ભાગ આપી દઇશિ. "

" સા'બ ! પછી અમને ક્યાઉં તો નહિ સંભળાવો ને ? " ભીમે શંકા કરી.

" તમારીજ પાસે કામ કરાવીને એમ કરૂં ? અને મારે માથે પણ મોત તો છેજ ને ! તમેજ જઇને જાહેર કરો તો મારે જવાબ ન દેવો પડે ? એ શું બોલ્યો ભીમા " માસ્તરે વિશ્વાસ આપવા યત્ન કર્યો.

" જોખમ ખેડે એને દરેક રીતે શંકા તો રહે. "

" જરૂર, પણ મારી તો તમે ખાત્રી રાખજો. બરાબર સાવધાન રહેજો અને સવાર પહેલાં આટલું કરી આપો એટલે હું અને તમે આ ગુલામીના ફાંસલામાંથી છૂટીએ. "

" સા'બ ! આમ પૈસા રેલાની માફક હિંડયા આવે છે તોય આપને ગુલામી લાગે છે. " ભીમે કહ્યું.

' બીજું બધું મારાથી સહન થાય છે, પણ ઉપરીઓની તુમાખી નથી સહેવાતી. અનેક રીતે કાળા હાથ કરી તેમને હજારો રળાવીએ તોપણ એક મિનિટમાં આપણને પાઇના કરે. આપણી સાથે કૂતરા જેવુંજ વર્તન. એ તે શી રીતે સહેવાય ? "

(૩)

માસ્તરોના ક્વાર્ટર્સની સામે થોડે દૂર એક લીમડા અને પીપળાનું જોડલું વર્ષો થયાં ઉભું હતું. અસંખ્ય પેસેન્જરો એની પાસે થઇને પસાર થયા હશે. અવનવા મનુષ્યોથી ભરપૂર એવી અસંખ્ય ગાડીઓ જોયાનો આનો ઇતિહાસ હતો. અનેક માસ્તરો ત્યાં આવ્યા અને ગયા હતા, પણ એ જોડલું તો ઉભું હતું એમનું એમ-સમયની અસ્થિરતાના ભીતરમાં પણ એક સત્તાના વહેતા પ્રવાહની સાક્ષી આપતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તરુ-જોડલાની ઘટા પણ વિશ્રામવાંછુઓને વિશ્રામ આપે એવી અને આ સ્થળ માટે તો નમુનેદાર હતી. વારંવાર હવાના શોખીન માસ્તરો તેની નીચે રાત ગાળતા, વટેમાર્ગુઓ માટે એ ગાડી ઉપર જવા પહેલાં ટીંમણ કરવાનું સ્થાન હતું. આ વૃક્ષ-જોડલા નીચે આપણા ઝવેરી માટે ખાટલો નંખાયો હતો.

આ અજાણ્યો માણસ અજાણી જગ્યાને નીરખતો જાણે તેના ગુણાવગુણનો પરીક્ષક હોય તેમ ખાટલા ઉપર બેઠેલો હતો. માસ્તર સાહેબ સાથેની વાતચીતમાં તેણે કેવળ અસંતોષ, તૃષ્ણા અને અધીરાઇથી ઉદ્‌ભવતા બળાપામાત્ર સાંભળ્યા હતા. વેપારી આલમ બધી માને છે તેમ પોતે પણ માનતો કે નોકરીઆતો દરરોજની આવક ચોક્કસ થયેલી હોવાથી નિરાંત ભોગવતા હશે, અને તેમાં પણ રેલ્વેના નોકરોને તો બેવડી આવકઃ એક પગાર અને બીજી ખાનગી પ્રેક્ટીસ; એટલે સુખીજ હોવા જોઇએ. એકાદ બોગી જોઇતી હોય તો વખતસર મેળવવા ઘણા વેપારીઓ માસ્તરોનાં ખિસ્સાં ભરેલાં તે પોતે જાણતો હોવા છતાં અહીંનો માસ્તર તો ખરા હૃદયથી અ-સંતોષજ જાહેર કરતો હતો.

ઘણા વિચારને પરિણામે એણે તારવી કાઢ્યું કે મનુષ્યને પોતાની સ્થિતિ સિવાય બધુંય રુચે છે; દોષ માત્ર-અસંતોષ માત્ર પોતાનામાંજ તે દર્શાવે છે. પરાયાં માણસો સારાં લાગે, પારકાં મકાન સુંદર લાગે, પારકાં બાળકો પણ વહાલાં લાગે. કારણ, તેમના દોષ અજ્ઞાત હોય. પોતાનાજ અનુભવને તે ઉથલાવવા લાગ્યો. ઝવેરાતનો વેપાર જ્યારે કટોકટીનો મામલો હોય છે ત્યારે કેવો લાગે છે? આકરાં બાણ જેવો. જેમાંથી ઘડીમાં હજારો કમાવાય છે તેજ વસ્તુઓને કોઇ વાર જાણે બસ આગમાંજ હોમી દઉં-એવું નથી થતું પોતાને પણ? નક્કી થયું કે સુખી થવું હોય તો પોતે પોતાની ઇચ્છાથીજ થવાય છે. સુખી થવાનો નિશ્ચય અને ઇચ્છાજ ખરી કેળવવી જોઇએ, પછી મનુષ્યને દુઃખી કરનાર શક્તિ જગત-ભરમાં નથીજ નથી.

કુદરત તરફ દૃષ્ટિ વળી. શહેરના જીવનકલહ આગળ આ સૃષ્ટિ અદ્‌ભુત મનોહર લાગી. ઝાડ, પાન, ખડ, હવા બધુંજ કુદરતી; અને કુદરતને અનુકૂળ બેસી રહેવા કરતાં જરાવાર આજુબાજુ ફરીને, કુદરતનું પોતાની નજર આગળ ખુલ્લું પડેલું પાનું વધારે વિસ્તારથી અવલોકવાનું એને મન થયું. તેથી ઉભો થઇને આપણો અજાણ્યો ઝવેરી ફરવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક દિશાનો હેતુ નહોતો તેથી પગ લઇ જાય ત્યાં તે ઝવેરી ગયો. આડો અવળો બહુએ ફર્યો. ફરતાં ફરતાં, સ્ટેશનની ઑફિસની પાછલી બાજુ પોતાની સમક્ષ તેણે જોઇ. એક ખૂણો વટયો, અને બીજો ખૂણો વટયો હોત તો જ્યાં આગળ સ્ટેશન માસ્તર પોતાના બે મળતીઆઓની સાથે મંત્રણા કરવા બેઠો હતો ત્યાં આવી ચડત. પણ કુદરતી હાજતે તેને રોક્યો. તે નીચે બેઠો અને તેને કાને માસ્તર સાહેબના શબ્દો પડયા. કારણ, તેઓ ખૂણા-ની નજીકજ બિરાજતા હતા.

"ગળચીજ દાબી દેવી...અને સામેના નેરામાંજ દફનાવી દેવો. સવાર પહેલાં ખાટલો ગાદલું પણ લઇ લેવું."

આટલા શબ્દો તેના કાનમાં ગયા ન ગયા તેટલામાં હૃદયમાં અદ્ભુત તોફાન ચાલ્યું. છાતી ઉપર અને મગજ ઉપર જાણે કોઇ કુશળ લુહાર પોતાનો હથોડો જેટલા બને તેટલા જોરથી ઝીકતો હોય તેમ તેને જણાયું. ટાંટીઆ થરથરવા માંડયા. જો ઉભો હોત તો તો ભોંય પર પટકાઇજ ગયો હોત અને બાજી પલટાઇ ગઇ હોત, પણ બેઠેલો એટલે ઘડી વાર થીજીજ ગયો. મગજ અને છાતીના ઘણમાર ધડકારા કંઇ નરમ પડતાં ઉભો થયો. પણ પછી જલદી પોતાને ઠેકાણે જવાની તેને જરૂર લાગી. નીચી નજરે તે પાછો ફર્યો. આંખે અંધારાં આવતાં હતાં છતાં જેમ તેમ ખાટલા સુધી તો પહોંચી ગયો, અને તેમાં ગબડી પડયો.

"શું પોતાનોજ ઘાટ ઘડાય છે?" તેને વિચાર આવવા લાગ્યા. "અવાજ તો જરૂર સ્ટેશન માસ્તરનોજ હતો. તો હવે બચ-વાનો શું ઉપાય? અત્યારે તો પોતે બધું માસ્તરને સોંપ્યું છે. કપડાં પણ એની ઑફિસમાં છે. શી રીતે માગી લેવાય? માગે તો તુરત શંકા આવે. અને પોતાને તેઓ ત્યાં ને ત્યાં પૂરો કરવા ધારે તો કેમ ન કરી શકે? ઉતાવળા થવામાં સાર નથી એમ તેણે જોઇ લીધું. અત્યારે પોતે ચાલવા માંડે તોપણ અજાણ્યા પ્રદેશમાં ક્યાં જાય? મારનાર કરતાં બચાવનાર હમેશ વધારે બળવાન છે, એવી શ્રદ્ધા હૃદયમાં દૃઢ કરવા તેણે યત્ન કર્યો. પણ ભય એટલો બધો લાગેલો કે બુદ્ધિ કામ કરતીજ ન હતી. કાયમનો ધીરજવાન એ પોતે આજ-ના જેટલો કદી ગભરાયો ન હતો. બધું પોતાના ઝવેરાતના લોભે થાય છે એ તો તેને ચોખ્ખું દેખાતું હતું; બધું માસ્તરને આપી દઉં તો જવા દે એમ પણ પ્રશ્ન અંતર પૂછતું હતું; પણ એનો ઉત્તર સંતોષકારક મળતો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે એક ઉપાય મનમાં સૂઝી આવ્યો અને એજ અજમાવવાનો વિચાર કરી પોતાની બુદ્ધિને પ્રેરનાર શક્તિને હૃદયથી વંદન કરતો ઓઢવાનું કપડું શરીર પર ઢાંકી દઇને તે સૂઇ ગયો; દેખાવા ખાતર ખાટલામાં લાંબો થયો.

એકાદ કલાક પછી કુદરત વધારે નિઃશબ્દ બની. આજુબાજુ સર્વ પોતાને ઠેકાણે પહોંચી ગયા હતા અને કોઈ બહાર નીકળવા સંભવ નહોતો એવો સમય જોઈ તે પોતાના ખાટલા ઉપર નમી રહેલા લીમડાના ઝાડ ઉપર ચડી જવાના વિચારથી ઉભો થયો. શહેરમાં વસનારો એટલે ઝાડ પર ચડવું સહેલ ન હતું. ગામડિયાઓ દેખાય છે અડબૂત જેવા, પણ તેઓ ઝડપથી ઝાડે ચઢી શકે, પાણીમાં તરી શકે, તેમનો જીવ લેવો બીજાને માટે સહેલો ન હોય વગેરે વિચાર તેને આવ્યા અને શહેરમાં જઇને મનુષ્યે જીવનને કેટલું પરતંત્ર અને નિર્માલ્ય કર્યું છે એ પ્રત્યક્ષ થતાં તેને શરમ આવી.

ઝાડવે ચઢવું તો મુશ્કેલ હતું પણ પોતાને માથે ઝઝુમતો ભય પણ જેવો તેવો નહોતો. તે ભયે મુશ્કીલને સરળ બનાવવામાં સાથ આપ્યો. અને એક બે વાર લથડતો છતાં તે ઝાડની ઉપરની ડાળીએ પહોંચી ગયો. વધારે સારી ઘટા ગોતી તેમાં લપાયો, અને જીવનને બચાવવાનો માર્ગ જડતાં કંઇક નિશ્ચિંતતા મેળવી. હવે શું થાય છે તે જોવાની રાહ એ જોવા લાગ્યો.

(૪)

અર્ધી રાત પસાર થયા પછી ચંદ્ર આથમતો ગયો, અને ભયભીત થયેલાને માટે કુદરત વધારે ભયાનક રૂપ ધારણ કરી રહી. ઉપર તારાઓનાં જૂથ અને નીચે ઝાડવાંઓ પોતાની અગણિતતાની સ્પર્ધા કરતાં જોનારને પોતાની એકલતા માટે મૂંઝવતાં હતાં. દરેક ઝાડ જાણે એકેકું પિશાચ હોય એવી કલ્પના કરતો ઝવેરી સમયને કેમે કરી વીતાવી શકતો નહોતો. તેવામાં તેના કાન સાથે કોઇના દૂરથી આવવાનો અવાજ અથડાયો. તેણે તે જોવા ધાર્યું હતું કે નહિ પણ આ તો હતો કોઈ નવોજ અને એકજ મનુષ્ય. સ્ટેશન તરફ દૂરથી આવી તે ક્વાર્ટર્સ સમીપ ગયો, પણ વળી પાછો જે વૃક્ષજોડલા ઉપર આપણો મિજમાન છૂપાયો હતો તેની તરફ ખેંચાયો; પાસે આવી તે કંઇ સ્વગત ગણગણતો પોતાનાં કોટ ને ટોપી ઉતારી ઓશીકે મૂકી ઝવેરી માટે બિછાવેલ ખાટલા પર સૂતો અને ઓઢવાનું ઓઢી ગયો.

ઉપર રહેલા પ્રમોદલાલને મન થઇ આવ્યું કે આ આવનારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારૂં કે ભાઇ, અહીં ન સૂઇશ ન હોય આ સુખની શય્યા ! આ તો છે એક ભયંકર મરણપથારી ! પણ વ્યવહારબુદ્ધિએ રોક્યો. એને વારવાથી શો લાભ ! પોતાને માથે ભય રહેવાનોજ એવી શંકા થવાથી તે વાણીઆભાઇ ચૂપજ રહ્યા અને વળી સમય શું કરે છે તેની અદકી આતુરતાથી રાહ જોવા લાગ્યો. નવો આવેલો જુવાન નિઃશંકપણે ઉંઘી ગયો. તેના નસકોરાનો અવાજ ઝવેરીને મજાકમાં હસાવતો હતો.

રાત જામી, નિઃશબ્દતા અને અંધકારનું બરોબર મિલન થયું. તે નિઃશબ્દતાનો ભંગ ફરીથી ધીમે પગલે આવતા સાંધાવાળાઓના સંચારથી થયો. ઝવેરીનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. શું થાય છે તે જોવા તે તલપાપડ બન્યો, છતાં પોતાને સાવધ રહેવાની જરૂર તે ભૂલ્યો નહિ. વધારે અસ્થિરતા તેને પોતાને સ્થાનેથી ગબડાવી દે અને માંડ બચેલ જીવને ઘડીમાં ખોઇ બેસે.

ધીમેથી આવેલા આ રાક્ષસોમાંથી એક જે વધારે હૃષ્ટપુષ્ટ હતો તેણે ચાલાક ઝડપથી ઉંઘનાર ઉપર તૂટી પડી તેની ગળચી પકડી લીધી અને પકડયાભેગીજ દાબી નાખી. બીજાએ પગને દાબી રાખેલા તેથી તેમના ભોગ થયેલાએ આંચકો પણ મારી શકાયો નહિ. એક બે સખત ડચકા સંભળાયા, જરા ગળામાંથી ઘુરઘુર અવાજ નીકળતો કાને આવ્યો અને બધું શાંત થઇ ગયું. શબને આ પિશાચોએ ઓછાડમાંજ વીંટીને ઉંચકી લીધું અને આઘે નેરામાં લઇ ગયા. ત્યાં આગળ ખાડો અગાઉથીજ ખોદી રાખ્યો હશે, એમ લાગ્યું; કારણ, અર્ધાજ કલાકમાં તેમને પાછા ફરતા ઝવેરીએ જોયા: પોતાને ઠેકાણે મોતનો મહેમાન બનનાર આ જુવાન તે કોણ હશે, એ કોયડો ત્યારે અણઉકેલજ રહ્યો.

ખૂન કરનારાઓ તેજ વખતે ખાટલો ગાદલું પણ ઉપાડી ગયા, જેથી સવારમાં કોઇને ખાલી પથારીની શંકા ન રહે. માસ્તરની આ સૂચના હતી. પ્રમોદલાલ તો સદ્‌ભાગ્યે નહિ ધારેલું એવું સવાર જોઇ શક્યો. તેણે માસ્તર સાહેબને પોતાના ઘરમાંથી નીકળી ઉતાવળા ઑફિસ તરફ જતા જોયા. પોતે ઝાડ ઉપરથી ધીમો નીચે ઉતરવા લાગ્યો. ઉતરીને ઉતાવળે પગલે તે સ્થળે પહોંચી ગયો. તેઓ જાતેજ ઑફિસ ખોલતા હતા ત્યાં પાછળ જઇ "સાહેબજી" કહી તેમને સલામ કરતો હસતા મોંએ ઉભો રહ્યો.

માસ્તરે પાછા ફરીને જોયું, ઝવેરીનું પ્રેતજ જાણે તેમની પાછળ પડયું હોય અને તેથી જેટલી ભીતિ લાગે તેના કરતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેકગણી વધારે ભીતિ તેમને સાક્ષાત્ ઝવેરીને જોતાં લાગી. સાંધાવાળાઓએ પોતાનું કહેવું ન માન્યું. જરૂર જીવલો મોળો પડી ગયો હશે, એમ અંતર એમને કહેવા લાગ્યું.

"સાહેબજી" તેમણે ઝવેરીની સલામ ઝીલી.

"રજા હોય તો હું હવે ચંદનપુરને માર્ગે પડું, મારૂં કામ ખોટી થાય છે" ઝવેરી બોલ્યો.

"હા, ભલે; જેવી આપની મરજી"–ઉતાવળો જવાબ મળ્યો.

ઑફિસને ઉઘાડી જાણે કંઇ યાદ આવ્યું હોય તેમ માસ્તર સાહેબ ઘર તરફ જવા લાગ્યા, તે ગયા ને આવ્યા એટલી વારમાં પ્રમોદલાલ કપડાં પહેરી સજ્જ થઇ ગયો હતો.

"સાહેબ, મારી બેગ કાઢી આપવાની કૃપા—" તેણે કહ્યું. એટલામાં ટિકિટ માસ્તર પણ આવી પહોંચ્યો–સાડાઆઠનો સવારની ગાડીનો ટાઇમ હતો તેથી.

"મિ૦ હિંમતલાલ! શેઠને તિજોરીમાંથી એમની બેગ કાઢી આપજો. હું હમણાંજ આવું છું. શેઠ! કાલે રાતનો છોકરો પાસેના ગામમાં ગયો છે તે આવ્યો નથી. માટે હું ચિંતામાં છું. માફ કરજો હો. સાહેબજી!" કહી સ્ટેશન માસ્તર ગયા.

માસ્તરના છેલ્લા પોતાના પુત્રના ગઈ રાતે ઘેર નહિ આવ્યાના સમાચારથી પ્રમોદલાલ ચમક્યો હતો. તે સમાચારમાં તેને અનેક અનેક અમંગળ સૂચનાઓ થતી હતી; પણ અત્યારે તે વિષે ખુલાસો થઇ શકે તેમ ન હોવાથી ટિકિટ માસ્તરે બેગ કાઢી આપી તે લઇ તેમની સાથે હાથ મિલાવી બહાર નીકળ્યો. એકાદ ઘોડાગાડી તેને મળી ગઇ તેને ભાડે કરી ચંદનપુરને માર્ગે પડ્યો.

(૫)

ચંદનપુર રાજ્યનો તે મીજમાન હતો. પોતાનાં કેટલાંક અગત્યનાં કામ પરવારી તેણે પોલીસ અધિકારીની મુલાકાત લેવાનો વિચાર કર્યો. એક અજ્ઞાત યુવકને તેણે પાપીઓને હાથે મરણને શરણ થતાં જોયો, તેના ખૂનનું પોતાનાથી બને તેટલી રીતે વેર તો લેવુંજ એમ તે નિશ્ચય કરી રહ્યો હતો; છતાં પોલીસખાતાની ક્રિયાદીને પહેલો દોરવાની દહેશતથી તે ડરતો હતો. બુદ્ધિથી કેવી રીતે વાત મૂકવી એ નિર્ણય કરી તેણે પોલીસ અધિકારી સાહેબને શોધી કાઢયા.

અગીઆર વાગ્યા લગભગ પ્રમોદલાલ ઝવેરી પોલીસ અધિકારી સાહેબની મુલાકાતે પહોંચ્યો. સાહેબ જમીને આરામખુરસી પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંબાયા હતા. તે સલામ કરીને ઉભો રહ્યો.

"ઓહ, તમે કંઇ પધાર્યા! ગયે વખતે ચીજ આપી ગયેલા તેજ કે?"

"હાજી."

"બેસો તો" પ્રમોદલાલે ખુરશી લીધી.

"આપની પાસે ખાસ વાત કરવા આવ્યો છું."

"તમારી વાત તો ધંધાની હશે? કુંવરી સાહેબના વિવાહથી પરવારીનેજ તમારી ચીજો બતાવજો ને."

"નાજી, આપની આગળ ફરિયાદ નોંધાવવી છે. ખાખરીઆ રોડ સ્ટેશન ઉપર ગુનો બને તે કોની હદમાં ગણાય?"

"તમને કહી લઉં. અત્યારે અમારે બહુએ કામ છે. ફરિયાદ બરિયાદનો વખત નથી. એ બધું નિરાંતે કરજો. સ્ટેશનની હદમાં અમારો અધિકાર નહિ—ત્યાં તો રેલ્વે પોલીસનો. આજુબાજુ હોય તો અમારા અધિકારની વાત."

"જી, પણ ફરિયાદ કરતાં વિલંબ થાય એટલામાં તો ગુનેગારો ગમે ત્યાં દેશપાર ઉતરી જાય."

"તો તેમાં તમારૂં શું જાય છે? તમને તો નથી કોઇએ લૂંટી લીધા ને? આવા તમારા જેવા તાલબાજ આદમીને લૂંટનાર તો હજી હવે પાકશે. અમારા બાપુ પાસેથી ગયે વખતે ૧૫૦૦૦ પંદર હજાર પડાવ્યા'તા."

"હતો તો મનેજ લૂંટવાનો, પણ અચાનક હું બચી ગયો; નહિતર અત્યારે મારી કબર સ્ટેશન સામેના નેરામાં થઇ હોત."

પ્રમોદલાલે અધિકારી સાહેબ આગળ પોતાને વીતેલી વીતક બધી કહી બતાવી. સાહેબને પણ એમાં રસ પડ્યો.

"આ તો જરૂર તપાસ કરવા જેવી વાત, અને જુઓ." કંઇક યાદ આવતું હોય તેમ તેઓ બોલ્યા "અત્યારે છે પણ અનુકૂળતા. જંકશનના હેડ કૉન્સ્ટેબલ પણ સારા સંજોગે અહીં છે. એ ગુનેગારોને અમારી જેલમાંથી લેવા આવ્યા છે. તેમની પાસે પહોંચી જાઓ. હું ચિઠ્ઠી લખી આપું."

એક કાગળ લઇ તેમણે રૂવાબથી કંઇ લખી આપ્યું. તે લઇ પ્રમોદલાલ બતાવેલ ઠેકાણે જંકશનના કૉન્સ્ટેબલ પાસે પહોંચ્યો.

"અમારી હદનું કામ બતાવવામાં સાહેબ જરાય વાર લગાડે એવા નથી. અહીંનું કામ હોત તો તમને ખબર પડત." કૉન્સ્ટેબલે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ હું તો કોઇ જાગ્રત માણસના હાથમાં મારૂં કામ સોંપાય તે જોઇને ખુશી થાઉં છું."

"તમારે અમારી જોડે તપાસ કરવા માટે આવવું પડશે."

"જરૂર આવીશ. આપને શબ દાટયું છે તે જગ્યા બતાવવાની મારે બાકી છે."

"હું વાહન વગેરેનો બંદોબસ્ત રાજ્ય તરફથી કરાવું છું. તેટલામાં તમે પરવારીને અમને ભેગા થઇ જાઓ. પાંચ વાગ્યે એક ગાડી જંકશન તરફ જાય છે તેમાં મારે રિપોર્ટ મોકલવો પડશે."

"જી, હું તો જ્યારે હુકમ હોય ત્યારે તૈયારજ છું."

"મને એ સ્ટેશન માસ્તર માટે પહેલેથીજ સારો મત નથી. લોકોની બહુજ બૂમ છે. ખાનારો તો ગજબનો. દર માસે પાંચ દસનો દંડ એનો હોયજ."

"સાહેબજી" કહી પ્રમોદલાલ તૈયારી માટે ગયો.

અને કલાક પછી સજ્જ પોલીસ પાર્ટી ખાખરિયા રોડના સ્ટેશન ભણી જવા નીકળી.

(૬)

"એલા ભીમલા" અધીરાઇથી ભીમા સાંધાવાળાની ખોલી પાસે જઇને સ્ટેશન માસ્તર સાહેબ બોલ્યા "છેવટે આમજ ફરી ગયાના ? કે જીવલે બધી બાજી ઉંધી વાળી હશે ?"

"કેમ સા'બ ?" બોલતો ભીમો આંખો ચોળતો આવ્યો.

"એટલું કામ તમારાથી ન બન્યું ને ?"

"નો શું બને સા'બ. બોલ્યા પછી ફરે ઇ બીજા—અમે નઇ" કહેતો જીવલો પણ ઓરડીમાંથી બહાર નીકળ્યો.

"આમ આવો જોઉં." માસ્તર આગળ ચાલ્યા. પેલા બંને પાછળ હતા. બીજું કોઈ ન સાંભળે તેમ જરા દૂર જઇ માસ્તર અટક્યા અને કહેવા લાગ્યા:

"પણ અલ્યા મૂર્ખાઓ, એ તો જીવતો જાગતો એ રહ્યો. એ તો સરસામાન માગે છે."

બંને જણા ઉપર જાણે વીજળી પડી હોય તેમ લાકડા જેવા થઇને તેઓ ઉભા રહ્યા. એકબીજા સામે તાકીને જોઈ રહ્યા પછી સાહેબને એકસાથે કહેવા લાગ્યા:

"સા'બ" અમે તો કામ કર્યું સે એ ચોક્કસ છે. જે ખાટલામાં સૂતો'તો એને સધામ પોચાડી દીધો સે. અને ખાતરી કરવી હોય તો નેરડામાં દાટયો સે એ પણ કો'તો બતાવીએ."

"ત્યારે આ આવ્યો એ કોણ તમારો બાપ ?" દાંત પીસતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તર સાહેબ તેમને ચાવી જવા માગતા હોય તેમ તેમની તરફ ઘૂરકી રહ્યા.

"એ ગમે ઈ થયું હોય. અમે તો તમારા વેણને ખાતર કાળા હાથ કર્યા સે." ભીમે કહ્યું.

"મારા વેણને ખાતર કેમ ? તમારે તો કાંઈ નહિ જોઇતું હોય ?"

"અમારે તો ઘણુંએ જોઇએસ. પણ આપેસ કોણ ?" જીવલે ઉમેર્યું.

"પણ તમે એને બદલે માર્યો કોને ?"

"ઇ સાંબ તમે જાણો. અમને તો ખાટલામાં સૂતો હોય ઈનું કયું'તું." ભીમે જણાવ્યું.

"કયું'તું તારૂં કપાળ ! આ તો ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ એવો કિસ્સો થયો. અત્યારે દિવસના તપાસ પણ શી રીતે થાય કે તમે કોના બાર વગાડી દીધા ?" આવો તરફડાટ કરતા માસ્તર સીધાવ્યા. તેમના પગલામાં સખત કળતર થતું હતું. હૃદય પણ જોરથી ધડકારા મારી રહ્યું હતું, તેમનેજ અત્યારે ખરી હિંમત-ની જરૂર હતી અને તેમની હિંમત તેમને દગો દેતી હોય તેમ છોડીને ચાલી જતી હતી.

પાછા ફરતાં, પોતાના મકાન આગળથી પસાર થતાં તેમણે સાદ સાંભળ્યો.

"પેલા માધાને ભાઇની ખબર કાઢવા તો મોકલો."

તેમણે સાંભળ્યું, પણ મુંઝવણમાં પુરા હતા તેથી કશું પણ બોલ્યા વિના જવા લાગ્યા. ઘરમાંની એક બાળકી દોડતી આવીને તેમનો હાથ પકડી કહેવા લાગી:

"બા કહે છે કે ભાઇની ખબર કાઢવા મોકલજો."

"જહન્નમમાં ગયો તારો ભાઈ. પચ્ચીસ વર્ષનો ગધ્ધો થયો તોપણ મને એની નિરાંત દેખવા ન મળી." તેમણે ત્રાડ દીધી, ગર્જના સાંભળી ગભરાઈ ગયેલી બાળકી પાછી ફરીને ઘરમાં ચાલી ગઇ.

માસ્તર ફરીથી ઑફિસમાં આવ્યા અને આડાં અવળાં થોથાં ફેરવીને મનને રોકવાનો યત્ન કરવા લાગ્યા. સ્ટેશને પાણી પાનારા માધાને તેમણે બોલાવ્યો: "માધા ! અત્યારે તારે ઘરેથી પાણી પાશે. તું ગામમાં જઇને ભાઇ રાતે નથી આવ્યો તેની ખબર લઈ આવ. દેશાઈનો દીકરો એનો ભાઇબંધ છે એટલે એણે રોકયો હશે. જલદી પાછા આવે અને કે'જે કે રોકાવું 'તું તો ખબર તો કહેવડાવવાતાના."

"હા ભલે," કહી માધો હુકમની બજવણી માટે ગયો.

માસ્તર સાહેબથી આજે કામ થઇ શકે તેમ નહોતું. હૃદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથજ રહેતું ન હતું. ચોપડીઓ જેટલી ફેરવી એટલી બધીઓમાં લીલાંપીળાં દેખાવા લાગ્યાં.

" આજે સાળું માથું ફરે છે " કહી તેઓ કાગળીઆં હડસેલી મૂકી બહાર ટહેલવા નીકળ્યા, ત્યાં પણ દિલ ચોંટયું નહિ. પાછા આવ્યા પછી કાગળીઆંમાં મન પરોવવા યત્ન કરવા લાગ્યા.

ટ્રેનનો સમય થતાં આસપાસ પ્રવૃત્તિ વધી તેથી મનને કંઇક ખોરાક મળ્યો. એકાદ બે ગૃહસ્થોના સવાલજવાબ, એકાદનું અંગત કામ જે દરરોજ તેમને માથાંઝીકણી જેવું લાગતું તે આજે તોફાને ચડેલા મનને રોકવાનું સાધન બની તેમને સ્વીકાર્ય લાગ્યું.

રાત્રે પોતે સૂતા ત્યારે કેટલા આશાભર્યા હતા, હજારોનો માલ તેમને હાથ એકાએક આવી પડયો હતો અને સવારે તે પોતાનોજ થવાનો હતો, તેમાંથી નિરાંત વળે એટલું પોતે લઇને પછી આ કાળા પાણીની ટીપ જેવી નોકરીને લાત મારવાના હતા. કોઇ—સારા સ્થળે-પોતાની જન્મભૂમિમાં જઇને નિવૃત્તિપરાયણ જીવન ગાળવાનો તેમણે નિર્ણય કર્યો; પણ એ બધું સવારમાં એકાએક પરીઓના સ્વર્ગની પેઠે હવામાં ઉડી ગયું હતું. વળી ભીમાએ કહ્યું તે પ્રમાણે તેમનાજ કહેવાથી સ્ટેશન આગળ કોઇનું ખૂન કરવામાં આવ્યું હતું. સવારે ઝવેરી તો સાક્ષાત્ યમરાજ સમો પોતાની સામે ખડો થયો હતો. રાતે પોતાનો મોટો પુત્ર ઘરે આવ્યો નહોતો, વગેરે વિચારના વમળની ઘુમરીમાં પડી તેઓ સખતમાં સખત આઘાત સાથે કાલ્પનિક આપત્તિની શિલાઓ સાથે અથડાઇ રહ્યા હતા.

"એ તો જીવતો જાગતો એ રહ્યો" કરીને માસ્તર સાહેબ સિધાવ્યા ત્યારે જીવલાની સ્થિતિ પણ જોયા જેવી થઇ રહી. ખરેખર, ભયંકર એવું પાપ કંઈ પોતે કર્યું હતું, તે ભાવીને સુધારવાને માટે, આગળ ધરવામાં આવેલી આશાઓના સ્વમાને માટેજ માસ્તરની માફક તેણે પણ હવાઇ કિલ્લાઓ બાંધવામાં બાકીજ નહિ રાખેલી. રૂપિયા કોથળીબંધ મળ્યા છે...ઘરે ગયો છે...દેણું ભરી જમીન છોડવી છે...અચ્છી એવી બળદની બે જોડ છે...મોલ પણ સ્વમાંમાં તેણે દીઠા અને લણ્યા. નાતમાં પણ પંચમાં ગણાવા લાગ્યો. જ્યારે સાહેબે બૂમ મારી ત્યારે તે તૂટેલ ખાટલામાં પડયો પડયો સ્વપ્નમાં નાત ભેગી થઈ હતી તેમાં પોતાનો પક્ષ લડાવતો હતો તેમાંથી બેબાકળો ઉઠયો. જે સાંભળ્યું તેનાથી બધી ઇમારત આકાશમાં ઉડી ગઇ, અને પોતે જીવતાં સુધી સાંધાવાળો રહેવા સરજાયો છે એ સત્ય તેની આગળ ખડું થઇ ગયું. આટલું બસ ન હતું. ગઇ રાતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે શું કર્યું હતું, હરામખોરોની શીખવણીથી એક નિરપરાધી મનુષ્યનો તેણે જીવ લીધો હતો, પોતાને કોઇએ ભોળવ્યો હતો; પણ ભોળવાયો શા માટે? તેના અંતરમાંથી ઉત્તર મળ્યો સ્વાર્થના લોભે.

"અલ્યા જોયું કે, એમણેજ કીધું'તું તે આપણે કર્યું તેમાં કેવા રાતાપીળા થાય છે. આ તે થીયું શું?" વિલે મોંએ અલગ ઉભેલા ભીમા પાસે જઇ તેણે કહ્યું: "શું તે તારૂં કપાળ? જરા મોઢું તો જોવું'તું. બશારાને દાબીજ દીધો. ને નકામો પાપનો પોટલો બાંધ્યો." ભીમે પોતાના હાથ ધોઇ નાખવા પ્રયત્ન કર્યો.

"ને તારો તો એમાં ભાગજ નહિ હોય? તું તો જાણે દેવનાં દર્શન કરવા આવ્યો'તો! પગ તેં ઝાલ્યા'તા. મને પાપમાં નાખનાર તુંજ; નહિ તો આ હાથે કદીએ આવું કરતુક મેં ન'તું કર્યું." જીવલે કહ્યું.

"તે હું તો તને કઉસું કે મોટા ભાડીયામાં પડ–તે પડવાનોજ તો? તારાં કર્યાં તું ભોગવ. આપણે ફક્ત પાંહે ઉભા'તા એટલું જાણીએ." ભીમે બચાવ કર્યો.

"રાંડના! કાલ તો કેટલાં પટુડાં કરતો, ભાઇ ભાઈ કરતો'તો અને આજ ઇમ સટકીને ક્યાં જવાનો? જોજે તો ખરો, કેવોક માથેથી કાઢી નાંખસ. તારી સોબતેજ મને પાઇમાલ કર્યો. દારૂ પીતો પણ, હરામના તેંજ મને કર્યો. અને રાતે પણ તેંજ ભૂલ ખવરાવી."

"જોજે હો, મોં સંભાળીને બોલજે, નહિ તો મોઢામાંથી દાંતજ ખેરવી નાખીશ. હાળા સાકટા! હું તને દારૂ પાઉસું કીયાં? તારે રૂપિયા જોતા'તા, એલો તારો બાપ ઉઘરાણી આકરી કરેસે એટલે, એટલે થઈ ગયો તૈયાર અને બશારા કોકને સણકી નાખ્યો."

"તું શું કરી નાખવાનો હતો, હાળા હરામી! મરદનો દીકરો હો તો આવી જા. હવે હું પાપથી નથી ડરતો. તેં તો મારૂં ખેદાન મેદાન કરી નાખ્યું. મને નરકનો અધિકારી કરી મેલ્યો, હાળા પાપિયા" જીવલો બોલતાં ગળગળો થઇ ગયો હતો.

જીવલે બહુએ ગાળો આપી, પણ ભીમો તેની કદાવર કાયા પાસે આવવાના જોખમથી ડરતો કંઇ ન કરી શક્યો. દૂરથીજ ગાળને બદલે ગાળ દેતો તે વેરની વસુલાત કરતો હતો. જીવલામાં કંઇક સત્વગુણનો અવશેષ ઉંડાણમાં હશે તે ઉપર તરી આવ્યો: તેનું હૈયું ભરાઇ આવ્યું. પોતાને હાથે કાળું કામ થઇ ગયું હતું તેને માટે તેને ત્રાસ છૂટયો. ધ્રૂસ્કે ધ્રૂસ્કે રોતો તે પોતાની ખોલીમાં પ્રવેશ કરી ભારે થયેલા હૃદયને રડીને હળવું કરવા લાગ્યો.

તે દિવસે જીવલો કામ પર હાજર થઇ શક્યો નહિ. માસ્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબે તેને કારણ પુછાવ્યું નહિ અને પુછાવવામાં સાર નથી એમ સમજી એક બીમાથીજ બધું કામ લેવાનું દુરસ્ત ધાર્યું. ખાખરિયા ગામમાં ખબર લેવા ગયેલો માણસ સમાચાર લાવ્યો હતો કે માસ્તરના ચિરંજીવી ગઈ રાતનાજ ઘરે જવા પાછા ફર્યા હતા. આથી માસ્તરની ચિંતાનો પાર નહોતો.

(૭)

"તમારેજ ફરિયાદી થવું પડશે." કૉન્સ્ટેબલે ઝવેરીને રસ્તામાં કહ્યું.

" મને વાંધોજ નથી. " તેને ઉત્તર વાળ્યો.

" તમારી બેગમાં કંઇ ફેરફાર થયેલો તમને માલમ નથી પડયો કે ? " તેમણે વળી પૂછ્યું.

" જી, બેગમાં વસ્તુ આડી અવળી થયેલી મને લાગી હતી, પણ કંઈ ગુમ થયું નથી એમ ધારૂં છું. હજી બરાબર તો તપાસવાનો મને વખતે નથી મળ્યો. અને તે બાબતમાં હું કંઈ ફરિયાદ કરવા માગતો નથી." ઝવેરીએ કહ્યું.

"સૌથી કિંમતી વસ્તુ-તમારા કોટની નીચે ધડકી રહેલું તમારૂં જીવન બચાવી શક્યા છો. પછી ગમે તે બીજી વસ્તુ માટે બેદરકાર રહેવાનું ઘડી વાર વૈરાગ્યને વશ થતાં બની આવે. અકસ્માતથી બચી જનારા ઘણી વાર અતિ ઉદાર બને છે."

"પણ મેં એ જુવાનને કમોતે મરતાં જોયો છે તેને યાદ કરતાં હજી મને કંપારી આવે છે."

"જૈન હશો ?"

"હાજી."

"શબને દાટયાનું ઠેકાણું તમે બતાવી શકશો ? "

"જી જરૂર. જે ઝાડ ઉપર હું સંતાયો હતો ત્યાંથી મેં તેમને દાટતા જોયા હતા. એટલે નિશાની રાખી લીધી છે. સામે નેરૂં છે તેમાં એક પીપળ પાસેજ લગભગ..."

લગભગ ત્રણેક વાગતા આ સરઘસ ખાખરિયા રોડ સ્ટેશન પાસે પહોંચ્યું. કારણસર જ પ્રમોદલાલ ઝવેરી બીજા પોલીસની પાછળ પોતાની જાતને છૂપાવતો હતો, છતાં સ્ટેશન માસ્તરની વધારે ઉઘડી ગયેલી નજરમાં આવ્યા વિના રહી શક્યો નહિ, અને પોતે હતો કેવળ તેમના જેવોજ કાળા માથાનો માનવી, તોપણ તેમની નજરે સાક્ષાત્ યમ જેવો દેખાયો. ઘડી વાર તો આ લોકો કોણ અને શામાટે આવ્યા હશે તેનું ભાન જાણે ભૂલી જતા હોય તેમ તેમને મગજમાં ચક્કર આવવા લાગ્યા. પછી તે સર્વથી અકારૂં ભાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગ્રત થયું અને કૉન્સ્ટેબલ સાહેબે તેમને ઉદ્દેશીને આ પ્રમાણે કહ્યું:

"સાહેબ! અમે આકરી ફરજ બજાવવા આવ્યા છીએ."

ઘડી વાર તો તેમનાથી કશું બોલાયું નહિ, પણ પછી માસ્તર સાહેબે જણાવ્યું.

"હું તેમાં ઉપયોગી થઈ શકું ?"

"જરૂર, આપના બે સાંધાવાળાઓ અમારા કેદી છે. આ ગૃહસ્થ ફરિયાદ કરે છે કે તેમણે રાતમાં એક ખૂન કર્યું છે." કૉન્સ્ટેબલે ઝવેરીની સામે આંગળી ચીંધી.

ભીમો હાજર હતો. તેને જાણે પોતે પાતાળમાં ઉતરી જતો હોય તેમ પગ નીચેથી ભોંય સરી જતી લાગી. અને ગભરાયલી નજર તે પોલીસ અધિકારી સામે માંડી રહ્યો.

"તેઓ બેને હાજર કરવા મહેરબાની..."કૉન્સ્ટેબલે માગણી કરી.

"એક તો આ ભીમો સાંધાવાળો છે અને બીજો જીવો આજે ગેરહાજર છે. નોકરી પર નથી–ભીમા! જીવાને બોલાવ તો—" માસ્તર સાહેબે હુકમ આપ્યો. ભીમો જતો હતો તે જોઇ કૉન્સ્ટેબલે પોતાના એક પોલીસને કહ્યું.

"બે જણ એની સાથે રહો–હવે એને રેઢા ન મૂકી શકીએ."

ભીમે જીવાને બોલાવ્યો, પણ ખાનગીમાં કહી દીધેલું. "રાંડના! કશું ભસી મરતો નહિ, નહિ તો કાળું પાંણી હમજજે."

બંને આવ્યા એટલે તેમને હાથકડીઓ ચઢી ગઈ.

"મિસ્ટર, હવે તમે કહેતા હતા તે પ્રમાણે જગા બતાવો તો" કૉન્સ્ટેબલે ઝવેરીને વિજ્ઞપ્તિ કરી, "માસ્તર સાહેબ! તમે પણ સાથે તો રહેશોજ. આપના વિના અમારૂં કામ અધુરૂં રહે એવું લાગે છે. ગમે તેમ પણ આપ સ્થાનિક અમલદાર રહ્યા." કૉન્સ્ટેબલના શબ્દોમાં રહેલી મજાક માસ્તરના હૃદયને તીક્ષ્ણ બાણો સમાન વીંધતી હતી અને અંદર ચાલતા મંથન અને તેથી થતી વેદનાને મુખ પર શ્યામતા લાવી તે દ્વારા વ્યક્ત કરતી હતી, છતાં તેમને સાથે નરેડામાં જવું પડયું. ટિકિટ માસ્તર પણ કાતુકથી સાથે ગયો.

લીમડાના ઝાડની સામેજ નેરામાં ઉતરી પોતે રાખેલા બાવળના નિશાન આગળ ઝવેરીએ જગ્યા બતાવી. કૉન્સ્ટેબલે પણ પોતાની લાકડી બેત્રણ ઠેકાણે વગાડી જોઇ પારખી કાઢયું કે, એક જગ્યા નવીજ ખોદીને પૂરેલી હતી.

"અહીંથી અમને મુદ્દા માલ મળવા સંભવ છે." કૉન્સ્ટેબલે માસ્તર સાહેબને કહ્યું; પણ જો વાત કંઇ પાયાદાર નીકળશે તો મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપને પણ કસ્ટડીમાં લેવા પડશે. કારણ કે ખૂનીઓએ ધારેલું આ ઝવેરીનું ખૂન કરવાનું અને તેમની માલમિલ્કત તો આપના કબ્જામાં હતી. તેથી સામાન્ય રીતે આપની સૂચનાથી થયું હોય."

માસ્તરની નજર તો ભોંય પર હતી. તેમને તો એથીએ વધારે ઉંડી ચિંતા હતી. ખાડો ખોદાતો હતો, અને ઘડીમાં તેમાંથી શું નીકળે છે તેના ઉપર તેમના બધા શુભ અશુભનો આધાર હતો. પોતે ધનના લોભે ભૂલ ખાધી હતી, પણ જેને મારવા ધારેલું તે તો બચી ગયો હતો. તો પછી મરાયો હતો કોણ? એ સવાલ એમને ક્યારનો મૂંઝવી રહ્યો હતો. પોતાનોજ પુત્ર બહાર ગયો હતો તે હજી આવ્યો નહોતો. એને તો થયેલા ગેબી ખૂન સાથે સંબંધ નહિ હોય? એ ભયંકર પ્રશ્ન એમને વારંવાર કોઇ અંતરમાંથી પૂછતું હતું. ખોદનારાના ત્રિકમ જાણે તેમની છાતી ઉપરજ પડતા હતા.

એટલામાં ખોદનારાઓએ બૂમ મારી:

"સાહેબ! આ રહ્યું મુડદું. વાત બરાબર મળી."

બધા ખાડા આગળ આવી ગયા. માસ્તરજ માત્ર દૂર ઉભા હતા. એક જણાએ ખાડામાં ઉતરી શબને જાળવીને બહાર લીધું અને તેના ઉપરથી ઢાંકેલું કપડું દૂર કર્યું.

"અરે! આ તો ગજબ થયો" ભીમાએ પ્રથમ બૂમ મારી, ટિકિટ માસ્તર તો જાણે મૂંગોજ થઈ ગયો. માસ્તરે પણ શબને જોયું કે તરતજ તેઓ જમીન પર તૂટી પડયા.

"આ તો સાહેબનાજ દિકરા માધવલાલ છે." થોડી વારે ટિકિટ માસ્તરને વાચા આવતાં તે બોલ્યા.

કૉન્સ્ટેબલ, સાથેના સિપાઇઓ અને ઝવેરી, સર્વે આ કારમા સત્યને સાંભળતાંને વાર ઘડી વાર તો થંભી ગયા. ગુનો તો એમનીજ મારફતે બનેલો, છતાં ઘડી વાર તો સૌને માસ્તરની ખરેખર દયા આવી.

પાણી મંગાવી માસ્તરના મોં પર છાંટયું, એટલે એમને સંજ્ઞા આવી. આ ગયેલી સંજ્ઞા પાછી આવી એજ આજે એમને મોટામાં મોટું અનિષ્ટ હતું. બધાની સામે એમને જોવાની હિંમત નહોતી, છતાં આંખ ઉઘડી અને ચારે દિશામાં ફરી વળી પુત્રની લાશ ફરીથી નજરે પડી. ફરીથી તેઓ ભોંય પર બેસી ગયા.

"માસ્તર સાહેબ, હવે ધીરજ રાખો. થયું તે થયું. મારો અને આપનો વખત નકામો જાય છે" કૉન્સ્ટેબલે જાગ્રત થવાની જરૂર જણાવી. માસ્તર ઉભા થયા, અને જાણે કોઇ દિશાભૂલ્યો અડબૂત હોય તેમ સૌની આગળ આવ્યા. પાછળ બધું સરઘસ આવ્યું. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાએ શબની ઝોળી લીધી.

ઘડીમાં સર્વને બનેલા બનાવની ખબર પડી. સર્વેએ યોગ્ય લાગ્યું તે રૂપમાં વાત આગળ હાંકી અને સાંકળની ખૂટતી કડીઓ ફાવી તેમ સાંધી.

પાંચ વાગે ટ્રેન જંકશન તરફ જતી હતી તેમાં કૉન્સ્ટેબલનો રિપોર્ટ ગયો. રાતની પાછી આવતી ટ્રેનમાં દાકતર સાહેબ આવ્યા અને તારથી માસ્તરને જામીન રજુ કરવાનો હુકમ પણ મળી ગયો. દાકતરે ગળું દબાવવાથી મરણ થવાની નોંધ લીધી.

પ્રમોદલાલ આવ્યો હતો તો ઝવેરાત ખપાવવા, પણ એનો વધારે વખત આ બનાવ બનતાં વારંવાર સેશન્સમાં હાજરી આપવામાં રોકાયો..અને ખાસ જાણવા જેવું તો એ હતું કે એણે કરેલી ફરિયાદ માસ્તર સાહેબ વિરુદ્ધજ હતી; કારણ કે પેલા બે સાંધાવાળા તો તેમનું માત્ર હથિયાર બન્યા હતા અને એજ માસ્તર સાહેબ માટે દરેક વખતે એના હૃદયમાં દયાનો ઉભરો આવતો.

જીવે કોર્ટમાં ખુલ્લો એકરાર કર્યો કે તેણે અને ભીમે માસ્તર-ની શીખવણીથી ખૂન કર્યું હતું. ભીમે આ વાત ગલત હોવાનું જાહેર કર્યું; પણ શબ સ્ટેશન પાસેથીજ મળેલું, વળી માસ્તરનાજ દિકરાનું તેથી તેમના ઉપર ગુનો સાબીત લાગવાની દલીલે નામદાર કોર્ટે બંનેને સાત વર્ષની સજા કરી.

(૮)

માસ્તર સાહેબની મદદે, રેલવે કંપની આવી. માસ્તરને નિર્દોષ ઠરાવવા માટે બળવાન પ્રયત્ન કર્યો, અને પાંચ છ મહિના પછી આવા ભયંકર કેસની હાડમારીમાંથી જેમાં મોં બતાવવું પણ પોતા-ને રૂચતું નહિ એવી સેશન્સના ધક્કામાંથી તેઓ મુક્ત થયા.

કોર્ટે તો નિર્દોષ ઠરાવ્યા. પણ હાથે કરેલ આ ભયંકર કૃત્ય તેમની પાછળ ભમતું હતું. પોતાનોજ પુત્ર, વળી રળતો કમાતો, પોતાનાજ લોભને કારણે પોતેજ મરાવી નાખ્યો હતો, એ સત્ય તેમની આગળથી ઘડીભર પણ દૂર થતું નહિ. નોકરીમાંથી રજા મળીજ હતી. સમાજમાં તેઓ દાખલારૂપ બન્યા હતા. ગમે ત્યાં ઉભા હોય ત્યાં એકાએક વખત નીકળે "બાપે દિકરાનેજ મરાવી નાખ્યો! કોઇનું કામ કાઢવા ગયો ત્યાં દિકરોજ કામ આવી ગયો" ત્યારે તેમને જમીન માર્ગ આપે તોપણ વધારે ઠીક એમ થઇ આવતું.

(તા. ૧,૮ તથા ૧૫ ફેબ્રુઆરી ૧૯૩૪ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૬—મૂડીવાદી બગભગત

(લેખક:-શ્રી. સીતારામ શર્મા.)

ઇશ્વરલાલ મહેતાજીની સાથે નગીનદાસ શેઠ પોતાની ખાનગી ઑફિસમાં ગુસ્સાથી વાત કરી રહ્યા હતા. તેથી આખી પેઢીમાં સનસનાટી ફેલાઇ ગઇ હતી.

ઇશ્વરલાલ સામાન્ય રીતે ધાર્મિક અને નીતિમાન ગણાતા. ઓછામાં ઓછાં બે વખત દર્શન ન થાય તે દિવસે એક ટંક કરતા, પ્રમાણમાં એમના જેવા શ્રીમંતો કરતાં તે વિશેષ શાંત હતા. માણસો સાથે તે ભાગ્યેજ ગુસ્સે થતા.

પેઢીમાં નવો માણસ રાખવાનો હોય ત્યારે તે ઘણાજ ચોક્કસ રહેતા. જવાબદારીવાળા કામ માટે રાખેલા માણસો પાસેથી સદ્ધર માણસોની ખોળાધરી માગતા. તેની નીતિને કસોટીએ ચડાવવા માટે તે ખાસ તરકીબો ગોઠવતા અને જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે પ્રમાણિકતાની અને નીતિની શિખામણો સૌને આપતા.

પોતે સામાન્ય કામમાંથી પેઢીના ભાગીદાર થયા અને તે પછી શેઠપદે પહોંચ્યા, તેનો દાખલો આપતાં અનેક વખત તે કહેતા: 'ભાઇ, એ બધું મારી પ્રમાણિકતા અને નીતિનું ફળ છે. કર્તાહર્તા તો શ્રીહરિ છે, પરંતુ માણસની નેકી અને પ્રમાણિકતાનો બદલો આપ્યા વિના તેનોયે છૂટકો નથી."

અને શેઠના બાહ્યજીવનનો જેટલો અનુભવ તેમના માણસોને થઇ શકતો, તે પરથી તેમને નીતિમાન અને પ્રમાણિક માણસ તરીકે તેઓ ઓળખતા.

*

* *

ઇશ્વરલાલ નગીનદાસની પેઢીનો નામાવટીઓ હતો. તે જેટલો નિખાલસ અને સાચાબોલો, તેટલોજ નીતિમાન અને પ્રમાણિક પણ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડીવાદીઓનાં અને સ્થાપિત હિતવાળાઓનાંજ હિત સચવાય તે માટે પ્રમાણિકતા, નીતિ, વફાદારી, સત્ય ભક્તિ એ બધાની ત્રેવડ થયેલી છે, એવું જો કોઇ ઇશ્વરલાલને કહે તો તે કથનનો બુદ્ધિપૂર્વક વિચાર કરવા રોકાયા વિના શ્રદ્ધાપૂર્વક તે એનો વિરોધ કરતો. તે કહેતો: "આપણે એવા બુદ્ધિવાદમાં ઉતરવાની જરૂર નથી. જડવાદીઓને એ બધું સોંપ્યું. એ માથાકૂટની આપણે શું જરૂર? દુનિયા ગમે તે કરે, આપણે તો આપણી જાત પૂરતી કાળજી રાખવી."

અને એ સ્વીકારવું જોઇએ કે ઇશ્વિરલાલનું અત્યાર સુધીનું જીવન એની એ માન્યતા પ્રમાણેજ એકધારૂં ચાલ્યું આવ્યું હતું. તેણે પોતાના માર્ગમાં આવેલી લાલચોને અનેક વખત લાત લગાવી હતી. પોતાની સત્ય નિષ્ઠાને તેમજ સ્પષ્ટ વક્તવ્યને લીધે, તેણે અનેક સ્વજનોને તેમજ મિત્રોને પણ માઠું લગાડતાં ડર ખાધો નહોતો. તે નિર્મળ નિખાલસતાથી એમજ માનતો હતો કે, નીતિ અને પ્રમાણિકતાનો બદલો ઇશ્વરજ આપે છે.

નગીનદાસ શેઠની નોકરી તે પ્રમાણિકતા સાથે એકનિષ્ઠ વફાદારીથી કરતો. તે પોતાના શેઠને નીતિમાન અને પ્રમાણિક માનતો. અને એવા શેઠની નોકરીમાં ઓછું મળતર હોવા છતાં તે પરમ સંતોષ અનુભવતો.

*

* *

નગીનદાસના ગુસ્સાનું પ્રમાણ ક્રમે ક્રમે વધતું ગયું. "ઇશ્વિરલાલ" તેણે બરાડો પાડયો: "હું તમારો શેઠ છું. હું કહું તે કામ કરવા તમે બંધાયલા છો."

"તે કામ હું કરતોજ આવ્યો છું."

"તો પછી આ કામમાં કેમ ના પાડો છો ?"

"કારણ કે તે અનીતિનું કામ છે."

"એ તમારે જોવાનું નથી."

"શેઠ ! બેઅદબી માફ કરજો, પણ આ કામને અને મારી નોકરીને સંબંધ નથી."

"કેમ, નામું લખવું એ તમારૂં કામ નથી ?"

"જરૂર છે, પણ ખોટા ચોપડા બનાવવા એ મારૂં કામ નથી."

"તમે મારી સામે થાઓ છો ?"

"ના. જે નીતિ અને પ્રમાણિકતાનો તમે આજ સુધી ઉપદેશ આપ્યો છે, તેનું હું પાલન કરૂં છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એનું પરિણામ જાણો છો ?"

"તમારા જેવા નીતિના હિમાયતી અને ભગવદ્ભક્ત મારી આ કસોટી પછી, મારી પ્રમાણિકતાની જરૂર કદર કરશે."

"ઇશ્વરલાલ! તારી ભૂલ છે. તું મારી વાત બરાબર સમજ્યો નથી. મને લાગે છે કે તું જરૂર વેદીઓ છે. અને એવા માણસોનું આ વ્યવહારૂ દુનિયામાં સ્થાન નથી." નગીનદાસે તેને વ્યવહારૂ ધર્મ સમજાવવા માંડયો.

"એટલે ?" ઇશ્વરલાલ ચમકી ગયો.

"એટલે એજ કે, નીતિ અને પ્રમાણિકતા આપણને સગવડ-કારક હોય ત્યાં સુધી તેને કોઇ પણ ભોગે વળગી રહેવું, પણ જો તે આપણા માર્ગમાં અગવડકારક થાય તો તેને ત્યાજ્ય ગણવાં."

"એ તો નર્યો દંભ કહેવાય !"

"દંભ ને ફંભ. ઇશ્વિરલાલ! હું તારા જેવો વેદીઓ રહ્યો હોત તો આજે શેઠીઓ બનવાને બદલે રસ્તાનો ભિખારી રહ્યો હોત."

"એટલે શું ધનવાન બનવા માટે નીતિ અને પ્રમાણિકતાનો ત્યાગ કરવો ?"

"ત્યાગ તો શું પણ જરૂર પડે તો તેનો ઓળોગોળો કરીને દરિયામાં પધરાવી દેવો. એતુંજ નામ વ્યવહારધર્મ. ઇશ્વિરલાલ! હું તને જે કંઇ કહું છું તે ખાનગી કામ છે. કોઇ જાણવા નથી એકું કે તેં ખોટું નામું લખ્યું છે. અને મને લાભ થાય છે."

"પણ શેઠ! આયપતવેરાની બસો–પાંચસોની રકમ બચાવવા તમે આવું જુઠાણું કરવાનું કહો છો ? બીજું કોઇ એ કામ નહિ જુએ તો ભગવાન તો જોવાનો છેજ ને ? શેઠ, હું તો આજ સુધી તમને પરમ ભગવદીય, નીતિમાન અને પ્રમાણિક માનતો હતો..."

"બસ !" નગીનદાસ બરાડી ઉઠયો "મારે તારી એ બધી વાતો સાંભળવી નથી. બોલ, તારે હું કહું તેમ કરવું છે કે નહિ ?"

"નહિ, નહિ અને નહિ. શેઠ! એક વખત તો શું પણ દશ હજાર વખત નહિ." ઇશ્વરલાલે જુસ્સાથી કહ્યું.

"તો આજથી તું મારે ત્યાં નહિ."

"ભલે, નોકરીની ખાતર હું અનીતિ કરીશ નહિ."

"કંઈ વાંધો નહિ. પણ શેઠ! મને નોકરી રાખતી વખતે તમે મારી પ્રમાણિકતા માટે ખાતરી અને જામીન માગ્યા હતા..."

"તે હશે, હું હવે તમારી વાત સાંભળવા માગતો નથી." નગીનદાસે વળી બરાડો પાડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"છતાં મારે તમને એ વાત કરવીજ છે." મરણીયા જેવી અડગતાથી ઇશ્વિરલાલ બોલતો હતો.

એની એ અડગતા નીતિ અને પ્રમાણિકતાની કલ્પનાસૃષ્ટિમાંથી ખડી થઈ હતી. આજે તેની આંખ આગળ એ સૃષ્ટિની ઈમારતો તૂટી પડતી લાગી, ભીષણ ભૂકંપથી મહાન ઇમારતો કકડભૂસ થઇ જાય તેમ.

ઇશ્વિરલાલ જેવા શુદ્ધબુદ્ધિના નિખાલસ માણસને માટે એ આંચકો અસહ્ય હતો. તેણે હરિશ્ચંદ્ર, નળ, યુધિષ્ઠિરને યાદ કર્યા, તેની આંખ આગળ સકળ વિશ્વ ફૂદડી ફરતું લાગ્યું, એની નીતિ અને પ્રમાણિકતાની માન્યતાને તેના નીતિમાન, પ્રમાણિકતાના પૂજક અને ભગવદ્‌ભક્ત મનાતા શ્રીમંત શેઠ સુરંગથી ઉડાવી રહ્યા હતા. ઇશ્વરલાલનું દિલ એ વાત માનવાની ના પાડતું હતું, તેના કાન નગીનદાસના શબ્દોને સાચા માનવાનો ઇન્કાર બોલતા હતાઃ એની આંખો એને નગીનદાસને સ્થાને વેશપલટો કરીને કોઇ શયતાન ઉભો હોય તેમ જોવા તેને સમજાવતી હતી.

તેના માનસને લાગેલા ભયંકર આઘાતનું પરિણામ એના વદનના ભાવપરિવર્તનમાં આવ્યું. તેનો દેખાવ જોઈ નગીનદાસ ગભરાયો. અને ઇશ્વરલાલને બોલતો અટકાવવાની તેનામાં તાકાત ન રહી.

*

* *

"નગીનદાસ" હવે ઇશ્વરલાલ તેને શેઠ કહેવા તૈયાર નહોતો "તમે માણસ નથી પણ શયતાન છો, શ્રીમંત નથી પણ લૂંટારા છો, ભક્ત નથી પણ હરામખોર છો, નીતિમાન નથી પણ દંભી દગાબાજ છો, પ્રમાણિક નથી પણ પાપી છો. તમારા જેવા માણસને માત્ર નિર્ધનતાને લીધે અમારા જેવાઓ તરફ અવિશ્વાસ બતાવી, પ્રમાણિકતાની સાબિતી માટે ખોળાધારીઓ માગવાનો શું હક્ક છે? જો આ જગત તમારા જેવા બગભકતોથી ભરેલું હોય તો તેનો નાશ થાઓ..."

"બસ કરો ઇશ્વિરલાલ," નગીનદાસ શેઠને છાજતી હિંમત અને અકડાઇથી તેને અટકાવીને બોલી ઉઠ્યો: "તમે હવે અહીંથી ચાલ્યા જાઓ. તમારા જેવા વેદીઆઓની માગણીથી જગતનો નાશ થવાનો નથી તેની ખાત્રી રાખજો. જાઓ, હવે સાહેબજી ! તમારો પગાર આપવો તો ન જોઇએ, છતાં હું એટલો કઠોર થવા માગતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એટલે કેશિયર તમને પગાર આપી દેશે. હવે કોઈ સો ટકા નીતિમાન અને પ્રમાણિક શેઠ શોધી કાઢજો."

સિદ્ધાંતભક્તિની ધૂનમાં ઈશ્વરલાલ એ અપવિત્ર વાતાવરણમાંથી તુરતજ ચાલી ગયો.

*

* *

નાણાંભીડને નામે ચારે તરફ શ્રીમંતો કામદારો પર કાપકુપની કાતીલ કુહાડી ચલાવી રહ્યા હતા. મૃત્યુના ભીષણ નૃત્ય સમી બેકારી ચોદિશથી ખાઉં ખાઉં કરતી નોકરી અને મજૂરી પર જીવનગાળાનો આધાર રાખનારાઓને ભરખી જવા તાંડવ ખેલી રહી હતી.

ઈશ્વરલાલે નોકરી છોડયા પછી એ બેકારોની મહાસેનામાં એક નવા બેકારનો ઉમેર્યો કર્યો.

એને હજી પ્રમાણિકતા અને નીતિની ભાવનામાં પરમ શ્રદ્ધા હતી. તે પોતાની સિદ્ધાંતભક્તિમાં નિખાલસ હતો. અને બેકારીને લીધે ગમે તેટલાં કષ્ટ ભોગવવાં પડે, તોપણ તેને ભક્તિની કસોટી તરીકે માનીને તે સહી લેવાની વિશુદ્ધ ધૂનથી તે અનેક પાપીઓ વચ્ચે એક પુણ્યશાળીના ગૌરવથી ફરતો.

મહિના પછી મહિના વીતતા ગયા, છતાં ઈશ્વિરલાલની નીતિની ભાવનાનો કે પ્રમાણિકતાનો બદલો સૌનો ન્યાય કરનાર પ્રભુએ ન આપ્યો; દરમિયાન નગીનદાસ જેવા અનીતિમાન માણસને ખોટો ચોપડો બનાવનાર માણસ મળી ગયો હતો અને થોડાક સેંકડોનો આયપત વેરો બચાવ્યા ઉપરાંત તે વ્યવહારૂ માણસ તરીકે વ્યાપારમાંથી નફો નીતારતો જતો હતો. તેમજ ઇશ્વરલાલની ઇચ્છા પ્રમાણે જગતનોયે નાશ થયો નહોતો.

માત્ર નાણાં વિના તેનાં કુટુંબીજનો સાથે તેનેજ ત્રાસ વેઠવો પડતો હતો.

"ઈશ્વરભાઇ, નીતિ અને પ્રમાણિકતા એ તો સામાન્ય જનતાને વશ રાખવા માટે સ્થાપિત હિતવાળાઓએ કલ્પી કાઢેલી યોજનાનો એક વ્યવસ્થિત ભાગ છે." તેના એક મિત્રે એક દિવસ ઈશ્વરલાલ સાથે ચર્ચા કરતાં કહ્યું.

"હું તેમ માનતો નથી. રામરાય! તમારા વિચારો દહાડે દહાડે જડવાદી થતા જાય છે. તમે મારા મિત્ર છો, પણ હું તમારા આ વિચારો સાથે સહમત થઇ શકું તેમ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તેમાં કંઇજ નવાઇ નથી ઇશ્વિરભાઈ! અનેક વર્ષોથી નીતિને નામે જે વ્યવસ્થિત ભ્રમણા ઉભી કરવામાં આવી છે, તેથી તેણે સત્યનું રૂપ પકડયું છે અને સામાન્ય જનતા પૂરેપુરી નિખાલસતાથી તેમાં શ્રદ્ધા રાખે છે, એટલે તમે જ્યાંસુધી કહેવાતા અધ્યાત્મવાદને છોડી નક્કર ભૌતિકવાદી નજરે આ બધી વ્યવસ્થાને જોતા ન થાઓ ત્યાંસુધી તમારા વિચારો બદલાવાના નથી."

"રામરાય! દંભી બગભક્તોની દાંભિકતાની વેદી પર ભલે હું અને મારૂં કુટુંબ બલિદાન બનીએ, તોપણ આ ઇશ્વિરલાલ પોતાની સિદ્ધાંતભક્તિમાંથી કદી પણ ચળવાનો નથી. દાંભિકતાના બલિદાન તરીકે અમારો ભોગ કોઇક વખતે તો કોઇકની આંખ ઉઘાડશે..."

"એ બધી હવાઈ કલ્પનાઓ છે. ઇશ્વિરભાઇ! જગતના આદિયુગથી આજ સુધી તમારા જેવા લાખ્ખો નહિ પણ કરોડો નિખાલસ માણસોએ એવી જ સિદ્ધાંતભક્તિની ભૂલભરી માન્યતાની વેદી પર બલિદાન બન્યા છે, છતાં તેથી હજી કોઇની આંખ ઉઘડી નથી. તે માટે તો જુદીજ વિચારસરણીની જરૂર છે."

"તે હશે, પણ મારે માટે તો મારા વિચારોજ ઠીક છે."

"તે ભલે. છતાં યાદ રાખજો ઇશ્વિરભાઇ, કે એ જાતના વિચારોથીજ દંભી બગભક્તોની જમાત ચાલુ રહે છે. જ્યારે અમારા જેવાની વિચારસરણી પ્રમાણેની નવીન સમાજવ્યવસ્થા એવા દંભને માટે પ્રાણઘાતક ફટકા સમાન છે."

"મારાથી એ વિચારો સમજી શકાતા નથી."

ઇશ્વિરલાલ છેવટ સુધી મક્કમ રહ્યો.

*

* *

નોકરીનો પત્તો ખાતો ન હતો. પાસેની થોડી ઘણી મૂડી ખલાસ થઇ ગઇ હતી. લહેણદારોની ઉઘરાણી વધી હતી. ઇશ્વિરલાલની મુંઝવણનો પાર ન હતો.

તેવામાં સખ્ત મહેનત અને ચિંતાથી એની પત્ની બિમાર થઇ.

ઇશ્વિરલાલ તેને પોતાના પ્રાણતુલ્ય ચાહતો. પરંતુ આજે દાક્તર બોલાવવા માટે તેની પાસે પૈસા નહોતા.

ઇશ્વિરલાલની મુંઝવણે તેના માથાને ફેરવવા માંડયું. તેનાથીયે ન સમજી શકાય તેવો પલટો તેમાં થયો.

હતાશ બનેલો ઇશ્વિરલાલ બધું સહન કરી શકયો, પણ પત્નીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદગી વખતે આર્થિક મુંઝવણ તેનાથી સહન થઇ ન શકી.

"નીતિભક્તિનું અને પ્રમાણિકતાનું આજ ફળ?" તેના અંતરમાંથી અવાજ ઉઠયો.

અને વિચારપરંપરાએ તેને ઘેર્યો, 'ઇશ્વર બધું કરે છે' એવી તેની શ્રદ્ધા તે વખતે ડગી ગઇ અને તેના વિચારોને કેંદ્રસ્થાને નગીનદાસ આવીને ઉભો રહ્યો.

"એણેજ મારી આ દશા કરી."

પછી તો એ વિચારમાળાજ ચક્કર ચક્કર ફરવા લાગી.

"એણેજ મારી આ દશા કરી" એ પાંચ શબ્દો તેની આંખો આગળ ધગધગતા અંગારાની માફક દેખાવા લાગ્યા. આખી દુનિયા તેની નજર આગળથી એકાએક અદશ્ય થઇ.

ઇશ્વિરલાલ દિવાના જેવો બની ગયો.

"એણેજ મારી આદ શા કરી" એતું એ વાકય તે બોલવા લાગ્યો.

અને કોઇક અદશ્ય શક્તિએ તેને ખેંચ્યો હોય તેમ તે ઘરમાંથી નીકળી ગયો.

*

* *

નગીનદાસના મકાન આગળ ખૂબ ખળભળાટ મચ્યો હતો. નગીનદાસનું ખૂન થયું હતું.

ઇશ્વિરલાલ લોહીઝરતા ખંજર સાથે તેના શબ આગળ ઝનુની દિવાના માફક ઉભો હતો: અને દિવાનાની માફક બોલ્યા કરતો હતો:

"એણેજ મારી આ દશા કરી!"

(તા. ૧૮-૨-૧૯૩૪ ના અઠવાડીક "પ્રજામિત્ર કેસરી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६७–एरिंग

સંધ્યા શાંત હતી, પવન પણ શાંત હતો, સાગરનાં નીર પણ શાંત હતાં. સર્વ કાંઇ શાંત હતું, પણ રસીદનું હૃદય ?

તેનું હૃદય શાંત ન હતું! અશાંત હતું, એ અશાંત હૃદયમાં આગ હતી, રસીદ એ આગમાં બળતો'તો, આગનો એ સ્વભાવ છે કે પોતાના સપાટામાં સપડાએલી વસ્તુને બાળી ખાખ કરે! પણ રસીદને તે ખાખ ન કરી શકી.

એ આગ ખાખ કરે તેવા પ્રકારની હતીજ નહિ; જુદાજ પ્રકારની હતી. એ આગ એવા પ્રકારની હતી કે માણસ બળી બળીને જીવે! રસીદને માટે પણ એમજ હતું. એ જીવતો'તો, બળી બળીને!

રસીદ ગરીબ હતો. ગરીબાઇમાં બેકાર બન્યો હતો. ને બેકાર એટલે મૃતદશા, અને એ મૃતદશા એજ એની આગ હતી.

એ બળતી આગમાં માત્ર તેને એક સહારો હતો, અને તે એની સ્ત્રી. એનું નામ ગુલનાર!

ગુલનાર ગુલનારજ હતી. ગુલ એટલે ફૂલ, એ ફૂલ વિકસિત હતું સર્વ વાતેઃ હુસ્નમાં, અંદાઝમાં, વિચારમાં, ગુણમાં.

રસીદ એના હુસ્નનો પરવાનો હતો; એના અંદાઝનો મજનું હતો, એના વિચાર પર મુગ્ધ હતો, એના ગુણ પર મરતો.

અને ગુલ? એ તો એની શયદા હતી, મરતા રસીદ પર એ જાન આપતી હતી; જોડી મઝાની હતી.

બેઉ બેઠાં હતાં. આકાશ તરફ જોઇ રસીદ બોલ્યોઃ

"અત્યારે સમય કેવો છે ગુલ ?"

"સંધ્યાનો."

"આપણું જીવન પણ એવુંજ છે ને ?"

"ક્યારેક ઉષા જેવું પણ હતું ને ?"

"એ ખરૂં, પણ હમણાં ?"

"એમાં શું ? એ તો માનવજીવનના તબક્કા છે. જીવન ક્યારેક ઉષાસમ તો ક્યારેક સંધ્યામય !" એટલું બોલી એ હસી. એ હાસ્ય લૂખ્ખું હતું; તેમાં મિઠાશ ન હતી. ગુલ પણ મિઠાશ વિનાનુંજ હસી હતી. અને તે, એ સમજતી હતી, પણ સીર્ફ રસીદના મુંઝા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યલા દિલને દિલાસો આપવા તે હસી હતી.

જો કે રસીદના દિલને દિલાસો આપવા તે હસી, પણ છતાં પોતે જાણતી હતી કે 'હવે શું કરશું?' ઘરમાં ફક્ત બાકી બે રૂપિયા રહ્યા છે. ઘરેણામાં માત્ર "એરિંગ"ની જોડ છે; પણ એથી થવાનું શું હતું?

આમ એક તરફ રસીદ બળતો'તો, બીજી તરફ ગુલનાર. એવી દશામાંય એના મુખમાં નિરાશા ન હતી, ચહેરા પર સ્મિત હતું. આંખમાં આશા રમતી હતી, મરતા માણસ જેવી!

'પણ હવે શું કરશું શું ગુલ?"

"કરશું શું? ખુદા માલીક છે. મુંઝાવ છો શા માટે?"

"ન મુંઝાઉ તો શું કરૂં?"

"સોની પાસે જાવ."

"ત્યાં શું છે?" એરીંગ કાનમાંથી ઉતારતાં ગુલ બોલી.

"લ્યો આ એરીંગ, ગીરવી રાખી તેના પર પૈસા લાવો."

"એ પૈસા કેટલા દિવસ ચાલશે?"

"દિવસોની ચિંતા તમે શામાટે કરો છો? પછીનું ખુદા નહિ સંભાળી લ્યે?"

રસીદે એરીંગ લીધાં. એરીંગ લેતાં એને વિચારો આવ્યા: કેવા શોખથી મેં બનાવરાવ્યાં હતાં, કેટલા ઉમંગથી મેં પહેરાવ્યાં હતાં! અને આજે તેને કેવા ઉમંગથી ઉતારૂં છું? એ વિચારો ન હતા, નસ્તર હતાં, એક એક વિચાર એક એક નસ્તર થઈ જીગરમાં ખૂંચતો હતો.

રસીદ જીગરમાં દર્દ ને હાથમાં એરિંગ લઇ સુલેમાન પાસે આવવા ઉપડયો.

રસીદનું મિત્રમંડળ વિશાળ હતું, સગાં પણ ઘણાં હતાં; પણ એ બધાં ગરીબી આવતાં દૂર ખસ્યાં હતાં. આજે સુલેમાન તેનો સહૃદયી હતો.

એ સહૃદય તેની હાલતથી અણવાકેફ હતો. કારણ, તેઓની મિત્રતા નવી હતી: માત્ર સાત આઠ માસનીજ.

એને રસીદની હાલતની દરકાર ન હતી. એ તો એમ સમજતો હતો કે, રસીદ સુખી છે.

રસીદને સુખી માનનાર રસીદની હાલતની દરકાર ક્યાંથી કરે? એ તો રસીદને જોતો ત્યારે બાલનાં બિછાનાં કરતો, એના રસ્તામાં જીગર પાથરતો.

એવા એ સુલેમાન પાસે, ના! ના! સુલેમાનના પ્રેમ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસીદે પોતાની હાલત છુપાવી હતી. પછી એ રસીદને સુખી માને એમાં નવાઈ શી ?

રસીદે એરિંગ લીધાં ને બહાર આવ્યો સુલેમાન પાસે આવવાને.

સુલેમાન પણ બહાર નીકળ્યો'તો રસીદ પાસે આવવા. રસ્તામાં બેઉ મળ્યા. સુલેમાન બોલ્યો:

"હું તો તારીજ પાસે આવતો'તો રસીદ."

"અને હું પણ તારીજ પાસે આવવા નીકળ્યો છું."

"સારૂં થયું, ચાલો હવે."

"ક્યાં જઈશું ?"

"સોની પાસે." રસીદ એ શબ્દો સાંભળી ચોંક્યો, પગ પાસે સર્પને જોઇ કોઇ ચોંકે એ રીતે.

"શા માટે ?"

"એરિંગ લેવાં છે." આ શબ્દોથી તો રસીદની હાલતજ બદલાઇ.

બેઉ મિત્રો હતા. બેઉને સોની પાસે જવાનું હતું; એકજ કાર્ય માટે; પણ એકને વેચાણ કરવું'તું, બીજાને ખરીદી. આ કેવી વાત ! કેવો સંજોગ ! !

રસીદ જે વાત સુલેમાન પાસે કરવા આવ્યો'તો તે ન કરી શક્યો. ખરી રીતે તો વાત કરવા માટે પણ તે ડગુમગુ હતો. અસ્થિર હતો, તેમાં સુલેમાનના 'એરિંગ'ની વાતથી તેના વિચારો પવન થઈ ગયા.

બેઉ સોની પાસે જવા ચાલ્યા જતા હતા ! બેઉના મનમાં "એરિંગ" રમતાં હતાં. વસ્તુ એકજ હતી, ભાવ જુદા હતા.

"આજે ફિલ્મ સારી છે, ત્યાંજ ચાલને ! એરીંગનું પછી જોઇ લેવાશે !" ચાલતાં ચાલતાં સુલેમાન બોલ્યો.

રસીદ પણ એજ વિચારી રહ્યો હતો કે સોની પાસે આજે ન જવાય તો સારૂં. કુદરત એના વિચારને અનુકૂળ થઈ. એ સુલેમાનના વિચારને સંમત થયો. અને બોલ્યો:

"કઇ ફિલમમાં જઇશું ?"

"સ્ટોડિયાની." રસીદ એકમત થયો ને બેઉ આવ્યા થીએટર પર. આવી ટિકિટો લીધી ને ગયા અંદર. સમય થતાં ફિલ્મ શરૂ થઈ! એક પછી એક દશ્ય આવવા લાગ્યાં.

"એક શેઠિયો હતો. માલેતુજાર હતો, માલેતુજાર હતો છતાં સટ્ટો રમતો હતો અધિક માલેતુજાર બનવા."

સટ્ટામાં એ મેળવતોજ ગયો. જેમ જેમ એ મેળવતો ગયો, તેમ તેમ એની લાલસા વધવા લાગી અને એ વધેલી લાલસાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને વધુ ઉત્તેજિત કર્યો. એ વધુ રમવા લાગ્યો; વધવાની આશાએ.

પણ એ વધુ મેળવી ન શક્યો. મેળવવા જતાં એ ગુમાવવા લાગ્યો. એણે ઘણા ગુમાવ્યા, મેળવ્યા અને ગુમાવ્યા.

ગુમાવવાથી એ બેતાબ થયો અને ગરમીથી રમવા લાગ્યો ત્યારે કદીક મેળવવાનો આંકડો વધી જતો તો કદીક ગુમાવવાનો. અંતે ગુમાવવાનો આંકડો ખૂબ વધ્યો જતો હતો; "સ્પિડોમીટર"નો લાલ કાંટો વધે એ રીતે.

ઝનૂનપર ચડેલા એ શેઠીઆએ પરિણામની દરકાર ન કરી. એ તો ફાસ્ટ રમ્યે જતો હતો, અંતની દરકાર સિવાય.

અને પરિણામ શું આવ્યું તે જણાવવાની જરૂર છે ખરી ?

પોતાની ઇજ્જત ટકાવવા એણે મિલ્કત પર નજર દોડાવી, દોડેલી નજર સ્થિર થઇ, ને મિલ્કત વેચાઇ.

છતાં પૂરૂં ન થયું. પૂરૂં કરવા એણે ઘરેણાં વેચ્યાં, છતાં અર્થ ન સર્યો. છેલ્લે તે "એરિંગ" વેચવા નીકળ્યો જીવનનિર્વાહ ચલાવ-વા, અને એજ તો સિનેમાલેખકની કમાલ હતી.

પડદા પર "એરિંગ"નો "ક્લોઝ અપ" જોઇ રસીદ કંપીને રહી ગયો.

સુલેમાનના મુખમાં 'એરિંગ'ની વાત હતી. પોતાના ખિસ્સામાં એરિંગ હતાં. પડદા પર પણ 'એરિંગ'જ આવ્યાં: આથી રસીદ-ના મુખમાંથી એક નિઃશ્વાસ નીકળી ગયો. સાથે અચાનક શબ્દો પણ સરી પડયા કે, "શું ! એરિંગ ભૂત થઇને પડયાં છે ?"

"શું છે રસીદ ?"

"કાંઇ નથી." સુલેમાને વધુ દરકાર ન કરી. એનું જિગર દશ્યમાં એકતાર હતું, ગાનાર વિણા પર એકતાર હોય એ રીતે.

થોડી વાર થઈ સટોડિયાની દયા ખાતો સુલેમાન બોલ્યો: "એ એરિંગ પછી શું કરશે ?"

રસીદ એને જવાબ કેવી રીતે આપે? એનો પણ એજ સવાલ હતો કે, એરિંગ પછી હું શું કરીશ ? સવાલો બન્નેના એક હતા પણ જવાબ ક્યાં ?

"એરિંગ પછી શું કરશે ?" સુલેમાને પૂછવું ચાલુ રાખ્યું. ઉત્તરમાં તો પોતેજ હતો, પણ એ ઉત્તર એનાથી આપી ન શકાયો. એ બનાવટ કરતાં બોલ્યો: "એરિંગ વેચી નાખે."

"પછી ?" ગુલનારે શું કહ્યું હતું તે રસીદને યાદ આવ્યું, જેથી બોલ્યો: "ખુદા પર વિશ્વાસ રાખે."

આ ઉત્તરથી સુલેમાનને સંતોષ થયો, પણ જોઇએ તેવો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના મનમાં એજ વાત રમ્યા કરતી હતી કે "આવી દશામાં આવી પડેલો માણસ શું કરે ?"

ફિલ્મ ફિનીશ થઈ. બેઉ બહાર આવ્યા. થિયેટરથી ઘર બેઉનાં દૂર ન હતાં. એટલે વાહનની દરકાર ન કરતાં બંને ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં સુલેમાન બોલ્યો:

"ફિલ્મ ઘણીજ દર્દભરી હતી નહિ ?"

"મારા જેટલી નહિ," પણ એ શબ્દો રસીદ બોલી કેમ શકે ? એ બોલ્યો: "સમાજને આવાંજ ચિત્રપટોની જરૂર છે."

પછી થોડીક અર્થ વગરની વાતો થઇ ને રસીદનું ઘર આવી લાગતાં બંને છૂટા પડયા.

રસીદ ઘરમાં આવ્યો. ગુલ પૂછવા લાગી:

"એરિંગ રાખી આવ્યા ?"

"આજે જવાયું નથી, કાલે વાત. બીજી તરફ સુલેમાનને પણ તેની સ્ત્રી રહિયા પૂછવા લાગી: "એરિંગ લાવ્યા ?"

"આજે જવાયું નથી, કાલે વાત."

બેઉના ઘરમાં એકજ વાત: એક તરફ ગુલનાર એરિંગ રાખી આવવા વિષે પૂછી રહી હતી; બીજી તરફ રહિયા એરિંગ લાવવા વિષે પૂછી રહી હતી. બેઉ મિત્રોના જવાબ પણ એકજ હતા. આ પણ એક વિચિત્રતા નહિ તો બીજું શું ?

રાત ગઇ, સવાર આવી, સૂર્ય જરા ઉપર આવ્યો ને રસીદ બહાર નીકળ્યો એરિંગ લઇને.

સોની પાસે આવ્યો: સોની રસીદને ન ઓળખે એ બનેજ કેમ ? રસીદે એરિંગ સોનીના હાથમાં આપ્યાં.

એજ તો એ એરિંગનો ઘડનાર હતો. આજે એજ તેનો લેનાર હતો. સોનીનું નામ હતું મનજીભાઈ. મનજી બોલ્યો, "આને શું કરવું છે ?"

"રખાવવાં છે" સોનીએ કાંટાનાં પલ્લાંને ફૂંક મારી એરિંગ નાખ્યાં, તોળ્યાં, ૪૨) નાં થયાં. મનજી કહેવા લાગ્યો: "૪૨નાં થયાં, ૩૬ મળશે."

"આપો."

"આ કાગળ લ્યો, વજન લખો,ઘરેણાનું નામ અને તમારૂં પણ."

રસીદે કાગળ લીધો ને સોનીના બોલેબોલ લખ્યા. કાર્ય પૂરૂં થયું. મનજીએ બેતાળીસના છત્રીસ આપ્યા, સોની એકટ પ્રમાણે !

રસીદ ઘેર આવ્યો રૂપિયા લઇને. બરાબર તેજ સમયે સુલેમાન નીકળ્યો એરિંગ લેવા, ખિસ્સામાં રૂપિયા નાખીને !!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ મનજીભાઈ! શું થઈ રહ્યું છે?"

સોની પાસે આવતાં સુલેમાન બોલ્યો.

"અહો, આવો આવો, સુલેમાન શેઠ! ઘણે દિવસે?"

સુલેમાન બેઠો, મનજી કહેવા લાગ્યો: "શું ફરમાસ છે શેઠ?"

એરિંગની એક સુંદર જોડ જોઈએ છીએ."

"ભલે, બનાવી આપું."

"તૈયાર જોઈએ, બનાવવી નથી."

તૈયાર નથી એટલે કહું છું કે બનાવી આપું!"

"સેમ્પલ?"

"વારૂ, એકાદ સારી જોડ બે–ચાર દિવસમાં બનાવી રાખજો."

"સેમ્પલનું શું કામ છે? તમારા ધ્યાનથી એક સરસ જોડી બનાવી રાખજો."

"મારી પાસે બે–ચાર જુદા જુદા નમુનાની જોડી ગીરે પડી છે, એને પસંદ કરાવી આવો એટલે "શેઠાણી"ના મનપસંદ બને!" મનજી હસતાં હસતાં બોલ્યો.

"વારૂ! લાવો."

મનજીએ બે–ત્રણું જોડીઓ આપી. એમાં રસીદવાળી જોડ પણ હતી.

એ ત્રણે જોડી ગીરો હતી એટલે સાથે ગીરોખતના કાગળો હતા. સોનીએ જોડીઓ સુલેમાનના હાથમાં મૂકીને કાગળો ગાદી પર મૂક્યા અસ્તવ્યસ્ત.

સુલેમાન એરિંગ જોવા લાગ્યો. એરિંગ જોતાં જોતાં એની નિગાહ રસીદના ગીરોખત પર અચાનક પડી.

એ નો'તો જાણતો કે, આ ગીરોખત રસીદનું છે; એ તો અમસ્થો વાંચવા લાગ્યો, ચાલતો માણસ નામનાં પાટીઆં વાંચે એ રીતે. કાગળનું વાંચન પૂરૂં થતાં એના હોશ ઉડી ગયા. એ બોલ્યો: "આ કોની જોડી છે?"

બે–ચાર વખત ઘરેણાં લેવા રસીદ સુલેમાનની સાથે આવ્યો હતો. એટલે મનજી કહેતાં જરા સંકોચાયો: "હશે કોઈની પણ. તમે તમારે પસંદ કરાવી લાવો ને?"

"તોપણ......?"

"રસીદની છે."

"એ ક્યારે રખાવી ગયો?"

"હમણાં."

"શું હમણાંજ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા !"

"કેટલામાં ?"

"છત્રીસમાં."

"વારૂ ! એ જોડી મને આપ ને લે આ ચાલીસ."

"અરે શેઠ ! એની મૂળ કિંમત ૪૨) છે. ગીરવીમાં હમેશાં બે–ચાર ઓછાજ અપાય છે."

૪માં બીજી એક નોટ ઉમેરતાં સુલેમાન બોલ્યો: "લે આ ૫૦)"

"પણ........"

"પણ બણ રહેવા દે ને; તું મને ઓળખે છે ને; હું એનો મિત્ર છું. એ લેવા આવશે નહિ. લેવા આવે તો મારૂં નામ લેજે !"

સુલેમાને એરિંગ લીધાં. ને રસીદ પાસે આવવા નીકળ્યો. રસ્તામાં રાતની વાત તેની આંખ સામે આવી ઉભી રહી. "એરિંગ ભૂત થઇને પડયાં છે" એ શબ્દનો અર્થ હવેજ તે સમજી શક્યો. "પણ ખરી રીતે કોઇની આવી દશા હોય તો એ શું કરે ?" એનો ઉત્તર એ શામાટે એણે ઉડાવનારો આપ્યો ? અંતરમાંથી અવાજ આવ્યો: "ઉત્તરમાં એજ હોય, પછી ઉત્તર શું આપે ?" તો હવે એ શું કરશે ? એ આગળ વિચારી ન શક્યો. એનું હૃદય મિત્રપ્રેમથી છલકાઈ ગયું અને તે છલકાયલી પ્યારની લાગણી આંખોમાં આવી વસી.

મિત્રની આવી કફોડી સ્થિતિથી એનું અંતઃકરણ રડી ઉઠ્યું.

સુલેમાન રસીદને ઘેર આવ્યો. રસીદ ઘેરજ હતો, બેઠો હતો, સામે ગુલનાર પણ બેઠી હતી. એ સુલેમાનને આવકાર આપતાં બોલી: "આવો ભાઈ"

સુલેમાન કાંઇ ન બોલ્યો. ખિસ્સામાં હાથ નાખ્યો, એરિંગ કાઢયાં, બતાવ્યાં, અને બોલ્યો: "આ કોનાં છે ?" બંનેએ એરિંગ જોયાં; અને અવાચક બની ગયાં. પથ્થરના પૂતળા પ્રમાણે !

બેઉની એકજ દશા જોઈ, એજ દશામાં એનો ઉત્તર હતો. આ ઉત્તરથી સુલેમાનનું હૃદય રડવા લાગ્યું. સામે બંનેનાં હૃદય તો રડતાંજ હતાં. ત્રણેનાં જીગરની એકજ સ્થિતિ હતી !!

(તા. ૧૮–૨–૧૯૩૪ ના અઠવાડીક "મુંબઈ સમાચાર"માંથી.)

સમાપ્ત

Gurukul Kangri Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आ संस्थाना तैयार ग्रंथो

૧--પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર તથા વી. પી. ખર્ચ જુદું લાગે છે. ૨–મંગાવેલામાંનું જે ન આવે તે ખલાસ સમજવું. ૩–મૂલ્ય તથા પેકીંગ ધ૦ ના ૦।≈ પ્રથમ મોકલીને ક્રમમાં ક્રમ ૮–૧૦ નાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી ખર્ચ બહુ ઓછો આવશે. ૪–અમદાવાદના કાર્યાલય માટે ઘણાંખરાં પુસ્તકોની કિંમત છાપ્યા કરતાં થોડી ઘટાડેલી તે પણ આમાં આપી છે; અને રૂ. ૧૦૦)નાં લેવાથી એમાં પણ ૬। ટકા કપાશે. ૫–મુંબઇના કાર્યાલય માટે આમાં જે કિંમત છાપી છે; તેમાં પણ ક્રમમાં ક્રમ ૨૫)નાં પુસ્તક લેવાથી એ આના મુજબ કપાશે. ૬–જે પુસ્તકની તરત માટે અથવા અમુક મુદત માટે કિંમત અરધી, પોણી કે કાંઇ પણ ઓછી રખાય, તેમાં કમિશન કપાશે નહિ, તથા મુંબઇના કાર્યાલયમાં ખર્ચ જોગી વધુ કિંમત રહેશે. ૭–આ સંસ્થામાં મળતી આંખ, વીંછી તથા સાપની દવાના લાભ તથા વાપરવાની અને બનાવવાની વિધિ વગેરે જુદું છાપેલું મળશે.

ઉત્તમ ધાર્મિક ગ્રંથો	મુંબઇમાં મૂલ્ય	અમદાવાદમાં
સંપૂર્ણ મહાભારત–શુદ્ધ ગુજરાતી ભાષાંતર ...	૩૬	...૩૨
તુલસીકૃત રામાયણ–ઉત્તમ ભાષાંતર–૩૨ ચિત્રો....	૪॥	... ૪)
મહાભારતનું શાંતિપર્વ–ઉત્તમ ભા૦, નવી આવૃત્તિ	૫	... ૪॥
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં ...	૧૦	... ૮
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા–નવી આવૃત્તિ	૨।	... ૨
શ્રીદાસબોધ–નવી આવૃત્તિ	૨।	... ૨
શ્રીભગવતી ભાગવત–ઉત્તમ ભાષાંતર	૪॥	... ૪
શ્રીમદ્‌ભાગવત–સચિત્ર નવી આવૃત્તિ છપાયેથી મળશે.		
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા...	૨॥	... ૨
મહાભારત અને રામાયણવિષે કેટલાક વિચાર ...	૦॥≈	... ૦।≈
શ્રીમહાભારત વિષે ખાસ જાણવા જેવા વિચાર ...	૧॥	... ૧
ધર્મતત્ત્વ–બંકિમચરિત્ર સાથે	૦॥।	... ૦॥
યોગતત્ત્વ	૧।	... ૧
સ્વામી રામતીર્થ–ચાર ગ્રંથમાં–ભાગ ૧ થી ૧૩ ...	૮।	... ૭
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ પહેલો ભાગ ૧–૨–૩ ...	૨।	... ૧॥।
,, ,, ગ્રંથ ૨ જો ભાગ ૪–૫	૨।	... ૧॥।
,, ,, ભાગ ૬–૭ ૦॥।, ભાગ ૮મો ૧॥, ભાગ ૯મો ૨)		
,, ,, ભા. ૧૦મો ૧) ભા. ૧૧ મો ૧॥≈, ભા. ૧૨–૧૩ ૧॥		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુમય જીવન–સુધારેલી ૫ મી આવૃત્તિ ... ... ૦।- ... ૦।
શ્રીસુબોધ રત્નાકર–નવી આવૃત્તિ ... ... ૦॥। ... ૦॥।
શ્રીવિષ્ણુસહસ્રનામ–ગુ. ભાષાંતર સાથે ... ... ૦)-। ૦)-
ઉપદેશસારસંગ્રહ–ભાગ ૧,૨ ભેગા ... ... ૧ ... ૧
શ્રીમદ્ભગવદ્ગીતા–ગુ. સરલાર્થ સહિત પાકું પૂંઠું ... ૦)≡॥ ૦)≡
,, ,, ,, મોટા અક્ષર... ૦।=॥ ૦।=
,, ,, શ્રીધરી અનુસાર અર્થ સાથે ૦।-॥ ૦।-
,, ,, માત્ર સરલાર્થ ... ... ૦)=॥ ૦)=
પંચરત્ન ગીતા–સરલાર્થ સાથે મોટા અક્ષર... ... ૦॥।=... ૦॥।
,, ,, ,, ,, નાના અક્ષરમાં ... ૦॥-... ૦॥
ભગવદ્ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષર ૦।, મોટા અક્ષર ૦॥
પંચરત્નગીતા-મૂલમાત્ર-નાના, મધ્યમ, મોટા અક્ષરમાં ૦।, ૦।=, ૦॥।

સંત–મહાત્માઓની વાણી

અખાની વાણી–મનહર પદ સાથે ... ... ૧॥ ... ૧।
પ્રીતમની વાણી–સર્વથી મોટો સંગ્રહ... ... ... ૧॥ ... ૧।
છોટમની વાણી–જુદા જુદા ત્રણ ગ્રંથોમાં ... ૩॥ ...૨॥।=

પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો

સ્વર્ગનું વિમાન ... ... ૧।= ...૧।
સ્વર્ગનો ખજાનો ... ... ૧।= ...૧।
સ્વર્ગનો પ્રકાશ ... ... ૧।= ...૧।

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

સુખી જીવનનાં સાધન ... ... ૦॥।=...૦॥।=
સુખસામર્થ્ય સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર ...૧। ... ૧
ભાગ્યના સ્રષ્ટાઓ ... ... ૧॥। ... ૧॥
આગળ ધસો–નવી આવૃત્તિ... ... ... ૧॥। ... ૧॥
આર્યોના સંસ્કાર અથવા **હિંદની વિદ્યાકળા** ...૦॥ ... ૦॥
શુભસંગ્રહ–ભાગ પહેલો ૦।, બીજો ૨॥, ત્રીજો ૧॥, ચોથો ... ૧॥
,, ,, પાંચમો ૧॥, છઠ્ઠો ૧॥।, ૭ મો ૧॥, ૮ મો ...૧॥
આદર્શ દૃષ્ટાંતમાળા–જુદા જુદા બે ગ્રંથોમાં ... ૨॥= ... ૨)=
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વ સાથે... ... ... ૧॥। ... ૧॥

ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં... ... ૧૦ ...૮॥
આર્યભિષક્ અથવા **હિંદનો વૈદરાજ**–આઠમી આવૃત્તિ ૩॥ ...૩
વૈદક સંબંધી વિચારો—૧૬૫ લેખોનો મોટો સંગ્રહ ૧॥। ...૧॥
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત ... ... ૦।- ...૦।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

શ્રીરામકૃષ્ણપરમહંસનું ચરિત્ર અને ઉપદેશો	૧ાા	૧ાા
સ્વામી ભાસ્કરાનંદ તથા વિજયકૃષ્ણ ગોસ્વામી	૧ાા	૧ાા
ભારતના વીર પુરુષો-બીજી આવૃત્તિ … …	૧	૦ાાા
સ્વામી રામતીર્થની જીવનકથા … …	૨	૧ાાા
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર … …	૨ાા	૨
શ્રી શિવાજી છત્રપતિ … … … … …	૨ા	૧ાાા
મહાન સમ્રાટ્ અકબર … … … …	૧ા	૧
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો … … …	૦ાાા	૦ાા
શ્રીભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત … …	૧ાા	૧ા
મુસ્લીમ મહાત્માઓ … … … … …	૧ા	૧ા
ભારતનાં સ્ત્રીરત્નો-ત્રણ ગ્રંથોમાં … … …	૬	૫ા
મહાન સાધ્વીઓ-ઉત્તમ ૧૫ ચરિત્રો … …	૧ા	૧ા
દાનવીર કાર્નેગી… … … … … …	૧ાા	૧ા
કાઉન્ટ ટૉલ્સ્ટૉય … … … … …	૨ાા	૧ાાા
નેપોલિયન બોનાપાર્ટ … … … … …	૩	૨ાા

ખાસ બોધપ્રદ ટુંકી વાર્તાઓ

ટુંકીવાર્તાઓ ગ્રંથ બીજો-ભાગ ૫ થી ૭ (૫૭ વાતો)	૧ાા	૧ાા
ટુંકી વાર્તાઓ ગ્રંથ ત્રીજો-ભાગ ૮ મો (૮૦ વાતો)	૧ાા	૧ાા
ટુંકીવાર્તાઓ ગ્રંથ ચોથો-ભાગ ૯ મો (૬૭ વાતો)	૧ાા	૧ાા
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી … … …	૦)ાા	૦)ાા

બાળકો માટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો-૬૯ ખરા બનાવોનો સંગ્રહ …	૦ા	૦)ાા
બાળસદ્‌બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ… …	૦ા	૦)ાા
બાળકોની વાતો-રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ …	૦)ાા	૦)ાા
સુબોધક નીતિકથા-નવી આવૃત્તિ … … …	૦ા~	૦ાઽ

ચિત્રો અને ચિત્રાવલીઓ

શ્રીમહાભારત ચિત્રાવલી-૨૬ સુંદર ચિત્રો …	૧)	૦ાાા
શ્રીરામાયણ ચિત્રાવલી-૩૬ ,, ,, …	૧)	૦ાાા

શ્રીકૃષ્ણમુરારી અને દ્રૌપદીવસ્ત્રાહરણ-ત્રિરંગી મોટાં ચિત્રો દરેકના ૦ા
જ્ઞાનબાજી અથવા સોપાનપટ છપાયેથી મળશે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદ-ત્રણ દરવાજા બહાર, નદી જવાને રસ્તે, ભદ્ર પાસે.
મુંબઇ-કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળાનુ હાલનુ ધોરણ

૧—વાર્ષિક મૂલ્ય પાકાં પૂંઠાં સાથે ૫) હોઇ પોસ્ટેજ માફ છે. અને સાદાં પૂંઠાંનો વર્ગ હવે રાખ્યો નથી. ૨—પ્રત્યેક વર્ષ કારતકથી ગણાઇ ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. ૩—પ્રત્યેક વર્ષમાં ઘણે ભાગે ૫×૯ના કદનાં ૩ થી ૪ પુસ્તકો દ્વારા કુલ પૃષ્ઠ ૧૫૦૦ થી ૨૦૦૦ સુધી અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાઇ બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૪—કોઇ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદાં પૂંઠાંવાળું મોકલાશે; અથવા બીજા પાકા પૂંઠાવાળા પુસ્તકના ભેગું બંધાવી મોકલાશે. ૫—પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું લવાજમ મંગાવી લેવાશે; અને બનતાં સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઈ જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે. ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવે તે પાછું વાળશે તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક્ક ગુમાવશે. પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઇ કારણથી પાછું વળ્યું હશે તેઓ પોતાનું લવાજમ મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે. તથા વી. પી. પાછું વળવાથી પોસ્ટેજાદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ મેળવી શકે છે. ૭—વિવિધ ગ્રંથમાળાનાં પુસ્તકો પૂરતી ચોકસી કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને ન મળે, તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. પોસ્ટખાતા પર અરજી કરવા છતાં પણ જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો પોસ્ટ સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બનતો વિચાર અને પેરવી થશે. ૮—ગેરવલ્લે ન જાય તેટલા માટે દરેક પુસ્તક રજીસ્ટર પોસ્ટથી મેળવવું હોય તે બંધુએ તે ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક લવાજમ રૂબરૂમાં ભરનારને તેજ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી. પી. દ્વારા લવાજમ ભરનારે વી. પી. ઉપર જે શિરનામું, પોસ્ટની છાપ વગેરે હોય છે તેનેજ પાવતી તરીકે જાળવી રાખવું. ૧૦—મુંબઇના કાર્યાલયમાં વિવિધ ગ્રંથમાળાનું મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સર્વ સંબંધ અમદાવાદનાજ કાર્યાલય સાથે સમજવાનો છે. ૧૧—અમદાવાદ તળનાં ગ્રાહકોને પણ મુંબઇ તથા બીજાં સર્વ સ્થળનાં ગ્રાહકોની પેઠે દર વર્ષે છેલ્લું પુસ્તક ઉપર જણાવેલી રીતે વી. પી. થીજ મોકલાશે; પણ તેમને તે અગાઉ લવાજમ રૂબરૂ ભરી જવાની સગવડ બનતાં સુધી અપાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારું પાયાભૂત સાહિત્ય અને સંસ્કૃતિ

"હરકોઈ જાતિની સંસ્કૃતિજ તેનું જીવનસર્વસ્વ હોય છે અને કોઈ પણ જાતિ પોતાની સંસ્કૃતિ ખોઈને જીવી શકતી નથી. આ સંસ્કૃતિરૂપી આધારશિલા ઉપર જાતિજીવનનો વિશાળ મહેલ બંધાય છે; અને જ્યારે આ આધારશિલા હાલી ઉઠે ત્યારે એ મહેલ ગમે તેટલો મજબૂત અને વિશાળ હોય તોપણ તે જરૂર તૂટી પડવાનો."

'રામાયણ અને મહાભારતની પવિત્ર સંસ્કૃતિનાજ બળથી હિંદુ ધર્મ આજ સુધી જીવે છે. કવિકુલપુંગવ વાલ્મીકિની મહિમામયી કલમ જેમ આ આર્ય સંસ્કૃતિઓનો ઉલ્લેખ કરીને ધન્ય થઈ છે; તેમ ગોસ્વામી તુલસીદાસની પણ કલ્યાણમયી કવિતામાં આર્ય સંસ્કૃતિનો અલૌકિક ચમત્કાર દેખાય છે." **પંડિત અયોધ્યાસિંહજી**

"અમારું રાજ્ય છીનવી લેવાય; ઐશ્વર્ય ધૂળમાં મળી જાય; વિભવ પદદલિત થાય; બધી સંપત્તિ લુંટાઈ જાય; દુઃખમાં આવી [illegible] પ્રકારે નિર્બળ બની જઈએ અને સર્વસ્વ ગુમાવી બેસીએ; પણ જો અમારાં રામાયણ અને મહાભારત જેવાં અલૌકિક રત્ન સુરક્ષિત રહી શકે તો અમે કદી નિઃસત્વ થવાના નહિ." **શિવસ્વામી ઐયર**

'રામાયણ એ કહેવામાં તો એક મહાપુરુષનું જીવનચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનારા અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશરૂપ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો પથદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં લઈને જો કોઈ તેના પ્રકાશમાં સંભાળથી ચાલે તો તે જીવનયુદ્ધમાં કદી પણ હારે નહિ." **સંતરામ શર્મા**

"રામાયણને વાંચીને અમે કંઈકના કંઈક બની રહીએ છીએ. અમારામાં ઉંચા ઉંચા ખ્યાલ ઉપજ [illegible] ખૂબસુરત [illegible] આવી ખડા થાય છે. સત્યાચરણ, ગુરુની ભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતામાતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા, સારાંશ કે માનુષી ગુણોનું એવું કયું ચિત્ર છે કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં નથી આલેખ્યું!" **મિ. ગ્રેક**

"એમાં સ્ત્રીસમાજની પવિત્રતા, શક્તિ અને મહાનતાનો જેવો પ્રકાશ સમાવેલો છે, તેવો બીજા કોઈ પણ ગ્રંથમાં નથી દેખાતો."

"મેં મારી કોમના [illegible] વિવાહોમાં કન્યાઓને રામાયણ દહેજમાં આપી છે, કે જેથી તે પતિવ્રતા ધર્મની અનુગામિની બનીને સ્ત્રીજાતિની મહત્તા માટે ગર્વ રાખે. આથી કરીને મારી જાતિએ તો મને કલંકિત કરવાનું બીડું ઉઠાવેલું; પરંતુ મેં સ્પષ્ટ કહી દીધું કે, રામાયણ કેવળ માત્ર હિંદુસમાજનો ગ્રંથ નથી પણ સમસ્ત માનવ-સમાજની સંપત્તિ છે. × × હાલમાં પશ્ચિમની સભ્યતાએ ભારતીય આદર્શની ભવ્યતાને ટાળવા-ભૂંસવામાં કસર નથી રાખી; અને તેથી અમારી નૈતિક શક્તિ પ્રાયઃ બધાંજ ધર્મકાર્યોને માટે ક્ષીણ થતી ચાલી છે." **સૈયદ કાસીમ અલી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar